# અપૂર્વ સ્વાધ્યાય

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

જે હારિભદ્રી બત્રીસ અષ્ટકોમાંના પહેલા ચાર અષ્ટકોની વિવેચના, વીર! મધુરી વાણી તારી! એ પુસ્તકરૂપે પ્રગટ થઇ ગઈ. તે જ અષ્ટકોમાંનાં પાંચમાંથી વીસમાં અષ્ટકોની વિવેચના રૂપે પ્રગટ થતું-જૈન શાસ્ત્રોના અઢળક અદ્ભુત પદાર્થોની તલસ્પર્શી છણાવટ કરતું પુસ્તક........

— સૂચન —

આ પુસ્તક જ્ઞાનખાતાની રકમનું છે. માટે પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજો જ રાખી શકશે અથવા જ્ઞાન ભંડારમાં મૂકી શકાશે. ગૃહસ્થો તેની માલિકી કરી શકશે નહિ.

# અપૂર્વ સ્વાધ્યાય

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

**પ્રકાશક :**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
૫૦૮૨/૩ બીજે માળે,
યાજ્ઞિક ઇન્સ્ટીટયૂટ સામે,
રતનપોળના નાકે,
ગાંધી રોડ, અમદાવાદ-૧
ફોન ૩૦૦૮૧

**લેખક પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવન્ત શ્રીમદ્વિજ
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિને
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

મૂલ્ય
૧૦-૦૦

**પ્રથમ સંસ્કરણ : નકલ : ૧૨૫૦**
વિ. સં. ૨૦૩૨ મહા. પૂર્ણિમા
વીર સં. ૨૫૦૨ તા. ૧૫-૨-૭૬

**મુદ્રક :**
કાન્તિલાલ ડાહ્યાભાઇ પટેલ
મંગલ મુદ્રણાલય રતનપોળ,
અમદાવાદ-૧

## સંક્ષિપ્ત અનુક્રમણી


| | | |
|---|---|---|
| અષ્ટક : ૫ | ભિક્ષાષ્ટક | ૧ થી ૩૨ |
| અષ્ટક : ૬ | સર્વસમ્પત્કરી ભિક્ષા | ૩૩ થી ૫૪ |
| અષ્ટક : ૭ | પ્રચ્છન્નભોજન | ૫૫ થી ૯૨ |
| અષ્ટક : ૮ | પ્રત્યાખ્યાન-અષ્ટક | ૯૩ થી ૧૪૨ |
| અષ્ટક : ૯ | જ્ઞાનાષ્ટક | ૧૪૩ થી ૨૪૬ |
| અષ્ટક : ૧૦ | વૈરાગ્ય-અષ્ટક | ૨૪૭ થી ૨૮૬ |
| અષ્ટક : ૧૧ | તપ-અષ્ટક | ૨૮૭ થી ૩૨૮ |
| અષ્ટક : ૧૨ | વાદ-અષ્ટક | ૩૨૯ થી ૩૬૩ |
| અષ્ટક : ૧૩ | ધર્મવાદ-અષ્ટક | ૩૬૪ થી ૩૭૪ |
| અષ્ટક : ૧૪ | એકાન્તનિત્યાનિત્ય પક્ષખંડન | ૩૭૫ થી ૩૮૭ |
| અષ્ટક : ૧૫ | એકાન્ત અનિત્યપક્ષખંડન | ૩૮૮ થી ૩૯૭ |
| અષ્ટક : ૧૬ | નિત્યાનિત્ય પક્ષખંડન | ૩૯૮ થી ૪૧૬ |
| અષ્ટક : ૧૭ | માંસભક્ષણ દૂષણ-અષ્ટક | ૪૧૭ થી ૪૨૪ |
| અષ્ટક : ૧૮ | ,, ,, | ૪૨૫ થી ૪૩૩ |
| અષ્ટક : ૧૯ | મદ્યપાન દૂષણ-અષ્ટક | ૪૩૪ થી ૪૪૧ |
| અષ્ટક : ૨૦ | મૈથુન દૂષણ-અષ્ટક | ૪૪૨ થી ૪૭૨ |


સંસ્થાકીય માહિતી ફર્મો છેલ્લો....

## ગ્રન્થકાર આ. ભગવાન સૂરિપુરંદર શ્રીહરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજાનું સંવેદન

હે પરમકૃપાલુ પરમપિતા પરમાત્મા !

ઘોર દુઃખો અને સીતમગાર પાપોથી ખદબદી ઊઠેલો આ જીવલોક મારાથી જોયો જાતો નથી !

હું તો તારે શરણે આવી ગયો છું. મારે તો હવે મારી જાતની કશી ચિન્તા રહી નથી. પરન્તુ જગતૂના આ મોહમૂઢ જીવોનું શું થશે ? હાય....બિચારાઓ ક્યાં ક્યાં ભમશે ? કેવા કેવા માર ખાશે ?

ઓ ! જગજ્જનની માતા–તીર્થંકર !

મારી તો એ ભાવના છે કે આ અષ્ટકપ્રકરણ રચીને મેં જે કાંઈ કુશલાનુબંધી પુણ્યકર્મનો સંચય કર્યો હોય તેના પરિણામે જગતના જીવો પાપમુક્ત થઈ જાય તો કેવું સુંદર ! બસ. બસ. મારા લેખન-પુણ્યનું ફળ હું તે જીવોના ઉદ્ધારાર્થે ધર્મમાતાનાં ચરણે મૂકી દઉં છું.



## ટીકાકાર આ. ભગવાન્ શ્રીજિનેશ્વરસૂરીશ્વરજી મહારાજાનું સંવેદન

હે માનવો !

પરમકૃપાલુ પરમાત્માના અનુગ્રહથી મેં તો આ. ભગવાન્ હરિભદ્રસૂરિજીએ રચેલા ૩૨ અષ્ટકોના ગંભીર અર્થની ટીકા કરી. હવે તમો એ અર્થો ઉપર વિશદ ચિંતન કરજો.... તમારા આત્માને એના પદાર્થોથી ઓળઘોળ કરજો....

તમે સહુ નિર્ગ્રંથ જીવનની દેન કરતાં નિર્મલ સમ્યગ્દર્શન ગુણને પ્રગટ કરજો !

સમ્યગ્જ્ઞાની બનજો !

અને....ત્યાં જ અટકી જશો મા !

સમ્યક્ચારિત્રના મહાપંથે પ્રયાણ કરીને તમારું આત્મકલ્યાણ આ જ માનવજીવનમાં સુનિશ્ચિત બનાવજો.



## વિવેચનાકાર મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનું સંવેદન

હે સ્વાત્મન્ !

ગ્રન્થકાર ભગવાન્ અને ટીકાકાર ભગવંતોએ તો ગ્રન્થ અને ટીકા કર્યા પછી ઉત્કૃષ્ટ પરાર્થ વૃત્તિને પ્રગટ કરી.

આ વિવેચક કયી વૃત્તિ પ્રગટાવે ? ગ્રન્થનો આરંભ કર્યો હતો તે દિવસે તો હું મારા પૂ. ગુરુમાતાજીથી માત્ર બાર માઈલ છેટે હતો. ગ્રન્થ ભરદરિયે આવ્યો ત્યારે ય સવાસો માઇલ છેટે હતો. પણ વૈશાખ વદ એકાદશીના દિવસે રાત્રે ૧૦-૪૦ મિનિટે હું મારા પૂ. માતાજીથી અસંખ્ય યોજન દૂર મુકાઈ ગયો.

ગોઝારી રાતની એ કાળી પળે પૂ. માતાજીએ એકાએક એક જ કલાકમાં પોતાનું જીવન સમેટી લીધું. "વીર-વીર ! સહુને ખમાવું છું" કહેતાં કહેતાં અમને છોડીને ચાલ્યા ગયા.

એ વજ્રાઘાતશા સમાચારે મારા ઉલ્લાસનો ઘડો-લાડવો કરી નાંખ્યો, મારી મસ્તીનો રોટલો કરી નાંખ્યો.

જેની અનન્યકૃપાના બળે હું જીવતો હતો, સેંકડો ભોગીઓને યોગની વાત કરીને ડોલાવતો હતો, જેના આશિર્વાદથી જ હું આ ગ્રન્થને આજે ૯૯ મા દિવસે પૂર્ણ કરી ચૂકયો; જેની અમીદષ્ટિથી સાધુતાનું જતન થતું જ રહ્યું, જેના સ્પર્શમાત્રથી અકલંક ચારિત્રને વારંવાર ઉજાળતો રહ્યો....

એ મા....ગઈ !

ખેર....

હવે આ સ્થિતિમાં હે સ્વાત્મન્ ! તારા માથે જોખમો કેટલા વધ્યા? તારી કાળજી હવે કેટલા કરશે? જે કરશે તે....પણ એ પૂ. માતાજીનું સ્થાન તો કોઈ જ નહિ પામી શકે. એ વાત્સલ્યનું પાન તો કોઈ જ નહિ કરાવી શકે. એ જીવનશુદ્ધિનું દાન કોઇ જ નહિ દઇ શકે.

માટે જ કહું છું કે તારા માથે જવાબદારી ઘણી વધી ગઈ છે!

હા, એક વાતનો વિશ્વાસ તો છે જ એ પૂ. માતાજી હવે એના પ્રિયપાત્રોને જ્યાં હશે ત્યાંથી શાસનરક્ષાના કાર્યોમાં સહાય તો કરતાં જ રહેશે. મને તો ચોક્કસ એવો વિશ્વાસ છે.

સ્વાત્મન્! તને એક વાત તો ચોક્કસ જણાવી દઉં કે તારી જવાબદારી ખૂબ વધી ગઇ છે. હવે તારે જીવન-શુદ્ધિ કાજે એકદમ વધુ સાવધ રહેવું પડશે. ક્યારે ય કશુંક અઘટિત આંતર-જગત્માં ન બને તેની સાવધાની તો પળે પળે રાખવી પડશે.

પૂ. માતાજીને હવે તો ઘણાં કામ રહ્યા! ભગવાન્ સીમંધર સ્વામીજીની દેશનાઓ સાંભળવાની! નન્દિશ્વરાદિ દ્વીપોની યાત્રાઓ કરવાની! પરોક્ષ રીતે અનેક શાસન સેવાઓ કરવાની!

હવે તારી દેખભાળ જલદી જલદી તો તે શી રીતે લેશે?

માટે જ ખૂબ સાવધાનીની જરૂર છે.

જો તું આ વિષયમાં અત્યન્ત જાગરુક બની જાય તો નિશ્ચિત સમજી રાખજે કે એથી તારી ઉપર સુપ્રસન્ન બની ગએલા માતાજી તારા દ્વારા શાસનસેવા અવશ્ય કરશે, સંઘૈક્યની એની ભાવના અવશ્ય પાર ઉતારશે.

દેહ તારો; આત્મા તેનો !

કાર્ય માત્ર શાસનનું....

વાહ....આ તો બહુ સુંદર વાત થઈ.

માટે જ સ્વાત્મન્! હું એ ઈચ્છું છું અષ્ટક પ્રકરણની મેં વિવેચના કરી તેનાથી મને જો કોઈ લાભ પ્રાપ્ત થતો હોય તો તે જીવનશુદ્ધિનો લાભ પ્રાપ્ત થજો. જો જીવન શુદ્ધિ થશે તો જગત્ શુદ્ધિ પણ એમાંથી જ નિષ્પન્ન થશે.

ઓ, પૂજનીય ગુરુ માતાજી! આ પળે આપ જ્યાં હો ત્યાં, આ વિવેચના આપના જ કરકમલમાં મૂકું છું....

આપનો બાળ આશિષ માંગે છે, આપ આશિર્વાદ અર્પો અને કહો કે, "વત્સ! તારું સંયમ જીવન સુવિશુદ્ધ બની રહો! એ શુદ્ધ વડે જ શ્રીસંઘ, જિનશાસન યાવત્ સર્વ જીવનું કલ્યાણ કરવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરી શકીશ.

વિ. સં. ૨૦૨૪ : જે. વ. ૩૪
તા. ૧૩-૬-૬૮
બોટાદ



પુણ્યવંતા મહાવિદેહક્ષેત્રના તપઃસ્વાધ્યાયનિરત, મહાસંયમી મુનિવરોના સાર્થમાંથી, ન જાણે ભૂલા પડીને વિખૂટા પડેલા આ ભરતક્ષેત્રમાં આવી ચડેલા આ છે :-

સિધ્ધાતમહોદધિ; સુવિશુધ્ધસંયમમૂર્ત્તિ, વાત્સલ્યમહોદધિ

કર્મશાસ્ત્રનિપુણમતિ, સ્વ. આચાર્ય ભગવંત

**શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

અગણિત ઉપકારોના ઋણભાર નીચે દબાએલા અમારા આપના ચરણોમાં કોટાનકોટિ વંદન........

લિ. **પ્રતાપરાય તથા પ્રવિણકુમાર દલીચંદ તથા**

અ. સૌ. **મધુકાન્તા પ્રતાપરાય તથા હસુમતિ પ્રવિણકુમાર**

કમલ પ્રકાશન ટ્રસ્ટ અંગેની તમામ માહિતિ મેળવવા માટે આ પુસ્તકના છેડે આપેલું ટ્રસ્ટી મંડળનું નિવેદન નજરમાં લેવા નમ્ર વિનંતી છે.

ગૃહસ્થ સ્ત્રી–પુરુષોના ફોટાની યોજના હવે બંધ કરવામાં આવી છે.

ટ્રસ્ટી મંડળ.

# ભિક્ષાષ્ટક

[૫]

सर्वसम्पत्करी चैका पौरुषघ्नी तथाऽपरा ।
वृत्तिभिक्षा च तत्त्वज्ञै-रिति भिक्षा त्रिधोदिता ॥ १ ॥

તત્ત્વજ્ઞ તીર્થંકરદેવોએ ત્રણ પ્રકારની ભિક્ષા કહી છે [૧] સર્વસમ્પત્કરી [૨] પૌરુષઘ્ની [૩] વૃત્તિ.

यतिर्ध्यानादियुक्तो यो, गुर्वाज्ञायां व्यवस्थितः ।
सदाऽनारम्भिणस्तस्य सर्वसम्पत्करी मता ॥ २ ॥

**૧. સર્વસમ્પત્કરી ભિક્ષા**

સર્વસંગના ત્યાગી તે મુનિની ભિક્ષા સર્વસમ્પત્કરી કહેવાય. જે મુનિ ધ્યાનાદિયોગમાં સ્થિર હોય, જેણે ગુર્વાજ્ઞાને જીવનપ્રાણ બનાવ્યો હોય અને જે ષડ્જીવનિકાયના સંરક્ષક હોય.

वृद्धाद्यर्थमसङ्गस्य, भ्रमरोपमयाऽटतः ।
गृहिदेहोपकाराय, विहितेति शुभाशया ॥ ३ ॥

મુખ્યત્વે-પર્યાયાદિથી જયેષ્ઠ, ગ્લાન, તપસ્વી આદિ માટે જે લાવવામાં આવે, જેમાં લાવનાર વ્યક્તિ અનાસક્ત હોય, ભ્રમરની જેમ અનેક ઘરોમાં ફરીને જે પ્રાપ્ત કરાતી હોય, અને જેની પાછળ ગૃહસ્થને પુણ્ય બંધાવવાનો તથા દેહને ધર્માર્થે ટકાવી રાખવાનો ઉદ્દેશ હોય....આવા શુભાશયોથી યુક્ત ભિક્ષાને સર્વસંપત્કરી ભિક્ષા કહેવાય.

प्रव्रज्यां प्रतिपन्नो य-स्तद्विरोधेन वर्त्तते ।
अ[illegible]दारम्भिणस्तस्य पौरुषघ्नीति कीर्तिता ॥ ४ ॥

**૨. પૌરુષ[illegible]ઘ્ની ભિક્ષા**

મુનિજી[illegible]વ[illegible] સ્વીકારીને પણ તેના શાસ્ત્રોક્ત પાલનથી વિરુદ્ધ વર્તાવ કરનારા, [illegible]જીવનિકાયના વિરાધક સાધુની ભિક્ષા પૌરુષઘ્ની ભિક્ષા કહેવાય.

धर्मलाघवकृन्मूढो, भिक्षयोदरपूरणम् ।
करोति दैन्यात्पीनाङ्गः पौरुषं हन्ति केवलम् ॥ ५ ॥

પૌરુષઘ્ની ભિક્ષા સેવનારો સાધુ લોકોમાં ધર્મની લઘુતા કરનારો હોય છે; મોહદશાથી ગ્રસ્ત હોય છે, ભિક્ષાથી માત્ર પેટ ભરવાનું શીખ્યો હોય છે, દીનતાથી યાચના કરતો હોય છે; ખાઈ–પીને લઠ્ઠ બન્યો હોય છે. બિચારો! સાચા માનવીય પુરુષાર્થને આ રીતે હણી નાંખે છે!

निःस्वान्धपङ्गवो ये तु न शक्ता वै क्रियान्तरे ।
भिक्षामटन्ति वृत्त्यर्थं वृत्तिभिक्षेयमुच्यते ॥ ६ ॥

3. વૃત્તિભિક્ષા

જેઓ મહેનત–મજૂરી કરવાની કોઈ ક્રિયા કરી શકતા નથી એવા ભિખારી, અંધ કે પંગુ વગેરે માણસો જીવિકા ટકાવવા માટે જે ભીખી માંગે છે, તે તેમની વૃત્તિભિક્ષા છે.

नातिदुष्टापि चामीषा–मेषा स्यान्न ह्यमी तथा ।
अनुकम्पानिमित्तत्वाद् धर्मलाघवकारिणः ॥ ७ ॥

ભિક્ષુકોની આ વૃત્તિભિક્ષા પૌરુષઘ્ની ભિક્ષા જેટલી અતિ દુષ્ટ નથી કેમકે અહીં તો લોકોને આ ભિક્ષુકોની વિષમ કાયિક સ્થિતિના કારણે દયા ઉત્પન્ન થાય છે એટલે પૌરુષઘ્ની ભિક્ષાવાળા સાધુઓ દ્વારા જે ધર્મલઘુતા થાય છે તે અહીં થતી નથી.

दातॄणामपि चैताभ्यः फलं क्षेत्रानुसारतः ।
विज्ञेयमाशयाद्वापि स विशुद्धः फलप्रदः ॥ ८ ॥

વ્યવહારનયથી ભિક્ષાના દાતાઓને પણ સામા પાત્રની જેમ ફળ પ્રાપ્ત થાય છે.

નિશ્ચયનય તો ચિત્તનો પરિણામ જુએ છે એટલે તેના મતે જેવો વિશુદ્ધ દાન–પરિણામ તેવું ફળ પ્રાપ્ત થાય; પછી સામું પાત્ર ગમે તેવું હોય.

## વિવેચના

વંદન; ભાવ–અગ્નિકારકાના આરાધકને. એ તો સહેલાઈથી સમજાય તેવી વાત છે કે આવો આરાધક ષડ્જીવનિકાયની હત્યા કરનારા આરંભ, સમારંભના પાપોથી સદાય છેટો હોય અને ઘર વગેરે પરિગ્રહોથી સાવ અલિપ્ત હોય.

આવા આત્માની શરીરસ્થિતિ શી રીતે ટકે? રસોઈ પકાવીને જમી લેવાનું તો તેના માટે શકય જ નથી.

શરીરને ટકાવ્યા વિના તેને ચાલે તેમ નથી; કેમકે જે શરીરે કર્મ બંધાવ્યા છે તે જ શરીરની સહાયે કર્મોના બંધન તોડવાના છે. કર્મોથી મુકિત એ જ ધર્મ.

ગ્રન્થકાર પરમર્ષિ જણાવે છે કે ભિક્ષાવૃત્તિ વિના આવા પુણ્યાત્માની શરીરસ્થિતિ સંભવિત નથી. જે શ્રેષ્ઠ કક્ષાની ભિક્ષાવૃત્તિ હોય તેના દ્વારા જ તે આત્માએ શરીરનો નિર્વાહ કરી લેવો જ રહ્યો.

ભિક્ષા ત્રણ પ્રકારની છે.

[૧] મુકિતના પરમપદને આપનારી ભિક્ષા. જ્યાં સુધી પરમપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અનાસકિત સાથે સર્વોચ્ચ કક્ષાના ભૌતિક સુખોને પણ આપવાની અપ્રતિહત શકિત ધરાવતી ભિક્ષા. આથી જ આ ભિક્ષાને સર્વ સંપત્કરી ભિક્ષા કહેવાય છે. આ જ શ્રેષ્ઠ કક્ષાની ભિક્ષા છે.

[૨]...પૌરુષઘ્ની ભિક્ષા : મોક્ષ માટેના પુરુષાર્થને આરાધવાની શકિત છતાં તેને હણી નાંખતી હલકા પ્રકારની આ ભિક્ષા છે.

[૩] વૃત્તિભિક્ષા : લૂલા, લંગડા, અંધા લોકો ભીખી માંગવા દ્વારા જે પેટ–ગુજારો કરે છે તેને વૃત્તિભિક્ષા કહેવાય છે.[૧]

**સર્વસમ્પત્કરી ભિક્ષા**

ગ્રન્થકાર પરમર્ષિ સર્વસંપત્કરી ભિક્ષા ઉપર વિશેષ પ્રકાશ પાડવા માટે તેના આરાધકના ત્રણ વિશેષણો યોજે છે. સર્વસંગના ત્યાગી આ આરાધક મુનિરાજ-

નું જીવન જ્ઞાન–ધ્યાન અને શાસ્ત્રોકત ક્રિયાઓથી ભર્યું ભર્યું બની ગયું હોય.

સ્વાધ્યાયના તીવ્ર ઉદ્યમ દ્વારા જે શાસ્ત્રજ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થયો હોય તેની મદદથી તે મહાત્મા આતમના ખૂણે ખૂણે પડેલાં વિકારોના ઉકરડાંઓને શોધી કાઢે અને ધર્મ–શુકલ ધ્યાનની ચીનગારીઓ તેમાં ચાંપી દે અને તે જ ક્ષણે એટલા ઉકરડાં બળીને ભસ્મ થઈ જાય.

આવી રીતે મુનિ–જીવનની અણુમોલ તક ઝડપી લેવા માટેની એ મહાત્માની સૂઝ પાછળ શાસ્ત્રોકત નીતિ–રીતિની સર્વસંપત્કરી ભિક્ષા પદ્ધતિ જ મુખ્યત્વે કારણભૂત બને છે.

ભિક્ષા જેટલી દોષિત એટલું ચિત્ત પણ ચલિત, દોષિત અને વ્યુદ્ગ્રાહિત.

આથીસ્તો આવા મુનિરાજની ભિક્ષાને સર્વસમ્પત્કરી જણાવી છે ને?

આ મુનિરાજનું વાસ્તવિક જ્ઞાન–ધ્યાન તો ગુરુ-સમર્પણમાં જ સમાઇ જતું હોય છે.

જે આત્મા સદ્ગુરુને સમર્પિત છે એ દુન્યવી દૃષ્ટિએ અજ્ઞાની હોય તો ય જ્ઞાની જ છે; ધ્યાની જ છે, શુદ્ધ ક્રિયાનો કારક જ છે.

'મા રુષ અને મા તુષ' જેટલું વાકય પણ ગોખી ન શકનારા–માષતુષ મુનિવર ગુરુસમર્પણના કારણે જ કૈવલ્ય અને વીતરાગદશા નથી પામી ગયા શું ?

ગુરુસમર્પણથી પ્રાપ્ત થતી ગુરુકૃપા તો ત્યાગી જગત્‌ની સંજીવની છે. એ પશુને માનવ બનાવવાનો, અભણને જ્ઞાની બનાવવાનો, રોગીને આરોગ્ય-ભરપૂર બનાવવાનો જાદુ કરી શકે છે. જે પુણ્યાત્માઓ આ કૃપાને પામી શકયા છે એ ધન્યથી

પણ ધન્ય –અતિધન્ય– જીવનના સ્વામી છે. એમની મસ્તીની ઝાંખી પણ કોઈ કલમ, કે કોઈ ગજું કરી શકે તેમ નથી.

જે મહાત્મા સર્વસંપત્કરી ભિક્ષા કરે છે તેમની ત્રીજી વિશેષતા એ છે કે તેઓ ષડ્જીવનિકાયની માતાનું હૃદય પામે છે. વિશ્વવાત્સલ્યથી એમનું હૈયું ભરાઇ જ જતું નથી કિન્તુ ઊભરાઈ જાય છે.

સમાધિભાવ જેવો ભાવસમ્રાટ્ મુનિજીવનની કોઈ અલબેલી પળે અનુભવાય તો જ તે જીવનની સાર્થકતા ગણાય. એવી એક પણ પળ જો ત્યાગીજન જીવનભરમાં પામી ન શકે તો એનો ત્યાગ એળે ગયો સમજજો.

આ સમાધિ જીવ માત્ર પ્રત્યેના સ્નેહપરિણામ વિના સર્વદા અને સર્વથા અસંભવિત છે. માટેસ્તો ધર્મની કોઈ પણ ક્રિયાના આરંભમાં એકેન્દ્રિયાદિ સર્વ જીવો સાથે થએલા સર્વ પ્રકારના અપરાધોની ક્ષમા આપણે કરીએ છીએ. આવી ક્ષમા દ્વારા ચિત્તનો હિંસક અને કલુષિત ભાવ નિર્મૂળ થાય છે; ચિત્ત શુભ અને શુદ્ધ બને છે. આટલું થયા પછી જ એ ચિત્ત સમાધિભાવને ઝીલવા જોગી ક્ષમતા પ્રાપ્ત કરી શકે છે.

સર્વસંપત્કરી શાસ્ત્રીય ભિક્ષા દ્વારા પ્રાપ્ત થતો અન્નનો એકેકો કણ; પાણીનું એકેકું બિંદુ શરીરની સાતે ય ધાતુમાં એવું સાત્મ્ય પ્રસરાવી દે છે કે એની અસરથી સર્વજીવોના સ્નેહ પરિણામમાં ચિત્ત એકદમ ઝળુંબી જાય છે.

આથી જ ગ્રન્થકાર પરમર્ષિએ જણાવ્યું છે કે, "આ ભિક્ષુ સદા સર્વજીવોનો અનારંભી હોય."

ગ્રન્થકારશ્રીના આ નિરુપણના ઊંડાણને આંબવાનો આપણો પ્રયત્ન જો સફળ થઈ જાય તો એક વાત અસંદિગ્ધપણે સમજાઇ જાય કે માત્ર ઘર ત્યાગવાથી કે મુનિના વાઘા સજવાથી કલ્યાણ નથી.

કલ્યાણુ તો છે; એ દીક્ષા પછીની સર્વસંપત્કરી ભિક્ષાવૃત્તિથી.

જીવનનો આખો ય મદાર ચિત્તવૃત્તિ ઉપર છે.

ચિત્તનો આખો ય આધાર ભિક્ષાવૃત્તિ છે.

જો સર્વસંપત્કરી ભિક્ષાના કઠોર પણુ માર્ગે ડગ માંડીશું તો જે કાંઈ વેઠવું પડશે એના કરતાં ઘણું વધુ કમાઈ જવાનું રહેશે.

કાં અનાહુતનો નાદ બજશે; કાં ઓજ કે તેજની લલાટે પ્રાપ્તિ થશે, કાં કુંડલિનીનું ઉત્થાન થશે. કાં જાગર કે ઉજાગર દશાની અનુભૂતિમાં રસતરબોળ કરતી સૌભાગ્યવંતી પળોનું આલિંગન મળશે.

તપસ્વીને આ સિવાય બીજું જોઈએ પણુ શું? ખાવા માટે થોડો જ એ જીવે છે? ભોગ માટે થોડો જ એનો આ યોગ છે? ના નહિ જ. કદાપિ નહિ.

જો 'ભિક્ષા' ના વિષયમાં સમજણુના આવા ઘરમાં આવી જવાય તો ચિત્ત પોતાના ઘરમાં-આતમના ઘરમાં જ સદા બેસી રહેશે.

ચિત્ત આત્મનિષ્ઠ રહે એ યોગીનું જીવન.

ચિત્ત ઈન્દ્રિયનિષ્ઠ બને એટલે યોગીનું મરણુ.

સ્વસ્થાનભ્રષ્ટતા એ જ મુનિજીવનનું પતન. એની સ્વસ્થાનસંપન્નતા એ જ એનું ઉત્થાન.

ચિત્તની સ્વસ્થાનભ્રષ્ટતા એ જ અબ્રહ્મચર્ય.

ચિત્તની સ્વસ્થાનસંપન્નતા એ જ બ્રહ્મચર્ય.

રસભોજનના પાપોથી અવશ્ય થનારી આત્મહત્યાની ભયાનકતાને જે સમજે છે તે મુમુક્ષુઓ અવશ્ય સળગી મરનારા દેહની ચિત્તની પુષ્ટતાની વૃત્તિ પાછળ રચ્યાપચ્યા રહીને પોતાના સમગ્ર જીવનને બરબાદ કરી નાંખવા જરાય તૈયાર થતાં નથી. [૨]

આવા જ મુમુક્ષુઓની ભિક્ષા સર્વસંપત્કરી કહેવાય; જેઓ રસની લોલુપતાથી મુક્ત રહીને, સ્વદેહના માત્ર ટકાવના હેતુથી ભિક્ષા લેવા માટે ગૃહસ્થોના ઘરોમાં જાય છે.

**જિનાજ્ઞાપાલનની હિંમત સાથે–કશી–દીનતા વગર ભિક્ષાભ્રમણ કરનાર :** જગતના સુખોને જ ભયંકર માનીને સંસાર ત્યાગતો આત્મા જ્ઞાનગર્ભ–વિરાગી કહેવાય. ઘણાં ય સુખી સંસારના સ્વામીઓ સંસારત્યાગીને વીતરાગના સેવક બન્યા.

સ્વામિત્વ કરતાં સેવકત્વમાં એમણે વધુ સુખ જોયું માટે જ તો આવા સુખી માણસો પણ સંસારત્યાગે એટલે દેહનિર્વાહ માટે ભિક્ષા લેવા માટે તો એમને પણ જવું જ રહ્યું. એ વખતે એમનાથી પોતાના પૂર્વજીવનની સમૃદ્ધિનો વિચાર કરીને "સુખી એવા મારાથી ભિક્ષા લેવા શી રીતે જવાય ?" એમ વિચારીને લજ્જા ન લાવવી જોઇએ.

એ જ રીતે દુઃખી સંસારત્યાગીઓએ પણ "મને તો કોણ આપશે? હું તો અમુક શેઠને ત્યાં નોકર હતો એ દૃષ્ટિથી જ બધા વિચારશે તો...." ઇત્યાદિ વૈચારિક દીનતા ન લાવવી જોઇએ.

ન આવી લજ્જા જોઇએ, ન કોઈ દીનતા જોઇએ.

સહુએ એક જ વિચાર કરવો જોઇએ કે કરુણામયી માતાએ-સર્વજ્ઞભગવંતો–એ અમને આજ્ઞા કરી છે કે અમારે અમારું જીવન ભિક્ષાવૃત્તિથી જ ચલાવવું.

બસ. માટે અમે તેમ જ કરવાના. અમારી સાધુતા સર્વ-જીવરક્ષામાં જ ટકે. અને જો અમે ભિક્ષાવૃત્તિની માંડવાળ કરીએ અને કોઈ ભક્તનું રસોડું ઊભું કરી દઇએ તો અગણિત જીવોના કચ્ચરઘાણમાંથી તૈયાર થતાં એ ભોજન પામીને અમે સાધુ જ કયાં રહ્યાં ?

જિનેશ્વર દેવ મહાવીરનો આત્મા પણ ગૃહસ્થ પર્યાયમાં રાજા સિદ્ધાર્થનો પુત્ર વર્ધમાન હતો. અઢળક સંપત્તિના એ સ્વામી હતા. છતાં સંસારત્યાગ કર્યા પછી ઘરે ઘરે ભિક્ષા લેવા નીકળ્યા હતા. જ્યાં અપ્રીતિ થઈ ત્યાંથી પાછા ફર્યા હતા; દોષરહિત ભિક્ષા ન મળી ત્યાંથી ય પાછા ફર્યા હતા; છ છ માસ સુધી સંગમક દેવે ભિક્ષાને દોષિત કરી તો છ માસ સુધી જલ અને અન્ન વિના રહ્યા હતા. રોજ ભિક્ષાર્થે નગર જતા; રોજ ભિક્ષા વિના પાછા ફરતા. કાયોત્સર્ગમાં ઊભા રહી જતા.

ભિક્ષા લેવા જેટલી પ્રસન્નતા મુખ ઉપર રહેતી...એવી ને એવી જ પ્રસન્નતા ભિક્ષા લીધા વિના પાછા ફરી જતા રહેતી. એકસો ને એંશીમાં દિવસે પણ એ પ્રસન્નતામાં લેશ પણ ફરક પડયો ન હતો.

અગણિત જીવોની હત્યાનું સંભવિત પાપ નજરમાં રમતું રહે પછી દોષવાળી ભિક્ષા લેવાનું સ્વપ્ન પણ ક્યાંથી સંભવે?

સર્વજ્ઞભગવંતના આત્માઓ આ રીતે અદીનમના બનવાની સાધનાની ટોચે પહોંચ્યા હતા. એમણે જ પોતાના ભિક્ષુકોને આવા જ અદીનમના બનવાનો ઉપદેશ આપ્યો છે. પછી તુચ્છ લક્ષ્મીના સ્વામી મારાથી તે સ્વામિત્વનો વિચાર કરીને લજ્જાળુ કેમ બનાય? મનના તરંગો જ ઊભા કરીને દીન પણ કેમ બનાય? આ તો જિનેશ્વરનું તે શાસન છે જ્યાં આર્યસુહસ્તિ ભગવંતે દીક્ષિત કરેલો ચોખ્ખો ભિખારી પણ શ્રીમંતોથી પૂજાયો હતો! જ્યાં કઠિયારાના ચરણે મગધના નાગરિકોએ શિર ઝુકાવી દીધા હતા!''

**જિનાજ્ઞા જ મારો શ્વાસ પ્રાણ**

ભિક્ષાચરને લજ્જા અને દીનતા લગીરે ન ચાલે. એના મનમાં તો એક જ વાત રમતી હોય જિનાજ્ઞા એ જ મારું જીવન! એ જ મારો પ્રાણ! આ એક જ સુવિશુદ્ધ આશય સાથે એ પોતાનું અભ્યન્તર જીવન જીવી જતો હોય!

બીજી કશી વાત નહિ. એક જ વાત કે જિનાજ્ઞા એવી છે કે ગૃહસ્થોના અને સ્વદેહના ઉપકાર માટે ભિક્ષા માટે નીકળવું. બસ. પછી એમાં કોઈ પ્રશ્ન નહિ, એની ઉપર કોઈ ચર્ચાવિચારણાને અવકાશ જ નહિ.

આવા શુભાશયવાળા ભિક્ષાચરની જ ભિક્ષા સર્વસંપત્કરી કહેવાય.

જેનામાં લજ્જા, દીનતાદિ હોય તે ભિક્ષાચરની ભિક્ષા સર્વસંપત્કરી બની શકે નહિ.

બીજા શ્લોકના વિવેચનમાં સર્વસંપત્કરી ભિક્ષાના ત્રણ લક્ષણો જોયા અને ત્રીજા શ્લોકના પ્રસ્તુત વિવેચનમાં બીજા પાંચ લક્ષણો જોયા. આ આઠે ય લક્ષણોથી યુક્ત ભિક્ષાને જ સર્વસંપત્કરી ભિક્ષા કહેવાય.

## ૨. પૌરુષઘ્ની ભિક્ષા

હવે આપણે બીજા નંબરની પૌરુષઘ્ની ભિક્ષાનું સ્વરૂપ જોઇએ.

એક આત્માએ સુખમય કે દુઃખમય સંસાર ત્યાગ્યો અને સર્વવિરતિ ધર્મ પામ્યો તે પછી જો તે આત્મા અશુભ કર્મના ફંદે ચડીને પોતાની બુદ્ધિમાં સ્વચ્છંદ પેસાડે અને મૂલગુણ અને ઉત્તરગુણને તાકાત બક્ષનારા જ્ઞાન-ધ્યાન અને ગુરુપારતન્ત્ર્યના ત્રણ ભવ્ય ગુણોને હાનિ પહોંચાડે તો તેના મૂલોત્તરગુણોની તાકાત તૂટી જ પડે. આમ થતાં જ્ઞાનાદિગુણોનો વિરોધી રત્નત્રયી ધર્મની આરાધનાનો વિરોધી બની જાય.

જ્યાં પ્રમાદની ભયાનકતાની ઉપેક્ષા કરવાથી જ્ઞાન–ગુણ ઝાંખો પડ્યો, જ્યાં પરમાત્મ ભક્તિ મંદ પડતાં ધ્યાનગુણ મરવા પડ્યો અને જ્યાં કૃતજ્ઞતા ગુણ તરફ બેદરકારી થતાં ગુરુપારતન્ત્ર્ય ગુણ નંદવાયો ત્યાં પાંચ મહાવ્રતો સ્વરૂપ મૂલગુણો અને ચરણસિત્તરી કરણસિત્તરી સ્વરૂપ ઉત્તરગુણો જોખમમાં મુકાઈ જાય તેમાં કાંઈ જ નવાઈ નથી.

એક પળ માટે ય આ ૩ ગુણોને આઘા મૂકનારના મૂલોત્તરગુણોની ઈમારતમાં ધરતીકંપના ધ્રુજારા પસાર થઈ જાય છે. જેને આ સત્યનું ભાન હોય છે એ મુમુક્ષુઓ બીજી જ પળે, બીજા જ કલાકે કે બીજા દિવસે જ્ઞાનાદિગુણોનું સાન્નિધ્ય પ્રગટ કરી લે છે. વીતેલા ભૂતકાળનું અશ્રુભીની આંખે પ્રાયશ્ચિત્ત કરી લે છે.

એક જ વાત છે; મરવા પડેલા મૂલોત્તર ગુણોને સ્વપુરુષાર્થના ઓકસીજન આપીને પણ જીવાડી નહિ શકાય. માત્ર માંદા પડેલા મૂલોત્તર ગુણોને જ એક જ પળમાં જીવાડી શકાય. પ્રાયશ્ચિત્ત સ્વરૂપ હિરણ્યગર્ભની ગોટીનો એક જ ઘસારો પાઇ દેવાથી જ્ઞાનાદિગુણોથી દૂર રહેવામાં જેટલો વધુ સમય પસાર થાય તેટલું જોખમ વધે છે. દરદીનો કેસ વધુ ખરાબ બનતો જાય છે. એનું કારણ એ છે કે જ્ઞાનાદિગુણોથી દૂર થનારા આત્મામાં જીવહિંસાના પરિણામનું 'અલ્સર' (ચાંદુ) ઉત્પન્ન થઇ જાય છે. પળે પળે એ ચાંદુ મોટું થતું જાય છે.

જીવહિંસાનો પરિણામ ભિક્ષાવૃત્તિને શુદ્ધ રહેવા દઈ શકતો નથી. એ મુમુક્ષુમાં રસલોલુપતા જન્મે છે, નિત્ય વધતી જાય છે. દેહના સૌંદર્યના વિકાસની બાબતમાં એનું મન સદા સચિંત બની રહે છે.

આવો ગૃહત્યાગી ભિક્ષાવૃત્તિની નિર્દોષ ગવેષણા માટે કાયર બની જાય છે.

પહેલવાન જેવો દેહ હોવા છતાં ભિક્ષાવૃત્તિનો શાસ્ત્રીય પુરુષાર્થ કરવાના વિચાર માત્રથી એનું મન કરમાઈ જાય છે.

જીવદયાના ભવ્યાતિભવ્યપુરુષાર્થની આરાધનાને હણી નાંખતા આવા આત્માની ભિક્ષાને પૌરુષઘ્ની ભિક્ષા કહેવામાં આવે છે.

આથી જ પૌરુષઘ્ની ભિક્ષામાં મુખ્ય હેતુ અસદારંભને કહ્યો છે. અસદારંભમાં હેતુ પ્રવ્રજ્યા વિરોધ છે. જે આત્મા પ્રવ્રજ્યાધર્મની

અરૂચિવાળો બને તે અસદ્દારંભોમાં પ્રવૃત્તિ કરે. અને એવો ત્યાગી જે ભિક્ષા લાવે તે પૌરુષઘ્ની ભિક્ષા કહેવાય.

અને જો પ્રવ્રજ્યાવિરોધી હોવા માત્રથી જ એ યતિની ભિક્ષાને પૌરુષઘ્ની કહી દઇએ તો 'અસદ્દારંભી' વિશેષણ ગૃહસ્થોનું બનાવી લેવાય. અસદ્દારંભ સેવનારા, કુટિર બાંધીને રહેનારા, પત્નીને પણ સાથે રાખનારા, પોતાને ગૃહત્યાગી કહેવડાવતા ગૃહસ્થોની ભિક્ષાવૃત્તિ પૌરુષઘ્ની કહેવાય. આમ પ્રવ્રજ્યાવિરોધી સાધુઓ અને અસદ્દારંભી ગૃહસ્થો—બન્ને ય ની ભિક્ષાને પૌરુષઘ્ની કહી શકાય.

આવો અર્થ કરવા જતાં વ્યાકરણનો એક બંધારણીય મુદ્દો ઉપસ્થિત થાય છે કે પ્રસ્તુત શ્લોકમાં 'च' તો છે નહિ. તો પછી "અને" એવો અર્થ શી રીતે નિષ્પન્ન થાય એટલે પ્રવ્રજ્યાવિરોધી એવો અસદ્દારંભી સાધુ અર્થ કરવાને બદલે પ્રવ્રજ્યા વિરોધી સાધુ અને અસદ્દારંભી ગૃહસ્થ (અષ્ટમી આદિ તિથિએ આરંભ ન કરનાર ગૃહસ્થ અસર્વદારંભી કહેવાય તેને પણ અસદ્દારંભી શબ્દથી લઇ શકાય.) એવો અર્થ નિષ્પન્ન ન થઈ શકે ને!

પણ વિચાર કરતાં આ મુદ્દાનું નિવારણ થઇ જાય છે. વાકયમાં 'च' ન હોય તો પણ 'च' નો અર્થ લઇ શકાય એવું અન્યત્ર પણ જોવા મળે છે. એક જગાએ 'ગાય, અશ્વ અને પુરુષ' અર્થના પ્રતિપાદક વાકયમાં પણ આ જ રીતે चकार યોજ્યો નથી છતાં ત્યાં ચકારનો અર્થ તો લેવો જ પડે છે. અસ્તુ [૪]

આવી ભિક્ષાને પૌરુષઘ્ની શા માટે કહી ?

ભિક્ષાચર પોતાના પૌરુષને હણે છે કે એની ભિક્ષા એના પૌરુષને હણે છે! ભિક્ષાચર પૌરુષઘ્ન છે કે ભિક્ષા પૌરુષઘ્ની છે? અહીં તો ભિક્ષાને પૌરુષઘ્ની કહી છે તે શાથી? એ વાત અહીં વિચારી લઈને આગળ વધીએ.

જે યતિઓ પૌરુષધ્ની–ભિક્ષાના પાપના પનારે પડે છે એમના જીવનમાં કેટલું અધઃપતન થાય છે અને એમના મનની ગટરો કેવા બેહૂદી વિચારોના ગંદા જલથી ઉભરાઈ જાય છે એનું વર્ણન તો સર્વજ્ઞ ભગવંતો જ કરી શકે. છતાં એકદમ નજરે ચડી આવે એવી પાંચ વિશેષતાઓ આચાર્ય ભગવાન્ હરિભદ્રસૂરિજી મહારાજાએ જણાવી છે. સંક્ષેપમાં તે પાંચ વિશેષતાઓ આ પ્રમાણે છે.

| | |
|---|---|
| **પૌરુષધ્ની ભિક્ષા ઉપર જીવન વીતાવતા યતિઓઃ—** | (૧) **ધર્મની** લઘુતા કરનારા (૨) મૂઢ (૩) **સ્વોદરપૂરક.** (૪) દીન. (૫) હૃષ્ટપુષ્ટ અથવા તો રોગિષ્ટ. |

આ પાંચે ય બાબતોને આપણે વિસ્તારથી તપાસવાની ખૂબ જરૂર છે. કેમકે એનાથી આ ભિક્ષાની અધમતાનો વધુ વિશદ ખ્યાલ આવી જશે.

**પૌરુષધ્ની ભિક્ષા કરનાર :**—ઉદરપૂર્તિ માટે ભ્રમણ કરનારા

(૧) **ધર્મલાઘવકર્ત્તા** :— સાધુઓને પોતાની જાત સિવાય કોઈની ચિંતા હોતી નથી. પરમાત્મ–શાસનનો પણ આ લોકો વિચાર કરી શકતા નથી. એમનો પ્રયત્ન પોતાનું એક ભક્ત–વર્તુળ ઊભું કરવાનો જ હોય છે. એવા ભક્તોના ભગવાન્ તરીકે પૂજાવાની કારમી લાલચને તેઓ રોકી શકતા નથી.

આ એવા પ્રકારના ગોર છે કે જેઓ ભક્તરૂપી કન્યાને પરમાત્મારૂપી પતિ સાથે લગ્ન કરી આપવાની વાત કરીને જાતે જ પરણી જાય છે.

આવા સાધુઓ એમના ભકતોથી જ જીવતા હોય છે અને એ ભકતો આવા સાધુઓના જંતરમંતરથી જ પોતાનું જીવન માનતા હોય છે. વૈદ–ગાંધીના સહિયારા જેવો એમનો સઘળો વ્યવહાર હોય છે.

બહુ જ સાદી અને જલદી સમજાઇ જાય તેવી આ વાત છે કે જ્યાં કોઈ એક કુંડાળું દોરાયું ત્યાં એ કુંડાળાની બહાર રહેતા તમામ પ્રાણીગણ સાથે અમૈત્રીભાવ પ્રગટ થઈ જ જવાનો. અહીં પણ આવું જ બને છે. આ યતિઓના વર્તુળની બહાર રહી જતાં સુવિહિત યતિઓ, શ્રદ્ધાસંપન્ન શ્રાવકો, અને સમગ્ર જીવ-રાશિ સાથે અવ્યક્ત અમૈત્રી પેદા થાય છે. વર્તુળની બહાર રહેતા કોઈ પણ શાસન પ્રભાવકની નિંદા કરતાં આ ભક્ત અને ભગવાનની મંડળી અચકાતી નથી. કોઈ પણ શ્રાવકની ઉદારતાને વખોડ્યા વિના રહી શકતી નથી. પોતાના ભક્તગણમાં નહિ ગણાતી વ્યક્તિના શાસનપ્રેમને તિરસ્કારવામાં જ તેમનું ઔદ્ધિકબળ ખર્ચાઈ જાય છે. એવા શાસનપ્રેમીની શાસન ખાતર મરી ફીટવાની ભાવનાને પણ વગોવી નાંખવા સુદ્ધા તૈયાર થઇ જવાય છે. શાસનના કોઈ પણ કાર્યને તોડી પાડવાની રમતમાં એ વ્યક્તિના જ આ વર્તુળ રાચતું હોય છે.

ઉલટપક્ષે, વર્તુળમાં આવી ગયેલા ભકતગણના ગ્રામ દોષોને છાવરવાની વૃત્તિ પ્રાયઃ કાયમ રહે છે. અહો રૂપં અહોધ્વનિના ન્યાયે એક બીજાને 'સારા' ગાવાની નરદમ બાલિશ વૃત્તિ ત્યાં નગ્ન-નૃત્ય કરતી હોય છે. એમના સદાચાર વિમુખ જીવન સામે કોઈ આંગળી પણ કરે તો તેને કાપી નાંખવા આખું ય વર્તુળ એક સાથે ત્રાટકે છે. એ વ્યકિતના સમગ્ર જીવનને રફેદફે કરી નાંખવા સુધીનું અઘોર પાપ આચરતાં આ વર્તુળને જરા ય આંચકો લાગતો નથી.

અમેરિકાના વિચિત્ર માણસોની ટોળી કરતાં ય આ ટોળકીઓ વધુ જલદ કાર્યક્રમોમાં મહાલતી હોય છે. એ ટોળીના બાહ્ય ધર્માનુષ્ઠાનો શાસન પ્રભાવનામાં પરિણમવાને બદલે પોતાની જાતની પ્રભાવનામાં જ પરિણમતા રહે છે. કેમકે એમને શાસન સાથે કશું લાગતું-વળગતું જ હોતું નથી.

પણ આ ટોળકીમાં ય સરવાળા–બાદબાકી થતાં જ રહે છે. નર્યા સ્વાર્થ ઉપર જીવતો માણસ પણ સુખી જીવન પામી શકતો નથી તો સ્વાર્થીઓનું જ એ ટોળું શી રીતે સુખી થઇ શકે !

શાસનના અંગ-અંગની પેટ ભરીને નિંદાઓ કરનારાઓના ઉગ્ર પાપ એ જ જીવનમાં જાગે છે. કાં તો એ પાપ એમને ભિખારી બનાવે છે, કાં તો સ્વજનોમાં ભયંકર કલેશની આગ ફેલાવે છે, કાં તો દેહને રોગિષ્ટ બનાવી દે છે. ગમે તે સ્વરૂપે એ પાપ પ્રજ્વળ્યા વિના રહી શકતું નથી.

એની સાથે સમય જતાં અરસ-પરસની કાપાકાપીમાં પણ આ બિરાદરો ખુવાર થાય છે. જગત સામે ધરેલી તોપનું મોં એક દી એમની તરફ પણ ફરે છે અને ભયંકર કડાકા કરતાં ગોળા અંદરથી છૂટે છે. યાદવાસ્થળી જામે છે. બે ચાર વ્યકિતઓ એ ટોળીમાંથી ફેંકાઈ જાય છે.

બે ચાર સ્વાર્થી સંસારીઓની નવી ભરતી પણ થાય છે.

પાંચમી કતારીઆના પાપો જ એમને ખતમ કરે છે. સજ્જનો અને સંતોએ તો એમને દૂર કરવા કોઇ યત્ન કરવાની જરૂર જ રહેતી નથી. જિનાજ્ઞાની સામે માથું ઊંચકવું એ એટલું બધું ભયંકર પાપ છે કે એના પરિણામે આપત્તિઓના પ્રચન્ડ વાવંટોળ વહેલામાં વહેલી તકે ધસી જ આવે છે. એમાં ય ધર્મ-લઘુતા કરવાનું પાપ તો સર્વપાપોનું શિરોમણિ પાપ છે ને ?

એક માણસથી ધર્મની લઘુતા થાય. અને જો તે પછીની બીજી જ પળે તે પોતાના સંસારની ધરતી તરફ નજર નાંખશે તો એ ધરતીના પેટાળમાં ગંભીરપણે કોઈ ફેરફાર થઈ રહ્યાની આગાહી એ જ કરી શકશે. થોડા દિવસ વીત્યા ન વીત્યા ત્યાં તો ભયાનક કડાકા સાથે જીવનની સમૃદ્ધિના પહાડમાંથી આગ વરસાવતો લાવા નીકળતો જ હશે, કયાંક ભયંકર આંચકો

આપીને વિરાટ ચિરાડ પડશે કે જે સ્વજનાદિના સુખમય સંસારની ભવ્ય ઈમારતને એક જ પળમાં સ્વાહા કરી દેશે.

ધર્મલઘુતા કરવા જેવું જગત્માં કોઇ પાપ નથી. ધર્મ-લઘુતાનું પાપ કરનાર કદી સુખી રહી શકતો નથી. પૌરુષઘ્ની ભિક્ષાચરો આ જ પાપનો ભોગ બનીને અનંતભવો માટે ચારિત્ર્ય જીવનનો યોગ હારી જાય છે.

કોણ સમજાવશે એ દયાપાત્રોને કે આ તો હડહડતો કળિયુગ છે? ઘઉંમાં કાંકરાનો યુગ તો સત્યયુગ કહેવાય. કળિયુગે તો કાંકરામાં ઘઉં હોય.

કાળના આ સ્વરૂપનો વિચાર કરો અને ઘઉંની સામે જોઈ પ્રસન્નમના બનો.

કોણ સમજાવશે એ દયાપાત્રોને કે ગુલાબને કાંટા લાગ્યા છે એ વાતનો લેશ પણ અસ્વીકાર નથી છતાં એ વાતનો પણ સ્વીકાર કરો કે કાંટામાં ગુલાબ છે. ગુલાબમાં કાંટા જોઇને ગાળો દેવાનું દુર્ભાગ્ય પામવા કરતાં કાંટામાં ગુલાબ જોઇને ગુણો ગાવાનું સૌભાગ્ય જાણીબૂઝીને શા માટે હારી જાઓ છો! કોણ જણાવશે એ દયાપાત્રોને કે ધર્મ પામીને જો ધર્મ પામવાની લાયકાત ગુમાવશો તો અનંતભવોનાં દુઃખોના પહાડોની હારમાળા એક સાથે તૂટી પડશે તમારી ઉપર.... બ્રહ્મા પણ ત્યાં તમને બચાવી શકનાર નથી. જગતના જીવોની નિંદાના નિર્દોષ ખૂન કરીને જગતની અનંત આત્મહત્યાને આમન્ત્રણ આપી રહ્યા છો એ વાત કેમ ભૂલી રહ્યા છો?

ધર્મલઘુતા કરનાર એ ભિક્ષાચરો પ્રત્યે કરુણા બતાડવા સિવાય આપણી પાસે બીજો કોઈ ધર્મ જ નથી. શું કરીએ!

**મૂઢ** :—આ ભિક્ષાચરોની મૂઢતા પણ કેવી નિર્લજ્જ બનીને નૃત્ય કરી રહી છે એ ય સમજવા જેવું છે.

આ લોકો અસદારંભવાળા હોવા છતાં પોતાની ભિક્ષા સર્વ-સંપત્કરી નથી એવું અંતરથી જાણે છે. આમ છતાં એ વાતનો એકરાર તો નથી જ કરતાં; પરન્તુ કોઈ આવી વાત કરે તો તકરાર કર્યા વિના રહેતા નથી. "આ કાળમાં અમે જે ભિક્ષાવૃત્તિથી જીવીએ છીએ એ જ ભિક્ષાવૃત્તિ યોગ્ય છે. અમારી ભિક્ષા સદારંભી માટે કહેલી ભિક્ષા સ્વરૂપ જ છે." આવું બેલગામ વિધાન કરતાં ય તેઓ અચકાતા નથી.

પાપ કરવું એ પાપ....પણ નિષ્પાપની હરોળમાં બેસવું એ તો મહાપાપ કેમકે એથી લોક દૃષ્ટિમાં નિષ્પાપ આત્માઓ પણ શંકાની નજરે જોવાતા થઈ જાય.

તરવાનું સાચું સાધન પણ ઉપેક્ષિત થવા લાગે.

પાપ થાય ત્યાં સુધી હજી કદાચ વાંધો ન લેવાય. પરન્તુ એ પાપને મહાપાપનું નિમિત્ત તો ન જ બનવા દેવું જોઈએ. ઉલટું એ પાપને પશ્ચાત્તાપના ધર્મનું નિમિત્ત બનાવીને મુક્તિ માર્ગે આગેકૂચ જ કરવી જોઇએ.

પૌરુષઘ્ની ભિક્ષાના ભોજનના પાપે જ એ ભિક્ષાચરોની મતિ પણ કલુષિત થાય છે. એનાં પરિણામે જ નિષ્પાપની હરોળમાં ગણાવવાનું મહાપાપ કરતાં તેઓ લાજતા પણ નથી.

જેમ અમુક સ્થાનને યોગ્ય વ્યક્તિ પોતાને અયોગ્ય ગણાવે એ અનુચિત છે તેમ અયોગ્ય વ્યક્તિ પોતાને યોગ્ય ગણાવે તે ય અનુચિત છે. રે ! એને તો ઘણું જ વધારે-વાંધાભર્યું-આપખુદ પગલું કહી શકાય.

(૩) **સ્વોદરપૂરકઃ**—આપણે પૂર્વે જ જોયું કે સર્વ-સંપત્કારી ભિક્ષાનો સ્વામી પોતાના માટે ભિક્ષા લેવા નીકળે નહિ. એ તો જાય બાળ–વૃદ્ધ-ગ્લાન કે તપસ્વીની ભક્તિ માટે જ. આમાં જ કાંઈ વધે તેનાથી પોતાનો નિર્વાહ કરી લે.

પૌરુષઘ્ની ભિક્ષાના સ્વામીઓના જીવનમાં આ વિધાનનું તંદુરસ્ત શિર્ષાસન જોવા મળે છે. સ્વચ્છંદી યતિઓ પ્રાયઃ ગચ્છમાં તો રહેતા જ ન હોય. સ્વતન્ત્ર વિહરવામાં જ એમને બધી જાતના સુખોના સ્વર્ગમાં મહાલવાનું મળી જતું હોય; છતાં સંભવ છે કે એમની સાથે પણ દીક્ષિત વૃદ્ધપિતા, ગ્લાન, ભાઈ વગેરે હોઇ શકે. અથવા તો એકલવિહારી તરીકેની લોકનિંદાથી બચવા માટે પણ ગમે તે ગચ્છના ગમે તેવા વૃદ્ધ કે કોઈ તપસ્વી વગેરે સાધુને સાથે રાખી પણ લેતા હોય.

પરન્તુ જ્યારે એ બેનો સંબંધ જ પોતપોતાના સ્વાર્થના પાપમાંથી સર્જાયો છે ત્યારે એમના સારા વ્યવહારની અપેક્ષા રાખી શકાય નહિ. બે ય પોતપોતાનું પતાવી લેતા હોય. સાથેના વૃદ્ધ કે તપસ્વી માટે લેશ પણ ભક્તિભાવ સાથે રહેલા તંદુરસ્ત સાધુને હોય એ સંભવિત નથી; કેમકે જિનાજ્ઞા સાથે તો એણે 'ડાઈવોર્સ' લીધા હોય છે એટલે વૃદ્ધની ભક્તિના મીઠાં ફળ, તપસ્વિની ભક્તિ દ્વારા તપ-ગુણની જીવંત અનુમોદનાની આરાધનાના કર્ત્તવ્યની જવાબદારી વગેરે બાબતો સાથે તો આ નામદારને નિસ્બત જ હોતી નથી. આથી જ એ પોતાની જ ભિક્ષા લેવા જતા હોય છે. પોતાનું જ પેટ ભરવાનો તેમનો ઉદ્દેશ હોય છે. થોડી વાર આંખ મીંચી દો અને આવા કોઇ યતિને તમારી નજરમાં લાવો. અને જુઓ પોતાની ભિક્ષા લેવા માટે નીકળેલો.

તમે એ વખતના એનાં મુખ ઉપરના એકેક ભાવને 'એન્લાર્જ' કરીને જોતા જાઓ. નર્યો સ્વાર્થ નીતરતો દેખાશે. મન જાણે કે શું પોતાને અનુકૂળ પડશે, એ દ્રવ્ય ક્યાં મળી જશે? એ માટે કેવી મીઠાશ સાથે એ ઘરના બાબાને બોલાવીને રમાડવો પડશે? ઇત્યાદિ તમામ વિચારો તમને વાંચવા મળશે.

માણસ ગમે તેટલા પ્રયત્નો કરીને મનના ભાવો મનમાં જ દબાવી રાખે.... પરન્તુ મુખ એવી વસ્તુ છે કે એમાં એ ભાવો

પ્રકટ થયા વિના રહી શકતા જ નથી. મનના સર્વભાવની 'એન્લાર્જ્ડ' કોપી મુખ છે. મુખમાંય આંખ છે. મુખ ઉપરથી મનના ભાવો વાંચવાની કળા પ્રયત્નસાધ્ય જરૂર છે. અસાધ્ય તો નથી જ. અસ્તુ.

પૌરુષધ્ની ભિક્ષા કરનારનું મન અને જીવન કેટલું વિકૃત થઇ જાય છે? જીવમાત્ર પ્રત્યેના ઉછળતા પ્રેમના પ્રતીકશા શ્વેત વસ્ત્રો ધારણ કરનાર સાધુ પોતાના સહચર વૃદ્ધ કે ગ્લાન વગેરે પ્રત્યે પણ હમદર્દી દાખવી ન શકે!!! અ ર ર ર.... ફીટકાર વરસો; એ સ્વાર્થાન્ધતા ઉપર.

ઉદરંભરિતાનું આ કેવું પાપ કે જે પોતાના સ્વાર્થ ખાતર સાથે રાખેલાની વૃદ્ધત્વાદિ અવસ્થાને જોવા માટે પણ અન્ધ બનાવી દે! જીવમાત્રની દયાની વાતો કરનાર સહચર સાધુની પણ દયા ન વિચારી શકે! ધૂળ પડો એનાં એકલપેટા જીવનમાં!

[૪] દીનઃ—

પૌરુષધ્ની–ભિક્ષાચર પોતાના વેષને બિલકુલ સંગત ન થતું જીવન જીવવા માટે માનસિક રીતે ખૂબ જ બળવાન હોય છે, એમાં કોઈ સંદેહ નથી, કેમકે એવા નિષ્ઠુર મનોબળ વિના જિનાજ્ઞાને કચડી નાંખવા સુધીનું જીવન નિર્ભીક રીતે તેઓ જીવી શકે જ નહિ. પરંતુ મનની નિષ્ઠુરતાના એક ઉપલા પ્રવાહની ભીતરમાં બીજો પણ એક પ્રવાહ વહેતો જ હોય છે. ભલે તે અવ્યક્ત રહેતો હોય, ભલે તે મુખ ઉપરના સફાઇભર્યા 'મેક અપ'ના કારણે દબાઇ જતો હોય....પરન્તુ બીજો એક પ્રવાહ તો જરૂર....જરૂર વહી જતો હોય છે.

એ છે દીનતાનો પ્રવાહ.

જિનશાસન સુવિહિત શ્રમણોનું શાસન છે, સદાચારી શ્રાવકોનું શાસન છે, તપસ્વિની શ્રાવિકાઓ અને ભક્તિવ઼ા

શ્રાવિકાઓનું આ શાસન છે. કાળ ગમે તેટલો ભયંકર આવ્યો હોય; હજી પણ ગમે તેટલો વધુ ભયંકર સમય આવવાનો હોય પરન્તુ એ બધા ય કાળમાં પ્રભાવ તો શાસનના–નગરમાં વસતાં સાચા શ્રમણો વગેરેનો જ રહેવાનો.

'મેક-અપ' તે મેક-અપ જ કહેવાય. દંભના પરપોટાના બે પાંચ જલ બિંદુઓથી એને ધોવાઈ જતાં જરા ય વાર ન લાગે.

સાચું સૌન્દર્ય એ જ અવિનાશી સૌન્દર્ય છે. એ સૌન્દર્યને ભૂંસી નાંખવા માટે આખું ય જગત્ એક થઈને પ્રયત્ન કરે સ્વયંભૂરમણના પાણીનો મારો ચલાવવા....તો ય ન ભૂંસાય! રે! એ સૌન્દર્ય તો એ જ પાણીથી વધુ ને વધુ ચમકતું જાય.

આવા સૌન્દર્યવાન્ આત્માઓનો પ્રભાવ સદા સર્વોપરી રહે છે. આજે પણ એ વાત આંખ સામે જોવા મળે છે. મહાપુણ્ય-શાલીઓ પણ વિશુદ્ધ આજ્ઞાપાલનના સૌન્દર્યથી ઝળહળતા સિતારાઓ સામે બેશક ઝાંખા પડી જાય છે. ત્યાં પુણ્યના 'મેક'–અપ' ને ધોવાઈ જતાં જરા ય વાર લાગતી નથી.

એવા સુવિહિતોના પ્રખર પ્રભાવ સામે પુણ્યનો પ્રભાવ ટકી શકતો નથી. એવા પણ માણસો જોવા મળ્યા છે જેઓ પુણ્યના મેક–અપથી લાખોને મૂંઝવી નાંખે, પણ આત્મિક સૌન્દર્યની સામે સાવ જ રેંગાપેંગા બની જાયઃ એમનો પેલો મેક-અપ તદ્દન તેજવિહોણો બની જાય.

આજે પણ આવા સૌન્દર્યવાનોની દુનિયા છે. એ દુનિયા સમગ્ર ભારતમાં પથરાએલી છે.

દરેક શહેરમાં, અમદાવાદની દરેક પોળમાં ગામડે ગામડે એવા સદાચારી ગૃહસ્થો વસે છે. જેમના તેજ સામે નબળા ભિક્ષાચરો દીન બની જાય છે. આથી જ આ ભિક્ષાચરોના માનસપટના અંતસ્તલમાં દીનતાનો એક પ્રવાહ વહેતો જ રહે છે. એમને

ગમે ત્યારે કોઈ પડકારી દેશે! ગમે તે પળે કોઈ અણઉઘડી વાત છતી થઈ જશે! ગમે તે દિવસે એમનો કોઈ ભક્ત છટકી જશે! ગમે તે સમયે કોઈ ભક્ત એમને દબાવીને પોતાનું કામ કરી જશે! આવી જાતના તમામ કડવા સત્યોથી તે ભિક્ષાચરો સદા જ્ઞાત હોય છે. આમાંનું દરેક સત્ય એમના મનને દીન-હીન બનાવી રાખે છે. દીનતાના ભાવની આ પક્કડમાંથી એઓ ક્યારે પણ છૂટી શકતા નથી.

જેમ નિષ્ઠુરતા વિનાનું તેમનું માનસ અસંભવિત છે તેમ દીનતા વિનાનું પણ તેમનું માનસ અકલ્પ્ય છે.

મનના સિક્કાની આ બે ય અપરિહાર્ય બાબતો છે.

રે! બે ચાર ભક્તોમાં બની બેઠેલા ભગવાનની આ તે કેવી દુર્દશા! કેવો દુઃખિયારો આ ભગવાન્! સાચા ભગવાન્ પાસે જાતની બંધન મુક્તિની પ્રાર્થના કરવા કરતાં તો આવા દુઃખિયારા ભગવાનોની બંધન-મુક્તિની પ્રાર્થના એકદિલે કરવા જેવી લાગે છે.

ભગવાન્ બનીને દીનતાદાસીના ગુલામ બનેલાના ભીતરમાં સુખ અને શાન્તિ ક્યાંથી હોય!

પુણ્યની લાલીના મેક-અપ વાળો 'એ લાલીનો 'મેક-અપ' જ છે' એ સત્યથી જરા ય અજાણ ન જ હોય. એટલે જ બહારના કૃત્રિમ સુખોમાં એને આનંદ ન હોય અને આંતર સુખનો તો એ પૂરો દેવાળિયો હોય....પછી એના જીવનમાં સુખ શાન્તિના પડછાયા ય ક્યાંથી સંભવે!

## [૫] હૃષ્ટપુષ્ટ અથવા દૂબળો :

જેને પરલોકની કોઇ પરવાહ નથી....એ બેફિકરો માણસ પાણી પીને ય તગડો જ થાય. પૌરુષઘ્ની ભિક્ષાના સ્વામીઓ પ્રાયઃ હૃષ્ટપુષ્ટ હોય. જેને પરલોક નજર સામેથી ખસતો નથી, અને પરમલોકની પ્રાપ્તિ માટે જે રાત ને દિવસ ઇશ્વરના

ચરણોમાં માથું મૂકીને રડયા જ કરે છે એ ઘી ખાઈને ય દૂબળો જ રહે છે.

મનની મસ્તી ઉપર તનની પુષ્ટિ અવલંબે છે.

મનનો મસ્તાન આ ભિક્ષાચર ભક્તો સાથે હસીને બે કલાક વાતો કરે કે એના ઘી–દૂધ–બધાંય પચી જાય, બપોરે અને રાત્રે ખાસ્સી ઊંઘ ખેંચી કાઢે કે અડધો રતલ બદામ પણ પચી જાય. આથી જ એમ કહી શકાય કે સામાન્યતઃ તો આવા ભિક્ષાચરો ખૂબ જ પુષ્ટ હોય.

હા....કોઇ દૂબળો નીકળે તો ય ના નહિ. આંતરડાની નબળાઈને કારણે કે બીજા કોઈ રોગના કારણે ઘણું ખાવા છતાં ન પચે અને તેથી રોગો વધતાં જતાં દૂબળા પણ બની જવાય. પરંતુ એવા થોડા જ મળશે. અને એ રીતે રોગાદિના કારણે જેઓ પુરૂષાર્થને હણી નાંખે છે એમાં એમના રોગો જ પૌરૂષઘ્ન બન્યા ત્યાં એમની ભિક્ષા પૌરૂષઘ્ની તો ન જ કહેવાય.

ભિક્ષા તો તે હૃષ્ટપુષ્ટ ભિક્ષાચરોની જ પૌરૂષઘ્ની કહેવાય જેમણે ઉદરપૂર્તિ વગેરે ઉદ્દેશના કારણે ધર્મ અને મોક્ષ પુરૂષાર્થ હણી નાંખ્યો એમને ભિક્ષાચર બનવાથી એમનો અર્થ–કામ પુરૂષાર્થ તો હણાઈ જ ગયો.

સ્વપ્ને પણ દર્શન મા થજો; આવા ભિક્ષાચરોના કે જેઓ ભિક્ષા દ્વારા પૌરૂષને હણી નાંખે છે.

વસ્તુતઃ ભિક્ષાચર જ પૌરૂષઘ્ન કહેવાય પરન્તુ ભિક્ષા દ્વારા એ પૌરૂષ હણે છે. માટે ભિક્ષાને જ અહીં આપણે પૌરૂષઘ્ની કહી.

[૩] વૃત્તિભિક્ષા :—

ગરીબી, અન્ધત્વ, વૃદ્ધત્વ વગેરે કારણોને લીધે કેટલાક સંસારી આત્માઓ પોતાની આજીવિકા ચલાવવા માટે અસમર્થ બની જાય છે ત્યારે સંસાર ત્યાગીને ભિક્ષા ઉપર જીવન પસાર

કરવા દ્વારા પોતાની આજીવિકા ચલાવતા હોય છે. આવા ભિક્ષાચરોની ભિક્ષાને વૃત્તિભિક્ષા કહેવામાં આવે છે.

આજીવિકા ચલાવવા માટે એ સંસારીઓ કોઈ પણ કામ ધંધો કરી શકવા સમર્થ હોય છે. છતાં હાડકાનાં હરામ બનીને એ કામધંધો ન કરતાં સંસારત્યાગી બનીને ભિક્ષા દ્વારા પોતાની આજીવિકા ચલાવે તેમની ભિક્ષા તો પૌરૂષઘ્ની ભિક્ષા જ કહેવાય.

આ બે ય પ્રકારના ભિક્ષાચરોની ભિક્ષાપ્રવૃત્તિ દીક્ષિત–જીવન સાથે જરા ય સુમેળ ધરાવતી હોતી નથી. આ દૃષ્ટિએ આ બે ય ભિક્ષામાં સામ્ય છે. પરન્તુ સબળ અને નિર્બળના ભેદથી આ બે ભિક્ષાઓ જુદી પડી જાય છે. [ ૬ ]

અલબત્ત ભિક્ષાવૃત્તિ નામની ત્રીજી ભિક્ષા પૌરૂષઘ્ની ભિક્ષા જેટલી અત્યન્ત દુષ્ટ તો ન જ કહી શકાય કેમકે અન્ધત્વ, પંગુત્વ, વૃદ્ધત્વ વગેરે અંગવૈકલ્યાદિના કારણે લોકોને આ ભિક્ષાચરો પ્રત્યે અનુકમ્પા થાય છે પણ ધર્મની લઘુતા પ્રાયઃ થતી નથી. પૌરૂષઘ્ની ભિક્ષાથી જીવન જીવતાં ભિક્ષાચરો તો સશક્ત શરીરવાળા હોય છે. ભિક્ષા લેવાની તુચ્છ રીતિ સાથેના એમના આચરણથી જ ધર્મની લઘુતા થવા લાગે છે.

પરન્તુ આ ઉપરથી એમ પણ ન સમજવું કે વૃત્તિભિક્ષા એ જ્યારે પૌરૂષઘ્ની નથી તો પારિશેષાત્ સર્વસંપત્કરી છે. ના, નહિ જ. સર્વસંપત્કરી ભિક્ષા તો યતિને જ હોઇ શકે. વૃત્તિભિક્ષાથી આજીવિકા ચલાવતાં અન્ધ, વૃદ્ધ વગેરે યતિ ન કહેવાય જે યતિ હોય તેને જ સર્વસંપત્કરી ભિક્ષા હોઇ શકે.

ઉક્ત ત્રણે ય પ્રકારની ભિક્ષાઓના ફળ તો એ ભિક્ષાના નામો ઉપરથી જ સમજી શકાય તેવા છે. સર્વસંપત્કરી ભિક્ષા અભ્યુદય અને મોક્ષ–સ્વરૂપ સર્વસંપત્તિઓને આપે છે. પૌરૂષઘ્ની ભિક્ષા ધર્માદિ પુરૂષાર્થોને હણવાનું કામ કરે છે, જ્યારે વૃત્તિભિક્ષાથી આજીવિકા ચાલવાનું ફળ મળે છે. [ ૭ ]

હવે આપણે આ ભિક્ષાઓના દાતા ગૃહસ્થોને શું ફળ મળે તે જોઇએ.

ભિક્ષાચર એ એવું ખેતર છે જેમાં દાતા દાનરૂપી બીજ નાંખીને ફળ મેળવે છે. સામાન્ય રીતે એમ જ કહી શકાય કે જેવું ખેતર એવું બીજમાંથી ફળ.

ખેતરની ભૂમિ જો ખૂબ જ સમૃદ્ધ હોય તો સામાન્ય બિયારણથી ય ઘણો પાક આપે અને જો ભૂમિ જ ઉખર હોય તો સારામાં સારું બિયારણ પણ નિષ્ફળ જાય.

આ જ રીતે જો ભિક્ષાચરાત્મક પાત્ર ગુણવાન્ હોય તો તેને ભિક્ષાદાન કરવાથી દાતાને ઘણું ફળ મળી જાય. અને જો પાત્ર ગુણહીન હોય તો સુન્દરતમ વસ્તુનું દાન કરનાર દાતાને પણ અલ્પતમ ફળ મળે....કદાચ કશું ય ન મળે.

ભગવાન્ ગૌતમસ્વામીજીએ દેવાધિદેવ મહાવીરને આ બે ય પ્રશ્ન કર્યા હતા. તેના ઉત્તરમાં પરમાત્માએ જણાવ્યું હતું કે વિશિષ્ટ કોટિના નિર્ગ્રન્થને નિર્દોષ વસ્તુનું દાન દેનાર આત્મા એકાન્તે નિર્જરા કરે છે તેને અલ્પ પણ પાપકર્મનો બંધ થતો નથી, જ્યારે જે સાધુવ્રતી નથી તેવા યાચકને ભક્તિથી નિર્દોષ આપવાથી કે દોષિત આપવાથી–બધી સ્થિતિમાં એકાન્તે પાપ કર્મનો જ બંધ કરે છે. એ દાતાને અલ્પ પણ નિર્જરા થતી નથી.

પ્રશ્ન :—તો પછી અન્ધ, વૃદ્ધ વગેરે જે અયતિ–ભિક્ષાચરો છે તેમને અન્નાદિ આપવાથી એકાન્તે પાપ લાગશે ને? કેમકે એ ભિક્ષાચરો તો ગુણવિહીન જ હોય છે.

ઉ. :—ના...અન્ધાદિ ભલે ગુણહીન હોય છતાં એમની દયનીય દશા જોઇને દાતાને એમના પ્રત્યે અનુકમ્પા જાગે છે અને તેથી તેમને અન્ન વગેરે આપે છે. અહીં દાતાની અનુકમ્પા એ સુંદર ભાવ છે માટે એના કારણે દાતાને કાંઈક તો સુંદર ફળ જરૂર મળી જાય છે.

## અનુકંપાની ઉપાદેયતા

પ્ર. :—શું અયતિની દયા હોઇ શકે ?

ઉ.:—જરૂર. શાસ્ત્રકારોએ કહ્યું છે કે ભયંકર આ ભવસાગરમાં દુઃખથી ત્રાસતાં જીવોને જોઇને કોઈ પણ જાતના નાત, જાત, ધર્મના ભેદ વિના એમની દયા કરવી. એમને પાપોથી છોડાવવા સ્વરૂપ ભાવદયા તો કરવી જ; પરન્તુ જે સંસારી ગૃહસ્થો છે તેમણે તો તેની ભાવદયા કરવાની પૂર્વભૂમિકારૂપે અન્ન, ધન વગેરે આપવા રૂપે દ્રવ્યદયા પણ કરવી.

બેશક, શ્રમણો પ્રાયઃ ભાવદયાના જ અધિકારી છે. જગત્‌ના જીવોના દુઃખોના મૂળિયાસ્વરૂપ પાપોની વાસનાને હચમચાવી નાંખવાની તેમની વૃત્તિ મુખ્યત્વે રહ્યા કરે છે. જ્યારે શ્રમણો-પાસકોએ તો બે ય પ્રકારની દયા કરવી જ જોઈએ. અહીં એક વાત અવશ્ય ધ્યાનમાં રાખવી કે દાતાની ય દ્રવ્યદયાની પાછળ ભાવદયા કરવાનો ઉદ્દેશ તો હોવો જ જોઈએ. જે દ્રવ્યદયાની પાછળ ભાવદયાનો સીધો કે આડકતરો કોઈ સંબંધ જ નથી, દ્રવ્યદયાળુના દિલમાં ય ભાવદયા પમાડવાનો આશયસુદ્ધા નથી એ દ્રવ્યદયા જિનશાસનમાં જરા ય માન્ય નથી.

**દયાના નામે અધર્મ** દુઃખિતોના દુઃખ દૂર કરવાની દ્રવ્ય દયા પાછળ એવી કોઈ યોજના અવશ્ય હોવી જોઈએ. જેનાથી દુઃખિતોના પાપને પણ આંચકો લાગે. તેવી યોજના અશક્ય જ હોય તો છેવટે તેવો ભાવ તો દાતાનાં દિલમાં અવશ્ય રહેવો જોઇએ અને આ દ્રવ્યદયાને પોતે ભાવદયાની ભૂમિકા બનાવી શકતો નથી માટે આ વાસ્તવિક દ્રવ્યદયા તો ન જ કહેવાય એટલું તો રહેવું જ જોઈએ.

આવી સમજણની ગૂંચના કારણે જ એમ કહી શકાય કે ભાવદયાની આરાધના કરવી સહેલી છે પરંતુ દ્રવ્યદયાની આરાધના ખૂબ જ મુશ્કેલ છે.

અપેક્ષાએ તો એમ પણ કહી શકાય કે દ્રવ્યદયા એ ભડકે જલતી આગ છે જેની પાસેથી આત્મા પોતાના નિર્દય પરિણામોની ટાઢ ઉડાડવા ઇચ્છે છે, અને તે માટે જ તેનું સેવન કરે છે.... પરન્તુ જરાક અવિધિ થઈ જતાં એ દાઝી જાય છે અને ઊભો ને ઊભો ભડથુ થઈ જાય છે.

દયાના નામે નિર્દયતાભર્યા ઘોરપાપો ચાલતા રહે એવી દ્રવ્યદયા જિનશાસનમાં સંમત નથી. આજની હોસ્પીટલો, સાર્વજનિક દવાખાનાઓ, મફત શિક્ષણ સંસ્થાઓ વગેરે બધાં ય દ્રવ્યદયાના–સેવાના લેબાશ નીચે સ્વપર કારમી નિર્દયતાના પોષક સ્ફોટક–દ્રવ્યોથી ધરબાએલા છે.

લાખોનું દાન લેતી હોસ્પીટલો અને દવાખાનાઓ અનંત જીવોની હત્યાથી ચાલે છે. સસલાં, મરઘાં, વાંદા, વાંદરા વગેરે જીવતા જીવો ઉપર અતિક્રૂર પ્રકારના પ્રયોગો કરીને માનવજાત માટે દવાઓ તૈયાર કરવામાં આવે છે. આવી દવાઓની જંગી ખપત હોસ્પીટલો અને દવાખાનાઓ કરે છે! માનવની દયા પાછળ કરોડો અબજો નિરપરાધી જીવોનાં જીવતા શરીર ઉપર ઘાતકી પ્રયોગો કરી શકાય ખરા? એમ!

માનવ જેવો માનવ નિરપરાધી જીવોનો હત્યારો બનીને જગત્માં દયાલુ માનવ તરીકે પંકાવવા ઇચ્છે છે? એમ!

કરોડો જીવોની કલાકો સુધી લગાતાર ચાલતી ચીસાચીસોમાંથી તૈયાર થએલી દવા ખાઇને માનવ સાજો સારો થઈ જાય એમ! પેલા અબજો નિસાસાઓની હાયની કોઈ નોંધ જ લેવી નથી? એમ.

માછલીઓના તેલ! ગાયોની ચરબી! વાનરોના કલેજા! અને સુવરોના અંડકોશ! જીવતા ચોળી, મસળી, પીલી નાંખીને મેળવેલા આ દ્રવ્યોની જે હોસ્પીટલો કે દવાખાનાઓ નિકાશ કરે

તે હોસ્પીટલ વગેરેમાં થતાં દાનને દ્રવ્યદયાનું દાન કહેવું છે? એમ!

વિલક્ષણ પાયામાંથી ઊભેલા જૈનેતર દર્શનો કદાચ તેવા દાતાઓને દયાળુ કહી દેશે! પણ સર્વજ્ઞનું દર્શન કદાપિ દયાળુ નહિ કહે!

અને પેલું સ્કુલોમાં દાનનું ય કેવું ઘેલું લાગ્યું છે; શ્રીમંતોની આલમને! જે શિક્ષણે છોકરાને લીધે લગ્ને માબાપને લાત મારતા શીખવ્યો, જે શિક્ષણે શીખવ્યું કે પેટ ભરવા માટે જ આ શિક્ષણ છે, જે શિક્ષણે વિજાતીય આકર્ષણો કાચી વયમાં ઉત્પન્ન કરી દઈને કુમારિકાઓને ગર્ભવતી બનાવી, જેણે ધર્મનો ધ્વંસ કર્યો, જેણે પવિત્રતાનો અપૂર્ણ વિનાશ કર્યો, જેણે પરલોક દૃષ્ટિ ફોડી નાંખી, એ શિક્ષણ દેતી સંસ્થાઓમાં થતાં સંપત્તિના દાનને ધર્મદાન કેમ કહી શકાય?

ગરીબોને મફત શિક્ષણ દેતી એ શિક્ષણ સંસ્થાઓના સ્થાપકોને દયાલુ કેમ કહી શકાય?

જેણે સત્યાનાશ વાળી નાંખ્યું આર્યસંસ્કૃતિનું; ત્યાં આજે આર્યસંસ્કૃતિના પુરસ્કર્તાઓ દાન દેવા દોડી રહ્યા છે!

રે! ધર્મના સ્થાનોમાં એક ઈંટ ગોઠવતા લાચાર બને છે આ લોકો! એવી કોઈ પ્રેરણાને સાંભળતાં મોં બગાડે છે આ શ્રીમંતો! એવું કોઈ કાર્ય ફરજિયાત કરવું પડે તો નિસાસા નાંખે છે આ માનવો!

જ્યાં લાખો લોકો દાન દેવા પડાપડી કરે છે ત્યાં ધર્મસંસ્કૃતિને પામેલો શ્રીમંત પણ દોડે છે!

જ્યાં કોઈ નથી દાન દેનારો તે ધર્મસ્થાનો તરફ મોં વાળે છે; પોતાને ધાર્મિક કહેવડાવતા બિરાદરો! શું દયાના દૂતો છે આ બધા? દ્રવ્ય દયાના? જરા ય નહિ, આના જેવી નિર્દયતા બીજી કોઈ નથી.

ભાવદયાના કાર્યોની સરિયામ ઉપેક્ષા કરીને નિર્દય દ્રવ્ય દયાના કાર્યોને માત્ર સ્પર્શ કરનાર માણુસ પણુ ઘોર પાપનો ભાગીદાર બને છે.

અસલમાં તો આ દાનવીરોને દયા હોતી જ નથી. ના, દ્રવ્યદયા ય નહિ. એમને સેવાની ભાવના જ હોતી નથી.... કોઈની ગરીબીનું દર્શન કરીને એમના સાતસો ભવમાં ક્યારે ય આંસુના બે બુંદ પાડી દે તેવી આ જાત જ નથી. મને પૂછો કે તો પછી આટલી બધી દયાની પ્રવૃત્તિ શા માટે કરતા હશે?

રે! સ્પષ્ટ ઉત્તર છે કે એ બધું જાતની મહાનતા માટે અને જગત્‌ના સુખોની કામના માટે જ હોય છે.

કડવું લાગશે આ સત્ય.... પણુ સ્વીકાર્યા વિના નિસ્તાર શક્ય જ નથી. અસ્તુ.

**દાનના પાત્રાદિના આધારે ફળો** દાન લેનાર પાત્રની પાત્રતા–કુપાત્રતા ઉપર દાતાને ફળ મળે છે એ વિધાન વ્યવહારનયની દષ્ટિએ સમજવાનું છે. નિશ્ચયનયની દષ્ટિએ તો દાતાના ભાવ ઉપર જ ફળની પ્રાપ્તિ અવલંબે છે.

યાચકનું પાત્ર ગમે તેવું હોય.... ઉચ્ચ કે અધમ.... પરન્તુ દાતાનો ભાવ જો સુંદર હોય તો અપાત્રને દાન દેવાથી ય વિપુલ નિર્જરા થાય, અને દાતાનો ભાવ અસુંદર હોય તો પાત્રને દાન દેવાથી ય પાપકર્મબંધ થાય.

જેમ એક જ જાતની હિંસા સો માણુસો કરે તો ય દરેકને જુદું જુદું ફળ મળે કેમકે દરેકના હિંસાના પરિણામ કાંઈ સરખા હોતા નથી. તેવી જ રીતે વસ્તુમાં પણુ મનના અસંખ્ય પ્રકારના શુભાશુભ પરિણામો હોવાને લીધે એક જ વ્યક્તિને દાન દેનારાઓ વિવિધ ફલ પ્રાપ્ત કરે.

અભિમાન કે ઈર્ષ્યાદિથી ગુણવાન્ પાત્રને અન્નાદિ આપવા છતાં શુભફળ ન મળે.

અને અનુકમ્પાની બુદ્ધિથી અથવા તો ન આપવાથી શકય એવી પ્રવચનહીલનાથી બચવા માટે કે એવા જ કોઈ બીજા શુભાશયથી અપાત્રને પણ અન્નાદિ આપવું પડે તો ય ઘણું સુંદર ફળ મળે.

આમ (૧) પાત્રની સારી નરસી પાત્રતાના હિસાબે દાતાને સારું–નરસું ફળ અને (૨) દાતાના સારા નરસા ભાવના અનુસારે દાતાને સારું– નરસું ફળ પ્રાપ્ત થાય તે આપણે જોયું.

હવે (૩) જે વસ્તુનું દાન કરવાનું છે તે વસ્તુના અનુસારે અને (૪) જે અવસરે દાન કરવાનું છે તે અવસરના અનુસારે દાતાને કેવી રીતે સારાં– નરસાં ફળ પ્રાપ્ત થાય છે તે જોઈએ.

શ્રી ભગવતી સૂત્રમાં ભગવાન્ ગૌતમ ગણધરે દેવાધિદેવ પરમાત્મા મહાવીરને પ્રશ્ન કરેલો મૂકયો છે કે, "હે ભગવંત! સુવિહિત યતિને અપ્રાસુક (દોષવાળી) વસ્તુ આપનાર દાતાને તેનું શું ફળ મળે?"

ઉત્તરમાં ભગવંતે કહ્યું છે કે તે દાતાને અલ્પ પાપકર્મનો બંધ થાય અને ઘણી નિર્જરા થાય.

યાચક અને દાતવ્ય વસ્તુની ચતુર્ભંગી આપીને આ વાત ત્યાં જણાવવામાં આવી છે. પ્રસ્તુત ભંગ માટે ટીકાકાર મહર્ષિએ ત્યાં ખુલાસો કરતા કહ્યું છે કે આ દાતાને મુગ્ધ સમજવો. જેને યતિ ભિક્ષાના દોષોનું જ્ઞાન નથી તેવો કોઇ ભદ્રકપરિણામી મુગ્ધ આત્મા ભક્તિભાવથી દોષિત વસ્તુ બનાવીને યતિને આપે તો તેને અલ્પ પાપકર્મનો બંધ થાય અને વિપુલ નિર્જરા થાય.

પણ જે આત્માઓ યતિભિક્ષાના દોષોથી સુજ્ઞાત છે એ લોકો જો ભક્તિભાવના આવેશમાં આવી જઇને મુનિને દોષિત

વસ્તુનું દાન કરે તો તેનાથી તેને વિપુલ પુણ્યકર્મનો બંધ થાય નહિ. જ્યાં એક લાખ રૂપિયા કમાવવાના હતા ત્યાં પાંચ રૂપિયા જ કમાઈ લાવનાર માણસ જેવો તે સમજદાર દાતા કહેવાય. ટૂંકમાં તેને એટલો અલ્પ લાભ મળે કે જે લાભ ન મળ્યા બરોબર જ કહેવાય.

આ વાતને વિચાર્યા વગર ભક્તિના ઘેલા માથે ઊંચકીને ફરતા સમજદાર શ્રાવકો દોષિત વસ્તુઓથી સાધ્વીઓની ભક્તિ કરે છે તે કેટલું અનુચિત છે એ સહેલાઈથી સમજી શકાય તેવી વાત છે.

(૪) દાનના અવસરને આશ્રયીને પણ દાતાના ફળના સારા નરસાપણાનો નિર્ણય થાય છે.

જો યાચક શારીરિક દૃષ્ટિએ સશક્ત હોય અને માંદગીમાં મન પણ સમાધિસ્થ રહી શકતું હોય તો તેવા ભિક્ષુને નિર્દોષ આપવાથી પણ દાતાને એકાન્ત પાપકર્મનો બંધ થાય છે પણ જો યાચક અશક્ત હોય; વસ્તુ પ્રાપ્ત ન થવાના કારણે માનસિક સ્વસ્થતાને પણ તે ગુમાવતો હોય તો તેને દોષિત વસ્તુ પણ આપનાર ગૃહસ્થ વિપુલનિર્જરા કરે છે. આ વિષયમાં યાચકની ચિત્ત સમાધિનો અવસર જ પ્રધાન બાબત બને છે.

પ્રશ્ન :—આમ જુદી જુદી ચાર રીતે તમે દાતાના દાનના બતાવ્યા પણ તેમાં સમજવું શું? એક જ મુખ્ય વસ્તુ અમને જણાવો કે જેની ઉપર દાતાના દાનના ફળનું સારા-નરસાપણું અવલંબતું હોય.

ઉત્તર :—તે છે; દાતાના ચિત્તનો પરિણામ. જ્યાં ભિક્ષુને દાન દેવા પહેલાં કે દાન દીધા પછી 'નિયાણુ પશ્ચાત્તાપ, દેખા-દેખી, ઇર્ષ્યા વગેરે કોઇ પણ પ્રકારના ચિત્તના મળ ભેગા થતાં ન હોય તે દાન વિશિષ્ટ સ્વર્ગ-અનાસક્તિ ભાવપૂર્વક સ્વર્ગીય સુખો અને મોક્ષના ફળ આપી શકે છે. આનાથી વિપરીત પ્રકા-

રના માનસિક પરિણામોથી ખરડાએલું દાન અશુભ સંસારની પરંપરાનું ફળ દે છે.

કોઇ પણ કાર્ય પ્રત્યે બે પ્રકારના કારણો હોય છે: બહિરઙ્ગ અને અન્તરઙ્ગ.

ઘટકાર્યના બહિરંગ કારણો કુંભાર, ચક્ર વગેરે છે. જ્યારે અન્તરંગ કારણ માટી છે.

આત્માના કાર્યમાં બહિરંગ કારણ અનેક છે. અંતરંગ કારણ આત્માના શુભાશુભ પરિણામો છે.

સમસ્ત દ્વાદશાંગીનું આ સારભૂત રહસ્ય છે કે નિશ્ચયનયની દૃષ્ટિએ આત્માનો પરિણામ એ જ પ્રમાણભૂત વસ્તુ છે.

પરિણામ શુભ હોય તો અશુભ બહિરંગ સાધનોથી પણ દુર્ગતિ ન થાય, અને પરિણામ જો અશુભ હોય તો લાખો બહિરંગ શુભ કારણોથી પણ મુક્તિ ન થાય.

પ્રશ્ન :—વ્યવહારસૂત્રાદિમાં શિથિલાચારી બનેલા સિદ્ધપુત્ર અને સારુપિક વગેરેના જે વર્ણન આવે છે એ વાંચતા પ્રશ્ન થાય છે કે આ ભિક્ષાચરોની ભિક્ષા કયા પ્રકારની ગણવી? સર્વસંપત્કરી તો ગણી ન શકાય કેમકે તેઓ યતિ નથી. પૌરુષઘ્ની પણ ન કહેવાય કેમકે તે તો પ્રવ્રજિત થયેલા છતાં પ્રવ્રજ્યાવિરોધી વર્તાવ કરનારાઓને હોય છે. સિદ્ધપુત્રાદિ તો પ્રવ્રજિત જ નથી. ઉત્પ્રવ્રજિત છે પછી પ્રવ્રજ્યા વિરોધી વર્ત્તાવની સંભાવના જ ક્યાં રહી?

વૃત્તિભિક્ષા પણ ન કહેવાય કેમકે તેઓ સશક્ત હોવાથી બીજી રીતે પણ પોતાની આજીવિકા ચલાવી શકે તેવા છે?

ઉ :—આવા ભિક્ષાચરોની ભિક્ષા વૃત્તિભિક્ષામાં ગણી શકાય એમ લાગે છે; કેમકે આ લોકો નિર્ધન હોવાથી બીજી ક્રિયા દ્વારા આજીવિકા ચલાવી શકે તેવા હોતા નથી. વળી ઉત્પ્રવ્રજિત થયેલા

સાંસારિક દક્ષતાઓથી શૂન્ય હોવાને કારણે બીજી રીતે આજીવિકા મેળવવાની આવડત વિનાના હોય છે.

અથવા તો આ લોકોની ભિક્ષાને પૌરુષઘ્ની પણ કહી શકાય. પ્રવ્રજિતને જ પૌરુષઘ્ની ભિક્ષા સંભવે એવું કાંઈ નથી. બીજી રીતે આજીવિકા ચલાવવાને સમર્થ આત્મા બીજા પણ અસુંદર કાર્યો કરતો હોય તો તેની ભિક્ષા પૌરુષઘ્ની કહી શકાય; કેમકે અન્ય અસુંદર કાર્યો પણ આત્માના ધર્માદિ પુરૂષાર્થને હણે જ છે.

અથવા તો સર્વસંપત્કરી ભિક્ષાના અંશ જેવી પણ એમની ભિક્ષા ગણી શકાય. પણ આ વિધાન તે જ સિદ્ધપુત્રાદિકને લાગુ પાડી શકાય જે સિદ્ધપુત્રાદિ અત્યન્ત પાપભીરૂ હોય, મોક્ષના તીવ્ર અભિલાષવાળા હોય અને સુંદર ચારિત્ર્યપાલનના જ જે તીવ્રરાગી હોય.

આ તો વિચારમાત્ર છે. એમને ખરેખર કયી ભિક્ષા ઘટી શકે તે તો કેવલિ ભગવંતો જ જાણે. [૮]

# સર્વસમ્પત્કરી ભિક્ષા

[૬]

अकृतोऽकारितश्चान्यैरसंकल्पित एव च ।
यतेः पिण्डः समाख्यातो विशुद्धः शुद्धिकारकः ॥१॥

યતિના જીવનની શુદ્ધ કરનારો તે જ પિણ્ડ વિશુદ્ધ કહ્યો છે જે, પોતે કર્યો નહિ કરાવ્યો નહિ અને જે ભિક્ષુને દેવાના સંકલ્પ સાથે ગૃહસ્થ વડે બનાવાયો ન હોય.

यो न सङ्कल्पितः पूर्वं देयबुद्ध्या कथं नु तम् ।
ददाति कश्चिदेवं च स विशुद्धो वृथोदितम् ॥२॥

પ્રશ્ન—રે ! બીજાને દેવાની બુદ્ધિના સંકલ્પવાળો જે પિણ્ડ જ ન હોય તેને કોઈ પણ માણસ આપે જ શું કરવા ? પછી તે પિણ્ડ વિશુદ્ધ છે એવી વાત કરવી જ નકામી છે.

न चैवं सद्गृहस्थानां भिक्षा ग्राह्या गृहेषु यत् ।
स्वपरार्थं तु ते यत्नं कुर्वते नान्यथा क्वचित् ॥३॥

આવો તો ભોજન પિણ્ડ યતિને કયાં ય મળશે જ નહિ કેમકે સદ્‌ગૃહસ્થો સ્વ-પર ઉભયના સંકલ્પથી જ સદા ભોજન બનાવે છે. તો પછી હવે કોઈના ઘરોમાં ભિક્ષા લેવાશે જ નહિ ને ?

संकल्पनं विशेषेण यत्रासौ दुष्ट इत्यपि ।
परिहारो न सम्यक् स्याद्यावदर्थिकवादिनः ॥४॥

કદાચ એવું સમાધાન કરવામાં આવે કે જૈનયતિના સંકલ્પથી જે પિણ્ડ બનાવવામાં આવ્યો હોય તે જ દુષ્ટ છે બીજા નહિ....તો તે પરિહાર બરોબર નથી કેમકે જૈન યતિઓ તો કોઇ પણ ધર્મના ભિક્ષુના સંકલ્પથી કરાએલા પિણ્ડને ત્યાજય જ માને છે.

विषयो वाऽस्य वक्तव्यः पुण्यार्थं प्रकृतस्य च ।
असम्भवाभिधानात् स्यादाप्तस्यानाप्नताऽन्यथा ॥५॥

એટલે યાવદર્થિકમાં કોણ આવે તે તમારે સ્પષ્ટ કરવું જોઈએ. અને તેની સાથે સાથે પુણ્ય માટે બનાવેલા અશન-પાન

આદિનો વિષય પણ જણાવવો જોઈએ. જો તેમ નહિ કરો તો કોઈ પણ ભિક્ષાનો અસંભવ થઈ જશે. આમ–અસંભવિત ભિક્ષાનું પ્રતિપાદન કરનારા તમારા તીર્થંકરદેવોની આપ્તતા નષ્ટ થશે અને અનાપ્તતા આવશે.

विभिन्नं देयमाश्रित्य स्वभोग्याद्यत्र वस्तुनि ।
सङ्कल्पनं क्रियाकाले तद्दुष्टं विषयोऽनयोः ॥६॥

ગૃહસ્થને પોતાને જેટલું ભોજન જરૂરી છે તેથી અધિક ભોજન સાધુ આદિના સંકલ્પ સાથે તૈયાર કરાય તો તે ભોજન યતિ માટે દુષ્ટ ગણાય. દાન અને પુણ્યાર્જનનો આ જ વિષય છે.

स्वोचिते तु यदारम्भे तथा सङ्कल्पनं क्वचित् ।
न दुष्टं शुभभावत्वात् तच्छुद्धापरयोगवत् ॥७॥

પણ પોતાના માટે જ જે ભોજન બનાવવામાં આવે તેમાંથી જ દાનાદિનો લાભ લેવાનો સંકલ્પ કરાય તો તે દુષ્ટ નથી કેમકે સદ્‌ગૃહસ્થોનો તે શુભભાવ માત્ર છે. જેમ નિરવદ્ય મુનિવંદનાદિથી પિણ્ડ દુષિત થઈ જતો નથી તેમ પ્રસ્તુતમાં પણ સમજવું.

दृष्टोऽसङ्कल्पितस्यापि लाभ एवमसम्भवः ।
नोक्त इत्याप्ततासिद्धिर्यतिधर्मोऽतिदुष्करः ॥८॥

વળી સૂતકાદિના ભિક્ષાના અકાળે તો ગૃહસ્થો જે પિણ્ડ તૈયાર કરે છે તેમાં તો ભિક્ષુદાનાદિનો લેશ પણ સંકલ્પ હોતો નથી. તેવા પિણ્ડનો અવસરે લાભ થાય છે માટે આવા પિણ્ડનો અસંભવ ન હોવાના કારણે આપ્તમાં અનાપ્તતાની આપત્તિ આવતી નથી. બેશક, આવો નિર્દોષ પિણ્ડ દુષ્પ્રાપ્ય છે પણ બીજો કોઈ ઉપાય નથી, કેમકે યતિધર્મ જ ખૂબ દુષ્કર છે.

## વિવેચના :

**આહારશુદ્ધિમાં જ** મુનિના સમગ્ર જીવનની આધારશિલા એની
**જીવનશુદ્ધિ** આહારશુદ્ધિ છે. જૈનદર્શનના સાધનામાર્ગનું આ અસાધારણ બળ ધરાવતું અત્યન્ત પ્રાણવાન્ આ સૂત્ર–વાકય સમજી લો.

સોઽહંના જપ જપતા રહો, દૂધ અને ઘી અને મીઠાઇના સ્નિગ્ધ ભોજન ઉડાવતા રહો....તો ય મુકિતપદ અવશ્ય પામશો.” એ વિધાન આ દર્શનમાં અત્યન્ત ઉપહાસપાત્ર બની રહે છે.

સર્વજ્ઞભગવંતોએ લોકાલોકવ્યાપી જ્ઞાનના પ્રકાશમાં આત્માના વિશુદ્ધીકરણનો જે માર્ગ જોયો તે માર્ગે આહારશુદ્ધિની આવશ્યકતા–ન ટાળી શકાય એટલી–મહત્ત્વની જોઇ.

દેહ શુદ્ધ થાય છે શુદ્ધ પાણીથી; આત્મા શુદ્ધ થાય છે. શુદ્ધ આહારથી.

જેવો આહાર તેવું સાત ધાતુનું શરીર, જેવું શરીર તેવું મન, જેવું મન તેવું જીવન, જેવું જીવન તેવું પરલોકગમન, જેવું પરલોકગમન તેવો મુકિતનિશ્ચય. આ રીતે મુકિતના પરમપદની પ્રાપ્તિમાં આહારની શુદ્ધિને અન્યન્ત દૂરનો છતાં અતિશય ઘનિષ્ટ સંબંધ છે.

અનાદિકાળથી જીવાત્માએ દેહને પોષવા માટે આહાર કર્યો હોય એ લગભગ અસંભવિત બન્યું છે. રસનાની લાલસાએ જ તેને આહાર કરવા પ્રેર્યો છે. આ જ બાબત બહુ આત્મઘાતક પૂરવાર થઈ છે. કેવળ દેહના પોષણ માટેનો આહાર જે નુકશાન સર્જતો નથી એ નુકશાન રસનાના પોષણ માટે કરાતો આહાર કરે છે.

આથી જ શાસ્ત્રકારભગવંતોએ પાંચે ય ઇન્દ્રિયોમાં રસનેન્દ્રિયને અત્યન્ત ભયંકર કહી છે.

રસનેન્દ્રિયની રસાસક્તિ એ ઘણું વધુ ભયંકર પાપ એટલા માટે બની જાય છે છે કે તે પાપ જનનેન્દ્રિયને બેહદ ઉત્તેજિત કરી મૂકે છે. રસનેન્દ્રિય અને જનનેન્દ્રિય–આ બે ય હાડકાં વિનાની ઈન્દ્રિયો છે. એ બે ય ને ગાઢ સંબંધ છે. અને હાડકાં વિનાની આ બે જ ઇન્દ્રિયોની ઉત્તેજનાએ હાડકાં વિનાના મનને બહેકાવી મારીને જીવાત્માના જીવનોના જીવનો ઉપર આગ લગાડી દીધી છે.

આથી જ જેની રસનેન્દ્રિય બેલગામ બને છે તેનો મોહનીય કર્મનો ક્ષયોપશમ, બ્રહ્મચર્ય અને મનોગુપ્તિ–એ ત્રણેયનો એક-બીજાને પૂરક બનતો ભાવ કડાકા બોલાવતો તૂટી પડે છે.

રસનેન્દ્રિયના કાબૂ વિના મોહનો ક્ષયોપશમ, બ્રહ્મચર્યનું બળ અને મનોગુપ્તિની આરાધના અશક્ય બની જાય છે.

આથી જ એમ કહી શકાય કે સાધકજીવનની સફળતા માટે અત્યન્ત અપરિહાર્ય તત્ત્વ—આહારશુદ્ધિને કોઈ પણ ભોગે જીવનમાં ઉતારી જ દેવું રહ્યું.

જેણે જીવનમાં બધું મેળવ્યું પણ આહાર–શુદ્ધિ ન મેળવી એનું મેળવેલું બધું ય એળે ગયું.

જેને જન્મતાં આવડ્યું પણ જીવનમાં ખાતાં ન આવડ્યું એને માનવ પણ કહેવાતો નથી, સાધુ તો કેમ જ કહેવાય?

આહારની શુદ્ધિ વિના જીવનનું જીવન–સત્ત્વ–શુદ્ધ થતું નથી. સત્ત્વની શુદ્ધિ વિના ચિન્મયપ્રકાશ નિર્મળ તેજકિરણો પ્રસરાવી શકતો નથી.

પ્રકાશ પામવા માટેની ભાવનામાં આગ હશે તો જ આહાર–શુદ્ધિની કઠોર સાધનાના પંથે કદમ માંડી શકાશે.

આહારની શુદ્ધિ એટલે શું? ધોએલો, ઘંટીમાં પીસેલો, માતા કે પત્નીએ બનાવેલો, પ્રેમથી અપાએલો આહાર તે શુદ્ધ

આહાર તરીકે અહીં વિવક્ષિત નથી. અહીં તો શુદ્ધ આહાર તેને જ કહેલો છે જે સર્વસંપત્કરી ભિક્ષાથી યતિને પ્રાપ્ત થએલો છે. પછી તે આહાર ગમે તેવો હોય, કાચો–રાંધેલો હોય, ફ્લોર મીલમાં પીસાએલો હોય, સત્ત્વહીણો હોય, કોઈ દાસીએ કે પાટીદારની સ્ત્રીએ બનાવેલો હોય, રે! કદાચ બે નંબરના અનીતિના પૈસાનો આણેલો હોય....તો ય ચાલશે.

ગૃહસ્થનું નીતિ ભોજન જૂદું, યતિનું નીતિભોજન જૂદું.

ન્યાયસંપન્ન સંપત્તિથી પ્રાપ્ત થએલા ભોજનને જ ગૃહસ્થનું નીતિભોજન કહેવાય.

જિનાજ્ઞાના ન્યાયને અબાધિત રાખીને પ્રાપ્ત કરાતા ભોજનને જ યતિનું નીતિભોજન કહેવાય.

ગૃહસ્થને પોતાના નિમિત્તે બનાવવામાં મુખ્યત્વે પાપ ગણાતું નથી, અનીતિની કમાણીના ભોજનમાં પાપ ગણાય છે.

યતિને અનીતિની કમાણીના ભિક્ષા ભોજનમાં પાપ ગણાતું નથી પરન્તુ પોતાના નિમિત્તે બનાવેલા ભોજનમાં પાપ ગણાય છે ભલે પછી તે કદાચ નીતિની કમાણીમાંથી બનેલું ભોજન હોય.

અનીતિની કમાણીનું ભોજન ગૃહસ્થનું મન બગાડે.

દોષિત—જિનાજ્ઞાબાહ્ય—નીતિની કમાણીનું ભોજન પણ —યતિનું મન બગાડે.

ગૃહસ્થ અને યતિ બે યના સ્થાન જૂદા છે માટે બે યની નીતિની વ્યાખ્યાઓ પણ નીરાળી છે.

ગૃહસ્થ પાપમાં નીતિ કરે તો નીતિ પણ પાપ ગણાય છે.

યતિ ધર્મમાં અનીતિ કરે તો અનીતિ પણ ધર્મ ગણાય છે.

કક્ષાભેદથી ધર્મ–અધર્મ બની શકે, અધર્મ ધર્મ બની શકે. અસ્તુ.

ગૃહસ્થના જીવનને તો અહીં આપણે સ્પર્શવું નથી. યતિના એ નીતિભોજનને જ નજરમાં લાવીએ. આ નીતિભોજનની આધારશીલા સર્વસંપત્કરી ભિક્ષાને જ જોઈએ. જે આ ભિક્ષાનું સ્વરૂપ જાણીને એનું જીવન બનાવે છે એનું આપો આપ નીતિ-ભોજન બની જાય છે.

ભોજન ત્રણ રીતે બને છે. વસ્તુ ખરીદવાથી, સચિત્ત વસ્તુને નિર્જીવ કરવા દ્વારા અને સચિત્ત કે અચિત્ત વસ્તુ રાંધવા દ્વારા.

આમાંની કોઈ પણ રીતે જાતે ભોજન બનાવવું, બીજા પાસે બનાવરાવવું કે યતિને આપવા સાથેનાં સંકલ્પવાળું (અનુમોદન વાળું) ભોજન પોતે લેવું.

આમ ૩ પ્રકારના ભોજન ૩ રીતે બનાવી શકાય એટલે તેના નવ ભંગ થાય. આ નવે ય કોટિથી પરિપૂર્ણ રીતે જે ભોજન મુક્ત હોય તે જ ભોજનપિણ્ડ યતિથી લઇ શકાય. આવા જ ભોજન પિણ્ડને યતિનું નીતિ–ભોજન કહેવાય. ભલે પછી તે અનીતિની કમાણીમાંથી ગૃહસ્થે બનાવેલું હોય.

આવા જ ભોજનને શુદ્ધ ભોજન કહેવાય, ભલે પછી તેમાં ડાલડા ઘી અને વનસ્પતિ તેલ વગેરે ભળેલા હોય.

આવા જ ભોજનને સાત્વિક ભોજન કહેવાય, ભલે પછી તે સાવ રૂક્ષભોજન હોય, કે કઠોળનું જ ભોજન હોય.

આવા જ ભોજનને પવિત્ર ભોજન કહેવાય ભલે પછી તે અપવિત્ર સંસારી આત્માઓના હાથે બનાવેલું હોય.

શાસ્ત્રકાર ભગવંતોએ આવા ભોજનથી જીવન નિર્વાહ કરી લેવાની વાત ઉપર ખૂબ ભાર મૂકયો છે.

કહ્યું છે કે જે યતિઓ આવી પિણ્ડની શુદ્ધિ પ્રત્યે બેદરકાર રહે છે, એ ધર્મની ઉપેક્ષા કરે છે. તે યતિઓને કોઈ પણ

જાતનો સંશય રાખ્યા વિના બેધડક રીતે 'અયતિ' સમજી લેવા. ભલે પછી તે ગમે તેવા જ્ઞાનસમૃદ્ધ, તપસમૃદ્ધ કે શાસન પ્રભાવનાસમૃદ્ધ હોય.

જ્યાં પિણ્ડશુદ્ધિની જીવનસમૃદ્ધિ નથી ત્યાં જે કોઈ બીજી સમૃદ્ધિ જીવે છે તે એના સ્વામી આત્માને મારવા માટે જ જીવતી હોય છે એવી સમૃદ્ધિ જીવે એના કરતાં ન જન્મે અથવા મરી પરવારે તેમાં જ એ આત્માનું વધુ હિત ગણાય.

જ્ઞાનાદિસમૃદ્ધ આત્મા તો જીવનસમૃદ્ધ ન હોય. તો એનો સઘળો ય સંસારત્યાગ એ નકામો બની જાય છે. એવા ત્યાગીઓ તો નથી સંસારના રહેતા કે નથી સંયમધર્મના રહેતા. ત્રિશંકુ જેવી દશા ભોગવતા એમના જેવા દયાપાત્ર જગત્માં બીજા કોઇ નહિ હોય.

દીક્ષાધર્મના જીવન વિનાના હૃષ્ટપુષ્ટ દેખાતા કલેવરોને તો મડદાં જ કહેવાય ને! નામ-કામના આસુરી બળના પ્રવેશ સાથે જગત્માં દોડતાં એ મડદાંઓની ભયાનકતાને જરા તો નજરમાં લાવો! મુખ ઉપર ઊભરાઈ ગએલી એમની દીનતાને તમારી આંખો તો આપો! ફફડી ઊઠશે અંતર કરુણાથી....ત્રાસી ઊઠશે જીગર એ જીવનના દર્શનથી, દ્રવી ઊઠશે દિલ એ પ્રાણવિહોણા દેહના દેખાવથી, હચમચી ઊઠશે બુદ્ધિનું કેન્દ્ર મગજ—માનવતા-વિહોણા એ કલેવરની દુર્ગંધિથી.

મહત્ત્વ તો પ્રાણનું છે, કલેવરનું નહિ. પ્રાધાન્ય માલનું છે, બારદાનનું નહિ. મુખ્યતા નિરોગિતાની છે, ચરબી (ફેટ) ની નહિ. વંદના અકલંક નિઃસ્પૃહિતાને છે, કલંકિની દીનતાને નહિ.

યતિના આહારમાં જ ઉક્ત નવકોટિ શુદ્ધ જોઈશે એમ ન સમજતા. એનું રહેવાનું સ્થાન અને એના ઉપકરણો પણ નવકોટિ દોષ મુક્ત હોવા જોઈએ.

બેશક, સાધના માટે વધુમાં વધુ મહત્ત્વ આહારશુદ્ધિનું છે પરન્તુ તેની સાથે સ્થાન અને ઉપકરણ પણ એ પાપદોષોથી મુક્ત જ હોવા જોઈએ. સાંભળવા મુજબ આચાર્ય ભગવંત હીરસૂરીશ્વરજી મહારાજાની અનુકૂળતાની દૃષ્ટિએ શ્રાવકોએ ખાસ તૈયાર કરાવેલા બોગલામાં તેઓ કદી બેસતા ન હતા.

ષટ્કાયજીવોની મનસા; વાચા, કર્મણા કોઈ હિંસા ન થઈ જાય એની સતત કાળજી રાખતા યતિ માટે ભિક્ષા, વસતિ અને ઉપકરણોના ઉપભોગમાં કોઈ હિંસા તો જ અશક્ય બની જાય; જો ઉપરોક્ત નવકોટિ દોષથી મુક્ત એ ભિક્ષાદિ બને.

સર્વજ્ઞ ભગવંતો એટલે સ્વાભાવિક કરુણાનો સાગર....
એમનો ભક્તગણ એટલે કરુણાના નાનાં મોટાં જીવતાં સરોવરો....

સહુના અંતરમાં તો હેલે ચડ્યો જ હોય કરુણાનો સાગર. ભિક્ષાદિ સર્વ બાબતોમાં નવકોટિ દોષમુક્ત જીવન વિના એ જીવી શકે જ નહિ. જાતને કચડીને ય જગતના જીવોને સ્વનિમિત્તક સકળ દુઃખોથી એ મુક્ત રાખીને જ સુખ-ચેનથી રહી શકે. એ વિનાના સુખી જીવનની કલ્પના પણ એ હસી નાખતો હોય. ઉક્ત વિશુદ્ધિવાળા પિણ્ડ ઉપર જીવન જીવનારની સાત ધાતુઓ શાન્ત થવા સ્વરૂપ શુદ્ધિને પામે જ; મન નિર્મળ થવારૂપ શુદ્ધિ પામે અને જીવન તો અત્યુજ્જ્વલ પંથના સફળ પ્રયાણ સ્વરૂપ શુદ્ધિ પામે.

જો વિશુદ્ધિનો અર્થી યતિ છે તો વિશુદ્ધિના આ પંથે ચાલવું જ રહ્યું.

કર્મોના અનંત જાળાં ભેદવાની ભાવના માત્રથી એ ભેદાતાં નથી. કર્મોના ગહન શાસ્ત્રો ભણવા માત્રથી ય એ ભેદાતાં નથી. બેશક એમાં એ નિમિત્તો જરૂર છે પરન્તુ એ જાળાંઓને ભેદી

નાંખવાની આગ અંતરમાં જાગે, અને એ આગ સદા જલતી જ રહે તો પેલા નિમિત્તો કામ કરે નહિ તો વાંઝિયાં જ મરે. [૧]

**નિર્દોષ ભિક્ષાપિણ્ડ ઉપર વિચારણા :** આપણે જોયું કે યતિ માટેનો પિણ્ડ તે જ વિશુદ્ધ કહેવાય કે જે યતિ માટેના સંકલ્પથી પણ ગૃહસ્થે ન બનાવ્યો હોય. આ વિધાન સામે એક મુદ્દો ઊઠાવી શકાય છે કે આવું તો બનવું જ અસંભવિત લાગે છે. યતિ માટે કોઇ ચીજ બનાવી જ ન હોય તો ગૃહસ્થો યતિને કશું ય આપી શકશે જ નહિ. જેને આપવાનો સંકલ્પ જ ન કર્યો હોય તો પછી તેને આપવાનું શક્ય જ રહેતું નથી.

તો પછી, 'અસંકલ્પિત પિંડ જ યતિ માટે શુદ્ધ ગણાય' એમ કહેવાનો કોઈ અર્થ જ રહેતો નથી.

એટલું જ નહિ પરન્તુ સદ્‌ગૃહસ્થોને ત્યાં ભિક્ષા લેવા પણ નહિ જઇ શકાય. કેમકે સદ્‌ગૃહસ્થો કદી પણ માત્ર પોતાના માટે ભોજન બનાવતા હોતા જ નથી. પોતાના સંકલ્પ સાથે ભિક્ષાર્થીઓનો સંકલ્પ પણ તેમના મનમાં હોય જ છે. ઘરના માણસો માટે ચાર મુઠ્ઠી ચોખા નાંખતી ઘરની સ્ત્રી ભિક્ષાર્થીઓના લાભ કે પુણ્યાર્જનનો વિચાર કર્યા વિના રહી શકતી જ નથી. જો આટલું ય તે ન વિચારે તો તે ગૃહિણીને આર્યદેશની સન્નારી જ ન કહેવાય.

**યાવદર્થિક :** કદાચ વળી કોઈ એવું સમાધાન કરવા જાય કે તમામ જૈન શ્વેતામ્બર સાધુના જ સંકલ્પથી તૈયાર થએલો ભોજન પિણ્ડ ન લેવાય....એટલે આવા સંકલ્પ વિનાનો પિણ્ડ તો મળી શકે છે....તો આ સમાધાન પણ બરોબર નથી. કેમકે જૈન સાધુના માટે જ કરેલો પિણ્ડ જેમ અશુદ્ધ—દોષપાત્ર—ગણાય છે તેમ તેમના મતે કોઇ પણ ધર્મના અર્થી માટે કરેલો પિણ્ડ પણ જૈન સાધુ માટે અશુદ્ધ ગણાય છે. હા, દોષમાં ભલે તારતમ્ય

રહેતું હોય પણ બીજા અર્થિકો માટે કરેલો પિણ્ડ પણ દોષ-વાળો તો શાસ્ત્રમતે ગણાય જ છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે બધા ય ધર્મના અર્થિઓના લાભનો સંકલ્પ કરીને જે પિણ્ડ બનાવવામાં આવ્યો હોય તેના ઉપભોગમાં ઉદ્દેશ દોષ, પાખંડી સાધુ માટેના પિણ્ડોપભોગમાં સમુદ્દેશ-દોષ, બૌદ્ધ સાધુ માટેના પિણ્ડનો ઉપભોગ કરવામાં આદેશ દોષ અને જૈન સાધુ માટેના પિણ્ડનો ઉપભોગ કરવામાં સમાદેશ દોષ લાગે છે. આ દોષો ઉત્તરોત્તર વધુ ભયંકર બનતા જાય છે.

આમ પણ બધાયના સંકલ્પવાળા પિણ્ડના ઉપભોગમાં ય દોષ લાગે છે જ. અને સદ્ગૃહસ્થોને ત્યાં જે ભોજન તૈયાર થતું હોય છે તેમાં બધાય અર્થીઓનો સંકલ્પ તો રહે જ એટલે સાવ જ દોષ મુક્ત પિણ્ડ તો કયાં ય મળી શકે તેમ નથી.

શ્રીદશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે જો યતિને એ વાતની જાણ થઈ જાય કે અમુક પિંડ સદ્ગૃહસ્થે અર્થીઓના દાન માટે બનાવેલો છે તો તે પિંડ આપતા એ ગૃહસ્થને યતિએ કહી દેવું કે નિર્ગ્રન્થ યતિઓથી આ પિણ્ડ લઇ શકાય નહિ. [૪]

હવે જો આ રીતે કોઇ પણ અર્થી માટે બનાવેલો પિંડ પણ યતિને માટે અકલ્પ્ય બની જતો હોય તો તો ભારે મુશીબત ઊભી થશે. કેમકે કોઇ પણ અર્થી માટે તો સદ્ગૃહસ્થો પિણ્ડ બનાવવાના જ છે. હા, જૈનયતિ માટે નહિ બનાવે તો પોતાને માન્ય બ્રાહ્મણાદિ યતિ માટે તો તે બ્રાહ્મણાદિ સદ્ગૃહસ્થો પિણ્ડ બનાવવાના જ. અને તે પિણ્ડ પણ જો જૈનયતિને માટે ત્યાજ્ય બની જતો હોય તો આ વિધાન ખૂબ જ અસંગત લાગે છે. એટલે કાં તો યાવદર્થિકપિંડનો પરિહાર કરી દેવાની વાતને અસમ્યક્ કહી દેવી જોઈએ કાં તો પછી એ યાવદર્થિકપિંડ કોના માટે ગ્રાહ્ય છે તે કહેવું જોઇએ.

વળી કેટલાક સદ્‌ગૃહસ્થો બધા સંસારત્યાગીઓનો સંકલ્પ ન કરતાં, પિણ્ડ બનાવતી વખતે, "પુણ્ય પ્રાપ્ત કરવા માટે આમાં થોડું વધારે બનાવું છું," એવો પણ સંકલ્પ કરે છે. તમે તો પોતાના પુણ્ય માટે સદ્‌ગૃહસ્થે બનાવેલા પિંડનો પણ પરિહાર કરો છો તો તે પુણ્ય માટે બનાવેલા પિંડનો વિષય પણ કહો.

જો કોઇ જ વિષય નહિ કહો તો આપ્ત એવા વીતરાગ સર્વજ્ઞોમાં અનાપ્તતાનો આરોપ આવશે કેમકે એમણે યતિઓ માટે જે પિંડ લેવાનું કહ્યું તે તદ્દન અસંભવિત પિણ્ડ-ગ્રહણનું વિધાન કર્યું. સદ્‌ગૃહસ્થો કાં તો તમામ અર્થીઓના દાનના સંકલ્પથી કાં તો પુણ્યાર્જન કરવાના સંકલ્પથી પિણ્ડ બનાવતા હોય છે. આ બે ય સંકલ્પવાળો પિંડ જો ત્યાજ્ય હોય તો બે ય સંકલ્પ વિનાના પિણ્ડની પ્રાપ્તિ જ અસંભવિત બની જાય છે [૫]

ઉત્તર : ઘરના માણસો માટે જે પિણ્ડ બનાવાય તે પિણ્ડમાંથી અર્થીને દાન દેવાનો કે પુણ્ય પ્રાપ્ત કરવાનો સંકલ્પ હોય તો તેમાં કશો વાંધો નથી પરન્તુ ઘરના માણસોને જેટલું ભોજન જરૂરી છે તેથી વધુ ભોજન–યતિઓના દાનાદિ હેતુથી બનાવે તો તે ભોજનપિણ્ડનો પરિહાર કરવો જોઇએ.

ધારો કે ઘરમાં દસ માણસો છે. દસ માણસોને દસ મુઠ્ઠી ભાતની જરૂર છે. ગૃહિણી દસ મુઠ્ઠી જ ચોખા લઇને ઓસાવવા મૂકે છે અને તે વખતે તથા એ તૈયાર થયેલા ભાત ઉતારતી વખતે એવો સંકલ્પ કરે છે કે ઘરના માણસોને ચાલે એટલા મેં ભાત રાંધ્યા છે. જો કોઇ અર્થી આવશે તો જરૂર તેને આપીશ અથવા તો મારા પુણ્ય માટે હું આપીશ.

આવા સંકલ્પ સાથે બનેલો–ઘરના ગૃહસ્થો પૂરતો જ જે પિણ્ડ હોય તે દુષ્ટ ગણાતો નથી પરન્તુ દસ મુઠ્ઠી ચોખાની જરૂર હોવા છતાં અર્થીઓને નજરમાં રાખીને અથવા તો પુણ્યાર્જનને

નજરમાં રાખીને તે ગૃહિણી તેમાં બીજી બે મુઠ્ઠી ચોખા વધારે નાંખીને રાંધે અને તે જ ભાવ સાથે તે ભાત ઉતારે તો તે ઓદનપિણ્ડ યતિને માટે ત્યાજ્ય બની જાય છે.

જે સદ્ગૃહસ્થની સદ્ગૃહિણી હોય છે એનાં મનમાં પાક કરતી વખતે અને પાક ઉતારતી વખતે એટલો સંકલ્પ તો હોય જ કે અમારા માટે બનાવેલા આ ભોજનમાંથી અમને દાનાદિનો લાભ મળે.

પરન્તુ એટલા શુભ સંકલ્પ માત્રથી પિણ્ડને દુષણ લાગી ન જાય.

જેમ કે ભિક્ષાર્થે આવેલા મુનિને ગૃહિણી નમસ્કારાદિ કરે છે તો તે નમસ્કારાદિ કાયિક વ્યાપારથી કાંઇ ભોજનપિણ્ડને દુષણ નથી લાગી જતું તેવી જ રીતે ઉપરોકત માનસિક અધ્યવસાય માત્રથી પિણ્ડને દુષણ લાગી જાય નહિ.

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં મહોપાધ્યાયજી મહારાજે આધાકર્મી બનતાં પિણ્ડનું સ્વરૂપવર્ણન કરતાં આરંભકાલ અને નિષ્ઠાકાલની ચતુર્ભંગી સમજાવતાં સારરૂપે કહ્યું છે કે જે પિણ્ડ તૈયાર થવાના સમયે સાધુના લાભના સંકલ્પથી યુક્ત હોય તે જ પિણ્ડ આધાકર્મી બને.

સાધુ માટે જ એક વસ્તુને સગડી ઉપર મૂકી પણ પછી સાધુને તેનો ખપ ન રહેતાં તેનો ઉપયોગ કરવાની ના કહી દીધી. ગૃહસ્થના મનમાંથી હવે સાધુનો સંકલ્પ દૂર થઇ ગયો. આ બાજુ વસ્તુ તૈયાર થઈ ગઈ અને નીચે ઉતરવામાં આવી. આ વસ્તુ આધાકર્મી ન કહેવાય.

સાધુ માટે ઉકાળવા મૂકેલું પાણી સાધુ વિહાર કરી જતાં ઘરકામ માટે વાપરવાના સંકલ્પ સાથે નીચે ઉતાર્યું હોય તો તે આધાકર્મી ન રહે એ જ વખતે બીજા સાધુ આવી ચડે તો તે નિર્દોષ જળ વહોરી શકે.

અને મહેમાન માટે રાંધવા મૂકેલી વસ્તુ ઉપાશ્રયમાં સાધુઓના આવી ચડતાં, ગૃહિણી વિચારે કે આ વસ્તુ તૈયાર થતાં સાધુને જ હવે વહોરાવીશ.... અને પછી સગડી ઉપરથી નીચે ઉતારે તો તે વસ્તુ આધાકર્મી જ થઈ જાય.

ટૂંકમાં વસ્તુના પાકના આરંભકાળે ગમે તે સંકલ્પ હોય તેની સાથે આધાકર્મિતાનો મુખ્ય સંબંધ નથી પરન્તુ પાકના નિષ્ઠાકાળે જે સંકલ્પ હોય તેની સાથે જ આધાકર્મિતાને સંબંધ છે.

નિષ્ઠાકાળે સાધુના સંકલ્પ સાથે ઉતરેલી એક વાર આધાકર્મી બની ચૂકેલી વસ્તુ કદી પણ નિર્દોષ થતી નથી, હજાર ઘરે ફરે તો ય નિર્દોષ થતી નથી. પછી ચાહે તેટલા સંકલ્પો ફરી જાય.

સાધુ માટે તૈયાર કરાતાં ખેતરના અનાજ લણવાના સમયે જો કોઈ કારણસર સાધુના લાભનો સંકલ્પ દૂર થઈ જાય તો તે અનાજની રસોઈ આધાકર્મી ન ગણાય.

બીજી એ વાત પણ ખ્યાલમાં રાખવી કે વસ્તુના અનેક અંગોમાં જે અંગનો સાધુ–લાભ લેવાનો સંકલ્પ હોય તે અંગ જ આધાકર્મી બને, તે સિવાયનાં બીજા અંગો સાધુ માટે આધાકર્મી બનતા નથી.

ધારો કે કોઇ ગૃહસ્થે સમારેલી કેરીના દાન દ્વારા સાધુઓને સદા લાભ લેવાની ઇચ્છાથી જમીનમાં ગોટલી વાવી તેનું ઝાડ થયું. પુષ્કળ કેરીઓથી આંબો લચી પડયો. હવે આ આંબાની કેરીઓ જ આધાકર્મી ગણાય પરન્તુ આ આંબાની છાયા આધાકર્મી ગણાય નહિ. વિહાર કરતો કોઈ સાધુ તે છાયામાં બેસે તો તેને આધાકર્મી ભોગનો દોષ લાગે નહિ. [૭]

આમ હવે એ નિશ્ચિત થઇ ગયું કે યતિના લાભાદિનો ખાસ જુદો સંકલ્પ ન હોય તેવું જે ભોજન પ્રાપ્ત થઈ શકે છે તે દોષરહિત હોય છે.

વળી કેટલીકવાર તો યત્યાદિના લેશ પણ સંકલ્પ વિનાનું ભોજન પણ પ્રાપ્ત થઈ શકે છે. સૂતકના સમયમાં કે જંગલોમાં પસાર થતાં ગૃહસ્થો જે ભોજન બનાવતા હોય છે અથવા તો રાત્રિના સમયે જે સૂકું-પાકું બનાવે છે તેમાં તો તે સદ્ગૃહસ્થોને એટલો ય સંકલ્પ હોતો નથી કે, ' અમારા માટે બનાવાતાં આ ભોજનમાંથી અમને ભિક્ષાર્થીઓનો લાભ મળી જાય તો ઘણું સુંદર. " કેમકે આ બધા ય ભિક્ષાના કાળ જ નથી. આવી રીતે સંકલ્પશૂન્ય અવસ્થામાં કરાએલા ભોજનો પછી કયારેક અવસર આવતાં ભિક્ષુઓને અપાય તો તે તદ્દન નિર્દુષ્ટ ભોજન ગણાય.

આમ હવે જ્યારે ખાસ સંકલ્પમાં અભાવવાળો અને સંકલ્પના સંપૂર્ણ અભાવવાળો પણ ભોજન-પિણ્ડ મળી શકે છે એટલે હવે એના અસંભવની વાત રજૂ કરીને આપ્ત ભગવંતોની જે અનાપ્તતા કહી હતી તે દૂર થઇ જાય છે.

**મોક્ષમાર્ગની કઠોર સાધના** પ્રશ્ન:- ભલે કદાચ આ રીતે અસંકલ્પિત પિણ્ડની શકયતા ઉપસ્થિત કરીને તમે આપ્તમાં અનાપ્તતાનો પરિહાર કરી શકયા પરન્તુ આવી જાતનો અસંકલ્પિત પિંડ પ્રાપ્ત થવાનું કાર્ય તો અતિશય મુશ્કેલ છે એટલે આટલી બધી કઠોર સાધનાને કહેનારા પુરુષોને આપ્ત કેમ કહી શકાય ? આપ્ત પુરુષોની આપ્તતા તો તે છે જે મુમુક્ષુઓને મોક્ષ માટેનો સરળ રસ્તો બતાડી આપતા હોય.

ઉત્તર- રે ! મોક્ષમાર્ગસ્વરૂપ યતિધર્મ જ અત્યન્ત દુષ્કર છે માટે તો શાસ્ત્રમાં તરવારની ધાર ઉપર ચાલવા કરતાં કે લોહચણ ચાવી જવા કરતાં ય તેને અતિદુષ્કર કહ્યો છે. આથી જ તો પંચવસ્તુક ગ્રંથમાં ભગવાન્ હરિભદ્રસૂરિજીએ એક સ્થાને કહ્યું છે કે પંચમારકમાં સાધુવેશ સ્વીકારનારા કેટલાક મિથ્યાત્વવાસિત હોય છે !

મોક્ષપદની પ્રાપ્તિ જરા ય સરળ નથી. એની પ્રાપ્તિ માટે

આપ્તોને જે ઉપાય જણાયો તે તેમણે જણાવ્યો. બેશક. તે અતીવ દુષ્કર છે; પરન્તુ તેના સિવાય બીજો કોઈ પણ સરળ મોક્ષમાર્ગ છે જ નહિ તો શી રીતે તેઓ બતાડે ?

રોટલી ન પચે અને શરીરમાં લોહી ન થાય તો થૂલું ખાઇને પણ લોહી વધારી શકાય.

મોટર ન મળે તો સાઇકલ ઉપર બેસીને ય ઇષ્ટસ્થાને પહોંચી શકાય.

પેન ન મળે તો પેન્સીલથી પણ બીજાને પત્ર લખી શકાય.

સંસારના તમામ કાર્યોમાં કદાચ અનેક વૈકલ્પિક સાધનો સંભવી શકે છે અને તેથી જ એ સંસારભોગ સુકર લાગે છે.

મોક્ષનું એક અદ્વિતીય કારણ છે; યતિધર્મનું કઠોરતમ પરિપાલન. બીજો કોઇ વૈકલ્પિક પસંદગીનો વિચાર પણ અહીં અસંભવિત નથી. બેશક, અનેક ધર્મો મોક્ષના જુદા જુદા માર્ગોનું પ્રતિપાદન કરે છે. લોકલાગણીને જાણીને વધુને વધુ સરળ મોક્ષમાર્ગ દેખાડે છે પણ દેખાડવા માત્રથી શું ?

દૂધ ન પચાવી શકનાર સંગ્રહણીના દર્દીને પાણી પીવાથી લોહી થવાની વાતો કરવાથી શું ?

બુદ્ધે તપધર્મની કઠોરતાથી ત્રાસીને મધ્યમમાર્ગી સરળતા મોક્ષમાર્ગની રજૂ કરી–, અરવિંદ ઘોષે સંગીત અને પ્રકૃતિસૌન્દર્યની લાગણીને વાચા આપીને લોકોને ખેંચ્યા, ક્રિશ્ચ્યાનીટીએ માનવતાના સ્થૂલતમ ધર્મોમાં મોક્ષમાર્ગ જણાવીને કરોડો લોકોને ક્રિશ્ચ્યન બનાવ્યા.... જેને જે ફાવ્યું તે કર્યું. અનેક સંન્યાસીઓએ મત ચલાવ્યા, ૧૦૦–૨૦૦ રૂ. લઇને પાપશુદ્ધિ કરી દેવાનો મોક્ષમાર્ગ બતાડીને અનેક અધ્યાત્મીઓએ આશ્રમો ઊભા કર્યા, જડપુદ્ગલના ત્યાગ તપના વ્યવહારની વાતોની ક્રૂર મશ્કરી ઉડાવવા દ્વારા ભોગરસિક લોકોને આકર્ષી દઇનેસ્તો.

રે! ગંજેરી બાવાઓએ પણ ગાંજો પીતા પીતાં હાથ-વેંતમાં મોક્ષના રસ્તા દેખાડયા તો એમના ય મત ચાલ્યા.

જતિઓએ દોરા–ધાગા કરીને ધનોપાર્જનથી ધર્મ કરવા દ્વારા મોક્ષનો સરળ રાહ બતાડયો.... તો એમના રાહે પણ રાહ-દારીઓ ચાલ્યા.

મહેશ યોગીએ 'ખાના–પીના મગર ધ્યાન કરના... સંગીત સુનના.... મોક્ષ યહીં હૈ! કહ્યું' અને હજારો બિટલ્સોના ભગવાન્ બન્યા.

હવે આવ્યો છે ભગવાન્ સોહમ્‌નો વારો.

'તાવીજ ઘરમાં રાખો.... મોક્ષ પણ ભૂલી જશો એવા સુખ પામશો.... તાવીજના ઉંચા મૂલ્ય સામે નજર ન કરો. સુખી થવાનો એક જ રસ્તો છે તાવીજ....' એનો ય મોક્ષમાર્ગ ચાલ્યો. લાખો લોકોને ત્યાં તાવીજ પધરાઇ ગયા છે.

ખાવત–પીવત જો મોક્ષ માનત, એ સિરદાર બહુ જટમાં.... મહોપાધ્યાયજીનું આ વચન આજે કહેવું કોને?

ખબર નથી પડતી ઘરમાં જ કોણ સ્વજન હશે? કોણ પરજન હશે!

હશે. મતો ઊભા કરવા દ્વારા નામના કમાંઈ લેવાની અને ભકતો ઊભા કરીને કામનાઓ પૂરી કરવાની વૃત્તિઓમાંથી નીપજતાં આ ધર્મોના આકર્ષણોમાં કે એના અનુયાયીની સંખ્યામાં રખે કોઈ મૂંઝાઈ પડે!

કહો સિનેમામાં ઓરચેસ્ટ્રામાં બેસનારા વધારે છે કે ત્રીજા વર્ગમાં! ફર્સ્ટ કલાસના મુસાફરો વધારે કે થર્ડ કલાસના?

ઝવેરીને ત્યાં ગીરદી હોય કે ભજીયા–ભૂસાં વેચનારને ત્યાં!

બસ ત્યારે "જ્યાં સંખ્યા વધારે ત્યાં પોલ વધારે...."

વર્તમાન કળિયુગ માટે તો આ વાક્યથી આખું ય જગત્ જોખી લેજો. પ્રાય વાંધો નહિ આવે; સત્યને પામવામાં.

**ભોગરસિકોએ બગાડેલો તત્ત્વપથ**

જાણવા છે તુફાન; એ જંતર – મંતરની દુનિયાના ? એક બાવાએ તાજી મરેલી બાલિકાનું શબ મેળવ્યું. તન્ત્રવિદ્યા જપીને તે શબને દૂધથી પખાળીને પેટીમાં મૂકી દીધું. એથી કોઈ પ્રેતાત્મા એને વશ થયો. પોતે અવ્યક્ત રીતે તેની સાથે વાતો કરે અને જે આદેશ કરે તે સઘળું ય કરી આપે. જે જેના મૃતાત્માના સ્વરૂપને જોવા માગે તે પેલા પ્રેતાત્મા પાસે પ્રકાશવાળા આકારો કરાવીને બતાડે.... બસ થઈ રહ્યું... ભગવાન્ તરીકે પૂજાઈ ગયો !

આવા તો સેંકડો સાંઈ બાવાઓ આ ભારતવર્ષ ઉપર ઘૂમી રહ્યા છે.

પ્રાણાયામની સિદ્ધિ મેળવીને ૧૦–૨૦ દિવસ ખાડામાં દટાઈને બહાર નીકળીને ભગવાન્ બની જનારાઓનો આજે તોટો નથી.

વર્ષો સુધી અન્ન–જલ વિના જીવન જીવતા હોવાનું કહેનારા સંડાસમાં કાંઈક ખાઈ લેનારી જમાત પણ અવારનવાર છાપામાં ચમકતી રહી છે.

મેસ્મેરીઝમના પ્રયોગોથી લોકોના ચિત્તને હેબતાવી જઈને ઠગી લેતા ભગવાનોનો ય આ લોભી જગત્માં જરા ય તોટો નથી.

ચોરની જાત ! પુષ્કળ ધન દાટી દઈને પકડાઈ જવાની ભીંસમાં આવતાંની સાથે જ રાજાને ત્યાં જોગી-બાવો બનીને જાય અને જ્યારે ને ત્યારે આંખ મીંચીને કહે કે અમુક જગાએ જા, ખોદી નાંખ, ધન મળી જશે... આવા બાવાને રાજ્યાશ્રય મળ્યો અને એકાદ પંડિતને મૂંડી નાંખીને મત ચલાવ્યો. આજે લાખો લોકો એના અનુયાયી બન્યા છે.

મુખ્યત્વે પરદેશો અંધ–અશ્રદ્ધાના જીવલેણ રોગે ઝૂરી મરી

રહ્યા છે જ્યારે ભારતવર્ષ આવી અંધ-શ્રદ્ધાના ઘોર પાપે હોમાઇ રહ્યું છે. મત અને મમત તો આ ભારતનું અવિભાજ્ય અંગ છે.

હજી પણ અનેક ગોરાઓ ભારત એટલે ગાય, ભિખારી અને બાવાઓનો દેશ....એવી માન્યતામાં જ રાચી રહ્યા છે.

મોક્ષ, ભગવાન્ અને પરલોક આ ત્રણ શબ્દો તો અગણિત વર્ષોથી ભારતીયજનોના વારસાગત લોહીમાં ગળાતા ગળાતા આવી રહ્યા છે. બેશક આ ખૂબ જ આનંદની બીના છે. પણ આ તાત્ત્વિક પદાર્થોને રાજકીય વગેરે દૃષ્ટિબિંદુથી જે વળાંક આપી દઈને જે રીતે અત્યન્ત વિકૃત કરી મૂકયા છે એ તો બેહદ ચિંતાજનક બાબત છે.

પાશ્ચિમાત્ય સંસ્કૃતિની વાસનાએ જ આ વિકૃતિને ઊભી કરી છે. કહેવાતા મોટમોટા તિલકોએ પરધર્મની દૃષ્ટિએ ગીતા જેવા આધ્યાત્મિક ગ્રન્થને રાષ્ટ્રીય કર્મકાણ્ડમાં રૂપાન્તરિત કરી નાંખવાનું ભયંકર દુઃસાહસ કર્યું છે. મોટા સ્વામીઓએ એ ધર્મ-સુધારના નામે ધર્મને વધુ સગવડીઓ બનાવીને વિકૃત બનાવ્યો છે

અનેક પ્રાધ્યાપકોએ રામ-રાવણના પાત્રોને કાલ્પનિક ઠરાવ્યા છે. કહેવાતા ઇતિહાસચિંતકોએ વીસ તીર્થંકરોને પણ કાલ્પનિક ઠરાવ્યા છે.

જે જેને ન ગમ્યું તે તેણે અમાન્ય કરીને સહુને અમાન્ય કરવા પ્રેરણા કરી છે.

જે જેને ન ફાવ્યું તે એણે ફગાવીને સહુ પાસે ફગાવવાની પ્રવૃત્તિઓ આરંભી છે.

કઠોર કાયોત્સર્ગને સરળ બનાવવા સંખ્યાઓ ઘટાડવાનો અજબનો કીમીઓ અમલી બનાવાયો છે, સમય દ્વારા ભગવાન્‌ના ભાગ પાડીને સમાધાન કરી લેવાની નિર્માલ્ય વણિગ્વૃત્તિએ ધર્મનો ધ્વંસ કરવાનું સીધું પાપ કર્યું છે. ઝગડામાં ન પડવાની' વાતો

કહીને પોતાને શાન્તિપ્રિય કહેવડાવનારા, છતાં ઘરમાં પત્ની સાથે અને પુત્રો સાથે પૈસા માટે લડતા ઝગડાખોરોએ યુવાનીના ધર્મઝનૂનથી થનગનતા નવલોહીઓઓને ઠંડા પાડી નાંખ્યા છે.

મૂર્ત્તિઓ ચોરાઈ જવા છતાં દૂધપાક–પૂરી ઊડાવતી શ્રીમંતોની આલમે કર્તવ્યભ્રષ્ટતાનું ઘોર પાપ બાંધી સદાના ભીખારી બનવાની આપ-તૈયાર કરી લીધી છે.

કઠોર છે ધર્મ....ફાવતો નથી કોઇને....એનાંજ આ પરિણામ છે.

કેટલાંકોએ સરળ ધર્મોના ફતવા ઊભા કરીને મત ચલાવ્યા...ધર્મરૂપી સિંહ ઉપર બહારથી ગોળીબાર ચલાવ્યો.

કેટલાંકોએ તેમ ન કરતાં ઘરમાં જ રહીને નિર્માલ્ય બની ભોગપ્રિય બનીને ઘર ખોધું....પેલા સિંહના પેટમાં કીડા બનીને સિંહને અંદરથી કોચવા લાગ્યા.

સિંહને મારનારા સહુ મરી રહ્યા છે. સિંહ હજી મર્યો નથી....ક્યારે ય મરવાનો નથી.

ગોળીના બાર થાય....ગોળી વાગે...કાણું ય પાડે...પણ આ તો વનરાજ છે. એનું કાણું રૂઝાતા વાર કેટલી? એને પેનીસીલીનનું ઈંજેકશન લેવું ન પડે....પોતાની સ્વયંભૂ રોહણ શક્તિથી જ એ કાંણું રૂઝાઇ જાય.

અને પેલા કીડાં ય આપોઆપ મરી પરવારવાના.

બિચારી એ જાત તો ચોમાસામાં ઊભરાતાં અળસિયાં જેવી. એને જન્મતા ય વાર નહિ અને આપમેળે મરી જતાં ય વાર નહિ.

અનેક મઠોમાં આજે મારામારી ચાલી રહી છે. એનો અધિપતિ મરી પરવારતાંની સાથે જ એ શરૂ થઈ છે.

અનેક આશ્રમોમાં યાદવાસ્થળી સર્જાઈ છે, ગુરુના નામે જ શિષ્યો લડી ઝગડીને તૂટી રહ્યા છે.

બહારથી કલેશના ઘણના ઘા લાગ્યા છે એ કેટલાક મઠોને અને આશ્રમોને....અંદરથી ભડકે જલી રહી છે આગ....વિષય વાસનાઓની....

કોઈ ઉગારી શકતું નથી એ જલતી પડતી ઈમારતને!....

સો–બસો કે ત્રણસો વર્ષે ત્યાં રહે છે માત્ર રાખ; એ ઇમારતોની....જેમાંથી અવાજ આવી રહ્યો છે...." કોઇ નામકામના લંપટની દુનિયાની આ રાખ છે."

શું મારવા'તા મરી રહેલાને....મોક્ષના સરળ રસ્તાની વાતો કરનારાઓની કારમી દુર્દશાનું ચિત્ર રજૂ કરવાનું તો ખૂબ જ મુશ્કેલ છે. છતાં ટૂંકમાં એટલું જરૂર કહી શકાય કે સ્વચ્છંદ-ચારિતાના પાપમાંથી નીપજેલી મોજમયી દૂધ-ઘી આદિની અનુકૂળ સાધનાએ સરળ ધર્મપ્રણેતાને ગળે ગળચી દાબી છે અને કજીઆ –કંકાસની પાવકજવાળાએ એના અનુયાયી વર્ગને ભરખી લીધો છે.

રોજ સવાર પડે કેટલાક નવા ફતવા જન્મ પામે છે. રોજ સવાર પડે કેટલાંક જૂના ફતવાઓની રાખ ગગનમાં ચોમેર ઊડતી કણકણમાં વેરાઈ જાય છે.

જે પોતે સ્વયંભૂ બળ ધરાવે છે, જે પોતે સત્યનું જ સાક્ષાત્ સ્વરૂપ છે; જે કષ-છેદ અને તાપની અગ્નિપરીક્ષાઓમાંથી પાર ઊતરી ગયો છે એ ધર્મ....પોતાની જ તાકાત ઉપર, પોતાના જ પગે આજે પણ ભયંકર ટાઇફુનોના વાવંટોળ વચ્ચે અડીખમ ઊભો છે. હા....કયારેક કયાંક એની ય 'કાંકરી ખરે છે, કયારેક એનું ય કદ ઘટતું લાગે છે પણ એ તો એને વળગીને રહેલા ધાર્મિકજનોના વિનાશ માત્ર હોય છે. ધર્મની ઉપરનું પડ જ કાળબળે ખરે છે....ધર્મ પોતે કદી ખરતો નથી. વાળ અને નખ શરીરનું અંગ ગણાવા છતાં તેમના કપાઈ જતાં શરીર કપાતું નથી.

કાળના પ્રભાવે ધાર્મિકોની દુનિયામાં ય ધરતીકંપો થતાં જ રહે છે પણ તેથી ધર્મનો વિનાશ થાય છે એમ કદી ન કહેવાય. એથી જ તો ફરી ફરીને ધર્મ પોતાના ઉદિતોદિત પ્રકાશને પ્રાપ્ત કરતો ફરી ફરીને ખીલી ઊઠતો હોય છે.

મોક્ષમાર્ગની વિવેકયુક્ત કઠોર સાધનાનો માર્ગ એ જ મોક્ષમાર્ગ છે....એ જ એના સ્વયંભૂ બળથી ટકી રહેનાર છે. એમાં જેટલા નીચે ઊતર્યા, જેણે એને સરળ બનાવ્યો, જેમને એ સરળધર્મના અનુયાયી બનાવ્યા....એ બધા ય વિનાશ પામ્યા. એ ધર્મ, એ ધર્મપ્રણેતાઓ અને એ ધર્માનુયાયીઓ સહુ નામ-શેષ થઈ ગયા.

ખાવુ તો શુદ્ધ ઘી ખાવું. પૂરતું ન મળે તો થોડું જ ખાવું પણ ડાલડા ઘી તો ન જ ખવાય. ગમે તેટલું સસ્તુ અને સુલભ હોય તો પણ....

જેને આનંદથી જીવન જીવી જાણવું છે, એથી પણ વધુ જેને આનંદથી મરી જાણવું છે એણે તો શુદ્ધધર્મશા શુદ્ધ ઘીના જ આગ્રહી બની રહેવું પડશે.

મોક્ષ, ભગવાન્ અને પરલોકની વાતો તો ભારત વર્ષની બુઢ્ઢી ડોશીઓ પણ કરે છે....સાચે જ આપણે એ ત્રિપુટીનું હાર્દ પામવું હોય તો કઠોર પણ સદ્ધર્મના આગ્રહી બનવું જોઈશે.

શ્રીમંત માણસ મોંઘા પણ શુદ્ધ ઘીનો જ આગ્રહી હોય છે એ વાત જેવી જ આ વાત છે કે મુમુક્ષુ આત્મા કઠોર છતાં સદ્ધર્મનો જ આગ્રહી હોય છે.

પ્રચ્છન્નભોજન

[૭]

## સંક્ષિપ્ત શ્લોકાનુવાદ

सर्वारम्भनिवृत्तस्य मुमुक्षोर्भावितात्मनः ।
पुण्यादिपरिहाराय मतं प्रच्छन्नभोजनम् ॥१॥

પૃથ્વ્યાદિ ષટ્કાયના સર્વારંભથી મુક્ત થએલા, જિનાજ્ઞાથી ભાવિતમતિવાળા, મોક્ષાભિલાષી મુનિએ પુણ્યકર્મનો બંધ, દીનાદિ જનને અપ્રીતિ વગેરે–ટાળવા માટે પ્રગટભોજન કરવું જોઇએ નહિ.

भुञ्जानं वीक्ष्य दीनादिर्याचते क्षुत्प्रपीडितः ।
तस्यानुकम्पया दाने पुण्यबन्धः प्रकीर्त्तितः ॥२॥

ભોજન કરતાં મુનિને જોઇને ક્ષુધાથી પીડાતા દીનદુઃખિત જનો મુનિ પાસે ભોજનની યાચના કરે જ. અને તેમની ઉપર અનુકમ્પાબુદ્ધિ જાગતાં મુનિ તેમને કાંઇક આપે એટલે મુનિને પુણ્યબંધ થઈ જાય.

भवहेतुत्वतश्चायं नेष्यते मुक्तिवादिनाम् ।
पुण्यापुण्यक्षयान्मुक्तिरिति शास्त्रव्यवस्थितेः ॥३॥

જે મુમુક્ષુ છે તેને સંસારના હેતુભૂત બનતાં પુણ્યબન્ધ સારો નહિ કેમકે સિદ્ધાન્ત એ છે કે પુણ્ય અને પાપ–બે ય–નો ક્ષય થાય ત્યારે જ મુક્તિ પ્રાપ્ત થાય છે.

प्रायो न चानुकम्पावांस्तस्यादत्वा कदाचन ।
तथाविधस्वभावत्वाच्छक्नोति सुखमासितुम् ॥४॥

મુનિના તો સ્વભાવમાં અનુકમ્પા જાણે રમી ગઇ હોય એટલે યાચના કરતા યાચકને આપ્યા વિના તો તે પ્રાયઃ સુખે બેસી પણ ન શકે.

अदानेऽपि च दीनादेरप्रीतिर्जायते ध्रुवम् ।
ततोऽपि शासनद्वेषस्ततः कुगतिसन्ततिः ॥५॥

પુણ્યબન્ધનાં ભયથી જો કદાચ કઠોર થઈને ય ભોજન ન આપે તો એ દીન–દુઃખિતોને મુનિ ઉપર અવશ્ય અપ્રીતિ થાય. તેથી તેમને ધર્મ ઉપર દ્વેષ થાય જેના ફળરૂપે તેઓને દુર્ગતિની પરંપરા પ્રાપ્ત થાય.

निमित्तभावतस्तस्य सत्युपाये प्रमादतः ।
शास्त्रार्थबाधनेनेह पापबन्ध उदाहृतः ॥६॥

પ્રચ્છન્ન રીતે ભોજન કરવાનો ઉપાય વિદ્યમાન હોવા છતાં પ્રમાદના કારણે પ્રગટભોજન કરનાર મુનિ આ રીતે 'બીજાને અપ્રીતિ ઉત્પન્ન નહિ કરવારૂપ' શાસ્ત્રાર્થનો બાધ કરીને પરની દુર્ગતિમાં નિમિત્ત બને છે માટે મુનિને પાપકર્મનો બંધ થાય.

शात्रार्थश्च प्रयत्नेन यथाशक्ति मुमुक्षुणा ।
अन्यव्यापारशून्येन कर्त्तव्यः सर्वदैव हि ॥७॥

દરેક બાબતમાં શાસ્ત્રવચન શું છે તેને નજરમાં રાખીને પોતાની શક્તિ મુજબ શાસ્ત્રાનુસારી જીવન ભારે આદર સાથે સર્વદા જીવવું જોઈએ એ માટે બીજા લોકયાત્રાદિવ્યાપારોથી દૂર રહેવું જોઈએ.

एवं ह्युभयथाप्येतद् दुष्टं प्रकटभोजनम् ।
यस्मान्निदर्शितं शास्त्रे ततस्त्यागोऽस्य युक्तिमान् ॥८॥

આમ દીનદુઃખિતોને આપવાની અને નહિ આપવાની બેય રીતે–પ્રગટભોજન મુનિને પુણ્યપાપ–અન્યતર–કર્મના બંધનો દોષ લગાડે છે એમ જ્યારે શાસ્ત્રમાં જણાવ્યું છે ત્યારે પ્રગટ ભોજનનો ત્યાગ કરવો એ જ યુક્તિસંગત છે.

**વિવેચના :**

**મુમુક્ષુને અ-જાહેર ભોજન શા માટે ?**

કાર્યમાત્ર વિધિવત્ હોય તો જ ફળ આપી શકે. દરેક કાર્ય સાથે તેની પોતાની વિધિઓ હોય છે. એ વિધિઓ તરફ બેદરકાર રહીને કાર્ય માત્રથી ફળની પ્રાપ્તિ કરી શકાતી નથી.

વેપારી પાસે જવા માત્રથી કાર્યસિદ્ધિ થતી નથી એ માટેની વિધિઓનો કુશળ જાણકાર 'Salesman' જ સિદ્ધિ પામી શકે છે.

ખાવાનું, બોલવાનું, ચાલવાનું....બધું જ વિધિવત્ હોય તો જ ફળે છે.

અચિન્ત્ય પ્રભાવ છે મણિ-મંત્ર–ઔષધિનો....પરન્તુ વિધિ-સેવન વિના એ કશો જ પ્રભાવ બતાડી શકતા નથી.

મુમુક્ષુને મુક્તિપદ પામવું છે. મુક્તિપદની સાધનાની આધાર-શિલા એની ભિક્ષાચર્યા છે. ભિક્ષાચર્યાની અંતરંગ વિધિ સર્વસં-પત્કરીના એના સ્વરૂપમાં આપણે જોઈ પણ એની બહિરંગ વિધિ પણ એટલી જ મહત્વની છે.

અહીં આપણે 'પ્રચ્છન્નભોજનવિધિ' નો વિચાર કરીશું. મુમુક્ષુથી જાહેરમાં ભોજન ન કરી શકાય. વિશુદ્ધ પિંડ પણ આત્મ-શુદ્ધિ તો ત્યારે જ કરી શકશે જો તે પિંડભોજન પ્રચ્છન્ન રીતે કરવામાં આવશે.

લૌકિક ન્યાયમાં પણ કહેવાય છે કે **आहारविहारनीहारयोगाः सदैव सद्भिर्विजने विधेया !** આહાર–વિહાર અને નીહારની પ્રવૃત્તિ સંતોએ એકાંતમાં જ કરવી.

ઘણી જ સૂક્ષ્મદૃષ્ટિપૂર્વકનું આ વિધાન છે. આપણે પણ તેને સમજવાનો યત્ન કરીએ.

મુનિના જીવનના અનેક લાક્ષણિક પાસાંઓ છે. એમાંનાં ત્રણ આપણે અહીં જોઈએ.

મુનિ સર્વારંભનિવૃત્ત છે, મુમુક્ષુ છે અને ભાવિતાત્મા છે.

(૧) જો મુનિ સર્વારંભથી સર્વથા નિવૃત્ત છે તો તેનાથી જાહેરમાં ભોજન જ ન થઈ શકે. કેમકે જો તેમ કરે તો દીન-દુઃખિતો તેની પાસે ભોજનની યાચના કરે, મુનિ ભોજન આપ્યા વિના રહી ન શકે કેમકે તેનું અંતર કરુણાસમૃદ્ધ છે. હવે જો દીનાદિને ભોજન આપે તો એ ભોજનના પોષણ દ્વારા દીનાદિ જે આરંભસમારંભ કરશે તેની અનુમોદનાનું પાતક મુનિને લાગી જશે. આમ પોતાના સર્વારંભનિવૃત્તિ ધર્મને હાનિ પહોંચે છે. એટલે સર્વારંભનિવૃત્તિ ધર્મને અક્ષત રાખવા માટે મુનિએ પ્રચ્છન્ન ભોજન જ કરવું રહ્યું જેથી દીનાદિ પુરુષો યાચના ન કરે.

(૨) જો મુનિ મુમુક્ષુ છે તો તેનાથી પ્રગટભોજન ન થાય.

મુમુક્ષુ એટલે મોક્ષાભિલાષી.

મોક્ષ એટલે પુણ્ય અને પાપકર્મોના વિનાશથી પ્રગટ થતો આત્માનો શુદ્ધ સ્વભાવ.

મુમુક્ષુ એટલે શુદ્ધસ્વભાવાભિલાષી.

મુમુક્ષુ એટલે પુણ્યપાપકર્મવિનાશાભિલાષી.

જો મુમુક્ષુ પ્રગટભોજન કરે તો દીન–દુઃખિતો યાચના કરે અને અનુકમ્પાથી પ્રેરાઈને તેમને ભોજન આપ્યા વિના મુનિ રહી ન શકે.

જો અનુકમ્પાથી અસંયતીને ભોજનાદિ આપે તો પુણ્યકર્મનો બંધ થઇ જાય. જે મુમુક્ષુ માટે બિનજરૂરી છે. મોક્ષ માટે જેમ પાપકર્મનાશ આવશ્યક છે તેમ પુણ્યકર્મનાશ પણ આવશ્યક છે. પાપપુણ્યકર્મનાશની આરાધના કરતો મુમુક્ષુ પુણ્યકર્મબંધના બંધની પ્રવૃત્તિમાં શા માટે પડે? એટલે તેણે પ્રચ્છન્નભોજન જ કરવું રહ્યું.

**સંક્ષેપમાં તેરાપંથીમત સમીક્ષાઃ** અહીં પ્રસંગ હોવાથી આપણે તેરાપંથમતની થોડી સમીક્ષા કરીશું. ખૂબ વિસ્તારથી તો સત્તાવીસમા અષ્ટકમાં જ તેનો વિચાર કરવાની ઉજ્વળતા પ્રાપ્ત થશે.

તેરાપંથી સંપ્રદાય–તેરાપંથી સાધુ–સાધ્વી સિવાયના તમામ પ્રાણીગણને–શ્વેતામ્બરાદિ સર્વ સાધુ સાધ્વી ગણને અને તેરાપંથના પ્રતિમાધારી શ્રાવકોને પણ કુપાત્ર માને છે. રાજકુમાર વર્ધમાન સુદ્ધાંને આ સંપ્રદાય કુપાત્ર કહે છે.

તે સંપ્રદાયના આચાર્યે બનાવેલા હિતશિક્ષારાસની ઢાળમાં કહ્યું છે, "તેરાપંથમેં પ્રવર્ત્તે તે સાધુ જાણવા."

(૨) જયાચાર્યે બનાવેલા ભ્રમવિધ્વંસન ગ્રન્થના દાનાધિકારના બારમા બોલમાં કહ્યું છે, "સાધુ બિના અનેરાને દેવો તે સંસાર-ભ્રમણનો હેતુ કહ્યો. અસંયતીને દિયાં એકાન્ત પાપ કહ્યો."

(૩) આ જ ગ્રન્થના દાનાધિકારના ૧૮મા બોલમાં કહ્યું છે કે, સાધુથી અનેરો તે કુપાત્ર છે, તેહને દીધાં અનેરી પ્રકૃતિનો બંધ તે અનેરી પ્રકૃતિ પાપ પ્રકૃતિ છે. પુણ્યથી અનેરી પાપ પ્રકૃતિ જાણવી.

(૪) વળી દાનાધિકારના ૨૧મા બોલની ટીપ્પણમાં તો એમના માનેલા કુપાત્રને (દીન દુઃખિતો વગેરેને) અન્નાદિની અનુકંપા કરવાથી તો માંસભક્ષણ કે વેશ્યાગમનાદિનું પાપ લાગવાનું સ્પષ્ટ વિધાન કર્યું છે. આ રહ્યા તે શબ્દો :–"કુપાત્રદાન–માંસાદિ સેવન–વ્યસનકુશીલાદિક–યે તીનો હી એક માર્ગ કે પથિક હૈં" જૈસે કિ ચોર–જાર–ઠગ યે તીનો સમાન વ્યવસાયી હૈ. તૈસે હી જયાચાર્ય સિદ્ધાન્તાનુસાર કુપાત્રદાન ભી માંસાદિસેવન વ્યસનકુશીલાદિકકી હી શ્રેણિમેં ગિનને યોગ્ય હૈ."

(૫) જે તેરાપંથી સંયતિ નથી તે બધા યને અસંયતી

કહીને એમને જે અનુકમ્પાદિથી પોષણ આપવામાં આવે તેને એકાન્ત પાપ કહીને આ સંપ્રદાયના આચાર્યોએ આગમવચન ન મળતાં 'અસઇજણપોસણયા' વચનનો વિકૃત અર્થ કરીને લોકોને એવું ભરમાવવા યત્ન કર્યો છે કે આગમવચનથી જ અસંયતીની દયા કરવાથી એકાન્તે પાપકર્મનો બંધ સિદ્ધ થઈ જાય છે.

ઉપાસકદશાંગમાં શ્રાવકના ૧૫ પ્રકારના કર્માદાનના પાપ-વ્યાપારો જણાવ્યા છે. તેમાં ૧૫મું કર્માદાન 'અસઈજિણપોસણ' કહ્યું છે. અસતી–વેશ્યાદિસ્ત્રીને પોષીને તેના નફામાં અમુક ભાગ રાખવો તે પાપ કહ્યું છે. આ બિરાદરોએ અસઈનો અર્થ અસતી ન કરતાં અસંયતી કરી દઈને લોકોને ઉલટા રસ્તે ચડાવવાનો બાલિશ યત્ન કર્યો છે. 'અસઈ' શબ્દનો અર્થ અસતી જ થાય, અસંયતી કદાપિ નહિ.

(૬) એટલું જ નહિ પણ આગમોક્ત દૃષ્ટાન્તોને પણ વિકૃત બનાવીને એમણે પોતાના આ મતને પુષ્ટ કરવાનો યત્ન કર્યો છે.

શ્રીજ્ઞાતા અધ્યયનમાં નંદમણિયાર નામના શ્રાવકનો પ્રસંગ આવે છે. તે શ્રાવકે અનુકમ્પાની બુદ્ધિથી વાવ–કુવા વગેરે બંધાવ્યા હતા. પરન્તુ પાછળથી પોતે બનાવેલા વાવ–કુવા વગેરેમાં તે ખૂબ જ મૂચ્છિંત થઈ ગયો હતો. મૃત્યુ વખતે પણ તેની તે જ સ્થિતિ હોવાથી મરીને તે નંદવાણિયો પોતાની બનાવેલી નંદા નામની વાવડીમાં દેડકા તરીકે ઉત્પન્ન થયો.

આ દૃષ્ટાન્તને પોતાના મતની અનુકુળ બનાવવા માટે આ લોકો કહે છે કે, "જુઓ નંદવાણિયો વાવ–કુવાની અનુકમ્પા કરીને દેડકો થયો. અનુકમ્પાએ જ આ પાપગતિ આપી ને? આ રહ્યા તેમના શબ્દો :—"નન્દન મણિહારો દાનશાલાદિકનો ઘણો આરંભ કરી મરીને દેડકો થયો. જો સાવદ્યદાનથી પુણ્ય

હુવે તો દાનશાલાદિકથી ઘણાં અસંયતી જીવારે સાતા ઊપજાઇ તે સાતારા ફલ કિહાં ગયો. કોઈ કહે મિથ્યાત્વથી દેડકો થયો તો મિથ્યાત્વ તો ઘણાં જીવારે છૈ. તે તો સંસારમેં ગોતાં ખાય રહ્યાં છૈ. પિણ નન્દન રે તો દાનશાલાદિકનો વર્ણન ઘણો કિયો ઘણા અસંયતી જીવાંરે શાન્તિ ઉપજાઈ છૈ. તેહના અશુભ ફલ પ્રત્યક્ષ દીસૈ છૈ."

મતના મમતની આ ભયંકર ખેંચાતાણ જોઇ ને ! વાવકૂવાની અનુકમ્પાથી નંદવાણિયો દેડકો થયો જ નથી પણ એ વાવકૂવાની ગાઢ મૂર્છાના પાપથી દેડકો થયો છે. જ્ઞાતા અધ્યયનમાં णंदाए पुक्खरिणीए मुच्छिते' સ્પષ્ટ કહ્યું છે છતાં મૂર્છાની વાતને ઉડાડી દઈને વિકૃત અર્થ કર્યો.

(૭) આ સંપ્રદાયની આવી વાતોની જડ ભગવતીસૂત્રનો પાઠ છે. ભગવતી સૂત્રમાં તેવા અસંયતને અશનાદિ આપવાથી એકાન્તપાપકર્મબંધ કહ્યો છે. ટીકાકાર મહર્ષિએ 'તહારુવં' મૂલ પાઠનો સ્પષ્ટ અર્થ કરતાં કહ્યું છે કે ગુરુ તરીકેની બુદ્ધિથી અસંયતીને ભક્તિ સ્વરૂપે અશનાદિ આપવામાં એકાન્તપાપ સમજવાનું છે. આ લોકો ભલે ટીકાને મંજૂર ન કરે તો ય 'તહારુવં !' મૂલગત પાઠ તો સ્વીકારવો જ પડશે ને ? પાઠનો અર્થ એ રીતે જ સંગત કરવો જોઈએ જેથી બીજા પાઠો સાથે વિરોધ ન આવે. અનેક જગાએ અનુકમ્પાથી પુણ્ય બંધાવાનું મૂલાગમોમાં કહ્યું છે તેની સાથે અસંગતિ આવે એ રીતે ભગવતીજીના પાઠનો અર્થ થઈ શકે જ નહિ પણ જયાચાર્યે તો કહી દીધું છે કે," ભગવતી સૂત્ર (શ. ૮, ઉ. ૬ ) મેં અસંયતીને દિયાં એકાન્ત પાપ કહ્યો."

(૮) દેવાધિદેવ પરમાત્મા મહાવીરે ગોશાળાને અનુકમ્પાની બુદ્ધિથી તેજોલેશ્યા શીખવી હતી. આ વાત ભગવતીસૂત્રના પંદરમા ઉદ્દેશામાં આવે છે. આની સામે તો આ સંપ્રદાયના

આચાર્યો કશો પ્રતીકાર કરી શકે તેમ ન હતા એટલે એમણે ઝટ કહી દીધું કે એ વખતે ભગવાન્ છદ્મસ્થ અવસ્થામાં હતા એટલે આમ કરવામાં તેઓ ગોથું ખાઈ ગયા.

ભગવંતે ગોશાળા ઊપર અનુકમ્પા કરી એટલા માત્રથી એ અનુકમ્પા ધર્મ કેમ કહેવાય ? એ તો એકાન્તે પાપ જ છે.

ભ્રમવિધ્વંસનના અનુકમ્પાધિકારના ૪૩મા બોલમાં જયાચાર્યે લખ્યું છે કે,

"ભગવંત છદ્મસ્થપણે તેજૂ લબ્ધિ ફોડી તિણમેં ધર્મ નહિ.

"ભગવન્તે તેજૂલેશ્યા ફોડી ગૌશાલાને બચાવો તિણ મેં ધર્મ કેમ કહિએ ?"

આ સંપ્રદાયના પ્રણેતા ભીખમજીએ અનુકમ્પાઢાળમાં કહ્યું છે કે,"છદ્મસ્થ ચૂકા તિણ સમેજી, મૂરખ થાપે ધર્મ."

ટૂંકમાં તેરાપંથી સંપ્રદાય દીનદુઃખિતો વગેરેની અનુકમ્પાને ધર્મ માનતા નથી. આ અનુકમ્પાને એકાન્તે પાપ માને છે.

વર્ત્તમાન તેરાપંથી આચાર્ય તુલસી એકાન્તપાપ કહેતાં જાગનારા લોકવિરોધને લક્ષમાં લઈને અનુકમ્પાને 'ફરજ' કહીને લોકોને ભ્રમમાં નાંખી દેવાનો કાંઈક સફળ કહી શકાય તેવો કીમિયો અજમાવી ચૂકયા છે. તેમની દૃષ્ટિએ જે કર્ત્તવ્યથી પુણ્યકર્મનો બંધ થતો હોય તેને જ તેઓ ધર્મ કહે છે. બાકીના પાપજનક કર્ત્તવ્યોને ફરજ કહે છે.

અનુકમ્પા એ એવું કર્ત્તવ્ય માન્યું છે જેનાથી પાપકર્મબંધ થાય છે માટે અનુકમ્પાની પ્રવૃત્તિઓને તેઓ ફરજ કહે છે.

ખેર....આવતી કાલ જરૂર આવશે કે અનુકમ્પાને ફરજ પણ ન કહેતાં ધર્મ કહેવાની એમને જરૂર ઊભી થશે.

ભગવાન્ હરિભદ્રસૂરિજીએ મુનિના પ્રચ્છન્નભોજનનું કારણ મૂકતાં કહ્યું કે પાપપુણ્ય–ઉભયના ક્ષયની ઈચ્છાવાળો મુમુક્ષુ જો

પ્રગટભોજન કરે તો દીનદુઃખિતોની ભોજન માટે યાચના થતાં તેનું અંતર અવશ્ય દ્રવી ઊઠે અને તેથી તેમની ઉપર અનુકમ્પા-બુદ્ધિ જાગી જતાં તે ભોજન આપીને જ જંપે. આમ થતાં તેને પુણ્યનો બંધ પડી જાય.

પુણ્યક્ષયના સાધકે કોઇ પ્રવૃત્તિ પુણ્યબંધ માટે ખાસ ન થાય તેની તકેદારી રાખવી જોઇએ. એ માટે તેણે પ્રચ્છન્ન ભોજન કરવું જોઈએ.

આ વિધાનના ગર્ભમાં રહેલું, 'અનુકમ્પાથી પુણ્યબંધ'નું વિધાન તેરાપંથી સંપ્રદાયને સજ્જડ લપડાક મારી જાય છે.

અસ્તુ. એ સંપ્રદાયના વિધાનોને મહાત કરતાં વિધાનો તો ૨૭મા અષ્ટકમાં વિસ્તારથી જોઈશું. હવે આગળ વધીએ.

(૩) જો મુનિ ભાવિતાત્મા છે તો તેણે પ્રગટભોજન ન કરવું જોઈએ.

લસણની ભાવનાથી કેટલીક ઔષધિઓ ભાવિત થાય છે.
ક્રોધની ભાવનાથી કેટલાક આત્માઓ ભાવિત થાય છે.
કરુણાની ભાવનાથી મહાત્માઓ ભાવિત થાય છે.
ભાવના એટલે વાસના....

એક વાસનાથી આત્માના દરેક પ્રદેશ કે જડ વસ્તુના દરેક પરમાણુ વાસિત થઈ જાય ત્યારે તે જડ કે ચેતન તત્ત્વ ભાવિત થયું કહેવાય.

મુનિનો આત્મા પણ ભાવિત થાય છે, જિનાજ્ઞાની ભાવનાથી....

જગતમાં સર્વોત્કૃષ્ટ તત્ત્વ હોય તો તે જિનેશ્વર દેવ છે. તેમનાથી અવિભક્ત તેમની આજ્ઞા છે.

**જિનાજ્ઞા-આધારિત મુનિ-જીવન**

મુમુક્ષુ આત્મા સંસારનો પરિત્યાગ એટલા જ માટે કરે છે કે તે જાણતો હોય છે કે આ પરિત્યાગ વિના જિનાજ્ઞાના અવ્વલ પ્રેમી બની

શકવાનું શક્ય નથી. અને એના પ્રેમી બન્યા વિના મુમુક્ષુભાવ સિદ્ધ થઈ શકે તેમ નથી.

જેને ઈહપરલોકના દુઃખોથી આબાદ ઉગારી લેનાર એક માત્ર જિનાજ્ઞા જણાઇ છે, એના પાલનમાં વર્ણનાતીત આનંદની મસ્તીને જે અનુભવી જાય છે, મુક્તિને પણ જેના પ્રેમનો આનંદ વીસરાવી દે છે એ જિનાજ્ઞા જ એ વ્યક્તિનું જીવન બને. એના શ્વાસોચ્છવાસ બને તેમાં શી નવાઇ છે?

મુમુક્ષુનું સમગ્ર જીવન જિનાજ્ઞાવ્યાપ્ત હોય છે. એના અંગે જિનાજ્ઞા, વસ્ત્રના સ્વરૂપે, મુખમાં જિનાજ્ઞા આહારના સ્વરૂપે, અંતરમાં જિનાજ્ઞા શુભોપયોગના સ્વરૂપે, એની પ્રવૃત્તિમાં જિનાજ્ઞા સ્વાધ્યાયાદિ સ્વરૂપે મૂર્ત્ત બને છે.

જિનાજ્ઞાના પ્રેમીને જિનાજ્ઞા સિવાય કશું દેખાતું નથી. એની મહોબ્બત સિવાય કશું ગમતું નથી. એના ધ્યાન સિવાય કશું સૂઝતું નથી.

જિનાક્ષાનો માશુક એને ખાઇને કશું ય મેળવી લેવા ઇચ્છતો પણ નથી. જિનાજ્ઞાને ખોવડાવી દેનાર લોકસમ્પર્કમાં આવવાનો વિચાર પણ કરતો નથી. જેટલો ભયાનક વિજાતીય પરિચય, એટલો જ કદાચ એથી ય વધુ ભયાનક લોકપરિચય ગણી શકાય.

જિનાજ્ઞાને વિકૃત બનાવવાનું ઘોર પાપાચરણ આ લોકપરિચય જ કરાવે છે. જિનાજ્ઞાની ક્રૂરમશ્કરીઓ કરવાનું અઘોર પાપ એ જ કરાવે છે, આથી જ જિનાજ્ઞાપ્રેમી લોકસમ્પર્કથી સદા દૂર રહીને જિનાજ્ઞાનું પ્રાણસાત્ જતન કરતો રહે છે.

એનું ફળ શું? એમ પૂછો છો?

રે! જિનાજ્ઞાનાં આશ્લેષથી શમના સુખનો સાગર જે હેલે ચડે છે એની તો જગત્‌ની કોઈ પણ વસ્તુથી ઉપમા જ આપી શકાય તેમ નથી.

એક બાજુ જગત્‌ના સર્વોત્કૃષ્ટ ભોગોના સેંકડો વર્ષોના બેલગામ સુખની અનુભૂતિ મૂકો અને બીજી બાજુ જિનાજ્ઞા-પાલનનો એક જ ક્ષણનો મનોભાવ મૂકો.

ખરેખાત કહું છું. " નહિ આવે એ એક પળની રસમસ્તીના બિંદુને તોલે પેલો ભોગરસનો ફાટફાટ કરતો સાગર.

આવી જેણે રસમસ્તી માણી છે જિનાજ્ઞાબિંદુની; એ સાધુ કઇ રીતે બરદાસ્ત કરી શકે જિનની અવજ્ઞારૂપ પ્રકટભોજન ? કે જેના કારણે જિનશાસનની હીલના થવાની સંભાવના હોય....! શાસનહીલનાનું પાપ કેટલું ભયંકર છે એ તો આપણે આગળ જોઈશું. અહીં તો ટૂંકમાં આટલું જ સમજી રાખીએ કે આ પાપ સ્વપર–સહુને સ્પર્શી જઈને સહુનું અહિત કરવામાં જોરદાર રીતે પરિણમે છે, સહુના જીવનની શાન્તિને હરી લે છે. સ્વપ્નમાં પણ આ પાપનો સ્પર્શ ન થઈ જાય તેવું જિનાજ્ઞાપ્રેમીઓ સદા ઇચ્છતા હોય છે.

જિનાજ્ઞા છે, પ્રકટભોજનના નિષેધની. બહુ સ્પષ્ટ શબ્દોમાં.

કહ્યું છે કે ષટ્કાયજીવોની તન્દુરસ્ત રક્ષા કરનારા મુનિ પણ જો આહારની કે નીહારની વિધિ પ્રગટ રીતે કરે અથવા તો લોકોની નજરે ચડી જાય તેવી ખરાબ રીતે ભિક્ષા લેવાની વિધિ કરે તો અનેકોને ધર્મનિંદાનું પાપ કરવામાં પ્રબળ નિમિત્ત બનીને પોતાનું સમ્યક્ત્વ એવું હારી જાય કે ફરી પ્રાપ્ત કરતાં તેને નાકે દમ આવી જાય.

આહાર નીહાર વિધિ તો સદા પ્રચ્છન્ન જ હોય, અને ભિક્ષા ગ્રહણ વિધિ ભલે પ્રગટ હોય છતાં ગ્રહણ કરવાની રીત બેહુદી ન હોવી જોઈએ.

પેલા વેષધારી ભાટ જેવી કે પાતરા મૂકીને કહી દે છે, " ભરી દે લાડવા. "

પ્રકટભોજનથી કરતાં ભોજન આપવાથી પુણ્યબંધનો ભય ઉપસ્થિત થાય છે તેમ જો ભોજન ન આપે તો યાચકો મુનિ પ્રત્યે તિરસ્કારાદિના પાપભાવો ઉત્પન્ન થઈ જવાનો ભય પણ ઊભો થાય છે. વળી ભોજન આપવાથી ગૃહસ્થ–જીવનના પોષણનું પાપ પણ લાગે છે અને એવી પ્રવૃત્તિ કરવાથી શાસનહીલના પણ થાય છે. આમ પ્રકટભોજનથી પુણ્ય અને પાપ, યાચકનો તિરસ્કાર અને શાસનહીલના–આમાંનું કાંઈ ને કાંઇ અપરિહાર્ય બની રહે છે માટે જ એ બધાં ય દોષોને ટાળવા માટે મુનિએ પ્રકટભોજનનો જ ત્યાગ કરી દેવો જોઇએ. (૧)

પ્રશ્ન–પ્રકટભોજન કરતાં મુનિને પુણ્યબંધ શી રીતે થાય ?

ઉત્તર–પેટ જેમના પાતાળે પહોંચ્યા હોય અને આંખો જેમની ખાઇઓમાં ખોટવાઈ ગઈ છે, મસ્તક જેમના ધ્રૂજી રહ્યા છે; પાતળા ગળા ઉપર.... નાનકડા નાગા બાળકો સાથે દીન વદને જ્યાં એમની મા યાચના કરી રહી છે, અને બાળકો ખૂબ જ આશાવાદી નજરે ટાંપીને જોઇ રહ્યાં છે મુનિનાં મુખ તરફ.... 'કાંઈક જરૂર મળશે' એમ જ્યાં માતા એમને કહી રહીને નિષ્ફળ આશ્વાસન દઈ રહી છે ત્યાં એ બધું ય જોઇને મુનિ એમને એમ બેસી રહી શકે ખરો ?

**વિશ્વ-માતા મુનિરાજ** વિશ્વની મા છે મુનિ.... કરુણાનું સરવરિયું છે; એનું અંતર ! મૈત્રી અને પ્રેમના પવિત્ર સંદેશ યત્ર તત્ર સર્વત્ર વહાવી રહ્યો છે; પ્રેમપંથનો આ મુસાફીર !

રે ! એ દૃશ્યનો એકાદ અંશ પણ એના જીગરને રોવડાવી દેવા બસ થઈ રહે છે.

તાજી આણેલી ભિક્ષા ઝોળીમાં જ હોય, માંગનારા સામે જ હોય, હૈયે કરુણા ઉભરાઈ હોય....ત્યાં અનુકમ્પાનું દૃશ્ય જન્મ ન પામે એ તદ્દન અસંભવિત બીના છે.

મુનિ એટલે અનુકમ્પાની વાતો કરનારો નહિ હોં!
મૈત્રી–પ્રમોદનો સંદેશવાહક નહિ હોં!

જીવનમાં જે ગુણને આત્મસાત્ ન કરે ત્યાં સુધી તે ગુણની વાતો ન થાય એવા સિદ્ધાન્તના પાઠ ભણીને પચાવી ગએલો પવિત્રાત્મા છે! એ કેમ રહી શકે પીડિતોને ભોજન દીધા વિના!

જિનાજ્ઞાના પાલનનો થનગનતો પુરુષાર્થ પણ ત્યાં કદાચ ઝાંખો પડી જાય તો નવાઈ નહિ!

દયા વસ્તુ જ એવી છે જેને અવસર આવ્યા પછી દયાલુ અન્તઃકરણના સ્વામી એ આવેશમાં સઘળું ય વીસરી જાય એ તદ્દન સાહજિક બાબત છે. બધી રીતે ખુવાર થઈ જઈને પણ દયાલુઓએ દાન દીધાના કિસ્સા ભારતભૂમિ ઉપર તો પળે પળે નોંધાતા જ રહ્યા છે!

દયાભાવનો આવો ઉછાળો આવી જાય અને જિનાજ્ઞાને પણ ધક્કો પહોંચી જાય તે ય બરોબર તો નહિ જ.

જિનાજ્ઞા છે કે જેને ઉદ્દેશીને જે વસ્તુ દાતાએ ભિક્ષુને આપી છે તે–જ તે વસ્તુનો ઉપયોગ કરી શકે. ભિક્ષુને ઉદ્દેશીને આપેલી ચીજ યાચકને આપી દેવાનો ભિક્ષુને લેશ પણ અધિકાર નથી. રે! બાળસાધુને ઉદ્દેશીને આપેલી ચીજનો બીજા કોઇ સાધુથી પણ ઉપભોગ થઈ શકે નહિ.

દયાની તો દૂતી છે જિનાજ્ઞા! છતાં આજુબાજુના બીજા સઘળાં પાસાંઓ, બંધો અને અનુબંધો વગેરેનો પણ ત્યાં વિચાર હોય છે.

મીઠી મજાની પીપરમીંટ પણ ખાંસી ખાતાં બાળકને મા દેતી નથી. ગમે તેટલું રડે તો પણ....

માટે જ દયાલુ મુનિએ પ્રચ્છન્નભોજન કરવું જોઇએ જેથી ઉપરનો કોઈ પણ મુદ્દો ઉપસ્થિત જ ન થાય અને તેમ થતાં ન તેને કોઇ પુણ્યનો બંધ થઈ જાય. [૨]

પ્ર–ભલેને મુનિને પુણ્યબન્ધ થઇ જતો.

ઉ–પુણ્ય કાર્ય એ છેવટે સુવર્ણની બેડી છે. બેડી એટલે બેડી.

છરી પણ સોનાની હોય તો કાંઇ પેટમાં ઘુસાડી દેવા લાયક બની જતી નથી.

બેડી પણ સોનાની હોય તેથી આવકારદાયક બની જતી નથી.

કર્મ પાપનું હો કે પુણ્યનું....નિશ્ચયદૃષ્ટિએ તો બે ય આત્માના બંધન જ છે ને?

બીજાઓની વાત બાજુ ઉપર રાખીએ પરન્તુ જેઓ પુણ્યપાપકર્મક્ષયની જ સમયે સમયે આરાધના કરી રહ્યા છે તેમને માટે તો જેમ પાપ નકામું તેમ પુણ્ય પણ નકામું.

પુણ્ય વધી જતાં મુક્તિ નથી.

પાપ ઘટી જતાં પણ મુક્તિ નથી.

બે ય ના સંપૂર્ણ વિનાશમાં જ મુક્તિ છે. મુક્તિનો આશુક એક બાજુ બે ય ગટરોને ઉલેચવાની આરાધના કરે અને બીજી બાજુ એમાંની એક પણ ગટર ફરી ભરાય તેવું જાણી-બૂઝીને તો ન જ કરે ને?

પ્ર–તો શું મુનિને પુણ્યકર્મનો બંધ એકાન્તે હોય છે? પાપાનુબંધી પુણ્યની જેમ પુણ્યાનુબંધી પુણ્ય પણ હેય છે? શું તેનાથી પુણ્યાનુબંધી પુણ્યના બંધની ઉત્પાદક અનુકમ્પા વગેરે કદાપિ થાય જ નહિ!

ઉ–ના તેમ નથી. કોઈ પણ સિદ્ધાન્ત–સિવાય બ્રહ્મચર્ય–એકાન્તવાદી નથી. અનેકાન્તવાદ પણ એકાન્તે નથી. મુનિ પણ અવસ્થાવિશેષમાં બધું જ કરે....પુણ્ય કરે અને દેખીતું પાપ પણ કરે....યુદ્ધ પણ કરે. આ બધી વાત આપણે ૨૭મા અષ્ટકમાં વિચારવાની છે એટલે અહીં તેની ચર્ચા હાથ નહિ ધરીએ. [૩]

આપણે જોઇ ગયા કે પુણ્યબંધના ભયથી મુનિ દીનદુઃખિતને પોતાની પાસે રહેલી વસ્તુનું દાન ન કરે એ વાત તેના માટે સંભવિત નથી. કરુણાનો ગુણ જ એવો છે કે જાતને અહિત પહોંચાડી દેવાનું સાહસ કરી દઈને પણ બીજાનું સ્થૂલ હિત પણ કરી દેવા ઉત્સુક થઇ જવાય. તેમ કરવા પાછળ બીજી સંભવિત આપત્તિઓનો વિચાર પણ તે કરવા ન દે.

જેમ દારૂ એ એવી વસ્તુ છે કે એ શરીરસાત્ બન્યા પછી ડાહ્યા માણસ પાસે પણ વિવિધ હાવભાવો કરાવ્યા વિના રહે જ નહીં.

એક બાજુ પુણ્યબંધ થવા સ્વરૂપ જિનની અવજ્ઞા છે; બીજી બાજુ સામે ઊભેલા યાચકોની અવજ્ઞા છે. શું કરવું ? આ ઘણી જ મોટી આફત છે. અહીં એકદમ એમ પણ કહી શકાતું નથી કે જિનની અવજ્ઞા કરી દઈને પણ કરુણા કરવી.

રે ! જિનની અવજ્ઞા સાથેના ગુણો તો પાપનું કામ કરે છે. અને જિનાજ્ઞા સાથેના ક્રોધાદિ અવગુણો પણ ધર્મનું કાર્ય કરે છે.

**તત્ત્વજ્ઞોની સંજય-દૃષ્ટિ** હૃદયની લાગણીનો આવેશ એક વાત છે અને સર્વગ્રાહી દર્શનમાંથી નિષ્પન્ન થએલું એક સર્વહિતકર બંધારણ તે બીજી વાત છે.

જે જિનેશ્વરદેવની કરુણાની તોલે જગત્‌ના કોઈ પણ જીવની કરુણા ન આવી શકે તે જિનેશ્વરદેવ કદી કરુણાના કાર્યોનો નિષેધ ન જ કરે; પરન્તુ જેમ તત્કાળ હિતમાં પરિણમતી દેખાતી પ્રવૃત્તિ જો ભાવીમાં અહિતકર બનવાની હોય તો તેનો નિષેધ એ શત્રુવટનો નિષેધ ગણાતો નથી બલ્કે સાચી મૈત્રીપૂર્વકનો ગણાય છે તેવું પ્રસ્તુતમાં છે.

પૂર્વે કહ્યું છે કે ખાંસીનું દર્દી બાળક માતા પાસે પીપરમીંટ માંગે તો ય તે ન આપે તેમાં જ માતાની કરુણા છે.

જિનેશ્વરદેવે મુનિને યાચકની એ કરુણા કરવાનો એકાન્ત નિષેધ તો કર્યો જ નથી એ વાત આપણે આગળ ઉપર ૨૭ મા અષ્ટકમાં જોઈશું. પ્રસંગ જ તેવો આવી પડે તો અવશ્ય કરુણા ભાવનું પ્રગટીકરણ કરવું પરન્તુ જો બની શકતું હોય તો એવી જ સ્થિતિ ઊભી રાખવી કે જેથી તેવી કરુણાનો પ્રસંગ જ ઉપસ્થિત ન થાય. અને તેમ થતાં પુણ્યબંધની આપત્તિ ન આવે.

**સ્વ–પર દયાના વિકલ્પો** પર વ્યક્તિના દ્રવ્યહિત કરતાં સ્વનું ભાવહિત એ વધુ વજનદાર છે, પરંતુ કરુણાનું દ્રવ્યહિત કરવા જતાં સ્વનું પુણ્યબંધનું ભાવ–અહિત ઊભું થાય છે એ બરોબર નથી.

'સ્વ'ની સુરક્ષામાં એકાન્તે પર સુરક્ષા છે. જ્યારે પરની સુરક્ષામાં સ્વની સુરક્ષાની ભજના છે.

માટે સ્વનું જ અહિત કરીને પણ પરનું કોઈ પણ હિત કરવાનું કાર્ય જિનાજ્ઞાબાહ્ય કહ્યું છે.

અજૈન રામાયણમાં એવો પ્રસંગ આવે છે કે સીતાજી જ્યારે રાવણની અશોકવાટિકામાં નજરકેદ હતાં ત્યારે ત્યાં એક વાર તેમની પાસે રાવણની મોકલેલી દાસી આવે છે અને સીતાજીને સમજાવે છે કે તેઓ રાવણની કામેચ્છાને માન આપી દે એ જ સારી વાત છે. કેમકે જો તેમ નહિ કરે તો યુદ્ધની જે ભયંકર આગ લાગશે તેમાં લાખો લોકોનો સંહાર થઈ જશે. એક સ્ત્રી ખાતર થનારા આ યુદ્ધમાં હજારો માતાઓ પોતાના પુત્રોને ખોવા બદલ કરુણ કલ્પાન્ત કરશે. લાખો સ્ત્રીઓ પોતાના પતિને ગુમાવ્યા બદલ ઝૂરીઝૂરીને મૃત્યુને ભેટશે. લાખો બાળકો પિતાની યાદ કરીને પોક મૂકશે. એક સીતા જો રાવણને વશ થાય તો ? તો લાખો ઘરોમાં ચાલનારા કરુણ કલ્પાન્તોથી લાખો સ્ત્રીઓ અને બાળકો મુક્ત બનશે.''

સીતાજી આ વાત સાંભળીને ગંભીરવદને કહી દે છે કે એક સીતાની શીલરક્ષાના કારણે જેમ આટલું મોટું દ્રવ્ય–અહિત થશે તેમ કટોકટીમાં પણ સીતાએ કરેલી શીલરક્ષાનું સ્મરણ કરીને ભારતવર્ષના ભાવી કરોડો વર્ષોની અબજો સ્ત્રીઓ પોતાની શીલ-રક્ષા કરવાનું અપૂર્વ બળ આંખના એક પલકારા જેટલા સમયમાં પામી જશે. શીલવંતી સ્ત્રીઓ વીરપ્રસૂતા માતા બનશે અને એ કરોડો વીરબાળકો જીવનને પવિત્ર બનાવીને કરોડો રાવણોને પવિત્રતાના પંથે વાળશે.

"દાસી ! મારા આત્મહિતમાં અનેકોનું જીવન ઉજવળ છે, ભારતવર્ષની પવિત્ર ગૌરવગાથાની અણુથંભી વણઝારનો આરંભ છે હોં !

મારા શીલના ભોગે થનારા લાખો સ્ત્રીઓના દ્રવ્યહિતમાં તો એ સ્ત્રીઓના અને બાળકોના કલ્પાન્ત મટી જવા સિવાય કોઈ જ હિત નથી.

"જા, તારી વાત તારી પાસે રાખ અને મારી આટલી વાત તારી સાથે લેતી જા કે કોઈના ય પોતાના અહિતમાં જગત્‌નું કશું જ સાચું હિત સંભવિત નથી.

શીલનો આદર્શ મારી નાંખીને કરોડો સ્ત્રીઓને હસતી રાખવા કરતાં શીલનો આદર્શ જીવાડવાનું જ હું પસંદ કરું છું. ભલે પછી પરિણામે કરોડો સ્ત્રીઓના સૌભાગ્યને ભૂંસાઈ જવું પડતું હોય."

મુનિ પણ યાચકોની કરુણા કરીને કેટલી કરશે ? જ્યારે એના પરિણામે જન્મનારો પુણ્યબંધ એને કેટલાય સાગરોપમો જેટલા દેવલોકના જીવનની કર્મરાજની નજરકેદમાં ઠોકી દઈને એનું કેટલું અહિત કરશે ?

જિનાજ્ઞાનું બંધારણ સ્વના હિત ઉપર જ મુખ્યત્વે અવલંબે છે. સર્વત્ર આ વાતને સહુએ સમજી રાખવી જોઈએ. [૪]

પ્રશ્ન–આવા પ્રસંગે મુનિ કઠોર હૃદય બનાવી દઈને દિનાદિ યાચકને ન આપે તો પુણ્યબંધનો ભય ન રહે ને?

ઉત્તર–રે! કેવી વાત!

આગમાં તે ઠંડક સંભવી શકે?

મુનિમાં કઠોરતા સંભવી શકે ખરી? અને તે ય કરુણાને જ પાત્ર એવા દીનદુઃખિતો તરફી! અસંભવ! અને કદાચ એક ક્ષણ માટે કલ્પી લો કે જિનાજ્ઞાનો કટ્ટર પાલક મુનિ મનને ખૂબ જ મજબૂત કરી લે છે અને પછી પ્રગટભોજન કરે છે. રાતી આંખે કાકલુદી સાથે યાચકો માંગે છે છતાં એમને આપતા નથી. તો બેશક પુણ્યબંધની આપત્તિમાંથી તો તે ઊગરી જાય પરન્તુ એથી ય મોટી આપત્તિઓના વાદળ ધસી આવે.

જો આ રીતે મનને મક્કમ કરીને માંગણોને ન આપે તો ભૂખ્યાં યાચકોને તેના તરફ બેહદ તિરસ્કાર ઉત્પન્ન થાય. પછી મુનિને ગાળો દે, જૈનોને ગાળો દે, જૈનધર્મને પણ ગાળો દે. આવી જાતનો શાસન પ્રત્યેનો તેમનો ધિક્કારભાવ તેમને નરક–નિગોદાદિ દુર્ગતિના અખાડાઓમાં અનંતકાળ માટે ધકેલી દે.

થોડુંક દ્રવ્યહિત ન કરવાના પરિણામે બીજા આત્માનું આટલું મોટું ભાવ અહિત થઈને ઊભું રહે તે ઈચ્છનીય તો ન જ ગણાય.

જિનશાસનનો આ મર્મ છે કે દ્રવ્યહિત એ બહુ મોટો ધર્મ નથી. છતાં જો દ્રવ્યહિત કરવાથી કોઈનું ભાવહિત થતું હોય અથવા તો તેણે જરૂર દ્રવ્યહિત કરી લેવું જેથી પરવ્યક્તિનું ભાવહિત થાય અથવા ભાવ અહિત તો ન જ થાય.

પરન્તુ આથી પણ આગળ વધીને એ વાત પણ સમજી રાખવી કે પરનું ભાવહિત કરવા જતાં જો સ્વના ભાવહિતને બાધા

પહોંચતી હોય અથવા તો સ્વનું ભાવ અહિત કરવાની જરા ય જરૂર નહિ.

**સ્વ–રક્ષા પ્રથમધર્મ** એક સંયમીનું સાધુપણું મૂકી દેવાથી એક હજાર સંસારી આત્માઓ સાધુપણું સ્વીકારવાની સાચી વાત કરે તો ય એક સંયમી પોતાનું સાધુપણું જતું ન જ કરી શકે. એના સાધુત્વના ત્યાગનો વર્ત્તાવ તો બીજા હજારો સંયમીના સાધુત્વને વળગી રહેવાના આદર્શનો ભૂક્કો બોલાવી દે. એવા સ્વાત્મ અહિતનું કાર્ય કરીને જે પરકીયહિત થાય તે કદી સાચું હિત હોઈ શકે જ નહિ.

એટલે પરકીય હિતાહિતના વિચાર કરતાં ય સ્વકીયહિતાહિતનો વિચાર ખૂબ જ બળવાન્ છે. કેમકે 'સ્વ'ના બલાબલ ઉપર જ પરના બલાબલનો આધાર રહેલો છે.

આ ઉપરથી એ વિધાન ફલિત થાય છે કે જેને પરકીય હિત કરવું હોય તેણે સ્વ–હિતની સાધનામાં જ ઓતપ્રોત બની જવું જોઈએ.

બાળકને દવા પાવા માટે માતાને એનું મોં ખોલવું હોય તો નાક તે દબાવે છે. મોં ફાડવાનો પ્રયત્ન કરતી નથી.

પ્રસ્તુતમાં પણ મુનિએ પ્રગટભોજન કરીને પરના દ્રવ્યહિતનો વિચાર કરીને સ્વકીય પુણ્યબંધાત્મક અહિતનો ભોગ બનવું ન જોઇએ એ જ મુખ્ય વિચાર છે. અને જો કઠોર બનીને પુણ્યબંધના અભાવસ્વરૂપ સ્વહિત સાધવા જાય તો પરાત્માઓ ધર્મ દ્વેષ કરીને કારમો કર્મબંધ કરીને દુર્ગતિમાં ચાલ્યા જાય એટલે પરનું અહિત થઈ જાય.

જેમ સ્વહિત જરૂરી છે તેમ છેવટમાં છેવટે નિમિત્તે પરનું અહિત ન થાય એ જોવાનું પણ ખૂબ જરૂરી છે.

એટલે હવે એક જ રસ્તો રહે છે કે મુનિએ પ્રગટભોજન કરવું જોઈએ નહિ.

પ્રશ્ન—બીજા લોકો આ રીતે ધર્મનો દ્વેષ કરે તેમાં આપણે શું કરવું? આપણે થોડા જ તેમને તેવો દ્વેષ કરવાની પ્રેરણા કરીએ છીએ? એ લોકનું મિથ્યાત્વ જ એવું ખરાબ છે કે તેમની બુદ્ધિને બગાડી નાંખ્યા વિના રહી શકતું જ નથી. આમ પોતાના જ વાંકે પોતાનું અહિત થાય તેમાં તે મુનિઓનો શો દોષ કે જેમના અંતરમાં એમના અહિતના સંકિલષ્ટભાવનો અંશ પણ નથી!

આમ અમારો કહેવાનો આશય એ છે કે મુનિ તો પ્રગટ ભોજન પણ કરી શકે મનને કઠોર રાખીને યાચકોને કશું ય ન દે તો તેને પુણ્યબન્ધનની આપત્તિ આવે નહિ અને યાચકો શાસનદ્વેષ કરે અને તેના પરિણામે દુર્ગતિમાં ધકેલાઈ જાય તો તેમાં તે મુનિનો કોઈ દોષ ન ગણાય. [૫]

ઉ.– બીજા આત્માઓનું અહિત ન થઈ જાય તેવી બીજી પણ કોઈ યોજના વિદ્યમાન હોવા છતાં તે યોજનાને પ્રમાદથી અમલમાં ન મૂકવામાં આવે તો બીજાઓના અહિતકરણમાં પોતે નિમિત્ત બની જાય છે. જિનાજ્ઞા એ છે કે ઉપાય હોય તો પરનું અહિત થવા દેવું નહિ.

આ શાસ્ત્રાર્થને જાણવા છતાં બીજાનું અહિત કરે તેવી પ્રગટભોજનની વિધિ જે મુનિ કરે છે તે મુનિ તેવી રીતે બીજાનું અહિત કરવામાં નિમિત્ત બની જાય છે. આ રીતે પર–અહિત અસર્જન સ્વરૂપ જે શાસ્ત્રાર્થ છે તેને બાધ પહોંચાડીને મુનિ પોતાનું પણ અહિત કરી દે છે.

**મહાત્માઓ પરનું અહિત કદી ન કરે**

પ્રશ્ન–જો પરના અહિતમાં નિમિત્ત બનવા માત્રથી પોતાનું અહિત થઇ જતું હોય તો તો મહામુનિઓનું પણ અહિત થવાની આપત્તિ આવશે.

ક્ષપકશ્રેણિ ઉપર ચડેલા ખંધકમુનિ પણ રાજા અને મારાઓના અહિતમાં નિમિત્ત બન્યા હતા ને? ગજસુકુમાલ મુનિ પણ સોમીલ સસરાના અહિતમાં નિમિત્ત બન્યા હતા ને?

ભગવાન્ વીર પણ સંગમકના અહિતમાં નિમિત્ત બન્યા હતા ને?

તો શું બીજાના અહિતમાં નિમિત્ત બનનારા સહુનું પોતાનું ય અહિત થઈ જાય? ઉપરના પ્રસંગોમાં તો તેવું બન્યું નથી?

ઉ.—બીજાનું અહિત કરવું એ એક વાત છે અને બીજાનું અહિત થઈ જવું એ બીજી વાત છે. આ બે ય વાતો વચ્ચે ઘણું અંતર છે.

મહાપુરુષો કદી પણ કોઈનું અહિત કરતા નથી. એટલું જ નહિ પણ જો એમની એવી કક્ષા હોય કે જેમાં રહીને બીજાનું અહિત થઇ જતું અટકાવી શકે તેમ હોય તો વહેલામાં વહેલી તકે તેમ કરે છે. પરન્તુ જો તેવા સંયોગો જ ન હોય તો બીજાનું અહિત થઈ ગયા વિના રહેતું નથી.

બીજાના અહિતમાં નિમિત્ત તે બને છે જે બીજાનું અહિત કરે છે. એ અહિત ટાળવાનો ઉપાય હોવા છતાં એને અજમાવતા નથી. ખંધકમુનિ કે ગજસુકુમાલ મુનિનો આત્મા શ્રેણિની એવી ઉત્તમ કક્ષાએ પહોંચી ગયો હતો કે ત્યાં પછી બીજુ કાંઇ જ તેમનાથી થઈ શકે તેમ ન હતું. જ્યારે ભગવાન્ વીરનો આત્મા સંગમકનું અહિત ટાળી શકે તેવી સ્થિતિમાં જ ન હતા કેમકે સંગમક અભવ્ય હતો પણ તેમ છતાં પરમાત્મા વીરનો આત્મા રડી ઊઠયો હતો; સંગમકનું એ અશકય એવું પણ અહિત ન ટાળી શકવા બદલ. આવી સ્થિતિમાં એ આત્માઓ બીજાનું અહિત કરનારા ન કહેવાય પરન્તુ એમના નિમિત્તે બીજાનું અહિત અનિવાર્યપણે થઇ જતું હોય છે.

અભવ્ય આત્માઓના નિમિત્તે અનેક ભવ્યાત્માઓ મુક્તિપદ પામે છે પરન્તુ ત્યાં એમ ન જ કહી શકાય કે અભવ્યોએ

એમને મોક્ષે પહોંચાડયા. એમ જ કહેવું જોઇએ કે અભવ્યાત્માથી કે ભવ્યાત્માઓનો મોક્ષ થઇ ગયો.

પ્રસ્તુતમાં બીજા આત્માઓના અહિતને ટાળવા માટે પ્રચ્છન્નભોજનનો ઉપાય વિદ્યમાન છે. છતાં જો પ્રચ્છન્નભોજન કરવામાં ન આવે તો મુનિએ જ પ્રગટભોજન કરીને બીજા આત્માઓનું અહિત કર્યું કહેવાય.

પરાત્માના અહિતની પૂર્ણ સંભાવનાની જાણ હોવા છતાં મુનિ પ્રગટભોજન કરે તો તેનો માનસ પરિણામ કેટલો બધો કઠોર કહેવાય?

મહામુનિઓને અશુદ્ધ મનોભાવ હોતો જ નથી તેથી જ તેઓ પર-અહિતની શકયતાને ટાળે જ છે અને જો પર-અહિતને ટાળવાની શકયતા જ ન હોય તો ય તેમનો ઊર્ધ્વસ્થિતિ પામેલો ચિત્તનો વિશુદ્ધ પરિણામ જરા ય નંદવાતો નથી.

આ સ્થિતિ અપ્રમત્તાદિભાવમાં રમમાણ મુનિઓની જ સંભવે છે. જે મુનિઓ પ્રમત્ત દશામાં છે તેઓ જો પર-અહિતને જોઇ જ રહે અને ઉપાય છતાં નીવારે નહિ તો તેમની ચિત્તની વિશુદ્ધિને ધ્રુજી ઊઠવાની પૂર્ણ શકયતા છે. સંભવ છે કે તેમનો કોમલતમ આંતર પરિણામ કાંઇક કઠોર બનીને દુષિત પણ થતો હોય.

એટલે આ રીતે પ્રમત્ત અને અપ્રમત્ત મુનિના કક્ષાભેદથી કર્તવ્યભેદ ઉત્પન્ન થાય છે. આથી જ નિશ્ચય દૃષ્ટિએ તો આત્મા જ પોતે હિંસક અને અહિંસક કહેવાય છે. અપ્રમત્ત આત્મા હિંસાની પણ બાહ્ય ક્રિયામાં અહિંસક જ કહેવાય. જ્યારે પ્રમત્ત આત્મા અહિંસાની પણ બાહ્ય ક્રિયામાં હિંસક કહેવાય.

નિશ્ચયનયથી સમ્યક્ત્વ સાતમા અપ્રમત્તગુણસ્થાને જ સંભવે છે એ વાત ખ્યાલમાં લેતાં આ વાત બરોબર સમજાઇ જશે.

અપ્રમત્તભાવ એ જ આત્માને પોતાનો અહિંસાધર્મ છે.

પછી એ અપ્રમત્તમુનિના નિમિત્તે બીજા આત્માઓને અપ્રીતિ ન ઉત્પન્ન કરવા રૂપ શાસ્ત્રાર્થનો બાધ કોઈ પણ સંયોગમાં સંભવતો નથી. જ્યારે પ્રમત્તાત્માને આ બાધ સંભવિત બની જાય છે.

શાસ્ત્રાર્થનો બાધ કરીને કોઇ પોતાનું મનફાવતું જીવન જીવી શકે નહિ.

કૂવાનો દેડકો સાગરની ઊંડાઈ માપી–કલ્પી શકતો નથી. છતાં કોઇ દુઃસાહસ કરે તો પોતાનો અને પોતાની સાથેના અનેકોના હિતનો વિનાશ કરે.

માણસ ક્ષણિક છે, માણસની પ્રવૃત્તિ ક્ષણિક છે. ક્ષણિક જીવનના સુખની કલ્પનાઓ દ્વારા શાશ્વત શાસનને ધક્કો પહોંચાડવા જેવું બીજું પાપ કયું હશે?

કોણ ચિરંજીવ? વ્યક્તિ કે શાસન? મનફાવતું જીવન જીવીને જીવતી વ્યક્તિ અંતે તો મરી પરવારશે....જ્યારે શાસન તો તેની હજારો પેઢી સુધી જીવતું જાગતું આગળ વધશે.

**સર્વોપરિ આજ્ઞા-બંધારણ** તો એ શાસનના બંધારણને તોડીને જાતનું જીવન જીવવામાં લાભ છે કે એ બંધારણને વફાદાર રહીને શાસનને વધુ મજબૂત બનાવવામાં વધુ લાભ છે?

જેઓ મનફાવતી પ્રવૃત્તિઓ દ્વારા ભક્તોને ધર્મ પમાડે છે તેઓના ભક્તો વ્યક્તિનિષ્ઠ બને છે. વ્યક્તિની વિદાય સાથે ભક્તોના ધર્મી-જીવન પણ વિદાય લઇ લે છે.

મુનિ તો તેનું નામ છે જે ભકતોને શાસનનિષ્ટ (ઈશ્વર-નિષ્ઠ) બનાવે છે. પોતાની વિદાય પછી પણ એ ભક્તોનું ધર્મ જીવન તૂટી ન પડે તે માટે જ તો.

તમામ બાબતોમાં જાત ગૌણ બને છે શાસ્ત્ર-શાસન–સંઘ એ જ પ્રધાન બને છે.

માટે જ જાતનો ભોગ આપીને સંઘ અને શાસનનું જીવન ટકાવી રાખવું એને જ ધર્મ કહેવાય છે.

જે આત્માઓ સાધુવેષ લઈને આ ધર્મથી ચૂકી જાય છે તેઓ કદાચ વર્ત્તમાનજીવનમાં ભક્તોના સુખ, નામના અને કામના-ની પૂર્તિના સુખ પામી જાય તે બની શકશે પરન્તુ પરમપદને પામવા માટે એ જીવો ઘણા લાંબા કાળ માટે નાલાયક સાબિત થઇ જાય છે; એટલું જ નહિ પણ દેવાદિ સદ્ગતિઓ પણ એમના માટે તો દુર્ગતિ જેટલી જ ત્રાસજનક બની રહે છે.

શાસ્ત્રીય આદર્શોને બાધ પહોંચાડીને જીવનમાં સ્વચ્છંદચા-રિતાને બહેકાવવા જેવું બીજું કોઇ પાપ જગતમાં વિદ્યમાન નથી.

રે ! જ્યારે શાસનની સેવાના નામે પણ શાસ્ત્રીયતાને બાધ પહોંચાડી શકાય નહિ, કેટલીક શક્ય પ્રગતિને પણ જતી કરી દેવી પડે, ખોટ ખાઇ લેવી પડે....તો પછી જાતની સ્વેચ્છાચારિતા માટે તો શાસ્ત્રીય વિધાનોને ઉલટાવી શકાય જ કેમ ? શાસ્ત્રના અર્થોને બાધ પહોંચાડનાર વ્યક્તિ આ કાળમાં તો અતિ વધુ ભયંકર પાપ બાંધે છે; કેમકે વર્ત્તમાનકાળના લોકોને અનુકૂળ-તાનો-સગવડીઓ-ધર્મ જોઇએ છે એમને ખાવત-પીવત મોક્ષ જોઇએ છે એટલે આવી વાતો કરનારાઓને તો તેઓ ભગવાન્ તરીકે જ પૂજી દેવાના...અને શાસ્ત્રીય પદ્ધતિનું શુદ્ધ જીવન જીવનારા મહામુનિઓને 'જૂનવાણી, વેદીઆ' વગેરે ગાળોથી તિરસ્કારી નાંખવાના.

ખરાબને ખરાબ કહેવા કરતાં ય વધુ મોટું પાપ સારાને ખરાબ કહેવાનું છે. એમાં પ્રગટ રીતે નિમિત્ત બનનાર મુનિ પોતાના આશ્રિતોનો જ હત્યારો બને છે. એને વળી મોક્ષ કેવો ? એને વળી સદ્ગતિ કેવી ?

શાસ્ત્રના વિરાટ સાગરનું વલોણું કરીને જો કોઈ માખણભૂત

વિચાર મળી શકતો હોય તો તે એક જ છે કે મનસા, વાચા, કર્મણા પરાત્માને પીડા ન પહોંચાડો....પીડા પહોંચે નહિ એવા પ્રયત્નમાં જ તત્પર રહો એ જ ધર્મ છે, એ જ સ્વને સર્વ-પીડાથી મુક્ત કરવાનો અનન્ય ઉપાય છે.

જીવન જોઈતું હોય તો જીવન આપો....અનંત આત્માઓને મૃત્યુ આપશો તો મૃત્યુ જ પામશો....અનંતી વાર પીડામુક્ત થવું હોય તો પરને પીડામુક્ત કરો. બીજાઓને પીડા દેનારો સેંકડો શાસ્ત્ર-ઔષધિની ખીચડી બનાવીને ખાય તો ય જાતની પીડાથી મુક્ત થઈ શકતો નથી.

સુખ જોઈતું હોય તો સુખ આપો....

દુઃખ આપશો તો સુખ નહિ જ મળે....

મોત પણ સુખે નહિ થાય. ફેરવી લો જગત્ ઉપર સર્વત્ર તમારી આંખ; દુઃખ દેનારો સુખે મર્યો હોય એવો એક કિસ્સો પણ કદાચ નહિ મળે.

માટે જ તો પરમકારુણિક શાસ્ત્રકારમહર્ષિઓ કહે છે કે યદ્યપિ દરેક આત્મા પોતાની જ અશુદ્ધિથી પોતે કર્મથી બંધાય છે. કરોળિયો પોતાની જ લાળથી પોતે બંધાય છે તેમ.

તથાપિ મહામના મુનિવરો કોઈને પણ કર્મબંધ થવામાં પોતે નિમિત્ત ન બની જાય તેની ભારે કાળજી રાખતા હોય છે. કેમકે ઉપાય છતાં જો તેમ ન કરે તો બીજાની અશુદ્ધિમાં નિમિત્ત બની જનાર સ્વયં અશુદ્ધ બની ગયા વિના રહેતો નથી.

ફરી એ જ ન્યાય આવીને ઊભો રહ્યો. તમે અશુદ્ધિ આપશો તો અશુદ્ધિ જ પામશો....શુદ્ધિના જતન કાંઈ તપ-સ્વાધ્યાય માત્રથી થતાં નથી. એ તો શુદ્ધિના દાનથી જ થાય છે.

મુનિ એટલે પરિણામશુદ્ધિનો ભારે લાલચુ.

શુદ્ધિ મેળવવા એણે બીજાને શુદ્ધિનું જ દાન કરવું રહ્યું.

બીજાની અશુદ્ધિમાં નિમિત્ત ન બની જવાય તેની ભારે સાવચેતી રાખવી જ રહી.

એટલે પ્રચ્છન્નભોજન કરવાથી યાચક વગેરેથી સંભવિત ધર્મદ્વેષ ટાળી શકાય તેમ છે તો મુનિએ અવશ્ય પ્રચ્છન્નભોજન કરવું જોઇએ. એમ થતાં યાચકને ભિક્ષા દેવાથી સંભવિત પુણ્ય-બંધની શકયતાનું અને ભિક્ષા ન દેવાથી સંભવિત ધર્મ-દ્વેષમાં નિમિત્ત બનવાથી પાપબન્ધની શક્યતાનું–એ ય નું--નિવારણ થઈ જાય છે. [૬]

પ્ર–શાસ્ત્રને બાધ પહોંચાડીને પણ યાચક વગેરેની કરુણા કેમ ન કરી શકાય? ભૂખ્યા લોકો ભૂખમરો ભોગવે અને સાધુ જોયા કરે, જાતે ખાઈ શકે એ કેટલું લોકવિરુદ્ધ લાગે છે?

ઉ–સૂક્ષ્મદૃષ્ટિના ચિંતનના અભાવને કારણે જ આવો પ્રશ્ન ઉદ્ભવી શકે.

**અનુબંધ[પરિણામ]ની સર્વત્ર વિચારણા** ફરી એક વાર જણાવવું પડશે કે એક વસ્તુ તત્કાળ લાભ કરતી દેખાય એટલા માત્રથી એને સારી ન કહી દેવાય. તત્કાળ લાભની પાછળ જો કોઇ મોટી હાનિ ઉપસ્થિત થઈ જતી હોય તો તે તત્કાળ લાભને જતો કરી દેવામાં જ ડહાપણ છે. જગત્‌ના સઘળા ય ડાહ્યા માણસો આવી જાતનો કાર્યના અનુબંધસ્વરૂપફળનો વિચાર કરે જ છે.

પ્રસ્તુતમાં પણ જો તે રીતનો વિચાર કરવામાં આવશે તો એ વાત સમજાશે કે કરુણાર્ત્ત મુનિઓ ભૂખ્યાને ભોજન આપવા લાગે તો તેના પરિણામે આખો સાધુસંઘ વિચ્છિન્ન થઈ જાય, સહુની સાધુતા મરી પરવારી જાય, ચુસ્તભક્તો પણ સાધુની નિંદા કરીને દુર્ગતિના પંથે ચાલ્યા જાય.

તે શી રીતે? જાણવું છે? સાંભળો ત્યારે. પ્રથમ તો એ વાત છે કે દાતા મુનિને જે ભિક્ષા આપે છે તે મુનિના જીવનના ત્યાગ–તપને ઝૂકી જવાથી ભિક્ષા આપે છે. એવા ત્યાગ-તપનું ઉત્કૃષ્ટ જીવન પોતે પણ ઝંખતો હોય છે. તેને મેળવવાના કરારના બાનારૂપે આ ભિક્ષાદાન છે. આજે ભિક્ષુને ભાવથી ભિક્ષા દેનાર આવતી કાલે સ્વયં ભિક્ષુ બને છે. હવે જ્યારે દાતાએ મુનિવર્ગના ઉપભોગ માટે ભિક્ષા આપી છે ત્યારે તે ભિક્ષા મુનિવર્ગ સિવાય કોઇના પણ ઉપભોગમાં લઇ શકાય નહિ. આ વાત એટલે સુધી કહી છે કે દાતા જો અમુક જ મુનિને આપવાની વાત કરીને ભિક્ષા આપે તો તે ભિક્ષા તે મુનિ સિવાયના કોઇ પણ મુનિથી ય વાપરી શકાય નહિ.

**લૌકિક બંધારણમાં પણ આશયરક્ષા** દુનિયાના ન્યાયાલયોમાં પણ આવું જ બંધારણ છે. મરણ પામતી વ્યક્તિ જે રકમનું દાન જે સંસ્થાને કરે તે જ સંસ્થાને તે રકમ આપવી પડે. તે વ્યક્તિના પુત્રો કે વકિલો—કોઇ પણ–મૃતાત્માના આશયથી વિરુદ્ધ જઈને કશો ફેરફાર કરી શકતા નથી. વર્ત્તમાન સમાજના છીછરા માનસવાળા લોકો એવી વાતો કરતાં થયા છે કે જે રકમ જમણવાર વગેરે કરવા માટે મૃતાત્મા નક્કી કરી ગયા હોય તે રકમ બીજા કામોમાં વાપરી નાંખવી જોઇએ. નાતના જમણવારો તો પૈસાના ધુમાડા છે ધુમાડા!

પરન્તુ કોર્ટ આવા લોકોને માન્ય કરતી નથી. આ જ વાત ધર્મ–ન્યાયમાં પણ છે.

અમુક જ મુનિને ઉદ્દેશીને અપાએલી ભિક્ષા જો તે મુનિ કોઇ કારણે ન વાપરી શકે તો તેનું વિસર્જન કરી દેવું પરન્તુ બીજા કોઇ પણ મુનિએ તેનો ઉપભોગ કરવો નહિ એવું ખૂબ જ સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે.

આ જ રીતે મુનિવર્ગને ઉદ્દેશીને અપાએલી ભિક્ષા મુનિવર્ગ સિવાયના બીજા કોઇથી પણ લઇ શકાય નહિ. રે ! કદાચ ભિક્ષા દાતા પોતે તે ભિક્ષા પાછી માંગે તો તેને પણ દેવાય નહિ.

મમ્મણશેઠના પૂર્વજીવનમાં આવું જ બન્યુ હતું ને ? સિંહકેસરીઆ મોદક મુનિને વહોરાવ્યા બાદ તેનું મન ચલિત થયું અને તે દોડયા મુનિની પાછળ.

મુનિ પાસે મોદક પાછા માગ્યા. મુનિએ કહ્યું, "હવે ન દેવાય." પેલા શેઠે કહ્યું, "જો મને નહિ દો તો તમને આગળ વધવા નહિ દઉં." "બહુ સારું" કહીને મુનિએ તે બધા મોદક ધૂળમાં નાંખી દઇને રગદોળી નાંખ્યા."

સ્થૂલદૃષ્ટિએ આ પ્રવૃત્તિમાં ઔચિત્ય ન પણ જણાય પરન્તુ સૂક્ષ્મદૃષ્ટિએ આમ કરવું તે જ ઉચિત છે.

જિનશાસન સિદ્ધાન્તને અને સંઘને જીવાડવામાં માને છે. તે સિવાયની સઘળી દુનિયા જીવે તો વાહ વાહ. પરન્તુ સિદ્ધાન્ત કે સંઘની રક્ષા ખાતર બીજા કોઈને કશુંક નુકશાન થઈ જતું હોય, કોઇને મરી જવું પડતું હોય તો તેને લેશ પણ બાધ નથી.

સિદ્ધાન્તને જીવતો રાખવા માટે મરનારો તો અપૂર્વ તાજગીભર્યા નવીન જીવનો પામતો જ રહે છે.

સંઘની સુરક્ષા ખાતર રણમાં માથાં રગદોળી નાંખનારો આત્મા મુક્તિની મંગળમાળા વરે છે.

મુનિવર્ગના ઉપભોગના ઉદ્દેશથી અપાએલી ભિક્ષા મુનિવર્ગ સિવાયની કોઈ પણ વ્યક્તિને આપવાથી દાતાના વિશ્વાસઘાતનું ભયંકર પાપ લાગે છે એ પહેલી વાત.

બીજી વાત એ છે કે આ રીતે બીજાઓને ભિક્ષાન્ન આપી દેવાથી દાતાઓના દિલને આઘાત પહોંચે છે. તેમના

અંતરમાં એ વિકલ્પ સ્વાભાવિક રીતે જાગે છે કે શું આ માટે અમે મુનિઓને ભિક્ષાન્ન આપીએ છીએ? જો મુનિઓ ભિક્ષાન્ન લઈને બીજા અત્યાગી–સંસારી માણસોને જ આપી દેવાની ઉદારતા દેખાડવા માગતા હોય તો અમારે હવે તેમને ભિક્ષાન્ન આપવાની શી જરૂર છે? આજે એ મુનિઓ ગરીબોને ભિક્ષાન્ન આપશે તો આવતી કાલે કૂતરાઓને ય રોટલા રોટલી નાંખશે.”

શું આ વિકલ્પ વિચારણીય નથી લાગતો? કરુણા કાંઇ એકાદ વ્યક્તિ પૂરતી મર્યાદિત તો હોય જ નહિ. જગત્‌માં દીન દુઃખિતોનો ય તોટો નથી.

કૂતરાની દુનિયા ય કાંઇ નાની સૂની નથી. આની સામે દયાળુઓનો મોટો દુકાળ પડયો છે.

એટલે પછી તો મુનિ એકને ભિક્ષાન્ન આપશે, બે ને આપશે, બાર ને આપશે પછી કેટલાને આપશે? દાતાની જાણ થતાં યાચકોના ધાડે ધાડા ત્યાં ઊતરી જ પડવાના. પછી મુનિએ શું કરવું? ભાવુક લોકોને ત્યાં જઈને ભિક્ષાની ઝોળીઓ ભરી ભરીને લઈ આવવી ને? અને ઉપાશ્રયની બહાર એકઠા થએલા યાચકોના ટોળાંને એક કતારમાં ઊભા રાખીને ભિક્ષાન્ન વહેંચવા નીકળવું ને? પછી વારો આવે કૂતરા-કૂતરીઓની જમાતનો..... ઉપાશ્રયમાં પેંધી ગએલી....વિહારમાં ય કેડો ન મૂકતી....

કલ્પના કરો કે કરુણાર્ત્ત મુનિના જીવનની કેવી દશા થાય? એના સ્વાધ્યાયનું શું? એની ગુરુભક્તિનું શું? એની નિત્યક્રિયાઓનું શું?

**મુનિને માનવતાના કાર્યો ન સોંપાય**

આ તો ગૃહસ્થોનું કાર્ય છે. સુખી ગૃહસ્થે આવી દ્રવ્યદયા કરીને લોકોના સુખમાં

જૈનધર્મની પ્રશંસાના શબ્દો મૂકી દે—અને એ રીતે સ્વ–પરની ભાવદયાને સિદ્ધ કરે.

પણ આજે તો જમાનો આવી લાગ્યો છે; સુધારકોનો. ના.... ના....એવાઓને બગાડકો જ કહેવા જોઈએ કે જેઓ જાતના કર્તવ્યોથી વિમુખ થઈને પોતાનું ગૃહસ્થ જીવન બગાડે છે, અને સાધુ સંસ્થાના માથે એવા કર્તવ્યોનો પચાસ મણિયો ભાર લાદી દઈને એમનું સાધુ–જીવન પણ બગાડે છે.

કરુણાર્ત્ત સાધુ યાચકને ભિક્ષાન્ન કેમ ન આપે? એ વાંકો પ્રશ્ન આ બગાડકોની દુનિયામાં જ ઊઠતો હોય છે.

કરુણાર્ત મુનિ આ રીતે યાચકોને ભિક્ષાન્ન દે તે કરતાં શાસ્ત્રોક્ત દ્રવ્યદયાનો ગૃહસ્થોને ઉપદેશ આપીને તેમના દ્વારા યાચકોને ભોજન ન અપાવી શકે શું?

**મુનિઓ મુખ્યત્વે પરના પાપનાશક જ છે.**

જગતના જીવોના દુઃખોને શમાવવાનું કામ ગૃહસ્થ-સંસ્થાનું છે, એમના પાપોને શમાવવાનું કામ સાધુ સંસ્થાનું છે. જો સાધુઓ જગતના દુઃખો શમાવીને લોકોને અર્થકામથી સુખી કરવા જશે તો જગતના પાપોને કોણ ધોશે?

યાદ રાખજો કે જગતને જે અર્થકામ પૂરા પાડવામાં આવે છે તે અર્થકામ એ એવા ઉત્તેજક ઔષધો છે જેના સેવનથી અર્થકામ વાસનાની ભયાનક ગરમી આત્મામાં ફૂટી નીકળે છે. આ ગરમીને જો શાન્ત કરવામાં ન આવે તો વિશ્વમાં એકબીજાની કાપાકાપી સિવાય કશું ય જોવા ન મળે.

અર્થકામના સુખ તો જગત્ દે છે, અને સહુ પોતાની જાતે એને મેળવ્યા વિના રહી શકતા નથી. પરન્તુ એની આગને શાન્ત કરનારા તો આ દુનિયાના સાચા સંતો જ છે. એમની પાસે જો અર્થકામપૂર્ત્તિનો ધંધો કરાવશો તો પેલી આગને ઠારશે

કોણ? નથી જાણતા એ આગની ભયાનકતા? જે દેશોની ભૂમિ ઉપર સાચા સંતો ફરતા નથી એ દેશોની નવી પેઢીઓ એ આગમાં હોમાઈને ભડથું થઈ ચૂકી છે.

એકલી કેમ્બ્રીજ યુનીવર્સીટીની વાત કરું! આ યુનિવર્સીટીમાં ૫૦ હજાર છોકરા-છોકરી એક સાથે ભણે છે. અહીં લગભગ કોઈ પણ છોકરી ભગિની બનતી નથી; ભગિની બનવાનું પસંદ જ કરતી નથી. દરેક છોકરીને દરેક છોકરાની શય્યાભાગિની જ બનવાના કોડ હોય છે. એ કોડને પૂરા કરવા માટે ત્યાં સંપૂર્ણ સ્વાતંત્ર્ય હોય છે. ગમે ત્યારે, ગમે તે છોકરાને, ગમે તે છોકરી શય્યામાં (ompany)આપે છે.પર્સમાં ગર્ભનિરોધક પીલ્સ કાયમ રાખીને....

જ્યાં સાચા સંતો નથી ત્યાં આ સ્થિતિ છે. ભારતના સંતોને પણ દીનદુઃખિતોની દયા કરનારા, ભોજનશાળા, ધર્મશાળા કે દવાખાનાઓ અને સ્કુલોના ફંડ કરાવી આપનારા બનાવી દેશો તો એમનું આધ્યાત્મિક કેન્દ્ર ભાંગીને ભુક્કો થઇ જશે. બેશક જગતના લોકો માટે 'એ વગર પૈસાના મુનીમ' ની પોસ્ટ ખૂબ સારી રીતે જાળવી શકશે.... પૈસા ન મળવા છતા માન ચાંદ મળી જાય એ જ એમને મન મોટી સંપત્તિ બની રહેશે.

મુનિ જો જગતના પાપાર્ત્ત અને દુઃખાર્ત્ત જીવોના પાપનાશની ભાવનાથી વેગળો બનીને દુઃખનાશ માટે ઉદ્યત બની જાય તો એ પોતાનું મુનિજીવન ય ખોઈ બેસે; ભાવુક ધર્માત્માઓ ભિક્ષાન્ન દેવાનું બંધ કરવા લાગે....એમ વિચારીને કે એમ કાંઈ કૂતરા અને ગરીબ છોકરાં માટે અમે ભિક્ષાન્ન દેતા નથી.... મુનિને તેમ જ કરવું હોય તો અમારે આજથી ભિક્ષાદાન બંધ."

કહો....શું પરિણામ આવ્યું? ગરીબોના અને કૂતરાનાં પેટ ભરનારા મુનિને જાતનું પેટ ભરવાનો પ્રશ્ન જ પ્રાણપ્રશ્ન થઇ પડયો....

જગજંતુના પાપનાશ કરવાનું તો દૂર રહ્યું !

હવે એમના દુઃખનાશની ય વાત અભરાઇએ ચડી અને જાતનું મુનિજીવન ફડચામાં ચાલ્યું એનો ભય વધતો ચાલ્યો !!!

આજના બગાડકોને આ વાત કોણ સમજાવે ? સાચા સંતોને આવું સમજાવવાની ઝાઝી પરવાહ હોતી નથી. અને નામના-કામનાના ભૂખ્યાઓ—મુનિસંઘમાં પેસી ગએલા દંભીઓ—તો શાસ્ત્રવચનની જાણકારીના અભાવે લોકોને મનગમતું ભસડવાનું ભયાનક પાપ કરીને જગત્‌ને વધુ ને વધુ બગાડી જ રહ્યા છે.

જિનશાસ્ત્રની દરેક પરિભાષા પરિપૂર્ણજ્ઞાનીની બાંધેલી પરિભાષા હોય છે.

કુવાના દેડકાને સાગરના અતળ ગાંભીર્યનો ખ્યાલ ન જ આવી શકે.

**દેશકાળના નામે થતી વાતોની ધર્મ દ્રસકતા**

શાસ્ત્રના તમામ અર્થો સમગ્ર વિશ્વદૃષ્ટાના અતીત-અનાગત કાળદર્શીના છે એટલી જ વાત જો ખ્યાલમાં આવી જાય તો દેશ કાળના નામે ચાલતી 'બાંધછોડ' ની વાતો જન્મવા જ ન પામે, એટલું જ નહિ પણ પોતાની નજરમાં કર્તવ્યરૂપ દેખાતી વાત પણ જો શાસ્ત્રની જોડે મેળ ખાતી ન હોય તો લેશ પણ ખેંચતાણ કર્યા વિના તે પ્રવૃત્તિની કર્ત્તવ્યતાનો વિચાર તત્ક્ષણ ફગાવી દેવાની હિંમત પણ પ્રગટ થઇ જાય. ઉપદેશપદ ગ્રન્થમાં આચાર્ય ભગવાન્ હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે, "એક વસ્તુ સુંદર દેખાવા માત્રથી સુંદર કહી શકાય નહિ, પરિણામમાં જો તે સુન્દર હોય તો જ સુન્દર કહી શકાય."

શાસ્ત્રના તમામ વિધેયો પરિણામની સુન્દરતા સાથે સંબંધ રાખતા હોય છે, અને એના તમામ નિષેધો પરિણામની અસુન્દરતા

સાથે સંબંધ ધરાવતા હોય છે. પછી વર્ત્તમાનમાં–દેખાવમાં તે ગમેતે હોય સુન્દર કે અસુન્દર–તેની સાથે કોઈ નીસ્બત નથી.

પ્રગટભોજન નહિ કરવાના–નિષેધાત્મક શાસ્ત્રાર્થ પાછળ પરિણામની જે અસુન્દરતા સંબંધ ધરાવે છે તેનો આપણે ઉપર વિચાર કરી ગયા.

દૃષ્ટ એટલે પ્રત્યક્ષ પ્રમાણ અને ઈષ્ટ એટલે પરોક્ષ પ્રમાણ–(મોક્ષાદિ)ની સાથે અબાધિત રહેતા શાસ્ત્રીય વિધાનો હોય છે એટલે એવા શાસ્ત્રાર્થનો મનમાં પણ અનાદર કરવો જોઈએ નહિ.

જો ખેડૂત એમ કલ્પના કરી બેસે કે, "કોણ જાણે આટલી બધી મજૂરી કરવા જતાં ય વરસાદ આવશે કે નહિ આવે?" તો તે ખેડૂત ખેતી ખેડવા વગેરેની પ્રવૃત્તિ પ્રત્યે આદર નહિ ધરાવે. તેમ થવાથી તે પ્રવૃત્તિમાં કશો ભલીવાર નહિ આવે. એથી સારો વરસાદ થાય તો ય તેનું સુંદરમાં સુંદર ફળ તેને નહિ જ મળે.

પરોક્ષ વૃષ્ટિમાં પૂર્ણ શ્રદ્ધા હોય તો જ એ ખેડૂત ભારે આદરથી ખેતીનું કાર્ય કરી શકે. જેમ કાર્ય વધુ કઠોર વધુ મહેનત માંગનારું તેમ તે કાર્યના ફળ પ્રત્યે વધુ શ્રદ્ધા જોઈએ જેથી તે કાર્ય ખૂબ જ આદરપૂર્વક થઈ શકે.

મુમુક્ષુ આત્માને પણ 'મોક્ષપદ' માં પૂર્ણ શ્રદ્ધા હોય તો જ કઠોર જીવન જીવવાનું ફરમાવતા શાસ્ત્રાર્થ પ્રત્યે ભારે આદર જાગે....

પ્રશ્ન–પણ શાસ્ત્રો તો એટલા વધુ કઠોર જીવનની હિમાયત કરે છે જે આજના નમળાં દૂબળા શરીરથી તો જીવી શકાય જ નહિ. એમાં ય વળી ડાલડા ઘી ખાઈને તૈયાર થએલા દિમાગની તીક્ષ્ણતા કેટલી હોય? અને દિલમાં હિંમત પણ કેટલી હોય?

આવી નિર્બળતાને કારણે કઠોર શાસ્ત્રાર્થને બાધ આવ્યા જ કરવાનો.

ઉ–શાસ્ત્રકારોએ કહ્યું છે કે આદર્શ તો કઠોરમાં કઠોર જીવનનો જ રાખવો. પછી તમારી જેટલી શક્તિ પહોંચે તે મુજબનું શાસ્ત્રીય જીવન જીવવું.

**હમેશ આદર્શ સર્વોચ્ચ સેવો** ચંડોળ નામનું પક્ષી રોજ સવાર પડે અને ઈચ્છે છે કે હું સૂર્યને પકડી લઉં.... અને રોજ ઊંચે ને ઊંચે ઊછળી ને નીચે પડી જાય છે. આવી ચંડોળ વૃત્તિ તો હોવી જ જોઇએ. પછી કેટલો ઉછાળો આવે એ આંતર વીર્ય અને શરીરબળ ઊપર આધાર રાખે છે. આદર્શ ઊંચો હોય તો જ વધુ આગળ જઈ શકાય.

લાખ રૂપિયા કમાવાના આદર્શવાળો ૫–૧૦ હજાર જ કમાય, પણ કરોડ રૂપિયા કમાવાના આદર્શવાળો પાંચ દસ લાખ રૂપિયા કમાઈ જાય છે.

આજે આપણે વધુ નીચે ગયા હોઈએ તેમાં મુખ્ય કારણ આપણે આદર્શની કલ્પનાની પાંખો તોડી નાંખી છે. ઊંચા આદર્શોને કલ્પવામાં પણ માનવ પાછો પડ્યો છે. જે વાત એને સંભવિત લાગતી નથી એને કલ્પવા પણ એ તૈયાર નથી. પણ આ જ મોટી ભૂલ છે. માનવમનની આ જ નબળાઈ છે. કોણ એને સમજાવે કે અશક્ય પણ કલ્પનાના દોરડા પકડવા દ્વારા એક દી શક્ય બની જાય છે.

મુમુક્ષુએ પોતાના જીવનમાં ઉચ્ચતમ આદર્શોના સ્વપ્નો સેવવા જોઈએ અને પછી જેટલું શક્ય હોય તેટલું જીવનમાં વણી લેવું જોઈએ.

શકયની આરાધના એ જ મોક્ષમાર્ગની ઉપાસના છે, જો સાથે અશકયને શક્ય બનાવવાની તમન્ના થનગનતી હોય તો.

અશકયની આરાધના કરવાનું શાસ્ત્રમાં કયાં ય કહ્યું નથી. એવી આરાધનાને તો વિરાધના જ કહેવાય.

જીવનમાં જે શક્ય હોય તેનો અવશ્ય અમલ કરો, જે અશક્ય હોય તેના કટ્ટર પક્ષપાતી બનો આ જ શાસ્ત્રાર્થ છે. આવા શાસ્ત્રાર્થની આરાધના એ જ મોક્ષનો અનન્યમાર્ગ છે.

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં મહોપાધ્યાયજીએ કહ્યું છે કે જે મુમુક્ષુઓ પોતાના માટે શક્યનું પણ આરાધન કરવામાં પીછેહઠ કરે છે તેઓ ભયંકર કોટિનું ચારિત્રમોહનીયકર્મ બાંધે છે.

જેમ રાગ-દ્વેષના અધ્યવસાયથી ચારિત્રમોહનીયકર્મનો બંધ પડે છે તેમ વીર્યને ગોપવવાથી પણ ચારિત્રમોહનીય કર્મનો બંધ પડે છે.

મુમુક્ષુ એટલે મોક્ષનો આરાધક.

મોક્ષની આરાધના માટે શાસ્ત્રાર્થને (આગમ પ્રમાણને) નજરમાં રાખવા સિવાય બીજો કોઈ જ રસ્તો નથી.

જે મુમુક્ષુઓ પોતાના જીવનના ઉત્થાન માટે શાસ્ત્રાર્થને નજરમાં રાખતાં નથી એમના પતન માટે લોકયાત્રાદિની જાળ મોહરાજે તૈયાર જ બીછાવેલી હોય છે.

એક પળ માટે પણ શાસ્ત્રાર્થપદ્ધતિનું જીવન દૂર મૂક્યું, થાક લાગ્યો અને વિશ્રાન્તિ લીધી, જરાક ઝોકું આવ્યું.... કે ખેલ ખતમ.

આધ્યાત્મિક દુનિયાના આરાધકનું ઝોકું, ઝોખું બની જાય છે. જરાક વધુ બેદરકાર રહે તો અધ્યાત્મભાવનું કપાઈ ગએલું માથું હાથમાં આવીને પડે છે.

અનાદિકાળના નામના-કામના વગેરેના પાપ અધ્યવસાયો એટલા બધા આત્મસાત્ થઈ ચૂક્યા હોય છે કે ખૂબ જ પ્રયત્ને કાંઈક સિદ્ધ કરેલા ધર્માધ્યવસાય જરાક દૂર મુકાય કે તે બધા એક સાથે ઊછળી પડે છે.

**લોકહેરીનું ભયંકર પાપ**

આમાં ય લોકહેરીનું પાપ એ તો સર્વપાપના બાપ જેવું છે. જે મુમુક્ષુ પોતાનામાં જ પલાઠી મારીને બેસી ગયો છે એની પલાઠી છોડાવી નાંખવી હોય તો એક જ સફળ કીમિયો મોહરાજ પાસે છે....એને ઊંચકીને લોકહેરીના વહેણમાં વહેતો મૂકી દેવો.

ભક્તો આવે....માનપાન દે; ખાનપાનનો રસ ચખાડી દે....પછી ભક્તાણીઓ આવે, લટકાં કરે....ખેલ ખલાસ.

રે! પરપુદ્‌ગલનો સંગ માત્ર–દેહાધ્યાસ–પણ લોકયાત્રા છે એમ સમજી લો. લોકમાં યાત્રા કરાવે તે બધા ય પાપ લોકયાત્રા કહેવાય. હા એમાં મુખ્યતા તો પરપરિચયના પાપની જ ગણી શકાય.

જેને શ્રેષ્ઠકોટિના સાધુજીવનની તીવ્ર અભિલાષા હોય તેણે બીજું કાંઈ જ કરવાની જરૂર નથી, માત્ર લોકહેરીનો એ ત્યાગ કરે; લોકોથી એ કદી ન લલચાય, ન દોરવાય. એનું કાર્ય તો જગત્‌ના લોકોને મોક્ષના પંથે દોરવવાનું છે.

એક ક્ષણનો પણ લોકપરિચય નહિ? ના....ક્ષણનો ય નહિ. વૃદ્ધાવસ્થા આવી ગયા પછી પણ નહિ. છેલ્લા શ્વાસ ચાલતા હોય ત્યારે પણ નહિ. શાસ્ત્રીય જીવનપદ્ધતિથી ઊંચામાં ઊંચા આધ્યાત્મિક બળનું કેન્દ્રસ્થાન જે મુનિદેહ બને છે એને તો લોકસ્પર્શ પણ હાનિકારક છે. અપવિત્રોના દાહક સ્પર્શે એના અંતરમાં આગ ચંપાય! રોમ રોમમાં દાહ વ્યાપે.

જ્યારે આટલી હદ સુધી લોકયાત્રાને ત્યાગવાની છે ત્યારે દીનહીન યાચકોના ટોળામાં ફરીને રોટલી–રોટલા આપવાની પ્રવૃત્તિ તો મુનિજીવનમાં સંભવે જ શેની?

માટે જ મુનિએ પ્રગટભોજન કરવું જોઈએ નહિ. સદા પ્રચ્છનભોજી બનવું જોઈએ. અને એ રીતે શાસ્ત્ર સેવા કરીને

વિશિષ્ટ બળ ઉત્પન્ન કરીને એ બળને જગતના જીવો ઉપરની ધરખમ કરુણાના બળમાં મિલાવી દઈને એ જીવોના પાપનાશ કરવા જોઈએ.

જગજ્જંતુની સાચી કરુણા પાપનાશની છે, દુઃખનાશની નહિ. [૭]

સમગ્ર વિચારણાનો સાર એ આવ્યો કે મુનિએ પ્રગટ-ભોજન કરવું એ બિલકુલ વ્યાજબી નથી. કેમકે પ્રગટભોજન કરતાં જો યાચના કરતાં દીનદુઃખિતોને ભોજન આપે તો પુણ્ય-બન્ધાદિ થાય અને જો ન આપે તો પાપબન્ધાદિ થાય.

વળી લૌકિકનીતિની અપેક્ષાએ પણ મુનિને પ્રગટભોજન ત્યાજ્ય કહ્યું છે. ત્યાં કહ્યું છે કે ઈહલોકની અપેક્ષાએ પણ દરિદ્રાત્માઓએ તો અવશ્ય પ્રચ્છન્નભોજન જ કરવું જોઈએ. પરલોકની અપેક્ષાએ તો પૂર્વે કહ્યા મુજબ પ્રગટભોજન દુષ્ટ છે જ.

આથી આત્મહિતાર્થી સંસારત્યાગી આત્માઓએ તો પ્રચ્છન્નભોજન જ કરવું જોઈએ.

જૈનેતર દર્શનસ્થ સંન્યાસીઓ વગેરે પ્રગટભોજન કરે છે તે યુક્તિસંગત નથી. જો તેઓ ખરેખર મોક્ષાભિલાષી હોય તો તેમણે અવશ્ય પ્રચ્છન્નભોજી બનવું જોઈએ.

પ્રસ્તુત અષ્ટકની વિવેચનામાં કરુણાથી પરદ્રવ્યદયા કરવા જતાં 'સ્વ'ને થતાં પુણ્યબન્ધના અહિતને જણાવીને તેના દ્વારા એક અપૂર્વ સિદ્ધાન્ત પ્રગટ કરવામાં આવ્યો છે કે પરની દ્રવ્યદયા એવી તો ન જ હોવી જોઈએ કે જે સ્વ-પરના ભાવ-અહિતમાં પણ ચલાવી લેવાય પરન્તુ સ્વનું ભાવ-અહિત તો ન જ ચલાવાય. સ્વના ભાવહિતની જાગવણીમાં પરનું ભાવ-અહિત પણ દૂર થઈ જવાની મોટી શકયતા જીવતી રહે છે.

# પ્રત્યાખ્યાન–અષ્ટક

[૮]

द्रव्यतो भावतश्चैव प्रत्याख्यानं द्विधा मतम् ।
अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यच्चरमं मतम् ॥१॥

શ્લોકાનુવાદ :—

પ્રત્યાખ્યાન બે પ્રકારના છે : દ્રવ્યથી અને ભાવથી. અપેક્ષા, અવિધિ, વગેરે સાથેનું દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવાય છે. તેથી અન્ય ભાવપ્રત્યાખ્યાન કહેવાય છે.

अपेक्षा चाविधिश्चैवापरिणामस्तथैव च ।
प्रत्याख्यानस्य विघ्नास्तु वीर्याभावस्तथा परः ॥२॥

ભાવપ્રત્યાખ્યાનમાં આ ચાર વિઘ્નો છે.

(૧) અપેક્ષા
(૨) અવિધિ
(૩) અપરિણામ
(૪) વીર્યાભાવ

लब्ध्याद्यपेक्षया ह्येतदभव्यानामपि क्वचित् ।
श्रूयते न च तत्किञ्चिदित्यपेक्षात्र निन्दिता ॥३॥

**અપેક્ષા :**—ભોજન, યશપ્રાપ્તિ આદિની અપેક્ષા સાથેના સર્વવિરતિ આદિ પ્રત્યાખ્યાનો કયારેક અભવ્યોને પણ સંભળાય છે. એવા પ્રત્યાખ્યાનોનો કોઈ અર્થ નથી. માટે તે અપેક્ષાઓની શાસ્ત્રમાં નિન્દા કરવામાં આવી છે.

यथैवाविधिना लोके न विद्याग्रहणादि यत् ।
विपर्ययफलत्वेन तथेदमपि भाव्यताम् ॥४॥

**અવિધિ :**—જેમ લોકમાં પણ અવિધિ સાથે કરાતી વિદ્યાગ્રહણાદિ પ્રવૃત્તિ વિપરીતફલ આપે છે તેમ અહીં પણ સમજવું.

अक्षयोपशमात्त्यागपरिणामे तथाऽसति ।
जिनाज्ञाभक्तिसंवेगवैकल्यादे तदप्यसत् ॥५॥

**અપરિણામ :**—જ્ઞાનાવરણીયાદિ કર્મોનો તેવો ક્ષયોપશમ ન થવાથી સાવદ્યના ત્યાગનો સુંદર પરિણામ ચિત્તમાં જાગતો નથી. આવી સ્થિતિમાં જે કાંઈ વ્રતપચ્ચખ્ખાણુ થાય તેમાં તીર્થંકરદેવની આજ્ઞા પ્રત્યે બહુમાન, મુક્તિનો રસ વગેરે ભળતા નથી એટલે એ પણુ ભાવપ્રત્યાખ્યાન કહેવાય નહિ.

उदग्रवीर्यविरहात् क्लिष्टकर्म्मोदयेन यत् ।
बाध्यते तदपि द्रव्यप्रत्याख्यानं प्रकीर्त्तितम् ॥६॥

**વીર્યાભાવ :**—વિશિષ્ટ વીર્યના અભાવને કરણે જાગી ઊઠેલા ક્લિષ્ટકર્મોના ઉદયને કારણે જે ગ્રહણુ કરેલું પ્રત્યાખ્યાન બાધિત થઈ જાય તે પણુ દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવાય છે.

एतद्विपर्ययाद्भावप्रत्याख्यानं जिनोदितम् ।
सम्यग्चारित्ररूपत्वान्नियमान्मुक्तिसाधनम् ॥७॥

**ભાવપ્રત્યાખ્યાન :**—દ્રવ્યપ્રત્યાખ્યાનથી વિપરિત જે જિનોક્ત પ્રત્યાખ્યાન તે ભાવપ્રત્યાખ્યાન છે તે સમ્યક્ચારિત્ર-સ્વરૂપ હોવથી અવશ્ય મોક્ષ-કારણુ બને છે.

जिनोक्तमितिसद्भक्त्या ग्रहणे द्रव्यतोऽप्यदः ।
बाध्यमानं भवेद्भावप्रत्याख्यानस्य कारणम् ॥८॥

ઉપર કહેલા અપેક્ષાદિવાળા અપ્રધાન દ્રવ્યપ્રત્યાખ્યાનો પણુ જો 'જિનાજ્ઞાની સદ્ભક્તિથી યુક્ત હોય તો તે ભાવપ્રત્યાખ્યાનનું કારણુ બની જાય છે.

**વિવેચના:—**

**પ્રચ્છન્ન રીતે ભોજન કરી લીધા બાદ મુનિએ તરત જ પ્રત્યાખ્યાન કરી લેવું જોઇએ.**

મહાકરુણામયી માતા–જિનેશ્વરોની એ આજ્ઞા છે કે જેમ બને તેમ વધુ વિરતિમાં રહો. અવિરતિમાં એક ક્ષણ પણ ન રહો. **અવિરતિનું** ‘અવિરતિ’ એટલે શું ? તે આપણે જોઈએ. ભોગ **સ્વરૂપ** તરફની દોટ ઉપર બ્રેક ન મારવો તે અવિરતિ છે. વિરતિ એટલે એ દોટ ઉપર બ્રેક.

બ્રેક એટલે પ્રતિજ્ઞાપૂર્વકનો ત્યાગ.

પ્રતિજ્ઞા વિનાના ત્યાગની જિનશાસનમાં કાંઈ કિંમત નથી. ઉનાળામાં હજારો ટન કેરી પાકે છે. કોઈ પણ માણસ બધી કેરી આસ્વાદી પણ શકતો નથી. ખાય છે; તો ય આખી સીઝનની માત્ર બે–પાંચ દસ મણ કેરી અને ત્યાગે છે; બાકીની હજારો મણ કેરી. છતાં એ ખાધાનું પાપ જરૂર બાંધે છે, પરન્તુ ત્યાગ્યાનું પુણ્ય જરા પણ બાંધતો નથી. એટલું જ નહિ પરન્તુ ત્યજાઈ ગએલી કેરીઓ પણ ખાધી હોય તેટલું તેને પાપ જ લાગે છે.

કદી બટાટા નહિ ખાનારો જૈન જો બટાટાની પ્રતિજ્ઞા નથી કરતો તો એ લાખો ટન બટાટા ખાધાનું જ તેને પાપ લાગે છે.

વિશ્વમાં ભોગોનો કોઇ સુમાર નથી; ભોગોની જાતોનો કોઇ પાર નથી; એકેકી ઈન્દ્રિયના ભોગોના પણ વૈવિધ્યનો કોઈ અન્ત જાણે નથી. આ બધું ય કદી કોઈ ભોગવતું નથી છતાં એ બધાયના ભોગનું જ પાપ પ્રતિજ્ઞાવિહોણાને પ્રતિસમય લાગ્યા કરે છે.

નયવિશેષથી એક સ્ત્રીનો ભોક્તા સર્વસ્ત્રીનો ભોક્તા ગણાય છે. એક રેડિયો સાંભળનાર સર્વ રેડિયાનો સાંભળનાર ગણાય છે. એક

ફુલનો સુંઘનાર સર્વ પુષ્પોનો સુંઘનાર ગણાય છે. ના....ના એથી ય આગળ વધીએ.

એક પણ વસ્તુનો ભોગ ન ભોગવી શકનાર સર્વ વસ્તુનો ભોક્તા ગણાય છે. વસ્તુ ત્યાગવા છતાં જો તેની પ્રતિજ્ઞા નથી, તેના સોગંદ નથી....તો તે વસ્તુ ત્યાગ્યાનું કોઇ ફળ પ્રાપ્ત થતું નથી.

એટલે જ એમ કહી શકાય કે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન વગેરે પાપો એ જેવા પાપ નથી એથી ખૂબ જ ભયંકર અવિરતિનું પાપ છે.

એ અવિરતિના કારણે જ હિંસાદિ પાપોમાં ભયંકર ઉત્તેજનાઓ આવે છે. જો અવિરતિનું પાપ જાય તો હિંસાદિ પાપોનું કશું ય બળ રહેતું નથી.

(૧) નિગોદના જીવોને નજરમાં લાવો. તેઓ ક્રૂર હિંસા કરે છે? મૈથુન સેવી શકે છે? નહિ જ ને? છતાં તેઓ અનંત કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરતાં જ રહે તેવું શાથી બને છે,? ક્રૂરમાં ક્રૂર પાપો તો માનવમાં જોવા મળી શકે છે. હિંસા એ કરે, જૂઠ એ બોલે, ચોરી એ કરે, મૈથુન પણ એ સેવે, સંપત્તિ આદિ ઉપર કારમી મૂર્છા એ કરે....અને તેથી માનવ અનંતકાળ સુધી સંસાર–પરિભ્રમણ કરે એ તો બને. પણ તેવા પાપ ન કરનારો નિગોદનો જીવ પણ અનંતકાળ સુધી પરિભ્રમણ કરી શકે છે તે કયા પાપના જોરે હશે?

ત્યાં એક જ પાપ છે, સર્વ પાપોને ટપી જાય તેવું. અવિરતિનું.

નિગોદાદિના જીવો ભલે હિંસા નથી કરતા પણ એ હિંસાની એમણે પ્રતિજ્ઞા નથી કરી, ભલે જૂઠ નથી બોલતાં પરન્તુ જૂઠની પ્રતિજ્ઞા નથી કરી.

**પ્રતિજ્ઞાનું મહત્ત્વ** પ્રતિજ્ઞા ન કરવી એ જ પાપ છે. જે ત્યાગના જીવનને ધોઇ પીને સાફ કરી નાંખે છે.

(૨) કસાઇના જીવનનો વિચાર કરો. કસાઇ મરીને સ્વર્ગે જ જવો જોઇએ ને? કેમકે તે જેટલું પાપ કરે છે તેથી વધુ ધર્મ નથી કરતો?

ધારો કે વર્ષમાં દસ હજાર જીવોની તે હત્યા કરે છે. તો ય શું? જગત્‌માં પશુઓ કેટલા? અબજોની સંખ્યામાં છે ને? તો તેણે દસ હજારને જ માર્યા પણ બાકીના બધાયને જીવતા ય રહેવા દીધા ને? તો પછી 'માર્યાનું' પાપ વધે કે 'ન માર્યાનું' પુણ્ય વધે? જો 'ન માર્યાનું' પુણ્ય વધી જતું હોય તો દસ હજાર પશુઓને કાપી નાંખતો કસાઇ પણ સ્વર્ગમાં જ જવો જોઇએ.

આ જ ન્યાયે જગત્‌ના સઘળા ય જીવો મરી મરીને સ્વર્ગ ભેગા જ થવા જોઈએ. કાલસૌરિક કસાઈ પણ સાતમી નારકે ન જવો જોઈએ; તન્દુલિયો મત્સ્ય પણ સાતમી નારકમાં ન જવો જોઈએ.

ભયંકર જૂઠ્ઠાઓ, મહા માયાવીઓ, અત્યન્ત વ્યભિચારીઓ, ઘોર આરંભ સમારંભ કરનારાઓ બધા ય સ્વર્ગગામી જ બનવા જોઈએ; કેમકે એ બધાયના પાપો મર્યાદિત જ રહેવાના. એ પાપની બહાર રહી જતું વર્તુળ ખૂબ જ મોટું રહેવાનું

કહો, શકય છે આ વાત? નારક જેવી ગતિ જ નિર્મૂળ થઈ જાય એવું આ વિધાન છે. જિનાજ્ઞાનો જાણકાર આ વિધાન કરી શકે ખરો? નહિ જ ને? શાથી?....શી રીતે નારકનું અસ્તિત્વ ઉત્પન્ન થાય?

એક જ સમાધાન છે કે પાપની બહાર રહેતાં વિરાટ ત્યાગના વર્તુળની જો પ્રતિજ્ઞા નથી તો તે ત્યાગનું લેશ પણ

પુણ્ય સંભવિત નથી. એટલું જ નહિ પરન્તુ એ ત્યજાઇ ગએલી દુનિયાના ય ભોગનું પાપ જ લમણે ઢીંચાય છે.

વિરતિ એટલે ભોગનો ત્યાગ કરવો તે. અવિરતિ એટલે ભોગવવું અને ભોગનો ત્યાગ થઈ જવો તે.

બટાટા ખાનારો કેટલાક બટાટાને ભોગવવાની અને બાકીના બટાટાના ભોગના ત્યાગ થઈ જવાની-ત્યાગ નહિ કરવાની-એમ બે ય જાતની અવિરતિનો ભોગ બને છે. આ સઘળી વાત અવિરતિમાં સમજી લેવી.

એક પ્રશ્ન થશે કે જે વસ્તુનો આપણે ઉપભોગ કરતા નથી એ વસ્તુની સાથે આપણે તો મનસા, વાચા, કર્મણા-કોઇ જ સંબંધ નથી પછી તે વસ્તુના ભોગનું પાપ શી રીતે લાગે? તે વસ્તુ કાયાથી ન ભોગવવા છતાં જો મનથી પણ તેની ઇચ્છા કરવામાં આવે તો ય તેના ભોગનું પાપ લાગે. પણ જેના અંગે મનથી પણ વિચાર કરવામાં આવતો નથી એવી અગણિત ચીજોના-ન ભોગવવા છતાં પાપ શી રીતે લાગે? પાપ તો મન; વચન કે કાયાથી જ લાગે ને? ત્રણેયના સંબંધ વિના પણ પાપ? એ શી રીતે?

આનો ઉત્તર એ છે કે એક માત્ર જિનશાસનમાં જ એ મનોવૈજ્ઞાનિક ખુલાસો છે કે જેમ પાપ કરવાથી પાપ લાગે છે તેમ છતી શક્તિએ ધર્મ નહિ કરવાથી પણ પાપ લાગે છે.

પાપ એ જેમ પાપ છે તેમ ધર્મનો અભાવ તે ય પાપ છે. પ્રતિજ્ઞા એ ધર્મ છે. અને પ્રતિજ્ઞાનો અભાવ તે પાપ છે. માટે જ વંદિત્તા સૂત્રમાં કર્તવ્ય-ધર્મ નહિ કરવારૂપ પાપનું પણ પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું છે.

વળી જે વસ્તુઓ ઉપભોગમાં આવતી નથી અને એ રીતે જે વસ્તુઓ કાયાથી ત્યજાઈ ગઈ છે તે વસ્તુઓની પ્રતિજ્ઞા ન

થતી હોય તો એનો અર્થ એ જ રહે છે કે વસ્તુ ક્યારેક મળી જાય તો તેનો ઉપભોગ થઇ શકે, શું આ મનની ઇચ્છાનું પાપ ન થઈ ગયું ? માનસિક ઝોક તે વસ્તુના ઉપભોગ તરફ રહ્યો કે નહિ! બસ આમ આ મનથી થતું પાપ બની ગયું.

પ્રતિજ્ઞાના ધર્મની સમજણ આપવા છતાં, ત્યજાઇ જતી વસ્તુના ઉપભોગની પ્રતિજ્ઞામાં આનાકાની કરવી એ જ મનના ઉપભોગની શક્યતાઓ ખુલ્લી રાખ્યાનું સૂચન કરી જાય છે.

નિગોદના જીવોને પ્રતિજ્ઞાના ધર્મની સમજણ જ નથી એ જ એમનું પાપ. અજ્ઞાન એ તો મહાપાપ છે. વળી લૌકિક વ્યવહારમાં ય એવું જોવા મળે છે કે જેનો મનસા, વાચા, કર્મણા ઉપભોગ ન હોય તો ય તેની સાથે ઉપભોગ સંબંધ જ ગણાય છે અને તે રીતે લોક-વ્યવહાર ચાલુ રહે છે.

(૩) શરીર ઉપર રસોળી થઈ હોય તો ઊંઘમાં ય તે વધે છે. એ માણસ પોતાની રસોળી વધે એવો મનથી વિચાર સુદ્ધા નથી કરતો, વાણીથી એવું બોલતો નથી કે કાયાથી એવી પ્રવૃત્તિ કરતો નથી. છતાં રસોળી કેમ વધતી રહે છે ! એટલા જ માટે તો તેની ઉપર તેજાબનો એક ચરકો દઈ દેવામાં આવ્યો નથી. (૪) ચોરીના હથિયારો સાથે ઘસઘસાટ ઊંઘતા ચોરમાં મનથી પણ ચોરી કરવાનો વિચાર નથી છતાં કોઈ પોલિસ ત્યાંથી પસાર થાય અને તેને સામગ્રી સહિત જુએ તો કેમ ઊંઘતો જ પકડી લે છે? એટલા જ માટે ને કે તેની પાસે સામગ્રી તો ચોરી કરવાની જ પડી છે?

(૫) ખેડૂત એના ઝૂંપડામાં ઊંઘતો હોય ત્યારે ય ખેતરમાં તાજા જ નાંખેલા બિયારણમાંથી અંકુરા ફૂટવાનું કાર્ય કેમ થવા લાગે છે? ઊંઘમાં તો તે મનથી પણ બીજને અંકુરા ફૂટવાનું ઇચ્છતો નથી. બીજને બાળી નાંખીને ખેડૂત સૂતો નથી માટે જ ને ?

(૬) ભાડે રાખેલું મકાન જો ભાડુઆત ખાલી કરીને ગામડે જાય, એ મકાન બંધ હોય, કશાય ઉપયોગમાં આવતું ન હોય, ભાડુઆત મનથી પણ તેનો વિચાર ગામડે બેઠો કરતો ન હોય તો ય તે મકાનનું ભાડુ કેમ ભરવું પડે છે? પોતાનો ભાડુઆત તરીકેનો હક્ક તેણે ઉઠાવી લીધો નથી માટે જ ને?

(૭) 'મુફીં' રેડિયો વસાવ્યો, છોકરાંઓના તોફાનથી છ માસમાં રેડિયો બગડી ગયો. સાહેબે ભંગાર ખાતે કાઢી નાંખ્યો. હવે નથી એ રેડિયાનો મનથી પણ કોઇ વિચાર. છતાં એક વર્ષ પૂરું થાય છે અને પંદર રૂપિયા લાઇસિન્સના ભરવા પડે છે. બીજે વર્ષે પણ એ ભંગાર રેડિયોના લાઇસિન્સના પંદર રૂપિયા ભરવા પડે છે. શાથી? રેડિયાનો કશો જ ઉપયોગ નથી, મનથી પણ તેનો વિચાર નથી. છતાં આમ કેમ? લાઇસન્સ રદબાદલ કરાવ્યું નથી માટે જ ને?

(૮) તીર્થાધિરાજ શ્રીશત્રુંજયની તળેટીમાં એક હજાર ભાવુકો ચૈત્યવંદના કરી રહ્યા છે. એ વખતે ધારો કે ઉપરથી એક ચીકરાળ વાઘ ધસમસતો આવી રહ્યો છે. વાઘને જોતાં જ ભાવુકો ફફડી ઊઠે છે. એક પણ અપવાદ સિવાય બધા ય ઊભા થઇને નાસભાગ કરે છે.

બધા ય શાથી નાસભાગ કરે છે? શું એક હજારે ય ભાવુકોને વાઘ ફાડી ખાવાનો હતો? બે ચાર માણસોને જ એ ઝડપી શકે ને?

તો શા માટે દરેક ભાવુક દૂમ દબાવીને નાસે છે? દરેકને મનમાં એમ લાગે છે કે એ બે-ચારમાં મારો જ નંબર આવી જાય તો? દરેકની પોતાની ઝડપાઈ જવાની શક્યતા જ સહુની નાસભાગનું નિમિત્ત બન્યું ને? કેવી વાત? ચાર મરનારા ય નાસે અને ન મરનારા ૯૯૬ પણ મરવાની શકયતાના ભયથી નાસે?

તો ઉપભોગમાં ન લેવાતી ચીજોની પણ પ્રતિજ્ઞા ન હોય. એટલે એ બધા ય ના ઉપભોગની શકયતા તો ખરી જ ને ? આ શકયતા ઊભી રહે છે એ જ પાપ છે. એનું જ નામ અવિરતિ છે.

રસોળીને તેજાબ સમી, રેડિયો લાઈસન્સ રદબાતલ કરવા સમી, ભાડુઆતના હક્કની લેખિત નિવૃત્તિસમી વિરતિ છે.

અવિરતિની સામગ્રીની સાથે રહો એ જ અવિરતિનું પાપ છે. ચોર પણ તેથી જ ઊંઘતો ઝડપાય છે ને ?

(૯) કેટલાક કહે છે પ્રતિજ્ઞાનું શું કામ છે ? અમારી ઉપર વિશ્વાસ રાખો. આ લોકોને એ વાતની કેમ સમજણ નથી કે ભગવાન મહાવીરે ય 'करेमि सामाइयं' સૂત્રોચ્ચારપૂર્વક સર્વવિરતિ–ધર્મની પ્રતિજ્ઞા કરી હતી ?

જવાહરલાલ નહેરૂએ પણ ભારતના વડાપ્રધાન બનતી વખતે રાષ્ટ્રને વફાદાર રહેવાના સોગંદ લીધા હતા ?

શું નહેરૂની રાષ્ટ્ર–વફાદારીમાં કોઈ પણ ભારતીયજનને શંકા હતી ?

શું તેમને પોતાને પોતાનામાં શંકા હતી ? નહિ જ; છતાં જો તેમને પ્રતિજ્ઞા કે સોગંદ લેવા પડે તો–મારા તમારા જેવા મનના દુબળિયાઓ માટે પ્રતિજ્ઞા કેટલી અનિવાર્ય બની જાય છે ?

(૧૦) જગત્‌થી તમે ગમે તેટલા દૂર રહો, જગત્‌ના પાપોનો ભાર માથે લેવાની ગમે તેટલી અનિચ્છા દર્શાવતા રહો તો પણ તે પાપો તમારા શીરે ઝીંકાતા જ રહેવાનાં.

રસ્તેથી પસાર થતી મોટર વરસાદના પાણીને ટાયરથી ઉછાળીને કેવી ઝીંકે છે રાહદારીઓ ઉપર ! ટેરીવુલનના સૂટ–પેન્ટમાં સજ્જ થએલો એક પણ રાહદારી ખરડાવા ઈચ્છે છે ખરો એ ગંદાજલની વૃષ્ટિથી ? છતાં ય તેને ભોગ બનવું પડે છે ને ?

સંસારના રસ્તે ચાલ્યા, સંસારમાં રહ્યા. એ જ પાપ.... પછી ઈચ્છા અનિચ્છાનો કોઈ સવાલ જ રહેતો નથી.

(૧૧)બહાર હેલિ વરસી રહી છે. તમે નથી જ ઈચ્છતા કે તમારા ઘરમાં તેનું પાણી પડે. છતાં જો બારી ખુલ્લી રાખો તો એ પાણી ત્રાટકયા વિના રહેવાનું જ નથી.

બારી બંધ કરો. પછી જ પાણી ન આવી શકે.

અવિરતિનો વરસાદ મુશળધાર વરસી રહ્યો છે; ચૌદ રાજલોક-માં. એનાં પાણી તપારે ત્યાં ત્રાટકતાં જ રહેવાના.... સિવાય તમે અવિરતિની બારી બંધ કરવાસ્વરૂપ પ્રતિજ્ઞા સ્વીકારી લો.

એ વાત તો સર્વને સુવિદિત છે કે મનને કાબૂમાં લાવવાનું કાર્ય વાયુને કાબૂમાં લાવવાથી પણ વધુ દુષ્કર છે.

છતાં 'પ્રતિજ્ઞા' એ ધર્મ છે કે મનને સહેલાઈથી કાબુમાં લાવી મૂકે છે.

આર્દ્રા નક્ષત્ર બેસવાની એક ક્ષણ પૂર્વે પણ કેરીલાલચુ જૈનોની શી સ્થિતિ હોય છે તે કોણ નથી જાણતું? પરન્તુ એ જ જૈનો આર્દ્રાનક્ષત્ર બેસતાંની સાથે કેરીની પ્રતિજ્ઞા કરી લે છે કે તરતજ કેરી પ્રત્યેનો તીવ્રતમ રાગભાવ લઘુતમ થઈ જઈને નામશેષ થઇ જાય છે ને? રે બીજી જ મિનિટે એ વસ્તુની યાદ સુદ્ધાં આવતી નથી; જેને બે મિનિટ પહેલાં કરાંજીને એ ભાઈ ખાતા હતા.

આ મહિમા પ્રતિજ્ઞાનો છે. મનના તોફાની ઘોડા ઉપર સ્વાર થઇ જઈને તેને તરત કાબૂમાં લઈ લેવાની પ્રચંડ તાકાત પ્રતિજ્ઞા-ધર્મ સિવાય બીજા કોઈમાં ય નથી.

એક સાથે આઠ ઉપવાસની જ પ્રતિજ્ઞા લેનાર તપસ્વીને ચાર દિવસ સુધી તે પ્રતિજ્ઞાના બળની તાજગી રહે છે- જો એ

જ તપસ્વી ત્રણ ઉપવાસની પ્રતિજ્ઞા લેત તો બીજા જ દિવસે એની તાજગીમાં ઓટ આવવા લાગત.

જેટલો વિરતિનો ધસારો જોરદાર એટલો એનો બળવાન્ ધક્કો ય જોરદાર.

મુદતી વિરતિવાળાને જેમ જેમ અવિરતિ નજદીક આવે છે તેમ તેમ તેના પગ ઢીલાં પડતાં જાય છે. આઠ ઉપવાસની પ્રતિજ્ઞાવાળાને છઠ્ઠા દિવસથી નબળાઇ જણાવા લાગે છે. જ્યારે માસખમણના તપસ્વીને ઠેઠ એકવીસ બાવીસમા દિવસથી નબળાઈ દેખાં દે છે. અવિરતિના સાન્નિધ્યનો વિચાર પણ મનને નબળું બનાવવા લાગે છે. એટલે મનને સબળ બનાવવું હોય તો એને પ્રતિજ્ઞાનો બળવાન્ ધર્મ - પીવડાવવો જ રહ્યો.

(૧૩) આથી જ તો શ્રાવકધર્મ પાળતા આત્માઓ જન્માંતરમાં અનંતીવાર માંસાહાર કરીને આવ્યા હોવા છતાં માંસાહારની પ્રતિજ્ઞાના બળથી એનો હવે સ્વપ્નમાં પણ વિચાર કરતા નથી.

કદાચ આજીવન રાત્રિભોજન કરનારો કોઈ ધન્ય પળે સદ્‌ગુરુયોગથી જ્ઞાનગર્ભવિરાગી બનીને સંયમધર્મ સ્વીકારે છે તો તે પછી કદી પણ તેને રાત્રે પાણી પીવાનો ય વિચાર આવતો નથી. ઉનાળાની ભયંકર ગરમીમાં કારમી તૃષા લાગી હોય તો પણ.

ભુક્તભોગી સંયમી બનીને સ્ત્રીના વસ્ત્રના પણ સ્પર્શ માત્રથી ધ્રુજી ઊઠે છે.

આ બધો ય મહિમા વિરતિધર્મનો છે. વ્યક્તિનો નહિ. વ્યક્તિના આત્મામાં તો અવિરતિના અગણિત સંસ્કારોના ગૂંચળાં જામ્યાં છે. એનું બળ કેટલું ?

(૧૪) મિથ્યાત્વનો ત્યાગ કરીને સમ્યક્‌ત્વને ધારણ કરવા

માત્રથી મોહરાજ સાથેના યુદ્ધમાં વિજયશ્રી પામી શકાતી નથી. વિજય તો વિરતિથી જ પ્રાયઃ છે

સમ્યક્ત્વ તો યુદ્ધે ચડવા પૂર્વેનું તિલક છે.

એકલા તિલકથી શું થાય? સાથે તરવાર પણ જોઇએ ને? વિરતિની.

(૧૫) આવી શ્રેયસ્કરી વિજયદાત્રી વિરતિને પરિપૂર્ણ રીતે આત્મસાત્ કરવા માટે એક જ રસ્તો છે. પ્રયોગનો.

ઉપદેશપદમાં આચાર્ય ભગવાન્ હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે ધર્મના શ્રવણનો યોગ થયા પછી જો તેને સફળ બનાવવો હોય તો જે સાંભળ્યું છે તેનો અંશતઃ પણ પ્રયોગ કરો. અલ્પ પણ વિરતિ જીવનમાં ઉતારો. અલ્પવિરતિથી આત્મા જે તાકાત ઉત્પન્ન થશે એ તાકાત અધિક વિરતિ અપનાવવા માટેની પ્રેરણા કરશે અને અધિક વિરતિ જીવનમાં ઊતરી પણ જશે. એમ કરતાં કરતાં પૂર્ણ-વિરતિનું જીવન સુપ્રાપ્ય બની જશે.

બીજના ચાંદની ઉપમા આપતાં તેમણે કહ્યું છે કે એક વાર પણ ચન્દ્ર શુકલપક્ષમાં પ્રવેશ કરી દે છે તો ભલે આરંભમાં તે બીજનો ચાંદ બને છે પણ એક દિવસ આવો લાગે છે જ્યારે સર્વને દર્શનીય પુનમનો ચાંદ બની જાય છે.

આંશિક વિરતિના જીવનમાં એક વાર પ્રવેશ થાય તો પૂર્ણ વિરતિનું વિશ્વવંદ્ય જીવન પ્રાપ્ત થઈ જ જાય.

આજે ધર્મશ્રવણનો યોગ પામ્યા પછી આંશિક વિરતિનો ય પ્રયોગ કરવાની કાયરતાનું એ પરિણામ આવી લાગ્યું છે કે ધર્મ-શ્રવણ લગભગ નીરસ બનતું ગયું છે. શ્રવણયોગ વાંઝિયો બની ચૂક્યો છે.

આટલું પણ જો નક્કી કરવામાં આવે કે ક્રોધની ભયાનકતાની વાતો સાંભળ્યા પછી જ્યારે પણ ક્રોધ કરવાનો પ્રસંગ ઊભો

થઈ જાય ત્યારે એની પ્રથમ પળ તો ક્ષમાની જ પસાર કરી દેવી. પહેલી એક પળમાં ક્રોધ ન આવી જાય માટે ખડખડાટ હાસ્ય કરી દેવું. બીજી પળે ભલે પછી ગમે તેવા ઝંકારા બોલાય.

અસદાચારની તીવ્ર કામના જાગે ત્યારે ય એક પળ કે એક કલાક તો તે પાપથી નિવૃત્ત જ રહેવું. કોઈની નિંદા કરવાની તીવ્ર ચળને કલાક તો શાન્ત જ રાખવી. અમુક વસ્તુ ખાઈ લેવાની ભયંકર લાલસા જાગે તો એક કલાક તો મનને સમજાવીને શાન્ત જ રાખવું.

જો આટલી પણ અવિરતિથી પીછેહઠ થશે તો એ પીછેહઠનું બળ પૂર્ણ વિરતિનું શિખર સર કરાવીને જ રહેશે.

એક વાર એક પળ માટે પણ અવિરતિનો વેલો ખેંચી લેવામાં આવે-ભલે પછી તે ફરી ભૂમિમાં જડાઈ જાય-પણ પછી દુર્ગતિના વિષ ફળોને ઉત્પન્ન કરવાની તેની તાકાત તૂટી જાય છે. વારંવાર આ રીતે એ વિષ-વેલ ખેંચાતી રહે તો એક સોભાગી પળ આવી જ રહે છે જે વખતે એ વિષવેલ કરમાઈને ધરતી ઉપર ઢળી પડતી જોવાનું અદ્ભુત દર્શન પ્રાપ્ત થાય છે.

અવિરતિના પાપની તો સર્વત્ર છત છે. દેવલોક એકલી અવિરતિથી ઊભરાયો છે, નારકલોક પણ વિરતિવિહોણો છે, તિર્યગ્લોકમાં કયાંક કોઈકને દેશવિરતિ મળી જાય બાકી ત્યાં ય અવિરતિનો વાયુ સતત વાઈ રહ્યો છે.

ગમે તેવું હશે; માનવજીવન! દૈવી સુખોની દૃષ્ટિએ એના સુખો ઘણાં અલ્પ હશે, છતાં વિરતિધર્મની રસાનુભૂતિનો જે આનંદ છે તે માત્ર મર્ત્યલોકમાં છે. દૈવીસુખોને પણ થૂ કરવાની તાકાત મર્ત્યલોકનો માનવ જ કેળવી શકે છે....વિરતિધર્મની રસાનુભૂતિ પછી.

હાથી જેવો દેવ અને ઊંટ જેવો માનવ.

સર્વાંગસુંદર હાથી. અઢારે ય અંગે વાંકો ઊંટ.

છતાં સંસારના સહરા-રણને વટાવી જાય તો એ ઊંટ જ; હાથી જરાય ન ચાલી શકે હોં!

'વિરતિધર્મ'નું પરિપૂર્ણ બળ અહીં જ વિકસાવી શકાય તેમ છે એ વાત જો મગજમાં બેસી જાય તો એક ક્ષણની પણ અવિરતિનું જીવન અકારું બની જાય. વિરતિ વિનાની એકાદ પળ સ્પર્શવા કરતાં મૃત્યુને ભેટી લેવાનું વિરતિસુંદરીના પ્રિયતમો સદા માટે પસંદ કરતા હોય છે.

સર્વવિરતિધર મુનિને પણ ખાવાપીવાની કેટલીક અપરિહાર્ય અવિરતિને અડવું પડે છે. બેશક, અસલમાં તો આને શાસ્ત્રીય-પરિભાષાની અવિરતિ ન જ કહેવાય. આ તો માત્ર યૌગિક અર્થમાં અવિરતિ કહેવાય. જેના ચિત્તના પરિણામ સદા વિરતિજલના પ્રવાહમાં સ્નાન કરી રહ્યા છે એને વળી અવિરતિના પાપનો પળભરનો ય સંગ કેવો? આવી મસ્ત અનુભૂતિમાં રહેતા મહાત્માઓ તો દ્રવ્યથી પણ જે ખાવા-પીવા દ્વારા પુદ્ગલનો સ્પર્શ કરતો હોય છે તે ય ખૂબ જ રૂક્ષસ્પર્શ હોવાથી તેમના માટે તો નિર્જરાનું જ સાધન બનતો હોય છે છતાં તે પુદ્ગલ દ્રવ્યસ્પર્શ પણ જેટલો દૂર રહે તેટલો સુંદર છે કેમકે એ જાત પુદ્ગલની છે એના જરાક વધુ રહેતા સંગમાં ભાન ભુલાવી દે તો નવાઈ નહિ. આથી મુનિએ પણ કાર્ય પતી જતાંની સાથે જ દ્રવ્યસંગની પણ પ્રતિજ્ઞા કરી જ લેવી જોઇએ.

પ્રતિજ્ઞા અને પ્રત્યાખ્યાન એકાર્થક શબ્દો છે.

હવે આપણે મૂળ વાત ઉપર આવીએ.

પ્રત્યાખ્યાન બે પ્રકારના હોય છે. દ્રવ્યપ્રત્યાખ્યાન અને ભાવપ્રત્યાખ્યાન: દ્રવ્યથી અને ભાવથી પ્રત્યાખ્યાન.

**'દ્રવ્ય' શબ્દાર્થ:–** સામાન્ય રીતે દ્રવ્ય શબ્દ-(૧) પ્રત્યાખ્યાનના વિષયમાં વપરાય છે. રાત્રિભોજનનું પ્રત્યાખ્યાન

હોય તો પ્રત્યાખ્યાનનો વિષય રાત્રિભોજન દ્રવ્ય કહેવાય. (૨) જે સચેતન કે અચેતન વસ્તુનું પ્રત્યાખ્યાન કરવાનું છે તે વસ્તુને પણ દ્રવ્ય કહેવારૂપે દ્રવ્યશબ્દ વપરાય છે. (૩) પ્રત્યાખ્યાનસૂત્રનો ઉચ્ચાર કરવામાં કારણ બનતાં તાળવું, ઓઠ, દાંત વગેરેને પણ દ્રવ્ય કહેવાય છે.

આમ પ્રત્યાખ્યાનના વિષયને, પ્રત્યાખ્યેયને અને પ્રત્યાખ્યાનો-ચ્ચારહેતુને દ્રવ્ય કહી શકાય.

**અપ્રધાન અર્થમાં દ્રવ્યશબ્દ:** પરન્તુ પ્રસ્તુતમાં દ્રવ્યપ્રત્યાખ્યાન શબ્દાન્તર્ગત દ્રવ્ય શબ્દને આમાંનો કોઇ પણ અર્થ ન લગાડતાં 'અપ્રધાન' અર્થમાં દ્રવ્ય શબ્દનો ઉપયોગ કરવો. આગમમાં આ રીતે દ્રવ્ય શબ્દનો ઘણા સ્થાને પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમકે આગમગ્રન્થોમાં અભવ્યાત્મા અંગાર-મર્દકને દ્રવ્યાચાર્ય કહ્યો છે. અહીં દ્રવ્યનો અર્થ અપ્રધાન લઇને અપ્રધાન-આચાર્ય જ કહેવો પડે.

અપ્રધાન એટલે તે તે ફળને નહિં જ ઉત્પન્ન થવા દેનાર.

અંગારમર્દક અભવ્યાત્મા હતો. માટે તે આચાર્ય થાય તો ય તેને આચાર્યપદથી પ્રાપ્ય મુક્તિપદ તો ન જ મળે. એટલે અંગારમર્દકને મુક્તિપદ અપ્રાપક આચાર્ય પદવીવાળો કહી શકાય.

જે ઘડો પાણી ભરવા માટે નકામો થઇ ગયો છે તે ભંગાર ઘટને પણ આ અર્થમાં દ્રવ્યઘટ કહેવાય.

અચરમાવર્ત્તકાળની ધર્મક્રિયાઓ મોક્ષફલ આપવા સમર્થ નથી માટે તે ક્રિયાઓને આ અર્થમાં દ્રવ્ય-ક્રિયાઓ કહી શકાય.

**પ્રધાન અર્થમાં દ્રવ્યશબ્દ:** અથવા તો પ્રધાન અર્થમાં પણ દ્રવ્યપ્રત્યાખ્યાન શબ્દાન્તર્ગત દ્રવ્યશબ્દનો અર્થ લઇ શકાય.

પ્રધાન એટલે તે તે ફળને ઉત્પન્ન કરનાર: ફળ ઉત્પન્ન કરવાની યોગ્યતા શાસ્ત્રકારોએ કહ્યું છે કે દ્રવ્ય શબ્દ 'યોગ્યતા' અર્થમાં નિરુપચરિત રીતે રૂઢ હોય તેવા કેટલાય પ્રયોગોમાં આ રીતે પણ દ્રવ્ય શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

માટીનો પિંડ તૈયાર થઈ ગયો હોય, ચાક ઉપર ચડી ગયો હોય હવે કુંભારનો કસબી હાથ ફરે એટલી જ વાર....ઝટ ઘડો થઈ જવાનો.

આવા ચાક ઉપર ચડેલા મૃત્પિણ્ડને દ્રવ્યઘટ કહેવાય કેમકે તેનામાં ઘટસ્વરૂપે પરિણામ પામી જવાની યોગ્યતા છે.

આ જ રીતે સાધુપદ પામવાની ઝંખનાથી ઝૂરતો સુશ્રાવક દ્રવ્યસાધુ કહેવાય કેમકે સાધુપદ પામવાની તે શ્રાવકમાં યોગ્યતા છે.

એ રીતે મોક્ષમાં જ એકતાન થએલા સરાગસંયમી સાધુ દ્રવ્યદેવ કહેવાય કેમકે એમના સરાગસંયમથી અવશ્ય દેવ બનવાનું છે.

એ જ રીતે અંતિમથી પૂર્વના ત્રીજા ભવમાં જેમણે તીર્થંકર નામકર્મની નિકાચના કરી તે મહાત્માઓ દ્રવ્યતીર્થંકર કહેવાય કેમકે તીર્થંકર થવાના પાત્રરૂપે તો મુનિનો આત્મા બન્યો છે.

આ રીતે દ્રવ્યશબ્દનું અર્થઘટન કરીએ તો પ્રસ્તુતમાં દ્રવ્યપ્રત્યાખ્યાન અટલે ભાવપ્રત્યાખ્યાનનું કારણ બનતું પ્રત્યાખ્યાન કહી શકાય. (૩) અથવા તો શાસ્ત્રમાં અનુપયોગ દશાવાળાને દ્રવ્ય કહેલ છે. અનુપયોગો દ્રવ્યં.

આ અર્થ અહીં લઇએ તો દ્રવ્યપ્રત્યાખ્યાન તેને કહેવાય જે પ્રત્યાખ્યાન વિવક્ષિત ઉપયોગ–રાખ્યા વિના જ લેવાતું-આચરાતું હોય.

(૪) વળી દ્રવ્ય શબ્દનો અર્થ આહાર–વસ્ત્ર વગેરેમાં પણ થાય છે. આહાર, વસ્ત્ર વગેરે દ્રવ્યો જ કહેવાય છે.

આ અર્થ લઈએ તો દ્રવ્યથી પ્રત્યાખ્યાન = આહાર-વસ્ત્રાદિ દ્રવ્યના લાભના હેતુથી–થતું પ્રત્યાખ્યાન–તે દ્રવ્યપ્રત્યાખ્યાન કહી શકાય.

આમ વિવક્ષિતભાવનું અસાધક, વિવક્ષિતભાવનું સાધક, ઉપયોગશૂન્ય અને આહારાદિ લાભ માટેનું–એમ બધું મળીને ચાર રીતે દ્રવ્યપ્રત્યાખ્યાન શબ્દનો અર્થ થઈ શકે.

**ભાવશબ્દાર્થ : પ્રસ્તુતમાં 'ઉપયોગ' અર્થ લેવો.**

જે ક્રોધાદિભાવોનો ત્યાગ કરવાનો તે ક્રોધાદિભાવોને ભાવ' કહેવાય છે. પરન્તુ પ્રસ્તુતમાં ભાવપ્રત્યાખ્યાનાન્તર્ગત ભાવશબ્દનો અર્થ ઉપયોગ કરવો. આગમગ્રન્થોમાં કહ્યું છે કે વાણીથી બોલાતું અને કાયાથી આચરવામાં આવતું શુદ્ધ પણ આવશ્યક કર્મ જો મન રહિત–ઉપયોગરહિત–હોય તો તે દ્રવ્યાવશ્યક કહેવાય. જે આવશ્યક મનના ઉપયોગ સહિત હોય તે જ ભાવાવશ્યક કહેવાય.

આ દૃષ્ટિએ (૧) ભાવ-પ્રત્યાખ્યાન એટલે વિવક્ષિત ઉપયોગ સાથેનું પ્રત્યાખ્યાન. (૨) અથવા તો ભાવ એટલે મોક્ષસ્વરૂપ પરમાર્થ. એને જ નજરમાં રાખીને કરાતું પ્રત્યાખ્યાન તે ભાવપ્રત્યાખ્યાન. એટલે કે મોક્ષાત્મક ફલનું સાધન બને તેવો જે ભાવ તેને હૃદયમાં રાખીને કરાતું પ્રત્યાખ્યાન તે ભાવપ્રત્યાખ્યાન.

આ રીતે દ્રવ્ય અને ભાવ એમ બે જ ભેદથી આપણે અહીં પ્રત્યાખ્યાનનો વિચાર કરવો છે. બીજી રીતે તો છ પ્રકારના ય પ્રત્યાખ્યાન કહયાં છે. નામ, સ્થાપના, દ્રવ્ય, અદિત્સા, પ્રતિષેધ અને ભાવ.

અનુયોગદ્વાર ગ્રન્થમાં પચ્ચક્ખાણ વગેરે ૬ દ્વારો કહ્યા છે. તેમાંના પ્રથમદ્વાર (આદિપદ) પચ્ચક્ખાણમાં આ ૬ પ્રકારના પચ્ચક્ખાણ કહ્યા છે. અહીં અદિત્સા નામનું જે ચોથા નંબરનું

પચ્ચક્ખાણ કહ્યું છે ત્યાં અદિત્સા એટલે નહિ દેવાની ઈચ્છા. અમુક વસ્તુ નહિ દેવાની ઈચ્છાથી થતું પચ્ચક્ખાણ.

**શબ્દાર્થ:-** **'પ્રત્યાખ્યાન'** પ્રતિ+આ+ખ્યાન =પ્રત્યાખ્યાન. એટલે અનાદિ-કાળથી ચાલી આવતી અત્યાગની પ્રવૃત્તિની પ્રતિકૂળ જવું તે.

આ એટલે શિષ્યભાવની મર્યાદામાં રહીને ખ્યાન એટલે દેવ-ગુરુની સમક્ષ જણાવવું તે.

પ્રત્યાખ્યાન બે જાતના હોય છે. નિષેધમુખ અને વિધિમુખ.

રાત્રિભોજન નહિ કરવાનું પ્રત્યાખ્યાન નિષેધમુખ છે. એકાશન કરવાનું પ્રત્યાખ્યાન વિધિમુખ છે. અપેક્ષા વગેરે ચાર હેતુથી પ્રત્યાખ્યાન એ દ્રવ્યપ્રત્યાખ્યાન બને છે.

જે પ્રત્યાખ્યાનમાં અપેક્ષાદિ છય નથી તે પ્રત્યાખ્યાન ભાવપ્રત્યાખ્યાન કહેવાય છે. [૧]

**(૧) અપેક્ષા:** ઈહપરલોકના અર્થની ઇચ્છા.

(૨) **અવિધિ :** શાસ્ત્રોક્ત વિધિનું વિરોધી વર્ત્તન.

પ્રત્યાખ્યાનની વિધિ આ છે:—(૧) સવારના પ્રતિક્રમણમાં પચ્ચક્ખાણ આવશ્યકના સમયે સ્વયં પચ્ચક્ખાણ ગ્રહણ કરી લેવું જોઈએ. (ધારવાથી ન ચાલે) (૨) જયારે ગુરુવંદનનો અવસર આવે ત્યારે તે પચ્ચક્ખાણ ગુરુમુખેથી લેવું જોઇએ. (૩) તે વખતે પચ્ચક્ખાણમાં જ મનનો ઉપયોગ રાખવો જોઇએ. (૪) જયારે જયારે ગુરુ 'પચ્ચક્ખાઈ', 'વોસિરેઇ' ઈત્યાદિ પાઠનો આલાપ કરે ત્યારે ત્યારે તરત જ'પચ્ચક્ખામિ' 'વોસિરામિ' ઇત્યાદિ બોલવું જોઈએ. (૫) પચ્ચક્ખાણની દરેક બાબતોનો જે જાણકાર હોય તેને તે દરેક બાબત જણાવવી જોઈએ.

આ રીતે વિધિથી નહિ પરન્તુ અવિધિથી જ થતું પ્રત્યા-ખ્યાન તે અવિધિકૃત દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવાય.

(૩) **અપરિણામ** :– પ્રત્યાખ્યાનથી પ્રાપ્ત થનારા અભ્યુદયાદિ ફળોમાં પોતાની શ્રદ્ધાના પરિણામનો અભાવ. અપેક્ષાદિથી કરાતા પ્રત્યાખ્યાનો જેમ ભાવપ્રત્યાખ્યાનના પ્રતિબંધી બને છે તેમ આ શ્રદ્ધાના પરિણામ વિના કરાતું પ્રત્યાખ્યાન પણ ભાવ-પ્રત્યાખ્યાનનું પ્રતિબંધી બની જાય છે. આથી જ અપેક્ષાદિ પૂર્વકના પ્રત્યાખ્યાનને દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવાય છે.

(૪) **વીર્યાભાવ**:–વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતા જીવના પરિણામને વીર્ય કહેવાય છે. તેનો અભાવ તે વીર્યાભાવ. પ્રત્યાખ્યાન કરવાના પરિણામ સાથે પ્રત્યાખ્યાન કરવા છતાં આ વીર્યાભાવ નામનું ભાવપ્રત્યાખ્યાનનું વિઘ્ન એવું છે કે લીધેલા પ્રત્યાખ્યાનનો ભંગ કરાવી નાંખે.

હવે ક્રમશઃ વિસ્તારથી અપેક્ષાદિ દ્રવ્યપ્રત્યાખ્યાનોનું સ્વરૂપ જોઈએ. [૨]

**અપેક્ષા સાથેનું પ્રત્યાખ્યાન :** આ લોકમાં તપસ્વી તરીકેની ખ્યાતિ વગેરેથી ભોજન વગેરેનો લાભ પ્રાપ્ત થવાના હેતુથી અથવા તો માનપાન મેળવવાના હેતુથી જે પ્રત્યાખ્યાન થાય છે તે અપેક્ષાકૃત દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવાય છે.

જેમને મોક્ષપદ સાથે લેવાદેવા છે અથવા તો મોક્ષપદ પામવાની જેમનામાં યોગ્યતા છે એ ભવ્યાત્માઓ તો મોક્ષ-સાધક પ્રત્યાખ્યાન સંસાર-હેતુથી પણ કરે. કિન્તુ જેમને મોક્ષ સાથે કશી જ નિસ્બત નથી, મોક્ષને જેઓ માનતા પણ નથી એ અભવ્યાત્માઓ પણ મોક્ષસાધક પ્રત્યાખ્યાન સાંસારિક લાભો પ્રાપ્ત કરવા માટે કરતા હોય છે.

બેશક, નિન્દ્ય હેતુપૂર્વકનું આવું પણ પ્રત્યાખ્યાન ગમે ત્યારે તેમને ય પ્રાપ્ત થતું નથી. જ્યારે એ અભવ્યાદિ આત્માઓ ગ્રન્થિદેશની નજદિક આવે છે ત્યારે જ તેમને આવું અપ્રધાન દ્રવ્યપ્રત્યાખ્યાન પ્રાપ્ત થાય છે. પણ આ રીતે

ગ્રન્થિપ્રદેશની નજીક આવવા માટે કોઈ વિશેષ યત્ન કરવાનો હોતો નથી. અનાદિકાલીન જે સહજ યથાપ્રવૃત્તિકરણ હોય છે તેના જ બળે જીવ વારંવાર ગ્રન્થિદેશની નજદિક આવતો હોય છે.

આવી રીતે અભવ્યાત્મા પણ જ્યારે જ્યારે ગ્રન્થિદેશની નજીક આવી જાય છે ત્યારે કોઈ કોઇ વાર તેને દ્રવ્યચારિત્રાદિ પ્રાપ્ત થઈ પણ જાય છે.

આગમગ્રન્થોમાં કહ્યું છે કે અભવ્ય (અસંયતભવિક-દ્રવ્યદેવ) આત્માઓ પણ ભુવનપતિ દેવલોકથી માંડીને ઠેઠ નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થઇ શકે છે.

વળી અન્યત્ર પણ કહ્યું છે કે પાંચ દ્રવ્યેન્દ્રિયવાળો જીવ અનંતી વાર ગ્રૈવેયક દેવલોક સુધી ઉત્પન્ન થઈ આવ્યો છે.

હવે ગ્રૈવેયકમાં જીવ ક્યારે ઉત્પન્ન થઇ શકે? સાધુલિંગ વિના ગ્રૈવેયક સુધી જઇ શકાય જ નહિ. જો અનન્તી વાર જીવાત્મા નવમા-છેલ્લા-ગ્રૈવેયકમાં પણ જઈ આવ્યો હોય તો તેણે અનન્તી વાર સાધુલિંગ પ્રાપ્ત કર્યું જ હોય. આ સાધુલિંગ પંચમહાવ્રતોની પ્રતિજ્ઞાપૂર્વકનું જ હોય. એટલે દ્રવ્ય પ્રતિજ્ઞા વિના પણ ગ્રૈવેયકમાં જઇ શકાય જ નહિ એ નક્કી થયું.

અભવ્યાત્માઓ પણ ઓઘથી જિનાજ્ઞાને પાળે અને ગ્રૈવેયકોમાં જાય. પણ એ ઓઘપાલન પણ જરા ય ઓછું ન હોય. માખીનો પગ પણ તૂટી ન જાય એની પરિપૂર્ણ કાળજી સમગ્ર જીવન કાળમાં રાખતા હોય. એ રીતે સઘળા ય મહાવ્રતોના બાહ્ય દ્રવ્યપાલનમાં તેઓ અત્યન્ત ચુસ્ત હોય તો જ નવમા ગ્રૈવેયકમાં જઈ શકે.

દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકામાં મહોપાધ્યાયજીએ કહ્યું છે કે અભવ્યાત્માઓ પણ નવમા ગ્રૈવેયક સુધી ત્યારે જ જઇ શકે છે જયારે તેઓ અખંડિત દ્રવ્યચારિત્રનું પાલન કરે છે અને મુક્તિ

પ્રત્યે અદ્વેષભાવ રાખે છે. પણ સ્વર્ગાદિ ભોગસુખો માટે જ આ બધું ય તોફાન હોય છે એટલે એમની સાધુ જીવનની સઘળી પ્રતિજ્ઞાઓ–અપેક્ષાકૃત હોવાથી અપ્રધાન દ્રવ્ય–પ્રતિજ્ઞા સ્વરૂપ બની જાય છે.

આવી પ્રતિજ્ઞાઓને વસ્તુતઃ પ્રતિજ્ઞા જ ન કહેવાય.

પ્રતિજ્ઞાનું ફળ મોક્ષપદની પ્રાપ્તિ છે, તે ફળ જો પ્રાપ્ત થતું ન હોય તો તે પ્રતિજ્ઞાને પ્રતિજ્ઞા જ કેમ કહેવાય ?

જે ઘડો ફુટેલો છે, ભંગારમાં પડયો છે એ ઘડો લાવીને દીકરો માને આપે અને કહે કે, "લે આ ઘડો પાણી ભરવા અને ઠારવા માટે.... તો તરત જ મા કહી દે છે કે આને તે ઘડો કહેવાતો હશે ?

જે દીકરો માબાપની સેવા કરતો નથી એને એ માબાપ 'દીકરો' કહેવા તૈયાર નથી.

એમ મોક્ષનું ફળ ન આપતી પ્રતિજ્ઞાને પ્રતિજ્ઞા જ કહેવાય નહિ.

બેશક, જિનોક્ત મહાવ્રતોની તાકાત છે મોક્ષ આપવાની; પરન્તુ તે મહાવ્રતોના પાલકને મોક્ષ પામવાની ઈચ્છા હોય તો જ તે મહાવ્રતો મોક્ષ આપવાની પોતાની તાકાત અજમાવી શકે છે. અભવ્યાત્માઓ માત્ર મહાવ્રતો પાળે છે, એની પાછળ મોક્ષ પામવાની ઈચ્છા તો હોતી જ નથી; કેમકે શાસ્ત્રોક્ત મોક્ષને જ તેઓ માનતા નથી. જેવું અભવ્યોનું તેવું જ દુર્ભવ્યોનું સમજવાનું. આથી જ એ બધા ય આત્માઓ સાંસારિક ફળોની અપેક્ષાપૂર્વક જ મહાવ્રતાદિના પાલન કરતા હોય છે. એથી એમની એ પ્રતિજ્ઞાઓ અપ્રધાન–દ્રવ્ય–પ્રતિજ્ઞા કહેવાય છે; કેમકે એ પ્રતિજ્ઞાઓના પાલનથી કદી ભાવપ્રતિજ્ઞાઓનું પાલન જીવનમાં સંભવિત બનવાનું જ નથી.

સાંસારિક ફળોની કામના એ કેટલી ભયંકર છે એ વાત આ વિધાન ઉપરથી આપણને સમજાઈ જવી જોઈએ.

મોક્ષપદ આપવાની પ્રચંડ તાકાતવાળી પ્રતિજ્ઞાઓના દૂધપાકના વાટકામાં વિષના બિન્દુ જેવી આ પ્રતિજ્ઞાઓ છે!

આવા આત્માઓ પાપો કરીને તો દુઃખમય સંસાર વધારે જ છે પરન્તુ ભોગસુખોની અપેક્ષાવાળા ધર્મો કરીને ય તેવા પાપમય સંસારનું જ સર્જન કરે છે કે જે સંસારના ભોગ અનંતકાળ માટે એમને દુઃખમય સંસારના રવાડે ચડાવી દેવાનું જ કામ કરે છે.

હાય! આવાઓને પાપ પણ મારે અને ધર્મ પણ મારે.

જગત્માં તારે કોણ? કોઈ જ નહિ ને!

**નિયાણાની ભયંકરતા** સંભૂતિમુનિએ ઘોર તપ તપ્યો. મહાતપસ્વીની ખ્યાતિ સાંભળીને ચક્રવર્તી સનત્ના પટ્ટરાણી વંદનાર્થે આવ્યા. વંદન કરતાં પ્રમાદ થયો. માથું નમતાંની સાથે વાળની એક લટ મુનિના પગને સ્પર્શી ગઈ.

એ સ્પર્શે વિકારની ધ્રુજારી ઉત્પન્ન કરી દીધી. સર્વત્ર પ્રસરી ગયો; એ કમ્પ....અને પછી તો એના કમ્પનો ચાલુ જ રહ્યા.

મહાત્માનો આત્મા ઝાલ્યો ન રહ્યો. ચિત્રમુનિની ભારે સમજાવટ નિષ્ફળ ગઇ. તપની ઘોર પ્રતિજ્ઞાનું ફળ ઇચ્છ્યું.... જન્માન્તરમાં આવી સ્ત્રી પામવાનું....જરૂર મળ્યું ચક્રવર્તી પદ, અને જરૂર મળ્યા રૂપરમણીના ભોગ....પણ પરિણામ શું આવ્યું? સાતમી નારક! ૩૩ સાગરોપમના વણથંભ્યા માર! વણથંભી ચીચીઆરીઓ, ભીખી માગેલા સુખમય–પાપમય સંસારે ધનોતપનોત કાઢી નાંખ્યું એના સુખનું!

આથી જ શાસ્ત્રકાર પરમર્ષિઓએ અપેક્ષાપૂર્વકની પ્રતિજ્ઞાઓની નિન્દા કરી છે. એવી ભાવનાઓને વખોડી નાંખી છે. [૩]

**અવિધિ સાથેનું પ્રત્યાખ્યાન :–** આપણે પૂર્વે જોઈ ગયા કે કોઇ પણ કાર્યને પોતપોતાની વિધિ હોય છે વિધિને ગૌણ કરીને કાર્ય કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

મણિ, મન્ત્રૌષધિ વગેરેના અચિન્ત્ય પ્રભાવ કહ્યા છે પરન્તુ આજે તે પ્રભાવોના સાક્ષાત્કાર થતા નથી તેનું મુખ્ય કારણ અવિધિદોષનું આસેવન છે.

વિધિ પણ બે પ્રકારની હોય છે.

વિધેયાત્મક અને નિષેધાત્મક.

ઔષધિસેવનની વિધિમાં પથ્યનું સેવન કરવાની વિધિ વિધેયાત્મક કહેવાય જ્યારે કુપથ્યનો ત્યાગ કરવાની વિધિ નિષેધાત્મક કહેવાય. એ સિવાય પણ અમુક અનુપાન, અમુક સમય, અમુક માત્રા....વગેરે વિધિઓ પણ વિધેયાત્મક કે નિષેધાત્મક સ્વરૂપની હોય જ છે.

મન્ત્રાધિરાજ શ્રી નમસ્કારના જપની પણ વિધિ હોય છે. વિધિને તિરસ્કારીને અવિધિથી જપ કરનારને એમ પૂછવાનો લેશ પણ અધિકાર નથી કે આ જપ મને જીવનમાં કેમ શાન્તિ જ બક્ષતો નથી?

એકડા વિનાના દસ મીંડાનો–શેઠની સહી સાથેનો–ચેક બેન્કમાં કેમ સ્વીકારાતો નથી એવું કેમ પુછાય!

વિધિ તો એકડો છે.

રે! ભોજનમાં ય વિધિ હોય છે. ખાવાનું જ માત્ર કાર્ય નથી. એ વખતે સારી રીતે ચાવવાની, મનને પ્રસન્ન રાખવાની, ઓછું ખાવાની, વચમાં જ પાણી પીવાની, તે પણ અલ્પ પીવાની, મિષ્ટાન્ન હોય તો તે જ પહેલું ખાઇ લેવાની, દૂધ અને દહીં સાથે નહિ ખાવાની....વગેરે વગેરે અઢળક વિધિઓ હોય છે. એ પછી પણ કામ પૂરું થતું નથી. સો ડગલા ચાલવાની અને એ પછી વામકુક્ષી કરવાની ય વિધિ બાકી જ રહે છે. એથી ય

ક્યાં કામ પતે છે ? ભોજન બાદ ઓછામાં ઓછા ત્રણ કલાક સુધી પાણી પણ નહિ પીવાની વિધિ સાચવી લેવાની હોય છે. જો અહીં પણ ભૂલ કરે તો પૂર્વની બધી વિધિ નિષ્ફળ જાય.... ના....વિપરીત ફળ બતાડી દે. શરીરમાં શક્તિ અને લોહી ટકાવવા અને વધારવા માટે ભોજન માત્રથી નથી ચાલતું. જેટલું મહત્ત્વ ભોજનનું છે એથી ઘણું વધુ મહત્ત્વ એની વિધિઓનું છે. દેહાધ્યાસવાળા આત્માઓ ભોજનની તમામ વિધિ જાળવી લેવા સજ્જ બની શકે છે...પણ મન્ત્રજપ વગેરેની વિધિઓમાં કંટાળી જાય છે. અને એ પછી પણ મન્ત્રાદિના ફળની અપેક્ષાઓ જીવતી રાખે છે.

ભાવીમાં જે પ્રચણ્ડ વાદી મલ્લવાદીસૂરિ બનવાના હતા તે બાળમુનિ મલ્લની બુદ્ધિશક્તિ ઉપર આફ્રીન પુકારી જઈને દેવતા પ્રસન્ન થયા. અને એક અદ્ભુત મન્ત્રગ્રન્થ ભેટ આપ્યો તથા જ્યારે ઇચ્છે ત્યારે હાજર થવાને કોલ આપ્યો. બાળમુનિ મલ્લે ગ્રન્થ હાથમાં લઈને જમીન ઉપર મૂક્યો...

ખેલ ખલાસ....ગ્રન્થરત્નની આશાતના સ્વરૂપ અવિધિ થઇ અને દેવતા છંછેડાઇ ગયા. તેમણે કહ્યું :-

અરે ! મુનિવર તમે બાળ છો એટલે શું આટલું બધું ચાપલ્ય ! જાઓ હવે હું તમને પ્રત્યક્ષ સહાય તો નહિ જ કરું.

નાનકડી અવિધિએ હાથમાં આવેલાં ભોજનનો સાર ખેંચી લીધો !

**અવિધિદોષનું તાંડવ** સાધક જીવનમાં જેટલું મહત્ત્વ ગુરુગમપૂર્વકના શાસ્ત્રાવબોધનું છે તેટલું જ મહત્ત્વ વિધિસેવન-પૂર્વકની ક્રિયાઓનું છે.

સાધકના જીવનમાંથી ગુરુગમ (ગુરુસેવાદિ) અને વિધિસેવાને દૂર મૂકી દો....પછી ? પછી ગમે તેવી પલાઠીઓ પદ્માસનની ભલે ત્યાં જોવા મળે; ગમે તેવા ભ્રૂકુટિદત્તનયનધ્યાન ભલે જોવા મળે,

ગમે તેવા અઘોરી-તપ ભલે જોવા મળે....પણ મુક્તિપદના સફળ પ્રયાણ માટેના બળનો તો ત્યાં મોટો શૂન્યાવકાશ સર્જાશે.

ગુરુહીલના અને અવિધિસેવા એ બે એવા ભયાનક પાપો છે જેમાંથી કયું વધુ પાપ ગણાતું હશે? તે કહેવું મુશ્કેલ થઈ પડે છે. આજે બધી જ સાધનાઓ વધી રહી છે, તપ, ત્યાગ વધ્યા છે, ધ્યાન-જપ વધ્યા છે, સ્વાધ્યાય વધ્યા છે, સાધુ, સાધ્વી ગણ વધી રહ્યો છે....પણ સર્વત્ર પાયાના ઈંટ-ચૂનારૂપ વિધિસેવાનો મોટો શૂન્યાવકાશ જોવા મળે છે. પ્રવ્રજ્યા ગ્રહણ અંગેની અવિધિઓ જ સમગ્ર ત્યાગ જીવન ઉપર મોટી આફત નોતરે છે.

જો મુનિજીવનનું નાનામાં નાનું પણ કાર્ય વિધિવત્ બની જાય તો વર્ત્તમાન મુનિજીવનથી પણ આત્મ સમાધિ કે ચિત્તશાન્તિ પામવાનું કામ જરા ય દુષ્કર લાગતું નથી.

સર્વદા ગુંજન ચાલવું જોઈએ ગુંજન, 'પેલા પરમ-સુંદર આગમવચનનું ""जयं चरे, जयं चिट्ठे ઇત્યાદિ"

ચાલવામાં, બેસવામાં, ખાવામાં, સુવામાં વિધિ શું છે? તે યાદ કરતા રહીએ અને એનો અમલ કરતાં રહીએ તો પુણ્ય-શક્તિના વિવિધ ચમકારાવિહોણો સામાન્યશ્રમણ પણ પોતાના જીવનમાં એવી કોઈ અપૂર્વ તંદુરસ્તીને હાંસલ કરી લે કે જેની લાલી પામીને એને કશું ય બીજું પામવા જેવું રહે નહિ. ગુરુચરણ ચંચરીક એ મુનિ પોતાનામાં જ સદા મસ્તાન રહેવાની અનોખી સિદ્ધિ ટૂંક સમયમાં જ પામી જાય છે.

બેશક, આજે પણ કઠિન હોય તો જગત્‌ના એક પણ જીવને તારવાનું કામ કઠિન છે. જાતને તારવાનું કાર્ય તો અત્યન્ત સુલભ છે. શરત છે માત્ર ગુરુસેવા અને વિધિસેવાને જીવનમાં મહત્ત્વનું સ્થાન આપવાની : અંતરમાં એના પ્રત્યેનો પૂર્ણ પક્ષપાત કેળવવાની.

**વિધિની તાકાત** વિધિનું બળ કેટલું છે એ વાત એક પ્રસંગ લઈને વિચારીએ. આ પ્રસંગ થોડા જ વર્ષ પૂર્વે પરદેશમાં બનેલો છે:.

ઈશ્વરમાં બિલકુલ શ્રદ્ધા ન રાખતા એક નાસ્તિક માણસની આ વાત છે. તે રોજ પાદરી પાસે જતો અને ઇશ્વર વગેરેની વાતોને 'હંબક' કહીને ઝગડતો. એક દિવસ મન્ત્રબળની વાતો ચાલી. પાદરીએ તેને કહ્યું, "વિધિપૂર્વક જો મન્ત્રજપ કરવામાં આવે તો આસપાસના વાતાવરણમાં એવું પ્રચણ્ડ આંદોલન ઉત્પન્ન થાય છે કે જેની કલ્પના પણ ન થઈ શકે. પછી એ આંદોલન તે વાતાવરણમાં ક્રમશઃ બંધાતું જાય છે પછી જે કોઇ એની અસરમાં આવે એ ચાહે ગમે તેવો પાપાત્મા હોય તો પણ પવિત્રતાને સ્પર્શવા લાગે છે."

પાદરીની આવી વાતો સાંભળીને નાસ્તિકને ચાનક લાગી. તેણે પૂછ્યું, "મન્ત્ર શું? તેની વિધિ શું? તે મને કહો. મારે એ પ્રયોગ કરવો છે."

પાદરીએ એક વાક્ય આપ્યું, oh! God save me.

તે સાથે તેના જપની વિધિ ઉપર પુષ્કળ ભાર મૂકીને કહ્યું કે નિયત સમય, નિયત સ્થાન, નિયત સંખ્યા અને નિયત પવિત્ર–વસ્ત્રોની જાળવણી હશે તો જ પ્રયોગ સફળ થશે. વળી એ ઓરડામાં એક પણ બીજા માણસથી જઈ શકાશે નહિ–ઈત્યાદિ ઘણી કડક વિધિઓ સમજાવી.

પેલા નાસ્તિકે બધું જ સ્વીકાર લીધું.'oh! God save me' નો જપ શરૂ કરી દીધો. અવિધિનો પડછાયો પણ ન લાગી જાય તેની તેણે પૂરતી કાળજી લેવા માંડી.

મનમાં નક્કી કર્યું હતું કે, "મારે આ પ્રયોગથી જીવનમાં કાંઇક મેળવવું છે; જો મળી જતું હોય તો....

એક વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ....બાર વર્ષ વીતી ગયાં. અખંડ જપથી, વિધિશુદ્ધ જપથી એના અંતરને કોઇ અનોખી જ શાન્તિ સ્પર્શી ગઈ.

આપત્તિઓની આગ વચ્ચે પણ એ બેહદ ઠંડકથી ઊભો રહેવા લાગ્યો.

આત્મમસ્તીની ઉષ્મામાં નાસ્તિકતાનો બરફ તો ક્યારનો ય ઓગળી ગયો હતો.

હવે આ પ્રયોગની બીજાની ઉપર શું અસર થાય છે તે જોવાની તેને ઇચ્છા જાગી. એક દિવસ જેલમાં ગયો. જેલના કેદીઓને જોયા. એમાં એક અત્યન્ત ખુન્નસવાળો બિહામણો કેદી જોયો. એની ભીષણ મુખાકૃતિ જોતાં કાચાપોચાના તો હાજા ગગડી જાય. કોર્ટનાં જજ પાસે જઈને પોતાના પ્રયોગની વાત કરી. એની અજમાયશ પેલા ખૂની કેદી ઉપર કરવાની ઇચ્છા વ્યક્ત કરી. એ માટે લેખિત આજ્ઞા માંગી. કુતુહલી જજ સાહેબ સંમત થઈ ગયા.

એક દિવસ નક્કી કર્યો. શસ્ત્રસજ્જ પોલિસો સાથે એ ખુનીને બાંધીને પોલિસવાનમાં બેસાડ્યો.

મોટર આવી પહોંચી; પ્રયોગવીરના ગૃહાંગણે. સહુ ઊતર્યા.

સાધનારૂમ ખોલવામાં આવ્યો. સાધનાના સ્થાન તરફ ઈશારો કરીને પોલિસોને કહેવામાં આવ્યું કે કેદીને આ સ્થાને બેસાડી દો.

એ જાણીને ખૂબ જ આશ્ચર્ય થશે કે જેવો એ ઝનૂની કેદી તે સ્થાન ઉપર બેઠો કે તરત જ એ એકદમ ચીસ પાડીને બોલી ઊઠ્યો, 'oh! God save me 'હે ઇશ્વર! મને બચાવો.'

પછી તો એ ધ્રુસકે ધ્રૂસકે રડવા લાગ્યો. પૂરા એક કલાક સુધી એને રડતો જ રાખીને સહુ શાન્તિથી બેસી રહ્યા. ત્યાર

બાદ એણે જજસાહેબની પાસે જીવનના તમામ પાપોનો એકરાર કર્યો.

સહુ આશ્ચર્યમુગ્ધ થઇ ગયા. આ પ્રયોગથી તદ્દન અનભિજ્ઞ અને અત્યન્ત ઝનુની માણસનું જે પરિવર્તન જોયું એ જોઈને તો એવા થીજી ગયા કે કાપો તો ય લોહી ન નીકળે.

પ્રયોગવીર તો પાદરી પાસે દોડી ગયા. હર્ષના આંસુથી ઊભરાતી આંખે સઘળી વાત કરી. પાદરીએ કહ્યું "તારી ચુસ્ત વિધિસેવાનું જ આ ફળ છે. સાથે મારી ઉપરની શ્રદ્ધાએ તને સાથ આપ્યો છે."

આ પ્રસંગની બીજી બધી વાત બાજુએ મૂકીએ. પણ વિધિસેવાનું ફળ કેટલું બધું આશ્ચર્યજનક આવી શકે છે એ વાત તો આ પ્રસંગમાંથી જરૂર સમજી શકાય છે. ન હતો એ મન્ત્ર, ન હતો એ આર્યદેશનો માનવ, ન હતું કાંઇ...છતાં જો આટલી સિદ્ધિ સાંપડી જાય તો ગુરુકૃપા મેળવીને મન્ત્રજપ કરતો વિધિબહુમાની શું શું ન પામે જીવનમાં ?

પણ અફસોસની વાત એ છે કે ઈહપરલોકના સુખની કારમી વાસનાએ ધર્મને અભડાવ્યો છે.

કઠોર ધર્મક્રિયા કરવાની બેહદ કાયરતાએ વિધિસેવાનું દુર્લક્ષ કરાવ્યું છે.

ટૂંકમાં પતાવટ કરીને ધાર્મિક જન કહેવડાવવાની તીવ્ર કામનાને આજે કોઇ પણ માણસ રોકી શકતો નથી.

આના જ પરિણામે એનો વૈભવી ધર્મ જીવનમાં શાન્તિ દાખવી શકતો નથી, અશાંતિ ટાળી શકતો નથી, ઊલટું સુખો આપીને એના દિલને એવા જલાવે છે કે એ સુખોની સામગ્રી પણ એના માટે દુઃખસામગ્રી જ બની રહે છે.

ધર્મની ઇમારતમાં સહુને ઈંટ-ચૂના ભરવા છે. પણ ગુરુસેવા

અને વિધિસેવાના પાયામાં ઈંટ–ચૂના ભરવાનું પ્રાયઃ ભારે પડી ગયું છે.

સહુને લાગે છે કે દર્શનીય તો ઈમારતના ઈંટ–ચૂના ને! પાયાના ઈંટ–ચૂનાને કોણ જુએ છે?

ડાલડા ઘીની બારદાન બુદ્ધિની નીપજ આવી જ હોય ને?

કોઈને એ વાત જાણે સમજાણી નથી કે ઇમારત ઊભે છે પાયા ઉપર. ઈમારતનું જીવન છે પાયાના ઈંટ–ચૂનામાં!

વિધિસેવા વિનાના ધર્મોની શી રીતે પ્રશંસા કરાય? હા, એક શાસ્ત્રવચન જરૂર છે કે અવિધિસેવાનું ખંડન પણ નહિ કરવું. જો તમે વિધિમાર્ગનું સફળ સ્થાપન ન કરી શકો તો.

આથી જ બીજું કાંઇ વધુ બોલાતું નથી; અવિધિમાર્ગની અંદર સુરંગો ચંપાય તેવું.

પરન્તુ એટલું તો ચોક્કસ છે કે વિધિસેવા સુંદરમાં સુંદર ફળ આપે છે. અને અવિધિસેવા એ ફળોને દૂર ઠેલે છે. એટલું જ નહિ પરન્તુ ભયંકરમાં ભયંકર કટુ-ફળોને જન્મ આપે છે.

એક અપાયથી ઈષ્ટસિદ્ધિમાં નિષ્ફળતા મળે એ હજી ચલાવી શકાય પરન્તુ વિપરીતફળ પ્રાપ્ત થાય એ તો ખૂબ જ ચિન્તાજનક બીના બની રહે છે.

શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે જે બ્રહ્મચારી સંયમીઓ બ્રહ્મચર્ય મહાવ્રતની વાડોની સુરક્ષા જાળવવાની વિધિ પ્રત્યે ઉદાસીન બને છે તેઓ એ જ જીવનમાં કાં તો જીવલેણ રોગોના ભોગ બને છે, કાં તો પાગલ થઈ જાય છે, કાં તો સંયમધર્મથી જ ભ્રષ્ટ થઇ જાય છે. કોઈ કાળી પળે એકાએક ફેંકાઇ જાય છે.

સાગર મડદાંને સહી શકતો નથી; એને બહાર ફેંકી દીધા વિના જંપતો નથી.

સંયમધર્મ સાગર જેવો છે. વિધિના પ્રાણ વિનાના મડદાંને એ ય જીરવી શકતો નથી. એને પ્રાણનાશના મૃત્યુથી કે પતનના જીવતા મૃત્યુથી ફેંકી દીધા વિના જંપતો નથી.

થોડી પળો માટે આંખ મીંચી દો. જૈનસંઘ ઉપર આંખની સર્ચલાઇટ ચોમેર ફેરવી જાઓ.

આ શાસ્ત્ર-સત્યને પૂરવાર કરી દેતાં કેટલાં ય મડદાં તમને જોવા મળશે, પાપોદયના ગીધડાંથી ચુંથાઈ જતાં... મરવાના વાંકે સંસારનું પાપ જીવન જીવતાં! અને કેટલાં ય ફેંકાતા જોવા મળશે શુદ્ધધર્મના સાગરમાં ઝોલા ખાતાં....

બીજા કેટલાં ય મડદું બનવાની તૈયારીમાં દેખાતા જોશો. જેમનો વિધિ-પ્રાણ છેલ્લા ડચકાં લઇને ડૂબી મરવાની તૈયારીમાં હશે.

દરેક મુમુક્ષુએ આ કટૂ-સત્યને સ્વીકારવું જ રહ્યું. શાસ્ત્ર-વચન કદી મિથ્યા જતું નથી. વિધિવિહોણાં બનશું તો ગમે તે રીતે ફેંકાઈ ગયા વિના રહીશું નહિ.

અવિધિસેવનના આ પરચાઓ–જીવલેણ રોગોત્પત્તિના પાગલપનના કે ભ્રષ્ટતાના–કેટલાં વધુ આઘાતજનક છે?

સમજાય તો સાનમાં સમજાય તેવી વાત છે બુદ્ધિવાળા માટે! દિમાગવાળા સ્પર્શે તો સુપેરે સ્પર્શીને કંપાવી મૂકે તેવી આ વાત છે દિલવાળા માટે!

ઈહપરલોકની વાસનાઓ (અપેક્ષાઓ) વાળા પ્રત્યાખ્યાનો જેમ અપ્રધાન દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવાય છે તેમ એવી અપેક્ષા વિનાના છતાં અવિધિવાળા પ્રત્યાખ્યાન બની જાય છે.

પ્રત્યાખ્યાનનું ફળ મોક્ષ છે. અને અવિધિપૂર્વકનું પ્રત્યા-ખ્યાન જો મોક્ષફળ ન આપે, ઘોર સંસાર-ભ્રમણે ઝીંકે તો એને પ્રત્યાખ્યાન જ કેમ કહેવાય? જે મોક્ષફળ ન આપે તે પ્રત્યાખ્યાન જ નહિ.

એક વિદ્યાર્થી ગુરુ પાસે વિદ્યા ગ્રહણ કરે છે. પણ અધ્યયનની વિધિઓ જાળવતો નથી. એના પરિણામે ધૂણી ધૂણીને મરી જાય તો ય વિદ્યાર્જન કરી શકતો નથી. કદાચ વિદ્યાર્જન કરે તો પચાવી શકતો નથી. હવે જો એની વિદ્યા એનું જ પતન કરે છે તો એ વિદ્યાગ્રહણ જ કેમ કહેવાય? વિદ્યાગ્રહણ તો સ્વપરના ઉત્થાન કરે....પતન નહિ. જેનું ફળ નહિ તે વસ્તુને તે વસ્તુ જ કહેવાય નહિ. નિશ્ચયદૃષ્ટિનું આ મન્તવ્ય નિશ્ચયદૃષ્ટિથી જ વિચારવું જોઈએ [૪]

(૩) **અપરિણામવાળું** પ્રત્યાખ્યાન સાચું તો ત્યારે જ કહેવાય;

**પ્રત્યાખ્યાનઃ** જ્યારે સાવદ્ય વસ્તુના ત્યાગનો પરિણામ હોય. તેવો વાસ્તવિક પરિણામ પણ ક્લિષ્ટ કર્મોનો ક્ષયોપશમ થયા વિના સંભવિત નથી. જે આત્માઓને તેવો વિશિષ્ટ કર્મ-હ્રાસ થતો નથી તેમનામાં તેવો વિશિષ્ટ ત્યાગ પરિણામ આવતો પણ નથી. જ્યાં પરિણતિ જ નથી ત્યાં પચ્ચખ્ખાણ એ વાસ્તવિક પચ્ચખ્ખાણ કેમ બની શકે?

ધર્મનો સાર પરિણતિ છે. માત્ર ત્યાગની ઘોર પ્રવૃત્તિથી જ કાંઇ મોક્ષ ન થઈ જાય; ત્યાગની પરિણતિ જ મોક્ષ આપનારી છે.

દીક્ષિત થએલા આત્માઓ પણ પોતાના જીવનના વિકાસમાં ઘોર નિષ્ફળતાનું જો દર્શન કરતા હોય તો તેનું મુખ્ય કારણ તો આંતરપરિણતિનો પૂર્ણ વિકાસ નથી થયો તે જ હોય છે.

પ્રશ્નઃ—દીક્ષિત થએલા કેટલાક અભવ્યોને તો સંસારનો ત્યાગ કરવાનો પરિણામ હોય છે, તો શું તેમના પચ્ચખ્ખાણને ભાવપચ્ચખ્ખાણ કહેવાય ખરું?

ઉત્તરઃ–એ પરિણામ મોક્ષપ્રાપક વાસ્તવિક પરિણામ નથી.

છતાં તેને જો પરિણતિ કહો તો તેટલા માત્રથી તેનું પચ્ચખ્ખાણ ભાવપચ્ચખ્ખાણ બની શકે નહિ. કેમકે પરિણતિની

સાથે જિનાજ્ઞા બહુમાન અને સંવેગરસ પણ જોઇએ. આ બે ય અભવ્યાત્મામાં બિલકુલ નથી, માટે તેનુ પચ્ચખ્ખાણ ભાવપચ્ચખ્ખાણ બની શકે નહિ.

(૪) **વીર્યાભાવવાળું** વિશિષ્ટ પ્રકારના પરાક્રમ વિના સામાન્ય **પ્રત્યાખ્યાન**:-ઉછાળાથી જ કેટલીક વાર પ્રત્યાખ્યાન લેવામાં આવે છે. પછી વીર્યાન્તરાય કર્મનો જોરદાર ઉદય થાય છે ત્યારે તે ઉદયને મારી હઠાવવા જોગું વિશિષ્ટ પરાક્રમ ન હોય એટલે પ્રત્યાખ્યાનનો વિકાસ-ભંગ થઈ જાય છે. આમ વિશિષ્ટ વીર્યાભાવને લીધે, ન દબાતા ક્લિષ્ટ કર્મોદયથી જે પ્રત્યાખ્યાન બાધિત થઈ જાય છે તે પ્રત્યાખ્યાન પણ અપ્રધાન-દ્રવ્ય પ્રત્યાખ્યાન કહેવાય.

બેશક. અહીં અપેક્ષાદિના મલિન ભાવ ન હોય, અવિધિ ન હોય અને પરિણામશૂન્યતા પણ ન હોય છતાં વિશિષ્ટ-પરિણામના અભાવના કારણે આ પ્રત્યાખ્યાન ભાવપ્રત્યાખ્યાન તરફ કૂચ કરી શકતું નથી એ જ એની ત્રુટિ છે અને તેથી જ એને અપ્રધાન-દ્રવ્ય-પ્રત્યાખ્યાન કહેવાય છે.

આ વિષયમાં બીજા કેટલાક પ્રશ્ન ઉઠાવે છે કે આવા પ્રત્યાખ્યાનને અપ્રધાન દ્રવ્ય પ્રત્યાખ્યાન કેમ કહી શકાય ? આને તો પ્રધાન દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવું જોઇએ કેમકે એક વખત પણ જે સુંદર પરિણામ જાગ્યો તે તો સુવર્ણ ઘટતુલ્ય છે. ભલે ક્લિષ્ટ કર્મોદય થયો અને ભલે તે પ્રત્યાખ્યાન ભંગ થયો. છતાં ભાંગેલા સોનાના ઘટની પણ અખંડઘટ જેટલી જ કિંમત આવે. ક્લિષ્ટ-કર્મના ઉદયથી જીવ જે પછાડ ખાય છે અને તેથી જે કળ વળી જાય છે તે કળ ઊતરતાંની સાથે જ ઊભો થઇ જઈને જીવ ફરી વિકાસના મહાપંથે ચાલવા લાગે છે.

ભાવના તૂટેલાં તાર અવસર આવી લાગતાં જ સંધાય છે

અને જીવ પોતાની વિકાસ–યાત્રાની વણથંભી ગતિએ કૂચ આરંભી જ દે છે. એટલે કોઈ નિકાચિત જેવા કર્મોદયને જીવનો વિશિષ્ટ વીર્યોલ્લાસ ટાળી ન શકે અને તેથી તેનું પ્રત્યાખ્યાન બાધિત થઇ જાય તો પણ તે પ્રત્યાખ્યાન ભાવીના ભાવપ્રત્યાખ્યાનને અવશ્ય પમાડનારું હોવાથી પ્રધાન દ્રવ્યપ્રત્યાખ્યાન જ કહેવું જોઇએ.

અપેક્ષાદિ મલિનભાવોવાળાં પ્રત્યાખ્યાનો માટીના ઘડા જેવાં છે. એ અખંડ રહે તો ય ધૂળ બરોબર, તૂટી પડે તો ય ધૂળ બરોબર. માટે તેમને અપ્રધાન દ્રવ્ય પ્રત્યાખ્યાન જરૂર કહી શકાય. પણ પ્રસ્તુત પ્રત્યાખ્યાનને તો પ્રધાન દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવું જોઈએ.

આ માન્યતા મુજબ આ દ્રવ્યપ્રત્યાખ્યાનનો દ્રવ્ય શબ્દ આપણે યોગ્યતાવાચક લેવો જોઈએ.

આ ચારે ય દ્રવ્યપ્રત્યાખ્યાનોમાં પૂર્વ પૂર્વનું પ્રત્યાખ્યાન વધુ નિન્દ્ય બને છે. સૌથી વધુ નિકૃષ્ટ અપેક્ષાદિકૃતપ્રત્યાખ્યાન છે કે જે વિષાનુષ્ઠાન કે ગરાનુષ્ઠાનસ્વરૂપ બની જાય છે. એના કરતાં અવિધિપ્રત્યાખ્યાન અલ્પનિન્દ્ય છે, અપરિણામપ્રત્યાખ્યાન અલ્પતર નિન્દ્ય છે. જ્યારે વીર્યાભાવપ્રત્યાખ્યાન અલ્પતમ નિન્દ્ય છે. [૬]

જ્યાં અપેક્ષાદિ દોષો નથી એવાં જિનોક્ત પ્રત્યાખ્યાનો ભાવ પ્રત્યાખ્યાન કહેવાય છે.

ભાવપ્રત્યાખ્યાન તો દ્રવ્યપ્રત્યાખ્યાનની વિરુદ્ધ છે જ્યાં દ્રવ્યપ્રત્યાખ્યાનત્વ ન હોય તે અવશ્ય ભાવપ્રત્યાખ્યાન હોય.

સૂર્યનો પ્રકાશ છાયાનો વિરોધી છે માટે છાયાના અભાવમાં જ સૂર્યપ્રકાશ હોય.

ભાવપ્રત્યાખ્યાન અવશ્ય મોક્ષ કારણ છે. પછી તે કારણતા સાક્ષાત્ પણ હોય કે પરંપરયા પણ હોય. જેમ સુંદર ધ્યાનાદિ

યોગો ચારિત્રસ્વરૂપ હોવાથી મોક્ષકારણ છે. તેમ ભાવપ્રત્યાખ્યાન પણ સમ્યક્ચારિત્રસ્વરૂપ હોવાથી મોક્ષકારણ છે. [૭]

**જિન ભકિતથી દ્રવ્યપ્રત્યાખ્યાન, ભાવપ્રત્યાખ્યાન બની શકે.**

**પ્રશ્ન**–અપેક્ષાદિ, અવિધિ, અપરિણામ અને વીર્યાભાવથી યુક્ત જે દ્રવ્યપ્રત્યાખ્યાનો છે તે શું એકાન્તે અપ્રધાન–દ્રવ્ય–પ્રત્યાખ્યાન સ્વરૂપ છે? શું તે પ્રત્યાખ્યાનોથી મોક્ષ પ્રાપ્તિ શકય જ નથી?

ઉઃ–ના તેમ નથી. સામાન્યતઃ તેમ કહી શકય. પરંતુ જો અપેક્ષાદિસહકૃત પ્રત્યાખ્યાનાદિ ધર્મો પણ જિનેશ્વરદેવની આજ્ઞા પ્રત્યેની સદ્ભકિતયુક્ત હોય તો તે બધા દ્રવ્યપ્રત્યાખ્યાનો પ્રધાનદ્રવ્યપ્રત્યાખ્યાન બનીને મોક્ષપ્રાપક બની જાય છે.

મોક્ષકાર્ય પ્રતિ અપેક્ષાદિભાવો ચન્દ્રકાન્તમણિની જેમ પ્રતિબંધક બને છે. પરંતુ જો ત્યાં જિનાજ્ઞા–ભક્તિનો ભાવ આવી જાય તો તે સૂર્યકાન્તમણિની જેમ ઉત્તેજક બની જાય છે. અપેક્ષાદિભાવોની મોક્ષ પ્રત્યેની પ્રતિબંધકતાને જિનભકિતભાવ તોડી નાંખે છે.

આ વિચાર ખૂબ જ મહત્ત્વનો તથા ખૂબજ ગંભીર છે. આપણે તેની ઉપર થોડો વધુ વિચાર કરીએ. નહિં તો કોઈ ગેરસમજ ઊભી થવાની શકયતા રહી જશે.

સાંસારિકસુખોની અપેક્ષા, અવિધિ, અપરિણામ કે વીર્યાભાવ આ ચારે ય દોષો છે.

પ્રત્યાખ્યાન એટલે કર્મયોગ. આપણે પ્રત્યાખ્યાન શબ્દને ધર્મમાત્રનું ઉપલક્ષણ લઈને તમામ ધર્મો માટે આ વિચાર કરીશું.

ધર્મની કરણી એ કર્મયોગ છે. પણ આ કર્મયોગ જો ઉપરોકત દોષોથી ખરડાઈ જાય તો તે મોક્ષફળ આપી શકવા અસમર્થ બની જાય છે.

ઉપરોક્ત વિચારમાં આપણને એ વાત જોવા મળે છે કે કર્મયોગના તે દોષો ઊભા રહે તો પણ જો સાથે જિનાજ્ઞા સદ્‌ભકિત હોય તો એ દોષો દૂબળા બની જાય છે. અને એ કર્મયોગ મોક્ષફલ આપવા ફરી સમર્થ બની જાય છે. આમ કર્મયોગના દોષોને ધોવાની તાકાત જિનાજ્ઞા સદ્‌ભકિતના ભકિતયોગમાં છે એ વાત નિશ્ચિત થાય છે.

**ભક્તિયોગની વિશિષ્ટતા** કર્મયોગ, ધ્યાનયોગ કે જ્ઞાનયોગ–આ બધાય સાબુ, અરીઠાં કે ખાર જેવા છે. સાબુ, અરીઠાં કે ખારમાં મેલ ધોવાની તાકાત હોવા છતાં એકલો સાબુ શરીર ઉપર ઘસવાથી, એકલાં અરીઠાં ચોળવાથી કે એકલો ખાર ઘસવાથી શરીરનો મેલ નીકળી જતો નથી. બલ્કે શરીરને ઉઝરડા પડે છે. મેલ કાઢવા માટે આ બધા ય પાણીની અપેક્ષા રાખે છે.

જો પાણી મળી જાય તો સાબુ પણ મેલ કાઢે, અરીઠાં ય ઝટ મેલ કાઢે, ખાર પણ મેલ ધોઇ નાંખે. સાબુ વગેરે એકલાં હોય તો મેલ ન કાઢી શકે.

પાણી તો એકલું હોય તો ય મેલ કાઢે. અને પાણી જોડે જો સાબુ વગેરે મળી જાય તો વાહ. વાહ....મેલ ખૂબ નીકળી જાય; જલદી પણ નીકળી જાય.

જિનાજ્ઞાસદ્‌ભક્તિ એ મળશોધક પાણી છે. બકુશ–કુશીલ ચારિત્રીના કર્મયોગાદિ અવશ્ય અવિધ્યાદિ દોષોથી ખરડાએલા રહેવાના....એટલે જિનાજ્ઞાસદ્‌ભક્તિના જલ વિના તો કોઈ સંયોગમાં ચાલી શકે નહિ.

**કર્મયોગાદિની અલ્પતા પણ ચાલી શકે·**

બીજી એક વાત એ છે કે ભગવાન્ હરિભદ્રસૂરિજી મહારાજાએ જિનાજ્ઞાભક્તિ ન કહેતાં જિનાજ્ઞાસદ્‌ભક્તિને અપેક્ષાદિ દોષોને ધોનારા કહ્યા. આ ઉપરથી એ વાત સૂચિત થાય છે કે

ભકિતને મંદ મિથ્યાત્વની અવસ્થામાં હોય જ્યારે સદ્દભક્તિ–એટલે સાચી ભકિત....એ તો સમ્યગ્દષ્ટિ આત્માને જ હોય.

આથી આપણે આ વિચારણામાં સર્વત્ર એ વાત સમજી લેવાની કે અપેક્ષાદિ દોષોનું ધોવણ સમ્યગ્દષ્ટિ આત્માની જ જિનાજ્ઞા પ્રત્યેની ભકિત કરી શકે.

વસ્તુસ્થિતિ પણ આવી જ છે. આપણે પૂર્વે જોઇ ગયા છીએ કે સમ્યગ્દષ્ટિ આત્માના દોષો પણ ગુણનું કામ કરતાં હોય છે, જ્યારે મિથ્યાદષ્ટિ આત્માના ગુણો પણ દોષનું કામ કરતાં હોય છે.

સદ્દભકિત સાથે અપેક્ષાદિ દોષો શી રીતે રહે છે? તે આપણે જોઈએ.

| | |
|---|---|
| **સમ્યગ્દષ્ટિને સાંસારિક સુખોની અપેક્ષા શી રીતે?** | સમ્યગ્દષ્ટિ આત્મા એટલે સાંસારિક સુખોને જ ભયંકર આફત માનનારો આત્મા. |

સમ્યગ્દષ્ટિ આત્માને સાંસારિક સુખોનો ભોગવટો હોઇ શકે, એ ભોગ ઉપર રાગ પણ હોઇ શકે પણ એ ભોગ રાગને એ કદી સારા માનતો ન જ હોય.

આથી સામાન્ય રીતે તો એવા ભોગસુખોની કામના એને હોય જ નહિ; મોક્ષસુખ સિવાય એ કશું જ ઇચ્છતો ન હોય.

પરન્તુ કેટલીક વાર એવું બને છે કે એને જે મોક્ષસુખ ઉપર ભારે પ્રેમ છે, એ મોક્ષસુખ પમાડનારી ધર્મની આરાધનાને ધક્કો પહોંચાડે એવી કેટલીક બાબતો ઉપસ્થિત થતી હોય છે. આવું બને છે ત્યારે તેનો આત્મા ભારે વ્યથિત થઇ જાય છે. એ વખતે એના અંતરમાં એમ થાય છે કે જો એ આફતો ટળી જાય તો ધર્મની આરાધના સુંદર રીતે થતી રહે.

આ માટે એને કેટલીક વાર આજીવિકાના સાધન વગેરેની જરૂર ઊભી થાય છે.

હવે એ સાધન મેળવવા માટે જવું ક્યાં? કોનું શરણું સ્વીકારવું? ભોગલોલુપી સુખી માણસોનું કે ભગવાન્ વીતરાગનું?

કોના સેવક બનીને રહેવું? નશ્વર-સ્વામીઓના કે ઈશ્વરના?

આજીવિકા જેટલું પણ ન મળે તો આવશ્યકાદિ ક્રિયા વગેરે ધર્મોને મોટો ધક્કો પહોંચે છે, સ્વદ્રવ્યે પ્રભુપૂજા અશક્ય બને છે, ગુરુભક્તિ કંગાળ બને છે. અનિવાર્ય ધર્મ પણ અશક્ય બને છે.

ભીખ માંગીને આજીવિકા ચલાવે તો ધર્મની નિન્દા થાય છે.

તો કોઈ શ્રીમંત ગૃહસ્થ પાસે જવું? તેમ કરે તો ધર્મ-નિષ્ઠાને આઘાત લાગે છે. ધણી તો એક જ માથે રાખ્યો છે ધર્મદાતા પરમેશ્વરને! એને છોડીને હવે બીજે ક્યાં જવું?

તારે કે મારે,....એને જ જે કરવું હોય તે કરે....

સાંસારિક આફતોની ગૂંગળામણોના ઉકેલ મેળવવા સમ્યગ્દૃષ્ટિ આત્મા બીજે ક્યાંક ન જતાં વીતરાગની પાસે દોડે છે...

આપત્તિઓનો વાવંટોળ એને બીજે ક્યાંક ધક્કો ન દેતાં વીતરાગની તરફ ધક્કો દે છે. અને....ખૂબ જ દુખાતા દિલે, કચડાતાં મને એ સાંસારિકસુખની અપેક્ષા વ્યક્ત કરે છે.

ધર્મજીવન ઊભું જ રહી શકતું ન હોય ત્યારે સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાનાં સાંસારિક ઇષ્ટફલની સિદ્ધિની પ્રાર્થના કરી શકે છે. આવું જિનવચન છે. જિનાજ્ઞાનો પ્રેમી વિચારે છે કે તો પછી મારે બીજે જવું જ શા માટે? ન છૂટકે પણ અહીં જ માંગીશ...."

અંતરમાં ઊભરાયો છો ભક્તિનો સાગર! એ જ એને વીતરાગ પાસે જ માંગવા પ્રેરે છે!

બીજે ન માંગવાની એક માત્ર દૃઢતાને લીધે....હવે ધર્મ-જીવન નહિ ટકી શકવાના ભયને લીધે....

ધર્મહીલનાના પાપથી બચવા માટે....

બીજી એક વાત વિચારીએ.

એક સુશીલા પરિણીતા સ્ત્રી છે. તેને એક વિચાર ઉદ્ભવે છે. "મારી પહેલાં જ મારા પતિનું મૃત્યુ થઇ જાય તો? મારા શીલનું રક્ષણ કોણ કરે? એ વૈધવ્ય મને આર્ત્તધ્યાનમાં ઢસડી જાય? ધર્મની આરાધનાથી હું કેટલી વંચિત રહી જાઉં? મારા મોક્ષાભિલાષનું બીજ સુકાઈને સડી જાય તો મારો સંસાર કેટલો વધી જાય? હાય....તો શું કરવું? તરત એને બીજો વિચાર આવે છે. મારું સૌભાગ્ય અખંડ બની જાય તો? છે કોઈ ઉપાય? હા...જરૂર. સૌભાગ્યપંચમી તપની આરાધના કરું"

અને એ સ્ત્રી અખંડ સૌભાગ્ય માટે પંચમીનો તપ આરંભી દે છે. બીજો કોઈ પણ જિનાજ્ઞાબાહ્ય ઉપાય એ અજમાવતી નથી.

ત્રીજી વાત.

એક માણસ છે. એને શનિની દશા બેઠી છે. એને દૂર કરવા શું કરવું? દૂર ન કરે તો એની ધર્મસાધનામાં ઘણા વિક્ષેપો ઊભા જ રહે છે.

કોઇ કહે છે સૂર્યની આરાધના કરો, કોઈ કહે છે કાલિને સાધો....ખોપરી ખોપરીની જુદી વાતો સાંભળે છે.

કોઇએ કહ્યું કે દર શનિવારનું આયંબિલ કરો.

એક દિવસ વ્યાખ્યાનમાં સાંભળ્યું, "પર્વતિથિની આરાધના કરનાર બધું જ પામે છે. એના બધા જ વિઘ્નોનો નાશ થાય છે."

આ સાંભળતાં જ એણે ચતુર્દશીનું આયંબિલ કરવાનું શરૂ કર્યું.

"પર્વતિથિની આરાધના ખોઈને શનિવારના આયંબિલ મારે નથી કરવા." એ એનો જોરદાર વિચાર છે. મારા ધર્મ-બાધક દુઃખો જશે તો પર્વતિથિના આરાધનથી જ જશે. ભગવાન્ જિનેશ્વર દેવોએ એમ જ કહ્યું છે.

જિનાજ્ઞાની સદ્ભક્તિ એની પાસે આવું બોલાવે છે અને વિઘ્નોના નાશ માટે પર્વતિથિનું આયંબિલ શરૂ કરી દે છે.

હવે આ વાતોને નજરમાં રાખીને આપણો પ્રશ્ન છે કે આ રીતે સમ્યગ્દૃષ્ટિ આત્મા–જિનાજ્ઞાભક્તિથી પ્રેરાઇને ધર્મબાધક બનતાં સાંસારિક વિઘ્નોના વિનાશ માટે ધર્મ કરે, વીતરાગ પાસે તેવી પ્રાર્થના કરે તો તે બધું હેય કે ઉપાદેય?

ભગવાન્ હરિભદ્રસૂરિજીએ તો જિનાજ્ઞાસદ્ભક્તિ પૂર્વકના સાંસારિક અપેક્ષાસહકૃત ધર્મોને ભાવધર્મોની પ્રાપ્તિના કારણ કહી જ દીધા છે.

આ વાત ખૂબ જ યુક્તિયુક્ત લાગે છે.

**શરણુ એક માત્ર ભગવાનનું** ગમે તેવી આપત્તિમાં શરણું માત્ર વીતરાગનું સ્વીકારવું એ જ બહુ મોટી વાત છે.

સહુ રડે છે....

કોઈ પોતાની પ્રિયતમા પાસે
કોઇ ખાનગી વકિલ પાસે
કોઈ જીગરજાન મિત્ર પાસે
પરન્તુ કોઇ રડતું નથી પરમાત્મા પાસે
સદ્‌ગુરુની પાસે
સંસાર એટલે જ આપત્તિઓનો વાસ.

આપત્તિ-નાની કે મોટી—સહુને આવ્યા જ કરે. એટલે રડવાનું તો સહુને શિરે લખાયું હોય, પરન્તુ કયાં રડવું એ જ મહત્ત્વની વાત છે.

ભોગેચ્છાશમન માટે પ્રિયતમા પાસે રડવું ?

કેસ જીતી લેવા માટે વકિલ પાસે રડવું ?

દુઃખના રોદણાં મિત્ર પાસે વ્યકિત કરવા? શું કોઈને નથી મળ્યો ભગવાન્! રડવાના એકના એક સ્થાન માટે!

આંસુની સરિતાઓ વહાવી દીધી દુઃખિતોએ! પણ સ્વાર્થના સગાઓ પાસે! આંસુનું એક બુંદ પણ મૂકયું નથી એમણે ખરી મા-વીતરાગના ચરણે!

બેશક, દુઃખોના નાશની કામના વિનાની નિષ્કામભકિત જ શ્રેષ્ઠ ભકિત છે. પરન્તુ ધર્મબાધક-દુઃખનાશની કામના માત્ર વીતરાગની પાસે અપેક્ષિત રાખીને-એની સકામભકિત કરવી એય કાંઇ સાધારણ ભકિત ન કહેવાય.

સિવાય વીતરાગ....સર્વત્ર રોવાને ટેવાએલો વીતરાગ પાસે આવીને ધા નાંખે એ જ આશ્ચર્ય! એના જ ચરણે ઝુકાવી દે એ જ આશ્ચર્ય! દુઃખોના દફનનું કાર્ય એને જ સોંપે એ આશ્ચર્ય!

દુઃખભીરૂ આત્માઓ દુઃખથી અકળાઇને ગમે ત્યાં દોડી જાય, ગમે તેની દાઢીમાં હાથ નાંખી આવે, ધર્મને પણ વેચી મારે....પણ દુઃખભીરૂ હોવા સાથે પાપભીરૂ આત્માઓ વીતરાગ પાસે જ પોક મૂકે અને એની સકામભકિત કરે તો તેઓ બેશક વંદનીય બને છે. એમની એ સકામભકિત પણ અભિનંદનીય બને છે.

આ વિધાન ખૂબ જ ભ્રામક બની જવા સંભવ છે. એમ ન થાય તે માટે-એક વાત સમજી રાખવી કે સકામતા પણ તે જ વ્યકિતની અભિનંદનીય બને જે વ્યકિતમાં ઈશ્વર સિવાય

ક્યાંય કોઈને પણ શરણે નહિ જવાની અનન્યતા પણ પડેલી હોય.

માંગુ તો ભગવાન્ પાસે જ માંગું, બીજે ક્યાંય ન જાઉં.

પેટમાં દુઃખે તો ય પ્રભુને કહું, આજીવિકાનું સાધન જોઈતું હોય તો ય પ્રભુને જ કહું....બીજે ક્યાંય ટાંટિયા ન જ ઘસું....આ વિચાર અનન્યતાનું વિશદ સ્વરૂપ છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા સિવાય કોઈમાં પણ આવી અનન્યતા ન આવે. અનન્યતા વિનાની સકામતા જરા ય પ્રશસ્ય ન ગણાય.

જ્યાં ભગવાન્ ઉપર ઉત્કૃષ્ટભાવ છે ત્યાં ભગવાન્ પાસે માંગેલી વસ્તુ મળ્યા પછી એ ભાવમાં જ વૃદ્ધિ થવાની.

જ્યાં કામ્ય વસ્તુ ઉપર વધારે ભાવ છે ત્યાં એ વસ્તુ મળી ગયા પછી ભગવાન્ ભુલાઈ જવાના, ભગવાન્ પ્રત્યેનો ઉત્કૃષ્ટભાવ સમ્યગ્દૃષ્ટિને જ હોઇ શકે. કામ્યવસ્તુના ભોગની નિન્ઘતા એના જ ઉરમાં ઠસોઠસ ભરાએલી હોય.

જ્યારે છૂટકો જ ન હોય ત્યારે એ નિન્ઘભોગની પ્રાર્થના કરીને પુણ્ય વેચવા તૈયાર થતો હોય, એ સ્થિતિમાં એને જરા ય આનંદ ન હોય.

તેજીના ઊંચા ભાવના બજારમાં લીધેલા શેરોને ભાવો ગગડી જતાં મંદીનો વાયરો વાતા–વેચવા પડે ત્યારે જેવા દિલથી વેચવામાં આવે તેવા ભારેખમ દિલથી સમ્યગ્દૃષ્ટિ આત્મા ભોગેચ્છા કરે.

બેશક એની અનન્યશરણાગતિરૂપ સદ્ભક્તિ એને અવશ્ય સફળતા બક્ષે, અને એ સદ્ભક્તિના જળ એની ડુભાતા દિલની ભોગેચ્છાનાં પાપમળને બહુ સરળતાથી ધોઇ પણ નાંખે. એ પાપકર્મો તો સદ્ભક્તિના પ્રભાવથી નિરનુબન્ધ બંધ પામતા હોય, એટલે પ્રારંભથી જ એ ખૂબ પાતળા હોય. એમને ધોવાઇ જતાં જરા ય વાર ન લાગે.

**અનન્યતા સહિત સકામભકિત** જે સમ્યગ્દૃષ્ટિ નથી એ અનન્યતા સાથેની સકામભકિત કરી શકતો નથી. એ બધે જ નંબર લગાડે છે. એ બધાયની સેવા કરતી વેશ્યા જેવો જે સ્વભાવ ધરાવે છે એ જ એને વધુ હેરાન કરે છે. એની દુઃખમય સ્થિતિમાં એને કોઇનો અનુગ્રહ સાંપડતો નથી.

જે સહુનો તે કોઇનો નહિ.

સમ્યગ્દૃષ્ટિ આત્માનો સ્વભાવ પતિપરાયણા સ્ત્રી જેવો હોય છે. માટે જ એની આપત્તિમાં એને ઝટ અનુગ્રહ પ્રાપ્ત થઇ જાય છે.

અનન્યશરણાગતિને અનુલક્ષીને જૈનેતર રામાયણમાં એક પ્રસંગ આવે છે.

જ્યારે ભરસભા વચ્ચે દુઃશાસન દ્રૌપદીના ચીર ખેંચવા ઊભો થાય છે ત્યારે બેબાકળી બની ગએલી દ્રૌપદી યુધિષ્ઠિર વગેરે પાંચ પતિઓનું શરણું લેતી—તેમને ખૂબ ઉપાલંભ આપે છે. પણ સત્યવતી યુધિષ્ઠિર કાંઈ જ કરી શકતા નથી. મોટાભાઈની આજ્ઞાને પોતાનો પ્રાણ માનતા અર્જૂન વગેરે પણ મૌન બેસી રહે છે.

દુઃશાસન નજદિકમાં આવી જઈને પાલવ ખેંચે છે. એટલે દ્રૌપદી એ પાલવનો બીજો છેડો પોતાના દાંતમાં ભરાવી રાખે છે.

આ બેય પ્રસંગ વખતે વૈકુંઠમાં બેઠેલા કૃષ્ણ વિચાર કરે છે, કે દ્રૌપદી પોતાના પતિનું શરણું લઈ શકે છે, રે! હાડકાનું (દાંતનું) ય શરણું ખોળી કાઢે છે પણ મને યાદ કરતી નથી! ભલે....બીજાના શરણાથી નિષ્ફળ ગયા પછી મને યાદ કરે ત્યારે જ તેના શીલની રક્ષા કરીશ.

બન્યું પણ એવું જ, જ્યારે દાંતમાં ભરાવેલો પાલવ

ખેંચાતાની સાથે ફાટયો ત્યારે દ્રૌપદી એકદમ ગભરાઈ ઊઠી. હવે શું કરવું? લાજ શી રીતે રાખવી? સઘળા ય આત્મ-પ્રદેશોથી એ બોલી ઊઠી, "શ્રીકૃષ્ણઃ શરણં મમ.."

અને....તરત જ બીજી બાજુથી પાલવ આવતો જ ગયો.

આ વાતમાં ઘણી બધી અસંગતિઓ છે. પણ હાલ આપણે તેને સ્પર્શવી નથી. આ પ્રસંગ ઉપરથી આપણે તો એટલું જ સમજવું છે કે પરમાત્માની શરણાગતિ પણ અનન્યતા સાથેની જ હોવી જોઈએ.

સમ્યગ્દૃષ્ટિ આત્મા સિવાય બીજે કયાંક આવી અનન્યતા જોવા મળે નહિ. કેમકે જિનાજ્ઞા પ્રત્યેની ઉત્કૃષ્ટ ભક્તિ તેનામાં જ સંભવી શકે છે. આમ હોવાથી જ એની કટોકટી પળની સકામ-ભક્તિની કામનાનું પાપ ધોવાઇ જાય છે.

સાંસારિક સુખોની અભિલાષાથી કરાતા ધર્મોને વિષગરાનુષ્ઠાન સ્વરૂપ કહ્યા છે. પરન્તુ આ વાત મિથ્યાદૃષ્ટિ આત્માઓને અનુલક્ષીને સમજવી જોઈએ.

દેશના શ્રોતાઓને અનુલક્ષીને જ હોય એ વિધાનને નજરમાં રાખીએ તો એમ કહી શકાય કે વર્તમાન કાળના જીવો જ્યારે પ્રાયઃ અત્યન્ત ભોગરસિક જોવા મળે છે ત્યારે એમને સકામ ભક્તિની વાતો કરી શકાય નહિ.

જ્યાં સુધી અંતરમાં એક માત્ર મોક્ષની ભૂખ જાગે નહિ ત્યાં સુધી સંસારના સુખોને ભયાનક માનવાની વાત અંતરમાં જશે જ નહિ. અને તેવી સ્થિતિવાળાઓ જો સકામભક્તિ કરવા લાગી જાય તો તેમના માટે તો એ ભક્તિ ઘોરપાપકર્મના બંધનું જ નિમિત્ત બને.

એક તો આત્મા ભોગરસિક હોય અને પછી તેને ભોગ માટે ભક્તિ કરવાની સીધી કે આડકતરી વાતો કરવી એ તો

દારૂ પીધેલા વાંદરાને ઠોંસો મારવા જેવું છે! તોફાન કરવામાં જરા ય બાકી ન રાખે.

આથી જ સૌભાગ્યપંચમી આદિ સકામ તપની આરાધનાની પણ વ્યક્તિવિશેષને જ ગીતાર્થ ગુરુઓ પ્રેરણા કરી શકે છે. જે વ્યક્તિમાં તેમને ભદ્રકપરિણામ દેખાતો હોય-જેમના માટે એમને પૂર્ણ વિશ્વાસ હોય કે એ જીવોની એક એવી આવતી કાલ હું લાવી શકીશ જે વખતે તેમના અંતરમાં શુદ્ધ મોક્ષાશય સિવાય કશું જ રમતું નહિ હોય.

ગીતાર્થ મહાત્મા એટલે એવા રોગના સડાને સાફ કરનારા સર્જનો નથી કે જે ઓપરેશન કરીને ચાલ્યા જાય.... ટાંકા દેવાની કોઇ જવાબદારી નહિ.

આ વાતને ખ્યાલમાં રાખશું તો આપણને સમજાઈ જશે કે પંચાશક આદિ ગ્રન્થોમાં સૌભાગ્યપંચમી આદિ સકામ તપોની જે વાતો કરી છે તે ગીતાર્થ-સર્જન અને ભાવુકજીવદળ દરદીની વચ્ચેની જ ખાનગી વાતો છે. એ વાતોને જાહેર ઉપદેશમાં મૂકી શકાય નહિ. એવું કરનાર આત્મા ધર્મશાસનનો મહાપરાધી બને છે.

વ્યક્તિભેદે, પર્ષદા ભેદે વિધાનભેદ, ધર્મભેદ હોય છે. આ ભેદોને કુશળ ગીતાર્થો જ સમજી શકે. અમુક પર્ષદા માટે અમુક જ વાત હિતકર બને છે. એને જો બીજી કોઈ વાત કરી દેવામાં આવે તો તે પર્ષદાનું કારમું અહિત થઈ જાય.

ઉપદેશ રત્નાકર ગ્રન્થમાં એક પ્રસંગ આવે છે કે એક ગામ હતું ત્યાં કટ્ટર મિથ્યાત્વીઓ વસતા હતા. એક વાર એક ગીતાર્થ આચાર્ય ત્યાં જઈ ચડયા. પર્ષદા જોઇને એમણે ઉપદેશ આપ્યો કે જગતના જે જીવો કોઇ પણ દેવ-ગુરુ-ધર્મને જ માનતા નથી એના કરતાં દેવ-ગુરુ ધર્મને માનનારા જીવો ઘણા સારા કહેવાય.

ઇત્યાદિ." આ આચાર્યની વાત સાંભળીને એ મિથ્યાત્વી જીવો જિનધર્મના પ્રશંસક બની ગયા.

પરન્તુ કેટલોક કાળ ગયા પછી ત્યાં જ એક અગીતાર્થ સાધુ આવ્યો. તેણે ઉપદેશમાં સખ્ત શબ્દોમાં કહી દીધું કે જે લોકો સુદેવ-સુગુરુ-સુધર્મને માનતા નથી એ બધા ય સંસારમાં ભયંકર દુઃખો પામે છે. ઇત્યાદિ." આ સાંભળીને પેલા મિથ્યાત્વીઓ ઉશ્કેરાઇ ગયા અને જિનધર્મની કારમી નિંદા કરવા લાગ્યા....

પ્રસ્તુતમાં જે સકામભક્તિને સમ્યગ્દૃષ્ટિ આત્મા માટે જ ઉપાદેય કહી તેને આજના પ્રાયઃ મિથ્યાત્વવાસિત જીવોની સામે 'ઉપાદેય' તરીકે રજૂ કરી શકાય નહિ

સમ્યગ્દૃષ્ટિ આત્માની એ જિનાજ્ઞાભક્તિ એના અંતરની સાંસારિક અપેક્ષાના પાપને તોડી પાડે છે અને એના પ્રત્યાખ્યાનાદિ ધર્મોને પ્રધાન-દ્રવ્યપ્રત્યાખ્યાન બનાવી દઈને ભાવધર્મની સ્પર્શના કરાવવા સમર્થ બની જાય છે.

(૨) અવિધિપૂર્વકના દ્રવ્યપ્રત્યાખ્યાનાદિ ધર્મો પણ જો જિનાજ્ઞાની સદ્ભક્તિપૂર્વકના હોય તો ભાવધર્મનું કારણ બની શકે છે.

જે સમ્યગ્દૃષ્ટિ આત્માને વિધિમાર્ગનું અજ્ઞાન છે. અને તેથી જ જે અવિધિ પૂર્વકનો ધર્મ કરે છે તેનો તે ધર્મ ભાવ ધર્મનું કારણ બની શકે છે. કેમકે તે ધર્મ કરવા પાછળ તેનો બીજો કોઇ આશય નથી. "ભગવાન્ જિનેશ્વરદેવે-અપાર કરુણા શાલીએ-મને આ ધર્મ કરવાની આજ્ઞા કરી છે માટે જ મારે આ ધર્મ કરવો જ જોઈએ."

એને કોઇ પૂછે કે તમે શા માટે આ ધર્મ કરો છો?" તેનો ઉત્તર તે ઝટ દેશે કે મારા ઉપકારી ભગવંતે મને આ ધર્મ કરવાનું કહ્યું છે માટે કરું છું"

ધર્મ મોક્ષ માટે કરવો, ધર્મ, ધર્મ માટે કરવો, જિજ્ઞાસા છે માટે ધર્મ કરવો....આ બધી ભાવનાઓ સુંદરકક્ષાની ભાવનાઓ છે.

આવી ભાવનાપૂર્વક કરતા ધર્મમાં અજ્ઞાનતા દોષના કારણે જો અવિધિ થઇ જતી હોય તો તે અવિધિ દોષ ભાવ ધર્મનો બંધ કરવામાં સમર્થ બની શકતો નથી.

તર્કભાષા ગ્રન્થમાં મહોપાધ્યાયજીએ કહ્યું છે કે યદ્યપિ અવિધિથી અશુભકર્મનો બંધ પડી જાય પરન્તુ સાથે જ રહેલી સદ્‌ભક્તિને કારણે એ અશુભકર્મનો અનુબંધ તો ન જ પડે. કેમકે સદ્‌ભક્તિનો ભાવ અશુભકર્મના અશુભ અનુબંધના બીજનું ધોવણ કરી નાંખે છે.

એક સમ્યગ્દૃષ્ટિ આત્મા જિનેશ્વરદેવના મંદિરમાં જાય છે. ખૂબ ભાવથી અષ્ટપ્રકારી પૂજા કરે છે. એમાં છેલ્લે ભાવસ્તવના કરવામાં એને એવો ભાવોલ્લાસ જાગી જાય છે કે એ ફરી ફરીને એક એક પંક્તિ મોટા અવાજે બોલવા લાગે છે. આથી આજુબાજુના બીજા પ્રભુભક્તોને અંતરાય પડે છે.

આવી રીતે તારસ્વરે બોલવું એ બેશક અવિધિ ગણાય પરન્તુ એમ કરવાથી એના અંતરમાં જે અપૂર્વ ભક્તિનો આનંદ રેલાઈ રહ્યો છે એ એટલી બધી મહાન્ વસ્તુ છે કે એને જીવંત રાખવા માટે એ અવિધિનું નિવારણ કરવાની સુચના પણ કરવાનું વ્યાજબી ન ગણાય. ભક્તની એ સદ્‌ભક્તિના ભાવની પહાડ જેટલી વિધિ પાસે તારસ્વરોચ્ચારની અવિધિ તો માટીના એક કણ બરોબર છે. એ કણને દૂર કરવા માટે કાંઇ પહાડને દૂર ન કરાય.

એ સદ્‌ભક્તિની એવી પ્રચંડ તાકાત છે કે પેલી અવિધિના દોષને તે નિરનુબન્ધ બનાવી દે છે. આથી જ સદ્‌ભક્તિની સાથે રહેલી આવી અવિધિઓવાળા ધર્મો ભાવધર્મોની પ્રાપ્તિમાં બાધક ન બનતાં સાધક બની જાય છે.

માતાની કમર દુઃખતી હોય અને માતૃભક્ત દીકરો પોતાની ભક્તિથી માતાની કમર ઉપર પગ મૂકીને સેવા કરતો હોય તો તેને અટકાવી ન શકાય. બેશક સ્થૂલદષ્ટિએ પૂજ્યને પાદસ્પર્શ કરવો એ વિધિ નથી પરન્તુ પુત્રનો ભક્તિભાવ તે અવિધિની ઉપેક્ષા કર્યા વિના રહી શકતો નથી. અને એ અવિધિનું પાપ ભક્તિના નીરમાં ધોવાઇ ગયા વિના રહેતું ય નથી.

નિશ્ચયદષ્ટિએ તો તે અવિધિ જ ન કહેવાય જે અવિધિ વિધિના ફળસ્વરૂપ આત્મવિકાસમાં પરમ્પરયા પણ નિમિત્ત બની જતી હોય.

મગધેશ્વર શ્રેણિકે પણ અવિધિ કરી ન હતી શું?

શાસનપતિ ભગવાન્ મહાવીરદેવના અંગને એક દેવે પરુ (હકીકતમાં એ પરુ હતું જ નહિ.) લગાડયાનો એમને ભ્રમ થયો. પરમાત્મા પ્રત્યેની બેહદ સદ્ભક્તિ એ આશાતનાને કેમ ખમી શકે? એમને આવેશ આવી ગયો....દેવાધિદેવની હાજરીમાં જ. આવેશ એ અવિધિ છે. છતાં સદ્ભક્તિના છૂટતા ધોધનો મૂળમાંથી જ એ ઉત્પન્ન થએલો છે. આવેશનો એ મેલ ત્યાં કેટલો ટકી શકે?

(૩) સદ્ભક્તિપૂર્વકનો અપરિણામ પણ ભાવપ્રત્યાખ્યાનને બાધિત કરી શકતો નથી.

દાનનો પ્રસંગ હોય છતાં સંભવ છે કે દાનાન્તરાય કર્મના જોરદાર ઉદયને કારણે સમ્યગ્દષ્ટિ આત્માને પણ દાન દેવાનો પરિણામ ન થતો હોય. પરન્તુ દર્શનમોહનીયકર્મના તેના સુનિશ્ચિત ક્ષયોપશમના કારણે તેના અંતરમાં એ ભાવ ઊછળી પડે કે, "ભગવાન્ જિનેશ્વરદેવોની આજ્ઞા છે કે સંપત્તિમાન્ આત્માઓએ અવસરે દાન દેવામાં પાછા ન જ પડવું જોઈએ. અહા! નિસ્તમ કરુણાસતારની આ આજ્ઞા છે તો મન ન હોય તો ય મારે તે આજ્ઞાને શિર ઝુકાવવું જોઇએ."

આમ વિચારીને મનમાં પરિણામ ન હોવા છતાં તેની સદ્ભક્તિ દાનધર્મ પળાવે તો તેવો પણ દાનધર્મ-ભાવ દાનધર્મનું કારણ બની ગયા વિના ન રહે.

સંવત્સરી મહાપર્વના દિવસે શક્તિ હોય તો ઉપવાસ કરવો જ જોઈએ એવી જિનાજ્ઞા પ્રત્યેની સદ્ભક્તિથી પ્રેરાઇને સમ્યગ્દૃષ્ટિ આત્મા પરાણે પણ ઉપવાસ કરે તો તેનો પરિણામ વિનાનો—સદ્ભક્તિથી પ્રેરાએલો દ્રવ્યઉપવાસ પણ ભાવઉપવાસનું અવશ્ય નિમિત્ત બની જવાનો.

એક સાધુ છે. ઉગ્રવિહારના કારણે સાંજના સમયે ખૂબ શ્રમિત થઈ ગયા છે. આવશ્યકક્રિયા ઊભા રહીને કરવાનો પરિણામ બિલકુલ નથી. છતાં 'ઊભા જ આવશ્યક ક્રિયા કરવાની જિનાજ્ઞા પ્રત્યેની સદ્ભક્તિથી પ્રેરાઈને તેઓ ઊભા ઊભા જ સઘળી ક્રિયા કરે છે. બેશક પરિણામ ન હોવાથી તે ક્રિયા દ્રવ્યક્રિયા જ કહેવાય છતાં સદ્ભક્તિયુક્ત આ ક્રિયા છે માટે આ દ્રવ્યક્રિયા અપ્રધાન દ્રવ્યક્રિયા ન બનતાં પ્રધાન દ્રવ્યક્રિયાસ્વરૂપ બની જશે. એટલે કે ભાવી ભાવક્રિયાનું કારણ અવશ્ય બની જશે.

(૪) વીર્યાભાવવાળું દ્રવ્યપ્રત્યાખ્યાન પણ જો જિનાજ્ઞા—સદ્ભક્તિપૂર્વકનું હોય તો તે ય ભાવપ્રત્યાખ્યાનનું કારણ બની જતું પ્રધાન દ્રવ્યપ્રત્યાખ્યાન બની રહે છે.

આંતર પરિણામ સાથે કરાતું પ્રત્યાખ્યાન પણ જો પછીથી થતા ક્લિષ્ટકર્મના ઉદયની સામે ટક્કર ઝીલે તેવા વિશિષ્ટવીર્ય વિનાનું બની જાય તો તે પ્રત્યાખ્યાન અપ્રધાનદ્રવ્ય-પ્રત્યાખ્યાન બની રહે છે એ વાત આપણે પૂર્વે જોઇ ગયા છીએ. છતાં જો ત્યાં પણ જિનાજ્ઞાસદ્ભક્તિનો ભાવ જ જોર કરતો હોય તો તે તૂટી પડતું દ્રવ્યપ્રત્યાખ્યાન પણ પ્રધાનદ્રવ્યપ્રત્યાખ્યાન બની જાય છે.

'સંયમ વિના મોક્ષ નથી' એવી જિનાજ્ઞા સાંભળીને રાજકુમાર નંદિષેણને સંયમનો પરિણામ જાગ્યો. અને ઘણાની નામરજીની ઉપર જઈને પણ તેમણે સંયમધર્મ સ્વીકાર્યો, પણ એક વાર વેશ્યાને ત્યાં ફસાયા, વેશ્યાએ પગ ઝાલ્યા. આ સમયે બેશક ક્લિષ્ટકર્મનો ઉદય થયો. અને તેથી વિશિષ્ટવીર્યને ફોરવી ન શક્યા અને તેથી વિરતિધર્મનો ભંગ થઈ ગયો, આમ વિશિષ્ટવીર્યના અભાવે જે સંયમધર્મનો બાધ થયો તે સંયમધર્મનો સ્વીકાર તો જિનાજ્ઞાની સદ્‌ભક્તિને કારણે જ કર્યો હતો. માટે જ એ સંયમધર્મ ભાવીમાં ભાવસંયમધર્મનું અવન્ધ્ય કારણ બની રહ્યો.

એક સાધુએ સુંદર પરિણામ સાથે એક અભિગ્રહ કર્યો. પછી જાગી ઉઠેલા કર્મોદયની સામે જરૂરી વિશિષ્ટપરાક્રમના અભાવે તે અભિગ્રહ તૂટી ગયો. છતાં આ અભિગ્રહધર્મ જિનાજ્ઞાસદ્‌ભક્તિથી પ્રેરાઈને લીધો હતો માટે તે નિષ્ફળ તો ન જ જાય. પૂર્વે કહ્યા મુજબ આવા ધર્મોને સુવર્ણઘટ સમાન કહ્યા છે.

સુવર્ણઘટ તૂટી જાય તો ય તેની પૂરી કિંમત આવે. કેવો ઝળહળતો મહિમા છે સદ્‌ભક્તિનો કે જે સાવ ખોટા પડી જતાં ધર્મોને સાવ સાચા બનાવી દેવાની ભૂમિકાએ સ્થિર કરી દે છે!!!

જ્ઞાનાષ્ટક

[૯]

विषयप्रतिभासं चात्मपरिणतिमत्तथा ।
तत्त्व संवेदनञ्चैव ज्ञानमाहु र्महर्षयः ॥१॥

મહર્ષિઓએ ત્રણ પ્રકારના જ્ઞાન કહ્યા છે. [૧] વિષય પ્રતિભાસ [૨] આત્મપરિણતિમત્ [૩] તત્ત્વસંવેદન.

विषकण्टकरत्नादौ बालादिप्रतिभासवत् ।
विषयप्रतिभासं स्यात् तद्धेयत्वाद्यवेदकम् ॥२॥

**વિષયપ્રતિભાસ જ્ઞાન :–**

આ ઝેર છે; આ કાંટો છે, આ રત્ન છે....એટલું જ બાળકને જે જ્ઞાન થાય છે; જેમાં તેમની હેયતા, ઉપાદેયતાનું ભાન થતું નથી તે જ્ઞાન, વિષય પ્રતિભાસ કહેવાય.

निरपेक्ष प्रवृत्यादि-लिङ्गमेतदुदाहृतम् ।
अज्ञानावरणापायं महापायनिबन्धनम् ॥३॥

આ વિષયપ્રતિભાસ જ્ઞાનની ઓળખ પરલોકાદિથી નિરપેક્ષ પ્રવૃત્તિ વગેરે દ્વારા થાય છે. મતિ–અજ્ઞાનાવરણ કર્મના હ્રાસથી આ જ્ઞાન ઉત્પન્ન થાય છે. આત્માના ભયંકર અહિતને એ કરે છે.

पातादिपरतन्त्रस्य तद्दोषादावसंशयम् ।
अनर्थाद्याप्तियुक्तं चात्मपरिणतिमन्मतम् ॥४॥

વિપરીતશિક્ષા પામેલા અશ્વનો સ્વાર ધરતી ઉપર ફેંકાઈ [illegible] જાય કે મજેના જીન ઉપર બેસીને મૃદુસ્પર્શનો આનંદ [illegible] દોષ પામે તો અનર્થ થાય, ગુણ પામે તો [illegible]

આત્મપરિણતિમત્ જ્ઞાનનો સ્વામી જગત્ના વિષયાદિવશ પરતન્ત્ર જંતૂઓના આ સ્વરૂપને બરોબર જાણે છે. જો વિષયોને પરતન્ત્ર થઈ જાય તો પતન પામે અને જો વીતરાગને પરતન્ત્ર થાય તો મોજ માણે.

तथाविधप्रवृत्यादिव्यङ्ग्यं सदनुबन्धि च ।
ज्ञानावरणह्रासोत्थं प्रायो वैराग्यकारणम् ॥५॥

આત્મપરિણતિમત્ જ્ઞાન—(૧) બળાપા સાથેની અધર્મપ્રવૃત્તિ અને ધર્મનિવૃત્તિથી સૂચિત થાય છે. (૨) શુભકર્મનો અનુબંધ કરે છે. (૩) જ્ઞાનવરણીયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે. (૪) પ્રાયઃ વિરાગનું કારણ બની રહે છે.

स्वस्थवृत्तेः प्रशान्तस्य तद्धेयत्वादिनिश्चयम् ।
तत्वसंवेदनं सम्यग्यथाशक्ति फलप्रदम् ॥६॥

મન–વચન અને કાયા–ત્રણેય જેના બળથી સુંદર વર્ત્તાવ-વાળા બને છે, જેનાથી રાગાદિપાપો ઉપશાન્ત થાય છે, હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય પદાર્થોનો એ જ સ્વરૂપે જે નિશ્ચય કરાવે છે અને શકિત મુજબ જે ફલ આપે છે તે તત્ત્વસંવેદન નામનું ત્રીજું સુંદર જ્ઞાન છે.

न्याय्यादौ शुद्धवृत्त्यादि गम्यमेतत्प्रकीर्त्तितम् ।
सज्ज्ञानावरणापायं महोदयनिबन्धनम् ॥७॥

આ જ્ઞાનઃ—(૧) રત્નત્રયીરૂપ ન્યાય્ય માર્ગમાં શુદ્ધ પ્રવૃત્તિ કરાવે છે અને એથી વિપરીત અન્યાય્યમાર્ગથી નિવૃત્તિ કરાવે છે (૨) ચારિત્ર્ય મોહનીયકર્મના ક્ષયોપશમ સાથેના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે, (૩) સ્વર્ગ અને અપવર્ગના સુંદર ફળો આપે છે.

एतस्मिन्सततं यत्नः कुग्रहत्यागतो भृशम् ।
मार्गश्रद्धादिभावेन कार्य आगमतत्परैः ॥८॥

જેમના અંતરમાં આપ્તવચનની મુખ્યતા છે તેમણે તો કદાગ્રહનો ત્યાગ કરીને માર્ગ ઉપરની શ્રદ્ધા વગેરે ભાવો સાથે આ તત્ત્વસંવેદનજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ખૂબ જ પ્રયત્ન કરવો જોઈએ.

વિશિષ્ટજ્ઞાનની પ્રાપ્તિ (ક્ષયોપશમ) વિના ભાવપ્રત્યાખ્યાન સંભવી શકતું નથી. એટલે હવે આપણે જ્ઞાનનું સ્વરૂપ જોઇએ.

**ત્રણ પ્રકારના જ્ઞાન** જેમ શ્રુત, ચિન્તા અને ભાવનાના ભેદથી ત્રણ પ્રકારના જ્ઞાન છે તેમ વિષયપ્રતિભાસ, આત્મ-પરિણતિમત્ અને તત્ત્વ સંવેદન ભેદથી પણ ત્રણ પ્રકારના જ્ઞાન મહર્ષિઓએ કહ્યા છે.

(૧) વિષય એટલે શ્રોત્રાદિ ઇંદ્રિયોના શબ્દાદિ વિષયો, તે શબ્દાદિ વિષયોનો આત્મામાં પ્રતિભાસ-(જ્ઞાન) થવું તે વિષય-પ્રતિભાસ જ્ઞાન કહેવાય. વસ્તુનું માત્ર વસ્તુરૂપે જ્ઞાન થવું; પરન્તુ તે વસ્તુની લેવા-મૂકવાની પ્રવૃત્તિમાં તાત્ત્વિક હેયતા-ઉપાદેયતાનો બોધ ન થવો; આવું જ્ઞાન મિથ્યાદષ્ટિ આત્માને હોય છે.

(૨) જીવનો એવો પરિણામ કે જેમાં વસ્તુની તાત્ત્વિક હેયતા-ઉપાદેયતાનું જ્ઞાન થતું હોય પરન્તુ હેયને ત્યાગી દેવાની અને ઉપાદેયને સ્વીકારવાની પ્રવૃત્તિ ન હોય.

આ જ્ઞાન સમ્યગ્દષ્ટિ આત્માને હોય.

(૩) તત્ત્વ એટલે પરમાર્થ. એ પરમાર્થ જેના વડે ખૂબ સારી રીતે જણાય એટલે કે હેયનો ત્યાગ કરાવે અને ઉપાદેયનો સ્વીકાર કરાવે અને ઉપાદેયનો સ્વીકાર કરાવે એવું બળવાન જે જ્ઞાન તે તત્વસંવેદન જ્ઞાન કહેવાય.

આ જ્ઞાન વિશુદ્ધ ચારિત્રીઓને હોય.

આ ત્રણેય પ્રકારના જ્ઞાનો મતિજ્ઞાનાદિના પ્રકારો હોય છે. હવે પ્રત્યેક જ્ઞાનનો વિસ્તારથી વિચાર કરીએ.

## (૧) વિષયપ્રતિભાસ જ્ઞાન :

બાળકની સામે ગમે તે પ્રકારનું ઝેર મૂકો, બાવળનો કાંટો મૂકો કે રત્નોનો ઢગલો મૂકો.

વિષ વગેરે હેય છે, રત્નાદિ ઉપાદેય છે અથવા તો ઘાસનું તણખલું ઉપેક્ષણીય છે એવી કશી સમજણ બાળકને હોતી નથી કે અતિમુગ્ધ માણસને પણ હોતી નથી.

બાળકને વિષ એ એક વસ્તુરૂપે જ દેખાય છે, ત્યાગવા જેવા પદાર્થ તરીકે તેને જોતું નથી.

રત્ન એ એક વસ્તુરૂપે જ દેખાય છે પરન્તુ સ્વીકારવા જેવા પદાર્થ તરીકે તેનું જ્ઞાન થતું નથી.

જે કોઈને પણ વસ્તુની હેયત્વાદિનો બોધ થતો ન હોય તે બધાય બાલ છે. પછી તે બહુશ્રુત કાં ન હોય?

રાગદ્વેષની નિબિડગ્રન્થીને જેણે ભેદી નથી એ ગમે તેવો બહુશ્રુત હોય-સાડા નવ પૂર્વનો જ્ઞાતા હોય તો ય—અજ્ઞાની કહેવાય છે. મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી યુકત એ જ્ઞાન વસ્તુતઃ જ્ઞાન જ નથી.

આવા આત્માઓને અતત્વમાં હેયતાનું, તત્ત્વમાં ઉપાદેયતાનું જ્ઞાન થતું નથી, એમને કાં તો તત્વ અને અતત્ત્વ બેય સમાન લાગે છે, બાળક વિષને ય મોંમાં મૂકે અને રત્નના નંગને ય મોંમા મૂકે.

અથવા તો એમને તત્ત્વમાં અતત્ત્વનું અને અતત્ત્વમાં તત્ત્વનું વિપરીત ભાન થઈ જાય છે. સામે પડેલી બરફી લેવા જેવી લાગે અને હીરાની વીંટી તરછોડવા જેવી લાગે.

શાસ્ત્રના અર્થોનો માત્ર બોધ થાય અને હેય, ઉપાદેય તથા ઉપેક્ષણીયનું ભાન ન થાય તો તે શાસ્ત્રનો બોધ વસ્તુતઃ અબોધ જ કહેવાય. [૨]

જાણો છો શી રીતે ખબર પડે એવા જ્ઞાની-અજ્ઞાનીની?

જેને જ્ઞાન ઘણું હોવા છતાં જીવનમાં કોઈ પરિણમન જ ન થતું હોય, શબ્દાદિભોગોને હેય કહ્યા છતાં એ ઉપાદેયતા

જેના જીવનને અડી જ ન હોય એવા સ્વચ્છંદચારી આત્માઓનું મોટું શાસ્ત્રજ્ઞાન પણ મહા અજ્ઞાન જ કહેવાય.

જે માત્ર જ્ઞાનસમૃદ્ધ છે, જેને જીવનસમૃદ્ધિ સાથે કશા જ લેવાદેવા નથી એ આત્માઓનું જ્ઞાન વિષયપ્રતિભાસજ્ઞાન કહેવાય.

મતિજ્ઞાન શ્રુતજ્ઞાન કે અવધિજ્ઞાન જો મિથ્યાત્વના ઉદયથી સહચરિત હોય તો તે મતિ અજ્ઞાન, શ્રુત–અજ્ઞાન, શ્રુત–અજ્ઞાન અવધિ–અજ્ઞાન (વિભંગજ્ઞાન) કહેવાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ આત્માની સઘળી મતિને મતિજ્ઞાન કહેવાય છે. જયારે મિથ્યાદૃષ્ટિની સઘળી મતિને મતિ અજ્ઞાન કહેવાય છે. આ રીતે શ્રુતજ્ઞાનનું પણ સમજી લેવું."

વળી અન્યત્ર પણ કહ્યું છે કે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન જ છે કેમકે તેને વસ્તુના સદસત્ સ્વરૂપના ભેદનું જ્ઞાન નથી. યથેચ્છ રીતે એ વસ્તુને હેય, ઉપાદેય કે ઉપેક્ષ્ય ગણી લે છે. આથી જ્ઞાનનું ફળ મુક્તિ તેને પ્રાપ્ત થતું નથી. એટલે જ તેનું જ્ઞાન અજ્ઞાન કહેવાય છે.

આવ મતિ અજ્ઞાનાદિ–સ્વરૂપ અજ્ઞાનોનું કર્માવરણ દૂર થઈ જાય ત્યારે જે જ્ઞાન પ્રાપ્ત થાય તે મતિ અજ્ઞાનાદિ જ્ઞાન કહેવાય.

અથવા તો એમ પણ કહી શકાય કે જ્ઞાનવરણીયકર્મના આવરણનો જયાં અપગમ થતો નથી તેવું જે જ્ઞાન તે મતિઅજ્ઞાનાદિ કહેવાય.

આવાં મતિઅજ્ઞાનાદિ સ્વરૂપ કહેવાતા જ્ઞાનો સ્વ-પરના ઈહુપર-લોકને ભયાનક બનાવતા હોય છે. આથી જ આવા જ્ઞાનોને વસ્તુતઃ અજ્ઞાન જ કહેવામાં આવ્યા છે.

કહ્યું છે કે ક્રોધાદિ સઘળા ય પાપો કરતાં ય વધુ ખરાબ તો અજ્ઞાન જ છે કેમકે તેના કારણે જ જગતના લોકોને

પોતાનું હિત શેમાં અને અહિત શેમાં તેની સમજણ પણ પડતી નથી.

શાસ્ત્રની વાતો તો નરદમ સત્યથી સુશોભિત જ હોય છતાં આજે ય આ વાતના સચોટ પુરાવા મળવાથી શાસ્ત્રશ્રદ્ધા વધુ મજબૂત બની જાય છે.

**વિષય પ્રતિભાસ જ્ઞાનનાં તોફાનો** રાજ્ય કર્તાઓને લાગે છે કે ભારતમાં વસતિ વધારો બેફામ રીતે વધી રહ્યો છે; આ વસતિ વધારો અટકાવવા માટે ગર્ભ નિરોધક પીલ્સ, લૂપ (આંકડી) વગેરે સાધનોનો ધૂમ પ્રચાર કરવામાં આવે છે પરન્તુ આટલેથી જ વસતિ વધારો કાબુમાં આવતો નથી.

દેશના જુદા જુદા કહેવાતા બુદ્ધિમાનો જુદા જુદા ઉપાયો સુચવે છે. કાકા સાહેબ કાલેલકર આવા એક સમર્થ ચિંતક ગણાય છે. એમણે પણ વસતિ વધારો અટકાવવા માટે એક ઉપાય સૂચવતાં જણાવ્યું છે કે જગત્માં જેટલા વૃદ્ધ સ્ત્રી પુરુષો છે તે બધાયને ધીમું ઝેર આપીને મારી નાખવાથી ભારતની વસતિ ઘટી જશે.

આ બુદ્ધિના બાદશાહે આ વાતનું સમર્થન કરવા માટે એક દ્દષ્ટાન્ત આપ્યું છે કે ભરદરિયે સ્ટીમર આવી હોય અને જો ભયંકર વાવંટોળ લાગે તો તે વખતે સ્ટીમરનો ભાર ઓછો કરવો માટે શું કરવું જોઈએ? પહેલાં તો માલ સામાન ઘટાડવો જોઈએ. પછી પાણીના પીપો દરિયામાં ફેંકી દેવા જોઇએ. છતાં જો કાર્યસિદ્ધિ ન થાય તો શું કરવું? શું યુવાન સ્ત્રી પુરુષો કે નાના બાળકોને બચાવી લેવા ન જોઇએ? આવતી કાલના ભારતના નાગરિકો હશે તો જ ભારત હશે ને? માટે એ વખતે તમામ વૃદ્ધ સ્ત્રી પુરુષોને દરિયામાં ફેંકી દઈને અને યુવાનોને ઉગારી લેવા જોઇએ!

"આ જ નીતિ વસતિવધારો અટકાવવામાં અખત્યાર કરવી જોઈએ !"

અત્યન્ત બુદ્ધિમાન્ ગણાતા આ કાકાસાહેબ વૃદ્ધ થએલા માત-પિતાઓને ઝેરના ઈંજેકશન આપીને ખતમ કરવાની વાત કરે છે! વસતિવધારો અટકાવવાનો ઉપાય સુચવે છે!

બ્રિટનમાં પણ કૂદકે ભૂસકે વસતિ વધી રહી છે. વસતિ-વધારાને લીધે વિકસતું જતું અર્થતન્ત્ર પણ ખળભળી ઊઠયું છે. હવે કરવું શું ?

બ્રિટન એટલે આખી દુનિયાનો સૌથી વધુ મુત્સદ્દી દેશ!

ત્યાંના મુત્સદ્દીઓએ વસતિવધારાને અટકાવવાનો એક ઉપાય શોધી કાઢયો છે. તેમણે જોયું કે સ્ત્રી-પુરુષના જાતીય સંબંધને કારણે જ પ્રજોત્પત્તિ થાય છે અને લોકોના જાતીય-વિકારોને શાન્ત પાડી દેવાનું કામ અશકય છે. ભલે. પણ તે વિકારોના ભોગનો રસ્તો કેમ બદલી ન શકાય ?

વિજાતીય સંબંધને બદલે જો સજાતીય સંબંધની કાયદેસર છૂટ આપી દેવામાં આવે (અત્યાર સુધી સજાતીય સંબંધ કરનાર ગુન્હેગાર ગણાતો હતો) તો વિજાતીય આકર્ષણ ઘણું ઘટી જાય. તેમ થવાથી વસતિવધારો ઠીક ઠીક ઘટાડી શકાય.

એ જાણીને નવાઇ થશે કે આ મુત્સદ્દીઓએ પાર્લામેન્ટમાં ઠરાવ લાવી દઈને સજાતીય સંબંધ કરનારને હવેથી બિનગુન્હે-ગાર ઠરાવી દીધો છે!!!

હજી એક વાત. ભગવાન મહાવીરના ધર્મનું ઊંચું તત્ત્વ-જ્ઞાન પામેલા-કહેવાતા એક સમર્થ ચિંતક અને લેખક, એક જગાએ કહે છે કે જૈન-સાધુ-સાધ્વીઓ આત્માના મોક્ષસ્થાનનું જે વર્ણન કરે છે તેવો જ ખરેખર જો મોક્ષ હોય તો તેવા મોક્ષના સ્થાનને તો હું હંગવા જવા માટે ય પસંદ ન કરું!!!

કહો, આ જ્ઞાનીઓના જ્ઞાનને જ્ઞાન કહેવું કે અજ્ઞાન? આમને તો જ્ઞાની કહેવાતા હશે?

મિથ્થાત્વના કારમા ઉદયથી રિબાતા સાડા નવ પૂર્વના જ્ઞાનીને ય અજ્ઞાની કહ્યો છે તે વાત હવે બરોબર લાગે છે ને?

અને સમ્યક્ત્વ ધર્મથી સુશોભિત જ્ઞાનીને સાચો જ્ઞાની કહ્યો છે એ વાત હવે મગજમાં બેસી જાય છે ને? ભલે પછી તે અષ્ટપ્રવચન માતાના જ જ્ઞાનવાળો હોય.

અજ્ઞાનાવરણના હ્રાસથી ઉત્પન્ન થએલા જ્ઞાને તો જગત્માં જે ભયંકર ભ્રષ્ટાચાર ફેલાવ્યો છે તેવો ભ્રષ્ટાચાર તો અભણોની દુનિયાએ પણ નથી ફેલાવ્યો.

એટલે જ જ્ઞાનનો અભાવ સારો પરન્તુ વિપરીત જ્ઞાન (–અજ્ઞાન) તો ખૂબ જ ભૂંડું.

કોણ સમજાવશે આજના કહેવાતા બુદ્ધિમાનોને એમના ઘોર અજ્ઞાનની વાત? છે કોઈ નરબંકો કે જે એમના જ્ઞાનના અહંને તમાચ મારીને ઠંડા પાડી દઈને આત્માના જ્ઞાનનો એકડો ઘૂંટવાની ગામઠી શાળાએ બેસાડી દે!

**આત્મપરિણતિમત્ જ્ઞાન** ચાલો. હવે આપણે સમ્યગ્દર્શનની ઉજ્વળ દુનિયામાં પ્રવેશ કરીએ.

એક ઘોડો છે. સામાન્ય રીતે તો લગામ ઢીલી મૂકવામાં આવે, નીચી છોડવામાં આવે એટલે ઘોડો દોડવા લાગે. પરન્તુ આ ઘોડાને વિપરીત શિક્ષણ આપવામાં આવ્યું છે. એની લગામ ઊંચી અને તિરછી ખેંચવામાં આવે એટલે ઘોડો દોડવા લાગે.

**સમ્યગ્દર્શન:** આવા ઘોડા ઉપર સ્વાર થનારો માણસ જો આ શિક્ષાનો જાણકાર ન હોય તો ગમે ત્યારે જમીન ઉપર પટકાઈ પડે. અને જો આ વિપરીતશિક્ષાનો પાકો જાણકાર હોય તો

રૂના સુંવાળા મઝેના જીન ઉપર કલાકો સુધી બેસવાનું સૌભાગ્ય પામી જાય.

બે ય વાત છે. એમાં પતન પણ થાય, બેસવાની મજા પણ આવે.

વિપરીત શિક્ષાવાળા ઘોડા ઉપર સ્વારી કરવામાં આ બે દોષ અને ગુણ છે.

જો પડયો તો હાડકાં તૂટે, મૃત્યુ પણ થાય. ગમે તે અનર્થની પ્રાપ્તિ થાય. અને જો ઘોડા ઉપર સ્વાર થઈ ગયો તો મઝેના સુંવાળા જીન ઉપર બેસવાનું ભાગ્ય પ્રાપ્ત થાય. ઈષ્ટ સ્થાને પહોંચી પણ શકાય.

આત્મપરિણુતિમત્ જ્ઞાનના પ્રકાશમાં ય આવું જ કોઈ ચિત્ર ઉપસે છે.

ઇન્દ્રિયોના ઘોડા ઉપર એક આત્મા સ્વાર થયો છે. આત્મ-પરિણુતિમત્ જ્ઞાનવાળો સમ્યગ્દષ્ટિ આત્મા એની સામે જોઈને વિચાર કરે છે કે આ ઘોડો છે તો ખૂબ વિચિત્ર. જો એની લગામ ઢીલમાં મૂકવામાં આવશે તો એની ઉપર સ્વાર થએલાને ઊંચકીને પછાડી દેશે; જમીન ઉપર. અને જો એની લગામોને ખેંચ-વામાં આવશે તો એ જ ઘોડો મુક્તિના પંથે માર માર કરતો દોડયો જશે.

વિષયકષાયના ભાવોને પરવશ પડેલા જીવો ઘોડાની લગામો છૂટી જ મૂકવાના અને એથી એઓ જમીન ઉપર પટકાવવાનો દોષ આંખ સામે જોવાના અને દુર્ગતિમાં ચાલ્યા જવાસ્વરૂપ અનર્થને ભેટવાના.

પણ જે જીવાત્માઓ વિષયકષાય-વિજેતા પંચપરમેષ્ઠીને પરતન્ત્ર રહેવાના તેઓ ઇન્દ્રિયોની લગામ કાબૂમાં રાખવાના અને તેના પરિણામે સુંવાળા જીન ઉપર બેસવા જેવો સદ્ગતિ-

પ્રાપ્તિનો ગુણ પામવાના અને તેના પરિણામે સદ્ગતિનો અર્થ પ્રાપ્ત કરવાના....પરંપરયા મુક્તિના દ્વારે જઈ ઊભા રહેવાના.

સમ્યગ્દષ્ટિ આત્માને સમ્યગ્દર્શનના પ્રકાશમાં આ બધું ય સ્પષ્ટ દેખાય છે, કેમકે એ પ્રકાશમાં મોહનો કોઈ અંધકાર ભળ્યો નથી. એ સ્વચ્છ પ્રકાશ છે અને તેથી જ ઉપરના ચિત્ર–દર્શનમાં એમને કોઈ સંદેહ થતો નથી કે કોઈ ભ્રમ રહેતો નથી.

જ્ઞાની અને જ્ઞાનમાં કોઈ ભેદ નથી. જ્ઞાનમાં આવું દર્શન થાય છે એમ કહો કે જ્ઞાનીને આવું દર્શન થાય છે એમ કહો એ ય લગભગ એક જ વાત છે.

ખૂબ ટૂંકામાં આ વાત જણાવવી હોય તો એમ કહી શકાય કે આત્મપરિણતિમત્ જ્ઞાન તેને કહેવાય જેમાં પાપના (દોષના) ફલરૂપ અનર્થોનું અને ધર્મના (ગુણના) ફળરૂપ અર્થોનું ખૂબ જ અસંદિગ્ધ ભાન હોય. એ વિષયમાં ખૂબ જ અસંદિગ્ધ શ્રદ્ધાયુક્ત નિશ્ચય હોય.

**ગ્રન્થિભેદ** અધ્યાત્મતત્ત્વના જાણકારોની આ વાત છે. શાસ્ત્રમાં પણ આ વાતમાં સૂર પુરાવતા કહ્યું છે કે જ્યારે રાગદ્વેષની જીવલેણ ગાંઠ ભેદાઈ જાય છે ત્યારે કોડી એના કોડીના સ્વરૂપે જ હેયતયા દેખાવા લાગે છે અને રત્ન એના રત્નસ્વરૂપે જ ઉપાદેયતયા દેખાવા લાગે છે. હા, છતાં એવું બને કે હેયનો પણ રાગ કરીને એ આત્મા એનો ઉપભોગ કરતો હોય અને ઉપાદેયને જીવનમાં સ્વીકારી લેતો ન હોય.

પણ છતાં આ જ્ઞાનને અસુન્દર તો ન જ કહેવાય. હેયમાં હેયતાનું અને ઉપાદેયમાં ઉપાદેયતાનું જ્ઞાન થયા પછી હેયથી નિવૃત્તિ અને ઉપાદેયની પ્રવૃત્તિ હોવી જોઈએ પણ કદાચ તે પ્રવૃત્તિ નિવૃત્તિ અસંભવિત બનતી હોય તો પણ તે જ્ઞાન સુન્દર જ કહેવાય કેમકે સાચાને જ સાચું માનવાની, જૂઠને જૂઠું માનવાની શ્રદ્ધાથી તે જ્ઞાન વિભૂષિત થએલું છે.

મિથ્યાત્વનો ઉદય સાચાને સાચું માનવા દેતો નથી. જૂઠને જૂઠ કબુલવા દેતો નથી. સમ્યક્ત્વનો ઉદય થયા પછી અર્થને અર્થરૂપ, પરમાર્થને પરમાર્થરૂપ અને અનર્થને અનર્થરૂપે જ માનવાની તાકાત પ્રાપ્ત થાય છે. આટલું સુન્દર જ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ જે અનર્થનો ભોગ થતો રહે છે અને અર્થ–પરમાર્થનો સ્વીકાર થતો નથી એ મહિમા ચારિત્ર્યમોહનીય કર્મનો છે. પણ તે કર્મના ઉદયમાત્રથી જ્ઞાન અસુન્દર બની જતું નથી. જ્ઞાનના જલને ડહોળું બનાવનાર મિથ્યાત્વનો મેલ છે. તે તો દૂર જ થઈ ગયો છે માટે જ્ઞાન તો અવશ્ય નિર્મળ કહેવાય.

સામાન્ય રીતે તો એમ પણ કહી શકાય કે જે આત્માઓને આવું સુન્દર આત્મપરિણુતિમત્ જ્ઞાન થઈ જાય છે એ આત્માઓને જો બીજા બાહ્ય સંયોગોની બધી અનુકૂળતા હોય તો હેયને ત્યાગી દીધા વિના અને ઉપાદેયને સ્વીકારી લીધા વિના રહી શકતા નથી પરન્તુ આ વાત પણ એકાન્તે કહી શકાય નહિ. કેમકે ચારિત્ર મોહનીયકર્મનો મહિમા ખૂબ જ વિચિત્ર પ્રકારનો હોય છે કે ચારિત્ર લેવા માટેની બધી ભૂમિકા તૈયાર હોવા છતાં ક્યારેક ચારિત્ર લઈ શકાતું નથી.

અધ્યાત્મસાર ગ્રન્થમાં મહોપાધ્યાયજીએ આ વાતની વિશદ છણાવટ કરી છે.

એટલે—સમ્યક્ ચારિત્રજીવનનો કે અણુવ્રતના સ્વીકારસ્વરૂપ દેશવિરતિજીવનનો કદાચ સ્વીકાર ન પણ થઇ શકે તોય આત્મપરિણુતિમત્ જ્ઞાન અસુન્દર તો ન જ કહેવાય.

**બન્ધ :** એટલું જ નહિ પણ આ જ્ઞાનમાં તો વિશિષ્ટ સૌન્દર્ય **અનુબન્ધ :** ભરેલું છે. કેમકે આવા જ્ઞાનવાળા સમ્યદૃષ્ટિ આત્માઓને સંસારમાં રહીને જે કોઈ પાપ ન છૂટકે કરવું પડે છે તે પાપથી સર્જાતા અશુભકર્મના બંધને તો કોઇ જ રોકી શકતું નથી. પરન્તુ એ અશુભકર્મના અશુભ અનુબંધોને તો આ જ્ઞાન ધડાકાઓ

સાથે તોડી પાડે છે. વળી અશુભ કર્મના અનુબંધો અશુભ ન પડવા દેવા સાથે આ જ્ઞાન અશુભ કર્મના શુભ અનુબંધ પાડવાનું ય કામ કરી જાય છે. કર્મના તત્ત્વજ્ઞાનની દુનિયામાં કર્મના બંધનું મહત્ત્વ નથી પણ અનુબંધનું વિશેષ મહત્ત્વ છે.

બંધ તો શુભકર્મનો પડો કે અશુભકર્મનો પડો. એટલા માત્રથી રાજી થઈ જવાની કે નારાજ થઈ જવાની કશી જરૂર નથી.

બંધ તો શુભકર્મનો પણ પડે પરન્તુ જો એની પાછળ અનુબંધ અશુભ પડી જાય તો તેવા શુભકર્મના બંધનું કોઈ જ મહત્ત્વ નથી.

મિત્રોની પ્રેરણાથી દેવાતા મનવિહોણાં દાન, નામના-કામના પૂર્વક કરાતાં ધર્મો, ટી.બી.ના દર્દીનું ડૉકટરની સલાહથી પળાતું બ્રહ્મચર્ય, કબજીઆત દૂર કરવા માટે કરાતો ઉપવાસ—આ બધી પ્રવૃત્તિઓ કર્મના શુભબંધને તૈયાર કરીને કારમા અશુભ અનુબંધોની જન્મદાત્રી બને છે. એથી જ એવા ધર્મોને ધર્મ જ કહેવાતો નથી.

હજાર રૂપિયાનું દાન દેનારાને જો તિજોરીમાં બાકી રહેતા લાખ રૂપિયાનું દાન ન દીધાની વાત ખટકતી હોય તો તે દાન ધર્મ કહેવાય.

નામના-કામના વિનાના, શુદ્ધ મોક્ષાભિલાષપૂર્વકના ધર્મો જ ધર્મ કહેવાય. એ અભિલાષપૂર્વક જ શીલ અને તપના આચારો ધર્મ કહેવાય. કેમકે આ બધા ધર્મો શુભકર્મનો બંધ કરે છે તેમ શુભનો જ અનુબંધ સર્જે છે.

આ રીતે પાપકર્મના બંધમાત્રનું ય કોઈ મહત્ત્વ નથી.

પેટ ખાતર શેઠની નોકરી કરતો ધર્માત્મા મુનિમ, શેઠની આજ્ઞાથી ખોટા ચોપડાં તૈયાર કરે છે. ચોપડો લખતાં લખતાં રોજ

એની આંખો આંસુથી ઊભરાય છે. "પેટ ખાતર મારે આ પાપ કરવાનું ?"

દીકરાનું લગ્ન કરે છે; સળગતી અંતરની ભઠ્ઠી સાથે.

અશીલનું સેવન કરે છે; શીલવંતોને પુનઃ પુનઃ નમસ્કાર કરતો.

આવા ધર્માત્માના પાપ બેશક બંધ તો અશુભકર્મનો કરે પરન્તુ એની પાછળ અશુભનો અનુબંધ તો ન જ પડી શકે. એટલું જ નહિ પરન્તુ એના દિલમાં જલતી આગ શુભના અનુ-બંધની જનની પણ બની જાય.

બાહ્ય પ્રવૃત્તિથી બંધ નક્કી થાય છે. બાહ્ય શુભપ્રવૃત્તિથી શુભકર્મનો જ બંધ પડે. બાહ્ય અશુભ પ્રવૃત્તિથી અશુભ કર્મનો જ બંધ પડે. પરન્તુ અનુબંધનો નિર્ણય તો ચિત્તના પરિણામો ઉપર છે. ચિત્તપરિણામ જો સુંદર, પાપ કરતાં ય પશ્ચાત્તાપ-વાળો....તો અનુબંધ શુભનો પડી જાય. અને વિપરીત સ્થિતિમાં અનુબંધ અશુભનો પડી જાય.

માટે જ કહ્યુ છે કે ક્રિયાથી બંધ અને પરિણામમાં જ ધર્મ.

કર્મજનિત કેટલાક વિષમ સંયોગો સમ્યગ્દૃષ્ટિ આત્માની પાસે પાપ–પ્રવૃત્તિ કરવાની, સંસારમાં રહેવાની ફરજ પાડી શકે છે પરન્તુ એ વખતે પણ માનસિક શુદ્ધિને પામવામાં તો કોઈ પણ બાહ્ય સંયોગ રૂકાવટ કરી શકતો નથી.

શેઠ મુનિમ પાસે ચોપડો ખોટો લખાવી શકે પરન્તુ મુનિમના સાચકલા મનને ખોટું બનાવવાની ફરજ પાડી શકાતો જ નથી.

પતિ પોતાની પત્ની પાસે અભક્ષ્ય–ભોજન તૈયાર કરાવી શકે પરન્તુ એ વખતે પત્નીના અંતરને હસાવવાની ફરજ પાડી શકતો જ નથી. ન છૂટકે કરવા પડતાં પાપો કાયાથી જ કરી શકાય. કાયા ઉપર જ કોઈ ફરજ પાડી શકે. પરન્તુ મનથી એ

પાપો ન કરવા હોય તો તે માટે ગરીબમાં ગરીબ માણસ પણ સંપૂર્ણપણે સ્વતંત્ર છે. એના માથે રહેલા પચાસ શેઠ ભેગા મળીને પણ એના મનને પાપથી અભડાવી શકે તેમ નથી: જો તેની ઈચ્છા જ ન હોય તો.

આ વાત કેટલી બધી આશ્વાસનપ્રદ છે? ગમે તેવી વિષમ સ્થિતિમાંય મનને જો પવિત્ર રાખી શકાય તેમ હોય અને મનની પવિત્રતા, અપવિત્રતા ઉપર જ શુભાશુભ અનુબંધોના સર્જન થતાં હોય અને એ અનુબંધોની શુભાશુભતામાં જ ધર્માધર્મ રહેતા હોય તો દરેક આત્મા ધર્મી બની શકે ને? યદ્યપિ ચારિત્ર મોહનીય કર્મને તોડી પાડયા વિના સાચો ધર્મ શકય જ નથી પરન્તુ કોઈ સંયોગમાં તે કર્મ તૂટી પડે તેમ ન જ હોય તો તેવી વિષમસ્થિતિમાં રહીને મનથી હતાશ થઈ જઈને પાપ-વૃત્તિઓને આધીન થઈ જવાની કશી જરૂર નથી. એવી સ્થિતિમાં પણ મનને નિર્મળ રાખી શકવાનો અધિકાર જો અબાધિત અને સુરક્ષિત રહી શકે છે તો શા માટે તે અધિકારનો ઉપયોગ કરી ન લેવો? જેથી અશુભપ્રવૃત્તિ કરવા છતાં રડતી-કકળતી મનની સ્થિતિ અશુભનો અનુબંધ તો ન જ પડવા દે.

ઉપમિતિભવપ્રપંચા ગ્રન્થમાં કહ્યું છે કે નિકાચિત કર્મોના બંધ કોઈ પણ સંયોગમાં તોડી શકાતા તથી પરન્તુ એ કર્મોનાંય અનુબંધ તો તોડી શકાય છે.

આ વાત પણ કેટલી બધી મહત્ત્વની છે? જો અનુબંધ તૂટે તેમ ન હોય તો કદી કોઈનો મોક્ષ જ ન થાય, શાસન-પતિ ભગવાન્ મહાવીરનો આત્મા પણ તીર્થંકર થઈને મોક્ષપદ પામી શકયો ન હોત. કેમકે ત્રિપૃષ્ટ વાસુદેવના જીવનમાં શય્યા-પાલકોના કાનમાં એમણે ધગધગતું સીસુ નંખાવ્યું ત્યારે માત્ર પાપકર્મનો બંધ થયો ન હતો પરન્તુ પાપકર્મનો અનુબંધ પણ

પડયો હતો કેમકે ચિત્તના અત્યંત દુષ્ટ પરિણામો સાથે એ પાપાચરણ સેવ્યું હતું. આથી એ વખતે બંધાએલા નિકાચિત કર્મને પાપાનુબંધી પાપકર્મ કહેવાય.

પાપાનુબંધી પાપકર્મનો અર્થ જ એ છે કે જ્યારે તે પાપકર્મ ઉદયમાં આવે ત્યારે ફરી પાપકર્મ જ કરાવે.

આપણે જાણીએ છીએ કે એ નિકાચિત પાપકર્મ સત્તાવીશમાં ભવમાં ઉદયમાં આવ્યું જેના પરિણામે ગોવાળોએ કાનમાં ખીલા ઠોકયા. પરન્તુ એ વખતે ભગવંતને ફરી પાપકર્મનો બંધ થાય તેવું કાંઈ જ અઘટિત બન્યું નહિ. રે! ઉપરથી એ સ્થિતિમાં ય મનની સમતાને અબાધિત રાખી.

આમ શાથી બન્યું ? પાપકર્મ જો પાપાનુબંધી હતું તો એ વખતે પાપાનુબંધ કેમ ન પડયો ? આનો ઉત્તર એક જ હોઈ શકે કે નંદનઋષિના જીવનની ઘોરસાધનાના સ્ટીમ રોલર નીચે આવી ગએલા નિકાચિત પાપકર્મની તો કાંકરી પણ ન ખરી પરન્તુ એના અનુબંધના ચૂરેચૂરા થઈ ગયા. એથી જ અંતિમ ભવમાં નિકાચિત પાપકર્મ ઉદયમાં આવ્યું અને એનો પાપ અનુબંધ જોવા ન મળ્યો અને તેથી જ પ્રભુ મુકિતપદ પામી શકયા. જો આ રીતે નિકાચિત કર્મોના અનુબંધો પણ સાધનાના બળથી તોડી શકાયા ન હોતતો પરમાત્મા વીર મોક્ષપદ ન પામી શકત.

સાધનાનું એ કેવું પ્રચંડ બળ કે અનિકાચિત કર્મોના બંધ અને અનુબંધ બે યના ભુક્કા બોલાવે અને નિકાચિત કર્મોના ય અનુબંધના તો ભુક્કા બોલાવી જ દે.

સમ્યગ્દષ્ટિ આત્માઓનું જીવન પાપકર્મના બંધથી ખરડાતું હોવા છતાં અશુભ અનુબંધોને તો સદા જબ્બે કરતું જ રહે છે. એમના અંતરનો તીવ્રતમ મોક્ષાભિલાષ, દુષ્કૃતગર્હાનો ભભૂકતો

રહેતો દાવાનલ અને સુકૃતાનુમોદનના ભવ્યધર્મની સદાની હૂંફાળી સ્પર્શના–આ ત્રણે ય પાપકર્મના અનુબંધો તો પડવા જ દેતા નથી.

**અનુબંધઃ સંસ્કારનું સ્વરૂપ :** સંસારી આત્મા કોઈ પણ પ્રવૃત્તિ કરે તે કર્મનો બંધ કરવામાં મદદગાર બને છે જ્યારે તે પ્રવૃત્તિમાં આત્માનો જે રસ પડે છે છે તે રસ આત્માનો સંસ્કાર બની જાય છે. એથી જ જ્યારે કર્મનો બંધ ઉદયમાં આવે છે ત્યારે પેલો સંસ્કાર જાગ્રત થઈ જાય છે અને કર્મને અનુકૂળ નવો બંધ કરાવે છે.

કર્મ જેટલું ખરાબ નથી એટલા ખરાબ સંસ્કાર છે.

એથી જ બંધ જેટલો ખરાબ નથી એટલો ખરાબ અશુભ અનુબંધ છે.

'ધી પાવર વિધીના' નામના પુસ્તકમાં એના લેખક એલેકઝાંડર કેનોને સંસ્કારની વિશિષ્ટતા સમજાવતાં એક સુંદર દૃષ્ટાન્ત આપ્યું છે. આપણે પણ તેના શબ્દોમાં અહીં જોઈએ.

કે પાણી ભરેલો એક કાચનો ગ્લાસ લો. તમારા ખીસામાંથી રૂમાલ કાઢીને તેમાં નાંખો પણ તે એવી રીતે નાંખો કે અડધો રૂમાલ ગ્લાસના પાણીમાં ઊતરી જાય અને બાકીનો અડધો રૂમાલ ગ્લાસના છેડા ઉપર સૂકો જ પડયો રહે.

હવે એ સૂકા ભાગવાળા રૂમાલમાં સાકરનો એક ગાંગડો મૂકો પછી તે સૂકો રૂમાલ અને ખાંડનો કટકો બે ય પાણીમાં ઉતારી દો. થોડી વાર પછી જોવા મળશે કે સાકરનો આખો ય કટકો પાણીમાં ઓગળી ગયો હશે.

હવે કહો કે કયાં ગયા એ સાકરના કટકાના રજકણો? કયાં ગઈ એની મીઠાશ? એનો ઉત્તર એક જ છે કે ગ્લાસના

પાણીના તમામ બિંદુમાં અને રૂમાલના ઝીણા તંતુમાં એ પરમાણુઓ અને એની મીઠાશ ફેલાઈ ગઈ છે.

જ્યાં સુધી સાકર અને સૂકો રૂમાલ પાણીમાં ભીંજાયા ન હતા ત્યાં સુધી આવું કોઈ જ બન્યું ન હતું.

અહીં સૂકો રૂમાલ એટલે જાગ્રત મન સમજવું, સાકર એટલે એક વિચાર જાણવો અને પાણી એટલે આત્મા સમજવો.

જ્યાં સુધી વિચાર જાગ્રત મનની સપાટી ઉપર રમ્યા કરે છે ત્યાં સુધી તે આત્મામાં પરિણમી જતો નથી પરન્તુ જેવો તે આંતર–મનમાં જાય છે કે તરત સંસ્કારસ્વરૂપ બની જઈને આત્માના તમામ પ્રદેશોમાં વ્યાપી જાય છે.

ચિત્તના સારા કે નરસા તીવ્રપરિણામો સાથેનો કોઈ પણ વિચાર સંસ્કારમાં રૂપાન્તર પામી જાય છે. એ સંસ્કારોને જ્યારે જ્યારે સ્વાનુકૂળ ઉદ્‌બોધક મળી જાય ત્યારે ત્યારે જાગતા રહે છે અને વધુ ને વધુ દૃઢ બનતા જાય છે.

આ સંસ્કાર એ જ અનુબંધોને જન્મ દેવાનું કામ કરનાર મહત્ત્વનું તત્ત્વ છે.

વિચારો વિદાય પામે છે; સંસ્કારોને મૂકતા જઇને.

માટે જ કર્મના ઉદયોને રોકવા માટેની સાધના હોવા કરતાં કર્મોના અનુબંધો ઉત્પન્ન કરતા સંસ્કારો ઉપર જ હલ્લો કરવા ઉપર જ વધુ ધ્યાન દેનારી હોવી જોઇએ.

સમ્યગ્દૃષ્ટિ આત્મા ઉપાદેય એવા સર્વવિરતિધર્મને સ્વીકારી ન શકે અને અવિરતિનું પાપજીવન ત્યાગી ન શકે છતાં ય સર્વવિરતિધર્મ પ્રત્યેના કટ્ટર પક્ષપાતની તેની જે દૃઢતમ માનસી સ્થિતિ છે. તે જ તેના જન્માન્તરોના પાપસંસ્કારોની ભૂમિમાં સુરંગ ચાંપવાનું કામ કરે છે. અને નવા સંસ્કારોનો

જન્મ જ ન થવા પામે તેવું સફળ વંધ્યીકરણ નવા પાપવિચારોનું કરતો રહે છે.

આ જ કારણથી સમ્યગ્દૃષ્ટિ આત્માના જ્ઞાનને નિષ્ફળ ન કહેતાં સફળ જ્ઞાન કહ્યું છે. અસુન્દર ન કહેતાં સુન્દર કહ્યું છે.

બેશક. એ જ્ઞાન કેટલાકને ઉપાદેયનો સ્વીકાર કરવા દેતું નથી. એથી એમની કાયા હેયભૂત સંસારમાં પટકાય છે. છતાં તેમનું ચિત્ત તે સંસારમાં પટકાતું નથી એ જ એમના જ્ઞાનનું આગવું સૌન્દર્ય છે.

ભગવાન્ હરિભદ્રસૂરિજીએ સમ્યગ્દૃષ્ટિ આત્માઓને કાયપાતી કહ્યા છે: અચિત્તપાતી કહ્યા છે.

**સમ્યગ્જ્ઞાનના પ્રકાશના ચાર ચમકારા** [૧] દુભાતા દિલ સાથે પાપપ્રવૃત્તિ અને ધર્મનિવૃત્તિ. [૨] સુંદર અનુબંધની ઉત્પત્તિ. [૩] જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પત્તિ. [૪] પ્રાયઃ વૈરાગ્યનું કારણ.

આ ચારે ય વાતોને સંક્ષેપમાં સ્પર્શી લઈને પછી સમષ્ટિમાં વિસ્તારથી વિચાર કરીએ.

(૧) સમ્યગ્જ્ઞાની આત્માના અંતરમાં ઊછળતો જ્ઞાનપ્રકાશનો સાગર એના મુખમાં વ્યક્ત થાય છે. આ આત્મા હિંસાદિ પાપોને હેય જ સમજે છે છતાં ક્લિષ્ટકર્મના ઉદયને લીધે જ્યારે તેને હિંસાદિમાં પ્રવૃત્તિ કરવી પડે છે ત્યારે તેનું અંતર એકદમ રડી ઊઠે છે. જાણે તેનું અંતર અકળાઈ ઊઠીને કહે છે, "આ શું? આ અંતરમાં તો જિનાજ્ઞા પ્રત્યેનો ગાઢ પ્રેમ ભરપૂર પડેલો છે અને છતાં આ દેહની હિંસાદિમાં પ્રવૃત્તિ!! અરરર....કેટલો મોટો છે આ તન-મનનો વિસંવાદ! આ હકીકતનો વિચાર કરતાં ય ત્રાસ છૂટી જાય છે!"

અધર્મમાં પ્રવૃત્તિ અને ધર્મથી નિવૃત્તિ એના જીવનમાં

સંભવિત હોવા છતાં એ પ્રવૃત્તિ નિવૃત્તિમાં એના દુભાયેલા દિલનું ખૂબ જ સ્પષ્ટ ચિત્ર ઉપસી આવે છે. અને તેથી જ તે અધર્મપ્રવૃત્તિ અને ધર્મનિવૃત્તિમાં પણ એનું દિલદુઃખ સ્પષ્ટ થવાથી તે આત્માને સમ્યગ્જ્ઞાની–સમ્યગ્દષ્ટિ કહી શકાય.

(૨) આવી જાતની દુભાતા દિલની અધર્મપ્રવૃત્તિ વિગેરે અશુભકર્મનો બંધ જરૂર કરે પરન્તુ અશુભકર્મનો અનુબંધ તો ન જ પાડી શકે–એટલું જ નહિ પરન્તુ એ પ્રવૃત્તિથી પણ અનુબંધ તો શુભ કર્મનો જ પડે છે. એથી જ સમ્યગ્દૃષ્ટિ આત્મા પરમ્પરયા મોક્ષપદ પામી જાય છે.

(૩) ચિત્તની આવી નિર્મળ–નિષ્પાપ સ્થિતિ રહેવાનું કારણ છે; એનો જ્ઞાનાવરણનો ક્ષયોપશમ. મિથ્યાત્વના ક્ષયોપશમ સાથેના જ જ્ઞાનને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થએલું કહી શકાય. અન્યથા પૂર્વે કહ્યા મુજબ અજ્ઞાનાવરણનો જ હ્રાસ કહેવાય.

(૪) સમ્યગ્જ્ઞાનીની અધર્મપ્રવૃત્તિ વગેરે પણ પ્રાયઃ વધુ ને વધુ વૈરાગ્યનું જ કારણ બની રહે છે. એ આત્માઓ પાપ કરે તો ય પાપથી વધુ ને વધુ પરાઙ્મુખ થતાં જાય છે. પાપના સંગ કર્યા પૂર્વે જે વિરાગ હોય છે તેમાં પાપનો અનુભવ કર્યા પછી વૃદ્ધિ જ થતી રહે છે. આથી જ એ આત્માઓની અધર્મ-પ્રવૃત્તિ વગેરે પણ શુભ અનુબંધોને જ ઉત્પન્ન કરતી હોય છે.

આથી જ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં ભગવાન્ હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે પાંચમીદૃષ્ટિમાં આવેલા બુદ્ધિમાન્ સમ્યગ્દષ્ટિ આત્મા-ઓની રાગદ્વેષનાં અંધકારની ગાઢ ગ્રન્થિ ભેદાઇ ગઈ હોય છે માટે સઘળી સંસાર–ક્રિયા ધૂળમાં ઘર બનાવતાં બાળકોની ક્રિયા જેવી તુચ્છ લાગે છે.

અહીં 'પ્રાયઃ' વૈરાગ્યનું કારણ એટલા માટે કહ્યું છે ક્યારેક અધર્મપ્રવૃત્તિ વૈરાગ્યનું કારણ નથી પણ બનતી.

અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયની વધુ પડતી તીવ્રતા આવી જાય તો ભરતની જેમ કદાચ યુદ્ધાદિના પ્રસંગમાં વૈરાગ્યભાવ ન પણ રહેવા પામે.

સમ્યગ્દૃષ્ટિ આત્માની કક્ષાનું ચિત્ર નજરમાં સારી રીતે ઉપસાવવા માટે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચન્દ્રસૂરિજીએ કહેલી એક વાત આપણે સુપેરે સમજી લેવી પડશે કે સમ્યગ્દૃષ્ટિ એટલે સર્વવિરતિ ધર્મ પામવાની તીવ્ર લાલસાવાળો આત્મા.

જેને સંસારમાં રહીને જ ધર્મ કરી શકવાની વાતો કરવી છે એને કદી સમ્યગ્દૃષ્ટિ કહેવાય નહિ.

શુદ્ધધર્મની આરાધના સર્વવિરતિ ધર્મ વિના મને પ્રાપ્ત થઇ શકે જ નહિ એ વાત તો ગમે તો પળે સમકિતી આત્મા અસંદિગ્ધ રીતે કહી દે. મધરાતે ઘોર નિંદરમાંથી એને ઢંઢોળીને ઉઠાડો ત્યારે પણ.

દરદીના દર્દો તો લાખ જાતના હોય. પરંતુ તમામની ઇચ્છા તો નિરોગી થવાની જ હોય.

ગમે તે કક્ષાએ આત્મા હોય પણ દરેકની ઇચ્છા તો સર્વવિરત સાધુ થવાની જ હોય.

**ત્રણ વાનરો ઉપર ઘટના** સમ્યગ્દૃષ્ટિ આત્મા એટલે એક એવો વાંદરો કહેવાય કે જે જમીન ઉપર બેઠો છે. આંબાના ઝાડની ટોચની ડાળે લટકતાં કેરીના ઝુમખાં તરફ તાકીને બેઠો હોય. એ કેરીઓ ખાતા વાંદરાઓના જીવનની ધન્યતાને ભેટવા એ ઇચ્છતો હોય; પણ શું કરે ? એના પગમાં લકવો થઇ ગયો છે. ચારિત્રમોહનીયકર્મનો તીવ્ર ઉદય એને એ જમીનથી જરા ય ઊંચો થવા દેતો નથી.

બીજો પણ એક વાંદરો છે જે કેરીના એ ઝુંડને જોઇને એ ઝુંડ મેળવવા તલપી ઊઠયો અને 'હૂપ' કરીને જોરમાં કૂદકો માર્યો.... પણ અફસોસ....આંબાની એ ટોચ-ડાળને એ આંબી ન શકયો અને વચલી કો'ક ડાળને એણે પકડી લીધી. હવે એ બેઠો તો છે એ વચલી ડાળે....પણ એની નજર તો છે ટોચ-ડાળ તરફ. જમીનથી આટલા ઊંચે આવી ગયાનો તેને આનંદ હોવા કરતાં ધારેલી સિદ્ધિ પામી ન શકાવા બદલનો તીવ્ર અફસોસ રહ્યા કરે છે.

આ વાનરની માનસિક સ્થિતિ અને એની સિદ્ધિ જેવી દેશવિરતિ આત્માની કક્ષા હોય છે.

ત્રીજો એક વાનર તો ટોચ-ડાળે રહેલી કેરીઓને જોઇને એવો જોરદાર કૂદકો મારી દે છે કે સીધો એ ટોચ-ડાળે પહોંચી જાય છે. આ કક્ષા સર્વવિરતિધર આત્માની છે.

જે સમ્યગ્દૃષ્ટિ આત્મા દેશવિરતિધર બને છે તેઓ પણ તક મળતાં સર્વવિરતિધર થયા વિના રહી શકતા નથી.

આમાં જમીન ઉપર બેઠેલા વાંદરા જેવી જેની સ્થિતિ હોય છે, જેની નજરમાં સર્વવિરતિ સિવાય બીજું કાંઇ જ રમતું નથી, એ ધર્મને પામેલાઓને જ જે ભાવભરી વંદના અર્પે છે એ જ સમ્યગ્દૃષ્ટિ આત્મા કહેવાય. ઘરમાં રહીને સાધના કરનારાઓ, આગમો બનાવીને યોગ સાધનારાઓ, આત્મ-સાક્ષાત્કારની વાતો કરનારાઓને સમ્યગ્દૃષ્ટિ કેમ કહી શકાય? કષાયો ગમે તેટલા મંદ પડયા દેખાતાં હોય અને વિષયસૂગ ગમે તેટલી જોરદાર હોય....પણ જો એમને ગૃહત્યાગ અવસ્થા ઉપાદેય ન જણાતી હોય તો ત્યાં સમ્યગ્દર્શનની સત્તા માનવાનું કામ અશકય છે.

સમ્યગ્દર્શન પામનારા બધા ય આત્માઓ ગૃહત્યાગ જ કરે એવો એકાન્ત જરૂરી નથી અને તેથી અનેક સમ્યગ્દૃષ્ટિ આત્માઓ ગૃહવાસ પણ સેવતાં હોય તેમાં જરા ય હિચકિચાટ નથી પરન્તુ એ ગૃહવાસને તેઓ કદી પણ સારો તો ન જ માનતા હોય.

સમ્યગ્દૃષ્ટિ આત્મા એટલે સંસાર સ્વરૂપ સાગરમાં જ રહેલી હોડી. આ હોડીની ચારે ય બાજુ વિષય-કષાયના જલ ઊછળતાં હોય અને ભયંકર ઘૂઘવાટ કરતાં હોય. પરન્તુ તેટલા માત્રથી એ હોડી ડૂબી જતી નથી. હોડીની ચારે ય બાજુ પાણી ફરી વળ્યું હોવા છતાં એની અંદર પાણી ફરી વળેલું ન હોય એ જ એની વિશિષ્ટતા છે.

'પાણીમાં હોડી' રહે તેનો વાંધો નથી. પરન્તુ 'હોડીમાં પાણી' ન જ હોવું જોઈએ.

છતાં એક વાત જરૂર છે કે પાણીમાં મોજાંની જોરદાર થપાટોથી હોડી ઊછળીને ઊંધી ન વળી જાય તે માટે હોડીમાં વજનની જરૂર તો ખરી જ. એ વજન જો માણસોનું અને તેમના માલ-સામાનનું મળી જાય તો બહુ સુંદર; પરન્તુ તેવું વજન ન મળે તો એ જ સાગરના પાણીથી ભરેલા ડબ્બાઓનું વજન ઊભું કરવું જ જોઈએ.

સમ્યગ્દૃષ્ટિ આત્માના જીવનમાં પણ આવું જ કાંઈક બને છે. એની જીવનનૌકામાં પણ દેવ ગુર્વાદિના રાગ(પ્રશસ્ત)ના જલ ભરેલા ડબ્બા તો મૂકવા જ પડે છે. દેશવિરતિધર્મનો ભાર ન જ હોય તો છેવટે દેવગુરૂભક્તિના આ રાગજલ ભરેલા ડબ્બા વિના તો તેને ચાલતું જ નથી.

હોડીમાં પાણી ફરી વળે એ જ વાંધાજનક બાબત છે. સમજપૂર્વક પાણીના ડબ્બા ભરીને ગોઠવાય એમાં જરા ય વાંધો નથી.

વાનરના ચિત્ર ઉપરથી આપણે જોયું કે સમ્યગ્દૃષ્ટિ આત્મા સર્વવિરતિધર્મનો ભારે લાલચુ હોય. તેમ હોડીના ચિત્રથી એ વાત જોઈ કે સમ્યગ્દૃષ્ટિ આત્મા દેવ-ગુર્વાદિનો પક્કો ભકત તો હોય જ. એનામાં વિરતિધર્મ કદાચ ન પણ હોય પરન્તુ આ ભકિત તો અવશ્ય હોય.

સમ્યગ્દર્શનનું અંતરંગ અંગ અનંતાનુબંધી કષાય આદિનો ક્ષયોપશમભાવ છે; તેમ તેનું બહિરંગ અંગ દેવગુરૂધર્મ પ્રત્યેનો નિર્મળ ભકિતભાવ છે.

દેવ–ગુર્વાદિનો અભકત ! અને તે સમકિતી ! અસંભવ.

સમ્યગ્દૃષ્ટિ આત્માની ત્રીજી વિશેષતા જોવા માટે ચંડોળપક્ષીનું ચિત્ર નજરમાં લાવવું પડશે. ચંડોળ સદા સૂર્યને જોઇને એને આંબવાના આદર્શથી અકળાયા કરે છે. પોતાની નિર્બળ સ્થિતિનો વિચાર કરીને સૂર્યસ્પર્શનાનો કાર્યક્રમ મોકુફ રાખી દેવાની તો તે કલ્પના ય કરી શકતું નથી.

સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ બરોબર આ ચંડોળપક્ષી જેવો છે. મોક્ષપદને પામવાના આદર્શને સિદ્ધ કરવા માટે એ સદા સમુત્સુક હોય છે. પોતાના સ્વજનાદિપરિવારની વિષમતાને ધ્યાનમાં લાવીને એ આદર્શને હુંફ આપવાની માંડવાળ કરવાની વાત એ કદી કરી શકતો નથી. કદાચ સાવ જ અશકય હોય એ આદર્શસિદ્ધિ, તો ય તેની ભાવનાથી એ સદા ભાવિત રહ્યા કરે છે. સમ્યગ્દર્શની આત્માની આ જ મોટામાં મોટી વિશેષતા છે. ભલે પેલા અપંગ મીયાંભાઈ જેવી એની દશા હોય. કે જેના ટાંટિયા ઘરના ઉંબરા સુધી પણ ન પહોંચતા હોય છતાં એનું મન મક્કા હજ કરવા જવા માટે તલપતું, તોફાન કરતું હોય. **અનાસક્ત** સંસારમાં રહેવામાં એને આનંદ હોય? ના. રે **સમ્યગ્દ્રષ્ટિ** ના. જરા ય નહિ. એને તો સંસારમાં ફસાઈ ગયા જેવું લાગે. પેલી વાત આવે છે ને કે મહોરમના દિવસે મુસલમાનોના તાજિયા નીકળ્યા.

હિંદુ કોમના લોકો રસ્તાની બે ય બાજુએ હારમાં ઊભા રહીને તાજિયા જોવા લાગ્યા. એ ભીડમાં પશાભાઇ નામના એક હિન્દુ સજ્જન હતા. આ ભાઈને ઘણા મુસ્લિમ મિત્રો હતા. એ મિત્રોએ એમના આ હિન્દુમિત્ર પશાભાઈને જોયા. તરત જ એમણે પશાભાઈને બાવડેથી ઝાલીને પોતાની ભેગા ખેંચી લીધા. હવે પશાભાઈ શું કરે? મુસ્લિમ બિરાદરો તો કૂદતા જતાં અને છાતી કૂટતા જતાં બોલતાં હતા લાહી લાહીલ્લા, મમુદે રસુલિલ્લા.... પણ પશાભાઈને તો એ બોલતાં આવડતું ન હતું એટલે એ બોલવા લાગ્યા "આવી ભરાયા ભાઇ! આવી ભરાયા, આવી ફસાયા ભાઇ! આવી ફસાયા."

સમ્યઃદૃષ્ટિ આત્માની પણ આવી જ દશા હોય. સંસારમાં ફસાએલો એ આત્મા સદા અંતરથી બોલતો 'હોય, 'આવી ભરાયા ભાઈ! આવી ભરાયા!"

પાણી વિના માછલી જેમ તરફડતી હોય, તેમ વિરતિના જલ વિનાનો સમકિતી આત્મા સંસારમાં તરફડતો હોય. ભલેને પછી તે માછલીને સોનાની થાળીમાં મૂકવામાં આવી હોય.

લૂ વાતા ઉનાળાની ધગધગતી ડામરની સડક ઉપર ઉઘાડે પગે દોડયા જતાં એક ભિખારી જેવી સમ્યગ્દૃષ્ટિ આત્માની સ્થિતિ હોય. પાપમય સંસારની ધગધગતી ધરતી ઉપર એ કયાં ય ઠરીને બેસી શકતો જ ન હોય.

આવી તો કેટલીએ ઉપમાઓ શાસ્ત્રજ્ઞોએ આપી છે.

જેને પામવી છે વિરતિ; અને છતાં જે અવિરતિની પોલાદી જેલમાંથી જરા ય ચસકી પણ ન શકતો હોય એ આત્માના દિલના દુઃખ કેટલાં હોય એ તો એ જ કલ્પી શકે. સુવર્ણ-પિંજરમાં રહીને રોજ જમરુખ વગેરે સુંદર ફળો ખાતાં પોપટને જઇ પૂછો તો ખરા કે તું ઉદાસ કેમ છો? આટલા સુખમાં ય

તને મનના દુઃખ શા માટે? સ્વતન્ત્ર થાવું છે તારે? સ્વતન્ત્ર-તાના ય દુઃખ હોય છે હોં! કાળજી તો કોઈ ન કરે; ભાવ કોઈ ન પૂછે...

શું જવાબ આપશે તે પોપટ? જાણો છો ને? વિપુલ-સુખસામગ્રીમાં રહેલો છતાં એના જેવો મનનો દુઃખીયારો કદાચ બીજો કોઇ નહિ હોય એમ એ પોપટ નહિ માનતો હોય શું? અને મનના સુખે સહુ સુખી છે ને....તનડાના દુઃખીઓ પણ મનસુખે તો રોજ દિવાળી માણે છે. અને તનના સુખીઓ મનદુઃખે રોજ હોળી સળગાવે છે.

રે! ગણધરભગવાન્ ગૌતમે જ્યારે ભગવાન્ મહાવીરદેવને પ્રશ્ન કર્યો કે, "ભગવન્! ચારે ય ગતિમાં સૌથી વધુ દુઃખિયારો કોણ?" ત્યારે ભગવંતે કહ્યું,

"ગૌતમ! અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આત્મા, મનના દુઃખથી અત્યન્ત વધુ દુખિયારો....ના. સાતમી નારકનો તનનો દુઃખિયારો નારકનો જીવ પણ એટલો દુઃખી નહિ."

સમ્યગ્દર્શની આત્મા અને તે વળી સંસારમાં ફસાઈ પડેલો! અવિરતિધર! એની શી સ્થિતિ હોય એ આટલા ચિત્રો ઉપરથી આપણે સારી રીતે સમજી શકશું.

આજનો ભોગભિખારી શ્રીમંત દુન્યવી દૃષ્ટિએ ઘણો ઘણો સુખી ગણાવા છતાં એના મનથી જેમ એ માનતો હોય છે કે, 'મારા જેવો દુઃખી તો મારા કમ્પાઉન્ડમાં ઝાડૂ મારતો રામો–ભંગી પણ નહિ હોય..."

હૂબહૂ આ વિચાર સમ્યગ્દૃષ્ટિ આત્માને પણ આવે છે. પાપથી ફફડતો એ પાપસામગ્રીમાં ફસાએલો શ્રીમંત પણ એ જ વિચાર કરે છે કે મારા જેટલો દુઃખિયારો તો નિષ્પાપ જીવનનો સ્વામી ધોમધખતે બપોરે ઉઘાડા પગે ચાલ્યો જતો અને કાંટા

ખાઈને લોહી નીંગળતા પગ કરતો સંત પણ નહિ હોય. રે ! એના તો આનંદની અવધિ જોવા નહિ મળે. અને મારા ઉરના આ દુઃખની કોઈ સીમા શોધી નહિ જડે.

કોઇ ભોગાત્માને પૂછો કે જ્યારે તીવ્રતા સાથે ઇચ્છેલી એની ચીજ નથી મળતી ત્યારે એને કેવો વલોપાત થાય છે. ? આવું જ આ ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિનું છે.

સંસારસ્થ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ એટલે સાતમી નારકના તનના દુઃખો કરતાં ય–મનના દુઃખે–વધુ દુઃખી....ભગવાન્ વીરની આ વાણીને રોજ યાદ કરનારો સંસારી જીવ ઉતાવળે કદી એમ કહી દેવાનું સાહસ કરે ખરો કે "હું અવશ્ય સમકિતી છું, કેમકે હું સુદેવ–સુગુરુ–સુધર્મને જ માનું છું ?"

મારે દર્શન કરવા છે; એવા સાચા સમ્યગ્દર્શનીના ! પ્રમોદ પામવો છે એની આંખમાં ઉભરાઇ આવતા દુષ્કૃતગર્હાના આસુના બે બુંદના દર્શન કરીને !

સાંભળવી છે; એના મુખે જ જગત્ના જીવોના સુકૃતોની અનુમોદનાની વાતો !

શાસ્ત્રની એ વાતોને આંખેઆંખ નીહાળવી એ પણ જીવનનો એક લ્હાવો છે.

પૂર્ણ પાપાત્મા અને પૂર્ણ ધર્માત્મા સિવાય આ જગત્માં મનનો સુખી કોઈ ન હોઈ શકે. પૂર્ણપાપાત્માને પાપ જેવું કશું લાગતું ન હોય એટલે એને પાપ ભયનું સામ્રાજ્ય અડતું જ ન હોય માટે નિર્ભય તે પાપાત્મા સુખી (ભ્રાન્ત રીતે) અને પૂર્ણ ધર્માત્માને દુર્ગતિ આદિ કશાયનો ભય ન હોય માટે સાચો નિર્ભય તે પણ સુખી.

**કાયપાત અને ચિત્તપાત** પરંતુ જેનું તન બન્યું છે પાપાત્મા અને મન બન્યું છે ધર્માત્મા....એ સમ્યગ્દૃષ્ટિ આત્મા તો અત્યન્ત દુઃખી જ હોય. ધર્માત્મા મનને સદા પજવતો હોય

પાપોનો, દુર્ગતિઓનો ભય.

ભયભીતને વળી સુખ શેનું ?

'સમ્યગ્દૃષ્ટિ આત્મા તનથી પાપ સેવનારો હોઇ શકે' એ શાસ્ત્રીયવચનને ખૂબ સારી રીતે સમજવું જોઈએ.

વંદિત્તાસૂત્રની 'સમ્મદ્દિટ્ઠિ જીવો, જઇવિ હું પાવ' ગાથાને સારી રીતે વિચારીએ તો તે ગાથાનો 'जइवि' પદથી તો એમ સૂચિત થાય છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા બનતા સુધી પાપ તો કરે જ નહિ ત્યાર પછીનું 'किंचि' પદ એમ સૂચવે છે કે કદાચ તેને પાપ કરવું પડે તો ય તે થોડુંક જ કરે.

ગુમડાને મલમના કાંઇ થેપા થોડા જ હેવાય ? આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે સમ્યગ્દૃષ્ટિ એટલે તનથી પાપ કરનારો ખરો પરન્તુ ધ્રૂજતા-કમ્પતા હૈયે પાપ કરનારો.

આથી જ આ રીતે પાપપ્રવૃત્તિ કરનારો ધીમે ધીમે પાપમાં ઘટાડો કરતો જ રહે અને અવસર આવી લાગે તો સર્વપાપથી મુકત પણ બની જ જાય.

સમ્યગ્દૃષ્ટિનું આ બાહ્ય લક્ષણ છે. ભલે તે ધર્મપ્રવૃત્ત ન થઇ શકતો હોય પરન્તુ પાપનિવૃત્ત તો કાંઇને કાંઇ થતો જ હોય.

જેના અંતરમાં પાપનો પાપ તરીકે સ્વીકારભાવ બેઠો છે, જેને પાપ સારૂં લાગતું નથી, જે પાપો કરતાં ધ્રુજારી અનુભવે છે....શું એના પાપોની માત્રામાં ઘટાડો જ ન થાય ? આજે સો પાપ તો દસ વર્ષ પછી પણ સો જ પાપ ! તો પછી પેલા ધ્રુજારાનું બળ શું ? પાપને સારૂં ન માનવાની બુદ્ધિનું કૌશલ શું ? પાપનો પાપ તરીકે સ્વીકાર કર્યાનો અર્થ શો ?

રોજ ૫૦ સિગારેટ પીવાના ભયંકર વ્યસનીને એના

વિશ્વાસુ ફેમીલી ડોકટર કહી દે કે "આ વ્યસન નહિ છોડો કેન્સર થઈ જશે ! રિબાઇ રિબાઇને મરવું પડશે."

આટલું સાંભળતાં જ પેલા વ્યસનીના ગાત્ર ઢીલાં ન થઈ જાય ? એ ધ્રૂજી ન ઊઠે ? અને તે પછી એની નજર સિગારેટના પૂર્ણત્યાગ તરફ સ્થિર ન થઈ જાય ? દિવસે દિવસે સિગારેટની સંખ્યામાં કાપ મુકાતો ન જાય ?

સિગારેટ હોંશે હોંશે પીવાનું, સંખ્યા વધારવાનું, એના ગુણ ગાવાનું એના માટે કદી શક્ય બને ખરું ?

છત્રીવાળા શેઠની એક વાત યાદ આવે છે. એ શેઠ ખૂબ ક્રોધી હતા. નાનકડું કારખાનું ચલાવતા. છત્રી લઇને કારખાને જવાની ટેવ હતી. કારખાને જતાંની સાથે જ નાની નાની ભૂલ શોધી કાઢીને બે ચાર માણસોને છત્રી ફટકારી જ દેતા.

મહિનાઓ સુધી આમ ચાલ્યું. માર ખાતા કામદારો છૂટા થવા લાગ્યા. નવાની ભરતી પણ થતી રહી. પરન્તુ ધીરે ધીરે નવા માણસો શોધવા મુશ્કેલ થવા લાગ્યા. કામદારમંડળમાં સર્વત્ર જાહેરાત થઇ ગઇ કે, 'શેઠ ખૂબ ક્રોધી છે. કોઈનું સ્વમાન સાચવ્યા વિના છત્રી ફટકારી દે છે.'

કામદારોના અભાવે શેઠનું કારખાનું લગભગ બંધ થવા લાગ્યું.

એક દિવસ શેઠ લમણે હાથ દઇને ઘરમાં બેઠા છે. બપોરનો સમય હતો. રજાનો દિવસ હતો. એક મિત્ર ઘરે આવે છે. શેઠ પોતાની અકળામણ વ્યક્ત કરે છે. મિત્ર સલાહ આપે છે–'શેઠ, આ ક્રોધને ગમે તે ભોગે શાન્ત કરવો પડશે. નહિ તો ભૂખે મરવાના દી આવશે.''

શેઠ કહે છે, "હવે જડબેસલાક બેસી ગયું છે કે આ ક્રોધ કાઢવો તો પડશે જ."

મિત્રે કહ્યું. "બસ, તો અડધી સિદ્ધિ પ્રાપ્ત થઇ જાય છે. ક્રોધને દૂર કરવાનો પાકો વિચાર જ ક્રોધને નિર્મૂળ કરવાની પહેલી અને મુખ્ય શરત છે.

દોષ પ્રત્યેની સૂગથી જ અડધો તો દોષ બળી જાય છે.

પણ મિત્ર! એ દૂર શે કરવો ? છે કોઈ ઉપાય ? જો આ પાપ દૂર નહિ થાય તો તું કહે છે તેમ ભૂખે મરવાના દી હું મારી આંખ સામે જોઇ રહ્યો છું. હવે ઉપાય દેખાડ, એ ક્રોધનાશનો.

મિત્ર બુદ્ધિમાન્ હતો. એણે કહ્યું, "દોષને દૂર કરવાની તીવ્ર તમન્ના છતાં દોષ દૂર થતો ન હોય તો તેને દૂર કરવા માટે સખ્ત દંડ રાખવો જોઇએ.

કોઇ પણ કામદારને તમે છત્રી ફટકારો કે તરત તેને એક રૂપિયો બક્ષીસ આપવાનો સંકલ્પ કરો. બેશક, ભારે પડી જશે આ બક્ષીસ....પરન્તુ સમય જતાં ક્રોધ નિર્મૂળ થઈને જ રહેશે"

શેઠને આ વાત ગમી ગઇ. તેમણે તે મુજબ સંકલ્પ કર્યો. બીજે દી પંદર વાર છત્રી ફટકારીને પંદર રૂપિયા બક્ષીસ આપી. પણ રોજ આમ ન ચાલ્યું. ફટકાની સંખ્યા ઘટતી ચાલી.

બીજી બાજુ નોકરોની માર ખાવાની ઇચ્છા વધતી ચાલી. માર ખાઇને ય રૂપિયો મેળવવા માટે નોકરો ઓછા પગારે પણ નોકરી કરવા દોડી આવ્યા.

શેઠનો ક્રોધ ઘટતો ગયો. બક્ષીસની સંખ્યા ઘટતી ગઈ.

એક સુવર્ણદિન આવી લાગ્યો જ્યારે એક પણ ફટકો મારવામાં આવ્યો ન હતો.

શેઠે ક્રોધ ઉપર વિજય મેળવી લીધો.

સમ્યગ્દષ્ટિ આત્મા આવા શેઠે જેવો હોય. પાપને પાપ તરીકે માન્યા પછી પણ જો એ પાપ એનાથી છૂટતું ન હોય તો

એના ધ્રુજારાનો કોઈ અંત ન હોય. અને એના ભયંકર પરિણામો નજરમાં રહ્યા કરવાથી એ પાપ નિર્મૂળ કરવાના લક્ષ સાથે એમાં કાંઈકને કાંઈક ઘટાડો કરવો એ પ્રયત્નશીલ તો રહેતો જ હોય. હા, કદાચ એ પ્રયત્નમાં એ નિષ્ફળ પણ જાય એ બને. પરન્તુ એમ થવાથી એનું દુઃખ આસમાનને આંબી જતું હોય. એના દુઃખની એ વાત પોતાના સાધર્મિકબંધુઓ અને પોતાના ઉપકારી સદ્ગુરુઓને કહ્યા વિના ન જ રહી શકતો હોય.

બેશક, બાહ્ય સુખસામગ્રીના અભાવમાંથી ઉત્પન્ન થતી દુઃખદ પરિસ્થિતિનો સમ્યગ્દૃષ્ટિને વિશિષ્ટ ત્રાસ ન જ હોય. એવા ભયંકર દુઃખની વચ્ચે પણ તે અદીન બનીને અડોલ ઊભો રહેતો હોય. કેમકે એ જાણે છે દુઃખને; પૂર્વપાપકર્મોની ભેટસ્વરૂપે. એટલે એમને વધાવી લઈને પાપોને ધોઈ નાંખવા માટે તો એ જરા ય કાયર ન બને.

આમ સમ્યગ્દૃષ્ટિ આત્મા દુઃખી જરૂર હોઈ શકે પરન્તુ એ દીન કદાપિ ન બને. એને જે તત્ત્વત્રયી (દેવ–ગુરુ–ધર્મ) પ્રાપ્ત થઇ છે અને જે રત્નત્રયી (દર્શન, જ્ઞાન, ચારિત્ર) નો આદર્શ મળ્યો છે એ એની એવી ગજબની આનંદદાયક વસ્તુ બની રહે છે જેના કારણે એ સદા મસ્તાન રહી શકે છે.

મોટા પહાડ જેટલું પુણ્ય એને આ તત્ત્વત્રયી અને રત્નત્રયીની પ્રાપ્તિમાં મળેલું દેખાય છે. હવે સંસારની સુખસામગ્રીનું કોઇ પુણ્યનું નાનું ઢેફું ન મળ્યું તો ય શું ? એ પહાડમાંથી પડી ગયું તો ય શું ?

પહાડનો સ્વામી ઢેફાના અભાવે કદી પોક મૂકે ખરો?

આ વસ્તુસ્થિતિ છે. માટે જ સમ્યગ્દૃષ્ટિ આત્મા એકના એક યુવાન દીકરાનું મૃત્યુ થતાં એને સ્મશાનમાં બાળી આવીને સદ્ગુરુને કહી શક્યા છે કે "મહેમાન આવ્યો હતો તે વળાવવા ગયો હતો."

માટે જ સમ્યગ્દૃષ્ટિ શ્રાવિકા પોતાના બે કનૈયા કુમારોનું નદીમાં ડૂબી મરવાથી અકાળ મૃત્યુ થતાં એનો આઘાત એમના પિતાને ન લાગી જાય તે માટે ભાડુતી રત્નકંકણની વાત ઉપજાવીને પોતાના કંતને વૈરાગ્યનો પંથ દેખાડી શકયા હતા.

માટે જ પેલો વાણિયો શેઠાઇ મૂકીને છકેલા છોકરાઓને ત્યાગીને મરચાનો કોથળો વેચવા નીકળી પડયો હતો અને એ દુઃખદ સ્થિતિમાં ય ધર્મ સાચવી રાખ્યાની ગુલાબી એ ડોશાના મોં ઉપર સદા તરવરતી રહી હતી.

**દુઃખે અદીનઃ સુખે** સમ્યગ્દર્શની મહાત્માઓની દુનિયામાં લાખો **અલીન સમ્યગ્દૃષ્ટિ** દુઃખીઓ કદાચ જોવા મળી જશે પરન્તુ દીન તો એક પણ જોવા ન મળે.

કર્મના તત્ત્વજ્ઞાનનો જાણકાર, પ્રભુનો ભક્ત અને સંસારના સુખોને જ આત્માનું સત્યાનાશ કાઢનારા ભયંકર ડાકુ તરીકે માનનારો દુઃખમાં દીન બને એ સંભવિત જ નથી. એ જ રીતે સુખમાં એ લીન બની જાય એ ય સંભવિત નથી. દુઃખોના જનક સુખોને તો એ પાપ માનતો હોય. પાપમાં લીન બને એને સમ્યગ્દૃષ્ટિ જ કેમ કહેવાય?

આમ સમ્યગ્દૃષ્ટિ આત્મા સદા માટે પાપભીરૂ જ હોય, દુઃખભીરૂ તો કદાપિ નહિ.

દુઃખથી જ ડરે, પાપથી કદી ન ડરે એ મિથ્યાત્વી છે.

પાપથી જ ડરે, દુઃખથી કદી ન ડરે એ સમ્યગ્દૃષ્ટિ છે.

પાપના ભયથી ગભરાઇ ઊઠયા વિના નિષ્પાપ જીવનની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

પાપના સાધનો વચ્ચે નિર્ભય રહેવાની વાતો કરનાર મહા-પાપના પંથે શીઘ્ર દોટ મૂકયા વિના રહી શકતો નથી.

ભોગ કે યોગના બીજા કોઈ પણ સાહસમાં નિર્ભયતા જ જોઈએ.

પણ નિષ્પાપ જીવનની સિદ્ધિના સાહસમાં તો પાપભય વિના પળ પણ ચાલી શકે નહિ.

નિષ્પાપ જીવનનો પ્રેમી સમ્યગ્દૃષ્ટિ આત્મા અવશ્ય પાપ-ભીરુ હોય. પાપનો પડછાયો પણ એને ત્રાસ દેતો હોય.

**સમ્યગ્દષ્ટિની** પેલી પપૈયાના ભયની વાત યાદ આવી **પાપભીરૂતા** જાય છે.

એક વાણિયો હતો. એક વાર તેને પેટમાં અસહ્ય શૂળ ઉત્પન્ન થયું. ચાર માઈલ દૂર આવેલા ગામડાનાં એક સિદ્ધહસ્ત વૈદ્યને બતાવ્યું. તેણે દવા આપી; અને સાથે કહ્યું કે દહીં અથવા તેની બનાવટની કોઈ પણ ચીજ કદી પણ લેવાશે નહિ. જો ભૂલેચૂકે પણ લેશો તો આ દર્દ તમારૂં મોત લઈને જ શાન્ત થશે.

વાણિયાએ બધી વાત મંજૂર કરી, દર્દ શાન્ત થઈ ગયું. એ વાતને વીસ વર્ષ પસાર થઈ ગયા.

એક દિવસ ઘરમાં શ્રીખંડ બનાવ્યો હતો. સ્વજનોએ શેઠને કહ્યું, " આજે શ્રીખંડ ખાઓ. કાંઈ નહિ થાય " વાણિયાને ખાવાની લાલસા પણ જાગી હતી. શ્રીખંડ ખાઈ લીધો.

રાત પડી. એ જ જૂનું શૂળ ઊપડયું. વેદના અસહ્ય બનતી ચાલી.

મોત ઉંબરે આવીને નાચતું દેખાયું.

હવે શું થાય! પેલા વૈદ્ય જીવતા હશે કે કેમ?

તપાસ કરાવી. વૈદ્ય તો હતા પણ આખા ડાબા અંગે લકવાના દર્દનો ભોગ બનીને ખાટલે પડયા હતા. વર્ષોથી ચીસો પાડતા વાણિયાને ખાટલે નાંખીને તે ગામડે લઈ જવામાં આવ્યો.

તૂટતી ભાષામાં વૈદ્યે કહ્યું, 'હવે કોઈ ઉપાય નથી. આવી ભૂલ કરી જ કેમ ?" સ્વજનોએ રડતી આંખે ખૂબ કાલાવાલા કર્યા ત્યારે જ દયાળુ વૈદ્યે દવા આપવાની હા તો પાડી પણ સાથે સાથે કહ્યું કે, 'હવે જે વસ્તુ છોડવાનું કહું તે સદા માટે ત્યાગી દેવી પડશે, છે કબૂલ ?"

"કબૂલ; કબૂલ, સો વાર કબૂલ." વાણિયાએ બે બેધડક કહી દીધું.

વૈદ્યે ઔષધ આપ્યું અને કહ્યું "હવે પછી સદા માટે પપૈયું પણ બંધ કરી દેવું."

ઔષધોપચાર થતાં જ દર્દ શાન્ત થઈ ગયું. હવે તો વાણિયો એટલો બધો સાવધાન થઈ ગયો કે ઘરમાં તો કદી પપૈયું ન ખાતો; પરન્તુ ગામમાં પપૈયાની રેંકડી ક્યાંક ઊભી હોય તો તે બાજુએ જતો પણ નહિ. રખે! મન થઈ જાય તો ? એટલું જ નહિ પણ રાત્રે સ્વપ્નમાં ય પપૈયાની રેંકડી દેખાઈ જાય તો ગભરાઈ જઇને ચીસ પાડી ઝબકી ઊઠતો !

વાણિયાને જેવો પપૈયાનો ભય !

સમ્યગ્દૃષ્ટિને તેવો પાપનો ભય !

બનતાં સુધી તે પાપ કરે જ નહિ. કદાચ તેને પાપ કરવું પડે તો ય ધ્રૂજતા-કંપતા અંતરથી જ એ કરતો હોય. પાપ કર્યા પછી પણ એના પશ્ચાત્તાપનો કોઈ પાર ન હોય.

હા. એને ય મન થાય કેસરીઆ દૂધ પીવાનું. એ પીએ પણ ખરો. પરન્તુ પછી એ એટલો જલે-બળે કે એ દૂધનું લોહી થવાનું તો દૂર રહ્યું; પરન્તુ શરીરના લોહીનું પાણી કરી નાંખે. "હાય ! આ જડ વસ્તુના રાગે મારા વીતરાગને ય ભુલાવી નાંખ્યા ! હું કેટલો કૃતઘ્ની ?" ઈત્યાદિ વિચારોનાં તીડના ધાડેધાડા એના મન-ઉપવને ઊતરી પડે અને એના સાત્ત્વિક આનંદની મસ્તીની ફસલ સફાચટ કરી નાંખે.

એને પાપજનિત આનંદ કરતાં આપ પછીના પશ્ચાત્તાપનું દુઃખ એટલું વધી જતું હોય છે કે ફરી કદી એ ક્ષુલ્લક આનંદમાં નહિ ફસાઈ જવાના પુનઃ પુનઃ સંકલ્પો કરતો રહે છે.

ખાબોચિયા જેટલો પાપસ્પર્શનો આનંદ.

અને સ્વયંભૂરમણ જેટલું રૂદન.

આવો આત્મા શી રીતે પુનઃ પુનઃ પાપો કરવા સહેલાઈથી પ્રેરાઈ જાય ?

પેલા પંડિત ચોરની વાત આવે છે ને? તે ખૂબ જ ગરીબ પંડિત હતો. દિવસે દિવસે ગરીબી વધતી ચાલી. એક વાર તો ત્રણ ત્રણ દિવસ સુધી પંડિત અને તેની પત્ની અનાજનો કણ પણ લીધા વિના ભૂખ્યા રહ્યા.

હવે શું થાય? ભૂખમરાના કેટલા દિવસ કાઢવા?

કંટાળીને પંડિતપત્નીએ પંડિતજી પાસે પ્રસ્તાવ રજૂ કર્યો.

"હવે ક્યાંક ચોરી કરી આવો તો જ જીવન ઊભું રહે તેમ છે."

પંડિતજી બિચારા 'ચોરી' નું નામ સાંભળતા ધ્રૂજી ઊઠયા. એમના દેહમાંથી વીજળી પસાર થઇ ગઈ!

પત્નીનો આગ્રહ વધી ગયો. પંડિતજીએ લાચારીથી કબૂલ કર્યું.

રાત પડી.

પંડિતજી ઘરફાડુનો વેષ સજીને નીકળ્યા. લપાતા-છુપાતા એક ઘરમાં પેઠા. તૂટેલી થાળી-બે વાડકાં પડયાં હતાં. જ્યાં ઊપાડવા જાય છે ત્યાં જ અંદરના ઓરડામાં સૂતેલા પતિપત્નીને વાત કરતાં સાંભળ્યાં.

"રે! કાલે ઊઠીને છોકરાંને શું ખવડાવશું? ધાનનો કણ પણ ઘરમાં નથી!" સ્ત્રીએ દીર્ઘ નિસાસો નાંખી દીધો.

અનેક શાસ્ત્રોના જાણકાર પંડિતજીએ હૃદય મેળવ્યું હતું અને કેળવ્યું પણ હતું.

ઘાયલકી ગત ઘાયલ જાણે.

પંડિતજીનું અંતર ડૂસકાં ખાઇ ગયું.

'ચોરી? અને તે ય ગરીબના ઘરમાં! નહિ બને: કદાપિ નહિ બને.

ગરીબનું ઘર ફાડીને જીવવા કરતાં ઝેર ખાઈને મરવાનું વધુ પસંદ કરીશ.'

પંડિતજી બહાર નીકળી ગયા.

ફરતાં ફરતાં એક મોટી હવેલી જોઈ. શ્રીમંતનું ઘર જાણીને પેઠા.

રાતના બે વાગ્યા હતા. પણ હજી શેઠ જાગતા હતા. શેઠ કાંઈક બોલતા હતા. પંડિતજીએ કાન દીધા તો સાંભળ્યું, "હજી બે આનાનો હિસાબ મળતો નથી, હવે તો બે વાગ્યા. હજી કેટલા વાગશે કોણ જાણે? પણ બે આનાનો હિસાબ મેળવ્યા વિના અહીંથી ઊઠે એ બીજા!"

આ સાંભળતાં પંડિતજીને જરાક હસવું આવી ગયું. "રે! કંગાળ શેઠ! તું અઢળક સંપત્તિનો માલિક છતાં બે આના ખાતર રાતનો ઉજાગરો કરે છે! તારાં કરતાં મજૂર વધારે સુખી.... જો જો! ઘસઘસાટ નિંદર માણે છે. એની ઝૂંપડીમાં!

બે આના ખાતર ચાર આનાનું તેલ બાળી નાંખતા શેઠની બેવકૂફીને વિચારતાં પંડિતજીને થયું, "જો અહીં ચોરી કરીશ તો સવારે એની જાણ થતાં જ શેઠ રામ બોલો ભાઈ રામ થઈ જશે! જવા દે! કોઈને મારીને જીવવાનું પાપ શા માટે કરવું?'

પંડિતજી ત્યાંથી પણ બહાર નીકળી ગયા. હવે એમણે કોઈ મોટા તવંગરને ત્યાં જ ઘર ફાડવાનું નક્કી કર્યું.

રાજમાર્ગે મોટી હવેલી જોઈ એ રાજાસાહેબનો મહેલ હતો.

પંડિતજી પેઠા.... એમના સદ્ભાગ્યે સિપાઈઓ ઊંઘતા હતા. એટલે ઠેઠ સાતમા માળે પહોંચી ગયા.

એ વખતે રાતના ત્રણ વાગ્યા હતા. બારીની તડમાંથી પંડિતે શયનખંડમાં નજર નાંખી. શય્યા ખાલી હતી. રાજા આંટા મારતો હતો. અને કાંઈક બોલી રહ્યો હતો.

આને વળી શી આફત ? પંડિતજીનું મન બરાડી ઊઠયું. "શું આ ય દુઃખીયારો છે ? હોય નહિ." પંડિતજીએ કાન સરવા કર્યા.

રાજા એક સંસ્કૃત શ્લોક બનાવી રહ્યા હતા. તેના ત્રણ ચરણો તૈયાર થઈ ગયા હતા. પણ ચોથું કેમે ય તૈયાર થતું ન હતું.

પ્રથમના ત્રણ ચરણનો ભાવાર્થ એ હતો કે "મને મનોહર સ્ત્રીઓ મળી, મિત્રો અનુકૂળ મળ્યા, સારા ભાઈઓ મળ્યા, સદા પ્રેમાળ વાત કરતાં નોકરો મળ્યા. વળી મારે હસ્તિશાળામાં હાથીઓ છે અને અશ્વશાલામાં હણહણાટી કરતાં ઘોડા ય છે...."

હવે આગળ શું મૂકવું ? એ રાજાને સમજાતું ન હતું.

પંડિતજી તો કાબેલ પંડિતજી હતા. આ ત્રણ ચરણો સાંભળતાં જ ચોથું ચરણ મગજમાં ગોઠવાઈ ગયું.

ખૂબ જ બોધપ્રદ હતું; એ ચરણ ! રાજાની વિલાસિતાની ખુમારીનો પારો નીચો ઉતારી નાંખે તેવું સ્તો.

થાકેલો રાજા સૂઈ જાય છે. ધીમે પગલે પંડિતજી અંદર પેસે છે. બાજુમાં પડેલી ખડી લઈને ચોથું ચરણ લખવા જાય

છે ત્યાં જ મનમાં એક વિચાર ઝબકી ઊઠે છે.' ચોરથી બોધ અપાય ?"

તરત જ પંડિતજી પ્રતિજ્ઞા કરે છે. ચોરી કદી નહિ કરું, અને પછી ચોથું ચરણ લખે છે.

'સંમિલને નયનયોર્નહિ કિંચિદસ્તિ' આંખ મીંચાયે કશું ય રહેવાનું નથી.'

ખિલ્લીપણે પંડિતજી ચાલ્યા જાય છે. સવારે ચોથું ચરણ રાજાની નજરે પડતાં જ તે ચમકે છે.

ખરો નીકળ્યો; મારો ગુરુ ? કોણ હશે ! ઢંઢેરો પિટાવે છે. પંડિતજી રાજસભામાં હાજર થાય છે. સઘળી સાચી વાત જણાવી દે છે.

પ્રસન્ન રાજા અઢળક સંપત્તિ આપે છે.

આ બોધકથામાં જેવું પાત્ર પંડિતજીનું છે તેવું જ બરોબર સમ્યગ્દષ્ટિનું જીવન હોય છે. એ ય મોટાં પાપ કરે જ નહિ. અને કદાચ કરવા પડે તો ય ધ્રૂજતો રહે, પાપથી ભાગતો ફરવા પ્રયત્નશીલ પણ રહે.

સમ્યગ્દષ્ટિ આત્મા એટલે સાચા હૃદયનો અને જૂઠા જીવનનો સ્વામી, એવી વ્યાખ્યા કદી ન થાય. એટલું જ નહિ પણ એવું ય કહેવા તૈયાર ન થવાય કે એનું હૃદય સત્ય તરફ ઢળતું હોય છતાં એ બટાટા ખાય, રાત્રિભોજન કરે, પરદેશોમાં જઈને રહે તો ય એના સમ્યક્ત્વને તો વાંધો ન જ આવે. કેમકે સમ્યક્ત્વ તો માત્ર વિચારશુદ્ધિની બાબત છે. આચારશુદ્ધિ ત્યાં ન પણ હોય."

આવું કેમ કહી શકાય ? રાજા શ્રેણિક જેવા નિકાચિત અવિરતિના ઉદયવાળા સમ્યગ્દષ્ટિ આત્માઓ તો બહુ થોડા

કહ્યા છે. બાકી સામાન્ય રીતે તો હૃદયપરિવર્ત્તન થયા પછી જીવનપરિવર્ત્તન પણ થવા જ લાગે.

કદાચ કેટલાક સમ્યગ્દૃષ્ટિ આત્મામાં હૃદયના પરિવર્ત્તન સાથે જીવનનું વર્ત્તન મેળ ન પણ ખાતું હોય તો ય તેવી પ્રરુપણા કરવામાં તો ઘણું મોટું જોખમ રહેલું છે. આવી નિશ્ચયસન્મુખી પ્રરુપણા સાંભળીને તો ગમે તેવું જીવન જીવતા આત્માઓ પણ પોતાને સમકિતી કહેવડાવવાનું સાહસ કર્યા વિના રહેશે નહિ. કોઈ એમના એ સાહસને પડકારશે તો ઝટ કહી દેશે કે અમારા અંતરને તમે શું જાણો? જે કરીએ છે તે સારું તો નથી જ માનતા. પછી અમારા સમ્યક્ત્વમાં શી ખામી?

ધર્મશાસન વ્યવહારમાર્ગ ઉપર જ ચાલે છે માટે ધર્મની જે કોઇ વ્યાખ્યા બાંધવામાં આવે તે વ્યાખ્યા વ્યવહારનય તરફના ઝોકવાળી હોવી જરૂરી છે. બેશક, એમાં ય કેટલાક અપાયો દેખાતા હશે. પરન્તુ નિશ્ચયના ઝોકવાળી વ્યાખ્યાના પરિણામે સર્જાતા અપાયો કરતાં એ જરૂર ઓછા પ્રમાણમાં જ હોવાના.

એટલે સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યાના વર્તુળમાં સંસારના સુખોને ભૂંડા માનવાની જ વાત ગોઠવીને ભોગભૂખ્યા જમાનાના શ્રોતાઓ સામે ચૂપ બેસી રહેવાનું ઉચિત લાગતું નથી. એની સાથે એ વાત પણ ઉમેરી દેવી જોઈએ કે સુખને ભૂંડુ માન્યા પછી પણ સુખનો ભોગવટો કરનાર એ સમ્યગ્દૃષ્ટિ આત્મા આંખમાંથી આંસુ સારતો મનનો મહાદુઃખિયારો હોય.

અંતરમાં ભોગને ભૂંડા માનવા આંખમાંથી આંસુ સારવા. એ બે ય બાબતોને સમ્યક્ત્વની વ્યાખ્યાના સિક્કાની બે બાજુના સ્વરૂપે સાંકળી લેવી જરૂરી લાગે છે.

એ પછી એ સમ્યક્ત્વના વાઘાવસ્ત્ર તરીકે પ્રભુભક્તિ,

પાપનો ફફડાટ, જીવો પ્રત્યે અનુકમ્પા વગેરેને ગોઠવી શકાય. એના પરિણામે પાપોમાં ઘટાડો વગેરે પણ કહી શકાય.

બાકી સંસારસુખને ભૂંડા માનવા જેટલું જ સમ્યક્ત્વવર્ણન થાય તો તેમાં ઘણી મોટી છલના થઈ જવાનો મોટો ભય ડોકિયા કરી જ રહ્યો છે.

આજીવિકા પૂરતું મેળવવાના પાપ કરતાં ય આગળ વધીને સાતે વ્યસનોના શોખમાં ચૂર રહેનારો, એના માટેના પાપોમાં ગળાબૂડ ડૂબી રહેનારો....એક આત્મા પણ એમ કહી દે કે મને સંસારના આ બધા ય ભોગસુખો મનથી તો ભૂંડા લાગે જ છે... તો શું તેને આપણે સમકિતીનો માનચાંદ આપી દેવો? શું અહીં મોટી આત્મછલના નથી થઇ જતી?

આથી જ કહેવું જોઇએ કે જેને ભોગ ભૂંડા લાગતા હોય તેની આંખો રોતી હોય, એનું અંતર જલતું હોય, પાપોથી એ ફફડતો હોય ઇત્યાદિ.

નિર્ભીકપણે પાપો કરતા રહેવા અને પાપોને ભૂંડા કહી દઈને સમકિતી તરીકે જાહેર થઇ જવું? એ કેમ ચાલે?

વાત તો છે એક મિથ્યાદષ્ટિ પાદરીની. અનાર્યદેશમાં જન્મ્યો, વીતરાગશાસનને તો પામ્યો છતાં એ પાપથી કેટલો ફફડતો હતો તે જોઇને આપણે એ નક્કી કરશું કે વીતરાગના ધર્મને પામનારાનો પાપભય તો કેટલો બધો વધુ હોવો જોઇએ?

એ પાદરી હતો. રાજાને ત્યાં એ જ જતો અને ઈસુનો ઉપદેશ સંભળાવતો પણ એ કદી રાજાની ખુશામત કરતો નહિ. ગુણ ગાતો માત્ર ઈસુના, રાજાના કદાપિ નહિ.

રાજાના ખુશામતખોરોએ આ પરિસ્થિતિ જાણીને એનો લાભ ઉઠાવ્યો. રાજાના કાન ભંભેર્યા. "આ પાદરી આપના માટે કદી પણ સારા શબ્દ બોલતો નથી. આ વાતની હવે પછી આપ નોંધ

લેશો તો આપને પણ ખાત્રી થઈ જશે.” એમ ખુશામતિયાઓએ રાજાને કહ્યું.

રાજાએ ઘણા દિવસો સુધી એ વાતને ધ્યાનમાં રાખી. તેને પણ તે વાતની સત્યતાની ખાતરી થઈ ગઇ. રાજા અકળાઈ ગયો.

એક દિવસ પાદરી આવ્યો ન હતો. એ તકનો લાભ ઉઠાવતા રાજાએ સભાને પૂછયું, “જે માણસ કોઇ દિવસ રાજાની પ્રશંસા ન કરે તેને શી સજા કરવી જોઈએ?”

તરત જ એક ખુશામતીઓ ઊભો થયો. તેણે કહ્યું” એવા નાલાયકને દેશપાર કરી દેવો જોઈએ.”

બીજા ખુશામતખોરે ઊભા થઇને આવેશમાં બરાડી ઊઠતાં કહ્યું,” નામદાર! એવા માણસને મૃત્યુ-સુધી જેલમાં સડતો મૂકી દેવો જોઈએ.”

ત્રીજા ખુશામતખોરે હસતાં ઊભા થઇને કહ્યું, “નામદાર! નહિ નહિ. એટલી જ સજા! એ તો ઓછી પડે. એવા દુષ્ટની તો બધી માલમત્તા લૂંટી લઈને નગરમાં શેરીએ શેરીએ ભીખ માંગતો-રઝળતો મૂકી દેવો જોઇએ. પછી મરે તે કુત્તાના મોતે!”

ત્યાં જ ચોથો ખુશામતીઓ ઊભો થયો. તેણે કહ્યું, ‘રે! આ શું બોલો છો? આવા હરામખોરને તો એક પળ પણ જીવતો રહેવા ન દેવાય. ભગવાન્ ઇસુની ભૂમિ ઉપર આવા કલંકિતોનો ભાર! કદી ન બને. એને તો વહેલી તકે બંદુકની ગોળીથી ઠાર કરી નાંખવો જોઇએ.”

એક એકથી ચડિયાતી સજાઓ સાંભળીને રાજાનું મન મલકાઈ ઊઠતું હતું... પોતાનાં વફાદાર પ્રજાજનોના વફાદારી ભર્યા(!) ભાવાવેશને એનું મસ્તક ઝૂકી જતું હતું.

પણ એક ખુશામતીઓ હજી ઊઠયો ન હતો. બેશક એ

હતો ખુશામતખોર. પણ એની ખુશામતી પણ ડહાપણભરી, વિચારસમૃદ્ધ રહેતી. એટલે રાજાને એની ઇચ્છા જાણ્યા વિના બધું અધૂરૂં લાગતું હતું.

રાજાએ તેને પૂછ્યું, "ભાઈ તું કહે : એવા માણસને શી સજા કરવી જોઇએ ?

હવે એ બુઝર્ગ ખુશામતીઓ ઊભો થયો. તેણે કહ્યું, "નામદાર ! આપ પેલા પાદરીને અનુલક્ષીને જ આ પ્રશ્ન પૂછી રહ્યા છો ને ? જો તેમ જ હોય તો, મારે કહેવું જોઇએ કે અત્યાર સુધી જે જે સજાઓની રજૂઆત કરવામાં આવી છે તે બધી જ સમજણ વિનાની રજૂઆત છે.

સાંભળો. પ્રથમ નંબરમાં કહેવામાં આવ્યું કે 'દેશનિકાલની સજા થવી જોઈએ." પણ નામદાર ! મારે આપને જ પૂછવું છે કે જેને આખું વિશ્વ જ દેશ બન્યો છે તે પાદરીને કયા દેશમાંથી આપ નિકાલ કરશો ? આપને કોઇ પરદેશ છે ? એને તો બધો ય સ્વદેશ જ છે ને ?

બીજાએ કહ્યું કે એને આજીવન જેલમાં ધકેલી મૂકવો જોઇએ. પણ જેને જેલ અને મહેલ બધું સરખું છે સર્વત્ર જે ભગવાનનું વિશ્વ અભેદભાવથી જુએ છે. એને મન જેલ જેવી કોઈ વસ્તુ જ હસ્તી ધરાવતી નથી, એવા માણસને તમે કોટડીમાં પૂરી દેશો તો ત્યાં એ મોજથી ભગવાનનું નામ સ્મરણ કર્યા કરશે. તમે જેલમાં મોકલીને એને તો વધુ સુખી કરી રહ્યા છો. સજામાં તો દુઃખ હોય કે સુખ ?

ત્રીજા માણસે ભિખારી બનાવી દેવાની વાત કરી. ભલે તેમ કરો, પણ તેથી એ પાદરીને શું દુઃખ પડવાનું છે ? દુઃખ તો તે ભિખારીઓને પડશે જેમને આ પાદરી રોજ કાંઈને કાંઇ

આપતો રહે છે. તમે પાદરીને લૂંટી લેશો તો તે ભિખારીઓ કમોતે મરશે. આ તો પાડાના વાંકે પખાલીને ડામ દેવા જેવું કર્યું".

ત્યાં રાજા બોલી ઊઠયો, "ભલે એ ત્રણે ય સજા બરોબર નથી, પણ મારી નાંખવાની સજા તો એકદમ બરોબર છે ને?"

બોખા મોંથી સ્મિત કરતો એ પીઢ ખુશામતીઓ બોલ્યો, "ના રે ના. એ ય બરોબર નથી મારા સાહેબ! એ પાદરીને મારી નાંખશો તો એ વહેલો ઇસુના દરબારે પહોંચી જશે, વહેલો સુખી થઇ જશે."

આ સાંભળીને તો પેલા ખુશામતખોરો અને રાજા સહુ મૂંઝવણમાં પડી ગયા.

સર્વત્ર નિઃસ્તબ્ધ શાન્તિ છાઈ ગઈ. થોડી વાર પછી રાજાએ એ બુઝર્ગને પૂછ્યું, "ભાઈ! તારી વાત તો વિચારણીય લાગે છે પણ હવે કરવું શું? એ પાદરીને શી સજા કરવી? રાજાની 'ખુશામત ન કરવી' એ બેશક ગુનો છે."

બુઝર્ગ માણસે કહ્યું, "નામદાર! તદ્દન સાચી વાત છે. આમ જો મારો અભિપ્રાય માંગતા હો તો હું તો આપને કહીશ કે પાદરીને સખ્ત દુઃખ થાય તેવી જ તેને સજા કરવી જોઇએ.

આ નામદાર અને આપની રૈયત–સહુ જાણે છે કે પાદરી સાહેબ કોઈથી ડરતા નથી. એમને ડર હોય તો એક જ વાતનો છે, તે પાપનો.

આ માણસ પાપનો પડછાયો જોતાં ભડકી ઊઠે છે. એ ભયંકર દુઃખને વેઠવા તૈયાર છે પણ અણુ જેટલાં ય પાપ માટે એ કાયર છે. એટલે આ માણસને જો કોઈ પાપનો ભોગ બનાવી દેવામાં આવે તો તેનો જીવ અદ્ધર થઈ જાય, પાપ થઈ ગયા બાદ એ ભીંત સાથે માથું અફાળી અફાળીને મરી જાય.

"નામદાર રાજા સાહેબ ! મારી તો આપને સલાહ છે કે આ માણસને ખરેખરી સજા કરી દેવી હોય તો ગમે તે રીતે તેને કોઈ પાપમાં ફસાવી દો."

બુઢ્ઢા માણસની આ વાત સાંભળીને આખી સભા આશ્ચર્ય-મુગ્ધ થઈ ગઇ ! પાપને સર્વાંગે–સર્વપળે આલિંગતી રૈયત આવા નિષ્પાપ પાદરીની વાત સાંભળીને એવી તો થીજી ગઈ કે કાપો તો ય લોહી ન નીકળે.

સહુના અંતર ઝૂકી ગયા; એ પાપભીરૂ પાદરીને !

રાજાનું તો માથું જ ચક્કરમાં ચડી ગયું. એના દુઃખનો પાર ન રહ્યો. એણે તરત પાદરીને બોલાવ્યો. એના પગમાં પડી જઈને આખી સભાએ માફી માંગી."

આ પ્રસંગમાંથી આપણે બીજું કાંઈ લેવું નથી, જિન–ધર્મને નહિ પામેલો આત્મા પાપ–પુણ્યની સૂક્ષ્મતાને સ્વપ્ને ય સ્પર્શી ન શકે. માનવદયામાં પુણ્ય માનીને જ એ લોકોના ધર્મ ચાલે. ગમે તેમ હોય: અહીં તો આપણે એટલું જ વિચારવું છે કે આ માણસે પોતે કલ્પેલા પાપોનો પણ ભય કેટલો હતો ?

મૃત્યુના મોટામાં મોટા દુઃખથી પણ એ ગભરાતો નહિ અને નાનકડા પાપના પડછાયાથી પણ એ ધ્રૂજી ઊઠતો. એની છાતીનાં ધબકારા વધી જતા.

સમ્યગ્દૃષ્ટિ આત્મા તો જિનશાસનના મર્મોથી ભાવિતાત્મા હોય. એની સ્થિતિ તો આ વિષયમાં કેટલી ઉચ્ચ હોય ?

સંસારના સુખોને ભૂંડા માનવાની જ વાત ભલે સમ્ય–ગ્દર્શનમાં મુખ્ય રહેતી હોય પણ તેના પરિણામરૂપે પાપનો ભય તો મુખ ઉપર સદા તરવરાટ કરતો જ હોય.

અંગ્રેજીમાં એક અપરાધીની વાર્તા આવે છે. તે માણસે પોતાની કિશોર વયમાં સગી બહેન સાથે પાપ સેવ્યું. પરન્તુ

ત્યાર બાદ એ પાપનો એને ભારે આઘાત લાગ્યો. એ ઘરમાંથી ચાલી નીકળ્યો. દિવસ અને રાત રડતો જાય છે અને એકલો ચાલ્યો જાય છે. જે મળે તેને કહે છે, "મને માફ કરો....મારી ભૂલ થઈ છે" રે! વૃક્ષ, નદી, તળાવ, સહુ-ને હાથ જોડીને કહે છે, "રે! કુદરત! તું મને માફ કર. તારા અનુશાસનની વિરુદ્ધ મેં ભયંકર પાપ કર્યું છે."

આમ બોલતો-રડતો તે માણસ એક ટેકરી ઉપર ચડે છે. ત્યાં બાર વર્ષ સુધી રહે છે. ફળાદિ ખાઈને જીવન ટકાવે છે. રડી રડીને એની આંખો સૂઝી જાય છે. મોં સદા લાલચોળ રહે છે.

ટેકરીની તળેટીમાં આવેલા ગામોમાં એની પ્રસિદ્ધિ થઇ જાય છે. સહુ એને 'રડતો-સંત' કહીને સંબોધે છે.

બાર વર્ષના અન્તે એક કુષ્ટરોગી માણસ એની પાસે આવે છે. પવિત્ર પુરુષ સમજીને એ માણસના ચરણને સ્પર્શ કરતાં જ પેલા માણસનો કોઢ નષ્ટ થઈ જાય છે. આ વાત ચારે બાજુ ફેલાતી જાય છે.

ટેકરી તીર્થધામ બને છે. હજારો રોગિષ્ઠ લોકો આવે છે અને નિરોગી બનીને પાછા જાય છે.

આ વાર્તાની એક જ બાજુને આપણે સ્પર્શવી છે. તે છે પાપનો પશ્ચાત્તાપ.

પાપભીરૂ આત્મા જ સમ્યગ્દૃષ્ટિ હોય. ભલે એ કદાચ પાપ કરતો હોય પરન્તુ પાપોની પાછળ એના પશ્ચાત્તાપનો પણ કોઈ સુમાર ન હોય. બેશક એનાથી પાપ થઈ જાય, એને ય સંસારનું સુખ અવશ્ય ગમી જાય....પરન્તુ એ બધું ય એને અત્યંત ખતરનાક લાગતું જ હોય એટલે એ ચિંતનના પરિણામે જ

પાપ થયા પછી પાપનો પશ્ચાત્તાપ પણ આગની જેમ ચારે બાજુ ભભૂકી ઊઠે.

અને તેથી જ સમ્યગ્દૃષ્ટિ આત્મા પાપ કરીને પણ પશ્ચાત્તાપનો મહાનલ ચેતવી દઇને એ પાપને તો ધોઈ નાંખે પરન્તુ જન્મજનમના અનંત પાપોના ધુમાડા કરીને, વધુ શુદ્ધ થઈને બહાર આવે છે. આ જ કારણસર એમ કહી શકાય કે સમ્યગ્દૃષ્ટિ આત્માને માટે તો દોષો પણ ગુણનું જ કામ કરનારા બની રહે છે.

સમ્યગ્દર્શનની ભવ્યતાને આપણે ચારે બાજુથી આ રીતે તપાસવી જોઈએ.

આ. ભગવાન્ હરિભદ્રસૂરિજી મહારાજાએ શાસ્ત્રવાર્ત્તા સમુચ્ચય-ગ્રન્થમાં બહુ જ ટૂંકા છતાં અતિ સુંદર શબ્દમાં સમ્યગ્દૃષ્ટિ આત્માનું સ્વરૂપ રજૂ કરી દેતા કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારમાં રહે તે બને પરન્તુ એ સંસારમાં રમે તે કદાપિ ન બને.

ચારિત્ર્યમોહનીકર્મના જોરદાર ઉદયને કારણે તેને સંસારમાં રહેવું પડે પરન્તુ એ આત્મા તે સંસારના રંગે રંગાઈ તો ન જ જાય.

હા, એને સંસારના સુખની સામગ્રી ઉપર જરૂર રાગ થાય; કેમકે અનન્તાનુબન્ધી કષાયના રાગાદિભાવો તેનામાં ન હોવા છતાં બાકીના અપ્રત્યાખ્યાનાદિ કષાયોના રાગભાવ તો ઉદયમાં છે જ. પરન્તુ સુખ ઉપરના રાગ ઉપર તેને રાગ તો ન જ થાય. કેમકે સાંસારિક સુખના રાગ ઉપર રાગ કરાવવાનું કાર્ય અનંતાનુબંધી કષાયોનું છે તેનો ઉદય તેને હોતો નથી.

**સુખની ભયાનકતા** સુખ ઉપરનો રાગ એટલે સુખ ગમી જવું તે.

સુખના રાગ ઉપરનો રાગ એટલે એ સુખ ગમ્યું તે ખૂબ સારું લાગવું તે.

સુખ સારું લાગે તેમાં સમ્યગ્દર્શનને બાધા પહોંચતી નથી. કેરીનો રસ સમકિતી ખાય તો તેની જીભને પણ તે મીઠો–સારો જ લાગે. પરન્તુ 'સુખ સારું લાગે છે.' એમાં ખોટું શું છે? એ પ્રશ્ન એના અંતરમાં ક્યાં ય ન ઊઠે. એને તો, 'સુખ સારૂં લાગી ગયું એ ખૂબ ખોટું થયું' એવું જ સંવેદન થયા કરે.

સર્વવિરતિ આત્માને તો સુખ ઉપર જ રાગ ન હોય; જ્યારે સમ્યગ્દૃષ્ટિ આત્માને સુખ ઉપર રાગ હોવા છતાં એ રાગ ઉપર રાગ–એ રાગને સારો માનવાની–વાત–તો ન જ હોય. આ ભેદ બરોબર ખ્યાલમાં રાખવો જોઈએ.

સમ્યગ્દૃષ્ટિ આત્માની માનસિક ભૂમિકા કેવા પ્રકારની હોવી જોઇએ તે વાત છત્રીવાળો શેઠ, પપૈયાની પરેજીવાળો વાણિયો, પંડિતચોર, પાદરી અને રડતા સંતની કથાઓ દ્વારા સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો. દરેક દૃષ્ટાન્તમાંથી કોઈને કોઈ માનસિક ભૂમિકા ઉપસે છે.

છત્રીવાળો શેઠ જણાવે છે કે પાપની પાપ તરીકે જીવંત કબૂલાત કરો; પછી પાપ ઓછું થયા વિના રહેશે જ નહિ. એ માટેના યત્નો સ્ફુરી જ આવશે.

પપૈયાની પરેજીવાળો વાણિયો સમ્યગ્દૃષ્ટિ આત્માની પાપ ભીરૂતાની બાજુને ઉપસાવે છે. પંડિતચોર જણાવે છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા પ્રાયઃ તો પાપ કરે જ નહિ.

પાદરી કહે છે કે સમ્યગ્દૃષ્ટિ આત્માને દુઃખનો કશો ય ભય ન હોય. એ તો માત્ર પાપથી જ ફફડતો હોય. જ્યારે

રડતો સંત કહે છે કે પાપ થઇ ગયા બાદ એનો પશ્ચાત્તાપ માઝા મૂકતો હોય.

હવે આપણે એવા સમ્યગ્દર્શનીઓના જીવનો ઉપર નજર નાંખીએ અને એમની દુનિયાના એ તેજસ્વી સિતારાઓને અંતરથી વંદના કરીએ.

સહુ પ્રથમ નિકાચિત અવિરતિના ઉદયવાળા માત્ર ચતુર્થ ગુણસ્થાનના સ્વામીઓને જોઈએ. જેઓ વિરતિધર્મને પામી શકયા જ નથી એવા સમ્યગ્દષ્ટિના જીવનમાં શું શું હોવું જોઇએ તે વાત આપણને એમના જીવનની કેટલીક વાતો ઉપરથી જાણવા મળશે.

ચતુર્થ ગુણસ્થાને અટકી પડેલા બે મહાત્માઓ આપણે અહીં જોઈએ. તેમના નામો છે : મગધપતિ શ્રેણિક અને વાસુદેવ કૃષ્ણ.

મગધપતિ શ્રેણિક સર્વવિરતિધર્મ પામ્યા ન હતા. રાજસુલભ વિકૃતિના પાપનો કેટલીક વાર ભોગ પણ બન્યા હતા. એથી જ પોતાની જૈફ વયમાં દુર્ગંધા જેવી કિશોરીને અંતઃપુરમાં બેસાડી દેવાનું હીન કૃત્ય કરી ચૂકયા હતા.

ચારિત્ર્યમોહનીયકર્મના નિષ્ઠુરપંજામાં રમતા આત્માની સ્થિતિ આથી પણ વધુ ખરાબ હોય તો ય નવાઈ પામવા જેવું નથી.

પરન્તુ મગધપતિ શ્રેણિકના આતમના ઓરડાના એક ખૂણે ક્ષાયિક સમ્યગ્દર્શનની અવિનાશી જયોત જલતી હતી.

મગધપતિ શ્રેણિક નાશ પામે ત્યારે ય એ જયોત એટલી જ સ્વસ્થતાથી ઝબૂકતી રહેનાર હતી. એથી જ આતમના એક ખૂણે ટમટમતી એ જવાલાએ આતમના આખા ય ઓરડામાં સર્વવિરતિધર્મના પ્રેમનો પ્રકાશ રેલાવી દીધો હતો.

ગમે તેવો હશે; અવિરતિનો અભિશાપ પામેલો મગધનો નાથ! પરન્તુ ચારિત્ર્યજીવનનો એ બેહદ પ્રેમી હતો. આ રહી તેની સાક્ષી પૂરતી વાત.

એક દિવસની વાત છે. મગધનો દરબાર ભરીને મગધપતિ શ્રેણિક બેઠા હતા. કામકાજ પૂરું થવાના સમયે મગધના અગ્રગણ્ય ધનાઢ્ય શેઠ ગોભદ્રના પત્ની ભદ્રાદેવી ત્યાં આવે છે.

ગોભદ્ર શેઠ મૃત્યુ પામીને દેવ થયા હતા. પુત્ર શાલિભદ્ર ઉપરના અથાગ પ્રેમે એમને મર્ત્યલોક તરફ આકર્ષ્યા હતા. દીકરા માટે રોજ ૯૯ પેટીઓ ભરીને વૈભવસામગ્રી મોકલતા. ૩૨ પત્નીઓના સ્વામી શાલિભદ્ર એ વૈભવે વીંટળાયા હતા.

મગધના નર–નારીઓને આટલી જ વાતની ખબર હતી. પણ કોઈ ન જાણતું હતું કે વૈભવી શાંતિના અંતરમાં વિરાગની ધૂણી ધખી રહી છે. પુણ્યાનુબંધી પુણ્યનો સ્વામી અનાસક્ત યોગની આરાધના કરી રહ્યો છે. આ વાત તો મગધના નાથે એક વાર પ્રગટ કરી.

શાલિભદ્રની સમૃદ્ધિ જોવા એ ગયા હતા. માતા ભદ્રાએ શાલિભદ્રને સાતમા માળેથી નીચે બોલાવ્યા.

ત્યારે જ શાલિભદ્રને ખબર પડી કે એના માથે ય કોઈ સ્વામી છે. માતાના 'સ્વામી' શબ્દે એ ચોંકયાં.

અંતરમાં સળગતી વિરાગની જ્યોત જ્વાળા બનીને ભક... ભક....ભક કરતી ભભૂકી ઊઠી.

સમય જોઈને માતા ભદ્રાને શાલિએ વાત કરી.

"મારે વૈભવી ગુલામી ન જોઈએ. આજ્ઞા આપો. ત્રણ-લોકના નાથના ચરણે જઈ કર્મનું દીધેલું દાસત્વ મિટાવી દઉં."

માતા ભદ્રા મૂર્ચ્છિત થઈને ધરતી ઉપર ઢળી પડયા. મોહની

જોરદાર તમન્ના લાગી હતી હતી; માટેસ્તો. આજે શાલિએ માતા પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને જલસિંચન કરવાનું નાપસંદ કર્યું. એ જલસિંચન માતાના મોહના ઉપવનને સિંચન બની જતું હતું માટે.

અડોલ ઊભા જ રહ્યા શાલિભદ્ર. સમ્યગ્દૃષ્ટિ ભદ્રાને ઊભા કરી દીધા; એમના જ સમ્યગ્દર્શને!

માતાએ આશિર્વાદ દીધા, "જા બેટા! ખુશીથી જા–વીરના પંથે! વીર બનીને સંહાર કરજે કર્મશત્રુનો!"

પ્રસન્નમના શાલિભદ્ર માતાના ચરણમાં વંદના કરીને મંગળમયી આશિષો પ્રાપ્ત કરી.

બીજો દિવસ થયો. મહોત્સવની સામગ્રી સજાવવા નગર શણગારવાની ભાવના વ્યક્ત કરવા માતા ભદ્રા મગધના નાથ પાસે આવી ઊભા.

માતા ભદ્રાએ સઘળી વાત કરી. સાંભળતાં જ જાણે કે સો મેગાટનનાં એટમબોમ્બનો ધડાકો થયો. સભાજનોના શરીરમાંથી અસ્ખલિત વિદ્યુત્કંપો પસાર થવા લાગ્યા. વૈભવી શાલિભદ્ર વિરાગી બન્યા! અસંભવ. કોઈના મગજમાં આ વાત બેસતી નથી. સ્વપ્ન નથી ને? આંખો ચોળીને સત્યનો નિર્ણય કરે છે. મગધના નાથની સભાના સભાજનોના અંતર ઝૂકી પડે છે વિરાગીના ચરણોમાં!

વાયુ પોતાની બગલમાં આ વાત લઈને હરણફાળ ભરતો દોડે છે. મગધની શેરીએ શેરીએ....મગધના ખૂણે ખૂણે.

બુઢ્ઢાઓ લજ્જા પામીને માથું નીચું નાંખે દે છે. પ–પ બાળકોની માતાઓ શરમથી ખૂણામાં ભરાઈ જાય છે.

માતા ભદ્રાની વાત સાંભળીને શ્રેણિક આનંદસ્તબ્ધ થઈ જાય છે. એ સિંહાસન ઉપર જડાઈ જાય છે. આ શું?

સત્યનો સ્વીકાર થાય છે.

રાજા શ્રેણિક તો જ્ઞાતપુત્ર ભગવાન્ મહાવીરના અનન્યભક્ત હતા. સંયમ ધર્મ પ્રત્યે તીવ્રતમ પ્રેમ હતો. માતા ભદ્રાને કહ્યું, મગધના નગરજનોના માતાસ્વરૂપ ભદ્રા ! મારા શાલિભદ્રનો મહોત્સવ હું જ કરીશ."

રાજા શ્રેણિક દીક્ષામહોત્સવ કરે છે. દીક્ષાનાં દિને દેવકુમારશા શાલિભદ્રને મગધનો નાથ પીઠી ચોળીને સ્નાન કરાવે છે.

મગધનો નાથ વિચારે છે કે "હું નાથ ખરો મગધનો, મગધના નર–નારીઓનો ! પરન્તુ સંયમીઓનો તો હું સેવક ! જગતની કોઈ પણ ચીજના સ્વામિત્વ કરતાં ત્રિશલાનંદન પરમાત્મા મહાવીરનું અને તેમના સત્પંથે ચાલી નીકળતાં સંયમધરોનું સેવકત્વ તો મારે મન અત્યન્ત મૂલ્યવાન્ વસ્તુ છે. હું સાચે જ મસ્તાન છું પણ મગધના સ્વામિત્વને પામ્યાની ખુમારીથી નહિ કિન્તુ મારા પૂજ્યોના સેવકત્વને પામ્યાની ખુમારીથી."

મગધનો સ્વામી ભારે ગૌરવ સાથે શાલિભદ્રને સ્નાન કરાવી રહ્યો. દિલ જાતે લૂંછ્યું, અલંકારો જાતે પહેરાવ્યા. રાજા શ્રેણિકને જાતે જ આ બધો ય લહાવો લેવો હતો.

લાખો નર–નારીઓના ટોળાં આજે ઉમટયા હતા—એક અભૂતપૂર્વ આશ્ચર્ય જોવા માટે. હજી કોઇના માથામાં એ વાત બેસતી ન હતી :—

કે ૩૨.૩૨ પત્નીઓનો સ્વામી, કોઈ દાસીના દીધેલા ધાન ઉપર ગુજારો કરી લેવા નીકળી પડયો છે.

કે અત્તરના હોજમાં નિત્ય સ્નાન કરતો મર્ત્યલોકનો દેવકુમાર પસીનાથી રેબઝેબ થયેલા ગંદા-જીર્ણશીર્ણ વસ્ત્રમાં પોતાનું અંગ લપેટી લઇને કલ્યાણના પંથે ચાલી નીકળ્યો છે.

કે માંસથી લચી પડતી કાયાનું, ઘોરતપ તપીને શોષણ કરી નાંખવાનો ભીષણ પુરુષાર્થ ખેલવા ગૈભવી ભવન છોડીને ભગવાન્ મહાવીરના ચરણોમાં શરણું લેવા જઈ રહ્યો છે.

શા હતા દુઃખ ? આ શું થયું ? કોઈને કાંઈ સમજાતું ન હતું.

એટલામાં ભવનમાંથી શાલિભદ્ર બહાર નીકળ્યા. સહુના અંતર એક સાદે ઝૂકી પડયાં. કેટલા ય સ્રીપુરુષો મોહના ઝપાટે ચડી રડવા લાગ્યા. કોઇએ માતા ભદ્રાની દયા ખાતાં આ શાલિને ઠપકો દીધો, કોઈએ ૩૨ પત્નીઓના વૈષયિક ભોગોનું શું થશે એ વિચાર કરતાં શાલિભદ્રને વિશ્વાસઘાતક કહ્યો.

કોઇએ વેદીઓ કહ્યે, કોઇએ દૂધના ઉભરા જેવો વિરાગનો ઉછાળો કહ્યો.

શાલિભદ્ર રથારૂઢ થયા.

રાજા શ્રેણિક છડીદાર બન્યા !

આ અનોખું દશ્ય જોઈને લાખો આંખોની સામે ભગવાન્ મહાવીરની ભવ્ય પ્રતિમા કંડારાઇ ગઇ ! “ અહા ! ઓ વીર ! તારો જ આ મહિમા ને ? અમારો મગધનો નાથ તારા પંથે જતાં મગધના એક પ્રજાજનનો છડીદાર બને !

રાજા શ્રેણિકે છડીદારની અદાથી ભગવાન્ વીરની જય બોલાવી. સહુએ એને ઝીલી લીધી. જયજયારવના ગગનભેદી અવાજેથી આકાશ ગાજી ઊઠયું.

આજે મગધનો નાથ મગધના એક અદના પ્રજાજનનો છડીદાર બન્યો હતો એનું તો સહુને આશ્ચર્ય હતું જ પરન્તુ એથી ય વધુ આશ્ચર્ય તો એ છડીદારના મુખ ઉપર છડીદાર બનવાનો લહાવો મળી ગયાની ખુમારીનું હતું.

હજી તો એ ગઈ કાલની જ તાજી વાત હતી કે રાજા શ્રેણિક ચેલ્લણાની પાછળ ઘેલો બન્યો હતો.

હજી તો શૈવધર્મી શ્રેણિકના મુખમાંથી નીકળેલી ભગવાન્ વીરની મશ્કરીઓ મગધના નરનારીઓના કાનમાં ગૂંજતી હતી.

આ શું ? આજે એ વીરનો અનન્ય દાસ બની ગયો ? વીરના દાસ શાલિભદ્રનો પણ દાસ બન્યો ! એનો છડીદાર બન્યો !

મગધના નગરજનો ગૌરવ લેતા હતા; આવા સંયમપ્રેમી મહારાજાધિરાજને શિરછત્ર તરીકે પામ્યા બદલ !

દર્શનાર્થીઓ શાલિભદ્રને વંદના કરતા હતા.

વીરના દાસાનુદાસ પેલા છડીદારને ય ભાવથી મસ્તક ઝુકાવી દેતા હતા!

આગળનો પ્રસંગ આપણે અહીં યોજવો નથી. કેમકે આપણે તો અહીં સમ્યગ્દર્શનનું એક અતિ વિશિષ્ટ પાસું-સંયમધર્મ પ્રત્યેનો નિરતિશય પ્રેમ'–જોવું છે.

જોયો ને ચમકારો સમ્યગ્દષ્ટિ આત્માનો! સમ્યગ્દષ્ટિ આત્મા અસંયમી છતાં સંયમધર્મનો કેટલો પ્રેમી હોય ? સંયમીઓનો એ કેવો દાસ હોય ? સંયમીઓની ભક્તિ માટે એ કેટલો ઉત્સુક હોય ? આજે સંયમીઓના દોષ જોઈને છાપે ચડાવનારાને સમકિતી કહેવડાવવું છે, સંયમીને કદી વંદના ન કરનાઓને અને સંયમીઓની ભક્તિ કરવાની શક્તિ છતાં ફંડફાળા કરીને પંડનું ધન બચાવનારાઓને પણ સમકિતી કહેવડાવવું છે? રાજા શ્રેણિકનો આ પ્રસંગ જાણ્યા પછી એવું કહેવડાવવાની લાલચ સહુ જતી કરે તો ઘણું સુંદર.

નિકાચિત અવિરતિના ઉદયવાળો સમ્યગ્દષ્ટિ આત્મા સંયમધર્મનો કેવો અવ્વલ પ્રેમી હોય તે જોયું.

અગાર (ઘર)માં રહેવા છતાં અણગારનો અને અણગાર બનવાની ભાવનાનો એ પ્રેમી ન હોય તો એને સમકિતી ન જ કહેવાય. કદાપિ ન કહેવાય.

આજના જમાનાવાદીઓ કદાચ કહેશે કે સાચા અણગાર જ આજે નથી પછી કયા અણગારના પ્રેમી બનવું ? આની સામે એ જવાબ છે કે આ વાત તદ્દન ખોટી છે. જિનશાસન સદા જયવંતુ છે. એનું અસ્તિત્વ સાચા અણગારોના અસ્તિત્વમાં જ કહ્યું છે. જો આજે શાસન હોય તો સાચા અણગાર પણ હોય જ. આ તો દૂધ માનવું અને દૂધની ધોળાશ ન માનવા જેવી વાત છે. શાસનથી જરા ય વિભક્ત નથી સાચા શણગાર. એથી પણ આગળ વધીને તો એમ પણ કહી શકાય કે જો અંતરમાં સમ્યગ્દર્શન વિદ્યમાન હોય તો એ આત્મા અનુચિતકારી વેશધારીનો પણ જાહેરમાં ઊધડો તો ન જ લે.

આ જ વાત એ જ મગધાધિપ શ્રેણિકમાં જોવા મળી જાય છે.

શ્રેણિકનાં સમ્યગ્દર્શનની નિર્મળતાની પરીક્ષા કરવા એક દેવાત્મા મર્ત્યલોક ઉપર આવે છે. સગર્ભા સ્ત્રી, માછલી પકડતો સાધુ વગેરે દૃશ્યો ખડા કરે છે. એ જોઈને રાજા શ્રેણિકના અંતરમાં લેશ પણ આંચકો આવતો નથી. એટલો જ વિચાર કરે છે કે "હોય, કર્મવશ જીવ છે. આવું પણ બની જાય. પણ આ વાત આગળ ન વધે માટે તેની ખાનગીમાં વ્યવસ્થા તો કરી જ લેવી રહી."

ગુપ્ત રીતે સઘળો પ્રતીકાર કરી લેવામાં આવે છે. પેલા દેવાત્માનું અંતર સમ્યગ્દર્શનીને નમી પડે છે.

સમ્યગ્દષ્ટિ આત્મા પોતાના જ ઉપકારીઓને છાપે ચડાવે ? બે પાંચના કારણે શ્રમણસંસ્થાની વગોવણી કરવાનું પાપ કરે ?

એવું જે કરે તેને પણ 'પરમાર્હત' કહેવડાવવાની ઇચ્છા રહ્યા કરે" : એના સમ્યગ્દર્શનના ય ઠેકાણાં ન હોય તો ય !

રાજા શ્રેણિકના જ જમાઇ મહર્ષિ મેતાર્યની હત્યા એક સોનીએ કરી હતી. આખું નગર રોષે ભરાયું હતું. સહુને ખાત્રી હતી કે મગધનો નાથ એને ફાંસીના માંચડે લટકાવી દેશે. સોની ગભરાઇ ઊઠયો હતો. હવે ઉગરવાનો એક જ રસ્તો હતો, "મહર્ષિનાં કપડાં પહેરી લઈને સાધુ બની જવું," તેણે એમ જ કર્યું. ઓરડાને અંદરથી બંધ કરી દીધો. મગધના નાથના સશસ્ત્ર સૈનિકોની એક ટુકડી દોડી આવી. બારણા ખખડાવ્યા. પણ ખોલે એ બીજા.

સાધુ વેષધારી સોની, 'ધર્મલાભ' સિવાય કશું ય બોલતો નથી.

છેવટે મગધેશ્વર જાતે આવ્યા. 'ધર્મલાભ' શબ્દ સાંભળીને ચોંકયા! મનથી બોલી ઊઠયો, "ઉસ્તાદ નીકળ્યો."

પણ હવે કાંઈ ન થાય. જેણે સાધુનો વેષ પણ પહેરી લીધો એ મારા માટે વન્દ્ય બની ગયો. મહાવીરનો ભક્ત વેષની પણ હીલના ન જ કરે.

દંભી વેષધારી સોનીને 'અભય'ની ખાત્રી આપી. સોનીએ બારણું ખોલ્યું. ત્રાડ નાંખતા મગધેશ્વર બોલ્યા, "જીવતો જવા દઉં છું. પણ ખબરદાર જો હવે આ સાધુવેષ ઉતાર્યો છે તો !"

કેટલું માન છે; વેષનું પણ ! સબૂર ! દંભી વેષધારીઓને નભાવવા–પોષવાની આ વાત નથી. એમને તો ખાનગીમાં સખત જુલાબઆપવો પડે તો આપી પણ દેવો જ જોઈએ. પરંતુ વર્ત્તમાનમાં જાહેરમાં જે નિન્દાઓ કરવામાં આવે છે તે તો

અત્યન્ત હીણપતભર્યું કાર્ય છે. સમ્યગ્દષ્ટિ આત્મા કદી આવું કરે જ નહીં.

શૈથિલ્ય પામેલા વિરતિધરને ગચ્છનાયક આચાર્ય જ ઠેકાણે લાવી શકે. કદાચ તેમને કોઈ શ્રદ્ધાસંપન્ન શ્રાવકની જરૂર પડે તો તે શ્રાવકને વાત પણ કરે. અને તેવા શ્રાવક એ સાધુના મા-બાપ બનીને ખાનગીમાં બધું કરી છૂટીને ફરી માર્ગે ચડાવી જ દે.

આચારાંગ સૂત્રમાં આવો એક પ્રસંગ આવે છે.

**સમ્યગ્દષ્ટિનો કુશળ વ્યવહાર** એક ગચ્છમાં એક સાધુ હતો. તે ખૂબ જ ઉદ્દંડ બની ગયો હતો. આચાર્યને પણ અવગણતો. એક વખત ગચ્છનાયક આચાર્ય ભગવંત પરિવાર સહ એક નગરમાં ગયા. તે નગરનો રાજા શ્રદ્ધાળુ શ્રાવક હતો. એક વાર તેણે હાથ જોડીને આચાર્યદેવને કહ્યું," મારા રાજ્યમાં મારો કડપ ઘણો રહે. જો કોઈ મોટો ગુન્હો કરે, મારી આમન્યાની વિરુદ્ધ જાય તો તેનો દી ઊઠી જાય. આવી સખ્તાઈ ન રાખું તો મારા રાજ્યનો સુવહીવટ ચાલી ન શકે." આટલું કહ્યા પછી તેણે કહ્યું, "ગુરુદેવ! આપના ગચ્છના મુનિવરો આપની આમન્યામાં છે ને? જો કોઇ વિરુદ્ધ વર્ત્તાવ કરતા હોય અને મારી જરૂર લાગે તો મને આપ જરૂર કહેજો. એક કેરી બગડે તો બાકીની બધીને બગાડે. એ ચેપ તો ઉગતો જ ડામવો સારો."

સખ્ત શબ્દોમાં કહેવાએલી આ વાત સાંભળીને બાજુમાં જ બેઠેલો ઉદ્ધત શિષ્ય ધ્રૂજી ઊઠયો.

એને ભય પેસી ગયો; રખે! ગુરુજી મારું નામ દઈ દે!

ત્યાં જ ગુરુએ તેની સામે જોયું. આંખની જ ભાષામાં તેણે કહી દીધું, "મારું નામ ના દેશો, હવે હું આપને ત્રાસ નહી દઉં."

ગુરુદેવે રાજાને કહ્યું, "જણાવવા જેવું લાગશે તો જણાવીશ."

એકાદ દિવસ શિષ્ય સારી રીતે વર્ત્યો. પછી એ જ સ્થિતિ થઈ ગઈ. ગુરુદેવે છેવટે રાજાને વાત કરી. રાજાએ કહ્યું કે તેઓ સાંજે અમુક દિશામાં સ્થંડિલ જવા માટે નીકળે. ગુરુદેવે ઉદ્ધત શિષ્યને સાથે લીધો. બે ય તે સૂચિત દિશામાં ગયા. ત્યાં રાજા ઘોડા ઉપર બેઠો હતો. ગુરુદેવના આવતાં જ નીચે ઊતરી ગયો. પાંચેક માણુસો મીઠાંનો ઢગલો કરી રહ્યા હતા. તેમની તરફ આંગળી કરીને રાજાએ ગચ્છનાયકને કહ્યું, 'પૂજ્ય ગુરુદેવ! મારા રાજ્યમાં બે હરામખોર માણુસોએ કોઇના ઘર ફાડીને ચોરી કરી. તે બે ય પકડાઈ ગયા છે. આ રહ્યા તે બે ય દુષ્ટો. જુઓ, આખા શરીરે દોરડું વીંટીને હાથ-પગ બધું ય મુશ્કેટાટ બાંધી દીધું છે. હવે આ બે ય ને મીઠાના ઢગલામાં દાટી દેવામાં આવશે. ચાર કલાકમાં આખું અંગ મીઠાથી ઓગ-ળીને ખલાસ થઇ જશે.

"ગુરુદેવ! આટલી સખ્ત શિક્ષા કર્યા વિના મારૂં રાજ્ય સારી રીતે ચાલે જ નહી. આપની પાસે જો કોઇ ઉદ્ધત વર્ત્તાવ કરતો સાધુ હોય તો મને જરૂર જણાવજો."

પછી પેલા બે ય પુરૂષોને મીઠાના ઢગલામાં ધકેલી દેવામાં આવ્યા. આ દૃશ્ય જોઈને પેલો ઉદ્દણ્ડ શિષ્ય તો ધ્રૂજી ગયો. ગુરુદેવને કાનમાં કહ્યું કે, "આપ મારૂં નામ ન દેશો. હવે હું કદાપિ ઉદ્ધતાઇભિર્યો વર્ત્તાવ નહિ કરવાની પ્રતિજ્ઞા લઉં છું." એની વાતથી ગ્રચ્છનાયકને સંતોષ થયો. બે ય ઉપાશ્રયે પાછા ફર્યા.

કહેવાની જરૂર નથી કે પેલા બે મડદાં જ હતા. શ્રદ્ધાસંપન્ન રાજા જીવતા માણુસોને મીઠામાં ઓગાળી દેવા સુધીની ક્રૂરતા પ્રાયઃ ન જ બતાડે.

સમ્યગ્દર્શન શું કામ કરે છે? તે જોયું ને? ઉદ્દણ્ડ સાધુઓને સુધારવાની એની રીત કેટલી ગુપ્ત હોય? કેટલી વિવેકભરપૂર હોય?

વર્ત્તમાન સ્થિતિ આખી જુદી છે.

અફસોસની વાત તો એ છે કે સાધુસંસ્થાની નિન્દાનું પાપ બાંધતા માણસોને પણ સમ્યગ્દષ્ટિ કહેવડાવવું છે.

સમ્યગ્દષ્ટિ તો શ્રમણોનો પ્રેમી હોય! શ્રમણોનો પરમભક્ત હોય! શ્રમણોની ગ્લાનાદિ અવસ્થામાં એમની સંપૂર્ણ કાળજી કરતો હોય! એ માટે ચોતરફ નજર રાખતો હોય. રખે! કોઈની ઉપેક્ષા ન થઈ જાય!

સ્વજનો ખાતર હજારો, લાખો રૂપિયા ખર્ચી નાંખનારા જે માણસો. સાધુની માંદગી–પ્રત્યે લાપરવાહ રહેતા હોય, એ 'માંદગી' ને જ ઉઘાડે છોગે ભાંડતા હોય તે માણસોને સમ્યગ્દ-ષ્ટિ કહેવાય ખરા? જાતે જ વિચારી લેજો.

મગધનરેશ્વર શ્રેણિક સાચે જ સમ્યગ્દષ્ટિ હતા. અને તેમના જીવનમાં તો ભાંડણ નીતિને બદલે ભક્તિ ભાવ જ જોવા મળે છે. એ વાત તો એમ કહી જાય છે કે વેષધારિત્વ સ્વરૂપ એક વસ્તુ પણ જે પ્રાપ્ત કરે છે તે સામાન્યતઃ જાહેરમાં નિંદવા યોગ્ય તો ન જ બની શકે. હા, અભ્યન્તર રીતે એ વેષધારીને ઠેકાણે લાવવો જ જોઈએ. એ માટે સઘળું યોગ્ય કરી જ છૂટવું જોઈએ.

જે કાળમાં વ્યક્તિની નિંદા સમષ્ટિની–સંસ્થાની–નિંદામાં ઝડપથી પરિવર્ત્તન પામી જતી હોય તે કાળમાં તો આ વિવેકની ખૂબ જ જરૂર લાગે છે. એની સાથે જે કાળમાં 'સડો' ખૂબ જ જલદી ફેલાઈ જતો હોય એ કાળમાં સડતરને ખૂબ જ ત્વરિત ગતિથી નિર્મૂળ કરી દેવાના પગલાં પણ લેવાવા જોઇએ એ પણ એટલું જ જરૂરી લાગે છે.

સમ્યગ્દૃષ્ટિ જ આ બેય કાર્ય કરે. આ બે કાર્યો સમ્યગ્દૃષ્ટિ કરે જ. તેથી જ તો તેને સાધુનો માબાપ કહ્યો છે.

વિવેકહીન, ભાંડણખોરોને સાધુના માબાપ બની જવાનું કોઈએ કહ્યું નથી. શા માટે એ બધા માબાપ બની જવાની વાતો કરતા હશે!

મગધેશ્વર શ્રેણિકના જીવનમાંથી સમ્યગ્દૃષ્ટિની બે અનોખી વિશેષતા જોઇ. (૧) સંયમનો ભારે પ્રેમ (૨) વેષ પ્રત્યેનું પણ અપૂર્વ માન.

હવે એમના જ જીવનમાં ત્રીજી વિશેષતાનું દર્શન કરીએ.

મગધેશ્વર અનંત ઉપકારી વીતરાગદેવના પરમભક્ત હતા.

મગધેશ્વર નિઃસંશય સમ્યગ્દૃષ્ટિ હતા.

માટે દરેક સમ્યગ્દૃષ્ટિ આત્મા પરમાત્માનો ભક્ત તો હોય જ. કદાચ પરાકાષ્ટાની ભક્તિ ન હોય તે બને.

જાણો છો ને? મગધેશ્વરે ચારે બાજુ માણસો ગોઠવ્યા હતા. 'વીર' ક્યાં વિહરી રહ્યા છે તેની જાણ મેળવવા માટે.

રોજ સવારે ઘોડેસ્વાર આવતો અને મગધપતિને જણાવતો કે દેવાધિદેવ પરમાત્મા મહાવીર હાલ અમુક દિશા–કે વિદિશામાં બિરાજે છે.

મગધના નાથ ભક્તિભર્યા હૈયે એ દિશામાં ૭ થી ૮ પગલા આગળ વધતા અને ત્યાં બેસીને રોજ તાજા બનતા સુવર્ણના જવનો સાથિયો કરીને નમુત્થુણં સ્તવાદિથી વંદના કરતા, પોતાની જાતને ધન્ય માનતા, એ દિવસને પવિત્ર સમજતા.

કેવી હશે એમના અંતરમાં પરમાત્મભક્તિ?

અને હવે મગધેશ્વરના જીવનમાં એક છેલ્લી મહત્વની બાજુ તરફ નજર નાંખીએ.

**પરલોકદર્શન અને પાપભય એ છે એમની પરલોકદૃષ્ટિ.**

મગધેશ્વરની નજરમાં પરલોક તરવરતો રહેતો. પોતે પ્રથમ નારકમાં દુર્ગતિમાં જવાના છે એનો એમને ભારે ત્રાસ હતો. દુઃખનું તો ઠીક પણ એ દુર્ગતિમાં ધકેલી મૂકે એવા પાપ કર્યાનું શૂળ એમને અકળાવી મૂકતું હતું.

જન્મથી જ પ્રભુ મહાવીરનો ભક્ત બન્યો હોત તો એવું પાપ ન જ થાત ને? કેવું નિકાચિત આયુકર્મ બાંધી દીધું કે હવે દેવાધિદેવ વીરનો ભક્ત બનવા છતાં એ પાપના પરમાણુ તૂટી શકે તેમ નથી!

હાય! પાપે મને દુર્ગતિમાં ધકેલ્યો!

મારો સંસાર વધારી મૂક્યો! વીરનો ભક્ત બાયલો નીકળ્યો!

વીરના આ વીરભક્તે વીરને પામ્યા પછી દુર્ગતિમાં ધકેલે તેવું ભયાનક રસ સાથે એકેય પાપ કર્યું ન હતું. કેમકે પછી તો એની નજરમાં સદા રમતો હતો પરમલોક–મોક્ષ....અને સદા તરવરતા હતા સદ્‌ગતિ–દુર્ગતિના વિપાકો.

સમ્યગ્દૃષ્ટિ આત્મા અવશ્ય પરલોકદૃષ્ટા હોય. એની નજરમાં સદા પરલોક રમતો હોય અને એના અંતરમાં સદા પરમલોકને આંબવાનો આદર્શ ઠેકડા મારતો હોય.

ચામડાની આંખોને જેવો દેખાતો હોય સામે પડેલો ઘડો; તેવો જ સમ્યગ્દૃષ્ટિના નયનોને દેખાતો હોય પરલોક.

વીતરાગ પરમાત્માની વાણી ઉપરની અસાધારણ શ્રદ્ધાની આંખોને કારણે તો સમ્યગ્દૃષ્ટિ આત્મા સર્વજ્ઞતુલ્ય કહેવાય. ફરક માત્ર એટલો જ પડે કે વીતરાગને કૈવલ્યની આંખોથી સચરાચર જગત દેખાય જ્યારે સમ્યગ્દૃષ્ટિને શ્રદ્ધાની આંખોથી સચરાચર વિશ્વ દેખાય.

બે ય કહે કે બટાટામાં અનંત જીવો છે. એક કેવળજ્ઞાનથી કહે, બીજો શ્રદ્ધાથી કહે. આમ બેયનું જ્ઞાન સરખું જ બની રહે છે. માટે જ સમ્યગ્દષ્ટિ આત્મા સર્વજ્ઞતુલ્ય કહેવાય છે. માટે જ તો મગધપતિ પોતાની નારકને આંખેઆંખ જોતા અને વીરના ખોળામાં માથું મૂકીને રોતા હતા ને?

મગધપતિ શ્રેણિકના સમ્યગ્દર્શને આપણને સમ્યગ્દર્શનની ભૂમિકાના પ્રાણતત્ત્વો બતાડયા. સમ્યગ્દષ્ટિ સંયમપ્રેમી હોય, વેષધારિત્વને પણ જાહેરમાં નિંદતો ન જ હોય, પરમાત્માનો ભક્ત હોય, પરલોકદષ્ટા હોય, શ્રદ્ધાની આંખોથી સર્વજ્ઞતુલ્ય હોય.

અવિરતિના નિકાચિત ઉદયવાળા બીજા છે વાસુદેવ શ્રીકૃષ્ણ.

બેશક, તેઓ એકાદશી વગેરેની તપથી આરાધના કરતા હતા પરન્તુ બારમાંથી એક પણ અણુવ્રત લઇ શકયા ન હતા માટે તેઓ વિરતિધર તો ન જ કહેવાય.

તપ કરવા માત્રથી દેશવિરતિધર ન કહેવાય કિન્તુ એક પણ અણુવ્રતસ્વરૂપવિરતિને ધારણ કરવાથી જ વિરતિધર કહેવાય છે.

ત્રિખંડાધિપતિ વાસુદેવ કૃષ્ણ, ભગવાન્ નેમનાથસ્વામીજીના પરમભક્ત હતા.

સંયમધર્મ પ્રત્યેનો એમનો પ્રેમ એવો ગજબનાક હતો કે પોતે સંયમ લઈ ન શકયા છતાં પોતાની તમામ પુત્રીઓ લગ્ન યોગ્ય વય પામતી કે તેઓ તેને પૂછતાં કે, "તારે રાણી થવું છે કે દાસી?" દીકરી કહેતી કે 'પિતાજી! મારે તો રાણી થવું છે." તરત જ કૃષ્ણ કહેતા કે તો પછી ભગવાન્ નેમનાથની શિષ્યા થા. કોઇ રાજપુત્ર સાથે લગ્ન કરીને તો જીંદગીની ગુલામડી બનવાનું. દુનિયા ભલે એને રાણી કહે પરન્તુ હકીકતમાં તો એ બિચારી પોતાના પતિની દાસી જ બને છે.

જનમજનમની દાસી જ બનાવી રાખનાર પતિનું દાસત્વ છે.

જનમજનમની મહારાણીનું સર્વોચ્ચ પદ તો ભગવાન્ નેમનાથના શિષ્યત્વમાં જ સમાએલું છે.

પિતા કૃષ્ણની આ વાત સાંભળીને લગભગ બધી જ પુત્રીઓ સંયમના પંથે ગઈ.

એટલું જ નહિ પરન્તુ વાસુદેવ કૃષ્ણે તો પોતાના સામ્રાજ્યમાં ઢંઢેરો પિટાવીને જણાવ્યું હતું કે જે કોઈ આત્મા ભગવાન્ નેમનાથનું શિષ્યત્વ સ્વીકારવા માંગતો હોય તે બધા યનો મહોત્સવ વાસુદેવ કૃષ્ણ કરશે. અને જો તેના સ્વજન પરિવારને કોઇ આર્થિક મુશ્કેલી હશે તો તેની સઘળી જવાબદારી રાજાધિરાજ કૃષ્ણ ઉપાડી લેશે. એ કારણથી કોઈએ વિરતિ લેતાં અટવું નહિ."

કેવો હશે વાસુદેવના અંતરમાં સંયમધર્મનો પ્રેમ !

જાણો છે ને કે એ પ્રેમના ઉછાળાથી જ એમણે અઢાર હજાર મહાસંયમીઓને વંદના કરીને ચાર ચાર નારકના આયુષ્યના દળીઆનો ખાત્મો બોલાવી દીધો હતો ! વંદના કરીને શ્રમિત થયેલા તેમને સંતોષ માની લેવાની લાગણી ન થઈ હોત તો શી તાકાત હતી કે બાકીની ત્રણ નારકોની કે તે ઊભી રહે ?

એમનેય જ્યારે ભગવાન્ નેમનાથે નારક-ગમનની વાત કરી ત્યારે થઈ ગએલા પાપોનો કેટલો વલોપાત થયો હતો ?

નિકાચિત અવિરતિના માલિક આવા સમ્યગ્દષ્ટિઓ તો બહુ થોડા હોય એમ મહોપાધ્યાયજીએ કહ્યું છે. સામાન્યતઃ તો અવિરતિનું કર્મ એવું તકલાદી હોય કે પ્રયત્ન કરતાં તૂટી પડે. અને વિરતિધર્મનું રત્ન હાથમાં આવીને પડે.

ચતુર્થ ગુણસ્થાને ફસાઈ પડેલા-આગળ વધી ન શકેલા -સમ્યગ્દષ્ટિના જીવનની ભવ્યતાને આપણે નીહાળી !

હવે પંચમ ગુણસ્થાનને પામેલા દેશવિરતિધર સમ્યગ્દષ્ટિ

મહાત્માઓની દુનિયામાં પ્રવેશ કરીએ. એમનાં જીવનમાં ઉજ્જવળ ચમકારાઓ જોઈએ.

પ્રથમ નજરમાં આવે છે; ખૂનખાર યુદ્ધના જંગમાં રથ ઉપર આરૂઢ થએલા મહારાજા ચેટક! પણછ ઉપર તીર ચડાવીને ઊભા છે. નિશાન લઇ રહ્યા છે. સનનનન....તીર છૂટયું.

રાજા કુણિકનો એક ભાઈ ચીસ પાડતો ધરતી ઉપર પડે છે.

મહારાજા ચેટક રથ પાછો ફેરવવાનો આદેશ કરે છે. છાવણીમાં ચાલ્યા જાય છે.

સંધ્યા સમય થાય છે. રાજા ચેટક આવશ્યકક્રિયા કરે છે.

હલ્લવિહલ્લ નામના બે ભાણિયાને મામા ચેટકે આશ્રય આપ્યો. અને કુણિક યુધ્ધે ચડયો.

એક ક્રોડ ને એંસી લાખ માનવોનો બે ય પક્ષે થઇને એ યુદ્ધમાં સંહાર થઇ ગયો.

મહારાજા ચેટકને પ્રતિજ્ઞા હતી કે યુદ્ધમાં એક તીરથી વધુ છોડવું નહિ. રોજ એક તીર છોડતા.

રાજા કુણિકના મહાસુભટોશો એક એક ભાઈ મૃત્યુ પામતો. દસ દિવસમાં દસ જ તીર! અને દસ મહાસુભટો મૃત્યુશરણ!

રાજા ચેટકનું નિશાન અમોઘ ગણાતું. રોજ એક ભાઇ પડતો અને સૈન્યમાં હાહાકાર મચી જતો. કુણિકનો પ્રાણ અદ્ધર થઈ જતો.

મહારાજા ચેટકને મહાહિંસક કહેવા કે મહાઅહિંસક કહેવા? દેશવિરતિધર એ મહાશ્રાવકને કયા સ્વરૂપમાં જોવા?

જયાં સેંકડો તીર છોડી શકાય ત્યાં એક તીરથી વધુ તીર નહિ જ છોડવાની ભીષ્મપ્રતિજ્ઞાવાળા ચેટકને મહાહિંસક કેમ કહેવાય?

યુદ્ધની છાવણીમાં ય બે ટંક આવશ્યકક્રિયા કરનારા મહારાજા ચેટકને મહાહિંસક કેમ કહી શકાય?

આસ્તો....સમ્યગ્દર્શનનો ચમકારો છે.

સમ્યગ્દષ્ટિ બેફામ રીતે પાપો કરે જ નહિ. એને જે કાંઈ કરવું જ પડે ત્યારે જ કરે. તેમાં ય શકય તેટલી વધુ મર્યાદા બાંધે.

દેશવિરતિધર મહારાજા ચેટક સમ્યગ્દષ્ટિ મહાત્મા હતા. એમની દશેય દીકરીઓને પરમાત્મા વીરે મહાસતી કહી હતી.

રાજા ચેટકનો સંયમાભિલાષ પણ કેટલો તીવ્ર હતો? રાજા કુણિકે કપટથી યુદ્ધમાં વિજય મેળવ્યો. ત્યારે મહારાજા ચેટક કુવામાં ઊતરી ગયા અને ત્યાં છઠ્ઠનું પચ્ચખ્ખાણ લઈ ને સર્વવિરતિસંયમધર્મનો અંગીકાર કરી લીધો.

સમ્યગ્દષ્ટિ આત્મા સર્વવિરતિધર્મ પામ્યા વિના તક મળે તો મરી જ કેમ શકે? એવી ભાવના આ દેશવિરતિધરના રોમરોમમાં રમી ચૂકી હતી.

ગૃહસ્થ એટલે જ ધગધગતો લોહ ગોળો. એ જ્યાં ગબડે ત્યાં જીવોનો કચ્ચરઘાણ વાળે. એના માટે હિંસાદિ પાપો જ સુલભ હોય. ગૃહસ્થ આત્મા પાપો કરે તેમાં કશી નવાઇ નહિ, પરન્તુ એ સ્થિતિમાં ય એ આત્મા અલ્પ પણ વિરતિ આદિનો ધર્મ કરે એજ નવાઈ.

ગૃહસ્થની નજર વિરતિ તરફ ચોંટી જાય એ પણ નવાઈ; એનો એક ડગ પણ વિરતિધર્મ તરફ મંડાઇ જાય એ ય નવાઇ. અને વિરતિધર્મને એ પામી જાય એ તો આશ્ચર્યોનું પણ આશ્ચર્ય.

ગૃહસ્થ પાપ કરે તેમાં આશ્ચર્ય શું? પાપમય સંસારમાં રહેલો ધર્મ કરે તે જ આશ્ચર્ય. કાજળની કોટડીમાં કાજળથી

કોઇ ખરડાય તેમાં આશ્ચર્ય શું? થોડો પણ ન ખરડાય તે જ આશ્ચર્ય.

હા, સાધુ માટે આથી વિપરીત કહેવાય. સર્વસંગપરિત્યાગી સાધુ ધર્મ કરે તેમાં કશી નવાઇ નહિ.

એનો ધર્મ ધર્મ જ કરવાનો. પોતાનો ધર્મ પોતે બજાવે એમાં નવાઇ શી?

દરજીનો છોકરો કપડા સિવે તેમાં નવાઇ શી? સાધુ તો અલ્પ પણ પાપ કરે તે જ નવાઇ!

પાપ કરતાં સાધુની કદી દયા ખવાય નહિ.

"ષટ્કાયની કતલમાંથી તો સાધુ ઊગરી ગયા છે ને? એમ કહીને બીજા પાપ સેવનાર સાધુનો પક્ષ કદી લેવાય નહિ.

ગૃહસ્થ અલ્પ પણ ધર્મ કરે તો પ્રશંસાપાત્ર.

સાધુ અલ્પ પણ અધર્મ આચરે તો ટીકાપાત્ર.

ગૃહસ્થના પહાડ જેટલા અધર્મો તિરસ્કારાય નહિ. સાધુના પહાડ જેટલા ધર્મોથી ગાંડા બની જવાય નહિ. બેયની કક્ષા જુદી છે. બેયના સ્થાન વચ્ચે કાશ્મીરથી કન્યાકુમારી જેટલું અંતર છે. બેય સામસામા છેડે ઊભેલા છે.

અકબર–બીરબલની વાત આવે છે કે એકવાર અકબરને થયું કે ભરસભામાં બિરબલની મશ્કરી કરીને એને ભોંઠો પાડી દઉં.

તક જોઇને અકબરે બીરબલને કહ્યું, "અય! બીરબલ આજ તો મેરેકો અફલાતુન સ્વપ્ન આયા! સ્વપ્નમેં મૈંને દેખા કી મૈં ઔર તું ઘોડે પર સ્વાર હોકર કહીં પર જા રહે થે. રાસ્તેમેં દો બાજુ પર દો કુણ્ડ આયા, એક થા અત્તરસે ભરા હુઆ, દુસરા થા વિષ્ટા ભરપૂર. વહાં પર ન માલુમ કયા હુઆ અપને અશ્વોને તુફાન કિયા. મૈં ઉછલ પડા ઔર જાકે ગીર

ગયા અત્તરકુંડમેં ! ઔર તું ગીર ગયા વિષ્ઠાકે કુંડમેં.' બિરબલ ! ક્યાં કરું ? ઐસા હી સ્વપ્ન આયા !"

આખી સભા ખડખડાટ હસી પડી. સહુને લાગ્યું કે બાદશાહે આજે તો બિરબલને બરાબર 'ઉલ્લુ' બનાવી દીધો.

પણ બિરબલ ગાંજ્યો જાય તેમ ન હતો. એટલી જ ગંભીરતા સાથે એણે બાદશાહને કહ્યું "પરવર દિગાર! સહી બાત હૈ. મૈને ભી આજ ઐસા હી ખ્વાબ દેખા. સચમુચ આપ અત્તરકે કુંડમેં ગિર ગયે ઔર મૈં વિષ્ઠાકુંડમેં ! લેકિન થોડા ઔર ભી મૈને દેખા કી અત્તરકુણ્ડમેં ગિરે હુએ આપ મેરે અંગકો ચાટ રહે થે ઔર વિષ્ઠાકુણ્ડમેં ગિરા હુઆ મૈં આપકો ચાટ રહા થા."

આ સાંભળીને તો અકબર એવો ડઘાઇ ગયો કે ન પૂછો વાત.

આ પ્રસંગ આપણુને પ્રસ્તુત વિચારમાં ખૂબ ઉપયોગી છે.

અકબરના સ્થાને સાધુને ગોઠવી દો અને બિરબલના સ્થાને ગૃહસ્થને ગોઠવી દો.

અકબરની જેમ સાધુ ધર્મરૂપી અત્તરના કુંડમાં ગળાબૂડ ડૂબેલા છે. જ્યારે ગૃહસ્થ બિરબલની જેમ પાપરૂપી વિષ્ઠાના કુંડમાં ઝબોળાઈ ગયો છે.

પણ અત્તરમાં પડેલો અકબર વિષ્ઠાને ચાટે તો તે અત્યન્ત ધિક્કારપાત્ર બની ગયો તેમ સાધુ પણ થોડા ય પાપને સ્પર્શે તો તે ધિક્કારપાત્ર બની જાય છે. એ વખતે એમ કહેવાય નહિ કે ભલેને પાપ કર્યું પણ બાકી તો કેટલો ત્યાગ–તપાદિ કરે છે.

આ જ રીતે બીરબલ વિષ્ઠાના કુંડમાં છતાં અત્તર ચાટવા લાગ્યો એ વાત જેમ ખૂબ જ આવકારદાયક બની તેમ ગૃહ-

સ્થો થોડો પણ ધર્મ કરે તે વાત તેમના માટે ખૂબ જ સારી ગણાય.

ગૃહસ્થ એટલે ગૃહસ્થ. સાધુ ન થાય તે બધા ય ગૃહસ્થ કહેવાય. એ બધા યના જીવનમાં જ્યાં ને ત્યાં પાપનું દર્શન થાય એમાં કશી નવાઈ નથી. પરન્તુ એ સ્થિતિમાં ય જો તેઓ અલ્પ પણ ધર્મ કરતા હોય તો તે જ ખૂબ પ્રશંસનીય બીના છે.

ગૃહસ્થ અન્યાય, અનીતિ, જૂઠ ચલાવે તેમાં કશી નવાઈ નથી. પણ એમ કરવા છતાં ય એ મોક્ષાભિલાષપૂર્વક જિન-પૂજન, સામાયિક કે પૌષધ વગેરે કરે તો તે ખૂબ જ આનંદ-જનક બીના કહેવાય.

આજે લોકો કહે છે કે પૌષધ પ્રતિક્રમણ કરનારો, ચાલ્લા કરનારો સંસારમાં વળી કેટલા પાપો કરે છે.... દંભી છે દંભી.''

ના. આવું ન જ કહેવાય. ગૃહસ્થ માટે તો એમ જ કહેવું જોઈએ કે સંસારમાં રહીને પાપો જ કરવાનું સુલભ હોવા છતાં આ માણસ પૌષધ વગેરે કરે છે ! ધન્ય છે એને !

ગુલાબ જેવું ગુલાબ ! પણ જુઓને કાંટા કેટલા બધા છે ? એમ ન બોલો. એના બદલે એમ કહો કે આટલા બધા કાંટામાં ય કેવું સુંદર ગુલાબ ખીલ્યું છે !

હા, સાધુ માટે આ વિચારથી તદ્દન વિપરીત વિચાર-સરણી જોઈએ. સાધુના અલ્પ પણ પાપને નભાવી શકાય નહિ. ચાહે તે ગમે તેટલો વિપુલ ધર્મ કરતો હોય; ત્યાં તો એ જ વિચાર કરવો જોઈએ કે આ કેવું મજેનું ગુલાબ છે. પણ હાય ! એને ય કાંટા વળગ્યાં છે ! કેમ ચલાવી લેવાય આ વાત !

વર્ત્તમાન મનોદશા ગૃહસ્થને અને સાધુને ઉપરોક્ત દૃષ્ટિ-

બિંદુથી જોતી નથી. એથી તદ્દન વિપરીત 'એંગલ' થી જુએ છે. એના પરિણામે લોકો ગૃહસ્થોના ધર્મની અનુમોદનાથી વંચિત રહી જાય છે અને સાધુઓના જીવનની અશુદ્ધિઓને નભાવી લેવાની સલુકાઈ બતાડવા તૈયાર થઈ જાય છે.

આ બે ય દૃષ્ટિકોણ મહા અવ્યવસ્થાના જનક છે, મહાપાપના ઉગમ સ્થાનો છે.

મહારાજા ચેટક પણ એક દેશવિરતિધર ગૃહસ્થ હતા. મહાયુદ્ધ અને ઘોર હિંસા જ એમનું જીવન બને તે જ સામાન્ય બાબત હતી છતાં તેમણે એક તીરથી વધુ તીરનો પરિત્યાગ કર્યો. યુદ્ધ ભૂમિમાં પણ આવશ્યકક્રિયા અખંડિત રીતે ચાલુ રાખી એ જ અત્યંત આશ્ચર્યની બીના છે.

આ વાત ત્યારે જ બની શકે જ્યારે તે ગૃહસ્થો સમ્યગ્દર્શનના બળથી હિંસાના સર્વથા પરિત્યાગને જ પોતાનું જીવન-કર્તવ્ય માનતા હોય.

હિંસાને જ કર્તવ્ય માનનારો અલ્પતમ હિંસાનું લક્ષ્ય બાંધી શકે જ નહિ. એ તો તેના જ માટે શક્ય છે જેની નજર સામે મહા અહિંસા જ લક્ષ્ય બને છે. મહા અહિંસકોને જ વંદના કરવામાં પોતાનું જીવનસાફલ્ય સમજે છે. આવા જ આત્માઓ એક તીરથી ચાલે તો બીજું નહિ જ વાપરવાની પ્રતિજ્ઞા કરી શકે છે.

મુનિ જો અનશનને જ પોતાનું જીવન સમજે, અણાહારી પદને જ પોતાનું લક્ષ્ય બનાવે તો જ તેને જે ખાવું પડે તેમાં તે અપૂર્વ સંયમ કેળવી શકે. પણ 'શરીરને ટકાવવા ખાવું તો જોઈએ જ' એવું જ જેનું માનસ બની જાય તે મુનિ કદી પણ ખાનપાનમાં વધુ ને વધુ સંયમી બનવાનું જીવન કેળવી શકે જ નહિ.

મહારાજા ચેટક મહા અહિંસકોના ઉપાસક હતા. નિષ્પાપ જીવનની આરાધનાના પ્રેમી હતા. માટે જ એમના જીવનમાં 'એકજ તીર' આવશ્યકક્રિયાઓ અને 'કૂવામાં સંયમધર્મ' આપણને જોવા મળે છે.

**સમ્યગ્દષ્ટિની અવિહડ જિનભક્તિ** જોયો ને સમ્યગ્દર્શનના રત્નનો ઝાકઝમાળ! દેશવિરતિધર મહાશ્રાવક ધનપાળ કવિ યાદ આવી જાય છે.

કેવો કટ્ટર દ્વેષ હતો; જિનધર્મ પ્રત્યે !

પણ એક કાળે કેવો કટ્ટર રાગી બની ગયો; જિનધર્મનો!

ભગવાન્ આદિનાથનું જીવનચરિત્ર તૈયાર કરીને રાજા ભોજને બતાવ્યું, રાજા ભોજ અત્યંત પ્રસન્ન થઈ ગયો. યશ-કીર્તિભૂખ્યા ભોજે એક પ્રસ્તાવ મૂક્યો કે એ ચરિત્રમાં આદિ-નાથના નામની સ્થાને શંકરનું નામ, 'ભરત'ના નામની જગાએ ભોજનું નામ અને વિનીતાની જગાએ ધારાનું નામ મુકાય. જિનવાણીરૂપી સિંહણના દૂધ ધાવીને સાક્ષાત્ સિંહ બનેલો ધનપાલ છંછેડાઈ ગયો. રાજા ભોજને કહી દીધું, "ક્યાં સરસવ અને ક્યાં પર્વત ! ક્યાં આગિયો અને ક્યાં સૂર્ય ! રાજન્ ! કદી નહિ બની શકે એ વાત."

રાજા ભોજ ધુઆ ફુઆ થઇ ગયો. આખું ય કાવ્ય અગ્નિમાં ભડથું કરી નાખ્યું. પણ આદિનાથનો એ પરમભક્ત ન નમ્યો તે ન જ નમ્યો.

કેવી હશે એ પરમાત્મભક્તિ ! કેટલું હશે એને ભગવાન્ આદિનાથ પ્રત્યે બહુમાન ! કેવી હશે અંતરમાં આગ, જૈનત્વની ખુમારીની !

ભક્તની ભક્તિ પણ જ્યારે હેલે ચડે છે ત્યારે તો ભક્તિ ભક્તિ માટે જ બની જાય છે. ભક્તિ મોક્ષ માટે પણ રહેતી

નથી. મહાશ્રાવક ધનપાલે આદિનાથ પંચાશિકા બનાવી છે. તેમાં એક શ્લોકમાં તેમણે ભગવાન્ આદિનાથની પ્રાર્થના કરતાં કહ્યું છે કે હે ભગવન્! તારી ભક્તિથી મારા મોહનીયાદિ સર્વકર્મનો સર્વનાશ થઇ જશે એ વાતથી તો આનંદવિભોર બની જાઉં છું. પરન્તુ જ્યારે મને એ વાતની પણ સ્મૃતિ થાય છે કે, 'મોહનીયાદિ કર્મોનો સર્વનાશ થયા બાદ મારે તને વંદના પણ કરવાની રહેશે નહિ, તારી ભક્તિ હું નહિ કરી શકું, એથી તો હું ત્રાસી ઊઠું છું. તારી ભક્તિવિહોણું ભગવાન્પણું મારે શા કામનું?

પંચમ ગુણસ્થાનનો માલિક સમ્યગ્દષ્ટિ આત્મા પરમાત્માનો કેવો અનન્ય ભક્ત હોય તે વાત મહાકવિ ધનપાલના પ્રસંગો માંથી આપણને જોવા મળે છે.

સમ્યગ્દર્શનની સાથે વિરતિનો એકાન્ત નિયમ નહિ. પરન્તુ પરમાત્મભક્તિ અને સર્વજીવો પ્રત્યે અદ્વેષભાવની મૈત્રી તો સમ્યગ્દર્શનની સાથે હોવી જ જોઇએ ને?

હા, જીવનમાં કદાચ સાક્ષાત્ સ્વરૂપમાં અમૈત્રી પણ જોવા મળે અને અવિરતિસ્વરૂપ અભક્તિ પણ જોવા મળે પરન્તુ અંતરમાં તો સર્વજીવમૈત્રી અને પરમાત્મભક્તિ અવશ્ય હોય એમ કેમ ન કહી શકાય?

સમ્યગ્દર્શનની સાથે જો જગત્પતિ સાથેની ભક્તિ અનિવાર્ય હોય તો એ ભકિત સાથે જગન્મૈત્રી સંલગ્ન નથી શું? તો પછી સમ્યગ્દર્શનની સાથે એ મૈત્રી પણ સંલગ્ન બની જ જાય છે ને?

**વિશ્વમૈત્રી** મૈત્રીનું નિષેધમુખી સ્વરૂપ અદ્વેષ કહેવાય અને વિધેયમુખી સ્વરૂપ પ્રેમ કહેવાય.

સમ્યગ્દર્શની આત્મા સાથે ઓછામાં ઓછું શું શું

સંલગ્ન હોય એનો વિચાર કરવા માટે આપણે સમ્યગ્દષ્ટિ આત્માઓના ભવ્ય-જીવનો તરફ દૃષ્ટિપાત નાખવો જોઈએ. તે ઉપરથી આપણને સમ્યગ્દર્શન સાથે ઉપરોક્ત ભક્તિ-મૈત્રીની સંલગ્નતા જોવા મળે છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ જેમને 'પરમાર્હત'નું બિરૂદ આપ્યું હતું તે રાજા કુમારપાળના જીવન ઉપર થોડો દૃષ્ટિપાત કરીએ. આ મહાશ્રાવકના સમ્યગ્દર્શનના ચમકારાઓથી તો અનેક મહાકાયગ્રન્થો તૈયાર થએલા છે. શ્રાવકજીવનચર્યાની વાતો કરતાં સાધુઓ શ્રોતાઓની સામે આ મહાપુરુષનું જીવન લાવતા જ હોય છે એટલે એમના જીવનની ઘણી અદ્ભુત બાજુઓ પ્રકાશમાં આવી ચૂકી છે.

**સમ્યગ્દષ્ટિની ગુરુભક્તિ** મહારાજા કુમારપાળ કલિકાલસર્વજ્ઞના પરમ ભક્ત હતા. સંયમધર્મ પ્રત્યેનો પ્રેમ અને સર્વજીવો પ્રત્યેનો દયાર્દ્રભાવ એ બે ગુણો તો ટોચે હતા.

ગુરુ પ્રત્યેનો ભક્તિભાવ તો આસમાનને આંબ્યો હતો. એ વાત એક પ્રસંગમાં હૃદયંગમ બને છે.

આ. ભગવાન્ હેમચન્દ્રસૂરિજી મહારાજા કાળધર્મ પામ્યા. ભારે ઠાઠથી એમની સ્મશાનયાત્રા નીકળી.

મહારાજા કુમારપાળે અગ્નિસંસ્કારનો લાભ લીધો, ચિતા ભડભડ જલવા લાગી. ઉદાસ હૃદયે હજારો લોકો બેઠા છે. ભડકે જલતી ચિતાનું ભયાનક સ્વરૂપ આવતી કાલે ત્રાટકનારી ભયનકતાની જાણે આગાહી કરતી દેખાય છે.

એ વખતે મહારાજા કુમારપાળ નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગે છે.

અઢાર દેશનો માલિક તો રડે પરન્તુ ગુરુમુખે અમરત્વના દિવ્યગાન સાંભળનારો, મરણની અપરિહાર્ય શકયતાને પિછાણી

લેનારો, મૃત્યુંજય ગુરુનો ભકત કોઈના ય મૃત્યુ પાછળ શું રડે? મૃત્યુંજય ગુરુનું એને ય મરણ દેખાય?

આત્માના અવિનાશનું ગીત એ ય વીસરી જાય?

મન્ત્રીઓ, સેનાધિપતિઓ–સહુ આશ્ચર્યમુગ્ધવદને રાજા કુમારપાળ તરફ જોઇ રહ્યા.

હિબકા લેતા રાજા પરિસ્થિતિ પામી ગયા. થોડી વાર પછી શાન્ત થઇને એમણે સહુને કહ્યું, "તમે એમ ન સમજતા કે મારા ઉપકારી ગુરુના મૃત્યુને હું રડી રહ્યો છું. ના. નહિ જ. મૃત્યુંજય આત્મા કદી મરણ પામતો નથી.

મને તો આજે દુઃખ છે; બીજી વાતનું. હું રાજા થયો! આજ કેવો ઘોર પાપોદય જાગ્યો.

હું રાજા થયો માટે જ મારા ગુરુએ મારા રસોડામાંથી અન્નનો કણ પણ ન લીધો. એ મહાબ્રહ્મચારીએ કોઇ દી મારા ઘરના પાણીથી પોતાની તૃષા ન છિપાવી. જગતના એક રંકને પણ જે સૌભાગ્ય પ્રાપ્ત થાય એ સૌભાગ્ય મને પ્રાપ્ત ન થયું. અઢારદેશની માલિકીના પાપેસ્તો!

હાય! શું કરવું'તું એ રાજને કે જેની માલિકીને કારણે મારી કોઈ વસ્તુ એમના ખપમાં ન આવી.

મારા પાણીએ એ મહાગુરુના પગ પણ ન પખાળાયા!

મારા ઘરના દૂધ-ઘીએ એમના ઘોરતપસ્વી શિષ્યોના પારણાં ન થયા!

મારા ઘરની એક ચિંદરડી પણ એ મહાજ્ઞાનીના અંગને ન અડી!

ઓ! વીર... કેવી થાપ ખાઇ ગયો–તારો સેવક. અઢાર દેશની માલિકી મેળવીને મેં મારા ઉપકારી ગુરુની ભકિત ગુમાવી!

આટલું કહીને વળી કુમારપાળ હિબકા લઇને રડવા લાગ્યા.

ત્યારે જ સહુને સમજાયા એ અશ્રુજલની પાછળ ઉભરાયેલા અંતરના દુઃખ!

ત્યારે જ સહુએ આંખેઆંખ જોયું રાજા કુમારપાળનું ભક્તિ નૃત્ય!

સમ્યગ્દૃષ્ટિ આત્મા દેવગુરુનો ભકત ન હોય એ કેમ બને?

એ જિનવાણીનો પ્રેમી ન હોય એ ય કેમ બને!

એ સાધર્મિકોનો ભકત ન હોય એ ય કેમ બને!

દેશવિરતિધર સમ્યગ્દૃષ્ટિ મહારાજા ચેટકમાં આ બધું ય હતું, મહાકવિ ધનપાલમાં ય આ બધું હતું, મહારાજા કુમારપાળમાં ય આ બધું હતું.

જે કોઇ સમ્યગ્દૃષ્ટિ હતા તે બધા ય માં આ બધું હતું. તો પછી એમાંનાં કોઇ પણ ગુણના અભાવમાં સમ્યગ્દર્શનનો સદ્ભાવ માની–મનાવી લેવાની વાતો કેમ થાય?

અત્યન્ત દુર્લભ છે સમ્યગ્દર્શન હોં! એનાં કાંઈ પડીકાં વહેંચાતા નથી.

**સમ્યગ્દષ્ટિનું વિશ્વવાત્સલ્ય**

રાવણ અને વાલિ વચ્ચે થએલા યુદ્ધનો ઇતિહાસ નથી જાણતા?

વાલિને પ્રતિજ્ઞા હતી કે ભગવાન્ જિનેશ્વરદેવ સિવાય કોઇને ન નમવું.

રાવણની દૃઢ ઈચ્છા હતી; વાલિને પોતાના આધિપત્ય નીચે લાવી દેવાની.

આ બે વાતનો મેળ જામે તેમ ન હતું.

કાં યુદ્ધ કાં શરણાગતિ!

જીવતા રહીને માથે માલિક સ્વીકારીને વીતરાગની માલિ-

કીના બે ભાગ પાડવાનું કામ કરતાં વાલિને યુદ્ધભૂમિમાં માથું ઢાળી દેવું મંજૂર હતું.

શરણાગતિની તો એ કલ્પના પણ કરી શકતા ન હતા.

યુદ્ધ સ્વીકારી લીધું.

બેય સૈન્યો સામસામા ગોઠવાઈ ગયા. વાલિ અને રાવણ બેય સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ હતા. રાવણના આત્મામાં ત્રિખંડાધિપત્યની મમતા જાગી હતી.

મોહનીયકર્મના ઝપાટે એ કાંઇક ચડી ગયા હતા.

પણ સમ્યગ્દર્શનનો દીપ તો અંતરના ખંડોમાં સર્વત્ર પ્રકાશ રેલાવી જ રહ્યો હતો.

વાલિએ યુદ્ધભૂમિ ઉપર ચોતરફ નજર નાખી. એમની નજરમાં ઘોર હત્યાકાંડ દેખાયો, હજારો નિર્દોષ આત્માઓના ધડ અને મસ્તક વેરવિખેર પડેલાં જોયા; ઘાયલ સૈનિકોની ચીસો સંભળાઈ; મારો–મારો, કાપો–કાપોના ગગનભેદી અવાજો સંભળાયા. પહાડ જેવા હાથીઓને જોયા. ગાંડાતૂર બનીને શત્રુસૈન્યને સૂંઢમાં લઇ લઈને આકાશમાં અદ્ધર ઊછાળીને પોતાના પહાડી પગ નીચે ચૂરો કરી નાંખતા જોયા....

વાલિનો આત્મા કમ્પી ઊઠયો !!! રે ! મારી ખાતર લાખો જીવોની હત્યા ! કેટલી સ્ત્રીઓના સેંથીના સિંદૂર ભૂંસાશે !

કેટલી માતાઓ કરુણ રુદન કરશે ? કેટલા બાળકો પોતાના પિતાને યાદ કરતાં ડૂંસકાં લઈને રડશે ?

વાલિએ ઘર ઘરમાં ચંપાતી યુદ્ધની આગની હુતાશણી જોઇ.

રે ! વીતરાગના સેવકથી આવો સંહાર થાય ખરો ? શું કોઈ ઉપાય છે; અહિંસક યુદ્ધનો ?

સામી બાજુ રાવણની પણ એ જ દશા થાય તે સ્વાભાવિક છે. બે ય હતા તો સમ્યગ્દષ્ટિ ને !

બે ય ભેગા થાય છે. વાલિએ રાવણને કહ્યું, " આપણને આવું હિંસાખોર યુદ્ધ ન શોભે. મુકાબલો તો મારે-તારે કરી લેવાનો છે, એમાં લાખો નિર્દોષ જીવોની કતલ કેમ થવા દેવાય ?

ઇચ્છા હોય તો આપણે બે જ લડી લઇએ. રાવણ ! સાચું કહું છું કે મને નમાવવાના તારા નફટ અભિમાને જ આ યુદ્ધભૂમિનું સર્જન કર્યું છે ! નથી જાણતો માનદશાની ભયાનકતા ?" આમ કહીને યુદ્ધભૂમિ ઉપર જ ઊભા રહેલા વાલીએ માનદશાની ભયાનકતાનું હુબહુ વર્ણન કર્યું.

યુદ્ધક્ષેત્ર ધર્મક્ષેત્ર બની ગયું.

બે પ્રચંડ યોદ્ધાઓના સ્વાંગ બદલાઇ ગયા. એક બન્યો ધર્મોપદેષ્ટા અને બીજો બન્યો ધર્મશ્રોતા.

દેશવિરતિધર શ્રાવકના આત્મામાં ઝબૂકતો સમ્યગ્દર્શનનો દીપ યુદ્ધભૂમિને ય ધર્મભૂમિ બનાવે તો પોતાના ઘરને ઉપાશ્રય નહિ બનાવતો હોય શું ? પેઢીને ય પાઠશાળા બનાવીને ગ્રાહકોને ધર્મના પાઠ નહિ શીખવતો હોય શું ?

ઉપસંહાર કરતાં વાલીએ કહ્યું, "રાવણ ! જો ઇચ્છા હોય તો આપણે બે જ લડી લઈએ. લાખો નિર્દોષ જીવોની કતલના ઘોર પાપથી ઊગરી જઈએ.

બે ય કબૂલ થયા.

કુસ્તીના દાવપેચ શરૂ થયા.

સહુના જીવ અદ્ધર થઈ ગયા.

થોડી જ પળોમાં વાલિએ ચન્દ્રહાસ ખડ્ગ સહિત રાવણને પોતાની બગલમાં દાબી દીધો. એવો સજ્જડ દાબી દીધો કે

રાવણુ સૂં કે ચા ન કરી શકે. પછી ચારે સમુદ્રમાં વાલિ લટાર મારી આવ્યા.

રાવણુનો પરાજય થયો.

વાલિ યુદ્ધવિજેતા બન્યો.

પણ વાલિને રાજ્યશ્રીનો ખપ ન હતો. એને તો રાજા રાવણુના અભિમાન ઉતારી નાખવા હતા.

બગલમાંથી રાવણુને છૂટો મૂકીને વાલિએ ખિન્નવદન રાવણુને કહ્યું, "રાજા રાવણુ ! પૂર્વના ઉપકારોને યાદ કરતો હું તને છોડી મૂકું છું. જો તને વિજય પામવાની જ ઈચ્છા હોત તો આ પૃથ્વીનો રાજા થવાનું તું સ્વપ્ન પણ પામી શકે તેમ નથી. જે વનમાં સિંહ રાજ્ય કરે છે ત્યાં હાથીના તે રાજ્ય કરવાના કોડ પણ હોય ખરા ?

"પણ.... રાજા રાવણુનો વિજેતા વાલી આ સંસારને અસાર સમજે છે. અંતરથી એને ધિક્કારે છે. એને યુદ્ધભૂમિ નથી જોઈતી, એને રાજમહેલ નથી જોઇતો, એને અંતઃપુર નથી જોઈતું. એને જાવું છે મુક્તિમાર્ગની આરાધના કરવા.

"માટે જ લે રાજા રાવણુ! મારો મુકુટ માથે મૂકું છું અને હું જાઉં છું ભગવાન્ જિનના પંથે.

"આજ સુધીના વૈરવિરોધ બદલ મારું મિચ્છામિ દુક્કડમ."

રાજા વાલિ મહારાજા વાલિમુનિ બન્યા. દેશવિરતિધર સમ્યગ્દૃષ્ટિ આત્માઓ યુદ્ધભૂમિના ઘોર પાપોના ઉત્પાદન સ્થાનોમાં ય કેવો ધર્મ સાધી લેતા હોય છે? એ આ પ્રસંગમાંથી આબેહૂબ આપણે જોઈ શકીએ છીએ.

આ જ મહામુનિ વાલિ આગળ જતાં એક વાર અષ્ટાપદજી તીર્થ ઉપર ધ્યાન ધરતા હતા.

રાજા રાવણનું વિમાન આકાશમાર્ગમાંથી પસાર થતું હતું રાવણે વાલિમુનિને જોયા. કષાયનો દાવાનળ ભભૂકી ઊઠયો ! શું સમ્યગ્દર્શન ફક્ત સલામ કરીને કયાં ય ફરવા નીકળી પડયો હશે?'

"મારા લાખો સૈનિકોની સામે મને હરાવીને અપમાનિત. કરનાર આ જ વાલિ ! આજે ખબર લઇ નાંખું." આમ વિચારીને રાવણે આખો અષ્ટાપદ હલાવી નાંખવાનો સંકલ્પ કર્યો. મને બગલમાં ઊંચકીને ફરનાર આ દંભી વેષધારીને આજે લવણના ઊછળતા જળમાં ઝીંકી દઉં અને તેની તળેટીમાં જઇને ખાડો કરીને અષ્ટાપદ ઊંચકયો.

ક્રોધાન્ધ રાવણે સ્થાવર અને જંગમાં બે ય તીર્થોની અવહીલના કરી.

મહામુનિ વાલિ ચમકયા. જ્ઞાનબળથી સઘળું ય જાણી લીધું..

રાવણની સાન ઠેકાણે લાવવા અને તીર્થની રક્ષા કરવા માટે વાલિમુનિએ સહેજ પગ દબાવ્યો. અષ્ટાપદ દબાતાં જ રાવણ કચડાયો અને લોહીની ઊલટી થઈ ગઇ. ચીસો નાંખતો એકદમ બહાર નીકળી ગયો.

સમ્યગ્દષ્ટિ મહામુનિ સમત્વના સ્વામી હોય, સર્વ જીવો પ્રત્યે અવૈરની ભાવના રાખતા હોય. પરન્તુ એમની એ સમતા અને અવૈર માયકાંગલા ન હોય. સ્થાવર કે જંગમતીર્થ ભયમાં મુકાય અને શક્તિસંપન્ન આત્મા મૈત્રી અને સમતાની વાતો કરતો ઘરમાં બેસી રહેતો હોય તો તેને સમ્યગ્દષ્ટિ કેમ કહી શકાય ?

સર્વજીવો પ્રત્યેનું મમત્વ જ એને તીર્થોની રક્ષા કરવા માટે મરણીઓ બનાવે છે. એ વખતે ૫૦-૫૦૦ પ્રાણ લેવાઇ જાય તો ય સર્વજીવો પ્રત્યેના મમત્વને લેશ પણ આંચકો આવતો જ નથી. સર્વજીવોનું તારણહાર સ્થાવરજંગમ તીર્થ ભયમાં મુકાય કે નાશ પામી જાય તો સર્વજીવોનો ઉદ્ધાર કોણ કરશે ? આવો સર્વજીવ-

મમત્વપ્રેર્યો વિચાર જ એને એ તીર્થોની રક્ષા માટે કટિબદ્ધ બનાવે છે. એ વખતે સર્વજીવોના અહિતનું કાર્ય કરતાં દુષ્ટ તત્ત્વોના માથાં ઉડાવી દેવામાં એને અમૈત્રીની કલ્પનાની ગંધ પણ આવતી નથી.

દેશવિરતિધર રાજા વાલિ અને સર્વવિરતિધર મહામુનિ વાલિના આ બે પ્રસંગો સમ્યગ્દર્શનની વિશિષ્ટતાઓ ઉપર ભવ્ય પ્રકાશ ફેંકે છે.

હવે નજર સામે લાવો માંડવગઢના મન્ત્રીશ્વર પેથડને.

એ હતા; દેશવિરતિધર સમ્યગ્દૃષ્ટિ આત્મા. એક વણિક્ સજોડે ચતુર્થવ્રત સ્વીકારે છે. એની ખુશાલીમાં ૭૦૦ સાધર્મિક બંધુઓને કામળની પ્રભાવના કરે છે. એક લાલ કાંબલ મન્ત્રીશ્વર પેથડને ત્યાં આપે છે.

સઘળી વાત જાણીને મન્ત્રીશ્વર પેથડ કંબલને નમસ્કાર કરીને કબાટમાં મૂકે છે.

રોજ એ કંબલને નમસ્કાર કરે છે. એક દિવસ મન્ત્રીશ્વર પેથડના ધર્મપત્ની કહે છે " સ્વામીનાથ ! આ કંબલના શું દર્શન જ કરવાના છે? એનો ઉપયોગ કેમ કરતાં નથી ?

બત્રીશ વર્ષના મન્ત્રીશ્વર પેથડ ઉત્તર આપતાં કહે છે, "દેવી આ કંબલ પહેરવાનો મને શો અધિકાર છે? એક બ્રહ્મચારી આત્માએ મોકલેલી કંબલ વાપરવાનો અધિકાર કોને હોય? બ્રહ્મચારી સિવાય કોઈને પણ હોઈ શકે ખરો ?

"તો આપણે બ્રહ્મચર્યવ્રતનો અંગીકાર કરી લઈએ." તુરત દેવીએ કહ્યું.

મન્ત્રીશ્વર પેથડના હર્ષનો પાર ન રહ્યો. મંગળ મુહૂર્તે સજોડે વ્રત ગ્રહણ કર્યું.

મહાવ્રતોમાં અગ્રસ્થાન પામતા એ બ્રહ્મચર્યવ્રતને ત્રિવિધયોગથી અખંડિત રીતે દંપતી વહન કરવા લાગ્યા. પેલી લાલ કામળ વાપરવા લાગ્યા.

બ્રહ્મચારીના બ્રહ્મચર્યનું બળ એ કામળમાં ઊતર્યું. બ્રહ્મચારીના દેહમાંથી છૂટતા પવિત્ર રશ્મિથી એ કામળ વાસિત થઈ ગઈ. એને ઓઢાડવા માત્રથી માંડવગઢના રાજમાતા લીલાવતીદેવીનો જ્વર શાન્ત થઈ ગયો. મોતનાં મુખમાંથી રાજમાતા બહાર આવી ગયા.

એ જ કામળના પ્રભાવે મદોન્મત્ત બનેલો હાથી શાન્ત થઈ ગયો.

દેશવિરતિધર શ્રાવકનું સમ્યગ્દર્શન કેવું હોય ! વિરતિધર બનવાની એને તક મળે અને એ જતી કરે, છતી શક્તિએ લાચારી દાખવે એવું બને ખરૂં ?

મન્ત્રીશ્વર પેથડની જિનભક્તિ પણ કેવી અદ્ભુત હતી ? માંડવગઢનો રાજા પણ એની જિનભક્તિમાં વિક્ષેપ ન કરી શકે.

એમનો સ્વાધ્યાયપ્રેમ પણ કેટલો અદ્ભુત હતો કે રાજ્યકાર્યમાં ગળાબૂડ ડૂબેલા હતા છતાં રાજસભામાં હાજરી આપવા જતા. પાલખીમાં બેસીને રસ્તામાં જ રોજ ઉપદેશમાળા વગેરે ગ્રન્થોનો ક્રમશઃ સ્વાધ્યાય કરી લેતા.

સુખસંપન્ન આત્મા જો સમ્યગ્દૃષ્ટિ હોય અને જો તેનામાં થોડું પણ બળ હોય તો તે ધર્મ કર્યા વિના રહી શકે ખરો ? ધર્મ કરવાની તક શોધીને પણ ધર્મ કર્યા વિના જંપે ખરો ?

મન્ત્રીશ્વર પેથડને પ્રતિજ્ઞા હતી કે અમુક હદ સુધીમાં પણ જો મુનિરાજનો યોગ મળે તો તેમની પાસે જ આવશ્યકક્રિયા કરવી.

**સમ્યગ્દષ્ટિની સાધર્મિકભક્તિ** સાધર્મિક ભક્તિ પણ કેવી અદ્ભુત હતી? જે કોઇ નવો સાધર્મિક જોવા મળે કે માંડવગઢનો આ મહામન્ત્રી હાથી ઉપર આરૂઢ થયેલો હોય તો ય નીચે ઊતરી જાય અને લઘર-વઘર વસ્ત્રવાળાં સાધર્મિકને ભરબજારમાં ભેટી પડે. જમવાનું સપ્રેમ નિવેદન કરે. પૂર્ણભક્તિથી સાધર્મિકને જમાડે, અને વાત વાતમાં જો ખબર પડે કે સાધર્મિકભાઇની આર્થિક સ્થિતિ નબળી છે તો સારામાં સારી પહેરામણી કર્યા વિના ન જ રહે.

જોયા ને સમ્યગ્દર્શનના ચમકારા?

શક્તિસંપન્ન સુખી ગૃહસ્થો સાધુભક્તિના ફંડફાળા ના કરે હોં! અને સાધર્મિકભક્તિ માટે રાડારાડ કરી ન મૂકે. કેટલીક સંસ્થાઓની રકમો તો અદ્ધર જ ઉચાપત થઈ જતી હોય છે. એવું ધર્માદાનું અન્ન પણ જૂઠી-લુચ્ચી વ્યક્તિઓની જમાતમાં જ વહેંચાઈ જતું હોય છે.

સાધર્મિકોની સાચી ભક્તિ તો લેનારો-દેનારો કોઇની જાણમાં ન આવી જાય તેમાં જ છે.

આજના તકતીપરસ્તીઓની નામનાભૂખી શ્રીમંતાઇએ તો ધર્મના નામે ઘોર અધર્મની ભુતાવળ બહેકાવી મૂકી છે!

આવા લોકોએ મન્ત્રીશ્વર પેથડને નજર સામે રાખવા જોઈએ. ઘરની દિવાલોને ફોટાઓથી શણગાર્યા વિના જંપ જ ન વળતો હોય તો માંડવગઢના મન્ત્રીશ્વર પેથડનો, મહાકવિ ધનપાલનો, બુદ્ધિમતી અનુપમાદેવીનો કે રાજા કુમારનો ફોટો મૂકવો જોઈએ.

કલિકાલસર્વજ્ઞ ભગવંત આદિ મહામુનિઓની પ્રતિકૃતિઓ દિવાલે ટિંગાડવી જોઇએ.

દર્શનીયના દર્શન સમ્યગ્દર્શન પમાડશે કો' ક દી.

પણ જે દુનિયાને કેલેન્ડરોમાં અકટ્રેક્સોના ફોટા મૂકવા છે, નારીસમાજના ઘોર અપમાનશા સ્ત્રીઓના અર્ધનગ્ન ફોટાઓની હારમાળા શયનખંડમાં છે અને જેને સવારે ઊઠતાંવેંત સિનેમાના બિભત્સ ગીતો સાંભળવા છે એ વૈભવવિલાસમય થયેલા ગંદા મનની દુનિયાને દર્શનીયના ફોટાઓ મૂકવાની વાત શીદ કરવી ?

અત્યન્ત અફસોસની વાત તો એ છે કે આવી વિકાર ભરી દુનિયાના માંધાતાઓને પણ સમ્યગ્દર્શનના સ્વામી કહેવડાવવું છે આ તકતી પરસ્તીઓની નામભૂખી દુનિયાને સાધુઓના મુખે સુશ્રાવક કહેવડાવવું છે! કાયમ અધર્મોની બદબૂ છોડતી ગટરોને ઢાંકણા સમા ધર્મથી સસ્તો શિરપાવ મેળવી લેવો છે.

કાળ પણ કેટલો ભયંકર આવી લાગ્યો છે કે સાચા સમ્યગ્દષ્ટિનું કોઈ સન્માન જોવા મળતું નથી અને નકલી શ્રાવકોને સર્વત્ર માન-સન્માન મળે છે.

શું થાય? જે કાળમાં સંપત્તિને જ સર્વસ્વ માની લેવામાં આવતી હોય, અને સંપત્તિની જ મહાપૂજાઓ થતી હોય એ કાળમાં આના સિવાય બીજું કાંઇ જ ન થાય.

મન્ત્રીશ્વર પેથડ અને રાજા કુમારપાળ વગેરે કાંઈ ઓછા સંપત્તિમાન ન હતા. પણ એમને સંપત્તિનો કેફ ચડયો ન હતો.

આજે તો વગર કેફે સવાશેર દારૂના કેફની પીડા જોવા મળે છે.

ખરેખર સત્તા અને સંપત્તિનો રાક્ષસ માઝા મૂકીને સર્વત્ર ફેલાઇ રહ્યો છે.

હવે તો કોઈ....ભલભલા કિંચનો....પણ એના ઝપાટાથી મુકત રહી શકયા જણાતા નથી.

ક્ષુદ્ર સંસારીનાં તો શા ગજા !

વર્ત્તમાન જૈન જગતની સામે એક નજર નાંખી દો તો ભારે દુઃખ થશે. વીણી વીણીને પણ સમ્યગ્દષ્ટિઓ ભેગા થઈ શકે કે કેમ? એવો દુઃખદ પ્રશ્ન લમણે વાગે છે.

લગભગ નથી દેખાતી અંતરની ભક્તિ ભગવંતની. નથી દેખાતું અંતરનું બહુમાન સંયમીઓ તરફ. નથી દેખાતું આંખમાં અમી સાધર્મિકો તરફ, નથી અંતરમાં કયાં ય ખુમારી જૈનત્વની, નથી રડતું કોઈ અંતર પાપના પશ્ચાત્તાપથી. નથી ભય પામતાં કોઇના દિલ પાપની સંભવિત આગાહીથી.

અંતરમાં ય કોઇ ધર્મ ન હોય તો કેમ ચાલે? હજી કદાચ બાહ્ય વર્ત્તાવ દેખીતી રીતે સારો ન હોય તે બની શકે : એટલા માત્રથી સમ્યગ્દર્શનના અસ્તિત્વનો ઇન્કાર ન કરીએ પરન્તુ અંતર તો વિશુદ્ધ હોવું જ જોઇએ. તે ભકિત–બહુમાન, અને પાપના પ્રત્યેની સૂગ તો અંતરના જ ધર્મો છે ને? એ ય ન હોય? અને છતાં અંતરના દેવાળીઆઓને સમ્યગ્દષ્ટિ કહેવડાવવું છે? એ કેમ બની શકે?

**સમ્યગ્દષ્ટિનો જીવંત મુનિરાગ** જિનશાસનના ગગનમાં ચમકતા સિતારા સમા મન્ત્રીશ્વર અભયકુમારને કોણ નથી જાણતું? એમનો સંયમધર્મનો પ્રેમ કેવો હતો? એમની બુદ્ધિ કયા રસ્તે ચાલતી હતી?

સંયમ માટે જ તલપતો આ આત્મા રાજ્યસિંહાસને આરૂઢ થતો ન હતો. રાજ્યના સ્વામિત્વ કરતાં સંયમી મહાત્માઓના સેવકત્વમાં એને ઘણો જ આનંદ આવતો હતો. એથી જ મહા-સંયમી મુનિવરોના સંગમાં જ રહ્યા કરવાનું આ મન્ત્રીશ્વરે પસંદ કર્યું હતું.

આ મન્તવ્યને દૃઢ બનાવી દેતો એક કિસ્સો પણ એમના જીવનમાં બની ગયો હતો.

પંચમ ગણધર ભગવાન્ સુધર્માસ્વામીજીએ એક કઠિયારાને દીક્ષા આપી. એક દુર્વિદગ્ધ માણસે ટીકા કરી. લોક તો ઘેટાના ટોળા જેવો છે. એની ટીકા પાછળ બીજાએ ટીકા કરી. એમ કરતાં કરતાં સર્વત્ર નિન્દા પ્રસરી ગઇ. "ભિખારડાને દીક્ષા આપી; ભિખારડાને દીક્ષા આપી."

ગણધર ભગવંતના કાને આ વાત આવી. તેઓ ખૂબ નારાજ થઈ ગયા. જ્યાં અપ્રીતિ થાય ત્યાં શા માટે રહેવું ? બીજે દિવસે વિહાર કરવાનો નિર્ણય કરી લીધો.

સવાર પડયું.

મુનિઓએ વિહારની તૈયારી કરી લીધી. ત્યાં જ પ્રાતઃકાળનું વંદન કરવા મન્ત્રીશ્વર અભય આવ્યા.

વિહારનું વાતાવરણ જોઇને સ્તબ્ધ થઈ ગયા. એકાએક શું થયું ? કશી જાહેરાત પણ નહિ !

મન્ત્રીશ્વરે તપાસ કરી. સઘળી માહિતી મેળવી લીધી.

હાથ જોડીને ગણધર ભગવંતને વિનંતિ કરી, "આપ એક દિવસ વધુ રોકાઇ જાઓ. આ અપકીર્ત્તિનું વાદળ હું વિખેરી નાંખું." ગણધર ભગવંતે વાત સ્વીકારી લીધી.

આ બાજુ મગધના મુખ્ય ચૌટે સુવર્ણના ૩ ઢગલા ખડા કરવામાં આવ્યા. તેની સાથે જાહેરાત થઇ કે આ ત્રણે ય ઢગલા આપી દેવાના છે. શરત એટલી જ છે કે તે વ્યક્તિએ શેષ જિંદગી માટે અગ્નિ-જળ અને સ્ત્રીનો સ્પર્શ સર્વથા ત્યાગી દેવો પડશે.

ટોળે ટોળાં ઉમટયા હતા લોકોનાં સુવર્ણ-ઢગ લેવા. પણ આ શરત સાંભળતાં જ સહુ જયાં હતા ત્યાં જ ચોંટી ગયા. 'અસંભવ, અસંભવ.' નો અવાજ આવવા લાગ્યો. થોડો સમય પસાર થયો. મન્ત્રીશ્વર અભય મોટા અવાજથી બોલ્યા; "પેલો

કઠિયારો કેમ આવ્યો નથી? એણે એ ત્રણે ય ચીજ ત્યાગી દીધી છે. માટે આ ત્રણે ય સુવર્ણઢગનો અધિકારી તો એ જ છે. શું તેને આ સોનું જોઈતું નથી?

લોકોના ટોળામાંથી અવાજ આવ્યો કે એણે તો સંસાર ત્યાગી દીધો છે હવે એને સોનાની શી જરૂર?

તો પછી ભિખારી કોણ? સોના જેવી ચીજની પણ જેને પડી નથી તે કઠિયારો કે સોના માટે તૂટી પડેલા તમે?—એના અનધિકારી માણસો.–

મગધના નરનારીઓ સાનમાં સમજી ગયા, સઘળી વાત. શરમથી સહુના શિર નમી ગયા.

ભક્તિથી સહુના અંતર નમી ગયા, તે કઠિયારાને–સાધુને. મન્ત્રી અભયના સમ્યગ્દર્શનમાં ચમકતી સાધુભક્તિ જોઈ ને?

દેશવિરતિધર મહાત્માઓના સમ્યગ્દર્શનના ચમકારાઓ તો કેટલા દેખાડવા? પણ અહીં તો આપણે માત્ર દિશાસૂચન કરવું છે. એટલે આટલેથી જ અટકીએ.

હવે એવા સર્વવિરતિધર સમ્યગ્દષ્ટિ આત્માને આપણે જોવો છે કે જે કોઈ નિકાચિત ચારિત્રમોહનીયકર્મનો ઉદય થઇ જતાં સર્વવિરતિધર્મને ખોઈ બેસે છે પરન્તુ એનું સમ્યગ્દર્શન સ્થિર રહી જવાના કારણે વેષપરિત્યાગાદિ ક્રિયાઓ પણ એ ખૂબ જ ત્રાસ સાથે કરે છે.

**પતનમાં ય સમ્યગ્દર્શનના ઝબકારા** આ પ્રસંગને વિસ્તારથી નીહાળીને આપણે એ જાણવું છે કે કવચિત્ કર્મવશ જીવને મહાવ્રતો મૂકી પણ દેવાનો પ્રસંગ આવે તો ય જો તેનું સમ્યગ્દર્શન નિર્મળ હોય તો તેની માનસિક અવસ્થા કેવી હોય! અને એની સંયમથી પીછેહઠ કેવા ત્રાસપૂર્વકની હોય!

એ મહાત્માનું નામ હતું અષાઢાભૂતિ. ધર્મરૂચિ નામના આચાર્યભગવંતના એ શિષ્ય હતા.

એક વાર વિહાર કરતાં કરતાં આચાર્યભગવંત રાજગૃહી નગરમાં પધાર્યા. એ નગરનાં રાજાનું નામ સિંહરથ હતું.

આ રાજાને અત્યન્ત સન્માન્ય વિશ્વકર્મા નામનો નટ હતો. એને અત્યન્ત રૂપવતી બે પુત્રીઓ હતી.

એક વખત મુનિ અષાઢાભૂતિ ગોચરી-ચર્યાએ નીકળ્યા. તે જ વિશ્વકર્મા નટને ત્યાં જઈ ચડયા.

બે પુત્રીઓએ ભાવપૂર્વક મુનિને આમન્ત્ર્યા. બે સિંહકેસરીઆ મોદક વહોરાવ્યા.

'ધર્મલાભ' કહીને મુનિ પાછા ફરે છે પરન્તુ એ મોદકની સુવાસ એમનાં અંતરને અડી ગઈ.

"અરે! આટલા સુંદર મોદક! એની ખુશબોથી મન તબિયત થઈ જાય છે. આમાથી મને શું મળશે?"

મુનિની સાધનાના ઝપાટે હજી સુધી નહિ ચડેલો-જીવતો રહી ગએલો સ્વાર્થનો એક સંસ્કાર સળવળી ઊઠે છે!

મુનિના ચિત્ત-ગગનમાં વિચારની એક વીજ દોડી આવે છે.

"આ બે મોદક તો ગચ્છનાયક આચાર્ય ભગવંતના પાત્રમાં જશે. મને તો એનો કણ પણ ચાખવા નહિ મળે. ખેર, બાજી હાથમાં છે. રૂપપરાવર્ત્તિની વિદ્યામાં તો હું એક્કો છું."

એક નિર્જન ખૂણે જઈને મુનિ અષાઢાભૂતિ કાંણા સાધુનું આબેહૂબ રૂપ સજી લે છે.

'ધર્મલાભ' કહીને ફરી વિશ્વકર્મા નટને ત્યાં પહોંચ્યા.

એ જ ભક્તિભાવભર્યા હૈયે વિશ્વકર્માની બે પુત્રીઓએ બે મોદક આ નવા આવેલા મુનિને પણ વહોરાવ્યા.

'ધર્મલાભ' ની આશિષ દઈ મોદકલાભ પામેલા મુનિ પાછા ફરે છે.

ફરી મનમાં એ કંગાળ સ્વાર્થ દોડયો આવે છે.

"આ તો વિદ્યાગુરુના પાત્રે જશે. મારૂં શું? હજી કયાં બાજી બગડી ગઇ છે? હજી એક રૂપપરાવર્ત્તન! બીજા બે મોદક!"

એ જ ખૂણે જઈને સ્વાંગ સજી લીધો. આબેહૂબ કૂબડો જોઇ લ્યો.

ફરી ધર્મલાભ! ફરી બે મોદક!

પણ આ ય કયાં મારા ભાગે આવવાના છે? હજી એક વડિલમુનિ બાકી છે. કાંઇ નહિ. હવે છેલ્લો દાવ!

એ વખતે અંતર રડી ઊઠે છે; કૂબડા મુનિરાજનું!

હાય! લાલસા! તારા પાપે મારૂં સત્યાનાશ નીકળી રહ્યું છે. ઓહ! આટલું બધું સમજવા છતાં આવું હીનકૃત્ય કેમ કરી રહ્યો છું? નથી સમજાતું. કાંઇ જ નથી સમજાતું. વિચિત્રા કર્મણાં ગતિઃ!

ફરી એક સ્વાંગ સજી લીધો; કુષ્ઠરોગીનો! કોઢીઆ મુનિ 'ધર્મલાભ' કહીને વિશ્વકર્માને ત્યાં પેઠા! એવા જ ભકિતભાવે પુત્રીઓએ બે મોદક વહોરાવ્યા.

હર્ષભેર નીકળી ગયા મુનિવર!

ઝરૂખે બેઠેલા વિશ્વકર્માએ મુનિવરની વેષપરાવર્ત્તન-ચાલાકી જોઇ લીધી! ઘડીભર તો એ ય સ્તબ્ધ થઈ ગયો!

આજ સુધી એ એમ જ માનતો હતો કે મારા જેવો કુશલ વેષપરાવર્ત્તક જગતમાં શોધ્યો ન જડે. પણ આજે એના અરમાનોનો હિમ ઝપાટાબંધ ઓગળી રહ્યો હતો. એક સંસારત્યાગી આત્મામાં નટકળાને ઉચિત કેવું અપૂર્વ નૈપુણ્ય! ગમે તે રીતે આ માણસને મારે હાથ કરી લેવો જ જોઇએ.

જો એ હાથ આવી જાય તો ?

તો.... ટંકશાળ પડે આ વિશ્વકર્માને ત્યાં ! પછી મારી બે ય દીકરીઓનો પતિ શોધવા ય જવો ન પડે."

વિશ્વકર્માએ મનમાં સઘળી બાજી ગોઠવી લીધી. એ એકદમ ઊઠયો અને દોડી ગયો આંતરખંડમાં !

એણે સઘળી વાત કરી. છેવટે કહ્યું, "આવતી કાલે પણ એ રસલંપટ મુનિ અહીં જ ભિક્ષા લેવા આવશે. તમે હવે એને વશ કરી જ લેજો."

બન્ને પુત્રીઓએ પિતાજીની એ આજ્ઞા સહર્ષ વધાવી લીધી.

બીજો દિવસ થયો.

રસલોલુપ મુનિ રડતા અંતરે, લથડતાં પગલે એ જ નટભવન તરફ પગલાં માંડી રહ્યા છે.

વિશ્વકર્માએ એમને જોયા અને એનું અંતર નાચી ઊઠયું.

ઝટ જઈને ખબર આપી દીધા રૂપસુંદરીઓને !

'ધર્મલાભ' નો આશિર્વાદ દેતાં મુનિ મોદકલાભ પામવા માટે ભવનમાં પેઠા.

આજે તો મોદકોથી પાત્ર ભરાઈ ગયું. દિવસ ઉપર દિવસ બેસવા લાગ્યો.

રસનાની જાળમાં ફસાએલો મુનિનો આત્મા વધુ ને વધુ ફસાતો ગયો.

રોજ રડી ઊઠે છે એનું અંતર આવશ્યક ક્રિયા કરતાં.

પરન્તુ દિવસ ઊગે છે અને પેલું પાપ સળવળી ઊઠે છે.

મુનિને સમજાતું નથી કે આમ કેમ થાય છે ? હવે તો વાત પણ વધતી ચાલી હતી.

મોદક મનને આનંદ દેતાં હતા અને પેલી રૂપગર્વિતાઓ પણ નટખટભરી વાતો કરતી મુનિના યૌવનને બહેકાવી રહી હતી.

એક દિવસ એમણે મુનિનો હાથ પકડી લીધો!

અરે ! અરે !....મુનિ કરતાં રહ્યા.... અને એક બીજાની સામે ખડખડાટ હસતી એ યૌવનાઓએ મુનિને પલંગ ઉપર બેસાડી દીધા.

મુનિનો આત્મા ધ્રુજી ઊઠયો. જાણે કે અંગારભઠ્ઠી ઉપર એમને બેસાડયા હોય તેવી ભયંકર ઝાળ લાગી !

પણ બાજી હાથ બહાર ગઈ હતી. પતનની અગાધ ખીણો તરફ મુનિનો આત્મા ભયંકર વેગથી ધસી રહ્યો હતો. હવે એને કોઇ અટકાવી શકે તેમ ન હતું.

રોજ રડતું હતું અંતર !

રોજ માથું અફાળતાં દિવાલે !

રોજ આંસુઓથી પખાળી દેતા સંથારો !

પણ ચારિત્ર્યમોહનીયકર્મ–પિશાચની હથેલીમાં આ જીવ આબાદ ફસાયો હતો. હવે એ જરા ય ચસકી શકે તેમ ન હતો. કાળઝાળ રૂદન સિવાય એના લલાટમાં કોઈ લેખ વંચાતો ન હતો.

ચારિત્ર્યમોહનીયકર્મના ઘનઘોર ઝંઝાવાતની વચ્ચે સમ્યગ્દર્શનની એક નાનકડી જ્યોત અખંડિત રીતે ટમટમતી જ હતી.

"શું કરવું ? વેષ ત્યાગું ? રૂપસુન્દરીઓનો સ્વામી બનીને એમનો દાસ બનું ! હાય ! વિશ્વાસઘાત સ્વનો? ગુરૂનો ! જગત્-માત્રનો ! મારા નાથ વીતરાગનો !

પણ તો શું દંભથી જીવન જીવવું ! ઉજળા વેષમાં કાળાં કામ કરતા રહેવું ! આના કરતાં તો જીવનનું ઝેર કેમ ન બનાવવું ! કાંઈ જ સમજાતું નથી.

સન્મતિ દુર્મતિનું ભયંકર તુમુલ ચાલ્યું. પણ અંતે દુર્મતિ વિજયના પંથે ચાલી.

એક અંધિયારો દિવસ ઊગ્યો.

મુનિ અષાઢાભૂતિ હાથીપગે ગયા; ગુરૂદેવની પાસે.

ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા.

પ્રેમાળ માતાશા ગુરૂએ બરડે હાથ ફેરવતાં મુનિને આશ્વાસન આપ્યું.

વત્સ ! કહે શું થયું છે ? કોઈ ભયંકર અપરાધ થયો છે ? ભલે.... વત્સ ! જરા ય ચિંતા ન કર. પાપશુદ્ધિની આગમાં ઝંપલાવી દે; તારા આતમને ! પવિત્ર થા ! વત્સ, શુદ્ધ થા ! મુક્ત થા એ પાપી પાપથી.''

પણ મુનિ અષાઢાભૂતિ હીબકાં લઈને રડી જ રહ્યા છે. એનાથી નથી કાંઇ બોલાતું, નથી હવે એ દુઃખ જીરવાતું.

ઘણો સમય વહી ગયો.

કાંઈક શાન્ત થઈને મુનિ બોલ્યા.... “ગુરૂદેવ ! આ પાપાત્માની પાપકથા આપ સાંભળશો ? મને ભય છે કે રખે એ વાત સાંભળતાં આપનું આયુષ્ય જોખમમાં મુકાઇ જાય ! ગુરુદેવ ! શું કહું ? કયાંથી શરૂઆત કરૂં ? વાચા ઊપડતી નથી.

ગુરૂ તો માતા હતી. દિલનું દીધેલું આશ્વાસન નિષ્ફળ કેમ જાય ?

મુનિ અષાઢાભૂતિએ રડતી આંખે અને જલતે દિલે સઘળી વાત કહી દીધી !

ચારિત્ર્યમોહનીયકર્મનો અંધકાર કેટલા જોરથી ત્રાટકયો એના જીવનમાં ! ગુરૂની નજરમાં કર્મના પરમાણુઓની સમગ્ર હિલચાલ આવી ગઈ !

પણ એક વાતનો એમના અંતરમાં સંતોષ હતો કે પૂરા જોશથી ત્રાટકેલો એ અંધકાર અષાઢાભૂતિના અંતરના એક ખૂણે ટમટમતી સમ્યગ્દર્શનની જ્યોતને જરા ય મારી હઠાવી શક્યો ન હતો.

ઊલટું એ જ્યોત ચીરવા મથી રહી હતી એ અંધકારને !

અષાઢાભૂતિની આંખોમાથી જલધાર વહી જતી હતી. પાપના ઘાના જખમો દૂઝતા હતા, પશ્ચાત્તાપના સંવેદનો ! પણ પેલા તૂટી પડેલા ચારિત્ર્યમોહનીયકર્મના અંધકારે એને કાયર બનાવી દીધો હતો.

બે હાથમાં મોં સંતાડી દઈને હીબકાં લેતાં અષાઢાભૂતિની ભાવનાને ગુરૂ પામી ગયા હતા. એની ઇચ્છા વેષપરિત્યાગ કરવાની હતી.

દંભી જીવનના ધોળા આંચળામાં કાળા કામ કરવા હવે એ લાચાર બની ચૂક્યો હતો.

વાત પણ ઠીક જ હતી. ગુરૂએ કહ્યું, વત્સ ! તારા માટે આ પીછેહઠ શોભાસ્પદ ગણાય ? તારા જેવો વિવેકી આત્મા પાપાનુરૂપ જીવનની પસંદગી કરે કે પાપોના પંકને પ્રાયશ્ચિત્તથી પખાળી દઈને પવિત્ર ધર્મજીવનનું જીવન નવેસરથી જીવવાનો સંકલ્પ કરે ? હજી કાંઈ બગડી ગયું ન હતું.

સઘળાં ય શાસ્ત્રોના જેણે સ્વાધ્યાય કર્યા, એના પદાર્થોનું જેણે તલસ્પર્શી ચિંતન-મનન કર્યું એ શું પાપમય જીવનની વિષ્ઠાભરી ખીણમાં ઝંપલાવશે ?

જગત્‌ને પવિત્ર થવાનો સંદેશ દેતો જાતે જ પવિત્રતાને દેશવટો દેશે ?

કાળાં પાપોથી ખરડાશે તારો આ લોક ! અને ભયાનક દુઃખોથી ઊભરાશે તારો પરલોક !

પ્રતિજ્ઞાભંગનું ઘોર પાતક કયા કયા દુઃખો નહિ બઝાડે !

વૈષયિક સુખના ભોગ દ્વારા સુખી થવા જનારો કદી સુખી થતો નથી.

ઠંડા સ્પર્શની ઈચ્છાથી પણ આગને અડે એ દાઝયા વિના રહેતો જ નથી.

હજી કહું છું વત્સ! પાછો ફર. દે દે કરતો મોહાંધકાર ત્રાટકી રહ્યો હતો.

સમ્યગ્દર્શનની જ્યોત જોરશોરથી ઉછાળા મારી રહી હતી.

ગંગોત્રીના ખળખળ વહી જતાં ઠંડા નીર સમી ગુરુની પતિતપાવની વાણીનું પાન કરતો મુનિનો આત્મા ધ્રૂજી ઊઠયો! એની અંદર સૂતેલો વિરાટ સળવળી ઊઠયો !

પણ પગે જંજીરો પડી હતી! કયાં જાય ? શું કરે ?

ફરી એનો આત્મા પછડાયો, કાયરતાની ભૂમિ ઉપર !

બેહદ આંસુ સારતાં સૂજી ગયેલી લાલ આંખો ગુરુના આત્માને ય ધ્રુજાવી મૂકતી હતી.

આજ સુધી શાસ્ત્રના પાને જ વાંચેલો મોહનીયકર્મનો મહિમા ગુરુદેવ એ આંખોમાં વાંચતા હતા. અને સાથે જ સમ્યગ્દર્શનની અડોલ જ્યોતના મહિમાનું પણ તે જ આંખોમાં દર્શન કરતા હતા.

વહી જતાં આંસુઓ સાથે અષાઢાભૂતિએ કહ્યું, "ગુરૂદેવ ! ઓ મારા માતાજી ! જનમજનમનાં સાથી ! મારા હિત માટે આપ જે કહો છો તે જ મને ગમે છે. હું પણ તે ભવ્યજીવનની ભૂમિકાને ફરી આંબવા તલસી રહ્યો છું પણ કોણ જાણે આજે મને થયું છે શું તે હું જ સમજી શકતો નથી. મારા જ પાપકર્મો એક સાથે ઉદયમાં આવી ચૂકયા છે. અને તેથી જ સ્ત્રીના ચિત્રને

સ્મૃતિમાં પણ ન લાવનાર મારા અંતરમાં આજે બે સ્ત્રીઓના ચિત્ર આબેહૂબ કંડારાઈ ગયા છે.

કામવિજેતા મહામુનિઓ તો મારા જીવનનો આદર્શ હતા. પણ આજે કામ મારી ઉપર વિજેતા બની ચૂકયો છે. એણે છોડેલા સેંકડો બાણોથી મારું અંતર હજારો છિદ્રોથી ચાલણી જેવું બની ગયું છે.

રે! બાર ભાવનાઓનું પેલું દુર્ભેદ્ય કવચ! એ ય સાવ ખખડી ગયું! મેં તેની ઉપેક્ષા કરી, આપને કશી વાત ન કરી એનું જ આ ભયંકર પરિણામ આવી લાગ્યું.

કાંઈ જ સમજાતું નથી આ શું બની ગયું? મદોન્મત્ત મલ્લ જેવો હું આજે એવી મરણપથારીએ ઢગલો થઈને પડયો છું; જ્યાં મોં ઉપર બેઠેલી માખીને પણ ઉડાડવાનું સામર્થ્ય રહ્યું નથી!

મારા માતાજી! મારા ગુરુદેવ! મને માફ કરો. હવે હું આ વેષને દંભનો આંચળો બનાવી રાખવા ઈચ્છતો નથી. આપે જ દીધેલો આ ધર્મધ્વજ (રજોહરણ) આપને જ સમર્પિત કરીને મારે જવું છે એ પાપના પંથે! હાય! દુર્મતિ!

ગુરુદેવ મૌન રહ્યા! સેંકડો શાસ્ત્રોના જડ અક્ષરોમાં આજે એ ચૈતન્ય જોઈ રહ્યા હતા. કર્મોના અટપટા ગણિત સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર બધું ય ઝપાટાબંધ આંખ સામે થઈ રહયું હતું.

મોહરાજ અને ધર્મરાજનો અઘોર સંગ્રામ આજે અષાઢાભૂતિના આત્માના કુરુક્ષેત્ર ઉપર ખેલાતો એ આંખેઆંખ નીહાળતા હતા.

થોડી પળો માટે નિઃસ્તબ્ધ શાન્તિ છાઇ ગઈ.

મુનિ અષાઢાભૂતિ ઊભા થયા. ધ્રૂજતા હાથે છાતી ફાટ

રૂદન સાથે અને અનરાધાર અશ્રુવર્ષા સાથે એમણે ગુરુદેવના હાથમાં રજોહરણ મૂકયું.

પ્રિયતમ રજોહરણની સામે એમની આંખો ચોંટી ગઈ! સૂતા પણ કદી દૂર ન મૂકેલું આ રજોહરણ હવે જાગતાં ય જોવા નહિ મળે એ વિચાર ઝબૂકી જતાં જ એ ગુરુના ચરણોમાં ઢળી પડયા!

બાળકની જેમ તારસ્વરે રોવા લાગ્યા; અષાઢાભૂતિ! રોવા લાગી આંખો! રોવા લાગ્યું દિલ, દિમાગ અને દેહનો રોમ રોમ! પળભર માટે તો ગુરુદેવનો આત્મા પણ કંપી ઊઠયો! એમના અંતરમાં એ મોહરાજ ઉપર ભયંકર ક્રોધ વ્યાપી ગયો!

મૂઠી વાળી, દાંત ભીંસ્યા! પણ શું કરે? આસપાસમાં ભેગું થઇ ગએલું મુનિવૃન્દ પણ ભારે હૈયે અને સજળ નયને પોતાના એક જીવનસાથીની કરૂણતાને જોઇ રહ્યું હતું.

કસાઇને ત્યાં એક બકરો પરાણે જઇ રહ્યો હોય એવું કરૂણ દર્શન મુનિ અષાઢાભૂતિના મોં ઉપર સહુ કરતા હતા.

વિદાયની વસમી વેળા આવી ગઈ! અડધા પાગલની જેમ અષાઢાભૂતિ પોતાના માતા-ગુરુની સામે એકી ટશે જોઈ રહ્યો છે. એનું દિલ એના પગોને લાફા ઉપર લાફા લગાવી રહ્યું છે! એનું દિમાગ એના દિલને ઠપકો દઈ રહ્યું છે.

કયારે ફરી દર્શન પામીશ; આ દર્શનીય ચન્દ્રવદના ગુરુ-માતાના? નથી ઉપડતા પગ.

દિલને ખૂબ જ કઠોર કરીને પાછા પગલા માંડયા.

મારી જનમજનમની મા! જેણે મને વીતરાગવાણીના દૂધ પાઈને મોટો કર્યો! હું હરામખોર સાપ નીકળ્યો! પણ એને પૂંઠ કેમ દેવાય?

લાવ થાય તેટલું દર્શન કરી લઉં. દર્શન કરતો-દર્શન

ઝીલતો, ગુરુની આંખમાં આંખ મિલાવી પાછા પગે જતા અષાઢાભૂતિને ગુરુદેવ સ્તબ્ધ હૃદયે જોઈ રહ્યા છે.

ત્યાં એકાએક એક વિચાર-વાદળી એમના અંતરગગને દોડી આવી.

" અષાઢાભૂતિ ! " ગુરુદેવે કહ્યું.

"જી. ગુરુદેવ !" અષાઢાભૂતિ બોલ્યો. "એક પ્રતિજ્ઞા કર કે તારા ઘરમાં દારુની ગંધ પણ ન હોવી જોઈએ. જે સ્ત્રીઓએ તારા ધર્મજીવનને ઓળઘોળ કરી નાંખવામાં મોટો ભાગ ભજવ્યો છે તેમણે પણ કદી સુરાપાન કરવું નહિ. બોલ, આટલી પ્રતિજ્ઞા તેમને પણ તું કરાવી દઈશ ?"

હજી પણ એકાન્તહિતને જ ચાહતા એ ગુરુદેવને અષાઢાભૂતિનું અંતર લાખ લાખ વંદના કરતું રહ્યું !

ગુરુદેવ ખોળતા હતા કોઈ સ્થાન કે જ્યાં છીંડું પાડી શકાય ! એ અભેદ્ય સંસારદુર્ગમાંથી ક્યારેક એ છીંડા વાટે અષાઢાભૂતિને નસાડી શકાય !

અને....સાચે જ છીંડુ પડી ગયું ! મોહરાજે દાંત કચકચાવ્યા ! મૂઠીઓ વાળી ! પણ ત્યાં તો....અષાઢાભૂતિએ પ્રતિજ્ઞા કરી લીધી અને પોતાની પ્રિયતમાઓને પ્રતિજ્ઞા કરાવી દેવાનો કોલ આપી દીધો ! મોહરાજ સમસમી ઊઠયો ! ધર્મરાજ મરક મરક હસી ઊઠયા.

ગુરુદેવના મુખ ઉપર આનંદની સરવાણીઓ ફૂટી નીકળી.

છેલ્લી વંદના કરીને અષાઢાભૂતિ ચાલ્યો ગયો.

સમ્યગ્દર્શનની ઝગમગતી જ્યોત શું કામ કરે છે ? પતિત બનતો આત્મા પણ કેટલી હદ સુધી ધર્મોન્મુખ હોય છે ? એનું અંતર શું કામ કરી રહ્યું હોય છે ? એ આપણે જોયું.

સંભવ છે કે કેટલીકવાર એ જ્યોત બુઝાઈ પણ જતી હોય અને ફરી પાછી પ્રગટી પણ જતી હોય....ભવચક્રમાં અસંખ્ય વાર આવા બુઝારા અને ઝગારા થઈ જાય તો ય નવાઈ નહિ.

પણ એક વાત સુનિશ્ચિત છે કે એક વાર પણ જે આત્મા સમ્યગ્દર્શનને પામે છે એ કદાચ એ સમ્યગ્દર્શનનું વમન કરીને ફરી પાછો મિથ્યાત્વભાવ પામી જાય તો પણ એવું મહાપાપ તો ત્યાં રહીને ય ન કરી શકે જે સિત્તોર કોડાકોડી સાગરોપમનો મોહનીયકર્મનો ભયાનક સંસાર ઉપાર્જી આપે.

રાગદ્વેષની ગાંઠના એક વાર ટૂકડા થઇ ગયા પછી તે સંધાય તો ય તેનામાં સાંધો તો રહે જ. હવે એ કદી પણ અખંડિત તો બની શકે જ નહિ.

અભવ્ય–દુર્ભવ્ય વગેરે આત્માઓ આ ઘનગ્રન્થિની નજદિક તો ઘણી વાર આવ્યા. જ્યારે એ ગ્રન્થિપ્રદેશની નજીકમાં આવ્યા ત્યારે જ તેઓ દ્રવ્યથી પણ દેવદર્શન, ચારિત્રજીવન વગેરે પામ્યા.

૬૯ કો. કો. સાગરોપમનો મોહનીયકર્મનો સંસાર દૂર થાય ત્યારે જ ગ્રન્થિદેશની નજીકમાં આવ્યા કહેવાય અને ત્યારે જ દ્રવ્યથી પણ દેવદર્શનાદિ ધર્મો પ્રાપ્ત થાય.

પરન્તુ એ ૬૯ કો. કો. સાગરોપમનો સંસાર ફરી પાછો આવી જતાં જરા ય વાર ન લાગે.

કપડાંની ઉપર ચોંટેલી ધૂળને ખંખેરાઈ જતાં ય વાર નહિ અને બીજી એવી ધૂળ લાગી જતાં ય વાર નહિ. એથી જ ૬૯ કો. કો. ના મોહનીયકર્મના સંસારના અપગમમાં જરા ય વિશેષતા નથી.

જે છે તે એક કો. કો. સાગરોપમના મોહનીયકર્મના સંસારને તોડવામાં છે.

તેલકટ કપડાં સાથે ચોંટીને જામ થઇ ગએલી ધૂળ જોઈ લો. એને ઊખેડવામાં કેટલા સાબુ ઘસવા પડે ?

આ ચીકણાં સંસારને અભવ્યાત્માઓ કદી પણ કાપી શકતા નથી. દુર્ભવ્યોની પણ અહીં મજાલ નથી.

ચરમાવર્ત્તકાળમાં પ્રવેશ કરી ચૂકેલા ભવ્યાત્માઓ જ એક કોટાકોટિ સાગરોપમના મોહનીયકર્મના સંસાર ઉપર સફળ આક્રમણ કરી શકે છે. આનું જ નામ ગ્રન્થીભેદ છે. અનન્તાનુબંધી કષાયો અહીં ભેદાઇ જાય છે. હવે પછી એ આત્મા અર્ધપુદ્ગલપરાવર્ત્તથી વધુ સમય સંસારમાં રહી શકતો નથી. વધુમાં વધુ સમયનો અર્ધપુદ્ગલપરાવર્ત્ત સંસાર પણ તે જ સમ્યગ્દષ્ટિ આત્માઓનો થાય છે જેઓ સમ્યક્ત્વને વમીને મિથ્યાત્વભાવ પામીને મહાભયંકર પાપોના બંધ કરે છે. બીજા આત્માઓ તો અસંખ્યાતા, સંખ્યાતા કે ૭–૮ ભવ કરીને જ મુક્તિપદ પામી જતા હોય છે. કોઇ તો વળી અંતિમભવમાં જ સમ્યક્ત્વ પામીને મુક્તિપદ પામી જાય છે.

પતનના પંથે દોડી ગયું હતું; અષાઢાભૂતિનુ તન માત્ર. મુખ્યત્વે તો....

એથી જ એક દિવસ આવ્યો, મોહરાજના દુર્ગમાં પહેલેથી જ ગુરુએ પાડી દીધેલા છીંડામાંથી અષાઢાભૂતિ કૂદીને બહાર નાસી ગયો.

તક સાધીને દારુ પીધેલી પ્રિયતમાઓની બદહાલતનું દર્શન કરીને એ વિરાગની ધૂણી ધગી ઊઠી.

સમ્યગ્દષ્ટિ આત્મા ફરી સર્વવિરતિધર બન્યો.

ઘણા જ વિસ્તારથી આપણે સમ્યગ્દર્શનરત્નની વિવિધ બાજુઓ જોઈ. જુદા જુદા દષ્ટિકોણથી એનું નિરીક્ષણ કર્યું.

આત્મપરિણતિમત્ જ્ઞાનવાળા સમ્યગ્દષ્ટિ મહાત્માઓની દુનિયાની આપણી સફર અહીં પૂરી થાય છે.

## (૨) તત્ત્વસંવેદન જ્ઞાન

આત્મપરિણતિમત્ જ્ઞાન હૃદયપરિવર્ત્તન કરે છે, જ્યારે તત્ત્વસંવેદન જ્ઞાન જીવનપરિવર્ત્તન પણ કરે છે.

ત્યાં મનનો વ્યાપાર ખૂબ જ તન્દુરસ્ત હોય છે. અહીં તો વાણી અને કાયાના વ્યાપાર પણ ખૂબ જ ધર્મસન્મુખ હોય છે.

તત્ત્વસંવેદન જ્ઞાન વૃત્તિને શુદ્ધ કરે, પ્રવૃત્તિને શુદ્ધ કરે, ગમે તેવી પુણ્યાઈના ઉદય વચ્ચે આ આત્માઓ પાગલ ન બને, ગમે તેવા પાપોદયમાં એ જરા ય આકુળવ્યાકુળ ન થાય.

સદા સ્વમાં જ સ્થિર રહેતું હોય એમનું મન, તન અને જીવન.

આત્મા એમનું ઘર. આત્મા સિવાયનું બધું ય પરઘર. દેહ પણ પરઘર.

પરઘરમાં તત્ત્વસંવેદનજ્ઞાની વસવાટ કરે જ નહિ. સ્વઘરમાંથી એ કદી બહાર જાય નહિ.

સ્વઘરના હિમખંડોમાં એને ઉપશમભાવની જે મસ્ત ઠંડક માણવા મળે છે એને કોઈ પણ જાતના પરપુદ્ગલના સંગની લ્હાય આપવા એ સર્વદા લાચાર બની રહે છે.

ભાવનાચંદનવનના નાગ સમા આ મુનિવરો હોય છે. સદા ચંદનશા એ સંયમજીવનને આલિંગીને મસ્તજીવનની મોજ માણતા હોય છે.

રાગાદિભાવોની ખુજલીના સુખના સુખદ ભ્રમમાં રાચતું જગત્ આ મુનિરાજના ખુજલી-વિહોણા દેહની અપાર શાન્તિને સ્વપ્ને પણ કલ્પી શકતું નથી.

નદીના બે કાંઠા છે. એક કાંઠે સંસારી આત્માઓ મોટી મહેલાતો ખડી કરીને વસ્યા છે. બીજા કાંઠે મહાસંયમધર મહાત્માઓ લીંપણ લીપી મઢૂલીમાં વસ્યા છે.

સંસારી આત્માઓના સમગ્ર અંગે ખૂજલીનું દર્દ વ્યાપી ગયું છે. જ્યારે પણ એને ચળ ઊપડે છે ત્યારે એ એકાદ મકાન બનાવી નાંખે છે અને એની ખણ શાન્ત કરે છે; ક્યારેક વળી દેહની સજાવટ કરી લે છે, ક્યારેક પુત્રાદિના લગ્નસમારંભો ગોઠવે છે....

એક ખણ અને એક વિલાસની સ્પર્શનાનો જોરદાર ઊઝરડો અંગ ઉપર....

આ રીતે જ એનો સંસાર ચાલ્યો જાય છે. આવી 'ખણ–ખુજલી'માં જ એ સુખ માને છે. એના આ સુખભ્રમમાં જ એ રાચે માચે છે. અને એનું જીવન પૂર્ણ કરે છે.

બીજા કાંઠે વસતી સંતોની દુનિયાની કથા સાવ જૂદી છે.

એમના અંગે ક્યાંય ખુજલીનો રોગ જ નથી. એમને ચળ જ ઊપડતી નથી. એટલે ખણી ખણીને ઉઝરડા કરવાના ભ્રાંત સુખમાં એ રાચતા પણ નથી.

સંસારીનું સુખ ખુજલી–ખણનું....સંયમીનું સુખ ખુજલીના અભાવનું. ખુજલી–ખણમાં સુખ કહેવાતું હોય તો ખુજલીના અભાવના આરોગ્યમાં શાન્તિ કહેવાય. આ સુખ અને શાન્તિ બે ય સાથે રહી શકતા નથી. માટે જ સંસારી આત્માને સુખી કહી શકાય. શાન્ત તો નહિ જ.

સંયમી આત્માને ભલે સુખી ન કહી શકાય પણ તે અવશ્ય શાન્ત છે.

જે અશાન્ત છે તેને સુખ શાનું ?

જે શાન્ત છે તેને સુખની જરૂર શાની ?

શાન્તિ એ જ સ્વયં સુખનું સ્વયંભૂ સ્વરૂપ છે.

હેય શું ? ઉપાદેય શું ? ઉપેક્ષણીય શું ? જગત્‌ના પદાર્થો આ ત્રણ દોરડાની ગૂંચમાં ગૂંચવાઈ ગયા છે. સંસારી આત્માઓ પણ આ ગૂંચમાં જ જીવનોના જીવન ખોઇ રહ્યા છે, હેય ને ઉપાદેય માની બેસીને, ઉપાદેયને હેય માની લઇને એ જીવો પોતાની જાત સાથે ભયંકર જુગાર ખેલી નાંખે છે.

**ભ્રમણાથી જ ભ્રમણ** સંસારપરિભ્રમણનું મૂળ જ આ ભ્રમ છે. સંયમધર મહાત્માઓ તત્ત્વસંવેદન નામના જ્ઞાનના પ્રકાશમાં હેયને હેય જ માનવાની, ઉપાદેયને જ ઉપાદેય માનવાની જંગી તાકાત પામી જાય છે. વાત એટલેથી જ અટકતી નથી.

હેયને હેય જણાવતું આ તત્ત્વસંવેદનજ્ઞાન પોતાના સ્વામીને હેયની દુનિયાથી દૂર ફેંકી દઈને જ જંપે છે, ઉપાદેયની દુનિયામાં ગોઠવીને જ શાન્ત થાય છે.

આત્મપરિણતિમત્‌જ્ઞાન કરતાં તત્ત્વસંવેદનજ્ઞાન આ દૃષ્ટિએ વિશેષ ગુણાવત્તા ધરાવે છે.

એટલું ચોક્કસ છે કે જો એક લાખ સંયમી મહાત્માઓને આ જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો તેમાંના કોઇ બે મહાત્માનું પણ જીવનધોરણ એક સરખું તો ન જ હોય. એનું કારણ આ જ્ઞાનપરિણતિના અસંખ્ય પ્રકાર છે.

વર્ત્તમાન જગત્‌માં આજે ત્રણ અબજ માણસોની વસ્તી ગણાય છે, એ બધા યની એક જ મનુષ્ય જાતિ કહેવાય છે. લગભગ બધા ય ને બે હાથ, બે પગ, બે કાન, એક માથું વગેરે હોય છે, દરેકને બે હાથની દસ આંગળી વગેરે હોય છે છતાં

આખા વિશ્વમાંથી કોઈ બે માણુસ પણ એવા જોવા નહિ મળે જેઓ આટલું બધું સામ્ય ધરાવવા છતાં પૂર્ણ સામ્ય ધરાવતા હોય.

આવું જ છે; સંયમધરોના જ્ઞાનનું. દરેકને તત્ત્વસંવેદન જ્ઞાનનું સ્વામિત્વ પ્રાપ્ત થયું હોવા છતાં દરેક સંયમધર ભિન્ન ભિન્ન કક્ષા ઉપર સ્થિર થયેલા જોવા મળશે. એક જ કક્ષા ઉપર–બે આત્મા પણ બધી રીતે સમાનતાવાળા જોવા નહિ મળે. દરેકનો સંસાર જુદો, દરેકના સંસ્કાર જુદા, દરેકના કર્મો જુદા.

અનંતકાળથી ચાલતા આવતા સારા–નરસા સંસ્કારોના સરવાળા, બાદબાકીમાંથી, કર્મોના થએલા ગુણાકાર, ભાગાકારમાંથી જે શેષ રહીને વર્ત્તમાન જીવનનું ઘડતર કરી જાય. એટલે દરેકનું પોતાનું આગવું ઘડતર હોય, દરેકનું શરીર જૂદું, દરેકનું સંઘયણ પણ અનેક નબળા–સબળા પ્રકારોનું, દરેકનું માનસ પણ વિવિધ ગુણવત્તાના ધોરણોથી ઘડાએલું એટલે તત્ત્વસંવેદન જ્ઞાનનું ફળ તો વિરતિધર્મની વધુમાં વધુ બળવાન્ કસોટીમાંથી પણ પાર ઉતારી દઈને અસાર સંસારનો પાર પમાડી જ દેવાનું હોવા છતાં ઉક્ત સહકારી કારણોના બલાબલને લીધે તેના ફળમાં પણ તારતમ્ય જોવા મળી જાય.

એક જ જાતનું બિયારણ હોવા છતાં તેની સાથેનો પૃથ્વી, સલિલ વગેરે સંયોગ ભિન્ન ભિન્ન બની જાય તો ફળભેદ પડી જ જાય છે.

હા, ફળ તો દરેક બિયારણ આપે; પરન્તુ ફળની ગુણવત્તા વગેરેમાં ભેદ અવશ્ય પડી જાય. [૩]

હવે તત્ત્વસંવેદનજ્ઞાનના લિંગ વગેરે જોઇએ.

**તત્ત્વ સંવેદન જ્ઞાનના લિંગો** આ જ્ઞાનનો સ્વામી પાપમાર્ગથી નિવૃત્ત હોય અને ધર્મમાર્ગે અવશ્ય પ્રવૃત્ત હોય.

મિથ્યાત્વાદિ પાપભાવોને એ પીઠ કરી ચૂકયો હોય, ગૃહવાસને

પ્રાયઃ એણે ત્યાગી દીધો હોય અને સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીનો આરાધક બની ચૂકયો હોય, અણગારના શાસ્ત્રોક્ત વેષનું એણે પરિધાન કરી જ લીધું હોય.

જે અંતરથી તત્ત્વસંવેદનજ્ઞાન સમૃદ્ધ હોય તે જીવનથી અવશ્ય સંસારપરિત્યાગી શ્વેતામ્બર મુનિ હોય.

એવું કદી ન બની શકે કે તત્ત્વસંવેદન જ્ઞાનનો સ્વામી સ્વેચ્છાએ ગૃહવાસનું સેવન કરતો હોય, ગૃહવાસને નિન્દ્ય ન માનતો હોય, ગૃહવાસથી પણ કેવળજ્ઞાન સુદ્ધાંની પ્રાપ્તિ જણાવીને પોતાના ગૃહવાસને પ્રશસ્ય ગણાવવાની તજવીજ કરતો હોય.

આગને 'અડવા લાયક ચીજ' નહિ માનનારો આગને કદી અડતો નથી.

ઝેરને ખાવા લાયક ચીજ નહિ માનનારો ઝેર ખાઈને જીવતા રહી શકવાની વાતો કરી શકતો નથી.

ગૃહવાસ–પ્રત્યેનો આદરભાવ એ જ મહામિથ્યાત્વની જોરદાર સાબિતી છે. એવા આત્મામાં ય કદાચ ભારે સમતા જોવા મળી શકે, કદાચ ઈશ્વર પ્રાપ્તિની તાલાવેલી પણ જોવા મળી શકે, કદાચ આત્માના સ્વરૂપનું આબેહૂબ વર્ણન કરવાની પ્રચંડ શકિત પણ જોવા મળી શકે છતાં ત્યાં સમ્યગ્દર્શનની ઝાંખી પણ માની લેવાની ભયાનક ભૂલ કરી બેસાય નહિ.

શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે મિથ્યાત્વભાવની સ્થિતિમાં પણ ભવ્ય દેખાતાં પ્રશમ વગેરે ગુણોનો પિત્તળ ચળકાટ હોઇ શકે છે. પરન્તુ એ ય દબાએલા ટાઇફોઇડના જ્વર જેવું હોય છે. કોઈ નિમિત્ત પામતાં જ મિથ્યાત્વનો જ્વર ભભૂકી ઊઠે અને સઘળાં ય ચળકાટ રસાતળ થઈ જાય.

એક વ્યક્તિમાં મિથ્યાત્વનો વિનાશ થયો છે કે નહિ તેને જાણવા માટે આ ખૂબ જ સુંદર અને સચોટ ચાવી છે કે તે ગૃહવાસને

ભૂંડો માને છે કે નહિ? જો ગૃહવાસને ભૂંડો માનતો હશે તો ઘરમાં રહેલો તે આત્મા રડતી આંખે એ વાતનું ધ્યાન કરશે. જો તેવું દિલી ધ્યાન તે કરી શકે તો જરૂર સમજવું કે તેને આત્મપરિણતિમત્ જ્ઞાન થઈ ચૂક્યું છે.

પણ જે આત્માઓ ગૃહવાસને ભૂંડો માન્યા પછી એ ગૃહમાં વાસ કરી શકવા માટે સાવ કાયર બનીને ગૃહમાંથી નાસી છૂટયા અને જિનોક્ત રત્નત્રયીના આરાધક બનવા દ્વારા અણગાર બન્યા એ આત્માઓનું આત્મપરિણતિમત્ જ્ઞાન તત્ત્વ-સંવેદનજ્ઞાનમાં પરિવર્તન પામી ગયું છે એમ નિશ્ચિત સમજી લેવું જોઈએ.

ગૃહવાસમાં રહીને વિરક્ત જીવનની વાતો કરનારા તો મહાદંભીઓ કહેવાય. માતા અને વન્ધ્યા જેવી વાતો કરનારા માણસો કહેવાય.

સહુ જાણે છે કે ઘર એ તો રાગનું જ નિમિત્ત છે. જો વિરાગ જાગ્યો હોય તો રાગના ઘરમાં રહેવાની વાતનો આગ્રહ શાનો? અને જો એ આગ્રહ કાયમ હોય તો ત્યાં વિરાગ શાનો?

તત્વસંવેદનજ્ઞાન તો આત્માને ઘરમાં બેસવા દેતું જ નથી.

હા, જરુર ચક્રવર્તી રાજા ભરત વગેરે ઘરમાં જ તત્ત્વ-સંવેદન જ્ઞાન–કેવળજ્ઞાન બધું ય પામી ગયા હતા.

પરન્તુ એ તો કોઈને ઠેસ લાગી અને ધૂળનું ઢેફું ઊખડી જતાં નિધાન નીકળ્યા જેવી વાત છે.... તેથી શું તે કાંઈ માર્ગ બની જાય? બધા ય જાણીબૂઝીને ઠેસ વગાડે તો કાચો નખ ઉખડે, 'સેપ્ટીક' થાય અને હોસ્પીટલ ભેગા ય કદાચ થઈ જવું પડે. સ્મશાન ભેગા થાય તો ય નવાઈ નહિ.

ઝેર ખાઈને ય કોક જીવી જાય પણ તેથી ઝેર ખાવા

જેવી ચીજ કદી ન કહેવાય. અને દૂધ પીને ય કોઈ મરી જાય પણ તેથી કાંઇ દૂધ સર્વ માટે ત્યાજ્ય ન બની જાય.

ઉપદેશ તો રાજમાર્ગનો જ હોય. રાજમાર્ગે તો ગૃહવાસ અવશ્ય ત્યાજ્ય છે. સંસારમાં રહીને ધર્મની વાતો કરનારા તો સમ્યગ્દૃષ્ટિ પણ કહી શકાય નહિ. તો 'સંત' કહેવાની તો વાત જ ક્યાં રહી?

આવા સુંદર તત્ત્વસંવેદનજ્ઞાનની પ્રાપ્તિ ચારિત્ર્યમોહનીય કર્મના ક્ષયોપશમ સાથે થએલા જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે.

અજ્ઞાનાવરણના હ્રાસથી મતિ–અજ્ઞાનાદિ પ્રાપ્ત થાય. દર્શન મોહનીયના ક્ષયોપશમ સાથેના જ્ઞાનાવરણના ક્ષયોપશમથી આત્મ-પરિણતિમત્જ્ઞાન પ્રાપ્ત થાય.

ચારિત્ર્યમોહનીયના ક્ષયોપશમ સાથેના–સજ્જ્ઞાનાવરણના ક્ષયોપશમથી તત્ત્વસંવેદનજ્ઞાન પ્રાપ્ત થાય.

આ જ્ઞાન અવશ્ય વિરતિ આપે. વિરતિ અવશ્ય મોક્ષ આપે. પરન્તુ એ વિરતિ દેવગુર્વાદિ પ્રત્યેના પ્રશસ્ત રાગ યુક્ત હોય તો એ પ્રશસ્તરાગાદિજનિત પુણ્ય સ્વર્ગાદિ ઊત્તમ–અનાસક્ત-સુખોની દેન કરી દે. એટલે મોક્ષપ્રાપ્તિની વચમાં આટલો વિસામો ફરજિયાત કરવો પડે છે. એટલે એમ પણ કહી શકાય કે સરાગસંયમ સાક્ષાત્ સ્વર્ગાદિ આપે અને પરમ્પરયા અપવર્ગ આપે. [૭]

આવા સુંદર તત્ત્વસંવેદનજ્ઞાનને પામવા માટે સર્વ ભવ્યાત્માઓએ પ્રયત્ન કરવો જોઈએ.

તે માટે આત્મપરિણતિમત્ જ્ઞાન પામવું જોઈએ. એ માટે ય કદાગ્રહની જડ–જનમજનમની દુષ્ટતા ત્યાગી દેવી જોઈએ.

જે ત્યાગે છે જડ કદાગ્રહની, તે અવશ્ય પામે છે શ્રદ્ધાન જિનદર્શનનું અને અંતે અવશ્ય પ્રાપ્ત કરે છે જ્ઞાન તત્ત્વસંવેદનનું.

જે સર્વવિરતિધર્મની અણમોલ ભેટ આપે છે.

જો અંતરમાં છે આપ્તપુરુષોના વચનનો પ્રેમ તો આ દિશા સૂચનને ઝીલી લઈને, સંતે ચીંધ્યા માર્ગે કદમ માંડી દેવું જોઇએ. કૂચ તો એ કદમ કદમના બળથી આપોઆપ થતી રહેશે. અનેક કદમોનો સરવાળો જ કૂચ છે કે બીજુ કાંઈ? [૮]

# વૈરાગ્ય-અષ્ટક

[૧૦]

आर्त्तध्यानाख्यमेकं स्यान्मोहगर्भं तथा परम् ।
सज्ज्ञानसंगतं चेति वैराग्यं त्रिविधं स्मृतम् ॥१॥

વૈરાગ્ય ત્રણ પ્રકારના કહ્યા છે.

(૧) આર્ત્તધ્યાન

(૨) મોહ ગર્ભ.

(૩) સજ્જ્ઞાનગર્ભ.

इष्टेतरवियोगादि निमित्तं प्रायशो हि तत् ।
यथाशक्त्यपि हेयादावप्रवृत्त्यादिवर्जितम् ॥२॥

उद्वेगकृद्विषादाढ्यमात्मघातादिकारणम् ।
आर्त्तध्यानं ह्यदो मुख्यं वैराग्यं लोकतो मतम् ॥३॥

**આર્ત્ત ધ્યાન—વિરાગ**

ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગાદિ નિમિત્તે જ પ્રાયઃ આર્ત્ત-ધ્યાનવિરાગ જાગે છે. શકિત હોવા છતાં હેયમાં અપ્રવૃત્તિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિ થવા ન દેવાના કારણે જ આર્ત્તધ્યાન નામના આ વિરાગને સાચો વિરાગ કહેવાતો નથી. આ વિરાગ ઉદ્વેગ કરાવનાર, વિષાદથી ભરેલો, અને આત્મહત્યાદિનું કારણ બનતો હોય છે. મુખ્યત્વે તો આને આર્ત્તધ્યાન જ કહેવાય છે. છતાં લોકરૂઢિથી વિરાગ કહ્યો છે.

एको नित्यस्तथाऽबद्धः क्षय्यसद्वेह सर्वथा ।
आत्मेति निश्चयाद्भूयो भवनैर्गुण्य दर्शनात् ॥४॥

तत्त्यागोपशान्तस्य सद्वृत्तस्यापि भावतः ।
वैराग्यं तद्गतं यत्तन्मोहगर्भमुदाहृतम् ॥५॥

**મોહગર્ભ વિરાગઃ—**

આત્મા એકાન્તે એક છે, નિત્ય છે, અબદ્ધ છે, ક્ષણિક

છે કે એકાન્તે અસત્ છે આવા કોઈ પણ એકાન્તિક વિપરીત-જ્ઞાન નિશ્ચયથી વારંવાર સંસારની નિર્ગુણતાનું ભાન થાય. અને પછી તે સંસારનો ત્યાગ કરવામાં આવે. આવી રીતે સંસારનો ત્યાગ કરીને રાગાદિથી ઉપશાન્ત થનાર સુંદર આચારવાળાનો વિરાગ પણ અસલમાં તો મોહગર્ભ વિરાગ કહેવાય.

भूयांसो नामिनो बद्धा बाह्येनेच्छादिना ह्यमी ।
आत्मानस्तद्वशात्कष्टं भवे तिष्ठन्ति दारुणे ॥६॥

एवं विज्ञाय तत्त्यागविधिस्त्यागश्च सर्वथा ।
वैराग्यमाहुः सज्ज्ञानसङ्गतं तत्त्वदर्शिनः ॥७॥

"આત્મા અપેક્ષાએ અનેક છે, પરિણામી છે અને બાહ્ય એવા રાગાદિ અને કર્માદિથી બંધાએલા છે. આવા આત્માઓ આ ભયાનક સંસારમાં ખૂબ જ દુઃખ સાથે રહે છે." આવું સમ્યગ્જ્ઞાન પામીને જે આત્માઓ એ સંસારનો પરિત્યાગ કરવા માટે ઉદ્યમ કરે છે અને તેનો ત્યાગ પણ કરે છે તે આત્માઓનો વિરાગ જ્ઞાનગર્ભવિરાગ કહેવાય એમ તત્ત્વદૃષ્ટાઓએ કહ્યું છે.

एतत्तत्त्वपरिज्ञानान्नियमेनोपजायते ।
यतोऽतः साधनं सिद्धेरेतदेवोदितं जिनैः ॥८॥

આત્મતત્ત્વના યથાર્થજ્ઞાનથી આ જ્ઞાનગર્ભવિરાગ અવશ્ય ઉત્પન્ન થાય છે તેથી જ ભગવાન્ જિનેશ્વરોએ આ વૈરાગ્યને જ મોક્ષનું સાધન કહ્યો છે. પ્રથમના બે વૈરાગ્યને નહિ.

**વિવેચના :**

સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ અંતરમાં પથરાય અને રાગનો અંધકાર ઊભો રહે? કદી ન બને.

**વૈરાગ્ય વિનાનું જ્ઞાન ન હોય** એ તે વળી જ્ઞાન જ ન કહેવાય જે પ્રગટ થયા પછી પણ રાગાદિ પાપો જરા ય મંદ ન પડતા હોય.

રે! સૂર્ય પ્રગટ થાય અને અંધકાર કદી ઊભો રહી શકયો છે દુનિયામાં! હા. એની પણ બોલબાલા હોય પણ સૂર્ય ઉદય ન પામ્યો હોય ત્યાં સુધી જ. સૂર્યના આગમન પૂર્વના અરુણોદયના સમયથી જ અંધકાર નાસભાગ કરવા લાગી જાય.

માર્ગાનુસારિતાનું ન્યાયપરાયણ જીવન એ ચરમાવર્ત્તકાળમાં પ્રવેશેલા જીવનો અરુણોદય કાળ ગણાય. અહીં જ એના રાગાદિપાપોની કારમી તીવ્રતાને જીવલેણ ફટકો લાગી જાય.

પછી તો સમ્યગ્જ્ઞાનનો સૂર્યોદય થતાં ઝાઝી વાર લાગતી નથી. સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં રાગાદિપાપો ઊભા રહી શકતા નથી.

અહીં રાગાદિ શબ્દથી રાગાદિ ઉપરના રાગાદિ સમજવા.

સમ્યગ્જ્ઞાની આત્માને સંસારના સુખો ઉપર રાગ-તો થાય જ અને દુઃખો ઉપર દ્વેષ પણ થાય જ. પરન્તુ એ રાગ-દ્વેષ ઉપર એને રાગ દ્વેષ ન થાય. એને સુખરાગ ઉપર રાગ ન થાય; સુખરાગ એને સારો ન લાગે. અને દુઃખ દ્વેષ ઉપર રાગ ન થાય. દુઃખદ્વેષને એ આવકારે નહિ.

ઊલટું, સુખ ઉપર થઈ જતાં રાગ ઉપર એને દ્વેષ થાય!

રાગને જ એ ધિક્કારે અને દુઃખ ઉપર થઈ જતાં દ્વેષ ઉપર પણ દ્વેષ જ થાય. 'મને કેમ દુઃખ ઉપર દ્વેષ થાય છે? આ દ્વેષ ન થવો જોઈએ.'

આમ સમ્યગ્જ્ઞાની અવિરત–આત્માને સમ્યગ્જ્ઞાન થવાથી સંસાર સુખ ઉપરના રાગાદિ નિર્મૂળ થઇ જતા નથી પરન્તુ એ રાગાદિ ઉપરના રાગાદિ અવશ્ય નિર્મૂળ થઈ જાય છે.

**રાગનો રાગ :** રાગાદિ ઉપર રાગાદિ કરાવવાનું કાર્ય એક માત્ર અનંતાનુબંધી કષાયોનું છે. સમ્યગ્જ્ઞાની આત્માને આ કષાયનો હ્રાસ થઈ ગયો છે માટે જ તેના રાગાદિ ઉપરના રાગાદિ મરી પરવારે છે.

ત્યારે સંજ્વલન કષાય સિવાયના બધા ય કષાય પણ મરે છે કે દબાય છે. આ સ્થિતિ ચારિત્ર્યમોહનીયકર્મના ક્ષયોપશમથી સાધ્ય સર્વવિરતિની કક્ષામાં જ પ્રાપ્ત થાય છે. આથી જ સંયમધર આત્માઓને સુખ ઉપર પણ રાગ રહેતો નથી. તેથી તે સુખોને પણ તેઓ ત્યાગી દે છે.

આમ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ સુખભોગી હોઈને સુખ-વિરાગી હોય છે. જ્યારે સર્વવિરતિધર મહાત્માઓ સુખત્યાગી હોઈને સુખવિરાગી હોય છે.

આમ સુખવિરાગ તો બન્ને ય સ્થિતિમાં અબાધિત રહે છે.

જેટલો ભયાનક સુખ ઉપરનો રાગ નથી એટલો ભયાનક સુખના રાગ ઉપરનો રાગ છે.

રાગ ઉપરનો રાગ મરી પરવાર્યા પછી જો સુખરાગ ઊભો રહે તો પણ તે લગભગ મરવા પડયા જેવો ગણાય. બેશક, એ સ્થિતિ જોખમી ઘણી. કેમકે કયારેક એ સુખરાગના સંયોગોમાં રાગ ઉપરનો રાગ ફરી જાગી પડતાં વાર ન લાગે. પરન્તુ રાગ ઉપરનો રાગ એક વાર પણ તમ્મર ખાઇને ઢળી પડે પછી તેનું ઘણું બળ ખતમ થઈ જાય છે.

સમ્યગ્દષ્ટિ આત્માઓને સુખ ઉપર રાગ હોવા છતાં એ રાગ ઉપરનો રાગ લગભગ મરી પરવાર્યો હોય છે માટે જ એમને મહાત્મા

સમ્યગ્જ્ઞાની કહેવામાં આવ્યા છે. સુખરાગના રાગનું ઝેર નીચોવાઈ ગયા પછી સુખરાગની કાંચળીની ઝાઝી ચિંતા નહિ. એ કાંચળીને પણ ઊતરી જતાં ઝાઝી વાર લાગે પણ નહિ.

આવા મહાત્માઓ સંસારમાં રહેવા છતાં સુખરાગી હોવા છતાં રાગ ઉપરના વિરાગના કારણે સુખવિરાગી જ કહેવાય છે. એમની અધમપ્રવૃત્તિ પણ ભારે ઉદાસીનતાથી ભરેલી હોય છે. આવા આત્માઓ સુખ ભોગવવા છતાં એમાં લીન બની જતા નથી અને દુઃખથી ઘેરાઇ જવા છતાં દીન બની જતા નથી. કર્મે દીધાં ગમે તે સંયોગમાં સમ્યગ્જ્ઞાનના બળે આ આત્માઓ અપૂર્વ સ્વસ્થતા જાળવી શકે છે,

આત્માનું આ સ્વાસ્થ્ય તે જ વૈરાગ્ય છે.

આવા સુંદર વૈરાગ્યનું સ્વરૂપ જાણવા પૂર્વે આપણે જગત્‌ના કહેવાતા બીજા બે વૈરાગ્યોનું સ્વરૂપ જોઇએ.

આમ વૈરાગ્ય ત્રણ પ્રકારના છે.

(૧) આર્ત્તધ્યાનાત્મક–દુઃખગર્ભ વિરાગ.

(૨) મોહગર્ભ–વિરાગ.

(૩) સજ્જ્ઞાન સંગત–જ્ઞાનગર્ભ વિરાગ.

આ ત્રણે ય વિરાગનું સંક્ષિપ્ત સ્વરૂપ જોઇએ.

**આર્ત્તધ્યાન** : ઇષ્ટ વસ્તુઓના સંયોગનું, સંયોગ થઇ ગયો હોય તો ભાવીમાં સંભવિત વિયોગનું દુઃખ જીવને સતત સચિંત રાખતું હોય છે.

એ જ રીતે અનિષ્ટના સંયોગનું અને સંયોગ ન થયો હોય તો ય ભાવીમાં સંભવિત એ સંયોગનું દુઃખ પણ જીવને સતત પજવતું રહે છે.

એની પાસે ઈષ્ટ સુખની સામગ્રી હોય તો ય એ સામગ્રીના

ભોગવટાનું પૂર્ણ સુખ અનુભવી શકતો નથી કેમકે એ સામગ્રીના વિરહનો સંભવિત ભય એને સતત ત્રાસ પમાડી રહ્યો હોય છે. એ જ વખતે અનિષ્ટના આગમનની અમંગળ આગાહી પણ એને ગભરાવતી હોય છે.

આમ ઇષ્ટના વિયોગમાં કે અનિષ્ટના સંયોગમાં તો સંસારી જીવો દુઃખી હોય જ છે પરન્તુ ઇષ્ટના સંયોગમાં અને અનિષ્ટના વિયોગમાં પણ ભાવીના અમંગળ એંધાણની કલ્પનાઓથી એ આત્માઓ સંતપ્ત રહ્યા કરે છે.

અધ્યાત્મસાર ગ્રન્થમાં મહોપાધ્યાયજીએ સંસારના તમામ સુખવૈભવોને ચાર રીતે સ્વતઃ દુઃખસ્વરૂપ કહ્યા છે.

આમ સંસારના સુખી અને દુઃખી સહુ જીવો વસ્તુતઃ દુઃખના જ ચિંતનમાં ગરકાવ થએલા છે.

ઋત એટલે દુઃખ....દુઃખમાંથી ઉત્પન્ન થતી ચિત્તની એકાગ્રતા તે આર્ત્તધ્યાન.

સુખમાં ય સંભવિત ભાવી દુઃખોના ભયના ફફડાટ! દુઃખમાં ય વર્ત્તમાન તાપના કારમા સંતાપ! સહુ આર્ત્તધ્યાનમાં સબડે છે સુખી અને દુઃખી.

આ આર્ત્તધ્યાન જ નકલી વિરાગનું સ્વરૂપ પકડે છે. ઇષ્ટની પ્રાપ્તિ ન થાય તો તે ઇષ્ટ તરફ વિરાગ જાગી જાય. વિરાગ એટલે પુણ્યાઈના અભાવે મનને મારી નાંખવાથી ઉત્પન્ન થતો કામચલાઉ મનનો નિરીહભાવ.

આવું જ અનિષ્ટના સંયોગમાં પણ બને છે. પુણ્યાઈની મંદતા હોય તો જ અનિષ્ટનો સંયોગ થાય. પરાણે થતાં આવા સંયોગો ઉપર દ્વેષ તો જરૂર જાગે પણ અંતે તેને ય નભાવી લેવા માટે મનને મારી નાંખ્યે જ છૂટકો થાય છે.

હા, આ બે ય સ્થિતિમાં ચિત્તની અનોખી પ્રસન્નતા

જળવાઈ રહે એ તો ધર્મધ્યાનનું કાર્ય કહેવાય. પરન્તુ અહીં તો મનના ભયંકર કકળાટ સાથે–લાચારીપૂર્વક–પરાણે મનને મારી નાંખવાનું બને છે. આવી રીતે મનને મારી નાંખવાથી જે વિરાગ ઉત્પન્ન થાય છે એ વસ્તુતઃ વિરાગ જ નથી. પણ જગત્માં કામચલાઉ વિરાગ તરીકેનું સ્વરૂપ એ આર્ત્તધ્યાનનું દેખાતું હોય છે માટે જ એને વિરાગનું એક નકલી પણ સ્વરૂપ કહી શકાય.

જેમ ઈષ્ટના અસંયોગમાં (વિયોગમાં) અને અનિષ્ટના સંયોગમાં મનને મારી નાંખીને શાન્ત કરવારૂપ નકલી વિરાગનો જન્મ થાય છે તેમ ઇષ્ટના સંયોગમાં અને અનિષ્ટના વિયોગમાં પણ ભોગજનિત તૃપ્તિ સ્વરૂપ નકલી વિરાગ ઉત્પન્ન થાય છે.

વસ્તુ મળી જાય, ભોગવાય અને પછી જે તૃપ્તિ થાય છે તે વિરાગનું જ ભોગજનિત ભ્રાન્ત સ્વરૂપ છે.

ખૂબ ભૂખ્યો થએલો બ્રાહ્મણ લાડુનો થાળ જોઇને એ લાડુનો અત્યન્ત રાગી બની જાય છે. પછી જેમ જેમ તે લાડું ખાતો જાય છે તેમ તેમ તેનો લાડુ પ્રત્યેનો રાગભાવ મંદ પડતો જાય છે, છેવટે એક પળ એવી આવી લાગે છે જ્યારે લાડુની તૃપ્તિ થતાં લાડુ પ્રત્યે વિરાગ જાગી જાય છે.

ભોગજનિત આ વિરાગ પણ કામચલાઉ હોઈને જરા ય સારો નથી.

આમ ઇષ્ટ વગેરેના સંયોગ–વિયોગમાં જે આર્ત્તધ્યાન થતું રહે છે તે નકલી વિરાગસ્વરૂપ બની રહેતું હોવાથી જ તેને આપણે વિરાગના ભેદોમાં સમાવી લીધું છે.

આ આર્ત્તધ્યાનાત્મક વિરાગના મૂળમાં દુઃખ જ હોય છે માટે આ વિરાગને દુઃખગર્ભ વિરાગ કહેવાય છે.

**(૨) મોહગર્ભ વિરાગ :** મોહ એટલે મિથ્યાત્વ.

મિથ્યાત્વ એટલે અજ્ઞાન.

જેના મૂળમાં છે એવો વિરાગ મોહગર્ભવિરાગ કહેવાય છે. સવિસ્તર વર્ણન તો આપણે પછી કરીશું.

## (૩) જ્ઞાનગર્ભ વિરાગ :

જગત્‌ના ઇષ્ટ અનિષ્ટ પદાર્થોનું તાત્ત્વિક જ્ઞાન થતાં એ પદાર્થો પ્રત્યે જે ઉદાસીનભાવ જાગે છે તે જ વિરાગ છે. આ વિરાગના મૂળમાં તાત્ત્વિકજ્ઞાન હોવાથી એને જ્ઞાનગર્ભવિરાગ કહેવામાં આવે છે.

આમ દુઃખના કારણે, અજ્ઞાનના કારણે અને સજ્‌જ્ઞાનના કારણે-એમ ત્રણ રીતે જગત્‌ના પદાર્થોથી વિરાગ થાય છે. આમાં પ્રથમનાં બે વિરાગ નકલી છે જ્યારે ત્રીજો વિરાગ અસલી છે.

હવે આપણે વિસ્તારથી આ ત્રણે ય પ્રકારના વિરાગનું સ્વરૂપ જોઈએ.

આ. ભગવાન્ હરિભદ્રસૂરિજી મહારાજાના અષ્ટક પ્રકરણની સાથે સાથે મહોપાધ્યાયજીના અધ્યાત્મસારને પણ આપણે નજરમાં રાખીને જ ત્રણે ય પ્રકારના વિરાગનું સ્વરૂપ તપાસીશું.

## દુઃખગર્ભવિરાગ :

### આર્ત્તધ્યાનસ્વરૂપ

ઇષ્ટના વિયોગમાંથી અને અનિષ્ટના સંયોગમાંના, ઇષ્ટાનિષ્ટના ભાવિ સંભવિત સંયોગ-વિયોગના ચિંતનથી થતું દુઃખમય ધ્યાન તે આર્ત્તધ્યાન છે.

ઇષ્ટનો સંયોગ થાઓ તે ચિંતન પણ આર્ત્તધ્યાન.

ઇષ્ટનો વિયોગ ન થાઓ તે ચિંતન પણ આર્ત્તધ્યાન. અનિષ્ટનો વિયોગ જ રહો તે ચિંતન પણ આર્ત્તધ્યાન. અનિષ્ટનો સંયોગ ન થાઓ તે ચિંતન પણ આર્ત્તધ્યાન.

જીવનની ગમે તે પળોમાં આમાંનું કોઈ ને કોઈ ચિંતન તો સદા ગતિશીલ રહ્યા જ કરે. માટે સંસારી આત્માઓ સદા આર્ત્તધ્યાન યુક્ત હોય. રે ! છઠ્ઠા ગુણસ્થાને રહેતા પ્રમત્ત મહાત્માઓ પણ ક્યારેક આ ધ્યાનની ચુંગાલમાં ફસાઈ જાય છે.

કેટલીકવાર તો ન થયો હોય ઇષ્ટનો વિયોગ કે ન થયો હોય અનિષ્ટનો સંયોગ; ન હોય કોઇ–ભાવીની અમંગળ આગાહી; છતાં જીવ ફોગટ વિકલ્પો કરીને આર્ત્તધ્યાન કરતો રહે તેવું પણ બની જાય છે. અને જગત્ માત્રથી એને વિરાગ આવી જાય છે.

આ બધું ય મનનું તોફાન માત્ર હોય છે. અસલમાં તો અહીં ક્યાં ય સાચો વિરાગ હોતો જ નથી. કેમકે જો ખરેખર તે તે વસ્તુથી વિરાગ થયો હોય તો પોતાની શક્તિ મુજબ તો તે વસ્તુનો ત્યાગ કરી દેવો જોઇએ ને ? પોતાને જે હેય ચીજ દુઃખના નિમિત્તો પણ હેય લાગી તો તેનો પરિત્યાગ કરી દેવાની પ્રવૃત્તિ પણ હોવી જોઈએ ને ? અથવા તો જે કાંઈ ઉપાદેય વસ્તુમાં ઉપદેયતાની બુદ્ધિ જાગી તે ઉપાદેયનો સ્વીકાર તો કરવો જોઈએ ને ?

દુઃખનિમિત્તો પણ હેયને હેય જાણવું અને ઉપાદેયને જ ઉપાદેય જાણવું–એ ય સુંદર થઇ જાય જો એ હેયનો ત્યાગ કરી દેવામાં આવે અને ઉપાદેયનો સ્વીકાર કરી લેવામાં આવે.

પરન્તુ જો તેવું જોવા ન મળે તો તે દુઃખજનિત આર્ત્ત-ધ્યાનને વાસ્તવિક વિરાગસ્વરૂપ કેમ કહી શકાય ?

જ્યારે વાસ્તવ વિરાગ જાગે ને ત્યારે તો આત્મા પોતાના સામર્થ્ય મુજબ હેય એવા વિષયભોગોનો અવશ્ય પરિત્યાગ કરે, અને ઉપાદેય એવા તપધ્યાન વગેરેનો અવશ્ય સ્વીકાર કરે. [૨]

**નકલી વિરાગ** વળી આ નકલી વિરાગ મનને ખૂબ ઉદ્વિગ્ન રાખતો હોય છે. વસ્તુતઃ હૈયનો પ્રેમ વસ્યો હોય છતાં કર્મની પ્રતિકૂળતાએ માર ખાઇને એ વસ્તુ પ્રત્યે તિરસ્કાર દેખાડાતો હોય; આ દ્વિધાભાવ જ એના મનને ભારે ઉદ્વેગમાં પલોટી રાખે છે. ઉદ્વેગ એટલે મનની અસ્થિરતા, અસ્વસ્થતા.

એટલું જ નહિ પણ આવા નકલી વિરાગીનું મન દીનતાથી ઊભરાઇ જાય છે. 'પોતાનું ધાર્યું ન થયાનું' દુઃખ એના મનને સખ્ત ફટકારૂપ બને છે. એથી એ મન ખૂબ જ વિષાદ અનુભવતું બની જઈને સત્ત્વહીન બની જાય છે; પછી ગમે ત્યાં ગમે તેવી યાચના–પ્રાર્થના કરતાં ય એ લાજતું નથી. જરાક વધુ પ્રતિકૂળતાને એ ખમી શકતું નથી.

જ્યારે મનના આ સંતાપ હદ વટાવી જાય છે ત્યારે સંતાપની જ્વાળાઓમાં શરીરનું આરોગ્ય પણ ઝડપાય છે એ પણ શક્તિહીન બનતું જાય છે.

ક્યારેક તો વળી વાત હજી આગળ વધે છે. મનની દીનતા આત્માને ખૂબ જ હીણો–જગત્માં જીવવા માટે પણ નાલાયક કલ્પવા લાગે છે.

આ પ્રત્યાઘાત જીવલેણ નીવડે છે. દુઃખગર્ભ વિરાગીને આપઘાત કરવાનું આસુરી બળ સ્પર્શી જાય છે. બધી જ રીતે અત્યન્ત નબળો બનતો માણસ જીવનમાં એક જ વાર અત્યન્ત બળવાન બને છે, કાં કોઈને મારવા માટે; કાં તો જાતે મરી જવા માટે.

આ છે; આર્ત્તધ્યાનનું શુદ્ધસ્વરૂપ. આવા આર્ત્તધ્યાનને વસ્તુતઃ વિરાગ કહેવાય જ નહિ. પરન્તુ લોકરૂઢિ એવી છે માટે જ એને અહીં પણ આપણે વિરાગ કહ્યો.

મહોપાધ્યાયજીએ અધ્યાત્મસારમાં પણ દુઃખગર્ભ, મોહગર્ભ અને જ્ઞાનગર્ભ–એમ ત્રણ પ્રકારના વિરાગ કહ્યા છે.

તેઓશ્રીએ ત્યાં કહ્યું છે કે સાંસારિક વિષયો પ્રાપ્ત ન થવાથી જે લોકોને સંસાર ઉપર તિરસ્કારભાવ જાગી જાય છે તે તિરસ્કારભાવને વિરાગ કહેવાય છે. પરન્તુ આ વિરાગ સંસારમાં જીવે કલ્પેલા સુખો ન મળવાથી અથવા તો અણકલ્પ્યાં દુઃખો તૂટી પડવાથી જાગતો હોય છે.

આવા વિરાગી માણસો સંસાર ત્યાગી દે તેવું પણ બને અને કષ્ટદાયક લોચ, ઘોર વિહાર અને ઉગ્ર ગુર્વાજ્ઞાપાલન કરે તે પણ બને. પરન્તુ એ બધાયમાં એ લોકોને જરા ય આનંદ તો ન જ આવે. દુઃખનો એક ધીમો તાપ (ઉગ્ર તાપ કરતાં ય ભયંકર) એમના અંતરને ચોવીસે ય કલાક શેક્યા કરતો હોય છે.

વિષયોના ત્યાગમાં જ સુખની વાતો કરતું શાસ્ત્ર પણ એમને તો જરા ય શાન્તિ આપી શકતું નથી.

જેને કર્મે લાત મારીને સુખમય સંસારથી કાઢી મૂક્યો છે, જે સ્વેચ્છાએ એ સંસારને લાત મારીને ચાલી નીકળ્યો નથી એ માણસ શાસ્ત્ર વાંચે તો ય શું ? અને ન વાંચે તો ય શું ? એના માટે બધું ય સમાન છે.

આવા માણસો તો શાસ્ત્ર હાથમાં પકડી રાખીને પણ સુખમયસંસારમાં પુનઃ પ્રવેશ કરવા માટેની વ્યૂહરચનામાં જ એકાકાર બની રહેતાં હોય છે. એમની શાસ્ત્રીય વિદ્વત્તા, તપશ્ચર્યા વગેરે બધું ય પેલા સુખમય સંસારના પુનરુદ્ધાર કરવાની દૃષ્ટિથી જ હોય છે.

જો મળી જાય કોઈ તક, તો આ લોકો એને ઝડપી લીધા વિના રહી શકતા નથી.

અંતરથી પડેલો....રે! જે ચડ્યો જ નથી એને પડવાનું ય શું? મનનો નપુંસક....આ માણસ કાયાને પણ ફરી પાડી દે છે; એ જ પાપમય સંસારમાં....સુખ પામવાની કલ્પના, અને સુખ પામવાના પદ્ધતિસર કરી રાખેલા ગણિત સાથે....

મહોપાધ્યાયજી તો કહે છે કે દુઃખથી કંટાળીને સંસારમાંથી ભાગી છૂટેલા એ લોકો સાધુવેષ સ્વીકારવા પૂર્વે જ વિચારી રાખે છે કે જો સાધુવેષમાં પણ ભોગસુખની મોજમજા ન મળી તો તેને ફગાવી દઈને પાછા ક્યાં આવી જવું?

આપત્તિકાળે લશ્કરમાં યુવાનોની ફરજિયાત ભરતી કરવામાં આવે છે. એ વખતે કેટલા કિલબતુલ્ય યુવાનોને પણ ફરજિયાત રણમોરચે જવું પડે છે. આવા યુવાનો રણમોરચે કૂચ કરતાં કરતાં જ ચારે બાજુની ઝાડીમાં, ચારે બાજુના ડુંગરોમાં નજર નાંખતા જાય છે. જો ચીફ કમાન્ડરની નજરચૂક કરી શકાય તો મોરચેથી નાસી છૂટીને ક્યાં ભરાઈ જવું તે માટેનું સ્થાન શોધી રાખે છે. આવા લોકો યુદ્ધમોરચે તક મળતાં જ નાસી છૂટે તેમાં કશી નવાઈ નથી.

દુઃખથી ત્રાસેલો જ્યારે સંસારનો ત્યાગ કરે ત્યારે જો સાધુવેષમાં ય તેને દુઃખનો અનુભવ થવા લાગે તો તે સાધુવેષને પડતો મૂકીને એ નાસી જ છૂટે.

આવા દુઃખત્રાસેલા જીવો સાધુવેષમાં પણ મોટો સંસાર ખડો કરી દેવા માટે લોકરંજન કરવા માટે થોડું તર્કશાસ્ત્ર ભણીને જડબાતોડ હાજર જવાબી બની જાય છે, જ્યોતિષ ભણી લઈને ભોગભૂખ્યાં લોકોના સંદેહ સંતોષી આપે છે, વૈદક ભણી લઇને ભોગીઓના ભોગ આડે આવતાં રોગ શાન્ત કરી આપે છે.

ભોગભિખારી જગત્‌ને વગર પૈસાનો આ વકિલ, આ જોષી કે આ વૈદ ખૂબ માફક આવી જાય છે. સહુ એની પાછળ

ઘેલાં બને છે. એની ભક્તિમાં એકતાન બને છે. ભક્તો ખેંચાય છે. ભક્તાણીઓ એથી જલદી ખેંચાય છે. વિજાતીયનું આકર્ષણ ખૂબ જ ઝડપી હોય છે જેટલું સજાતીયનું નથી હોતું. કુદરતનો એ કાનુન છે. એમાં કેમ? શાથી? વગેરે પ્રશ્નો ઊભા કરી શકાય જ નહિ.

આવા દોરાધાગીઓ, જંતરમંતરકારકો, છક્કા પંચા દેખાડનારાઓને ભક્ત–ભક્તાણી મંડળ સાથે ભારે મોજ આવી જાય છે.

બે ય એકબીજાની વાહ વાહ કરે છે.

બે ય એકબીજાની ભૂખ સંતોષે છે. આવા નીચવૃત્તિના સાધુઓ સંસારમાં રહેત તો એક રસોડાની રસોઈ જમત; હવે અહીં અગિયાર રસોડાના ભોજન લે છે. દૂધપાક, શીખંડ અને બાસુદી–ત્રણે ય એક જ ટંકે મેળવી શકાય એવી વૈજ્ઞાનિક તાકાત પ્રાપ્ત કરે છે.

જગતના જીવોને એક સ્ત્રી, એક ઘર, એક પેઢી વગેરે હોય છે. આને તો કોઈ મર્યાદા જ હોતી નથી.

દુઃખનો માર્યો સુખની એવી આગભૂખે રિબાતો હોય છે કે એને ભારે ભોગ આપીને પણ શાન્ત કરી શકાતી નથી.

આવા દંભી વેષધારીઓ શાસ્ત્રના મર્મોને સ્પર્શી પણ શકે એ તો સ્વપ્નમાં ય અશક્ય બાબત છે.

આવા લોકોને ગૃહસ્થથી ચડિયાતા પણ કેમ કહેવાય? હજી તો ગૃહસ્થધર્મ પણ તેઓ પામ્યા નથી ત્યાં? વળી આમને સાધુ પણ કેમ કહેવાય? હજી જઘન્ય સાધુધર્મને સ્પર્શ્યા જ નથી ત્યાં?

મહોપાધ્યાયજી કહે છે કે ઓ ધર્મજિજ્ઞાસુઓ! દુઃખગર્ભ વિરાગનું આ ટૂંકું લક્ષણ સમજી લો કે ઘરમાં ખાવાનાં ય ફાંફાં છે અને સાધુવેષમાં તો રોજ લાડુ–પૂરીના ભોજન મળી શકે

છે માટે સાધુ થવામાં ઔર મજા! સંસારી પણ ન માણી શકે તેવા સુખ સાધુવેષમાં જ માણી શકાય." આવો જે વિચાર તે જ દુઃખગર્ભવિરાગનો વિચાર! આવો વિચાર કરનાર આત્મા દુઃખગર્ભવિરાગી કહેવાય.

પેલો મહર્ષિ મેતાર્યનો ઘાતક સોની! જાણો છો ને કે એણે મરણના દુઃખના ભયથી, જીવનની કારમી ઇચ્છાથી સાધુનો વેષ પહેરી લીધો હતો! એને એ વખતે સંસારમાં રહેવાથી મોતનું દુઃખ આંખ સામે રમતું દેખાતું હતું. એનાથી બચવાનો એક જ રસ્તો એણે જોયો હતો. સાધુવેષનું ઉતાવળે પરિધાન....

અને એ બની ગયો સાધુ....

આ સોનીને મરણના દુઃખથી જાગેલો સંસાર પ્રત્યેનો તિરસ્કાર એ દુઃખગર્ભવિરાગ કહેવાય.

પણ ચક્રવર્તી સનત્કુમારને ય રોગના દુઃખે, અને નમિ-રાજર્ષિને ય દાહવેદનાના દુઃખે, શાલિભદ્રજીને કોઈની ગુલામીના દુઃખે જ વિરાગ થયો હતો. છતાં તે દુઃખગર્ભવિરાગ ન કહેવાય. કેમકે એ દુઃખથી સંતપ્ત આત્માઓએ આ દુઃખોના મૂળમાં પાપ જોઈને, સંસારના સુખના ભોગવટા જોઈને–એ પાપોથી અને સુખોથી જ તેઓ ત્રાસી ગયા હતા. એમનો દુઃખવિરાગ, પાપવિરાગમાં–સુખવિરાગમાં પરિણમી ગયો હતો. સુખને જ પાપ માનવું એ જ મોટામાં મોટું બ્રહ્મજ્ઞાન છે.

આમ એમનો દુઃખગર્ભવિરાગ, જ્ઞાનગર્ભવિરાગમાં પરિણમી ગયો હતો માટે એમને દુઃખગર્ભવિરાગી કહી શકાય નહિ. [૩]

**૯ મોહગર્ભવિરાગ** :—મોહ એટલે અજ્ઞાન.

વસ્તુના સ્વરૂપનું વિપરીત જ્ઞાન એ પણ અજ્ઞાન જ કહેવાય.

જડ અને ચેતન.

આ બે જ તત્ત્વ સમગ્ર વિશ્વમાં છે. આ બે ય ના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન કહેવાય.

વીતરાગ સર્વજ્ઞ ભગવાન્ જિનેશ્વર દેવોએ આવું સમ્યગ્જ્ઞાન જગતને આપ્યું

'આત્મા' નું સ્વરૂપવર્ણન કરતાં તેમણે જણાવ્યું કે (૧) આત્મા જેવું એક સ્વતન્ત્ર તત્ત્વ છે. (૨) તે પરિણામી નિત્ય છે, (૩) જડકર્મોથી તે બંધાય છે, (૪) કર્મોના વિયોગથી તે મુક્ત થઈ શકે છે. (૫) આત્માનો મોક્ષ થઈ શકે છે (૬) એ મોક્ષ પામવા માટેના રત્નત્રયી સાધન છે.

આ છ સ્થાનના સવિસ્તર વર્ણનમાં 'આત્મા' નું સંપૂર્ણ સ્વરૂપ સમજાવી શકાય.

પરન્તુ કેટલાકોએ આ માન્યતામાં કયાં યને કયાં ય વિરોધ દર્શાવ્યો. અને એ વિરોધી માન્યતાઓવાળા મમતે ચડયા અને એમણે મત ચલાવ્યા.

આર્યદેશની સંસ્કૃતિ જ એવા પ્રકારની છે કે ત્યાં ધર્મ અંગેના વિચારો સદા ચાલતા રહે છે.

મોહરાજનું તોફાન એવા પ્રકારનું છે કે અનેક લોકો મિથ્યામતો ચલાવવામાં પોતાનું બળ સફળતાપૂર્વક અજમાવી શકે છે.

થોડી અર્થકામની વાતો સાથે હોય; એના પ્રલોભનો આપવામાં આવે પછી ગમે તે મત ચાલુ થઈ જાય.

આખો દી ચલમ ફૂંકતો ગંજેરી બાવો પણ ધારે તો એક જ દિવસમાં નવો ફતવો ઊભો કરી શકે.

અર્થકામના ભોગભોખ્યું જગત્ છે. અર્થકામ પૂર્ત્તિ કરી આપનાર ધર્મ એને સહેલાઈથી મંજૂર બને છે. આ રીતે સંસાર ચાલ્યો જાય છે.

કેવળ અર્થકામના પ્રલોભનો ઉપર જ મતમતાંતરો ચાલે છે એમ પણ નથી કહેવું. બહુધા આમ બનતું હોય છે. કેટલાકો વળી યોગસાધના વગેરે કરીને પોતાને જે સૂઝ પ્રાપ્ત થાય છે તેની ઉપર પણ મત ચલાવતા હોય છે. બેશક, એ સૂઝ અલ્પ-જ્ઞાનથી જન્મેલી હોય છે. એટલે 'આત્મા' વગેરે પદાર્થોના વાસ્તવિક સ્વરૂપદર્શનમાં તેઓ જરૂર થાપ ખાઇ જતા હોય છે.

આવા ધર્મ–ધર્માન્તરોનું પણ એક જગત્ બને છે. એ જગત્‌ના લોકો પોતાના ધર્મપ્રણેતાએ આપેલી દિશા મુજબ પોતાનું જીવન ઘડતા હોય છે. એવું જીવન જીવનારો દરેક મતાનુયાયી પોતાને ધાર્મિક માનતો હોય છે. સત્પંથનો પથિક માનતો હોય છે, સચ્ચિદાનંદસ્વરૂપની પ્રાપ્તિ માટેનો સાચો અધિકારી માનતો હોય છે.

બકરી ઇદના દિવસે બકરાં કાપતો મુસલમાન એ કતલમાં ધર્મ જ માનતો હોય છે, યજ્ઞયાગાદિમાં પશુવધ કરનારો એ વધક્રિયામાં ધર્મ જ માનતો હોય છે, અર્થકામની વાસનાઓની તૃપ્તિ ખાતર ધર્મ કરનારો એ ધર્મમાં શુદ્ધધર્મની જ કલ્પના કરતો હોય છે. શૌચવાદી કાયશૌચમાં ધર્મ જ માનતો હોય છે.

વરવહુના હસ્તમિલાપ કરી આપવામાં બ્રાહ્મણ શુદ્ધધર્મ માનતો હોય છે, ઇશ્વરની વિષય–લીલાઓમાં એ ધર્માનુયાયીઓને શુદ્ધ ધર્મ જ દેખાતો હોય છે; લીલ–ફુલના ભોજનમાં અનંત-જીવોનો કચ્ચરઘાણ બોલાઇ જવા છતાં ત્યાં ધર્મ જ મનાતો હોય છે, ગૃહસ્થાશ્રમને ધર્મ જ માનવામાં આવ્યો છે, સંતતિ-પ્રાપ્તિમાં ધર્મ જ ગણવામાં આવ્યો છે,

જે મતોએ ધર્મનું જે સ્વરૂપ દેખાડ્યું તે સ્વરૂપને તે મતાનુયાયીઓએ ધર્મ કહી દીધો.

એવા ધર્મથી આત્મા પવિત્ર જ બને એમ સહુએ કહ્યું.

જીવદયા પાળનારો ય પોતાને ધર્મી કહે. તો બકરી કાપનારો ય પોતાને ધર્મી કહે.

પણ તેથી કાંઈ અધર્મ કદી ધર્મ બની જતો નથી. ઝેરમાં અમૃતની કલ્પના કરવાથી ઝેર કદી અમૃત બની જતું નથી. ગમે તે કાળમાં ગમે તે ક્ષેત્રમાં ઝેર તે ઝેર જ રહે છે. તેને ખાઈ લેનારા સુખી થતા જ નથી.

આથી જ કલિકાલ સર્વજ્ઞભગવંતે વીતરાગસ્તોત્રમાં કહ્યું છે કે, "હે ભગવન્ ! 'બધા ધર્મો સમાન છે' એવી વાતો કરનારા કેટલા મૂર્ખ છે ? ઝેર અને અમૃત કદી સરખા કહી શકાય ! કહેનારો બેવકુફ જ ગણાય ને ? એક માણસ પોતાના માનેલા ધર્મે બતાડેલો આચાર ગમે તેટલો સુંદર પાળે પણ જો મૂળ સમજમાં જ ખામી હોય તો તેના સદાચારનું વાસ્તવફળ પ્રાપ્ત થઇ શકે નહિ. આત્મા વગેરેના સ્વરૂપનું મિથ્યાજ્ઞાન એ જ એવું ભયંકર ઝેર છે કે તે ગમે તેવા કહેવાતા સુંદરમાં સુંદર આચારનું પણ સુંદર ફળ આવવા દેતું નથી.

આંતરડામાં પડેલું ચાંદુ જ જોઇ લો. પછી ગમે તેટલી ઊઠબેસ કરવાની કસરત કરાય, વિધિ અને ગુરુગમ બે ય ની સાથે....પણ તે કારગત ન જ નીવડે.

મિથ્યાત્વના ચાંદાની રૂઝ વિના બધું જ નકામું.

આવા ચાંદા સાથેની સુંદરમાં સુંદર ઊઠબેસ કરનારાઓનો તો આ દુનિયામાં રાફડો ફાટ્યો છે.

મિથ્યા સૂઝ સાથેનો જગત્ પ્રત્યેનો વિરાગ એ મોહગર્ભ વિરાગ કહેવાય છે.

કેટલાકોને આત્મા એક જ લાગ્યો અને એનું ચિંતન કરતાં જગત્થી વિરાગ થયો, કેટલાકને આત્મા કૂટસ્થનિત્ય સમજાયો, અને એના ચિંતનમાં આગળ વધતાં જગત્થી વિરાગ થઈ ગયો,

કેટલાકને એકાન્તે સ્વપ્નતુલ્ય જગત્ જણાયું અને વિરાગ થઈ ગયો.

આવી જાતના બધા જ વિરાગને મોહગર્ભવિરાગ કહેવાય.

આત્મા અંગેના એવા એકાન્ત પ્રતિપાદનોના કેટલાક નમૂના આપણે અહીં જોઈએ.

**આત્માનું એકત્વ અને લોકવ્યાપિત્વ :**

ઋગ્વેદના દસમા મંડલના નેવુંમાં સૂક્તમાં એક એવા મતનું સમર્થન કરવામાં આવ્યું છે કે સમગ્ર વિશ્વમાં આત્મા એક જ છે. આત્મા જ છે. બીજું કોઈ તત્ત્વ આ વિશ્વમાં છે જ નહિ. આત્માની મુક્તિનો સ્વામી આત્મા જ છે. આ આત્મા જ હાલે છે, ચાલે છે, કંપે છે, એ જ નજીકમાં છે, એ જ દૂર છે. આ દેખાતા વિશ્વની આધ્યાત્મિક વસ્તુ એક માત્ર આત્મા છે.

આ જ મતને અનુસરતા બીજા કેટલાક લોકોએ બ્રહ્મ–બિન્દુમાં કહ્યું છે કે પૃથ્વી, જલ વગેરે સઘળા ય ભૂતમાં એક જ આત્મા રહેલો છે. દરેક ભૂતમાં જુદો જુદો આત્મા હોઇ શકે નહિ જેમ એક જ ચન્દ્ર નદી, તળાવ, કુવા, વગેરેની જુદાઇના કારણે અનેક પ્રતિબિંબ રૂપે દેખાય છે તેમ એક જ આત્મા જુદા જુદા ભૂતમાં પૃથક્ પૃથક્ સ્વરૂપે ભાસે છે.

આ જ વિધાનને પુષ્ટ કરતાં બીજા કેટલાક કહે છે કે નિત્યજ્ઞાનપરિણામી આત્મા જ પૃથ્વી, તેજ, જલાદિ સ્વરૂપમાં દેખાય છે એટલે પૃથ્વી આદિના જુદા જુદા આત્મા ભાસે છે પરન્તુ વસ્તુતઃ તો આત્મા નિત્યજ્ઞાનસ્વરૂપે એક જ છે.

આમ આ વિચારધારાને અનુસરતા સઘળા મતો આત્માને એક માને છે અને તેને સર્વલોકવ્યાપી કહે છે.

આત્મા અનેક છે, એ પ્રથમ સ્થાનની વિરોધી વિચાર ધારા જોઈ.

**આત્મા અનેકસ્વરૂપે છે પરન્તુ એકાન્ત નિત્ય છે.** બીજી વિચારધારા એવી છે કે આત્મા એક તો નથી. જગત્માં આત્માઓ તો અનંત છે. પરન્તુ તે દરેક આત્મા નિત્ય છે.

નિત્ય એટલે તેના સ્વરૂપમાં કદી–કોઇ પણ સંયોગમાં–કશો ય ફેરફાર થતો જ નથી.

નથી એ કોઈ પણ સ્વરૂપે નાશ પામતો.

નથી એ કોઈ પણ સ્વરૂપે ઉત્પન્ન થતો. એ છે સદા અપરિણામી. એનામાં સ્રીત્વ, પુરુષત્વ, દેવત્વ, નારકત્વ, પિતૃત્વ, પુત્રત્વાદિ કોઈ પણ પરિણામ ઉત્પન્ન થતો નથી.

આ વિચારધારા કપિલદર્શનની છે. તેઓ કહે છે આત્મા કોઇપણ સ્વરૂપે મૂર્ત્ત હોતો નથી, કમળના પત્રની જેમ તે સદા જગત્થી–કર્મથી–રાગાદિભાવોથી પણ નિર્લેપ હોય છે; તે ભોગી છે, એકાન્ત નિત્ય છે; સર્વગત છે. એનામાં કોઇ ક્રિયા પણ થતી નથી. એથી જ અકર્તા છે. એનામાં કોઇ ગુણ પણ નથી. એ સૂક્ષ્મ છે.

આત્માનો જે સંસાર દેખાય છે તે જડપ્રકૃતિ સાથેના તેના અભેદભાનની ભ્રાન્તિને લીધે છે. પ્રકૃતિમાં જ કર્તૃત્વાદિ છે પરન્તુ આત્માનું તેનામાં પ્રતિબિંબ પડવાથી આત્મા અને પ્રકૃતિના અભેદનો ભાસ થાય છે. એથી પ્રકૃતિગત કર્તૃત્વાદિ આત્માને પોતાનામાં ભાસે છે.

જ્યારે પ્રકૃતિ સાથેનો અભેદ–ગ્રહ દૂર થઈ જાય છે ત્યારે આત્માનો મોક્ષ થઈ ગયો કહેવાય છે,

આ થઇ બીજી વિચારધારા. 'આત્મા પરિણામી છે' એ વિચારની વિરુદ્ધ અભિપ્રાય દર્શાવતી 'આત્મા કર્મથી બંધાય છે' એ ત્રીજી વાસ્તવિક વિચારધારાની વિરુદ્ધ જતી વિચારણા જોઇએ.

**આત્માનું કર્મથી અબદ્ધત્વ :** આત્મા કર્માદિથી બંધાતો નથી. જે બંધાય નહિ તેને મુક્ત પણ શેનાથી થવાનું?

પ્રકૃતિ જ બંધાય છે, પ્રકૃતિ જ મુકત થાય છે. જે પ્રકૃતિમાં કર્તૃત્વાદિ અનેક ગુણો આશ્રય પામ્યા છે.

**આત્માનું ક્ષણિકત્વ :** બૌદ્ધોની વિચારધારા છે, આત્માના ક્ષણિકત્વ અંગેની. તેઓ આત્માને પ્રતિપળ વિનાશી માને છે.

જે ક્ષણે આત્મા ઉત્પન્ન થયો તે જ ક્ષણે તે વિનાશ પામી જાય છે. આવું ક્ષણિકત્વ તેનામાં હોવા છતાં આત્મા નિત્ય લાગે છે તેનું કારણ એક જ જાતના આત્માઓની ફરી ફરીને ઉત્પત્તિ છે.

દીપજ્યોત દર પળે નવી નવી ઉત્પન્ન થાય છે છતાં અખંડ ધારાને કારણે તે એક જ જ્યોત ભાસે છે.

વસ્તુની ઉત્પત્તિમાં કારણ જરૂર મળે પરન્તુ એ વસ્તુનો વિનાશ થવામાં કોઈ કારણ હોતું નથી; સિવાય ઉત્પત્તિ.

વસ્તુના વિનાશમાં વસ્તુની ઉત્પત્તિ જ કારણ છે. કેમકે જો વસ્તુની ઉત્પત્તિ જ ન થઈ હોત તો તેનો વિનાશ પણ અસંભવિત હતો.

એટલે ઉત્પન્ન થએલી વસ્તુનો કોઇ પણ કારણ વિના જ તત્ક્ષણ વિનાશ થઇ જાય છે એમ માનવું રહ્યું.

**આત્માનું અનસ્તિત્વ :** બૌદ્ધમતની એક વિચારધારા એવી છે કે આત્મા જેવી કોઇ વસ્તુ જ વિદ્યમાન નથી.

જેમ એક કુમારિકા સ્વપ્નમાં પોતાને પુત્રની પ્રસૂતિ જુએ છે અને પ્રસન્ન થાય છે, પછી પુત્રનું મૃત્યુ જુએ છે અને દુઃખિત થઈ જાય છે. આ સુખદુઃખમાં કારણ બનેલા પુત્ર જેવી કોઈ વસ્તુ જ ત્યાં અસ્તિત્વ ધરાવતી નથી.

આખું ય જગત્ ખરેખર સ્વપ્નતુલ્ય છે. સહુ સુખ પામે છે દુઃખ પામે છે પરન્તુ એ સુખદુઃખમાં જે વસ્તુ નિમિત્ત બને છે તે અસલમાં જગત્માં હોતી જ નથી.

સ્વપ્નની દુનિયામાં આખું ય જગત્ મહાલે છે. જ્યારે આત્મા બુદ્ધ થાય છે, જાગ્રત થાય છે, ત્યારે જ તેને ખ્વાબની આ દુનિયાનો ભ્રમ ભાંગી જાય છે.

આવા અનેક જાતના મિથ્યાસ્વરૂપોના ભાનથી જગત્ના જંતૂઓ ભાવિત થાય છે. અને એ વિચારધારામાં આગળ વધતાં વધતાં એમને જગત્ ઉપર જે વિરાગ જાગે છે તેને મોહગર્ભ-વિરાગ કહેવાય છે.

જે જ્ઞાનમાં 'એકાન્ત' પકડાય; જ્યાં કદાગ્રહ થાય તે જ્ઞાન મિથ્યાજ્ઞાન બની જાય.

આત્મા એકાન્તે (સર્વથા) એક છે, એકાન્તે નિત્ય છે, એકાન્તે ક્ષણિક છે....આ બધા વિચારો મિથ્યાજ્ઞાન સ્વરૂપ છે.

જો આ વિધાનોમાંથી એકત્વ દૂર કરી દેવામાં આવે-આત્મા અમુક અપેક્ષાએ એક છે, અમુક અપેક્ષાએ નિત્ય છે, અમુક અપેક્ષાએ ક્ષણિક છે એમ કહેવામાં આવે તો આ જ વિધાનો સમ્યગ્જ્ઞાનસ્વરૂપ બની જાય. કેમકે આ વિચારમાં વસ્તુની બીજી બધી બાજુઓનો પણ મૂક રીતે સ્વીકાર કરવામાં આવ્યો હોવાથી આ વિચાર વસ્તુના પૂર્ણસ્વરૂપનો પરામર્શ કરનાર બની જાય છે. આ વાતને જરા વિસ્તારીએ.

**આત્માના એકત્વની સિદ્ધિ** (૧) આત્મા એક જરૂર છે પરન્તુ આત્મત્વ જાતિની અપેક્ષાએ.

જો વ્યક્તિની અપેક્ષાએ વિચાર કરીએ તો આત્મા અનંત વ્યક્તિસ્વરુપ છે માટે અનંત છે.

પ્ર૦ જાતિ (સામાન્ય) એ વ્યક્તિએ (વિશેષો) થી ભિન્ન છે કે અભિન્ન ?

જો અભિન્ન હોય તો તો જાતિ જ વ્યક્તિ થઈ જાય છે. અને જો ભિન્ન હોય તો એવી ભિન્ન જાતિને ભિન્ન વ્યક્તિઓ સાથે શું નિસ્બત ?

આમ બે ય રીતે જાતિ અસત્ બની જાય છે.

ઉ૦ જાતિ અને વ્યક્તિ વચ્ચે એકાન્તે ભેદ કે એકાન્તે અભેદ માનવામાં આવે તો જ આ આપત્તિ આવે. પણ અમે તો જાતિ વ્યક્તિને કથંચિત્ ભિન્નાભિન્ન માનીએ છીએ.

સમાનતાની દૃષ્ટિથી વિશેષો જ સામાન્ય બની જાય છે.

વિષમતાની દૃષ્ટિથી સામાન્ય જ વિશેષ સ્વરુપ બની જાય છે.

વળી જો આત્માને એકાન્તે એક જ માનવામાં આવે, અર્થાત્ જગતમાં આત્મા અનંતસ્વરૂપે ભિન્ન ભિન્ન માનવામાં જ ન આવે તો જે સમયે જગત્માં કેટલાકને સુખાનુભવ થાય છે તે જ સમયે બીજા કેટલાકને દુઃખાનુભવ થાય છે. વળી કેટલાક આત્મા મોક્ષપદ પામે છે અને કેટલાક સંસારમાં ભમે છે. આ બધો ભેદ શી રીતે ઘટશે ? આ તો ત્યારે જ બની શકે જ્યારે આત્મા અનંત માનવમાં આવે.

જો જગત્માં એક જ આત્મા હોય તો સુખાનુભવ કાળે દુઃખાનુભવ ન જ સંભવે. અને એકનો મોક્ષ થતાં સર્વમોક્ષ થવો જોઇએ અથવા એકના સંસારીપણામાં સર્વ સંસારી જ રહેવા જોઈએ.

પણ આવું તો બનતું નથી માટે આત્માને જાતિની જ અપેક્ષાએ એક માનવો જોઈએ. વ્યક્તિની અપેક્ષાએ તો અનેક જ માનવા જોઈએ.

'પુરુષ એવેદં' વગેરે જે વેદવાક્યનું પ્રમાણ આપ્યું તે વસ્તુતઃ અપ્રામાણિક વચન છે. અથવા તો એમ કહી શકાય કે એ વાક્ય જગતમાં આત્માનું પ્રાધાન્ય બતાડવા પૂરતું છે. સાપેક્ષ રીતે કોઈનું પણ પ્રાધાન્ય બતાવવા एव કારનો પ્રયોગ થઇ શકે છે.

(૨) આ જ રીતે આત્માની નિત્યતા અંગે સમજવું.

**આત્માનું નિત્યત્વ** આત્મા દ્રવ્યની અપેક્ષાએ જરુર નિત્ય છે. પરન્તુ સર્વથા નિત્ય નથી. કેમકે પર્યાયોની અપેક્ષાએ તો આત્મા અનિત્ય છે.

જો આત્માને સર્વથા નિત્ય કૂટસ્થનિત્ય—માનવામાં આવે તો તેનામાં કોઇ પણ પ્રકારનો પરિણામ માની શકાય નહિ. એમ થતાં, 'આત્મા બન્ધપરિણામવાળો છે, હવે આત્મા મોક્ષ-પરિણામવાળો થયો.' ઇત્યાદિ વસ્તુસ્થિતિની સંગતિ થઈ શકશે નહિ.

માટે આત્માને પર્યાયથી તો અનિત્ય જ માનવો જોઈએ.

આત્મા—દ્રવ્ય ભલે નિત્ય છે પરન્તુ તેના બાલ્યાદિ પર્યાયો પલટાતા રહેતા હોવાથી બાલ્યાદિપર્યાયવાળો આત્મા જરૂર અનિત્ય છે. બાળ આત્મા યૌવન પામે છે ત્યારે યુવા—આત્મા ઉત્પન્ન થાય છે. અને બાલ—આત્મા નષ્ટ થાય છે.

સર્પ જ્યારે પોતાનું વાળી દીધેલું શરીર સીધું કરી દે છે ત્યારે તે ઋજુ—સર્પ કહેવાય છે. તે કુંડલિ—સર્પ તરીકે નાશ પામે છે. પણ આ બેય ઉત્પાદ—નાશમાં સર્પત્વ તો કાયમ જ રહે છે. આમ સર્પનું સર્પત્વ નિત્ય રહેવા છતાં કુંડલિ-સર્પનો નાશ પરિણામ અને ઋજુ—સર્પનો ઉત્પાદ પરિણામ તો માનવો જ રહ્યો.

આ જ રીતે એક મનુષ્યાત્મા મૃત્યુ પામે છે, દેવાત્મા

તરીકે ઉત્પન્ન થાય છે. પરન્તુ આ બે ય અવસ્થામાં આત્મત્વ તો કાયમ જ રહે છે.

એ જ રીતે એક મનુષ્ય સુખાત્મા નાશ પામે છે, દુઃખાત્મા ઉત્પન્ન થાય છે, પણ બે ય માં મનુષ્યત્વ તો કાયમ જ રહે છે.

આમ અવસ્થાઓ પલટાતી રહે છે અને મૂળ ધર્મ તેમાં કાયમ રહે છે. પરિણામ અને પરિણામી એ બે કથંચિદ્-ભિન્નાભિન્ન છે માટે બે વચ્ચેનો સર્વથા ભેદ કલ્પીને બે ય ને જુદા કહી શકાય નહિ.

**એક જ દ્રવ્યમાં વિરોધી ધર્મો**

પ્રશ્ન– એક જ વસ્તુમાં એકત્વ, નિત્યત્વ, અનિત્યત્વ વગેરે વિરોધી ધર્મો રહી શકે ખરા?

ઉ–હા. એક જ પ્રત્યક્ષ એક વ્યક્તિની અપેક્ષાએ ભ્રાન્ત બને છે જ્યારે બીજી પ્રામાણિક વ્યક્તિની અપેક્ષાએ અભ્રાન્ત બને છે. આમ ભિન્ન–ભિન્ન અપેક્ષાએ એક જ વસ્તુમાં ભ્રાન્તતા–અભ્રાન્તતા વગેરે વિરોધી ધર્મો જરૂર રહી શકે છે.

(૩) આત્માને સર્વથા અબદ્ધ માનવામાં આવે અને પ્રકૃતિને જ જો બદ્ધ માનવામાં આવે તો આત્માનો મોક્ષ અનુપપન્ન થઈ જશે. કેમકે જે બંધાય તેનો મોક્ષ થાય. જો આત્મા બંધાતો જ ન હોય તો તેના મોક્ષની વાત શી રીતે થાય? પ્રકૃતિ બંધાય અને પુરુષ મુક્ત થાય એ સંભવિત નથી.

(૪) આત્માની સર્વથા ક્ષણિકતા–કલ્પના પણ યોગ્ય નથી. હા, અમુક અપેક્ષાએ તે કલ્પના જરૂર મંજુર થાય. આ વાત આત્માની–દ્રવ્યની અપેક્ષાએ નિત્યતા અને પર્યાયની અપેક્ષાએ અનિત્યતા–ની વિચારણામાં આવી ગઈ છે.

સઘળી વસ્તુ ક્ષણિક છે એવું જે પ્રતિપાદન કરવામાં

આવ્યું તે વસ્તુના પર્યાયની અપેક્ષાએ બરાબર જ છે. હા, વસ્તુ–દ્રવ્યની અપેક્ષાએ તો વસ્તુમાત્ર નિત્ય છે.

**સત્‌નું લક્ષણ :** જે સત્ હોય તે અર્થક્રિયા (કાર્ય) કારી હોય એવું મન્તવ્ય અમને મંજૂર નથી. દીપ વગેરેની અન્તિમ ક્ષણ સત્ હોવા છતાં અર્થક્રિયા (કાર્ય)ને ઉત્પન્ન કરતી નથી.

પ્ર–દીપાદિની અન્તિમક્ષણ પણ એના જોનારા આત્મામાં જ્ઞાનાત્મક અર્થક્રિયા તો ઉત્પન્ન કરે છે ને? એટલે એ પણ સત્ હોઈને અર્થક્રિયાકારી બની જ જાય છે પછી એ લક્ષણને વ્યભિચરિત કેમ કહેવાય?

ઉ–જો આમ કહેશો તો તો જે અનુત્પન્ન કે વિનષ્ટ વસ્તુઓ છે તે પણ યોગીઓના જ્ઞાનની જનક હોવાથી સત્ બની જવાની આપત્તિ આવશે.

**એકાંત ક્ષણિકત્વ** અથવા તો ભલે સત્‌નું લક્ષણ અર્થક્રિયાકારિત્વ ભલે રહે. પરન્તુ તે લક્ષણ પરિણામી વસ્તુમાં જ ઘટશે.

**ખંડન** જો વસ્તુને એકાન્ત ક્ષણિક કે એકાન્ત નિત્ય માનશો તો તે લક્ષણ ઘટશે નહિ. તે આ રીતે–જો અર્થને એકાન્ત ક્ષણિક માનો તો તે કયી ક્ષણે કાર્ય (અર્થક્રિયા) કરશે? (૧) પૂર્વક્ષણે? (૨) સ્વક્ષણે? (૩) કે અનાગતક્ષણે? (૧) પૂર્વક્ષણે તો ક્ષણિક વસ્તુ કાર્ય કરી શકે જ નહિ કેમકે પોતે જ ઉત્પન્ન થઈ નથી.

(૨) સ્વક્ષણે પણ એકાન્ત ક્ષણિકવસ્તુ કાર્ય કરી શકશે નહિ કેમકે જો કારણ અને કાર્ય સમકાલમાં જ ઉત્પન્ન થતાં હોય તો તે બે વચ્ચેનો વ્યાપાર અનુપપન્ન થઈ જશે. અને જો વ્યાપાર વિનાનો પણ બે વસ્તુ વચ્ચે કાર્યકારણભાવ મંજૂર હોય તો એક જ ક્ષણવર્તી જગત્‌ના તમામ પદાર્થોનો પરસ્પર કાર્યકારણ-ભાવ થઈ જવાની આપત્તિ આવશે.

(૩) ભાવી (અનાગત) ક્ષણમાં પણ કાર્યોત્પાદક નહિ થાય કેમકે તે વખતે તો કાર્યોત્પાદક વસ્તુ જ વિનષ્ટ થઈ ગઈ હશે.

છતાં કદાચ માની લઈએ કે ગમે ત્યારે ક્ષણિક વસ્તુ અર્થક્રિયા (કાર્ય) કરે છે તો પણ પ્રશ્ન થાય કે એકાન્ત ક્ષણિક વસ્તુ (૧) ક્રમથી અર્થક્રિયોત્પાદ કરે છે કે યુગપત્ અર્થ-ક્રિયોત્પાદ કરે છે?

જો ક્રમથી કહો તો તે સંભવિત નથી. જો પદાર્થમાં કાર્યોત્પાદ કરવાનો સ્વભાવ જ હોય તો શા માટે તે ક્રમથી કાર્યોત્પાદ કરે? એ સ્વભાવ એક સાથે જ કાર્યોત્પાદ કરે તેમાં તેને કોણ રોકી શકે તેમ છે?

હવે જો યુગપત્ કાર્યોત્પાદ પક્ષ લો તો વળી એ પ્રશ્ન થાય છે કે ક્ષણિક વસ્તુ સત્ અવસ્થામાં યુગપત્ કાર્યોત્પાદ કરે છે કે અસત્ અવસ્થામાં?

અસત્ અવસ્થામાં રહેલી વસ્તુ તો કાર્યોત્પાદ કરી શકે જ નહિ નહિ તો પછી ગધેડાનું શિંગડું પણ કોઈ કાર્ય ઉત્પન્ન કરવા લાગી જશે.

અને સત્ અવસ્થામાં કાર્યોત્પાદ કહેશો તો વળી પાછો—હમણાં સ્વક્ષણના વિકલ્પમાં જ કહેલો સમકાલ ભાવી સર્વ વસ્તુનો પરસ્પર કાર્યકારણભાવ થઈ જવાની આપત્તિ આવશે.

વળી જો ક્ષણિક વસ્તુ યુગપત્ અનેક કાર્યોત્પાદ કરે તો બીજો વાંધો એ છે કે કાર્યો તો જાતજાતના સ્વભાવવાળા હોય છે. આવા અનેક સ્વભાવવાળા કાર્યોને ઉત્પન્ન કરનારા અનેક સ્વભાવો જ હોય. એટલે ઉત્પન્ન કરનારી એક વસ્તુ અનેકસ્વભાવવાળી બની જવાની આપત્તિ આવશે. ક્ષણિકવાદીને આ આપત્તિ મંજૂર તો નથી જ. આમ એકાન્તે ક્ષણિક વસ્તુ કોઇ પણ રીતે અર્થ-ક્રિયાકારી સંભવી શકતી નથી.

એકાન્તે નિત્ય (અક્ષણિક) વસ્તુ પણ અર્થક્રિયાકારી બની શકે નહિ. એ વાત તો તમે–એકાન્ત ક્ષણિકવાદીએ જ પૂર્વે કહ્યું છે કે એકાન્તનિત્ય વસ્તુમાં એક સ્વભાવ જ હોય–માટે ક્રમ –અક્રમના બે ય વિકલ્પથી કાર્યોત્પાદ કરી શકે નહિ.

એટલે પરિણામી વસ્તુને જ અર્થક્રિયાકારી કહી શકાય.

વળી જો વસ્તુ સર્વથા ક્ષણિક જ હોય તો કાર્યકારણ ભાવની જગદ્વ્યવસ્થા શી રીતે ઘટમાન થશે?

આ જ રીતે વસ્તુ સર્વથા અસત્ પણ કહી શકાય નહિ. હા, વસ્તુના પરરૂપની અપેક્ષાએ વસ્તુને જરૂર અસત્ કહી શકાય. ઘટ એ ઘટની પોતાની અપેક્ષાએ જ સત્ છે પણ પટના સ્વરૂપથી તો અસત્ જ છે ને? જો વસ્તુ સર્વથા અસત્ હોય તો શાસ્ત્રોક્ત પરલોકગમનાદિ શી રીતે ઉપન્ન થશે?

આ વિષયમાં કુમારીના સ્વપ્નગત પુત્રની અસત્તાનું જે દૃષ્ટાન્ત આપ્યું તે સમજણ વિના આપ્યું છે. જગત્‌ના પદાર્થો ઉપર થતા રાગને દૂર કરવા માટેની આ ભાવનામાત્ર છે. પરન્તુ એથી આત્માની અસત્તા સિદ્ધ કરવી જ નથી, અસ્તુ.

**કદાગ્રહનો મહિમા** મિથ્યાત્વના પાપને શરણે ગએલા અનેક આત્માઓની ઉક્ત કદાગ્રહભરી વિચારધારા જ્યારે બદ્ધમૂલ બની જાય છે ત્યારે તેને કોઈ ટાળી શકતું નથી.

આવા કદાગ્રહી આત્માઓ પોતાને વરેલી કોઈને કોઇ એકાન્તિક માન્યતાના કારણે મોહમૂઢ બન્યા હોય છે. અને તેમાં વળી તેમને સંસારની અસારતાનું વારંવાર ભાન થવા લાગે છે,

તેઓ દેહમાં ભયંકર અપાયોનું દર્શન કરે છે, પ્રિય સ્વજનોના સુખમાં તેમને ભારે ચંચળતાનું દર્શન થાય છે, ભોગો તો એમને ભયાનક રોગથી ઊભરાઇ જતાં દેખાય છે.

ગૃહવાસમાં કારમો ક્લેશ ખદખદતો દેખાય છે; લક્ષ્મીમાં સ્વાભાવિક ચાપલ્ય અને લુચ્ચાઈ જોવા મળે છે; યમ ગમે ત્યારે ગમે તેનો કોળીઓ કરી જતો ભયંકર શત્રુસમો દેખાય છે....

આ બધું દૃશ્ય જોતાં તેમનો આત્મા ધ્રૂજી ઊઠે છે; તે પુકાર કરી ઊઠે છે, "આ સંસારમાં કોઈ ગુણ નથી. અહીં રહીને તો માત્ર સ્વહિત જ કરી લેવા જેવું છે.

આવી રીતે સંસારથી અકળાઈ ઊઠેલા, રાગ-દ્વેષના સ્પર્શથી ત્રાસી ઉઠેલા લોકો સંસારનો ત્યાગ કરે છે.

બેશક, આ લોકોના મુખ ઉપર રાગાદિભાવોનો ઉપશમ ઝળકતો હોય છે.

બેશક, દ્રવ્યથી તેઓ સદાચારી જ હોય છે, છતાં ભાવથી તો તેમનો તે વૈરાગ્ય વાસ્તવિક હોતો નથી માટે તેમના વૈરાગ્યને મોહગર્ભિત (મોહ-વિપરીતજ્ઞાન=અજ્ઞાન) જ કહેવાય.

આવો વૈરાગ્ય પરમાર્થ-મોક્ષ-નો સાધક બની શકતો નથી.

કોઇને અત્યન્ત ભયંકર સન્નિપાત થયો હોય અને તે વખતે વૈદ્ય તેને ઔષધની એક પડીકી આપી દે અને તરત જ સન્નિપાત શાન્ત થઈ જાય અને રોગીને કાંઇક રાહત લાગે, એના મુખ ઉપર પણ આરામ લાગે તેવું આ વૈરાગ્યનું છે.

અનંતસંસારના પરિભ્રમણ કાળમાં મિથ્યાત્વનો જે ભયાનક સન્નિપાત લાગુ થયો છે તે આ વૈરાગ્યની પડીકીથી જરાક શાન્ત પડેલો લાગે એટલું જ. પરન્તુ એ સન્નિપાતને મૂળથી નાબૂદ તો ન જ કરી શકે એટલું જ નહિ પણ ઔષધની અસર દૂર થતાં કે કોઇ અશુભનિમિત્ત મળી જતાં જ એ રોગ બમણા-બાર ગણા વેગથી ઉછાળો મારી દે.

મહોપાધ્યાયજીએ અધ્યાત્મસાર ગ્રન્થમાં કહ્યું છે કે મોહગર્ભ-વિરાગ બાલતપ કરતાં સંન્યાસી વગેરેને હોય. મિથ્યાશાસ્ત્રોના

અધ્યયન કરતાં કરતાં સંસાર પ્રત્યે જે વિરાગ જાગી જાય છે તે મોહગર્ભવિરાગ કહેવાય છે.

એમણે તો બીજી એ વાત પણ કરી છે કે જિનધર્મ-શાસ્ત્રને પામેલા જે લોકો નિન્હવ બની જાય છે તેમને તે વખતનો સંસાર પ્રત્યેનો વિરાગ એ પણ મોહગર્ભવિરાગ કહેવાય. ભલે પછી લોકો સ્વમતિકલ્પનાથી ઘોરતપ વગેરે કરતાં રહે!

આગળ વધતાં એમણે કહ્યું છે કે આ મોહગર્ભવિરાગવાળા આત્માઓના અંતરમાં રમતો સુંદર દેખાતો પણ પરિણામ વસ્તુતઃ તો સારો હોતો જ નથી કેમકે એમના અંતરમાં જિનાજ્ઞા પ્રત્યેનો પ્રેમ જ હોતો નથી. જિને બતાડેલા તપશ્ચરણાદિમાં તેઓ પ્રવૃત્તિ કરતાં હોય તો તે પણ પોતાની મતિકલ્પનાના પ્રેમને લીધે જ હોય છે. આવો વિરાગીઓનો શુભપરિણામ સંસારમોચકમતાનુયાયી જીવોના જીવદયા પરિણામ જેવો બહારથી–દેખાવમાં જ સુંદર હોય છે.

**સંસાર-મોચક મત** સંસારમોચકમતવાળા એમ માને છે કે દરેક જીવનો સંસારભ્રમણકાળ અત્યન્ત નિયત હોય છે. તેમાં એક ભવનો પણ વધારો–ઘટાડો થતો નથી. એટલે દુઃખથી પીડાતા જીવોને ઝટ મારી નાંખવાથી તેમનો એક ભવ જલદી ઓછો કરી દીધાનું પુણ્ય લાગે અને દુઃખમાંથી પણ તેમનો છુટકારો થઇ જાય.

છે ને, દેખાવમાં સુંદર જીવદયાનો વિચાર! મોહગર્ભ-વિરાગીના પ્રશમાદિભાવો પણ દેખાવમાં જ સુંદર હોય છે. હકીકતમાં તો રાગાદિની એ શાન્તિમાં પડેલું મિથ્યાત્વનું અત્યન્ત સ્ફોટક દ્રવ્ય ભૂગર્ભમાં તો કોઇ ભયાનક ભાવીના સર્જનની જ તૈયારી કરતું હોય છે. કયી પળે એ ભયંકર કડાકો થશે એ જ કહી શકાય નહિ.

રોગીના શરીરમાં દબાઇ રહેલો તાવ કેમ સારો કહી શકાય? રોગીના મોં ઉપરની એ વખતની તાજગી કેમ સુંદર કહી શકાય? મહોપાધ્યાયજીએ અધ્યાત્મસારમાં મોહગર્ભવિરાગીના લક્ષણોનું વર્ણન કરતાં કહ્યું છે કે એ આત્માઓ કુશાસ્ત્રોના અધ્યયનમાં પ્રવીણ હોય છે. અને સત્ શાસ્ત્રના અર્થમાં અવળી મતિ ચલાવતાં હોય છે. તેઓ સ્વચ્છન્દી અને કુતર્કપ્રિય હોય છે તથા ગુણિયલ પુરુષના પરિચયથી વેગળા રહેતા હોય છે. પોતાનો ઉત્કર્ષ ગાવામાં અને બીજાનો દ્રોહ કરવામાં ભારે કુશળ હોય છે. આ લોકો કલહભર્યું દાંભિક જીવન જીવનારા, પાપો ઉપર ઢાંકપિછોડો કરનારા, ગજા ઉપરાંત ક્રિયાઓ આંખ મીંચીને કરનારા, ગુણાનુરાગ વિનાના, ઉપકારીના ઉપકારને પણ ભૂલી જનારા, ભાવી અનર્થોની પરમ્પરાની ચિંતા નહિ કરનારા, ધર્મયોગમાં ચિત્તની એકાગ્રતા નહિ જાળવનારા, જરાક નિમિત્ત મળતાં જ તૂટી જાય તેવી આછી પાતળી પોતાની મનમાની શ્રાદ્ધવાળા, ઉદ્ધત, અધીરા અને સાવ જ અવિવેકી હોય છે.

મોહગર્ભવિરાગનું સ્વરૂપ જાણ્યા પછી સમજી શકાશે કે દીક્ષિત થએલા માતાપિતાના પ્રેમને વશ થઇને પુત્ર–પુત્રી દીક્ષા લેતા હોય તો તેને મોહગર્ભવિરાગ કહી શકાય નહિ.

**જ્ઞાનગર્ભ વિરાગ** આત્મા વગેરે પદાર્થનું જે કથંચિત્ એકાનેક, ભિન્નાભિન્ન, બદ્ધાબદ્ધ સ્વરૂપ છે તેનો યથાર્થ સ્વીકાર એ જ સાચું જ્ઞાન.

આવા જ્ઞાનપૂર્વકના સંસાર પ્રત્યેના વિરાગને જ્ઞાનગર્ભવિરાગ કહેવાય છે.

આ જ વાતને આપણે જરાક વિસ્તારીએ. પ્રસ્તુત અષ્ટક-ગ્રન્થમાં એક જ શ્લોકમાં યથાર્થજ્ઞાન અને વિરાગનું સ્વરૂપ જણાવી દીધા છે એટલું જ નહિ પરન્તુ ગ્રન્થકારભગવંતે ત્રણ જ

શબ્દો મૂકીને આત્માના ત્રણ વિવાદાસ્પદ સ્વરૂપોનું આબેહૂબ સ્પષ્ટીકરણ કરી દઈને તો કમાલ કરી નાંખી છે.

આ ત્રણ શબ્દો છે–भूयांसः, नामिनः અને बद्धा આ. ત્રણે ય પદો आत्मानः વિશેષ્યના વિશેષણ છે.

આત્માઓ ઘણાં છે–ભૂયાંસઃ

આત્માઓ પરિણામી છે–નામિનઃ

આત્માઓ કર્મથી બંધાએલા છે.—બદ્ધાઃ

જો ભિન્ન જણાતા આત્માઓ સર્વથા એક જ હોત તો જુદા જુદા દેહમાં રહેલા પ્રાણીઓને પોતાનામાં જૂદું જૂદું સંવેદન ન જ થાત કેમકે બધા ય દેહમાં આત્મા એક જ હોય તો દરેકને એક એક જ સંવેદન થવું જોઈએ. પણ તેમ થતું નથી. જે પળે કોઈ સુખનું સંવેદન કરે છે તે જ પળે બીજો આત્મા દુઃખનું સંવેદન કરે છે. આથી જ આત્માઓ ભલે જાતિની અપેક્ષાએ એક હોય પરન્તુ વ્યકિતની અપેક્ષાએ તો અનન્ત જ માનવા જોઈએ.

આમ આત્માના સર્વથા એકત્વ વિચારનું ખંડન થઇ જાય છે.

વળી આત્મા એકાન્તે નિત્ય–કૂટસ્થ નિત્ય પણ નથી. આત્માને કૂટસ્થનિત્ય ત્યારે જ કહેવાય જ્યારે તે આત્મામાં કોઈ પણ પ્રકારના ક્રિયા વગેરે પર્યાય કદી ઉત્પન્ન ન થતા હોય.

હકીકત તો આથી સાવ જ વિપરીત છે. પરિણામ એટલે એક બાહ્ય સ્વરૂપ છોડીને બીજા બાહ્ય સ્વરૂપને પ્રાપ્ત કરવું. સર્વથા એક જ સ્વરૂપનું અવસ્થાન એ ય પરિણામ નથી અને એક સ્વરૂપનો સર્વથા વિનાશ એ ય પરિણામ નથી. એટલે કે એકાન્ત નિત્યત્વ અને એકાન્ત ક્ષણિકત્વવાદમાં આત્મા પરિણામી ઘટી શકતો નથી.

પૂર્વે કહ્યા મુજબ આત્મદ્રવ્ય કાયમ રહે છે પરન્તુ તેનામાં મનુષ્યત્વ પરિણામ, દેવત્વપરિણામ, સ્ત્રીત્વપરિણામ, બાલ્યત્વ પરિણામ,

વૃદ્ધત્વપરિણામ વગેરેમાંથી કોઈ એક પરિણામ ઉત્પન્ન થાય છે તો કોઈ જુનો પરિણામ નાશ પણ પામી જાય છે.

આવું પરિણામી છે આત્માનું સ્વરૂપ. આવા આત્મસ્વરૂપ વિધાનથી આત્માના એકાન્ત નિત્યત્વ અને એકાન્ત ક્ષણિકત્વપક્ષનું ખંડન થઇ જાય છે.

**આત્માનું બદ્ધત્વ** ઘણી સંખ્યાના અને જુદા જુદા પરિણામો પામતાં આત્માઓ અનાદિકાળથી શુદ્ધ નથી પરન્તુ બદ્ધ છે.

પ્ર–જો આત્માને બદ્ધ ન માનવામાં આવે તો શું વાંધો આવે?

ઉ–સુખની સામગ્રી વચ્ચે રહેલો શુદ્ધ–આત્મા દુઃખી કેમ દેખાય છે? અને દુઃખની સામગ્રી વચ્ચે રહેલો આત્મા સુખી કેમ જોવા મળે છે?

ડોકટરોની આખી પેનલ ઊતરી પડી હોય, દવાઓથી ગાદી ઉભરાઇ ગઈ હોય, પૈસાની કશી કમીના ન હોય છતાં એ 'શેઠ' રોગિષ્ટ કેમ? દુઃખી કેમ?

અને ગમે તેવું અધકચરું–કાચું ખાઇ જનારો, કદી પૌષ્ટિક દવાઓ ન ખાનારો મજૂર પહેલવાન્ જેવો કેમ?

આની પાછળ કોઇ હેતુ તો શોધવો જોઈશે જ ને? કેમકે રોગ કે આરોગ્ય એ કાર્ય છે. આસપાસ જે કારણો પડયા છે તે તો કાર્યથી પ્રતિકૂળ છે. તો કાર્યને અનુકૂળ કારણ તો શોધી જ કાઢવું પડશે ને? નહિ તો પછી દંડ, ચક્ર, કુંભાર વિના જ ઘડો તૈયાર બની જવાની વાતો આ યુગમાં કરવી પડશે.

એક જ માના બે દીકરા જોડલારૂપે એક જ ક્ષણે જન્મ પામેલા. બે ય પ્રત્યે માતાપિતાનો એક સરખો ભાવ અને વર્ત્તાવ. બે ય ના એક જ શિક્ષક, બે ય ની એક શાળા. એક ઠોઠનિશાળીઓ નીકળે અને બીજો અત્યન્ત હુશિયાર નીકળે તેની પાછળ કારણ શું? એક વિદ્યાર્થી ઠોઠનિશાળીઓ કેમ બન્યો? એની

આસપાસની સામગ્રી તો એને ચતુરવિદ્યાર્થી બનાવનારી હતી! છતાં આમ કેમ બન્યુ? શું કારણ વિના આ કાર્ય કહી દેવું છે?

ના. તેમ તો નહિ જ કહેવાય.

તો તે કયું કારણ?

આત્માને જો કર્મનો બંધ માનવો જ ન હોય તો બીજું કોઈ કાર્યાનુરૂપ કારણ જડે તેમ નથી. માટે જ કાર્યાનુરૂપ કર્મ નામનું કારણ માનવું જ રહ્યું.

સુખની સામગ્રી વચ્ચે પણ એક માણસ દુઃખ અનુભવે છે કેમકે એના આત્મા ઉપર અશાતા વેદનીયાદિ–દુઃખજનક–કર્મનું કારણ ચોંટેલું છે.

અધ્યયનની સામગ્રીના વરસાદ નીચે ઊભો રહેલો વિદ્યાર્થી જરા ય ભીંજાતો નથી–સાવ જ ઠોઠ રહી જાય છે–એનું કારણ જ્ઞાનાવરણીયકર્મની કાળી છત્રી ઓઢીને એ ઊભો છે તે જ છે.

બાહ્ય સામગ્રી ગમે તેવી હોય છતાં બાહ્ય કાર્ય તો અંતરંગ સામગ્રીને આધીન હોય છે. જેવી અન્તરંગકારણતા કર્મની; તેવું બાહ્ય કાર્ય.

આ ઉપરથી ટૂંકમાં આપણે એટલું જ નિશ્ચિત કરીએ કે આત્માઓ અનાદિકાળથી શુદ્ધ નથી પરન્તુ કર્મથી બદ્ધ છે.

આ વિધાન આત્માને એકાન્તે અબદ્ધ માનનારાને સજજડ તમાચરૂપ બની જાય છે.

**આત્માના બંધ હેતુઓ**

આ વિચારણામાં કદાચ એક પ્રશ્ન થઈ શકે કે આત્મા બંધાએલો ભલે હોય પણ તે શેનાથી બંધાએલો છે? જેનાથી એ બંધાયો છે એ વસ્તુ પોતાના સ્વરૂપમાં જ પડેલી છે કે પોતાનાથી જુદી છે?

આનો ઉત્તર એ છે કે આત્મા સ્વરૂપવસ્તુથી બંધાતો નથી પરન્તુ પોતાનાથી ભિન્ન વસ્તુથી બંધાય છે.

જો સ્વરૂપને જ આત્માનું બંધન માનીએ તો આત્માનો મોક્ષ તો બન્ધન ક્ષયથી થાય છે. અને બન્ધન ક્ષય એટલે સ્વરૂપક્ષય.

આ તો શી રીતે બને? મોક્ષ પામતા આત્માના સ્વરૂપજનો જ ક્ષય થઈ જાય? નહિ જ.

કેટલાક મતાનુયાયીઓ આવું જ કાંઈક કહે છે. તેઓ કહે છે કે આત્માથી અભિન્ન એવા અવિદ્યા, ક્લેશ વગેરેથી જ આત્મા બંધાય છે. જગત્‌ના કાર્યોના અંતરંગ કારણ તરીકે આ અવિદ્યાદિ જ હોય છે. આ અવિદ્યાદિનો ક્ષય થઇ જાય એટલે બુદ્ધિ નિર્મળ બની જાય છે. બુદ્ધિની આવી નિર્મળતા એ જ આત્માની મુક્તિ છે.

આ મન્તવ્યનું પૂર્વોક્ત વિધાનથી ખંડન થઈ જાય છે.

ગ્રન્થકાર પરમર્ષિ કહે છે કે સંસારી આત્માઓ 'ઈચ્છાદિથી' બંધાય છે.

ઇચ્છા એટલે રાગ, કેમકે ઇચ્છા, મૂર્છા, રાગ, સ્નેહ, ગૃદ્ધિ, મમતા વગેરે એકાર્થક શબ્દો છે.

જ્યાં રાગ છે ત્યાં દ્વેષ છે એટલે રાગ-દ્વેષથી જીવો બંધાય છે એમ કહેવાય.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ-આ ચાર કર્મબંધના હેતુઓ છે.

રાગદ્વેષથી કર્મબંધ કહો કે મિથ્યાત્વાદિથી કર્મબંધ કહો બન્ને ય એક જ વાત છે.

એટલું જ નહિ પણ આ રાગાદિ (ઈચ્છાદિ) થી આત્માનું બંધન કહીએ કે કર્મોથી આત્માનું બંધન કહીએ તે પણ સરખું જ છે કેમકે આત્મા ઇચ્છાદિ કરે છે માટે જ તેને કર્મો ચોંટે છે આમ ઇચ્છાદિ કારણ છે, કર્મ એ કાર્ય છે. કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી એમ કહી શકાય કે આત્મા કર્મથી બંધાય છે.

આ ઈચ્છાદિ આત્માનું પોતાનું સ્વરૂપ નથી પરન્તુ ચેતન આત્માથી જુદા જડ એવા કર્મના વિકારો છે. માટે જ એમ કહી શકાય કે આત્મા પોતાનાથી જુદી વસ્તુ દ્વારા બંધાય છે.

આત્મા છે કે નહી? કર્મ છે કે નહિ? કર્મથી આત્મા બંધાયો છે ખરો? વગેરે પ્રશ્નોને કોઈ અવકાશ જ નથી. જગતની કોઇ પણ વસ્તુ એના ગુણથી જ પ્રત્યક્ષ થાય છે. ઘડાને જો કોઈ વર્ણ (ગુણ) જ ન હોત તો અરૂપી ઘડો કદી પ્રત્યક્ષ થાત ખરો?

જેમ ઘડો એના રક્ત વગેરે ગુણથી જ પ્રત્યક્ષ થાય છે તેમ આત્મા પણ એના અજ્ઞાનાદિ ગુણથી પ્રત્યક્ષ થાય છે.

જ્ઞાન, અજ્ઞાન, સુખ, દુઃખ વગેરે જડ વસ્તુના તો ગુણો હોઈ શકે જ નહિ. આ વાત દરેકને સ્વાનુભવસિદ્ધ છે. મનુષ્યમાં જ્ઞાન, અજ્ઞાન, સુખાદિના સંવેદનો પ્રત્યક્ષ થઇ રહ્યા છે તો એ ગુણો ઉપરથી, એ ગુણવાળા-પોતાના આત્માનું પ્રત્યક્ષ થઇ જ જાય છે. પરમાત્માનું એ ગુણોથી અનુમાન થઈ શકે છે. આમ આત્મા છે એ વાત સિદ્ધ થઇ જાય છે.

પૂર્વે જણાવ્યા મુજબ જગતની વિચિત્રતાઓના કારણ તરીકે કર્મ અને તેનું બંધન પણ સિદ્ધ થઈ જાય છે.

ઈચ્છાદિના અને કર્માદિના બંધનની ભીંસમાં આવેલો આ આત્મા દુઃખમય સંસારમાં સતત ભટકતો રહે છે. દુઃખમય સંસારને પાપમય બનાવવાનું કામ એ સદા કરતો રહે છે. [૯]

આત્માનું આ સ્વરૂપ જાણવાથી ત્રણ વાતો ફલિત થાય છે.

(૧) આપણો આત્મા એક સ્વતન્ત્ર વસ્તુ છે. માટે તેની મુક્તિ માટે આપણે સ્વતન્ત્ર પ્રયત્ન કરી શકીએ તેમ છીએ.

(૨) આજે આત્મા મનુષ્ય પરિણામે છે પરન્તુ આવતી કાલે પશુ-નારક આદિ ત્રાસમય પરિણામે પણ બેશક હોઇ શકે

છે. એવા પરિણામ ન પામવા માટે અહીં જ કોઈ પ્રયત્ન કરવો જોઈએ.

(૩) રાગાદિથી આત્મા બંધાય છે અને તેથી જ દુઃખમય પરિણામો પ્રાપ્ત કરે છે. જો રાગના અને કર્મોના બંધન તોડી પાડવામાં આવે તો સંસાર પાપમય જ બને અને એમ થતાં ફલતઃ દુઃખમય બનવાની શકયતાનો પણ નાશ થઈ જાય.

આત્માના યથાર્થસ્વરૂપના ભાનમાંથી રાગાદિપાપમય સંસાર પ્રત્યે વિરાગ ઉત્પન્ન થાય છે. વિરાગી આત્મા એ રાગાદિ સંસારનો ત્યાગ કરવા માટે ઉદ્યમી બની રહે છે અને એ સંસારનો ત્યાગ પણ કરી દે છે. આ રીતે જ્ઞાની આત્મા જે વિરાગના બળથી સંસાર પરિત્યાગ કરે છે તે વિરાગને જ્ઞાનગર્ભવિરાગ કહેવામાં આવે છે. [૭]

જ્ઞાનગર્ભવિરાગીમાં જ આત્માના વાસ્તવિક તત્ત્વનું ભાન થાય છે અને તે ભાનથી સાચો વિરાગ પ્રગટ થાય છે માટે જ્ઞાનગર્ભવિરાગ જ મોક્ષપદ પામવા માટેનું અમોઘ સાધન છે એમ ભગવાન્ જિનેશ્વરોએ કહ્યું છે.

પૂર્વોક્ત દુઃખગર્ભવિરાગ અને મોહગર્ભ વિરાગ એ આત્માના વાસ્તવ જ્ઞાનવિહોણા હોવાથી આત્મશુદ્ધિના સાધક બનતા ન હોવાથી મોક્ષસાધન બની શકતા નથી.

આત્માનો રાગમોક્ષ, કર્મમોક્ષ, ભવમોક્ષ, પામવા માટે આત્મસ્વરૂપનું ભાન તો અનિવાર્ય છે. એ ભાન ભ્રાન્ત થઈ જાય તો ભ્રાન્તભાનનો વિરાગ પણ ગમે તે પળે તૂટી પડયા વિના ન રહી શકે.

ભ્રાન્તાત્મભાનમાંથી જાગતો વિરાગ ચીનાઈ કાચ જેટલો તકલાદી હોય છે. દેખાવમાં જ સુંદર લાગે. ટકાવમાં ગમે તે પળે તૂટી પડનારો હોય.

દુઃખગર્ભવિરાગમાં તો આત્માનું ભ્રાન્ત ભાન પણ હોતું નથી. એટલે એ તો સુતરાં આત્મમોક્ષપ્રાપક બની શકતો નથી.

અધ્યાત્મસાર ગ્રન્થમાં મહોપાધ્યાયજીએ જ્ઞાનગર્ભવિરાગનું સ્વરૂપવર્ણન કરતાં કહ્યું છે કે આ વિરાગનો સ્વામી આત્મા આત્માદિ તત્ત્વનો યથાસ્થિત જ્ઞાતા હોય, સ્યાદ્વાદશૈલિનો જ્ઞાતા હોય, મોક્ષના ઉપાયભૂત રત્નત્રયીનો અઠંગ આરાધક હોય.

જ્ઞાનગર્ભવિરાગીની તત્ત્વચિંતા ઘણી જ પ્રૌઢ હોય, એની પ્રજ્ઞા સ્વપર આગમોની આરપાર ઊતરી ગઈ હોય. કેમકે આવા વિશિષ્ટજ્ઞાન વિના અનુષ્ઠાનાત્મક ક્રિયા એને સર્વાંગે સ્પર્શી શકાતી નથી.

આ પ્રકારના વિરાગવાળા આત્માઓ ઉત્સર્ગ–અપવાદ, નિશ્ચય–વ્યવહારના પ્રખર જ્ઞાતા હોય. પરકીય દર્શનોના સઘળા આગમોને જિનાગમમાં સમાવી દેવાનું અનુપમ કૌશલ ધરાવતા હોય, નય–પ્રમાણની વિચારણામાં તો આરપાર ઊતરી ગયા હોય, આગમિક પદાર્થો અને યૌક્તિક પદાર્થોનો ભેદ એમની નજરમાં રમતો હોય એટલું જ નહિ પણ એ રીતે જ એ પદાર્થોનું પ્રતિપાદન કરવાની એમની પ્રજ્ઞા સિદ્ધહસ્ત બની ચૂકી હોય.

**જ્ઞાનગર્ભ વિરાગીનાં લક્ષણો :** જ્ઞાનગર્ભવિરાગની વિવિધ બાજુઓનું નિરુપણ કરીને મહોપાધ્યાયજી કહે છે કે આ બધું ય ચિંતન નજર સામે લાવતાં એમ કહી શકાય કે જ્ઞાનગર્ભ–વિરાગ તો ગીતાર્થ સાધુને જ હોઇ શકે; હા, એવા ગીતાર્થની નિશ્રામાં જીવનનું સાર્થક્ય પામતાં અગીતાર્થને પણ જ્ઞાનગર્ભ-વિરાગ કહી શકાય. આથી જ માષતુષાદિ મુનિઓને જ્ઞાનગર્ભ–વિરાગી કહેવાય છે.

જ્ઞાનગર્ભવિરાગી મહાત્માના લક્ષણોનું વર્ણન કરતાં મહોપાધ્યાયજીએ કહ્યું છે કે એ મહાત્માઓ (૧) ધર્મસિદ્ધિ માટે

અનિવાર્ય એવી સૂક્ષ્મ દૃષ્ટિવાળા હોય, (૨) માધ્યસ્થભાવને વરેલા હોય; (૩) સર્વત્ર સહુના હિતની ચિન્તા કરતા હોય (૪) ક્રિયાકાંડી જીવન પ્રત્યે અત્યન્ત આદર ધરાવતા હોય, (૫) ભવ્યાત્માઓને ધર્મ સન્મુખ બનાવવાની પ્રવૃત્તિમાં સહજ રીતે ઓતપ્રોત હોય, (૬) પારકી પંચાતોમાં મૂંગા, અંધા અને બહેરા માણસ જેવી એમની ચેષ્ટા હોય (૭) સ્વગુણના અભ્યાસમાં અત્યન્ત ઉત્સાહી હોય, નિર્ધન માણસને ધનાર્જનની પ્રવૃત્તિમાં જેવો ઉત્સાહ હોય છે. (૮) કામોન્માદને તો ક્યાં ય ફેંકી દેતો હોય, (૯) માન–કષાયના તો એ ભુક્કા બોલાવતો હોય, (૧૦) ઇર્ષ્યાના રેશમી તાંતણા એના જીવનને બાંધવા અસમર્થ બનતા હોય, (૧૧) સમતાસાગરમાં આ મહાત્માઓ સ્નાનની મોજ માણતા હોય, (૧૨) આત્માના સચ્ચિદાનંદસ્વભાવની રમણતામાં એ નિશ્ચલ હોય.

છેલ્લે મહોપાધ્યાયજી કહે છે કે માટે જ ત્રણ પ્રકારના વિરાગમાં જ્ઞાનગર્ભ–વિરાગ જ અત્યન્ત આદેય છે. બાકીના બે દુઃખગર્ભ અને મોહગર્ભ વિરાગ તો આદેય ન ગણી શકાય. છતાં કવચિત્ કદાચિત્ કોઇકને માટે ઉપાદેય બની જાય ખરા.

દુઃખગર્ભ અને મોહગર્ભ વિરાગ છે તો ઝેર જેવા નકામાં પણ ક્યારેક એ વિરાગો પણ જ્ઞાનગર્ભમાં પરિણમી જાય તો તે જ્ઞાનાગર્ભવિરાગ પામવાની ભૂમિકા તૈયાર કરવામાં નિમિત્ત બની જવા જેટલા ઉપાદેય ગણી શકાય ખરા.

આ. ભગવાન્ આર્યસુહસ્તિમહારાજાએ પેલા દ્રમકને ખાવા દીક્ષા આપી જ હતી ને ? પણ પછી કેવું સુંદર પરિણામ આવી ગયું ? દ્રમક, દ્રમક મટીને મહાન્ શાસનપ્રભાવક સમ્રાટ્ સંપ્રતિ બની ગયો !

પણ આવું ક્યારે બને ? મહોપાધ્યાયજી તો કહે છે કે અંતરમાં રહેલા અધ્યાત્મભાવના દેવની કૃપા થાય તો જ બને.

આપણે અગણિત વંદના કરીએ જ્ઞાનગર્ભવિરાગના સ્વામી-ઓને ! મહાત્મા શાલિભદ્રને ! અણગાર ધન્નાજીને ! અંતર્મુખ ગજસુકુમાલજીને ! અનંત આરાધકોને !

દુઃખગર્ભ, મોહગર્ભ અને જ્ઞાનગર્ભવિરાગના સમગ્ર ચિન્તનનો સારાંશ આ કહી શકાય.

(૧) દુઃખગર્ભ :–(૧) સંસારના કોઇ દુઃખથી ફફડી ઊઠતાં (૨) સંસારના સુખને તો હૃદયથી ચાહતાં દુઃખવિરાગી સુખરાગી આત્માનો જે વિરાગ તે દુઃખગર્ભવિરાગ કહેવાય.

(૨) મોહગર્ભ :–મોહ–અજ્ઞાન–વિપરીત જ્ઞાન (૧) આત્માદિ પદાર્થના એકાન્ત નિત્ય વગેરે વિપરીત સ્વરૂપના જ્ઞાનથી ઉત્પન્ન થતા (૨) સંસારની અસારતા-વાળા ભાનપૂર્વકનો વિરાગ તે મોહગર્ભવિરાગ.

બાળતપસ્વીઓને તથા આભિનિવેશિક મિથ્યાત્વીને આ વિરાગ હોય.

(૩) જ્ઞાનગર્ભ :—

(૧) સદ્ગુરુના સંગથી જાગેલો કે આવી પડેલા શરીરા-દિના દુઃખનું નિમિત્તમાત્ર પામીને જાગી ગએલો.

(૨) દુઃખના કારણમાં ભોગસુખના પાપોને જાણીને તે પાપસ્વરૂપસુખોથી કારમી સૂગ ઉત્પન્ન કરતો વિરાગ તે જ્ઞાન-ગર્ભવિરાગ કહેવાય.

સનત્કુમાર, નમિરાજર્ષિ, શાલિભદ્રજી વગેરેના વિરાગને જ્ઞાનગર્ભ કહેવાય.

જ્ઞાનગર્ભવિરાગી આત્મા પ્રાયઃ મુખ્યત્વે પુણ્યાનુબંધી પુણ્યનો સ્વામી હોય. એવા મહાત્માઓના જીવન ઉપર પુણ્યાનુ-બંધી પુણ્ય–અષ્ટકમાં આપણે દૃષ્ટિપાત કરીશું.

# તપ–અષ્ટક

[૧૧]

दुःखात्मकं तपः केचिन्मन्यन्ते तन्न युक्तिमत् ।
कर्म्मोदयस्वरूपत्वाद् बलीवर्दादिदुःखवत् ॥१॥

કેટલાક કહે છે કે તપ તો દુઃખસ્વરૂપ છે માટે એવો તપ યુક્તિસાધ્ય નથી. અશાતાવેદનીયકર્મના ઉદયથી આવતો તપ, બળદીઆના દુઃખ જેવા જ દુઃખસ્વરૂપ કહી શકાય.

सर्व एव च दुःख्येवं तपस्वी सम्प्रसज्यते ।
विशिष्टस्तद्विशेषेण सुधनेन धनी यथा ॥२॥

પૂર્વપક્ષી આગળ વધતાં કહે છે કે—જો દુઃખને પણ તપ કહેશો તો બધા જ દુઃખી જીવો તપસ્વી બની જશે. એમાં ય જે વધારે દુઃખી હશે તે મહાતપસ્વી બનશે. જેમ વધારે ધનવાળો માણસ મહાધનવાન્ કહેવાય છે તેમ.

महातपस्विनश्चैवं त्वन्नीत्या नारकादयः ।
शमसौख्यप्रधानत्वाद्योगिनस्त्वतपस्विनः ॥३॥

વળી નારકના મહાદુઃખી જીવો મહાતપસ્વી બનશે અને શમસુખના સ્વામી યોગીઓ અતપસ્વી સાબિત થઈ જશે.

युक्त्यागमबहिर्भूतमतस्त्याज्यमिदं बुधैः ।
अशस्तध्यानजननात् प्रायः आत्माऽपरकारकम् ॥४॥

એટલે યુક્તિથી અને આગમથી બાહ્ય એવા તપનો બુધ પુરુષોએ ત્યાગ કરી દેવો જોઈએ.

ભગવાન્ મહાવીરના ઘોરતપની વાત બાજુએ મૂકીએ. સામાન્ય રીતે તો તપ આર્ત્તાદિધ્યાન ઉત્પન્ન કરીને આત્માનું અહિત જ કરે.

मनइन्द्रिययोगानामहानिश्चोदिता जिनैः ।
यतोऽत्र तत्कथं त्वस्य युक्ता स्याद् दुःखरूपता ॥५॥

ઉત્તરપક્ષઃ-તમે તપને દુઃખરૂપ કહ્યો છે તે જ બરોબર નથી કેમકે ભગવાન્ જિનેશ્વરોએ તો તેજ તપને તપ કહ્યો છે જે કરતાં મન, ઇન્દ્રિય અને પ્રતિલેખનાદિ ધર્મક્રિયાઓને હાનિ ન પહોંચી જાય, મન વગેરેને ત્રાસ ત્રાસ કરી મૂકે તેવા તપને તપ જ કહેવાતો નથી. માટે જિનોક્ત તપ તો દુઃખરૂપ છે જ નહિ.

यापि चानशनादिभ्यः कायपीडा मनाक् क्वचित् ।
व्याधिक्रियासमा सापि नेष्टसिद्धयाऽत्र बाधनी ॥६॥

વળી તપમાં થોડી પણ દેહપીડા ક્યારેક તપ સાથે, ક્યાંક જોવા મળે છે તે પણ તપધર્મનો બાધ કરનારી બનતી નથી કેમકે એટલી પીડાની પાછળ મોક્ષના અનંતસુખની ઇષ્ટસિદ્ધિનું અમૂલ્ય ફળ પ્રાપ્ત થવાનું હોય છે.

दृष्टा चेष्टार्थसंसिद्धौ कायपीडा ह्यदुःखदा ।
रत्नादिवणिगादीनां तद्वदत्रापि भाव्यताम् ॥७॥

જગત્માં પણ જોવા મળે છે કે રત્ન વગેરેના વેપારીઓને પોતાની ઈષ્ટસિદ્ધિ થતી હોય તો ત્યાં જે કાયપીડા થાય તે તેમને દુઃખરૂપ બનતી હતી. પ્રસ્તુતમાં પણ આવું જ સમજવાનું છે.

विशिष्टज्ञानसंवेगशमसारमतस्तपः ।
क्षायोपशमिकं ज्ञेय-मव्याबाधसुखात्मकम् ॥८॥

જેમ તપ દુઃખરૂપ નથી તેમ અશાતાવેદનીયકર્મના ઉદય સ્વરૂપ પણ નથી. તપ તો વિશિષ્ટજ્ઞાન, સંવેગ અને શમનો સાર છે. એથી જ્ઞાનાવરણીય અને ચારિત્રમોહનીયના વિશિષ્ટ ક્ષયોપશમથી જન્ય ગુણ છે. આત્માના પોતાના ઘરના નિરાબાધ-નિર્મળ સુખ સ્વરૂપ છે.

## વિવેચના :—

જેમ જેમ આત્મા સાચા વિરાગથી વાસિત થતો જાય તેમ તેમ તેનું જીવન તપધર્મથી ભાવિત થતું જાય.

**વિરાગીનો તપ સાથે વ્યાપ્ત સંબંધ** વિરાગની સીધી પેદાશ તપ છે. જ્ઞાન, ધ્યાન, ગુરુ ભક્તિ આદિ બધી એની આડપેદાશરૂપ છે કેમકે વિરાગની સીધી ચોટ દેહાધ્યાસ ઉપર આવે છે.

‘પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયોના રાગે જ રમખાણ મચાવ્યું છે. ’આ વાતની જેને ખબર પડી છે એ બધા ય આત્માઓએ પાંચ ઇન્દ્રિયોના નિગ્રહ ઉપર જ પોતાનું સઘળું બળ કેન્દ્રિત કર્યું છે. પોતાની સમગ્રતા સાથે એમણે ‘નિગ્રહ’ ને જ પોતાનું જીવન બનાવવા મરણિયો જંગ ખેલી નાંખ્યો છે.

આગમ ગ્રન્થો કહે છે કે જગત્‌ના કોઈપણ દુઃખની પાછળ છેવટમાં છેવટનું કોઈ મૂળ કારણ હોય તો તે દેહાધ્યાસ છે.

દેહાધ્યાસે સંસારનું સર્જન થાય.

દેહ દુઃખે સંસારનું વિસર્જન થાય.

સર્વશાસ્ત્રોનો આ સાર છે.

સાચા વિરાગનો આ નિચોડ છે.

કોઠાની આ સૂઝ છે, ધર્મોનો આ મર્મ છે.

જ્ઞાનગર્ભવિરાગીના જીવનમાં આ સત્ય પચીને પરિણમી ગયું હોય છે માટે જ સાચો જ્ઞાની આત્મા તપસ્વી બની ગયા વિના રહી શકતો નથી.

સંસારના સુખદ પ્રલોભનોથી જેને ત્રાસ થઈ જાય એને પહેલો પ્રશ્ન એ જ જાગે છે કે હવે એ પ્રલોભનો ચિત્તમાં આકર્ષણ ન જમાવી જાય તે માટે શું કરવું ?

આ પ્રશ્નનું શાસ્ત્રીય સમાધાન એક જ છે કે પાપકારક એવા પ્રલોભનોથી વેગળા થઈ જવું.

પણ છતાં ચંચળ મન એકાન્તમાં બેસીને પણ ઉત્તેજના પામ્યા વિના રહેતું નથી. વળી પ્રલોભનોના યોગનો સર્વથા પરિત્યાગ શક્ય નથી કેમકે સાધુ પણ વનમાં વસતા નથી કિન્તુ ઉપવનાદિમાં વસીને ય નિર્દોષ ભિક્ષા માટે એમને નગરાદિમાં આવવું પડે છે. એ વખતે વિજાતીય યોગ થઈ જવાની શક્યતા ઘણી ઊભી રહે છે.

એટલે જે અપરિહાર્ય છે તેવા પ્રલોભક નિમિત્તો વચ્ચે રહીને પણ મનને સ્વસ્થ અને શાન્ત બનાવવાની સાધનાનો જ વિચાર કરવો રહ્યો.

નગરમાંથી નાસી છૂટીને વનમાં ભરાઈ જવાથી પ્રલોભનો પ્રત્યેના આકર્ષણ મટી જતાં નથી.

વનમાં કે ઉપવનમાં પણ મન તો સાથે જ રહે છે. અનાદિકાલીન સંસ્કારો બેલગામ બને તો એકાન્ત પણ ભયંકર બની જાય! સજાતીય સંગ પણ ઝેર ઓકનારો બની જાય. રે! કોઈ જડવસ્તુ પણ અત્યન્ત ભયાનક વિનાશ સર્જી જાય.

એથી જ જરૂર છે મનની શાન્તિની; અશુભ સંસ્કારોના શમનની.

જે વિરાગી બને છે, એ બેશક રાગના ઘરમાં રહી શકતો જ નથી છતાં ય વિરાગના ઘરમાં રહીને પણ રાગ પોતાની રમત રમી જાય તો? એ પ્રશ્ન તો એને ખૂબ જ ચિંતાતુર બનાવતો હોય છે.

પણ આ ચિંતા લાંબો સમય ટકતી નથી.

જિનાગમોનાં અધ્યયનમાંથી એને જવાબ જડી આવે છે. મનઃશાન્તિ માટેનો ઉપાય મળી આવે છે. એનું નામ છે તપ.

રાગથી ત્રાસેલો પ્રલોભનોથી ગભરાય એટલે પ્રલોભક જગત્‌થી તો નાસી જ છૂટે. પણ વિરાગી માટે આ નાસભાગ જેટલી સહજ છે એટલું જ સહજ—એના મનને સહજ રીતે કાબૂમાં લાવી દેવા માટે—તપસ્વી તરીકેનું જીવન ઘડતર છે. આમ જેમ વિરાગી અણુગાર (અગાર=ઘર) હોય તેમ વિરાગી તપસ્વી પણ હોય જ. એનું અણુગારત્વ પ્રલોભકનિમિત્તોથી નિવૃત્ત કરીને ઘણો-ખરો સંભવિતભાવી રાગ શાન્ત પાડી દે, અને એનું તપસ્વિત્વ મનની ઉત્તેજનાઓને શાન્ત પાડી દે.

મન ઉત્તેજિત થાય છે બે રીતે :—

કશુંક અનુચિત જોઈને અથવા તો સાધુજીવનને પ્રતિકૂળ એવું કશુંક પૌષ્ટિક ખાઈ લઈને.

કશું ન જોનારો આત્મા પણ જો કશુંક પૌષ્ટિક ખાઈ લેશે તો એનું મન ઉત્તેજિત થયા વિના રહી શકશે નહિ. કશુંક જોઈ લીધા વિના, કશુંક કરી લીધા વિના, કશુંક ભોગવી લીધા વિના એ ઉત્તેજના શમી શકશે નહિ.

મનની ઉત્તેજના એ એવું ભયંકર પાપ છે કે તેના કારણે તો—ફગાવી દીધેલો આખો ય સંસાર—એકાએક મનમાં ઊભરાઈ જાય છે.

મનમાં ઊભરાઇ ગએલા સંસારને જીવનમાં ચોમેર પથરાઈ જતાં ઝાઝો સમય લાગતો જ નથી.

આથી ઘરબાર ત્યાગીઓએ ફરી ઘરબારી ન બની જવાય તે માટે મનને ખૂબ જ ઠંડું, ખૂબ જ શાન્ત—પ્રશાન્ત રાખવાની સાધના કરતા જ રહેવી જોઈએ.

જ્ઞાનગર્ભ વિરાગી આત્માને પોતાની 'સુરક્ષા'નો પ્રશ્ન તો પ્રાણપ્રશ્ન બની રહે તે અત્યન્ત સહજ છે. એથી જ આવા

વિરાગી આત્માઓ જેટલી સાહજિકતાથી ઘરબાર છોડતા હોય એટલી જ સાહજિકતાથી તપસ્વી બની રહેતા હોય.

માનસિક વાસનાઓની શાન્તિ જારી રાખવા માટે વિષયોના પરિત્યાગની સાધના એ નકારાત્મક Negative સાધના છે. પરન્તુ એ પછી હકારાત્મક Positive સાધના તો આવશ્યક રહે જ છે. કેવળ નકારાત્મક સાધનાથી ચિત્તશુદ્ધિનું સાધ્ય આંબી શકાય જ નહિ.

આ હકારાત્મક સાધના છે; તપત્યાગની. ચિત્તશુદ્ધિ વિના આત્મમુક્તિ જેમ અશક્ય છે તેમ તપસ્વી જીવનની હકારાત્મક સાધના વિના ચિત્તશુદ્ધિ અશક્ય છે.

એટલું જ એ પણ સાચું છે કે ગૃહત્યાગની નકારાત્મક સાધના વિના તપસ્વી જીવનની વાસ્તવિક હકારાત્મક સાધના પણ લગભગ અશક્ય છે.

વૈરાગ્યની સીધી પેદાશ તપ છે એ વિધાન ખૂબજ સુસંગત લાગે છે.

મનના વિકારોને શાન્ત પાડયા પછી જ તે વિકારો નબળા પડીને ક્ષય પામે છે. પણ એ વિકારોને શાન્ત પાડવા માટે સાત ધાતુઓની શાન્તિ અત્યન્ત અનિવાર્ય છે. દૂધ-ઘી વગેરે ઉત્તેજક દ્રવ્યોથી. ધાતુઓની શાન્તિ બાધક બને છે. એટલે ઉત્તેજક દ્રવ્યોનો તો સર્વથા પરિત્યાગ કરી દેવો જોઈએ. એ પછી જ શક્ય એટલા સર્વ દ્રવ્યના ત્યાગસ્વરૂપ તપ કરતાં રહેવો જોઈએ જેથી બીજા સૌમ્ય આહારની સંભવિત ઉત્તેજનાઓ પણ શાન્ત થઈ જાય.

તપ ધર્મ સહજ રીતે ધાતુઓને શાન્ત કરે છે અને ગાત્રોને કંઈક શિથીલ કરે છે.

ધાતુઓની ઉત્તેજના અને ગાત્રોની વધુ પડતી તાકાત-બે ય ભેગા મળીને મનને વિકારોથી ઉત્તેજિત કરી મૂકે છે.

આ સામાન્ય નિયમ છે. રાજમાર્ગ પણ સામાન્ય નિયમના આધારે જ તૈયાર થાય છે. બાકી તો માંસ ખાતો જાત્યસિંહ વર્ષમાં એક જ વાર કામાતુર બને છે અને કાંકરા જેવું તુચ્છ-ભોજન કરતું કબૂતર થોડા કલાક પણ નિર્વિકાર રહી શકાતું નથી.

**ઇન્દ્રિય વિકારોની વિષમતા** ઇન્દ્રિયોના વિકારજન્ય બળો એટલા ભયંકર હોય છે કે એ બળો જાગ્યા પછી વાસનાઓની આગ ભયંકર રીતે વધી જઈ ને આત્માના તમામ પ્રદેશોમાં વ્યાપી જાય છે.

રે ! પતંગ ! પેલો અગ્નિના રૂપમાં કેવો અન્ધ બની જાય છે કે પોતાના જીવનનો જરા પણ વિચાર કરી શકતો નથી અને તૂટી પડે છે એ આગમાં ! ભડથુ થઇ ને બળી મરે છે !

અને ભ્રમર ! કમલવનની સુગંધીમાં મોહાઇ પડીને કોઈ કમલમાં ચોંટી પડે છે ! સાંજ પડતા સૂર્ય અસ્ત પામે છે અને સૂર્યવિકાસી કમલ બિડાવા લાગે છે ! બિચારો ભ્રમર ! છતાં એ કમલમાંથી નીકળીને ભાગી છૂટતો નથી ! ઘ્રાણેન્દ્રિયના આકર્ષણમાં ફસાએલો એ કમલમાં ફસાઈ જઇને જીવનને જાતે જ ગૂંગળાવી મારે છે !

અને માછલી ! બડિશના તીક્ષ્ણ કાંટે લાગેલા ચાસ (આમીષ) ના સ્વાદમાં લોલુપી બની જઈને એને મેળવવા ધસે છે. જાય છે મૃત્યુના મોંમા ! તીક્ષ્ણ કાંટા સાથેનું માંસ મોંમા જાય છે અને યમદૂત કાંટો એના તાળવાને ચીરી નાંખે છે !

અલમસ્તકાય હાથી ! હાથણીના આબેહૂબ ચિત્રને જોઇને સાચી હાથણીની કલ્પના કરીને દોટ મૂકે છે ! શરીરનો પહેલવાન્ જેનો દુનિયામાં જોટો ન જડે એ ય—મનનો કેટલો કાયર બની શકે છે તેનું આ સચોટ દૃષ્ટાન્ત છે.

હાથણીના સ્પર્શનું સુખ માણવા અંધો બનીને ધસતો હાથી શિકારીઓએ ઘાસથી ઢાંકેલા વિરાટ ખાડા ઉપરથી પસાર થતાં જ એ ખાડામાં ઊતરી જાય છે.

આશાનો દાસ! સહુનો દાસ!

મહાકાય પણ મનના પાપે પળમાં વશ થઈ જાય! રે! વિધિ તારું આશ્ચર્ય!

અને નિર્દોષ હરણીયું! સારંગીના સુમધુર સ્વરમાં ભાન ભૂલીને તણાતું જ જાય છે એ તારસ્વરની સુરાવલિઓની લહરીમાં! જેની ફાળને કોઇ ન પહોંચી શકે, જેને કોઈ ન પકડી શકે એ કર્ણેન્દ્રિયના વિષયની લંપટતાના બળે જરાકમાં પકડાઈ જાય!

માનવ! પાંચ પાંચ ઇન્દ્રિયોની પૂર્ણ ઉત્તેજનાનો સ્વામી!

ગાંડો બને તો એના જેટલો ભયંકર કોણ બની શકે તેમ છે?

એમાં ય સંત! જગતની નજર જેના અકલંક ચારિત્ર્ય ઉપર ઠરી હોય! એ જો કોઈ વિષયને આધીન બનીને કલંકિત બની જાય તો!

એક બંધ તૂટે અને સેંકડો ગામ જળબંબાકાર થઈ જાય! એક સાધુની સાધુતા તૂટે અને સેંકડો ધર્માત્માઓના ધર્મ-જીવન ધ્રૂજી ઊઠે!

કોઈ રીતે ક્ષન્તવ્ય નથી આ કાળઝાળ હોનારત! અધર્મી જગતને ધર્મી ન બનાવાય તો હજી ચાલશે પણ કોઈ ધર્મીને અધર્મી તો ન જ કરી દેવાય!

માટે જ વિરાગીએ તપસ્વી બની જ રહેવું જોઇએ.

ભલે તેમાં કદાચ ધાતુઓ શોષાય, શરીર શોષાય તેનું મહત્વ જ નથી. શરીરના શોષણ સાથે જો રોગોનું અને પાપોનું પણ

શોષણ થતું હોય તો એ શરીર શોષણ તો અત્યંત આવકાર્ય ગણાય.

**દેહશોષક તપની** દેહના શોષણમાં આત્મા તગડો બની જતો **આત્મ પોષકતા** હોય તો દેહશોષણની સાધના જેવી કોઈ બીજી સાધના જ નથી.

તપથી માત્ર દેહ શોષાય છે એ જ દેખીતું દુઃખ છે ને! પણ તેથી એ જ દેહના રોગો બળે અને શરીર અત્યન્ત નિરોગી બને તે મોટો લાભ નથી? રોગિષ્ટ તગડા શરીરના ભાર કોના પાપે ઉપાડવા?

વળી ધાતુઓ શાન્ત થતાં મનઃશાન્તિ પ્રાપ્ત થાય તેથી જીવનમાં વિકારોનું ધાંધલ જ ન મચે અને જે પવિત્રતાનું માંગલ્ય પ્રાપ્ત થાય તે શું મોટો લાભ નથી?

અરે! મૃત્યુ વખતે અસમાધિ ન લેવી હોય તો પણ તપ જ અનિવાર્ય છે. જેના દેહમાં ઘણાં શ્વાસ વગેરે નથી....જેના દેહમાં રોગો નથી એ જ આત્મા એ શુષ્કદેહનો સહેલાઈથી ત્યાગ કરી શકે છે માંસ–ચરબી અને રોગોને બાળી નાંખવાનું કામ તપની ભઠ્ઠી સિવાય કોણ કરી શકે છે?

આમ નિરોગિતા, ધ્યાનાદિ માટે દેહની ચપળતા, મનઃશુદ્ધિ, જીવન શુદ્ધિ, અને સમાધિમૃત્યુ બધાં ય લાભ જો તપથી પ્રાપ્ય હોય તો એનાથી થતાં દેહશોષણના કહેવાતા ગેરલાભનો વિચાર સુદ્ધાં પણ કરી શકાય ખરો!

મનઃશુદ્ધ, જીવનશુદ્ધ, અને સમાહિત મૃત્યુવાળો આત્મા પરલોકમાં સદ્ગતિઓની પરંપરા પામતો જ રહે અને અન્તે મુક્તિપદ પામી જાય.

આમ મુક્તિ પદની સાધના માટે તપ તો અનિવાર્ય અંગ બની રહે છે.

જ્ઞાનગર્ભવિરાગીના જ્ઞાનમાં આ બધી જ લાભની બાજુઓનું દર્શન થયું જ હોય છે. એથી જ એનો વિરાગ ગૃહત્યાગી બનાવીને અને તપસ્વી બનાવીને જ જંપે છે.

આવા તપની સાથે ધ્યાનાદિની આડપેદાશો પ્રાપ્ત થાય છે.

તેલના કૂવામાં તેલની પેદાશ સાથે ગેસ વગેરેની આડપેદાશ પ્રાપ્ત થાય છે તેમ જ તો.

તપસ્વીનું ધ્યાન નિર્મળ બને....મનની શાન્તિને કારણે.

તપસ્વીની ક્રિયા શુદ્ધ બને....નિરોગી કાયાની પવિત્રતાના કારણે.

તપસ્વીનો જ્ઞાનાભ્યાસ વિપુલ બને....ખાનપાનમાં વેડફાઈ જતો સમય બચવાના કારણે.

તપસ્વીને આર્ત્તધ્યાન નહિવત્ હોય. ખાનપાન અંગેના જ વિપુલ આર્ત્તધ્યાનથી ઊગરી જવાના કારણે.

તપસ્વી પરમાત્માનો ભક્ત બને. ભોજનની ભક્તિ મંદ પડી જવાના કારણે. આડપેદાશ રૂપે ધ્યાનાદિ ઘણા યોગો સુપ્રાપ્ય બની રહે છે.

પ્રત્યાખ્યાન અષ્ટકમાં આપણે તપ ઉપર ઘણું ચિંતન કર્યું છે ત્યાં એ વાત આપણે જાણી કે દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકામાં મહોપાધ્યાયજીએ તો એટલે સુધી કહી દીધું છે કે જેમ જેમ દીક્ષાનો પરિણામ જીવનનાં આત્મસાત્ થતો જાય તેમ તેમ તે આત્મા દેહની સાથે જ ખૂનખાર જંગ ખેલતો જાય.

**ખતરનાક** ભૂતકાળમાં વધુમાં વધું આત્માનું કોઈએ બગાડયું **દેહાધ્યાસ** હોય તો તે દેહાધ્યાસે જ બગાડયું છે. વર્ત્તમાન જીવનની સઘળી વિદ્વત્તા વગેરે શક્તિઓને,

સઘળી પુણ્યાઈને ઉથલાવી પાડવાની ઠંડી તાકાત કોઇ ભાવમાં હોય તો તે દેહાધ્યાસના ભાવમાં જ છે.

અકબંધ ઉજળા ભાવીને દુઃખમય બનાવી દેવાની સર્જનશકિત પણ આ દેહાધ્યાસના કાળાં પાપમાં જ છે. માટે ત્રણે ય કાળને સુધારી લેવા માટે દેહાધ્યાસના પાપભાવનો સીધો મુકાબલો કરે તેવા તપધર્મને જીવનમાં આત્મસાત્ કરવો જ જોઈએ.

સાધુ જીવનમાં ઓછું ભણાશે, ગણાશે તે હજી ચાલશે. પરન્તુ તપ ઓછો કરાય તે કદી ચલાવી લેવાય તેવું નથી.

વધુ ભણવા માટે દૂધ-ઘી ખાવાથી શરીર સારું રાખવા ગરમ દવાઓ લઈને દૂધ-શીરો અને મલાઇ ઉપર રહેવાની વાતો એ વિચાર માત્રમાં પણ અત્યન્ત ભયંકર છે. જીવનમાં એવા અખતરાઓ કરનારા કદી સાધુજીવનની આરાધનાને પામી શકયા નથી.

**કંડરિક મુનિવર** એક હજાર વર્ષનો ઘોર તપ તપીને કંડરિક મુનિવરે દેહને કેવો શોષી નાખ્યો હતો ? એવા શોષિત દેહમાં સપ્ત ધાતુઓની ઉત્તેજના તો જન્મી પણ કયાંથી શકે ? એથી જ તો એમના મનમાં એવી શાન્તિએ વસવાટ કરી લીધો હતો કે જેને જોઈને દેવેન્દ્રોના પણ શિર ઝૂકી જતા હતા !

દોમ દોમ વૈભવોના ખડકલા ઉપર બેઠેલા રાજા મહારાજાઓ પણ આ વૈભવવિહોણા મુનિનું આધ્યાત્મિક ઐશ્વર્ય જોઈને ઝાંખા પડી જતા હતા.

પરન્તુ એ મુનિવરની શાન્તિ જોખમાઈ ગઈ, એમની મોક્ષની આરાધના નંદવાઈ, જીવન પાપમય બની ગયું. મહિનાઓના તન મનના પાપોએ એમના સેંકડો પુણ્યના ધોવાણ કરી નાખ્યા.

ચક્રવર્તી રાજાના જાજરમાન વૈભવને ઊભી બજારે કોઈ ચોરી—ફાડી નાંખે તેને બેહાલ કરી નાખે તેવી રીતે.

શાથી આ બધું બન્યું? જાણો છો ને?

સુકાએલા તુંબડા જેવા મુનિવરના દેહને જોઈને એમના-સંસારી મોટાભાઈ રાજા પુંડરિકનો આત્મા રડી ઊઠયો.

લઘુબંધુના ગુરૂને વિનંતિ કરી કે લઘુબંધુનું સ્વાસ્થ્ય સુંદર બની જાય ત્યાં સુધી પોતાને ત્યાં જ રાખે.

ગુરુને આમાં કશું ખોટું થતું ન લાગ્યું.

કાળના પેટમાં ઊકળતા લાવારસની તો ભલભલા પણ આગાહી કરી શકતા નથી.

સકારણ દોષિત આહાર લેવાની ગુરુએ અનુમતિ આપી.

ગુરુ વિહાર કરી ગયા.

મુનિવર કંડરિક રસાસ્વાદના ઘેનમાં ડોલવા લાગ્યા.

જાગતો આત્મા ઝોકા ખાવા લાગ્યો. રસ તાળવે ચોંટી ગયો. શરીર તો અત્યન્ત હૃષ્ટ-પુષ્ટ બની ગયું. પણ સપ્તધાતુઓ-ની જોરદાર પુષ્ટિના કારણે મન પ્રમાદનિદ્રામાં ઘસઘસાટ ઘોરવા લાગ્યું.

મન વકરે પછી બધા ય મહાવ્રતો ધડાધડ તૂટવા લાગે.... મુનિવરનો આત્મા પતન પામ્યો. પહેલા મનથી એ પછી તનથી.

વેષ ઊતારી નાંખ્યો.

બે જ દિવસ માટે રાજા કંડરિક બનીને સાતમી નારકના ઘનઘોર દુઃખોનો રાજા બની ગયો! જોયું ને? પુષ્ટ હતું આલંબન! તે વાતનો કોઈથી ઈન્કાર થઈ શકે તેમ નથી. છતાં કેવી ઘોર ખોદાઈ ગઈ મહાવ્રતોની!

બેશક, આપણે એમ નથી કહેવું કે સકારણ પણ અત્યાગના

માર્ગે ન જ જવાય. અહીં તો એટલું જ જણાવવું છે કે એક આત્માના ઉજ્વળતમ જીવનની ક્રૂર હત્યા કરી નાંખનારા ભોગ–જીવનથી શકય હોય ત્યાં સુધી આઘા જ રહેવામાં ખૂબ મજા છે.

રોગાદિના ઉપશમ માટે શકય હોય ત્યાં સુધી તો કદી એવા વૈદ્યો પાસે ન જવું જેઓ ભસ્મોની માત્રા આપતા હોય, અને દૂધ, શીરો, મલાઈ વગેરે સારી રીતે વાપરવાની ફરજ પાડતા હોય. આવી રીતે પુષ્ટ થતાં દેહમાં રહેતું મન–મર્કટ પછી તો એવું ભયંકર તોફાન કરે છે કે જેની નુકશાની સમગ્ર જીવનની સાધના કરીને પણ ભરપાઇ ન કરી શકાય.

એના કરતાં બહેતર છે કે શરીરને દૂબળું રહેવા દેવું.

શરીરની નબળાઈ સિવાયના તમામ રોગોમાં તો તપ સ્વયં અમોઘ ઔષધિનું કામ કરે છે.

અશક્તિ સિવાયના કોઈ રોગોમાં તો એક–બે–ત્રણ–આઠ ઉપવાસ કરી દેવામાં આવે તો રોગ બળીને ખાખ થઈ જાય છે.

આપણે જો આ વિચારને જીવનમાં વેગ આપીશું તો દેહાધ્યાસના અતિભયંકર પાપથી ઘણાં ઊગરી જઈશું.

મહર્ષિઓ અને મહાસતીઓએ તો તપને જ પોતાના જીવનની એક અમોઘ ઔષધિ માની હતી.

ગમે તે આફતનો ઉપાય તેઓ તપને જ સમજતા હતા. શાસન ઉપરની આફતને દૂર કરવા અઠ્ઠમ આદિનો તપ! રોગની આપત્તિ દૂર કરવા જરૂરી તપ! વિઘ્નો ટાળવા આયંબિલનો તપ!

**સાધ્વી સુકુમાલિકા** રે! સુકુમાલિકા નામની રાજકુમારીએ તો પોતાના રૂપને સળગાવી મૂકવા ય ઘોરતપની સાધનાને જ પસંદ કરી હતી!

એના અત્યન્ત મનોહર રૂપની પાછળ યુવાનો પાગલ બન્યા હતા. એ સાધ્વીજી જયાં જાય ત્યાં આ રૂપપતંગીઆ ચોમેર

ભમ્યા કરે. સન્ધ્યાકાળે પણ ઉપાશ્રયની આસપાસ ઊભા રહે સુકુમાલિકાના રૂપદર્શનની કોઇ તક સાધી લેવા માટેસ્તો !

પોતાની આ પરિસ્થિતિ જાણીને સુકુમાલિકાને ભારે દુ:ખ થયું. એને આ બાજી ઘણી જ સ્ફોટક બનતી લાગી. રખે ! કોઈ દિવસ શીલ લૂંટાય તો ! મન કામાતુર બની જઇને કોઈ કામાન્ધની માગણીને વિવશ થઈ જાય તો !

કાલની કોને ખબર છે ?

એક જ....પળમાં એણે એક નિર્ણય કરી લીધો. બસ ઘોર તપ તપીને દેહને જ શોષી નાંખું.

બીજા જ દિવસથી એ નિર્ણય અમલી બન્યો. દિવસો, મહિનાઓ અને વર્ષો જવા લાગ્યા.

સુકુમાલિકા મહાતપસ્વીનીના નામથી પંકાયા. પણ આ શી આફત ! તપના એ પ્રચણ્ડ અગ્નિમાં રૂપ બળી જવાને બદલે વધુ ચમકવા લાગ્યું ! હવે તો એમાં આત્માના તપજપના તેજ કિરણો રેડાયાં ! એ રૂપ પૂરબહારમાં ખીલી ઊઠ્યું !

મહાતપસ્વિનીની મનોવ્યથા બેકાબુ બની. ભાવી અમંગળના પડછાયા દેખાવા લાગ્યા.

શું કરવું ? સમજાતું નથી.

એટલામાં પોતાના બે દીક્ષિત ભાઈઓ –સસક અને ભસક નામના મુનિવરો–તે જ ગામમાં આવ્યા.

મહાતપસ્વિની વંદનાર્થે આવ્યા. ઉપાશ્રયની બહાર ટોળે વળેલાં યુવાનોને જોઇને આશ્ચર્યમુગ્ધ બનેલા ભાઈઓએ બહેનને પૂછયું, "આ લોક કેમ તમારી પાછળ ટોળે વળીને આવ્યા છે?"

બહેને સઘળી વાત કરી. ભાઈઓ તો સહસ્રયોધી હતા. એક એક જણ હજાર—હજારને યુદ્ધ આપે.

ભાઈઓએ ટોળુ વિખેરી નાંખ્યું. બહેને સઘળી વાત કરી અને સાથે જ આજીવન અનશન તપની અનુજ્ઞા માંગી.

ભાઈઓએ સહર્ષ અનુજ્ઞા આપી.

જીવતા રહીને કલંકિત બનવું તે કરતાં અકલંકિત રહીને મૃત્યુને વરવું ધરાર સુંદર ગણાય.

આ વાત આપણે આટલેથી જ અટકાવીશું.

આ પ્રસંગમાં આપણે જોઈ શકીએ છીએ કે જેમ જીવનમાં આગળ વધવા માટે તપની જરૂર છે તેમ અમંગળોની વરસી જનારી વાદળીને વિખેરી નાંખવા માટે પણ તપની જરૂર છે.

શાસ્ત્રકાર ભગવંતોએ તો કહ્યું છે કે તપ માટે કશું ય અસાધ્ય નથી. ગમે તેવી દુરારાધ્ય વસ્તુ પણ તપથી આરાધ્ય-સાધ્ય-બની રહે છે.

**બપ્પભટ્ટસૂરિજી** આ. ભગવાન્ બપ્પભટ્ટમુનિને સોળ વર્ષની વયે આચાર્યપદ પ્રદાન થયું હતું. પદપ્રદાનની એ મંગળમયી ક્રિયા ચાલતી હતી ત્યારે ગુરુભગવંતના મુખ ઉપર ઉદાસી છાઈ ગયેલી જોઈને બપ્પભટ્ટમુનિ ક્રિયા થંભાવી દઈ ગુરુ પાસે દોડી ગયા હતા. એ ઉદાસીનું કારણ પૂછ્યું હતું.

અને જ્યારે ગુરુએ જણાવ્યું કે, "એમને મહાપુણ્યવાન્ બપ્પભટ્ટના ભાવીની ચિંતા થઈ રહી છે....રખે! પતન થાય તો!" એ સાંભળતા જ પતનની જડ શોધી કાઢીને મુનિ બપ્પભટ્ટીએ તે જ પળે સમગ્ર જીવન માટે છ ય વિગઈનો સંપૂર્ણ ત્યાગ અને ભક્તના ભોજનની સઘળી ભિક્ષાનો ત્યાગ કરી દઈને ગુરુના અંતરને અત્યન્ત પ્રસન્ન કરી મૂક્યું હતું. જોયું ને! પતનની જડ જોઈ; વિગઈઓના ભોગમાં!

અને ઉત્થાનની દિશા જોઈ; ત્યાગના યોગમાં! સોળ વર્ષની ઉંમરથી જ જેમણે સર્વ વિગઈઓના અને ફળાદિ સઘળા ય

રસસુંદર ઉપભોગના ત્યાગ કરી દીધા હોય તેમના જીવનમાં તામસભાવ ફરકી પણ શકે ખરો? તેમના મનની સ્વસ્થતાને કોઈ આસુરી બળ પણ હણી શકે ખરું? તેમની આત્મમસ્તીને કોઈ અડી પણ શકે ખરું?

સાચે જ બપ્પભટ્ટસૂરિજી અત્યન્ત સ્વસ્થ હતા; સર્વ રીતે. એનો પુરાવો જોઈએ છે. સાંભળો.

કનોજના રાજા આમે બપ્પભટ્ટસૂરિજીને પોતાના ગુરૂ તરીકે સ્વીકાર્યા હતા.

રાજ્યનું કામકાજ આટોપાઈ જાય પછી સુંદર ધર્મચર્ચા થઈ શકે તે માટે રાજા આમે સૂરિજીને રોજ રાજસભામાં પધારવા વિનંતિ કરી હતી. શાસનપ્રભાવનાનાં વિશિષ્ટ લાભો જોઈને એ વિનંતિ સ્વીકારવામાં આવી હતી.

એક દિવસ બન્યું એવું કે સૂરિવર પોતાના સ્થાને બેઠા હતા. અને રાજા આમે નર્ત્તકીનૃત્ય શરૂ કરવાનો આદેશ કર્યો.

નૃત્ય શરૂ થયું. સૂરિવર પુસ્તક લઈને સ્વાધ્યાય કરવા લાગ્યા. થોડી વાર થઈ. રાજા આમના મનમાં એક વિચાર જાગ્યો, "સૂરિવરનું મન કેવું હશે!" રાજાએ સૂરિવર પ્રતિ નજર કરી. એ જ વખતે સૂરિજી કોઇ ચિંતનમાં ગરકાવ હતા. એમની આંખો પુસ્તકમાં ન હતી. એ સ્થિર થઇ હતી. નર્ત્તકીના નૃત્યની દિશામાં.

રાજા આમને શંકા પડી ગઇ.

નક્કી ધોળા વેશમાં કાજળ ઊભરાયું છે! પાકી ખાત્રી કરી લેવા માટે નર્ત્તકીને રાત્રે દસ વાગ્યાના સમયે ઉપાશ્રયમાં જવાનો—થાય તેટલું તોફાન કરી છૂટવાનો–આદેશ આપી દીધો!

સૂરિવર બપ્પભટ્ટ! રાજમાન્ય ગુરૂવર! યૌવનનો થનગનાટ!

રાત્રિનો નીરવ સમય ! બેહદ એકાન્ત ! અનુકૂળ સ્ત્રી ! કામે શરસંધાન કર્યું ! સઘળાં ય બાણો જાણે છોડી મૂકયા !

શિષ્યવૃન્દ સ્વાધ્યાય કરીને, થાકીપાકીને આરામ કરતો હતો. સૂરિવર આત્મચિંતનમાં ઓતપ્રોત હતા. ચોરપગે નર્ત્તકી આવી. ચરણોને સ્પર્શ કરી દબાવવા લાગી. કોમલાંગીના કમલ કોમલ કર સ્પર્શે સૂરિજી ચોંકી ગયા ! ખબરદાર ! કોણ છે ? સ્ત્રી કે પુરૂષ ? નર્તકીએ સાચી વાત કરી. મારું મહામૂલ્યવાન્ તન આજની રાત આપની સેવામાં ઉપસ્થિત કરવા આવી છું !

સૂરિવર રાજા આમના મનોભાવને પામી ગયા ! નર્ત્તકીને કાઢી મૂકે તો કાયરતાનો આરોપ મુકાય તેવી દહેશત હતી. મૌન રહે તો પતનનો મહાભય માથે તોળાઈ રહ્યો દેખાતો હતો. કયા વિકલ્પની પસંદગી કરવી ? પળમાં જ નિર્ણય કરી લઈને બીજો વિકલ્પ પસંદ કરી લીધો.

ગંભીર સ્વરે સૂરિવરે નર્ત્તકીને કહ્યું, "ઓ કંગાળ ! તું અહીં કયાં ચડી આવી ! મને ચલાયમાન કરવાની તારી ભાવના છે ? ઓ મૂર્ખી ! તું એટલું ય નથી સમજતી કે લાખ યોજનનો મેરુ પવનના એક નાનકડા ઝપાટાથી ચલાયમાન થઇ જતો હશે ? રે ! તું તો મળમૂત્રની ગટર છો ! પણ શુદ્ધ દેહને ધારણ કરતી નાગાઙ્ગનાઓ કે દેવાઙ્ગનાઓ પણ અહીં ઊતરી પડે ને તો ય જિનાજ્ઞાચુસ્ત આ બપ્પભટ્ટની આંખની પાંપણને ય કમ્પાવી ન શકે !

"નર્ત્તકી ! તારાથી થાય તે કરી લે. તું પણ જોઇ લે અને તારો રાજા પણ જાણી લે કે જિનાગમોના સાગરો પીને પચાવી ગએલા ગુરૂઓના આશીર્વાદ પામેલા જૈનસાધુઓ કેવા અકલંક બ્રહ્મચર્યના સ્વામી હોય છે !"

આટલું કહીને સૂરિવર શાન્ત થઇ ગયા. એ યોગીએ કુંડલિનીનું ઉત્થાન કર્યું. શરીરમાં એક કમ્પન થયું અને તરત

મહાસમાધિ લાગી ગઈ. સૂરિવરનું દેહભાન નષ્ટ થઈ ગયું. એમનો આત્મા આત્મામાં જ પોઢી ગયો.

જાણે ચૈતન્ય વિનાના એ દેહ સાથે ઘણી રમતો રમી નાંખી પેલી નર્ત્તકીએ! કશું ય કરવા-દેખાડવા-અડાડવામાં એણે બાકી ન રાખ્યું. જીવન મરણના જંગ જેવો એનો આ ખેલ હતો. પોતાની સઘળી કામકળાને એણે ત્યાં ઠાલવી નાંખી. પોતાની સમગ્રતાને રેડી દઈને એણે આજે તો હદ કરી નાંખી.

સવારના ચાર વાગ્યા!

નર્ત્તકી હતાશ થઈને સૂરિવરના ચરણોમાં ઢળી પડી. સૂરિવર મહાસમાધિમાંથી નિવૃત્ત થયાં. નર્ત્તકીનો પરાજય નિહાળ્યો.

નર્ત્તકીએ ક્ષમા માંગી. ઉદારદિલે સૂરિવરે ક્ષમા આપી.

જગત્માં જેનો જોટો ન મળે એવા આ યુવાન કામ-વિજેતાને શત શત વંદના કરતી નર્ત્તકી ચાલી ગઈ.

સવાર પડી.

રાજા આમ ઊઠયા. નર્ત્તકીને સામે ઊભેલી જોઈ. શું થયું એ જાણવા રાજા આમ ખૂબ જ ઉત્સુક હતો. નર્ત્તકીએ સઘળી વાત કરી. છેવટે એણે કહ્યું. "રાજાધિરાજ! જગત્ના લોકો તો મીણ જેવા! અમારા સ્ત્રીત્વની આગ અડી ન અડી ત્યાં ઓગળી જાય! પણ આપના ગુરુ તો પથ્થરની જ પેદાશ લાગે છે. પોલાદી મનના આ માલિકને તો અમે તો શું? પણ રાજન્! દેવલોકની અપ્સરા-ઉર્વશી પણ કશું જ ન કરી શકે. અમારી-મર્ત્યલોકની મળમૂત્રે ગંધાતી સ્ત્રીજાતની તો વાત જ કયાં રહી?

પોતાના ગુરુની આ ગૌરવગાથા સાંભળને રાજા આમ હર્ષવિભોર બની ગયા.

જોયો ને: આજીવન તપનો પ્રભાવ?

વિગઈઓના ત્યાગે અને ભક્તોના ભોજનના ત્યાગે શું કામ

કર્યું ? આજીવન ત્યાગમાં જ આવા ઉત્કૃષ્ટ બળોનું ઉત્પાદન થઈ શકે છે. જીવનમાં ક્યારે ય ઉત્તેજક દ્રવ્યોને જે આત્મા મોંમા નાંખતો નથી એની સાતધાતુઓ અત્યન્ત શાન્ત બની રહે છે.

**કામાધીન જગત્** આખું ય જગત્ જેના પડછાયા માત્રથી ધ્રૂજી ઊઠે છે એ મદન સાક્ષાત્ આવીને સામે ખડો થઇ જાય અને પોતાની સઘળી તાકાત હોડમાં મૂકી દે તો ય ત્યાગી–તપસ્વીઓના અંતરના અભેદ્ય દુર્ગમાં ક્યાં ય છીંડું પણ પાડી શકતો નથી.

મુનિજીવનની આ શું નાનીસૂની સિદ્ધિ કહેવાય ?

અને આવી પ્રચણ્ડસિદ્ધિ જીવનને તપોમય અને ત્યાગમય બનાવી દેવા માત્રથી શું પ્રગટ થઈ જતી હોય તો જીવનમાં તપ ધર્મને ઓતપ્રોત કરી દેવા માટે પળનો ય વિલંબ કરી શકાય ખરો ?

હા, જ્ઞાન ભણવું કઠિન છે, ધ્યાન ધરવું એથી ય કઠિન છે પરન્તુ ત્યાગમય જીવનની ધરતી ઉપર તપના ડેરાતંબૂ ખડાં કરી દેવા એ તો ઘણુંજ સરળ છે.

કદાચ એ યોગમાં ય થોડી કઠિનાઈ જણાતી હોય તો ય આ યોગથી સાધ્ય પ્રચંડસિદ્ધિને નજરમાં લાવી દેવામાં આવે તો એ મનની માનેલી કઠિનાઈ પણ ઊભી રહી શકતી નથી.

વર્તમાનકાળમાં સીધું પરહિતકરણ લગભગ દુઃશકય બની ગયું છે. આવા સમયે સ્વહિતકરણને જ પ્રાધાન્ય આપી દઈને એવું પ્રચંડ આધ્યાત્મિક આંદોલન વાયુમંડળમાં ફેલાવતાં રહેવું જોઈએ કે જેની ઝડપમાં જે કોઈ આવે તેના મનમાં શુભભાવોનું એ આંદોલન એમના જીવનને સુવ્યવસ્થિત બનાવવા લાગે.

બાળક કડવી દવા પીવા માટે સીધું મોં ન ખોલે તો માતા નાક દબાવે છે.

સીધું પરહિતકરણ અશકય હોય તો સ્વહિતકરણ દ્વારા જ તે શકય બની શકે.

વસ્તુતઃ સાચું પરહિતકરણ સ્વહિતકરણથી જ શકય છે. સ્વહિત વિનાના પરહિતના પ્રયત્નો પ્રાયઃ નિષ્ફળ જતા હોય છે.

સ્વહિતનો સુંદરમાં સુંદર ઉપાય તપ છે.

હા, જ્ઞાનાદિ યોગોથી પણ સ્વહિત થઈ શકે છે ખરું પરન્તુ એ જ્ઞાનાદિ યોગોમાં જો અશુદ્ધિ પેઠી તો સ્વહિત માટે તે નકામા બની જાય છે. હવે એમને કામના બનાવવા હોય તો આસક્તિના મળોને ઓગાળવા માટે વળી પાછી તપની ભઠ્ઠીનું શરણું તો લીધે જ છૂટકો છે.

આમ તપ મુમુક્ષુના જીવનનું એક અત્યન્ત અપરિહાર્ય અંગ બની જાય છે.

જો જ્ઞાનાદિ યોગોને આપણે સંયમદેહના હાથ, પગ વગેરેના સ્થાને ગોઠવીએ તો તપને હૃદયના ધબકારાઓ ઉપર જે નિર્ભર હોય છે. જેનું. હૃદય મજબૂત એનું આખું શરીર મજબૂત.

જ્ઞાનનું માથું, ક્રિયાના હાથપગ અને ધ્યાનનું પેટ.... એ બધા યના લોહીની અશુદ્ધિ હૃદયમાં જઈને દૂર થાય છે. હૃદયના વાલ્વમાં એ લોહી ગળાઈને શુદ્ધ થાય છે. શુદ્ધ થયેલું એ લોહી ફરી હાથ, પગ વગેરેમાં પહોંચીને એમને શક્તિમાન્ બનાવે છે. આધ્યાત્મિક દુનિયામાં તપનું કેવું અનોખું વૈશિષ્ટ્ય છે એ વાત હવે સુપેરે પુરવાર થઈ જાય છે. તર્ક મળો કે ન મળો પણ સર્વતર્કપારગામી ભગવાન્ જિનેશ્વરનું એ વચન તો આપણને મળ્યું જ છે કે તપ વિના શુદ્ધિ, સાચી બુદ્ધિ અને મુક્તિ શકય જ નથી.

બસ. તો તર્કો શોધવાના ફાંફા શાને મારવા ? આ વચન

જ આપણું બળ બની રહે તો જીવન અપૂર્વ બની જ રહે એ નિર્વિવાદ હકીકત છે.

આવા સુંદર તપધર્મની સામે પણ અધ્યાત્મમાર્ગના કહેવાતા સાધકોએ અરુચિ બતાડીને આર્યસંસ્કૃતિને ઘણું મોટું નુકશાન પહોંચાડયું છે. ભગવંત તરીકે પૂજાએલા ભૂતકાળના એ ચિંતકોની વાત આપણે અહીં કરવી નથી. અને તપ–ત્યાગને મૂળમાંથી ઊખેડી નાંખવાની યોજના સાથે જગત્‌માં બહાર પડેલા અધ્યાત્મમાર્ગના બહારવટિયાઓ (એકાન્ત નિશ્ચયવાદી) ને પણ આપણે પિંજરમાં ઊભા કરવા નથી. આગળ ઉપર જરૂર આ ચિંતકો અને બહારવટિયાઓનો વિચાર કરીશું.

હવે તો આપણે અષ્ટક ગ્રન્થકાર આ. ભગવાન્ હરિભદ્રસૂરિજીને જ સાંભળીએ.

**અજ્ઞાન લોકોનો તપ સામે તિરસ્કાર** પ્રસ્તુત (અગિયારમા) અષ્ટકના આરંભમાં તેઓશ્રીએ તપની સામે ઉપસ્થિત થતાં કેટલાક નબળા મનવાળાઓના તુક્કાઓ આપણી સમક્ષ રજૂ કરીને એમની વિચારણાને સમજી લેવાની તક આપી છે.

કેટલાક અનભિજ્ઞ લોકોનું એવું મન્તવ્ય છે કે ઉપવાસ વગેરે સ્વરૂપ તપ આત્માને ખૂબ જ ત્રાસ આપનારો છે માટે એવો તપ યુક્તિસાધ્ય તો નથી જ. મોક્ષમાર્ગની આરાધનાનું અંગ તો તે જ અનુષ્ઠાન બની શકે જે ચિત્તને અપૂર્વ શાંતિ આપે.

ભૂખમરાનો (!) તપ તો ચિત્તને નિર્બળ બનાવી દે છે. શરીરના ગાત્રો ઢીલાં કરી નાંખે છે. જેના તન–મન થાકેલાં હોય એને શાન્તિ કેવી ? શાન્તિ વિના મોક્ષની સાધના શેની ?

વળી મોક્ષનું અંગ કોણ બની શકે ? જે કર્મનો ક્ષયોપશમ કરતાં કરતાં સંપૂર્ણ ક્ષય કરી નાંખે તે જ ને !

શું આ તપ ગુણ કર્મોના ક્ષયોપશમથી જન્ય છે ? શું તે

કર્મના ક્ષયોપશમનો કારક છે? નહિ જ. તપ એટલે તો કર્મનો ઉદય !

અશાતાવેદનીય કર્મનો ઉદય થવો એ જ તપ છે. સાંભળો.... ઝટ નહિ સમજાય આ વાત....જરા સ્પષ્ટ કરીએ.

ઉપવાસાદિ તપ કરનાર વ્યક્તિને કારમી ક્ષુધા લાગે, ભયંકર તૃષા પણ લાગે, આ ક્ષુધાપરીષહ, તૃષાપરીષહ વગેરે અશાતાવેદનીય કર્મના ઉદયથી સાધ્ય છે એમ આગમગ્રન્થોમાં કહ્યું જ છે.

આમ વેદનીયકર્મના ઉદયસ્વરૂપ તપ બન્યો. મોક્ષનું અંગ તો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમભાવમાં હોય, કર્મોના ઉદયને ભોગવતો આત્મા અસલમાં તો મોક્ષનો આરાધક ન જ કહેવાય.

કર્મોના ઉદયમાં તો સંસાર છે.

કર્મોદય અને એનાથી પ્રાપ્ત થતા ગુણો અને લબ્ધિઓ તો સંસારનું જ અંગ કહેવાય. એમને મોક્ષાંગ તો કેમ કહી શકાય?

છતાં જો કર્મોદયજનિત ભાવોને ય મોક્ષાંગ કહેવાનું દુઃસાહસ કરશો તો ભારે આફત નોતરશો.

કેમકે પછી તો બળદીઆ પણ જે દુઃખ ભોગવે છે તે ય વેદનીયકર્મના ઉદય સ્વરૂપ છે. હવે તેને ય મોક્ષાંગ કહેવું પડશે.

આ વાત તો કોઈને મંજૂર નથી. માટે જ એક વાત નક્કી કરી રાખવી પડશે કે જે વસ્તુ કર્મોદયસ્વરૂપ હોય તેને મોક્ષાંગ કહી શકાય નહિ. હવે તપ પણ કર્મોદયસ્વરૂપ જ છે માટે તેને ય મોક્ષાંગ કહી શકાય નહિ.

પંચવસ્તુક ગ્રન્થમાં પણ પૂર્વપક્ષની વાત આ જ રીતે રજૂ કરી છે. એનો આધાર લઈને જ ટીકાકાર ભગવાન્ જિનેશ્વરસૂરિજી મહારાજે ઉપરોક્ત અર્થ સ્પષ્ટ કર્યો છે. [૧]

પ્ર–ભલેને તપ દુઃખસ્વરૂપ હોય છતાં તેને મોક્ષાંગ બનવામાં–કહેવામાં તમને વાંધો શું છે !

ઉ–ઓહો ! તો તો ગજબ થઇ જશે. જગત્‌માં જેટલા દુઃખી માણસો હશે તે બધા ય ને તપસ્વી કહેવા પડશે. ભૂખ-મરાના દુઃખે દુઃખીને જ તપસ્વી કહેવો અને રોગાદિથી દુઃખિતને તપસ્વી ન કહેવો એવો ભેદ તો તમે પાડી નહિ શકો; કેમકે દુઃખી એટલે દુઃખી; પછી તે ગમે તે કારણે આવી પડેલા દુઃખથી દુઃખી હોય. આમ થતાં હવે તપ, તપસ્વીની નવી વ્યાખ્યાઓ તૈયાર કરવી પડશે.

દુઃખ એટલે તપ.

દુઃખી એટલે તપસ્વી.

વધુ દુઃખ એ જ ઉગ્ર તપ.

વધુ દુઃખી એ જ ઉગ્ર તપસ્વી.

જેમ ઓછા ધનવાળો નાનો ધનવાન. ઘણાં ધનવાળો ઘણો ધનવાન. [૨]

પ્ર–કાંઇ વાંધો નહિ. દુઃખ એટલે તપ અને દુઃખી બધા તપસ્વી ભલે કહેવાય.

ઉ–તમે તો બહુ મોટી આફતને નોતરું દઈ દીધું !

આમ કહેશો તો નારકના જીવો તો મહાતપસ્વીની પંક્તિમાં જ બેસી જશે કેમકે શારીરિક દૃષ્ટિએ સૌથી વધુ દુઃખ તો નરકમાં જ કહ્યું છે. વળી કેટલાક મહાદુઃખી તિર્યંચોને પણ મહાતસ્વીનો માનચાંદ એનાયત કરવો પડશે. શું આ બધી વાત તમને મંજૂર થઇ જાય તેવી છે ખરી ?

વળી સમતાની સુધાના પાન કરીને મસ્તાન રહેતાં સમાધિ-માન્ યોગીઓ બધા ય અતપસ્વી બની જશે કેમકે ગમે તેવા દુઃખના દવ વચ્ચે વસીને પણ હિમાલયના કૈલાસ શિખરની અનોખી શીતતાનો આહ્લાદ માનવાની કળાને તેમણે સિદ્ધ

કરી લીધી હોય છે. એટલે એ યોગીઓ સદા સુખી જ રહે છે. એમને કોઈ જાતનું દુઃખ લાગતું જ નથી.

ક્યાં પેલા ચક્રવર્ત્તીના સુખ ! અને ક્યાં રાગરોષના પાપોને મુઠ્ઠીમાં ચોળી રાખનાર યોગીનું સુખ ! મર્ત્યલોકની દુનિયા જ્યાં સુખની સર્વોત્કૃષ્ટ પરાકાષ્ટા આંખે આંખ નિહાળે છે તે ચક્રતર્તીના સુખોનો સાગર પણ યોગીઓના સુખ પાસે તો સાવ જ વામણો લાગે.

ભલે ને બે લાખ યોજનનો લવણ સમુદ્ર હોય; પણ અસંખ્ય યોજનના સ્વયંભૂરમણની પાસે તો એ ખાબોચિયું જ કહેવાય છે?

બે ય ના સુખની જાત જ જુદી પડી જાય છે ત્યાં શું થાય? પછી સંખ્યા પરિમાણને કોઇ નિસ્બત નથી.

સમુદ્રના પાણીના દરેક બિન્દુમાં ખારાશ જ પડી હોય પછી એવા અબજો બિન્દુ ભેગા કરો તો ય મીઠાજલની વાવડીના પાણીના એક જ બિન્દુની મિઠાશની તુલનામાં ય શી રીતે આવી શકે?

એક સુખ રાગના સદ્ભાવથી જન્મીને વ્યાપ્યું છે, બીજું સુખ રાગના અભાવથી જન્મીને ફેલાયું છે.

પૂર્વ અને પશ્ચિમ દિશાની બે ગતિઓ કદી ભેગી તો ન મળે પણ એના વિકાસમાં બે વચ્ચેનું અંતર વધતું જ રહે.

સંસારી જીવોને પુણ્યકર્મથી પ્રાપ્ય સુખસામગ્રીમાંથી સુખાભાસ માત્ર પામવાનો છે, સંયમી મહાત્માઓ આત્મસ્વરૂપના ઉઘાડમાંથી પ્રાપ્ય સહજ સુખનો આસ્વાદ લેતા હોય છે.

એક સાવ પરાધીન....બીજું સંપૂર્ણપણે સ્વાધીન. સંસારી જીવોનું સુખ-પામતાંની સાથે જ વિનાશ પર્યાય ભણી દોટ મૂકી

દેનારું, સંયમીનું સુખ પ્રાપ્ત થતાં જ અવિનાશભાવને આંબવા માટે ધસી જનારું.

**આંતરસુખનો મહિમા** એક વિનાશી....બીજું અવિનાશી. રે! એથી ય મહત્ત્વની વિચારબાજુ તો અહીં એ છે કે સંસારીના સુખ વિષયોની કારમી ભોગ–ભૂખના ત્રાસ વેઠ્યા પછી જ આનંદ બક્ષનારા,–જ્યારે સંયમી મહાત્માઓના સુખ આત્માના સહજ સ્વરૂપે પ્રગટનારા.

એક સાવ મલિન....બીજું તદ્દન નિર્મળ. પરાધીન, વિનાશી અને મેલાં સુખ સંસારીના. સ્વાધીન, અવિનાશી અને નિર્મળ સુખ સંયમીના. ક્યાં મળે આ બે જાતનો મેળ!

ગમે તેવા દુઃખની આગમાં જાતને ઝીંકી દઈને પણ સંયમી મહાત્મા સ્વસુખાનુભૂતિ સહજ આનંદને માણી શકે; કોઇ પણ દ્રવ્યક્ષેત્રકાળના એના આનંદને કમ્પાવી પણ ન શકે....

ઘોર તપ કરીને ય સંયમી મહાત્માઓ એટલી બધી અનોખી આત્મમસ્તીમાં ચૂર હોય કે એ આત્મમસ્તી એમના મુખમાં પ્રતિબિંબિત થઈ જતી હોય.

માટે જ તો મહાસુખી ગણાતા ચક્રવર્તીઓ, પ્રખર પાણ્ડિત્યના સ્વામીઓ, સત્તાદેવીના અઠંગ ઉપાસકો, સિનેજગતના અભિનેતાઓ અને ચંબલખીણના ડાકૂઓ પણ મહાસંયમીના મુખ ઉપરની એ સ્વયંભૂ લાલિમાને જોઈને શરમાઈ જાય છે. એમના મુખ ઉપર તરવરતી કૃત્રિમ લાલિમાઓ ધોઇ નાંખવાનું એમને દિલ થઈ જાય છે.

સત્તા, સુંદરી, કે સંપત્તિના વૈભવમાં મહાલતી દુનિયા, માટે જ તો મહાસંયમીના ચરણો ચૂમે છે.

સહુના સ્વામી તરીકે પૂજાતા સમ્યગ્દષ્ટિ ચક્રવર્તીઓ મહામુનિના ચરણોના દાસ બનવામાં સર્વોચ્ચ ખુમારીની અનુભૂતિ

કરે છે. જગત્‌ના બાદશાહને એક ભિક્ષુના ચરણમાં આળોટતા જોઇને જગત્ પણ દંગ બની જાય છે. સહુનું અંતર બોલી ઊઠે છે, "જરૂર જરૂર ભોગના સ્વામિત્વ કરતાં યોગીઓનું સેવકત્વ બેહદ મૂલ્યવાન હોવું જોઈએ! કરોડોના શિર ઝુકાવતો અમારો રાગી રાજા પણ વિરાગીને શિર ઝુકાવી દેવામાં ખુમારી માણતો હોય તો એ વાત નિશ્ચિત થઇ જાય છે કે રાગ કરતાં વિરાગ મહાન્ છે, રાગની કૃત્રિમ લાલિમા કરતાં વિરાગનું નૈસર્ગિક સૌન્દર્ય અતિ મહાન્ નહિ તો, ભોગોનો સર્વોપરી સ્વામી યોગને કેમ નમી જાય ?

લાખો મણ આંબલીઓ ભેગી થઈને પણ નાનકડી એક જ કેરીની મીઠાશને કેમ પામી શકે ?

કરોડો વૈજ્ઞાનિકોની બુદ્ધિ ભેગી મળીને પણ નાનકડી કીડીના નિષ્પ્રાણ ક્લેવરમાં ચૈતન્ય કેમ પૂરી શકે ?

અબજો કીડીઓ ભેગી મળીને પણ ચાર માસના બાળકની જેમ જગતનું દર્શન શી રીતે કરી શકે ?

રાગના સુખોના પરાર્ધ હિમાલયો ખડકી દો પણ વિરાગની ચિનગારીની ય ઉષ્ણતાને એ શે પામી શકે ?

માટે જ આપત્તિઓના ભયાનક ટાઇફૂન (વંટોળવિશેષ) ની વચ્ચે પણ યોગીરાજ પોતાના આત્મામાં પલાઠી મારીને સ્થિર બેસી શકે છે; એના એ સ્વસ્થ-સ્થૈર્યના અપૂર્વ આનંદની સામે ગમે તેવા વાવંટોળ પણ લાચાર બનીને ઊભા ને ઊભા સંકેલાઇ જાય છે.

લાખ લાખ વર્ષ સુધી માસક્ષપણને પારણે માસક્ષપણનો ઘોર તપ કરનાર નંદન મહર્ષિના અંતરમાં આનંદનો સાગર હિલોળે ચડયો હતો.

લગાતાર છઠ્ઠના પારણે આયંબિલનો ઘોર તપ કરીને હાડ

માંસને સંપૂર્ણ રીતે ઓગાળી નાંખનાર ધન્ના અણગારના મુખ ઉપર ઊભરાઈ ગએલી આત્માના અનોખા આનંદની મસ્તીને ભગવાન્ વીરે વખાણી હતી.

પર્વતની ધારે ઊભા રહેલા ઘોર તપસ્વીઓ પવનના એક ઝપાટે કાળમુખી ખીણમાં ફેંકાઇ ગયા હતા. ખીણના તળિયે જતાં જ એમના શરીરના બધા જ હાડકાં ભાંગીને ભુક્કો થયા હતા; છતાં એ વખતે ય મૃત્યુની તૈયારી કરતાં એ મહાત્માઓ એવો ગજબનાક આનંદ માણતા હતા કે એવો આનંદ તો વૈશાખમાસના બપોરે એરકન્ડીશન્ડ રૂમમાં, ડનલોપની ગાદી ઉપર બેસીને હેવમોર આઇસ્ક્રીમ ખાતાં ખાતાં, ટેલિવિઝન સેટ ઉપર ઇંગ્લેન્ડ–વેસ્ટઇંડીઝ વચ્ચે રમતો ક્રિકેટ જંગ જોતો એક ક્રિકેટ શોખીન પણ નથી માણી શકતો.

સિંહના જડબે ચવાઈ જતાં માથાની ઘોર વેદનામાં ય કેવળજ્ઞાન પામતાં યોગીઓના અંતરમાં કેવું સમત્વ ઊભરાતું હશે !

અંગારાથી ભરેલી પાગની આગથી સળગી જતી વખતે ગજસુકુમાલમુનિની વેદના કેવી હશે ?

સૂકી વાધરની ભીંસમાં વધુને વધુ આવીને હાડકાંને તોડતી વેદનાને સહતા મહર્ષિ મેતાર્યને એવો તે કયો આનંદ આવી ગયો હશે કે જેણે એમને મોક્ષપદ આપી દીધું !

સ્કન્દકઋષિના બાળ શિષ્યને જીવતાં ઘાણીમાં પીલી નાંખ્યા અને ત્યાંથી સીધા મુક્તિના પરમધામે ગયા. પિલામણની ભયંકર વેદનામાં ય અપૂર્વ મસ્તી માણ્યા વિના મુક્તિ મળે ખરી ? શી રીતે એ મસ્તી માણી હશે બાળ મુનિવરે ?

યોગી ગમે તેવા દુઃખમાં ઝીંકાય પણ દુઃખી તો કદી ન થાય. દીન થવાની તો વાત જ ક્યાં રહી ?

હવે જો દુઃખીને જ તપસ્વી કહેવાતા હોય તો મહાસુખી યોગીઓને તો અતપસ્વી જ કહેવા પડશે ને?

અતપસ્વી એટલે ભોગી? આમ યોગી બધા ભોગી!

પોતાના જીવનની પરમશુદ્ધ પવિત્રતાથી જગત્‌ની ભોગ વાસનાઓના ભુક્કા બોલાવનાર યોગીને તે ભોગી કહેવાય? જેનો દી ઊઠ્યો હોય તે જ આવું તો કહી શકે હોં. [૩]

એટલે દુઃખાત્મક તપને ત્યાજ્ય જ ગણવો જોઈએ. પૂર્વોક્ત યુક્તિથી પણ તપની ઉપાદેયતા સિદ્ધ થતી નથી અને આગમવચનથી પણ તપની ઉપાદેયતા સાબિત થતી નથી. કેમકે આગમમાં કહ્યું છે કે જે આત્મા જિનવચનથી ભાવિત થઈ ગયા છે અને તેથી જેઓને કોઈ પ્રકારનું મમત્વ રહ્યું નથી એમને તો સ્વપરમાં કશો ય ભેદ દેખાતો નથી. એટલે જે રીતે એ આત્માઓ પરની ઉપર પીડા કરતાં નથી તેમ 'સ્વ' ને પણ પીડા કરતા નથી.

હવે તપ તો સ્વને પીડા કરનારું અનુષ્ઠાન છે. માટે ઉપરોક્ત આગમ વચનને કારણે જ તપનો ત્યાગ કરી જ દેવો જોઈએ.

બુદ્ધિમાનને યુક્તિગ્રાહ્ય અને આગમમાન્ય આ વાત સારી રીતે સમજાઈ જાય તેવી છે. એવા માણસો, 'આગે સે ચલી આતી હૈ' ન્યાયથી તપની આચરણાને જરા ય મહત્ત્વ આપતા નથી. આવી ગતાનુગતિકતામાં પણ જો બુદ્ધિમાન્ પુરુષો ધર્મ માને તો તેમનામાં બુદ્ધિ જ ક્યાં રહી?

તપની વિરુદ્ધમાં બીજી પણ એક વાત છે કે તપ કરનાર આત્માને ભૂખના કારણે અપ્રશસ્ત–આર્ત્તધ્યાનાદિ ઉત્પન્ન થવાની મોટી શક્યતા રહે છે. કહ્યું છે કે આહાર વિનાના દેહમાં ધાતુઓ ખળભળે છે અને તેથી સત્ત્વશાલી માણસનું ચિત્ત પણ સંક્ષુબ્ધ થઈ જાય છે. હા, ભગવાન્ મહાવીર દેવ વગેરે ઘોર તપસ્વી–છતાં

**તેમને કદી આર્ત્તધ્યાન થયું ન હતું પણ એવું તો કવચિત જ બને.** સામાન્યતઃ તો તપથી આર્ત્તધ્યાનાદિ જ થાય. આમ અનેક કારણોસર દુઃખજનક તપને કદી મોક્ષનું અંગ કહી શકાય નહિ.[૪]

તપવિરોધીની તપના ખંડનની જોરદાર યુક્તિઓ આપણે જોઈ. હવે એની સાંમે રજૂ થતી શાસ્ત્રીય દલિલોને ક્રમશઃ જોઇએ.

**તપ કદી પણ દુઃખાત્મક નથી** પૂર્વપક્ષે કહ્યું કે તપ એ દુઃખાત્મક છે માટે યુક્તિમત્ નથી, દુઃખાત્મક હોવામાં તેણે તપની કર્મોદયસ્વરૂપતા બતાડી છે. પણ અસલમાં તપ દુઃખાત્મક છે એ વિધાન જ ખોટું છે. કેમકે ભગવાન્ જિનેશ્વરોએ જે તપનું વિધાન કર્યું છે તે તપથી મનને, ઇન્દ્રિયને કે પ્રતિલેખનાદિ ધર્મ ક્રિયાઓને હાનિ પહોંચાડયા વિનાનો તપ કરવાનું કહ્યું છે. એટલે કે તપ એવો ખેંચીને નહિ કરવો જોઈએ કે જેનાથી મન આર્ત્તધ્યાનમાં પડી જાય, ઇન્દ્રિયોની શક્તિ સાવ ક્ષીણ થવા લાગી જાય અને ધર્મક્રિયાઓને બાધા પહોંચી જાય.

દેહ ઉપર ભારે બલાત્કાર કરવાસ્વરૂપ તપ ન થાય તેમ સાતધાતુઓ પુષ્ટ થતી રહે એટલો ઓછો તપ પણ ન થાય. તપ અંગેની પોતાની શક્તિનું માપ કાઢી લેવું જોઇએ. ધીમે ધીમે તપ વધારતાં જતાં એ શક્તિનું માપ આવી જાય છે. ક્રમશઃ વધતો જતો તપ જેમ જેમ કોઠે પડતો જાય તેમ તેમ તપમાં આગળ ને આગળ વિકાસ સાધતા રહેવો જોઇએ.

તપ એ મુખ્યત્વે અભ્યાસસાધ્ય ગુણ છે. ખાનપાનાદિના ભોગ પ્રત્યેનો વિરાગ પણ જરૂરી તો ખરો જ પરન્તુ એટલા વિરાગથી તપ સાધ્ય બનતો નથી. આ વાત ખ્યાલમાં રાખીને મુમુક્ષુ આત્માએ અવસરોચિત તપ ધર્મનો અભ્યાસ પાડતા જ રહેવો જોઇએ. જેમ જેમ તપ સિદ્ધ થતો જાય તેમ તેમ જ તપોવૃદ્ધિ કરવી જોઈએ, તન તોડી નાંખીને કરાતાં શક્તિ ઉપરના

તપ મનને મારી નાંખતાં હોય છે. કેટલીકવાર તો એવા તપ પ્રત્યે કાયમની અરુચિ પણ ઉત્પન્ન થઈ જાય છે.

શક્તિ ઉપરના ઉગ્રતપ જ ક્રોધદિભાવોને ઉત્પન્ન કરે છે. તપસ્વી પ્રાયઃ ક્રોધી હોય એ વ્યાખ્યા બિલકુલ અશાસ્ત્રીય કહી શકાય. હકીકતમાં તો તપસ્વીનું મન તો વિષય–કષાયથી સાવ જ શાન્ત–ઉપશાન્ત થઇ ગયું હોય.

પરન્તુ જે તપ શાસ્ત્રોક્તવિધિ અને પોતાની શક્તિની બહાર ચાલ્યા જાય છે એ તપ જ ક્રોધાદિભાવોના ઉત્પાદક બની રહે છે. વળી તપની સાથે જો તપના મહિમાનું જ્ઞાન હોય તો ય તપમાં ક્રોધ ભળી શકતો નથી.

ઘોર–ઉગ્ર તપ જો ક્રોધ ઉત્પન્ન કરી જાય તો તપની તેટલી ઉગ્રતાના પારાથી તે વ્યક્તિએ થોડા નીચે ઊતરી જવું જરૂરી છે.

એક વ્યક્તિ પોતાની તપશક્તિને પૂરેપૂરી ખેંચીને વિકસાવતાં જો દસ ઉપવાસ કરી શકતી હોય પણ તેમ કરવા જતાં જો તેનું 'બોઇલર' તપી જતું હોય તો તેણે આઠ ઉપવાસ જેટલો જ તપ એકી સાથે કરવો જોઈએ. એ તપથી એને જરા ય ક્રોધાદિભાવો સ્પર્શશે નહિ. વારંવાર આઠ આઠ ઉપવાસ કરવાનો અભ્યાસ પાડી દીધા પછી જો તે દસ ઉપવાસ કરશે તો જરૂર તે પણ ક્રોધ વિહોણા બની જશે.

**તપનું** તન મનને તંગ કરી નાંખતો તપ એ તપ નથી, તન
**અજીર્ણ** મનને મોજમાં રાખીને કરાતો તપ એ ય તપ નથી.

તપ તો આ બે ય અવસ્થાની વચેટ સ્થિતિ સ્વરૂપ છે.

દરેક વ્યક્તિ માટે તપની માત્રા જુદી જુદી હોઈ શકે. એક વ્યક્તિ માટે આયંબિલ તપસ્વરૂપ બની શકે જ્યારે બીજી વ્યક્તિ માટે ઉપવાસસ્વરૂપ છઠ્ઠ–ભક્ત જ તપસ્વરૂપ બની શકે

કેમકે એને એકાદ ઉપવાસનો તપ તો પેટ ભરીને ખાધું હોય તેવો જ લાગે છે.

એટલે દરેકે પોતાની તપશક્તિનો કયાસ કાઢી લઈને એ શક્તિને અભ્યાસ દ્વારા વિકસાવવી જોઈએ.

જ્ઞાનાદિ યોગોનો અભ્યાસ તો હજી સરળ ગણી શકાય પરન્તુ તપધર્મનો અભ્યાસ તો સાધુતાની ભારે કસોટી કરી નાંખતો હોય છે.

ખાઈ પીને ભણવું કે વ્યાખ્યાનો કરીને હજારો આત્માને ધર્મ પમાડવામાં નિમિત્ત બનવું એ બહુ મોટી વાત નથી. પરન્તુ તપ કરીને સ્વીય જીવનને તપની કસોટી ઉપર ચડાવીને સફળ પાર ઉતારવું એ તો ધોળે દહાડે આસમાનના તારા દેખાડી દે એવી કઠોર સાધના છે.

તપધર્મની આ સાધના વિનાના સાધુજીવનની કલ્પના જ કરી શકાય નહિ. હા, છેવટમાં છેવટ તપધર્મ પ્રત્યે અને તપસ્વીઓ પ્રત્યે ઊછળતો પ્રેમ વ્યક્ત થતો હોય તો અતપસ્વી પણ સાધુ કહી શકાય. પરન્તુ તેવું કશું ય ન હોય એવા બડભાગી લેખકને, પ્રભાવક પ્રવચનકારને કે મહાધ્યાનીને પણ પોતાના જીવનમાં ભારે જોખમોની કલ્પના કરી જ રાખવી રહી. બેશક, બાહ્ય તપ કરતાં અભ્યન્તર તપનું જ મૂલ્ય છે પરન્તુ અભ્યન્તર તપનો આરાધક બાહ્યતપથી કે છેવટે બાહ્યતપના અપૂર્વ પ્રેમથી પણ વંચિત રહે એ શક્ય જ નથી. બાહ્યતપના પ્રેમ વિહોણો સ્વાધ્યાયાદિ અભ્યન્તર તપ કરતાં જોવા મળે તો ય તેમને અભ્યન્તર તપના અસલી આરાધક તો ન જ કહી શકાય.

સ્વાધ્યાયાદિના વિશિષ્ટ ક્ષયોપશમવાળો આત્મા બાહ્યતપની ઉપેક્ષા કરતો જોવા મળે તો તેના સ્વાધ્યાયાદિને શાસ્ત્રોક્ત અભ્યન્તર તપ સ્વરૂપ કહી શકાય નહિ.

અભ્યન્તર તપનો સ્વામી તે જ કહેવાય જે યથાશક્તિ બાહ્યતપની આરાધના કરતો જ હોય અને પૂર્ણ બાહ્યતપના આરાધકભાવથી એનું અંતર ઉભરાયું હોય.

જે ઉચિત બાહ્યતપ મન, ઈન્દ્રિયો અને યોગોને હતપ્રહત કરી દેતો નથી તે બાહ્ય તપમાં દુઃખ જ ક્યાં રહ્યું? એવો બાહ્યતપ તો ચિત્તમાં નિજાનન્દની છોળો ઉછાળતો હોય....આને તે વળી દુઃખાત્મક કહેવાય જ કેમ?

હવે જ્યારે તપ દુઃખાત્મક જ સિદ્ધ થતો નથી પછી તેને દુઃખાત્મક હોઈને. યુક્તિબાહ્ય કહેવાનું વિધાન પણ ઊભું રહેતું નથી.

સુખાત્મક તપ ખૂબ જ યુક્તિસંગત બની જાય છે. [૫]

પ્રશ્ન–હજી અમને એ સમજાતું નથી કે તમે તમને દુઃખાત્મક માનવાની વાતનો સાફ ઇન્કાર કેમ કરી દો છો? તપ દુઃખાત્મક છે એ તો અનુભવસિદ્ધ હકીકત છે? કોઇ પણ તપસ્વીને તપથી દેહપીડા થાય જ છે. રે! ગમે તેવો તપ કરે પણ જિનશાસનનો આયંબિલ જેવો જઘન્ય તપ પણ દેહને કાંઈક તો અસ્વસ્થ બનાવશે જ.

આ તે કાંઇ થોડો જ ફરાળીઓ જૈનેતર તપ છે કે જેમાં તુલસીના પાનને બદલે કેળના મોટા દૈત પાન ઉપર રહેતું બધું ખાવા છતાં ય ઉપવાસાત્મક તપ કહેવાય?

જિનશાસનમાન્ય આયંબિલાદિ તપ તો અવશ્ય દેહપીડા કરે જ....આ હકીકત અનુભવસિદ્ધ છે એનો તમે ઇન્કાર કરી દો છો એ વાત અમારા મગજમાં ઊતરતી નથી. [૫]

ઉ–તમારી વાત તદ્દન સાચી છે કે તપમાં દેહને કાંઈક પીડા થતી હોય છે. જો કે આ વિધાન પણ સર્વત્ર લાગુ પડતી નથી. કેમકે એવા અનેક તપસ્વીઓ જોવા મળે છે જેઓના મનમાં

અઠ્ઠમનો તપ પણ સોપારીનો કટકો ચાવી જવા જેટલો સરળ બની જાય છે છતાં કેટલાક તપસ્વીને દેહપીડા થાય છે એ વાતનો અમે ઈન્કાર કરતાં નથી.

**ભયથી જ સાધ્ય ચિત્તશાન્તિ** પણ તેથી શું ? એવી અલ્પ દેહપીડાને આગળ કરવા માત્રથી તપ દુઃખમય અને ત્યાજ્ય સાબિત થઈ જતો નથી. થોડી દેહપીડાની પાછળ જો અપૂર્વ મનઃશાન્તિ, અનોખી આત્મમસ્તી માણવાનું પરમોચ્ચ સૌભાગ્ય પામી શકાતું હોય તો તે દેહપીડા અવશ્ય ઉપાદેય બની જાય છે.

તપધર્મ પરંપરયા તો મુક્તિપદનું પરમધામ બક્ષે જ છે પરન્તુ સાક્ષાત્ આ જીવનમાં જ ચિત્તની શાન્તિ ભેટ ધરે છે.

પરમલોકમાં આત્માનું અનંત સુખ, પરલોકમાં સંસારના સર્વોત્કૃષ્ટ સુખ; અને આ લોકમાં ય સુખ અને દુઃખની સામગ્રી વચ્ચે ગંગોત્રીના ખળખળ વહી જતાં જળ જેવી શાન્તિ અને નિર્મળતા ચિત્તમાં ભરી દે છે.

તપની ઉધાર બાજુમાં સ્વલ્પતમ દેહપીડા કદાચ મૂકીએ તોય તેનું જમાપાસું કેટલું બધું બળવાન્ છે ?

રે ! નિકાચિતકર્મના કાળઝાળ ઊદયોની વચ્ચે પણ તપસ્વીના મુખ ઉપર અનહદ શાન્તિની લાલ ટીશીઓ ફૂટી નીકળે એ કેટલી સાશ્ચર્યઆનંદજનક બીના છે !

જગતનું કોઈ પણ સુખ એવું નથી જેને પામવા માટે થોડો પણ ઘસારો વેઠવો પડતો ન હોય....

એવો ઘસારો જગતમાં પણ દુઃખની ગણતરીમાં મુકાતો નથી.

ખાડો કૂદવા માટે જોરદાર આગેકૂચ કરનારો પ્રથમ તો બળ પામવા પીછેહઠ કરે છે. છતાં તેને વસ્તુતઃ પીછેહઠ કહેવાતી નથી.

વેપારીએ ધીરેલા દસ હજાર રૂપિયા લુચ્ચા ગ્રાહક પાસેથી કઢાવવા માટે વેપારી બીજા પાંચસો રૂપિયા ધીરે છે છતાં તે વેપારીને બડો બુદ્ધિમાન્ કહેવામાં આવે છે.

તપધર્મથી પ્રાપ્ય મહાન સિદ્ધિઓ ખાતર વેઠવો પડતો કાયિક ઘસારો વસ્તુતઃ ઘસારો જ નથી.

આંતરડાના સડાના કારણે જે દર્દીના શરીરમાં લોહી ભરાતું નથી તેનું ડોકટર ઓપરેશન કરે છે અને સડેલું આંતરડું કાઢી નાંખે છે. એ વખતે પેટ ચીરવામાં આવે છે અને ત્યારે પુષ્કળ લોહી વહી જાય છે.

અલ્પ લોહીવાળાનું થોડું પણ લોહી વહી જવા દેનાર ડોકટર નિર્દય-ખૂની કે પાપી કહેવાતો નથી કેમકે લોહીનું એ વહી જવું -વધુ લોહીના ભરાવાના લક્ષપૂર્વકનું હોય છે.

ખોરાકનો મેદ થઈ જવાની ટેન્ડન્સીવાળા જાડા દેખાતા દર્દીને નિષ્ણાત વૈદ્ય મગના પાણી ઉપર રાખીને ઢીલોઘેંસ કરી નાંખીને સાવ દૂબળો કરે છે છતાં તે વૈદ્ય ધિક્કારપાત્ર ન બનતાં વંદનીય બને છે; કેમકે તેની નજર શરીરને નિરોગી બનાવીને પુષ્ટ કરવા તરફ છે.

શુભાશય સાથેના ગણિતબદ્ધ વિચારપૂર્વકના કોઇ પણ કાર્યમાં જે કાંઈ ઘસારો પડે તે અસલમાં ઘસારો જ ગણાય નહિ. એવા ઘસારાને નજરમાં લાવનાર વ્યક્તિ કદી પણ વિશિષ્ટ ઇષ્ટ-સિદ્ધિ પામી શકે નહી.

ભાવ-આરોગ્યની સિદ્ધિ કરી આપતાં તપધર્મથી થતી દ્રવ્યારોગ્ય-દેહ-ની પીડા શી વિસાતમાં છે ?

તપ તો છે; મ્યુનિસિપાલીટીનો મનની આગ બુઝાવતો બંબો.

ચિત્તના તાપને ઠારવા એ ધસમસતો દોડયો જાય અને તેમાં દેહ બિચારો કચડાઈ જાય તેમાં તપ શું કરે? એવી

કચડામણ જોઈને અરેરાટી કરતો એ બંબો ત્યાં જ અટકી પડે તો ચિત્તની ભયાનક વાસનાની આગો વધુ ને વધુ ફેલાતી જઈને આત્માના અગણિત ગુણોના ઘરબાર સળગાવતી જાય.

આ ભયાનક હોનારતને નજરમાં રાખીને બંબાએ તો દોડયાં જ જવું રહ્યું. પછી વચમાં શરીર કચડાઈ જાય તો કશો વાંધો નથી. એ માટે પળભર પણ ખંચકાટ અનુભવ્યા વિના દોડી જનારો અને પ્રથમ નંબરમાં આગ બુઝાવનારો અવશ્ય ઇનામને પાત્ર છે. [૬]

વધુ લાભે અલ્પહાનિને ચલાવી લેવાને આ લોકોત્તર ન્યાય જગત્‌માં પણ એ જ રીતે ચાલે છે માટે પણ એની સામે માથું ઊંચકીને વાતો કરી શકાય નહિ.

હડ્ડીતોડ મજૂરી કરતાં મજૂરને આંખ સામે સાંજ પડતાં જ હાથમાં પડતી પાંચ રૂપિયાની નોટ દેખાય છે માટે જ તો ભરબપોરે પસીનાના રેલા ઉતારતો એ કાળી મજૂરી કરવામાં ય આનંદ માણતો ગીત લલકારતો જોવા મળે છે. એસ. એસ.સીની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ જવાની મહાન્ સિદ્ધિ પ્રાપ્ત કરવા ખાતર સોળ વર્ષનો કિશોર કેટલી ય રાતના ઉજાગરા કરે છે અને એવા ઉજાગરાની વાતો રડમસ ચહેરે ન કરતાં ગૌરવ સાથે કહે છે.

પતિ અને બાળકો માટે રસોઇ બનાવતી સ્ત્રી ત્રણ કલાક સુધી રસોડામાં બેસીને ભઠ્ઠી પાસે શેકાય છે તો ય એને એમાં આનંદ આવે છે.

ધનાર્થી માણસો વેપારના કામે ગામે ગામ ભટકતા રહે છે. ભયંકર લૂ દેતી ગરમીમાં, અસહ્ય ગીરદીમાં થર્ડક્લાસના ડબ્બાના પાટિયે લટકીને મુસાફરી કરવા છતાં બસો–પાંચસો રૂપિયા લઈને ઘરે પાછા ફરતાં એમનાં મુખ ઉપર અપૂર્વ આનંદ સંતાકૂકડી રમતો એના સ્વજનોને જોવા મળે છે.

મુઠ્ઠીમાં મોત લઇને વિમાનમાં ઊડતાં લોકોની છાતીના ધબકારા માપી તો જુઓ. એક પણ ધબકારો વધારે સાંભળવા નહિ મળે.

વિયેટનામયુદ્ધમાં ઉત્તરવિયેટનામ ઉપર અમેરિકન વિમાનો બોમ્બની સળગતી વર્ષા ઝીંકતા ત્યારે ય ત્યાંના લોકો સ્વાતન્ત્ર્યની ખુમારીમાં રાચતા રહીને દુકાનો ખોલીને સાવ નચિંત બનીને કામ કરતા હતા.

દુઃખ એ દુઃખ જ નથી; જો એની પાછળ સુખ પામવાનું કોઈ કાલ્પનિક ગણિત પણ ઘડી રાખવામાં આવ્યું હોય.

રત્નના એક વેપારીની કથા આવે છે. એની આંખ સામે રત્નોનું સ્વામિત્વ પામવાનો બેહદ આનંદ નાચતો હતો એ ખાતર એણે કેટલું દુઃખ વેઠયું ? છતાં એને એ દુઃખ લાગ્યું જ નહિ. વાત કાંઇક આવી છે.

**કાયા સાથે કામ કાઢી લેતા શીખવું** એ હતો વાણિયો. રત્નોનો વેપાર કરવા એક વખત દૂર દૂરનાં દેશોમાં નીકળી ગયો; ત્યાં એનું ભાગ્ય પૂરબહારમાં ચમક્યું. એણે પુષ્કળ ધન રત્નના સ્વરૂપમાં પ્રાપ્ત કર્યું.

પણ હવે એ અકળાયો. મહામૂલ્યવાન્ રત્નોની દાબડી લઇને સ્વદેશમાં જવું શી રીતે ? કેમકે રસ્તામાં ધાડપાડૂઓ ભરેલું એક મોટું વન પસાર કરવું પડે તેમ હતું

પણ આ તો વાણિયો હતો. અગમ એની બુદ્ધિ હતી. એણે એનો તોડ કાઢી લીધો.

એણે ચકમકતા પથ્થરોની એક પોટલી બનાવી. રત્નોનો દાબડો જમીનમાં સુરક્ષિત રીતે દાટી દીધો.

પછી તો એ રૂવાબભેર ચાલવા લાગ્યો–અરણ્ય તરફ.

ગાઢ અરણ્યમાં પ્રવેશ કર્યા બાદ મોટેથી બોલવા લાગ્યો,

"હું છું રત્નવેપારી વાણિયો, મારી પાસે અમૂલ્યરત્નો છે."

આ વાત સાંભળીને જ ધાડપાડુઓની ટોળકી એક પછી એક પ્રગટ થતી ગઇ. વાણિયાને ડરાવતી ગઇ. અને પોટલી છોડાવીને ચકમકતા પથ્થરો જોઇ, "મૂર્ખશિરોમણી!" કહીને રવાના થતી ગઈ. કેટલીએ ધાડ આવી અને ગઈ.

વાણિયાભાઇએ આમ એક વાર જંગલ વટાવી નાંખ્યું.

બીજી વાર! ત્રીજી વાર! સાત સાત વાર તેણે આવું નાટક કર્યું! ધાડપાડુઓની થોડી ઘણી પણ શંકા નિર્મૂળ થઇ ગઇ. બધી ટોળકીએ વાણિયાને ખરેખરો ગધેડો નક્કી કરી લીધો.

વાણિયાને પણ ધાડપાડુઓના સંપૂર્ણ રીતે પલટાઇ ગએલા માનસની પાકી ખાતરી થઈ ગઈ એટલે આઠમી વખત અરણ્ય પસાર કરવાની એણે તૈયારી કરી લીધી. પેલો રત્નનો દાબડો જમીનમાંથી બહાર કાઢયો.

એની પોટલી બનાવીને અરણ્ય પાર ઉતરી જવા અદ્ધર શ્વાસે ચાલવા લાગ્યો. આ વખતે કોઈએ એને પડકાર્યો નહિ કેમકે સહુને એની મૂર્ખાઈ (!) ની ખાત્રી થઈ ગઇ હતી.

કેટલાક કલાક ગયા. બપોરના બે વાગી ગયા હતા. રત્ન-વેપારી જંગલ પાર ઊતરી ગયો હતો. એના શરીર ઉપરથી પસીનાના રેલા વહી રહ્યા હતા.

ઘોડાની જેમ એ હાંફતો હતો. થાકીને લોથ થઇ ગયો હતો છતાં એ એકદમ હસી પડયો અને રત્નપોટલી માથે મૂકીને નાચવા લાગ્યો.

જમીનમાંથી આગ નીકળતી હતી, આકાશમાંથી આગ વરસતી હતી, ગરમ લૂભર્યો પવન સૂ સૂ કરતો શરીરે વીંટળાઇ વળતો હતો. વાણિયાને ભારે તરસ લાગી હતી. પાણી વિના પ્રાણ નીકળી જાય તેમ લાગતું હતું. આસપાસ તપાસ કરી. એક તળાવ મળી

ગયું. તળાવનું પાણી ખૂબ કાદવથી ડહોળાએલું હતું. કાદવમાં પાણી પીવા ઊતરીને ફસાઇ ગએલા હરણીઆ વગેરેના મડદાં ઘણા દિવસના પડેલા દેખાતા હતા. એને કારણે તળાવનું પાણી ગંધાઈ ઊઠયું હતું. માથું ફાડી નાંખે તેવી બદબૂ આવતી હતી. લીલફુલનો સુમાર ન હતો. પશુના મડદાં પાણીથી કોહવાઈ ગયા હોવાથી એ કોહવાટમાં પુષ્કળ કીડાઓ ખદબદી ઊઠયા હતા.

વાણિયાની નજરમાં તો રત્નનો દાબડો હતો. રત્નોના ધનથી ઊભી થએલી આલિશાન હવેલી હતી. ભયંકર દુર્ગંધ ફેંકતા પાણીથી ત્રાસી જાય તો મોત હાથવેંતમાં હતું. એટલે આંખ મીંચીને વાણિયો ડબક-ડબક પાણી પીવા લાગ્યો. એનો બેસ્વાદ, એની બદબૂ કશા ય ત્રાસને એણે મન ઉપર લીધા જ નહિ. અન્યથા ત્યાં ને ત્યાં ઊલટીઓ થવા લાગે.

બનિયાભાઈ જીવન જીવી ગયા. અને ઘર ભેગા થઇ ગયા. નાહી ધોઈને પાન ખાતાં હિંચોળે હીંચવા લાગ્યા.

આ વાણિયાને કોઇ પૂછે કે તમને સાત સાત વાર જંગલપાર કરવાનું કષ્ટ કેવું લાગ્યું ? એ પછી પણ પેલું પાણી પીવાની સજા કેવી થઇ ? તો તરત જ હસતાં હસતાં એ ઉત્તર આપે કે એમાં કષ્ટ કેવું ? અને સજાની તો વાત જ કેવી ? રત્નપોટલી સુરક્ષિત રીતે ઘર ભેગી કરી શકયો એના અપાર આનંદમાં પેલા દુઃખ તો શી વિસાતમાં છે ? અરે ! પછી તો એને દુઃખ કેમ કહેવાય ! એ દુઃખ તો મારા માટે આશીર્વાદ રૂપ બન્યું !

મહાતપ તપતાં મહાત્માઓ મુક્તિના અનંતસુખની પ્રાપ્તિનું ફળ નજર સામે રમતું જોતા હોય પછી એમને ય તપનું દુઃખ દુઃખસ્વરૂપે શી રીતે લાગે? એટલે તપથી શકય થોડી પણ દેહપીડા વસ્તુતઃ દેહપીડા બનતી જ નથી.

આમ તપને દુઃખાત્મક કહી શકાય નહિ. [૭]

વળી તપને અશાતાવેદનીયના કર્મના ઉદયસ્વરૂપ કહ્યો તે પણ ખરેખર નથી.

રે! જે તપગુણ સમ્યગ્દર્શનના ક્ષયોપશમ-મિત્ર સાથેના જ્ઞાનાવરણીય કર્મક્ષયોપશમથી પ્રગટ થએલા તત્ત્વસંવેદનજ્ઞાનથી પ્રગટ થાય છે. જે તપની હવેલી નીચે રહેલી ધરતીની માટી ઝળહળતા ઉત્કટ મોક્ષાભિલાષની ભાવનાથી સુવાસિત બની છે અને જ્યાં કષાયો, ઈન્દ્રિયો અને મનના ચપળ આવેગોનો ઉપશમ થઈ ચૂક્યો છે એ તપને દુઃખાત્મક તો કેમ જ કહી શકાય ?

અને આવા તપને વળી અશાતાવેદનીયના કર્મના ઉદયસ્વરૂપ પણ કેમ કહેવાય ? જ્ઞાનાવરણીયકર્મ અને દર્શનમોહનીયકર્મ-આ બે ય-ના સહચરિતક્ષયોપશમથી તો વિશિષ્ટજ્ઞાન પ્રાપ્ત થાય. કષાયાદિ ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી તો સંવેગ અને શમ પ્રાપ્ત થાય.

આ જ્ઞાન-શમ અને સંવેગના ત્રિવેણીસંગમનો સાર એ જ તપ છે. આવા તપને તો ક્ષયોપશમજન્ય કહેવાય. અશાતા-વેદનીયકર્મના ઉદયસ્વરૂપ તો કેમ કહી શકાય ?

હા, જિનોક્તશાસ્ત્ર બાહ્ય તપ માટે જરૂર તેમ કહી શકાય. એથી જ તો એવા ઔદયિકભાવના દુઃખાત્મક તપને તામલિ તાપસે ૬૦ હજાર વર્ષ સુધી આરાધ્યો તો ય તેની કોઈ કિંમત ન અંકાણી.

જ્યાં વિશિષ્ટજ્ઞાન, શમ અને સંવેગ નથી ત્યાં જે તપ હોય તે ષડ્જીવનિકાયના વધાદિથી યુક્ત જ હોય. એવા તપને જરૂર દુઃખાત્મક કહી શકાય, કર્મોદય સ્વરૂપ પણ કહી શકાય.

પરન્તુ મોહનીયાદિ કર્મોના ક્ષયોપશમથી પ્રાપ્ય વિશિષ્ટ-જ્ઞાનાદિના સારભૂત તપને તો ક્ષાયોપશમિક-અદુઃખાત્મક-અકર્મોદય સ્વરૂપ જ કહેવો જોઈએ.

આવા તપમાં જે અપૂર્વ સુખની અનુભૂતિ થાય છે તે પણ શાતાવેદનીયકર્મના ઉદયસ્વરૂપ નથી. પરન્તુ આત્માના પોતાના અબાધિત અને સુખના આસ્વાદ સ્વરૂપ જ છે.

હવે એ વાત નક્કી થઇ જાય છે કે પ્રસ્તુત અષ્ટકના પ્રથમના ત્રણ શ્લોકમાં પૂર્વપક્ષે જે કાંઈ કહ્યું કે તપ દુઃખાત્મક છે અને કર્મોદયસ્વરૂપ છે માટે યુક્તિગ્રાહ્ય નથી માટે બુધ પુરૂષોએ તેનો ત્યાગ કરી દેવો જોઇએ....એ વાતનો હવે સંપૂર્ણ છેદ ઊડી જાય છે. [૮]

[પ્રસ્તુત અષ્ટકનો અર્થ કેટલાક બીજી રીતે પણ કરે છે. પ્રથમ શ્લોકમાં પૂર્વપક્ષે જ જે કહ્યું કે, "તપ દુઃખાત્મક હોવાથી અને કર્મોદયસ્વરૂપ હોવાથી યુક્તિગ્રાહ્ય નથી." એ વિધાનને આ રીતે ઘટાવાય છે કે પૂર્વપક્ષે કહ્યું કે તપ એ બળદીઆના દુઃખની જેમ દુઃખસ્વરૂપ અને કર્મોદયસ્વરૂપ છે એ વાત સામે ઉત્તરપક્ષ કહે છે કે પૂર્વપક્ષની તે વાત યુક્તિગ્રાહ્ય નથી. (અહીં સાધ્ય દુઃખત્વ છે અને દષ્ટાન્ત પણ બલીવર્દદુઃખ છે એટલે કદાચ સાધ્ય અને દષ્ટાન્તનું ઐકય બની જવાનો દોષ કોઇ જણાવે તો તે બરોબર નથી કેમકે સાધ્ય તો માત્ર દુઃખત્વ છે; જ્યારે દષ્ટાન્ત તો બલીવર્દનું દુઃખ–વિશિષ્ટ દુઃખ છે માટે સાધ્ય દષ્ટાન્તની એકત્વાપત્તિ સંભવતી નથી એટલે સાધ્યના, દૃષ્ટાન્તના કે હેતુના કોઈ પણ દોષ વિનાનું હેતુવાકય હોવાથી તે સદ્ધેતુ જ છે. 'આ વૃક્ષ છે કેમકે તેને શાખા વગેરે છે, ગ્રામના વૃક્ષની જેમ" અહીં હેતુવાકય સદ્ધેતુ છે તેમ.)

આમ પહેલા શ્લોકમાં આવેલું જે તન્ન યુક્તિમત્ પદ પૂર્વપક્ષીય વાકય તરીકે લીધું હતું તેને કેટલાક અર્થકારો ઉત્તરપક્ષીય વાકય તરીકે લે છે. આમ થવાથી બીજા–ત્રીજા શ્લોકની જે વાતો પહેલાં અર્થઘટનમાં પૂર્વપક્ષ તરફથી રજૂ કરાઇ હતી તે હવે ઉત્તરપક્ષ તરફથી કેટલાક અર્થકારો રજૂ

કરે છે. એટલે ચોથા શ્લોકનો અર્થ પણ ઉત્તરપક્ષીય વાકય સમજીને જ કરવાનો રહ્યો કે ઉત્તરપક્ષ કહે છે કે તપને દુઃખાત્મક માનવાના પૂર્વપક્ષીય વિધાનને બુધ-પુરુષોએ ત્યાગી દેવું જોઈએ કેમકે તેવું વિધાન થોડાક પણ નબળા મનના બુધ માણસોને તપધર્મની ઉપાદેયતાના વિષયમાં આર્ત્તધ્યાન ઉત્પન્ન કરાવી દઈને સ્વનું અહિત કરી દેવાનું બની જાય તેમ છે.

હવે આવે છે પાંચમો શ્લોક. આ શ્લોકથી ઉત્તરપક્ષીય દલીલો આપણે શરૂ કરી હતી. પણ કેટલાક અર્થકારો તો પ્રથમ શ્લોકના 'તન્ન યુક્તિમત્' એ વાકયથી જ ઉત્તરપક્ષનું અવતરણ કરી દે છે એટલે આ પાંચમા શ્લોકની ઉત્તરપક્ષની દલિલને હવે ઉત્તરપક્ષની પહેલી દલિલ તરીકે ન લેતાં બીજી-દલિલ તરીકે લેવી.]

# વાદ–અષ્ટક

[૧૨]

शुष्कवादो विवादश्च धर्मवादस्तथा परः
इत्येष त्रिविधो वादः कीर्त्तितः परमर्षिभिः ॥१॥

ભગવાન્ જિનેશ્વરોએ ત્રણ પ્રકારના વાદ કહ્યા છે.

૧. શુષ્કવાદ.
૨. વિવાદ.
૩. ધર્મવાદ.

अत्यन्तमानिना सार्धं क्रूरचित्तेन च हढम् ।
धर्मद्विष्टेन मूढेन शुष्कवादस्तपस्विनः ॥२॥

**શુષ્કવાદ :**—સદા ઉચિત પ્રવૃત્તિનું સેવન કરનાર તપસ્વી વાદીને (૧) અત્યન્ત અભિમાની (૨) ક્રૂરચિત્તવાળા (૩) ખૂબ ધર્મદ્વેષી અને (૪) નિર્વિવેકી પ્રતિવાદી સાથે જે વાદ થાય તે શુષ્કવાદ કહેવાય.

विजयेऽस्यातिपातादि लाघवं तत्पराजयात् ।
धर्मस्येति द्विधाप्येष तत्त्वतोऽनर्थवर्धनः ॥३॥

વસ્તુતઃ આ વાદ બે ય રીતે અનર્થને જ વધારતો હોય છે. જૈન વાદીનો વિજય થાય તો તેના મૃત્યુ આદિનો ભય જાગે છે જો પરાજય થાય તો ધર્મની લઘુતા થઈ જાય છે.

लब्धिख्यात्यर्थिना तु स्याद्दुःस्थितेनाऽमहात्मना ।
छलजातिप्रधानो यः स विवाद इति स्मृतः ॥४॥

**વિવાદ :**—

(૧) માનપાન અથવા અર્થકામના અર્થી (૨) દુઃખી (૩) તુચ્છવૃત્તિવાળા પ્રતિવાદી સાથે છલ–જાત્યુત્તર વગેરે નિગ્રહસ્થાનાદિની પ્રધાનતાવાળો જૈનવાદીનો વાદ વિવાદ કહેવાય છે.

विजयो ह्यत्र सन्नीत्या दुर्लभस्तत्त्ववादिनः ।
तद्भावेऽप्यन्तरायादि दोषोऽदृष्टविघातकृत् ॥५॥

નીતિપૂર્વકનો વિજય મેળવવાનું તત્ત્વના વાદીને તો વિવાદમાં મુશ્કેલ જ બની રહે છે. છતાં કદાચ સાવધાની રાખીને વિજય પામે તો ય પ્રતિવાદીની આજીવિકાદિ તૂટી જવા દ્વારા તેના અન્તરાયમાં નિમિત્ત બનવારૂપ દોષ લાગે છે કે જે પરલોકના સુખનો વિઘાત કરનારો બને છે.

परलोकप्रधानेन मध्यस्थेन तु धीमता ।
स्वशास्त्रज्ञाततत्त्वेन धर्मवाद उदाहृतः ॥६॥

**ધર્મવાદ :**

(૧) પરલોક દૃષ્ટા, (૨) મધ્યસ્થ (૩) બુદ્ધિમાન્ અને (૪) પોતાના શાસ્ત્રોના જાણકાર પ્રતિવાદી સાથે કરાતો વાદ ધર્મવાદ કહેવાય છે.

विजयेऽस्य फलं धर्मप्रतिपत्त्याद्यनिन्दितम् ।
आत्मनो मोहनाशश्च नियमात्तत्पराजयात् ॥७॥

જો વાદીનો વિજય થાય તો પરાજિત પ્રતિવાદી મધ્યસ્થભાવાદિને કારણે સ્વધર્મ ત્યાગીને સુંદર એવા શુદ્ધ ધર્માદિનો સ્વીકાર કરી લે, જો પ્રતિવાદીનો વિજય થાય તો પરાજિત વાદીના શાસ્ત્રબોધની નબળાઈનો અવશ્ય નાશ થાય.

देशाद्यपेक्षया चेह विज्ञाय गुरुलाघवम् ।
तीर्थकृज्ज्ञातमालोच्य वादः कार्यो विपश्चिता ॥८॥

ભગવાન્ મહાવીરે પ્રથમ દેશના નિષ્ફળ જતાં અન્યત્ર લાભ જોઈને ત્યાંથી વિહાર કરી દીધો હતો. આ વાત ખ્યાલમાં રાખીને જો વધુ લાભ દેખાતો હોય તો દેશ, કાળ, રાજા વગેરેનો તથા ગૌરવ લાઘવનો પૂર્ણ વિચાર કરી લઈને ઉક્ત ત્રણમાંથી કોઈ પણ વાદ વિચારક બુદ્ધિમાન્ કરી શકે છે.

**વિવેચના :**

અત્યાર સુધીના અગિઆર અષ્ટકોનો વિચાર મુખ્યત્વે કુતીર્થિક સાધુઓને ઉદ્દેશીને કરવામાં આવ્યો હતો.

એ સાધુઓ રાગાદિ યુક્ત દેવને માનતા હતા તેના ખંડન રૂપે મહાદેવ અષ્ટકની રચના થઈ; એ લોકો સ્નાન કરતાં હતાં એટલે સંસારત્યાગીને બાહ્ય સ્નાન હોઇ શકે નહિ એવું પ્રતિપાદન કરતાં સ્નાનાષ્ટકની રચના થઈ; ત્યાર બાદ પૂજા અને અગ્નિકારિકા કોને કહેવાય ? એ વાત તેમને સમજાવવા માટે પૂજાષ્ટક અને અગ્નિકારિકાષ્ટકનો વિચાર કરવામાં આવ્યો. આમ આગળ વધતાં ભોજન ખાનગીમાં કરવું, વગેરે વગેરે વિચારો પણ રજૂ થતા ગયા. અને એ દ્વારા કુતીર્થિકોને ચીમકી અપાતી ગઇ.

હવે આપણે જે બારમા અષ્ટકની વિવેચના કરીશું તે 'વાદ' નામનું અષ્ટક છે. જે તે મુદ્દાઓ ઊભા કરતાં આ લોકો સાથે શી રીતે બોલવું ? તે વાત અહીં સમજાવવામાં આવે છે,

**વાદના** કોઈ પણ મુદ્દા ઉપર ચર્ચા કરવાના ત્રણ પ્રકાર છે. **પ્રકારો** તેમાંનાં બે હેય છે જ્યારે છેલ્લો એક ઉપાદેય છે. આ ત્રણે ય પ્રકારો વાદીએ જાણવા જોઈએ જેથી હેયકોટિના વાદપ્રકારનો તે ત્યાગ કરી શકે અને ઉપાદેયકોટિના વાદનું સ્વરૂપ જાણીને તે પદ્ધતિથી વાદ કરી શકે.

આ ચર્ચા ત્રણ રીતે થાય છે.

શુષ્કવાદથી, વિવાદથી અને ધર્મવાદથી.

જે ચર્ચા કરવાથી ગળુ અને તાળવું બોલી બોલીને સુકાઇ જાય છતાં એનું કાંઈ જ પરિણામ ન આવે એવા કોઈ મુદ્દા (વિપ્રતિપત્તિ) ઉપરના વાદને શુષ્કવાદ કહેવામાં આવે છે.

જે ચર્ચા કરવાથી વાદીને વિજય પ્રાપ્ત થવા છતાં વાદીના કે પ્રતિવાદીના પરલોકની સદ્ગતિ વગેરે પણ જોખમાઈ જાય એવું કાંઈક ઉપસ્થિત થાય તે વાદને વિવાદ કહેવામાં આવે છે.

જ્યાં ધર્મદૃષ્ટિ પ્રધાન છે, જ્યાં અત્યન્ત ઉન્નત માધ્યસ્થ્ય ભાવ છે, એવા સુંદર માધ્યસ્થ્ય સાથે જ ધર્મસુવર્ણની કષાદિ પરીક્ષાઓનો વિચાર કરવામાં આવે એવી જે ચર્ચા છે તેને ધર્મવાદ કહેવામાં આવે છે.

હવે આપણે ક્રમશઃ દરેક વાદનું વિસ્તારથી સ્વરૂપ જોઈએ.

## ૧. શુષ્કવાદનું સ્વરૂપ

અત્યન્ત ગર્વિષ્ઠ માણસ કે જેની ઉપર વિજય મેળવવામાં આવે તો પણ વિજયી વ્યક્તિના ગુણનું સન્માન કરવા માટે તૈયાર જ ન હોય, એટલું જ નહિ પણ એનું ચિત્ત જો ક્રૂરતાથી ભરેલું હોય તો વિજયી વ્યક્તિનો ભવોભવનો વૈરી બની જાય અને વાદીના જિનધર્મ ઉપર પણ ભયંકર દ્વેષ ધારણ કરનારો બની જાય. આવા દ્વેષવાળા માણસની હારીને પણ ધર્મ પામવાની તો વાત જ ક્યાં રહી!

જે ધર્મ પામે નહિ તેવા ગર્વિષ્ઠ અને ક્રૂર પ્રતિવાદી સાથે વાદ કરવાનો કોઈ અર્થ જ રહેતો નથી. અધૂરામાં પૂરું એવા પ્રતિવાદીઓ યોગ્યાયોગ્યના વિવેકવાળા પણ હોતા નથી.

આવા નિર્વિવેકી માણસો વાદ માટે યોગ્ય જ નથી. છતાં જો એમની સાથે કોઇ તપસ્વી મહાત્મા વાદ કરે તો તે શુષ્કવાદ કહેવાય.

વાદ તો તપસ્વી મહાત્મા જ કરી શકે હોં! કેમકે તપ એ એક જ એવી વસ્તુ છે જે ધાતુઓને શાન્ત કરવા દ્વારા ચિત્તને શાન્ત કરે. જેનું ચિત્ત શાન્ત હોય તે જ આત્મા ઉચિત પ્રવૃત્તિનું સેવન કરે.

માર્ગાનુસારીભાવ પ્રાપ્ત થાય ત્યારથી જ ઉચિત પ્રવૃત્તિનું સેવન હોય. ધર્મ એ ધર્મ નથી જો ઉચિત પ્રવૃત્તિનું ત્યાં સેવન કરવામાં ન આવતું હોય.

વાદ કરવામાં પણ ઉચિત પ્રવૃત્તિઓનું સેવન કરવાનું હોય છે. જો વાદી એના પ્રતિ દુર્લક્ષ કરે તો ઘણું મોટું નુકશાન વહોરી લે. સર્વશક્તિસંપન્ન આત્મા હોવા છતાં જો તે ઉચિત વર્તાવ ન દાખવે તો એની શક્તિઓ મોટું નુકશાન જ વહોરી લે.

જગત્ ઉચિત વર્ત્તાવની પહેલી અપેક્ષા રાખે છે. પછી શક્તિની અને પુણ્યની.

ઉદ્દણ્ડ માણસોની શક્તિને અંતે તો કોઈ બીરદાવતું નથી. વાદના વિષયમાં પણ ઉચિતપ્રવૃત્તિનું જીવન અનિવાર્ય છે. એવો વાદી જ શાસ્ત્રવાદ કરવાને અધિકારી બને છે.

કાયાના તપ વિનાનું ચિત્ત ઉચિત પ્રવૃત્તિના સેવનનું પ્રેમી બની શકતું નથી માટે તપસ્વીને જ વાદનો અધિકારી કહેવાય.

**પોટ્ટશાલ પરિવ્રાજક** શુષ્કવાદ ઉપર એક પ્રસંગ લઈને આ વાદનું યથાર્થ સ્વરૂપ નિહાળવાનો આપણે યત્ન કરીએ.

શ્રીગુપ્ત નામના એક આચાર્ય હતા. એક વાર તેઓ અંતરંજિકા નામની નગરીમાં પધાર્યા. તેમણે ભૂતગૃહ નામના ઉદ્યાનમાં સ્થિરતા કરી.

એ જ સમયે એ નગરમાં પોટ્ટશાલ નામનો પરિવ્રાજક આવ્યો. વિદ્યાનો તો એને એવો કેફ ચડી ગયો હતો કે પેટે લોખંડનો પટ્ટો બાંધતો હતો. રખે! ઊભરાઈ ગએલી વિદ્યા પેટ ફાડીને બહાર નીકળી જાય એ ભયથીસ્તો. વળી સમગ્ર જંબૂદ્વીપમાં પોતાની અદ્વિતીયતા સૂચવવા જંબૂવૃક્ષની ડાળ પણ હાથમાં રાખતો.

આ જ કારણે લોકો એને પોટ્ટશાલ નામથી બોલાવતા.

એણે એ નગરમાં વાદ કરવા માટે પડહ વગડાવ્યો. આચાર્ય ભગવાન્ શ્રીગુપ્તસૂરિજી સમર્થ વાદી હતા. એ જાણતા હતા કે જ્ઞાનના ગર્વથી જેનું માથું ફાટી ગયું છે એવા માણસ સાથે વાદ કરાય જ નહિ. વાદ તો ધર્મવાદ હોવો જોઇએ. જ્ઞાનોદ્ધત માણસો સાથેનો વાદ તો શુષ્કવાદ કહેવાય. એટલે તેમણે પડહ ઝીલ્યો નહિ.

પરન્તુ આચાર્ય ભગવંતના રોહગુપ્ત નામના એક મુનિએ આચાર્ય ભગવંતને પૂછ્યા વિના જ એ પડહ ઝીલી લેવાનું ખૂબ મોટું દુઃસાહસ કર્યું.

ઉપાશ્રયે આવીને એમણે પોતાના આચાર્યને એ વાત કરી. તરત જ આચાર્યે કહ્યું, "રોહગુપ્ત! તમે ભારે મોટી ભૂલ કરી છે. કદાગ્રહી, ગર્વોદ્ધત સાથે વાદ હોય ખરો? ખેર. હવે તમારી ભૂલની પાછળ શાસનહીલનાના એક ભયંકર પાપની હું આગાહી કરી રહ્યો છું મારે તો એ પાપને નિવારવું જ રહ્યું.

"તમે સમજી રાખજો કે પોટ્ટશાલ પરિવ્રાજક વાદમાં જ્યારે ફાવતો નથી હોતો ત્યારે વાદીને પ્રાણાન્ત કષ્ટની આપત્તિમાં ઝીંકી દેતા પણ એ અચકાતો નથી. એની પાસે વીંછી વગેરે છોડવાની સાત વિદ્યાઓ છે. એની સાતે ય વિદ્યાને નિષ્ફળ કરે એવી સાત પ્રતિવિદ્યા હું તમને આપું છું. હવે જો એ સિવાય પણ બીજો કોઇ ઉપદ્રવ કરે તો આ મન્ત્ર ભણીને રજોહરણને ચારે ય દિશામાં ફેરવવું જેથી નવા ઉપદ્રવનું પણ નિવારણ થઇ જશે." આટલું કહીને ગુરુએ રજોહરણને મન્ત્રપૂત કરી આપ્યું.

વાદનો સમય થતાં રોહગુપ્તમુનિ અને પોટ્ટશાલ પરિવ્રાજક રાજસભામાં ઉપસ્થિત થઈ ગયા. નગરના નાગરિકો તો કીડિયારાની જેમ ઊભરાયા હતા.

યોગ્ય સમય થતાં રાજા પણ સિંહાસન ઉપર આરૂઢ થઈ ગયા. મધ્યસ્થીઓ પણ આવી ગયા હતા.

વાદનો સમય થઈ ગયો.

વિજયના અભિમાનમાં આવી ગએલા રોહગુપ્તમુનિએ પોટ્ટશાલ પરિવ્રાજકને કહ્યું, "તમે જ કોઇ તત્ત્વનું નિરુપણ કરો. તમે જે નિરુપણ કરશો તેનું મારે ખંડન કરી દેવું."

રોહગુપ્તમુનિની આ વાત સાંભળીને પોટ્ટશાલ આનંદમાં આવી ગયો. હવે એને વિજય તો હાથવેંતમાં લાગ્યો પળ –એ પળમાં જ જય–પરાજયનો નિર્ણય કરી દેવા એ ઉત્સુક થયો.

ખંધુ હાસ્ય કરીને પોટ્ટશાલે કહ્યું, "ભલે ત્યારે એમ જ હો."

પોટ્ટશાલે મનોમન નિર્ણય કરી લીધો કે, 'મારે તો વાદીને માન્ય જિનસિદ્ધાન્તનું જ નિરુપણ કરવું. પછી જોઉં તો ખરો એ સ્વસિદ્ધાન્તનું ખંડન શી રીતે કરે છે? કેમકે એને તો હું જે કાંઇ કહું તેનું જ ખંડન કરવાનું છે ને?"

પોટ્ટશાલ પરિવ્રાજક બોલ્યો, "લો ત્યારે હું કહું છું કે જગત્‌માં બે જ તત્ત્વો છે જીવરાશિ અને અજીવરાશિ."

હવે ભારે મુશીબત ઊભી થઈ.

જો રોહગુપ્તમુનિએ એમ કહ્યું હોત કે, 'જિનોક્તતત્ત્વની વિરુદ્ધ તમે જે કાંઇ પ્રતિપાદન કરો તેનું મારે ખંડન કરવું.' તો કશો વાંધો ન આવત.

આમ બનવામાં કશું ય આશ્ચર્ય જેવું નથી. ગુરુ ગામમાં હોવા છતાં તેમની અનુજ્ઞા લીધા વિના જે સાધુ પડહ ઝીલી લે એ કેટલો સ્વતન્ત્ર દિમાગવાળો હશે એ વાત સહેજે કલ્પી શકાય તેવી છે. એવો સ્વતન્ત્ર સાધુ ગુરુભક્ત હોય એ અસંભવિત છે. ભક્તિ વિના ગુરુકૃપા પ્રાપ્ત થઇ જાય તે ય અશક્ય છે. અભક્તને કૃપાપાત્ર બનાવવામાં તો ઘણું મોટું જોખમ. કૃપાજનિત શક્તિઓ દ્વારા તો એવા લોકો જિનશાસનને ઘણું મોટું નુકશાન પહોંચાડી દે. એવાઓને જગત્ કરતાં જાતની જ સદા

પરવાહ હોય. જાતના સ્વાર્થોની પરિતૃપ્તિ ખાતર એ ગમે તેનું ધનોતપનોત કાઢી નાંખવાં સુધીની ક્રૂર ભાવનાઓથી ભાવિતમતિ-વાળા બનેલા હોય. અતિ કામાન્ધ રક્તપિતીઓ હોય તે જ સારો. ડાહ્યો વૈદ્ય એને નિરોગી બનાવવાનો યત્ન ન કરે.

જીવનમાં એક વાર પણ ગુરુના અંતરને દુભવવાથી કયારેક એવો ત્રાસ મચી જાય છે જે સમગ્ર જીવનને દુઃખી દુઃખી બનાવી દે છે અથવા તો સુખમય જીવનમાં ધકેલી દઈને પાપમય બનાવી દે છે કે પછી અનંતભવો સુધી દુઃખી દુઃખી થઈ રહેવાનું દૌર્ભાગ્ય અંકિત થઈ જાય.

બેશક, ગુરુ તેમ કરતાં જ નથી પરન્તુ સ્વચ્છન્દી શિષ્યો ગુરુના અંતરને દુભવીને પોતાની જાતે જ આ ખતરો વહોરી લે છે. સાચા ગુરુ તો એવા શિષ્યનું જ અધિકાધિક કલ્યાણ ઇચ્છતા હોય છે.

મુનિ રોહગુપ્તની ગુરુદ્રોહિતાએ એક સાથે બળવો પુકારી દીધો અને ગમે તે બુદ્ધિ સુઝાડી દઈને વાદમાં વિજયી બનાવી દીધો! “આ શું કહો છો! દ્રોહ બુદ્ધિ માણસને વાદમાં વિજય અપાવે કે સજ્જડ પરાજય!!!”

આ જ તો કર્મરાજનું અનોખું ગણિત છે ને? વધુ પછાડવા વધુ ઊંચા સ્થાને લઈ જાય. અને પછી ત્યાંથી જોરમાં નીચે ઝીંકી દે!

સો રૂપિયાના પગારદારની નોકરી છોડાવી દઈને શું ત્રાસ દઈ શકાય! એ કરતાં એને લક્ષાધિપતિ બનાવવો, ચાર માણસોમાં આબરૂદાર કહેવડાવવો અને પછી એકાએક એવો દેવાળીઓ બનાવી દેવો કે એના નવા મકાનને સીલ લાગી જાય, એની પત્નીના પહેરેલા દાગીના ખાનગીમાં વહેંચાઈ જાય અને તો ય દેવું ન પતે....આત્મહત્યા કરીને જ એ શેઠ શાન્તિ મેળવવાનો નિષ્ફળ યત્ન કરે.

અમેરિકા જવા માટે બોઇંગ વિમાનની ટિકિટ 'બુક' કરાવનાર સાહેબને લેડીસાહેબ (પત્ની) જીદ કરીને જવા દેતી નથી. સાહેબ ખૂબ અકળાઈ જાય છે. પણ લેડી સાહેબ પાસે લાચાર બને છે. ભાગ્યને ઠપકો દઈને કોચ ઉપર ફસડાઈ પડે છે.

બીજી બાજુ વિમાનની ખાલી પડેલી સીટ ઉપર કોઇ અભાગીઆનો નંબર લાગી જાય છે. છેલ્લી મિનિટે ટિકીટ મળી ગયાનો આનંદ એના અને એની પ્રિયતમાના અંતરમાં સમાઈ શકતો નથી. લાલ રૂમાલ કાઢીને પ્રિયતમા વિદાય આપે છે.

બોઇંગ વિમાન ઉપડે છે; ઊડે છે અને મશીનમાં ભડકો થાય છે. ઊભું ને ઊભું સળગી જતું, ૧૨૦ મુસાફરોના જીવનને ય ઊભા ને ઊભા જલાવી દેતું, સહુને પોતાની બગલમાં દાબીને બાળીને ખાખ કરતું વિમાન તૂટી પડે છે. ભંગારસ્વરૂપે ધરતી ઉપર.

છાપામાં મોટા અક્ષરે એ હોનારતના સમાચાર પ્રગટ થાય છે.

એ જ કોચમાં બેસીને ચિરૂટ પીતાં પીતાં છાપું વાંચતા સાહેબ હવે એકદમ આનંદમાં આવી જઈને ઊછળીને દોડે છે; લેડીસાહેબને શુભ સંદેશો આપવા.

અને પેલી પ્રિયતમા છાતીફાટ રૂદન કરે છે.

જેને મહાદુઃખની ખાઈમાં જ ધકેલી મૂકવો છે એને સંસારી ન રહેવા દેતાં કર્મરાજ સાધુ બનાવે છે, ઘોડે ચડાવે છે, મહાપ્રતિજ્ઞાઓ લેવડાવે છે, લોકોમાં ખૂબ માનપાન અપાવે છે, અને પછી ગુરુદ્રોહનાં પાપનું છીંડુ પાડીને એની વાટે એનું ઘોર પતન કરે છે. કોઈનું સ્રી દ્વારા તો કોઈનું શ્રી દ્વારા.

ઊંચે ને ઊંચે ચડતા અજ્ઞાન આત્માને આટલી ભયંકર રમતની ગંધ પણ ક્યાંથી આવે ?

સામાન્ય સ્થિતિમાં જ રહી જવાની ફરજ પડતાં, નિસાસો નાંખતા માણસને કર્મની મહેર ઊતર્યાની કલ્પના પણ ક્યાંથી આવે ?

કર્મના ગણિતના ગતિમય ઊંડાણનો તાગ પામવાનું કામ તો ધોળે દહાડે આસમાનના તારા તોડવા જેટલું કઠિન છે.

કર્મયુક્ત પાપાત્માઓ તો એની રીસ અને એની રીઝના ગણિતબદ્ધ પ્રકારોને કદી પામી ન શકે. એવા ગણિતને પામવા માટે તો એને ભવો કરવા પડે.

રોહગુપ્ત મુનિના ભાવી-જીવનનું ધનોતપનોત કાઢી નાંખવા કમર કસીને સજ્જ બનેલા કાર્મિક પરમાણુઓએ એના ગળે વિજયની વરમાળા નંખાવી દીધી.

સાચે જ આ વિજય તો પરાજય કરતાં ય અતિ ભયંકર નીવડતો હતો કેમકે એમાં જ એના દુઃખમય અનંત સંસારના નિર્માણનું બીજ અંકુરિત થઇ રહ્યું જ હતું.

**ગુરુદ્રોહની** ગુરુકૃપા ન પામતાં ગુરુદ્રોહીઓના જીવનના બાહ્ય **ભયંકરતા** પુણ્યાઇના ચમકારા (મેક-અપ) પ્રાયઃ ઘોર પતનની આગાહીઓ જ કરતાં હોય છે. એકાએક એ પતન ત્રાટકે છે, એકાએક એનો સુખમય સંસાર દુઃખમય બનવા લાગી જાય છે. એ પ્રક્રિયાને કોઈ જ રોકી શકતું નથી.

ગુરુદ્રોહી આત્મા કદાચ પુણ્યબળે મોજથી જીવી શકશે પરન્તુ એનું મોત મોજથી તો કદી નહિ સંભવે. એનો બાહ્ય મેક-અપ કદાચ ખૂબ જ આકર્ષક બની રહેશે પણ એના આત્મામાં તો પાપવિકૃતિના પ-૭ ચાંદા સદા રસીથી દૂઝતા જ રહેશે.

ગુરુદ્રોહી ! પુણ્યવાન્ ! હા. બની શકે. પણ ગુરુદ્રોહી ! નિષ્પાપ ! ના. કદી નહિ બની શકે. ગુરુદ્રોહી ! મોજથી જીવનારો ! હા. બની શકે. પણ ગુરુદ્રોહી ! મોજથી મરનારો ! ના. કદી નહિ બની શકે. મોજથી જીવવું એટલે ઊંધાચત્તા કરીને ય સુખેથી જીવવું.

મોજથી મરવું એટલે—સર્વપાપના પ્રાયશ્ચિત્ત, સર્વસુકૃતોની અનુમોદના અને અરિહંતાદિના શરણ સાથે છેલ્લે શ્વાસ મૂકવો.. —સમાધિથી મરવું તે.

આંખના એક જ પલકારામાં સુખેથી મરનારો હાર્ટફેઈલ્યોર સમાધિથી જ મરે તેમ કદી કહેવાય નહિ.

સમાધિને બાહ્ય દુઃખ—સુખ સાથે શો સંબંધ છે? એ તો છે દુષ્કૃતગર્હાદિ ત્રણ મહાન્ ધર્મોની સ્પર્શના....દુઃખ વચ્ચે ય હોય, સુખ—વચ્ચે ય હોય.

એવી સ્પર્શના વિનાનું મરણ સમાધિ મરણ તો ન જ કહેવાય. પછી તે સુખમરણ હોય તો ય, સમાધિ મરણ ન કહેવાય.

આપણે જરા આડી વાતે ઊતરી ગયા. પણ ગુરુદ્રોહિતાનું પાપ અને તેના કટુવિપાક સમજાવ્યા વિના રોહગુપ્તમુનિની થનારી દુર્દશાનો આપણને સચોટ ખ્યાલ આવી શકે તેમ નથી માટે આડા રસ્તે જવાનું સાહસ કરવું પડ્યું છે.
અસ્તુ.

પેલા પોટ્ટશાલ પરિવ્રાજકે તો રોહગુપ્તમુનિની નબળાઈ પકડી લઈને એની ઉપર સીધી છલાંગ મારવા રૂપે જગત્માં જીવ અને અજીવ બે જ રાશિ છે એવો જિનોક્ત સિદ્ધાન્ત જ સ્થાપી દીધો !

રોહગુપ્તમુનિને તો જે સિદ્ધાન્ત સ્થાપે તેનું ખંડન કરવાની જ પ્રતિજ્ઞા હતી એટલે કારમા મિથ્યાત્વના દારૂના ઘેનમાં બેહદ ભાન ભૂલેલા તેણે તરત કહી દીધું કે, "ખોટી વાત.. જગત્માં તો ત્રણ રાશિ છે. જીવ, અજીવ અને નોજીવ."

જિનવચનથી વિરુદ્ધ જતું આ પ્રતિપાદન સાંભળીને પોટ્ટશાલ પણ ક્ષણભર સ્તબ્ધ થઈ ગયો.

પછી તો બન્નેએ પોતપોતાના પ્રતિપાદનને સિદ્ધ કરી આપવા ભયંકર શાસ્ત્રાર્થ કર્યો. પણ અંતે સાવ જૂઠા રોહગુપ્ત-મુનિનો વિજય થયો.

ગુરુદ્રોહનું જ એક પાપ જુદા જુદા સ્વરૂપો લેતું નાચી રહ્યું છે. રોહગુપ્ત મુનિનું કબૂતર એ બ્રહ્મરાક્ષસશા પાપની જાળની આબાદ ભીંસમાં ફસાઈ રહ્યું છે.

**કુતર્કની દુર્ભેદ્યજાળ** કુતર્કથી જૂઠને પણ સાચું ઠરાવી શકાય છે. ગાંડા બનીને ધસી આવતાં મહાવત સાથેના હાથીને જોઈને આસપાસ ઊભેલા લોકોએ બૂમરાણ મચાવી મૂક્યું. એક ચુસ્ત ક્રિયાકાંડી મૈથિલી પંડિતને રસ્તા વચ્ચે ઊભેલા જોઈને લોકો જોરશોરથી રાડો પાડવા લાગ્યા, "પંડિતજી ! બાજુ હટો.... નાસી જાઓ. હાથી તમને કચડી નાંખશે."

વાત તદ્દન સાચી હતી. છતાં કુતર્કના બળથી પંડિતે જૂઠી ઠરાવી દીધી. પંડિતે હાથ ઊંચા કરીને લોકોને પડકાર કરતાં પૂછયું, "તમે મને એક જ વાત કરો કે આ આવી રહેલો હાથી અડયા વિના કચડે છે કે અડીને કચડે છે ? ભો માનવો ! જો હાથી અડયા વિના કચડતો હોય તો તમને પણ કચડી નાંખવા જોઈએ. અને જો અડીને કચડતો હોય તો મહાવતને જ પહેલો કચડવો જોઇએ. પરન્તુ નથી અડેલો કચડાયો કે નથી નહિ અડેલા કચડાયા. ત્રીજો કોઈ વિકલ્પ નથી. માટે મારી જરા ય ચિંતા કરશો નહિ, ભો માનવો !"

કેવો કુતર્ક છે ! સાચને જૂઠ બનાવી દેવાની કેવી જંગી તાકાત એનામાં પડી છે !

કુતર્કના બળથી જ રોહગુપ્તે નોજીવ નામની ત્રીજી રાશિ સ્થાપિત કરી દીધી !

ભરસભામાં આવો ઉઘાડો પરાજય પામેલા પોટ્ટશાલ પરિ-

ત્રાજકનું લોહી ઊકળી ઊઠયું. એનું અંગ તપી ઊઠયું. મોં લાલચોળ થઈ ગયું. એણે દાંત ભીંસ્યા, મૂઠીઓ વાળી. શું કરી નાંખું આ શ્વેતામ્બર સાધુનું !"

મેલીવિદ્યાનું સ્મરણ કર્યું. ભયંકર વીંછી છોડયા, પણ ગુરુએ આપેલી પ્રતિવિદ્યાથી રોહગુપ્તમુનિએ એનું નિરાકરણ કરી નાંખ્યું. પછી તો એક એકથી ભયંકર સાત સ્થિતિ પોટ્ટશાળ સર્જતો ગયો, પણ સાતે ય ને સાત પ્રતિવિદ્યાથી રોહગુપ્તે કારમી નિષ્ફળતા આપી.

પોટ્ટશાલનો કષાય હવે હદ વટાવી ચૂકયો હતો. એની પાસેની છેલ્લામાં છેલ્લી—આઠમી વિદ્યા ભણી. એક ગધેડી ઉત્પન્ન થઈ. ચારે પગે ઊછળતી રોહગુપ્ત મુનિ તરફ દોટ મૂકી. એનું એ વિકરાળ સ્વરૂપ જોઇને સભાજનો ઊભા થઇ ગયા. સહુનો શ્વાસ અદ્ધર થઇ ગયો.

પણ ગુરુદ્રોહી રોહગુપ્તમુનિ ઉપર ગુરૂકૃપા ઊતરી હતી. એને કોઈ પણ ભોગે શાસનહીલનાની ભયંકર વાદળી વરસી જવા દેવી ન હતી.

ચારે પગે ઊછળતી ગધેડી રોહગુપ્તમુનિ પાસે જેવી આવે કે ગુરુદત્તમન્ત્ર ભણીને તૈયાર કરી રાખેલું રજોહરણ એની ઉપર ફેરવ્યું, અને જાણે કે એ એકદમ ભડકી. અને ભાગી; પાછી પોટ્ટશાલ પરિવ્રાજક તરફ. એની ઉપર મૂતરી અને વિષ્ઠા ફેંકી.

જાણે પ્રતિવાસુદેવનું સુદર્શન ચક્ર વાસુદેવ પાસે જઇને પાછું ભાગ્યું. અને વાસુદેવનું માથું ઉડાડી મૂકયું.

પોટ્ટશાલ પરિવ્રાજકનો નાલેશીભર્યો પરાજય થયો. વિજયમાળા રોહગુપ્તમુનિના ગળે પડી. ભારે ઠાઠથી મુનિવર ઉપાશ્રયે આવ્યા. ગુરુને સઘળી વાત કરી. ગુરૂનું મન ખિન્ન થઈ ગયું. એ તરત બોલી ઊઠયા, "તમે આ ઠીક ન કર્યું.

શાસ્ત્રવિરૂદ્ધ પ્રરુપણા કરીને તમે જે વિજય પામ્યા એના કરતાં સસૂત્ર પ્રરુપણા કરીને, કદાચ પરાજય પામ્યા હોત તો પણ મને આનંદ થાત. તમારે આ વિજયને રદબાતલ જાહેર કરીને એ જ પરિવ્રાજક સાથે ફરી વાર વાદના મેદાનમાં ઊતરવું પડશે.

માણસ હજી માન પચાવી શકશે પણ અપમાન તો કોઈ મહાયોગી જ પચાવી શકે.

રાજસભામાં જઈને જાહેર કરવું કે નોજીવરાશિની સિદ્ધિ કુતર્કગ્રાહ્ય હતી : એ ઉત્સૂત્રવચન હતું એ વાત રોહગુપ્ત જેવા મિથ્યાભિમાની સાધુ માટે અશક્ય હતી. એના કરતાં તો એ ઝેર ખાવાનું વધુ પસંદ કરી લે તેમ હતું.

એણે ઉત્સૂત્રભીરૂ આચાર્યભગવંતને સાફ નન્નો ભણી દીધો કે એ વાત મારાથી નહિ બની શકે.

ગુરુએ પણ સ્પષ્ટ શબ્દમાં કહી દીધું કે અસત્યના પાપ ઉપર ઊભી કરેલી તારી શાસનપ્રભાવનાની હવેલી મને જરા ય મંજૂર નથી. સત્યની જાહેરાતથી સંભવિત લોકાપવાદને સહવાની શક્તિ તારામાં હોવી જ જોઇએ. છતાં જો તું તેમ કરવા લાચાર જ હોય તો આપણે બે વાદ કરીએ. પણ તારા આ વિજયને તો હું કોઇ પણ સંયોગમાં વધાવી શકું તેમ નથી.

વિજયના માનથી મદોન્મત્ત બનેલો રોહગુપ્ત ગુરુની સામે મેદાને પડયો.

થોડા જ સમયમાં એનો ભયંકર પરાજય થયો.

પણ તો ય રોહગુપ્તમુનિએ એ પરાજયને ન કબૂલ્યો. પોતાની ત્રિરાશિની સ્થાપનાને સાચી માની.

છેવટે શાસનદેવી દ્વારા ભગવાન્ સીમંધરસ્વામી પાસે નિર્ણય લેવાનું નક્કી થયું. આરાધનાના બળે દેવી પ્રગટ થયા. ભગવાન્ સીમંધરસ્વામીજીને પ્રશ્ન કર્યો કે બે માં સાચું કોણ છે?

પ્રભુએ ઉત્તર આપ્યો, "શ્રીગુપ્ત આચાર્ય સાચા છે. દેવીએ આવીને એ વાત સંઘ સમક્ષ જાહેર કરી. પણ તો ય મિથ્યાત્વના કારમા ઉદયને વશ થએલા રોહગુપ્તે ન માન્યું. એણે કહ્યું, "કદાચ દેવી પોતાના ઘરનું જ કહેતા હોય તો ?"

આટલી હદ સુધીની આડોડાઈના પરિણામે છેવટે આચાર્ય-ભગવંતે રોહગુપ્તને સંઘ બહાર કરી દીધો. [૨]

રોહગુપ્તનો પોટ્ટશાલ સાથેનો વાદ તે શુષ્કવાદ કહેવાય. પ્રતિવાદી ઉપર વિજય મેળવે તો ય આફત; અને પોતાનો પરાજય થાય તો ય આફત. તે આ રીતે—જો પ્રતિવાદી ઉપર વિજય પ્રાપ્ત થાય,—પ્રતિવાદી પરાજય પામે તો એ અપમાનની આગઝાળને ખમી ન શકવાથી આત્મહત્યા કરી દે; કદાચ એટલી હદ સુધી ન જાય તો ય જીવતો રહીને સાવ પાગલ થઇ જાય; વાદી સાથે ભયંકર વૈર બાંધે, આર્ત્તાદિધ્યાન કરીને દુર્ગતિના અખાડામાં અગણિત કાળ માટે ફેંકાઈ જાય. એ પાગલને જો તક મળી જાય તો વાદીનું ખૂન પણ કરી નાંખે, જિનશાસનનો ઉચ્છેદ થઈ જાય એવી પ્રવૃત્તિઓ રાજા વગેરે સત્તાધારીઓને વશ કરીને કરતો રહે.

ટૂંકમાં મદોન્મત્ત બનેલા હાથીની જેમ કે માતેલા આખલાની જેમ એ સર્વત્ર હાહાકાર મચાવી દે.

આમ ડંખીલા, ઝેરીલા માણસોને હરાવવા એ ય બહુ જોખમી કામ બની જાય છે.

સજ્જનથી પરાજય પામવો સારો પરન્તુ દુર્જન ઉપર વિજય મેળવવો ભૂંડો.

વળી પોતે વિજય પામીને પણ આવી કફોડી સ્થિતિમાં મુકાઈ જતો હોય ત્યારે વાદીના પરાજયમાં તો કેટલી કફોડી સ્થિતિ થઈ જાય ?

ડંખીલો પ્રતિવાદી જો વિજય પામે તો વાદીને તબાહ પોકરાવી દેવામાં શું બાકી રાખે ? પછી તો એ વાદીની ઠંડો ઠેકડીઓ ઉડાવે, એનો મહિમા હણી નાંખે, લોકોમાં એને બેવકૂફ શિરોમણિ સાબિત કરવા બધા ય તર્ક અજમાવી નાંખે, આખા દેશમાં એની એવી કફોડી સ્થિતિ કરી મૂકે કે એ વાદીને દેશપાર થયે જ છૂટકો.

આમ વાદીના યશનો તો ચૂરો થઇ જાય પરન્તુ જિન–ધર્મની પણ લઘુતા કરી નાંખે. એ છડેચોક જાહેર કરે કે જે જિનસિદ્ધાન્તો ઉપર મુસ્તાક રહીને વાદીએ વાદ કર્યો એ સિદ્ધાન્ત કેટલા કપોલકલ્પિત–જૂઠા છે તે વાત વાદીના પરાજયથી સાબિત થઇ જાય છે. ”

આવા અછતા આક્ષેપો કરીને દુષ્ટ પ્રતિવાદી જિનશાસનની ઇમારતને પણ પાયામાંથી હલાવી નાંખવા સુધીની સફળતા પ્રાપ્ત કરી જાય છે.

આમ બે ય રીતે આફત: વિજયમાં અને પરાજયમાં.

માટે જ આવો શુષ્કવાદ સામાન્ય રીતે તો કદી કરવો જોઈએ નહિ. સ્વ—પરના અનર્થોને વધારનારો !

જય—પરાજયની બે ય સ્થિતિમાં જિનશાસનના વૃક્ષને મૂળિયામાંથી હલાવી નાંખનારા આ શુષ્કવાદથી સદા સહુએ દૂર રહેવું જોઈએ.

અધ્યાત્મસાર ગ્રન્થમાં મહોપાધ્યાયજીએ કહ્યું છે કે, “ કદાગ્રહથી ઊછળતા ભારોભાર અભિમાનવાળા અધકચરા જ્ઞાનથી ભોળા જીવોને અંધ કરી દેતા જડ લોકો તો પોતાની વિતંડા-પ્રચુર પંડિતાઇની કંડૂલતા (કૌંચા) થી ત્રણે ય લોકને પરેશાન કરી મૂકતા હોય છે.

રે ! જેની મતિ જ ભ્રષ્ટ થઈ ગઇ છે તે મનુષ્ય કુતર્કના દાંતરડા વડે તત્ત્વ વેલડીને ય છેદી નાંખે છે.

કદાગ્રહની પથરાળ ભૂમિશા ચિત્તમાં સદ્ભાવનું જલ કયાં ય પેસી ન શકે. વિશુદ્ધ બોધના અંકુરા પ્રગટવાની તો આશા જ રાખવી નકામી છે.

આ પરિસ્થિતિમાં આગમવચનનો શો અપરાધ! નિહ્નવોએ મહાવ્રતો આદર્યાં! ઘોર તપ તપ્યો! યત્નપૂર્વક પિણ્ડવિશુદ્ધિ કરી છતાં તેનાં મીઠાં ફળ તેઓ ન પામ્યા તેમાં વાંક કોનો? તેમના કદાગ્રહનો જ ને!

આવા લોકોને કરૂણાની બુદ્ધિથી પણ કોઇ સંયમી મહાત્મા સમજાવવાનો તીવ્ર યત્ન કરે તો તે પ્રયત્નની પ્રશંસા કદી ન કરાય.

એકાદ પણ અંગની ખોડખાંપણવાળાને રાજયલક્ષ્મી શી રીતે ધરી દેવાય?

કદાગ્રહીને શ્રુતજ્ઞાન આપવામાં આવે તો તે શ્રુતનો તો નાશ થાય પણ તે કદાગ્રહીનો ય આત્મા નાશ પામે.

એક તો ઘડો જ કાચો હોય, પછી તેમાં પાણી ભર્યું, પછી શું થાય? પાણી જાય અને સાથે ઘડો ય જાય!

જે અગીતાર્થ સાધુ કદાગ્રહી સાથે ધર્મચર્ચા કરીને તેને સમજાવવાનો પ્રયત્ન કરે છે એ મહોપકારી (!) તો કૂતરીના શરીરે કસ્તૂરીનો લેપ કરે છે. આવા સાધુને અંતે તો પસ્તાવાનો જ સમય આવી લાગે છે.

સેંકડો યત્નો વડે પ્રાપ્ત થએલા હાઈબ્રીડના બીઆરણને ઉખર ભૂમિમાં નાંખતા માણસની જેમ જ તો."

મહોપાધ્યાયજીની આ આગમ–વાણીને સદા અંતરમાં ભાવિત કરી રાખવી જોઈએ અને કરૂણાની બુદ્ધિથી જ કદાગ્રહી આત્માઓના હિત ખાતર એમની સાથે શુષ્કવાદ નહિ કરવાનો સંકલ્પ જીવતો રાખવો જોઈએ. [૩]

**૨. વિવાદનું સ્વરૂપ** જે પ્રતિવાદી ભૂખ્યો છે માનાદિનો, જેને જોઇએ છે, વિજય મેળવીને અઢળક સંપત્તિ; એવો મનના કે જીવનના ગરીબડા તુચ્છપ્રકૃતિના માણુસ સાથે જે વાદ કરવો તેને વિવાદ કહેવાય.

આવા વાદમાં છલ, જાત્યુત્તર (અસદુત્તર) વગેરે નિગ્રહ-સ્થાનાદિનો જ મુખ્યત્વે આશ્રય લેવામાં આવતો હોય છે. વસ્તુ તત્ત્વનો વિચાર કરવા જતાં જે આશય હોય તેને ન પકડતાં શબ્દની પક્કડમાં આવી જઇને વાદીને પરાજિત કરી દેવામાં આવે છે.

આપણે અહીં એ નિગ્રહસ્થાનોના પ્રકારો ભેદ, પ્રભેદોની ઝંઝટમાં ઝાઝું ઊતરવું નથી. માત્ર છલ નામના નિગ્રહસ્થાનનાં સ્વરૂપબોધની વાનગી જ ચાખીને આગળ ચાલીશું.

અહીં વિવાદ કરનારો પ્રતિવાદી પરાજય પામે અને તે જો જીવનથી ગરીબ હોય તો જયાં તેને રાજ્યાશ્રયાદિ મળ્યા છે અને તેના દ્વારા તેની જે આજીવિકા ચાલતી હતી તેને મોટો ધક્કો લાગે છે. આશ્રયદાતા આવી પરાજિત વ્યક્તિને તરત જ પાણીચું આપી દે છે.

તે પ્રતિવાદી મનનો ગરીબડો હોય, દિલનો તુચ્છ હોય (ભલે જીવનથી સુખી હોય) તો પરાજય પામતાંની સાથે ખૂબ જ દીનહીન બની જાય છે આર્ત્તધ્યાનની સદા સળગતી રહેતી ભઠ્ઠીમાં શેકાઇ શેકાઈને એ ખાખ થઈ જાય છે.

આમ થવાથી વિજયી બનનાર સાધુને અશુભકર્મોનો બંધ થાય છે અને તેના પરિણામે તે પોતાની સદ્‌ગતિને જોખમી બનાવે છે.

પ્રતિવાદીની પ્રકૃતિનો જ્ઞાતા બનીને પણ વાદી તેની સાથે વિવાદ કરે તો પ્રતિવાદીને આર્ત્તધ્યાનાદિ કરાવવામાં નિમિત્ત બનવાનું વાદીના લમણે અવશ્ય લાગે.

અજાણતાં કે જાણવા છતાં અશકય પરિહારમાં કોઈના અશુભકરણમાં નિમિત્ત થઇ જવું એ એક વાત છે અને જાણવા છતાં, એવો પ્રસંગ ટાળવાની શકયતા ઉપસ્થિત હોવા છતાં એ પ્રસંગ ન ટાળીને કોઇનું અશુભકરણ થવા દેવું એ બીજી વાત છે. પહેલા વિકલ્પમાં પાપમાં નિમિત્ત થઈ ગયાનો દોષ લાગતો નથી જયારે બીજા વિકલ્પમાં જાણી બૂઝીને પાપમાં નિમિત્ત થવાથી દોષ લાગે છે.

**વોલ્ટર રેલે** બ્રિટનની મહારાણીના પ્રેમી સર વોલ્ટર રેલેને એક યુવાને તરવારના દાવ ખેલવાનું આહ્વાન કર્યું. સહુની વચ્ચે વોલ્ટર રેલેએ સસ્મિત વદને એ આહ્વાનનો ઇન્કાર કરી દીધો.

યુવાનીના નશામાં મત્ત થએલો પેલો યુવાન તરત જ રેલેના મોં ઉપર થૂંકયો !

એવા જ સ્મિત સાથે રેલેએ રૂમાલથી એ થૂંક લૂંછી નાખતાં કહ્યું, "મિત્ર! તારું આહ્વાન ન સ્વીકાર્યાથી જે થૂંક આવી પડયું તે તો રૂમાલથી પણ લૂંછી શકાય તેવું છે પણ તારો પડકાર ઝીલી લેવાથી એક નિર્દોષ માણસની હું હત્યા કરૂં તેનું પાપ રૂમાલથી કે સંપત્તિથી પણ ધોવાય તેમ ન હતું માટે જ મેં તારા પડકારને ઝીલ્યો નહિ.

ગીતાર્થ મુનિ પણ પોતાની શાસ્ત્રપરિકર્મિતમતિથી પ્રતિવાદીના સ્વભાવનો જ્ઞાતા બની જ જાય એટલે જો તે વાદ વિવાદ સ્વરૂપ બનવાની શકયતા પકડતો હોય તો તેવા વાદને તે સ્વીકારે જ નહિ.

**નિગ્રહસ્થાનઃ છલ** હવે આપણે આ પ્રકારના વાદમાં ઉપયોગી થતું છલ નામનું નિગ્રહસ્થાન જોઈએ.

કોઈ કહે છે કે જુઓ, "આ નવકમ્બલ દેવદત્ત આવ્યો." અહીં કહેનાર એમ કહેવા માંગે છે કે નવી કામળવાળો દેવદત્ત આવ્યો. પણ સાંભળનાર વ્યક્તિ વિવાદપ્રિય છે એટલે 'નવકમ્બલ' શબ્દને

પકડીને વાક્છલ કરતાં કહે છે કે કયાં છે? તમારી વાત તદ્દન ખોટી છે કેમકે દેવદત્ત પાસે નવ કંબલ છે જ નહીં એની પાસે—તો એક જ કંબલ છે!

બીજું એક ઉદાહરણ લઈએ.

એક ભાઇ ખૂબ બિમાર થઈ ગયા છે. હવે તેમની મિનિટો ગણાય છે. એ વખતે એમને મળવા માટે કાંણે નામના મહારાષ્ટ્રિયન ડોકટર આવે છે. એમનું નામ પૂછીને પટ્ટાવાળો અંદર આવીને દરદીની ચોમેર બેઠેલાઓને કહે છે કે "ડો. કાંણે આવ્યા છે."

આ વાત સાંભળીને બધા ગંભીર બની જાય છે. એક વૃદ્ધ માણસ કહે છે કે ડોકટરને કહો કે હજી તો શેઠ જીવતા છે. જીવતાની કાંણે આવવાનું ન હોય!"

હવે શબ્દછલનું ઉદાહરણ લઇએ.

એક સ્ત્રી ડાકટરે દવાખાનું શરૂ કર્યું. દવાખાના ઉપર મોટું બોર્ડ લગાડયું.' સ્ત્રીઓના ખાસ ડોકટર." લખનાર પેઇન્ટરે બધા જ અક્ષરો ખૂબ નજીક નજીકમાં લખેલા હતા. એટલે પસાર થતાં એક રાહદારીએ મોટેથી વાંચ્યું, "સ્ત્રીઓના ખાસડા કટર" સહુ હસી પડયા.

ફરી એક અર્થછલનું ઉદાહરણ જોઇએ.

જયારે ભારતની ધરતી ઉપર ગોરા લોકો પોતાનું સામ્રાજ્ય વિસ્તારી રહ્યા હતા ત્યારની આ વાત છે.

બ્રિટનની પાર્લામેન્ટનો એક રેસીડેન્ટ સૌરાષ્ટ્રના એક ગામના નવાબ પાસે રહેતો હતો. ગમે તેમ કરીને યુક્તિ પ્રયુક્તિથી કાંઇને કાંઇ પડાવતા રહેવું એ જ આ મીઠાબોલા રેસીડેન્ટનું કાર્ય હતું.

એક વાર લાગ-જોઈને તેણે નવાબ સાહેબને ભાંગીતૂટી

હિન્દીમાં કહ્યું કે બ્રિટનના મહારાજા આપને બહુ મોટો ખિતાબ એનાયત કરવા માગે છે. અંગ્રેજ લોકો સાથેની આપની ગાઢ મૈત્રીથી તેઓ ખૂબ પ્રસન્ન થયા છે.

આ વાત સાંભળીને અભણ નવાબની તો છાતી ગજ ગજ ફુલવા લાગી.

પછી ધીરે રહીને રેસિડેન્ટે કહ્યું કે એના બદલામાં આપે પણ અમારા મહારાજાને કાંઈક બક્ષિસ કરવી જોઈએ.

નવાબે પૂછ્યું" શું આપું તો તમારા રાજા પ્રસન્ન થઈ જાય?

તકસાધુએ તરત વળતો જવાબ આપ્યો કે, "વેરાવળ જેવું એકાદ બંદર બક્ષીસ કરો તો એમને ખૂબ આનંદ થાય."

બ્રિટન તરફથી રેસીડેન્ટ સાહેબને હુકમ આવ્યો હતો કે, "ગમે તેમ કરીને નવાબ પાસેથી વેરાવળનું બંદર તમે મેળવી લો. તમારું પણ સારું એવું હિત અમે વિચારીશું."

દિવાનને પૂછ્યા ગાછ્યા વિના જ નવાબે કહી દીધું. "અચ્છા, હમ આપકો એક બંદર અવશ્ય ભેટ કરેંગે."

આ સાંભળીને પેલો રેસિડેન્ટ તો આનંદવિભોર બની ગયો.

એ જ દિવસે એણે બ્રિટન તાર કરી દીધો. એમાં જણાવ્યું કે "મને બંદર પ્રાપ્ત થઈ ગયું છે. ટૂંક સમયમાં જ એનો લેખિત દસ્તાવેજ મોકલી આપીશ."

આ બાજુ દિવાનને ખબર પડી. એ તો સ્તબ્ધ થઈ ગયો. વેરાવળના બંદરની લાખો રૂપિયાની આવક ઉપર તો નવાબનું ટટ્ટુ ચાલતું હતું.

બગડેલી બાજી શી રીતે સુધારવી તે જ હવે તો જોવાનું હતું.

પીઢ મુત્સદ્દી દિવાનના મગજમાં વિચારની એક વીજ ચમકારો મારીને ચાલી ગઈ. દિવાન મનમાં જ હસવા લાગ્યો.

સ્વગત બોલ્યો, ‘ રેસીડેન્ટને એની નોકરી ઉપરથી બરતરફ ન કરાવું તો દિવાનપદ મૂકી દઉં.”

બીજે દિવસે નવાબસાહેબની પાસે જઇને સઘળું જાણી લીધું. પોતે પણ નવાબને સઘળી આફત સમજાવી. હવે તો નવાબસાહેબ પણ ગભરાઈ ગયા.

હસતાં હસતાં દિવાને કહ્યું “આપ ગભરાશો નહિ. આવતી કાલે હું બધું ઠેકાણું પાડી દઇશ.”

દિવાન ઘરે ગયા. જે કાંઈ વિધિ કરવી હતી તે તાબડતોબ આરંભી દીધી.

બીજે દિવસે દરબાર ભરાયો. રેસિડેન્ટ સાહેબ પણ આવ્યો હતો. નવાબ સાહેબ આવી ગયા. પછી દિવાનસાહેબે ઊભા થઈને રેસિડેન્ટ સાહેબની સામે જોઇને મોટા અવાજે કહ્યું.

“આપકે મહારાજા હમારે નવાબસાબકો માનવંત પદવી એનાયત કર રહે હૈ ઈસસે હમ લોગોકો બહોત ખુશી હુઇ હૈ. હમારે નામદારને આપકો એક બંદર બક્ષિસ કરનેકે લિયે કહા થા લેકિન હમારી નમ્ર અરજસે નામદારસાબ પ્રસન્ન હોકર આપ મહારાજાકો અબ ચાર બંદર ભેટ કર રહે હૈ. આપ સ્વીકાર કીજીએગા.”

આમ કહીને ચાંદીના ચાર પિંજરમાં પૂરેલા ચાર બંદર (વાંદરા) હાજર કરવામાં આવ્યા.

આખો દરબાર પેટ પકડીને હસવા લાગ્યો. રેસિડેન્ટનું મોં કરમાઈ ગયું. અંદરથી તો એ ખૂબ જ સમસમી ઊઠયો. પણ શું કરે ?

સઘળી વાત એણે ફરી તારથી જણાવી. એનો તારથી જ પ્રત્યુત્તર આવ્યો, “ઉતાવળથી અભિપ્રાય બાંધી લેવાની બેવકૂફીના દંડ તરીકે તમને તમારા સ્થાન ઉપરથી ડીસમીસ કરવામાં આવે છે.

આટલા પ્રસંગો ઉપરથી સમજાઈ જશે કે શબ્દ છલ કેવા હોય છે?

વાદમાં વક્તાનો આશય જ જોવો જોઇએ. શબ્દો નહિ પકડવા જોઇએ. પણ કેટલાક લોકો જ્યારે અનેકાન્તવાદી વગેરે સાથેના અર્થઘન વાદમાં ફાવતા ન હતા ત્યારે તેમણે આવા છલ વગેરે નિગ્રહસ્થાનો ઊભા કર્યા અને એ રીતે ક્યાં ય ને ક્યાં ય ફસાવી દઈને બીજાને વાદમાં પરાજિત કરવાનો એક પ્રકાર ઊભો થઇ ગયો.

છલ વગેરે નિગ્રહસ્થાનોને સાચા વાદમાં સ્થાન ન જ હોવું જોઇએ—માટે જ છલાદિ પ્રધાનવાદને ધર્મવાદ ન કહેતાં વિવાદ કહ્યો છે.

છલાદિ નિગ્રહસ્થાનની જેમ જાત્યુત્તરો પણ હોય છે. જાત્યુત્તર એટલે અસદુત્તર.

હેતુવાક્ય તદ્દન સાચું હોય, એમાં કાંઇ દૂષણ ન હોય છતાં તે હેતુમાં દૂષણાભાસ ઊભો કરી દેવો તેને જાત્યુત્તર કહેવાય છે.

આવા છલ અને જાત્યુત્તરની પ્રધાનતા સાથેના વાદને વિવાદ કહેવામાં આવે છે. [૪]

વિવાદમાં જો કે પ્રતિવાદી ઉપર ન્યાયપૂર્વક વિજય મેળવવાનું કામ તો ખૂબ જ કપરૂં બની રહે છે કેમકે ન્યાયસંગત સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવા છતાં પ્રતિવાદી તો શબ્દો પકડીને જ છલાદિ નિગ્રહસ્થાનની જાળમાં ફસાવી નાંખવા જ તત્પર રહેતો હોય છે. એટલે એવા કોઈ શબ્દગત નિગ્રહસ્થાનમાં ફસાઈ ન જવાય તે માટે પણ ભારે કાળજી જરૂરી રહે છે છતાં કોઈ તેવી અપૂર્ણ કાળજી સાથે વાદ કરે તો પ્રતિવાદી ઉપર વિજય મેળવી જાય એવું ય બની શકે ખરું.

છતાં ય એમાં ફાયદો કાંઈ ન થાય. હારેલા પ્રતિવાદીને

રાજ્યાશ્રયાદિ મળે નહિ, એના માનપાન તૂટી પડે. જેણે તેને આશ્રય આપ્યો હોય તે રાજા વગેરે તેનું ધન વગેરે લૂંટી પણ લે. એમ થતાં હારેલા પ્રતિવાદીનું મન શોકાતુર બની જાય, વિજેતા વાદી તરફ એને દ્વેષ ઉત્પન્ન થાય. આ બધાયમાં વાદી નિમિત્ત બનીને પાપકર્મ બાંધે. એટલે વાદી અને પ્રતિવાદી બન્ને ય ના પરલોક બગડી જાય એવી સ્થિતિનું નિર્માણ થાય. એટલે વાદી વિજય મેળવીને પણ ઘણું નુકશાન વહોરી લેતો હોય છે.

અને જો વાદીનો પરાજય થઈ જાય તો તો વાદીની નિંદા, ધર્મની હીલના વગેરે મહાપાપોના ઉત્પાદનમાં વાદી પોતે નિમિત્ત બનવાને કારણે ઘણા પાપ બાંધે.

આમ બે ય સ્થિતિમાં વિજયમાં અને પરાજયમાં વિવાદ તો નુકશાન જ કરે છે. માટે શુષ્કવાદની જેમ વિવાદનો પણ પ્રાજ્ઞ-પુરુષોએ ત્યાગ કરી દેવો જોઈએ.

(૩) **ધર્મવાદ :**

ધર્મવાદ કોની સાથે થઈ શકે ?

(૧) જેની નજર પરલોક તરફ સદા મંડાએલી હોય અને તેથી જ વાદ કરતાં જે પોતાના શાસ્ત્રથી વિરુદ્ધ અથવા સત્યથી વેગળું કાંઈ પણ બોલતાં ખંચકાટ અનુભવે. સત્યની સામે બળવો કરવા કરતાં સત્યના સ્વીકારમાં જ એના પરલોકની નિર્ભયતાને એ સમજતો હોય.

(૨) જે મધ્યસ્થ હોય. એને સ્વદર્શનના સિદ્ધાન્તો પ્રત્યે ગાઢ અભિનિવેશ ન હોય અને પરદર્શનના સિદ્ધાન્તો પ્રત્યે ભયાનક દ્વેષ પણ ન હોય. આથી જ આવા માણસને સત્ય સમજવાનું સરળ બની જાય.

(૩) જે બુદ્ધિમાન્ હોય. પ્રજ્ઞાવાન્ માણસનો ગુણ શું ? અને દોષ શું ? એ વાત જે સહેલાઈથી સમજી શકે છે. પછી

સ્વધર્મમાં દોષ હોય તો તેને સ્વીકારી પણ લે છે અને પરધર્મના પ્રતિપાદનમાં ગુણ જોઈને એનું અંતર ઝૂકી પણ જાય છે.

(૪) જે સ્વશાસ્ત્રના પદાર્થોનો પ્રખર જ્ઞાતા હોય.

આમ હોય તો જ તેને સમજાય કે પોતાનું શાસ્ત્ર ખરેખર દોષયુક્ત છે કે નહિ? શાસ્ત્રના ઉપરચોટિયા જ્ઞાનવાળાને શાસ્ત્રના દોષોનું દર્શન થઇ શકતું નથી.

ડુંગરા દૂરથી રળિયામણાં જ દેખાય. એની નજદિક જવાય તો જ એના ખાડાં ટેકરા જોવા મળે.

એમ શાસ્ત્રની ગહરાઈએ પહોંચાય ત્યારે જ એના દોષોની ખબર પડે, અને ત્યારે જ એમાં પડેલા સુંદર ગુણરત્નો પણ હાથ લાગે. આથી જ પ્રતિવાદી સ્વશાસ્ત્રનો નિપુણજ્ઞાતા હોવો આવશ્યક છે.

આ ચાર ગુણોથી યુક્ત પ્રતિવાદી સાથે જે વાદ કરવામાં આવે તેને ધર્મવાદ કહેવાય છે. આવા વાદને જ તત્ત્વવેત્તાઓએ ઉપાદેય કહ્યો છે. [૬]

જેમ પ્રતિવાદીના આવા ગુણોને લીધે આ વાદને ધર્મવાદ કહેવાય છે તેમ આ વાદથી કોઈના પણ પરાજયની સ્થિતિનું નિર્માણ થાય તો ય પરાજિત વ્યક્તિને પણ વિશિષ્ટ સુંદર ફળની જ પ્રાપ્તિ થાય છે માટે પણ આ વાદને ધર્મવાદ કહેવામાં આવે છે.

જો પરલોકદૃષ્ટા પ્રતિવાદી ઉપર જૈન વાદી વિજય મેળવે તો વાદીને તો વિજયનું ફળ યશાદિ મળે જ પરન્તુ પ્રતિવાદી પણ જિનધર્મનો સ્વીકાર કરીને સન્માર્ગ પ્રસ્થાનનું ભવ્ય ફળ પામી જાય. કેમકે પ્રતિવાદીના જે સિદ્ધાન્તો હતા તે આ વાદમાં યુક્તિબાહ્ય ઠર્યા એટલે એ પ્રતિવાદી તરત વિચાર કરે કે આવા યુક્તિબાહ્ય સિદ્ધાન્તોને વફાદાર રહેવાથી તો મારો પરલોક બગડી

જાય; આવા સિદ્ધાન્તોનું જીવન બનાવવાથી મને કદી મોક્ષ ન મળે.... આજ સુધી હું ભ્રમણામાં જ જીવ્યો. ખેર ! સારું જ થયું કે જૈનવાદી સાથે હું વાદમાં ઊતર્યો. મને મારા પક્ષના સિદ્ધાન્તની પોકળતાનું ભાન થયું. હવે એ સિદ્ધાન્તોને ત્યાગ્યે જ છૂટકો છે. અન્યથા મારું આત્મહિત જોખમાઈ જાય."

આ વિચાર ઉપર પ્રતિવાદી સ્વસિદ્ધાન્તનો ત્યાગ કરીને જિનધર્મના સિદ્ધાન્તો ઉપર અનન્ય આસ્થાવાળો બની જાય છે અને જિનધર્મનો અંતરથી સ્વીકાર પણ કરે. આવું સૌભાગ્ય પમાડનાર વાદીનો પુનઃ પુનઃ ઉપકાર માને.

હવે જો આ વાદમાં જૈનવાદીનો પરાજય થઈ જાય તો ય તે વાદીને તો લાભ જ થાય. કેમકે પરાજય થવામાં સિદ્ધાન્તની નિર્બળતા કારણ બનતી નથી; જિનોક્ત સિદ્ધાન્ત અસંદિગ્ધ રીતે પૂર્ણાંશે બળવાન્ જ છે. પરન્તુ વાદીએ એ સિદ્ધાન્ત સમજવામાં ક્યાંક કચાશ રહી ગઈ હોય માટે જ તેની સચોટ રજૂઆત વગેરે કરવામાં તે પીછેહઠ કરી જાય અને તેથી જ તેનો પરાજય થાય.

પણ આ પરાજય જ તેની પોતાની કડીઓને છતી કરવા દ્વારા ઉપકારક બની જાય છે. પોતે ક્યાં ક્યાં ભૂલ્યો ? ક્યાં પોતાની ગેરસમજ થઈ? કયો પદાર્થબોધ હજી આત્મસાત્ થયો નથી ? ક્યાં આગળ તાત્ત્વિક પદાર્થ અતાત્ત્વિકરૂપે મગજમાં ઊંધો જ સમજાઇ ગયો ? ઇત્યાદિ બધું ય હવે એના ખ્યાલમાં આવી જાય છે. આમ પરાજયના કારણે જ પોતાના શાસ્ત્ર પદાર્થોના અબોધનો અને વિપરીતબોધનો ભંડો ફૂટી જાય છે.

હવે એ પુનઃ શાસ્ત્રનિરીક્ષણ કરીને ખૂબ મજબૂત બનીને બહાર નીકળે છે. આમ વાદીનો પરાજય પણ એને લાભકર બની જાય છે.

ભારત ઉપરના ચીનના આક્રમણમાં ભારત પરાજય પામ્યું પણ કહેવાય છે કે એ પરાજયથી જ ભારતને પોતાની સંરક્ષણ વ્યવસ્થાઓની સઘળી નબળી કડીઓનું સંપૂર્ણ ભાન થઈ ગયું. અને તેથી તેણે એ બધી જ નબળાઈઓ દૂર કરવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો. પરાજયની ઝીંક ખાઈને ભારત ખૂબ જ બળવાન્ બનીને બહાર આવ્યું છે. કહો, આમાં ચીનનો ય ઉપકાર લોકો ગણે જ છે ને?

વાદી પરાજય પામે તો ય એ એવી સ્થિતિમાં મુકાય કે એને માટે પ્રતિવાદી ઉપકારક બની જાય. અને પ્રતિવાદી પરાજય પામે તો એ પણ એવી સિદ્ધિ પામે કે એને માટે વાદી ઉપ-કારક બની જાય. જેના પરાજયમાં પણ પરાજિત વ્યકિત કાંઇક મેળવે અને વિજયી વ્યકિતને ઉપકારી બનાવે એ વાદ જ સર્વો-ત્કૃષ્ટ વાદ છે એ વાદ જ શ્રેષ્ઠતમ વાદ છે. આવા વાદને જ ધર્મવાદ કહેવાય.

શુષ્કવાદ અને વિવાદ નામના બે વાદોમાં તો વિજય પણ ભયંકર બની જાય છે, આત્માના અગણિત અહિતોનો સર્જક બની જાય છે જ્યારે ધર્મવાદમાં પરાજય પણ કલ્યાણકર બની રહે છે; આત્માના અનેક હિતોને સાધી આપનારો બને છે.

આપણે ધર્મવાદનો એક પ્રસંગ લઈને જોઇએ કે ધર્મવાદ પરાજિત વ્યક્તિ ઉપર પણ કેવા ભવ્ય કલ્યાણની મંગળમાળા આરોપિત કરે છે?

**સિદ્ધસેન** તેનું નામ સિદ્ધસેન હતું.

**દિવાકરસૂરિજી** જાતિથી તે બ્રાહ્મણ હતો.

તે પંડિત હતો. એ માનતો હતો કે પાણ્ડિત્યમાં તો એનાથી ચડિયાતો કોઈ છે જ નહિ. તેને એવી પ્રતિજ્ઞા હતી

કે વાદમાં કોઈ તેને હરાવે તો તેના આજીવન શિષ્ય થઈ જવું. હજી સુધી વાદમાં કોઇએ તેને હરાવ્યો ન હતો.

એક વખત તેણે જૈનાચાર્ય વૃદ્ધવાદિદેવસૂરિજીની અજોડ વાદી તરીકેની ખ્યાતિ સાંભળી. તેણે તરત તપાસ કરી. અને માહિતિ મેળવતાંની સાજે જ એ નગરમાં જવા ઉપડયો. ત્યાં પહોંચતાં જ એને સમાચાર મળ્યા કે વાદિદેવસૂરિજી તો એ જ દિવસે સવારે ત્યાંથી વિહાર કરી. ગયા હતા. તેઓ ભરૂચ તરફ જઈ રહ્યા છે.

સિદ્ધસેન વિપ્રે જોશભેર ચાલવા માંડયું. રસ્તામાં જ એ જૈનાચાર્યને પકડી પાડયા. હાથ જોડીને કહ્યું " આપ થોભી જાઓ, મારે વાદ કરવો છે."

" રે ! પણ રસ્તામાં વાદ ? મધ્યસ્થી કોણ ? " જૈનાચાર્યે સાશ્ચર્યવદને પૂછયું.

સિદ્ધસેનવિપ્રે આસપાસ નજર નાંખી. બાજુમાં જ ગાયો ચરાવતાં ગોવાળોને જોયા. હર્ષિત થઇને તેણે જૈનાચાર્યને કહ્યું. "સૂરિજી ! આ ગોવાળો જ આપણા મધ્યસ્થી બને. મને તે મંજૂર છે, જો આપને મંજૂર હોય તો અહીં જ આપણી વાદ-સભા ગોઠવાઈ જાય."

પીઢ અનુભવી, દ્રવ્યક્ષેત્રકાળભાવના પ્રકાંડ વેત્તા જૈનાચાર્ય વૃદ્ધવાદિદેવસૂરિજીએ સંમતિ આપી.

બે ય વાદી–પ્રતિવાદી સામસામા ગોઠવાઈ ગયા.

પહેલું વક્તવ્ય કર્યું; વિપ્ર સિદ્ધસેને ! ભયંકર પાણ્ડિત્યથી પરિપૂર્ણ ! અસ્ખલિત ધારાથી ન્યાયની શૈલીમાં તત્ત્વોની સ્થાપના કરતા જ ગયા.

એક કલાક બે કલાક, ત્રણ કલાક, અભણ ગોવાળો ત્રાસી

ગયા. અંદર અંદર ગણુગણાટ શરૂ થઈ ગયો, "શું બકે છે! કાંઈ સમજાતું ય નથી."

પછી વારો આવ્યો વૃદ્ધવાદિસૂરિ મહારાજનો.

એ ઊભા થયા. કચ્છો બાંધ્યો. અને પછી ટાબોટા લેતા ગયા અને કુંડડીમાં ગોળ ગોળ નાચતા ગયા. એની સાથે જોરથી બોલવા લાગ્યા; "નવિ મારીયઈ, નવિ ચોરીયઇ, પરદારાગમણ નિવારિઈ; થોડો થોડો ધરમ કીજીયઈ તો ઝટપટ શિવસુખ પામીયઇ."

સૂરિજી ટાબોટા લેતા ગયા અને કુંડડીમાં ફરતા ઉક્ત પદ એવી રીતે બોલતા ગયા કે મધ્યસ્થી બનેલા ગોવાળોને પાણી ચડી ગયું. એ ય કુંડડીમાં ગોઠવાઈ ગયા અને ટાબોટા લેતાં લેતાં ઉક્ત પદ બોલતા ફરવા લાગ્યા.

કહેવાની જરૂર નથી કે આનંદવિભોર બની ગએલા મધ્યસ્થીઓએ જૈનચાર્યનો વિજય જાહેર કરી દીધો.

વિપ્ર સિદ્ધસેન સ્તબ્ધ થઇ ગયો.

પણ જૈનાચાર્ય વૃદ્ધવાદિદેવસૂરિજીને આ વિજય મંજૂર ન હતો. એમણે સિદ્ધસેનને કહ્યું, "આ વાદ જ ન કહેવાય. વાદ તો વિચક્ષણ પુરૂષોની સભામાં જ થાય, એટલે તારે ચિંતા કરવી નહિ. આપણે ભરૂચ જઈએ. ત્યાંની રાજસભામાં પાણ્ડિત્યપૂર્ણ વાદ કરીએ."

સિદ્ધસેન સૂરિજીના પગમાં પડી ગયો! ઊભા થઇને એણે કહ્યું, "ગુરૂદેવ! આપનું બુદ્ધિકૌશલ અહીં જ પ્રગટ થઈ ગયું છે. મારે હવે રાજસભામાં જઇને વાદ કરવો નથી. (મતાંતરે રાજસભામાં વાદ કર્યાનું કહેવાય છે.) મારી પ્રતિજ્ઞા મુજબ આજથી જ આપ મારા ગુરુ અને હું આપનો શિષ્ય.

વિપ્ર સિદ્ધસેન, મુનિ સિદ્ધસેન થયા. ગુરુના પરમભક્ત

બન્યા. ગુરુની કૃપા પામીને મહાન્ શાસન પ્રભાવક સિદ્ધસેન દિવાકર સૂરિ થયા.

આનું નામ ધર્મવાદ કહેવાય કે જ્યાં પરાજિતનું પણ કલ્યાણ જ થાય.

પ્રશ્ન-તો શું ધર્મવાદ જ કરવા જેવો છે? શુષ્કવાદ અને વિવાદ કોઈ પણ સંયોગમાં ન જ કરવો?

ઉત્તર-ના એમ નથી. દેશાદિની અપેક્ષાઓ વિચારીને, ગૌરવલાઘવનો વિચાર કરીને જો એમ લાગે કે શુષ્કવાદથી કે વિવાદથી પણ જિનધર્મની પ્રભાવના જ થવાની છે તો તે વાદો પણ કરી શકાય છે.

શુષ્કવાદ કે વિવાદ કરવામાં ઘણી મોટી સાવધાની રાખવી જોઈએ. પ્રથમ તો વાદનું સ્થાન-દેશ, ગામ, નગર વગેરે કુતીર્થિકોથી ભરેલા છે? તે દેશ અનુકુળ આવે તેમ છે કે નહિ? તે નક્કી કરી લેવું પડે. તે વખતનો સમય સુકાળનો છે કે નહિ? રાજા, વાદપર્ષદા વગેરેની પ્રકૃતિ મધ્યસ્થ છે કે નહિ? પ્રતિવાદી વાદ કરવાનો અધિકાર ધરાવે છે કે નહિ?

ખુદ પોતે પણ આ સ્થિતિમાં વાદ કરવાનું વિશિષ્ટ સામર્થ્ય ધરાવે છે કે નહિ? એ બધું ય વાદીએ વારંવાર વિચારવું જોઈએ. જો દેશ, કાળ, રાજા, મિત્રો વગેરેની અનુકુળતા ન જાણવામાં આવે તો શુષ્કવાદાદિમાં મોટી થાપ ખાઈ જવાય. આવા વાદમાં વાદ સામર્થ્ય માત્ર જોવાય નહિ. રાજા વગેરે ઇતર ધર્મના કદાગ્રહી હોય તો પણ પરાજય મળી જાય.

વળી ગૌરવ-લાઘવનો પણ વિચાર કરવો જોઈએ. જિનધર્મનું ગૌરવ અને પરધર્મની લઘુતા થતાં હોય તો જ તેવા વાદનું જોખમ કરી શકાય.

ભગવાન્ વર્ધમાન સ્વામીજીની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ

હતી. એટલે પ્રભુએ વિહાર કરીને અન્યત્ર દેશના આપી હતી. આમ વાદીએ પણ અનુચિત દેશ વગેરેને છોડીને ઉચિત દેશાદિમાં જઇને જ વાદ કરવો જોઇએ. પછી ભલે તે શુષ્કવાદ કે વિવાદ પણ હોય. ગૌરવ-લાઘવનો વિચાર કરીને જ બુદ્ધિમાન્ વાદીઓ પ્રવૃત્તિ કરે તો જ તેમને બુદ્ધિમાન્ કહેવાય.

અવસર જ એવો આવી લાગે તો બુદ્ધિમાન્ મહાત્મા વિવાદ પણ કરી શકે અને શુષ્કવાદ પણ કરી શકે.

આ વિધાન ઉપર વિચાર કરતાં આપણા ગૌરવવંતા ઈતિહાસ ઉપર નજર નાંખીએ છીએ તો યુવાનમુનિ સોમચન્દ્રવિજય (જેઓ ભાવીમાં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી બન્યા હતા તે) તથા ભગવાન્ બપ્પભટ્ટસૂરિજી નજરમાં આવે છે.

**દિગંબરાચાર્ય કુમુદચન્દ્ર** દિગંબર આચાર્ય કુમુદચન્દ્રની સાથે વાદ કરવા માટે સિદ્ધરાજ જયસિંહની સભામાં ભગવાન્ દેવસૂરિજી મહારાજ પધાર્યા હતા. એમની સાથે આવેલા મુનિવૃન્દમાં મુનિ સોમચન્દ્રવિજયજી પણ હતા.

હજી વાદનો આરંભ થવાને વાર હતી. વાદી દેવસૂરિજી મહારાજ અને આચાર્ય કુમુદચંદ્ર સપરિવાર સામસામા ગોઠવાઇ ગયા હતા.

થોડી પળો વીતી. કુમુદચન્દ્રે નાનકડા મુનિ સોમચંદ્રને જોયા. એમની તેજસ્વી પ્રતિમાએ કુમુદચન્દ્રને આકર્ષ્યા.

કુમુદચન્દ્રે એ મુનિને કહ્યું, "अयि! तक्रं पीतम्?"–" શું તેં આજે છાશ પીધી છે?" તરત જ 'પીત' શબ્દ ઉપર છલ કરીને નિગ્રહ કરી લેતા મુનિએ કહ્યું, "तक्रं पीतं न भवति तक्रं तु श्वेतं भवति?–રે! છાશ પીળી ન હોય; છાશ તો સફેદ હોય.

આવો સચોટ છલ કરીને કુમુદચન્દ્રનો નિગ્રહ કરી લેવાથી

કુમુદચન્દ્ર જરાક ઝાંખા પડી ગયા. સભા તો મુનિની પ્રતિભાનું દર્શન કરીને સ્તબ્ધ થઈ ગઈ.

પછી કુમુદચન્દ્રે કહ્યું, " તારા જેવા બાળ સાથે મારે વાદ કરવો નથી. "

વળતો જ બીજો છલ ' બાળ ' શબ્દ ઉપર કરતાં બાળ-મુનિએ કહ્યું, " બાળ તો આપ કે હું ? આપ જ કહો. બાળ નગ્ન હોય ને? તો આપણાં બેમાં બાળ કોણ કહેવાય ? "

દિગંબરાચાર્ય કુમુદચન્દ્રને આ ફટકો ભારે પડી ગયો.

બેશક આ વિવાદાત્મક વિનોદ છે. પરન્તુ અવસરોચિત છે. યુવાનમુનિ દ્વારા થતો આવો પ્રૌઢ વિનોદ ભવ્ય શાસન પ્રભાવના કરનારો બની રહે છે.

**બપ્પભટ્ટ સૂરિજી** ' શુષ્કવાદ પણ અવસરે કરી શકાય. ' એ વિધાન બપ્પભટ્ટસૂરિજી મહારાજાના જીવનમાં સુપેરે સમજાય છે.

ગૌડદેશનો રાજા ધર્મરાજ હતો. તેને ત્યાં વર્ધનકુંજર નામનો બૌદ્ધપંડિત હતો. તેણે ધર્મરાજને ત્યાં રાજ્યાશ્રય પામીને એક પછી એક તમામ પંડિતોને હરાવવાનું કામ આરંભ્યું. ધર્મરાજ પણ ખૂબ પ્રભાવિત થઈ ગયો. એક વાર ધર્મરાજે વર્ધનકુંજરને કહ્યું, " જો તમે કનોજરાજ આમના પંડિત બપ્પ-ભટ્ટસૂરિજીને હરાવો તો તમારા બૌદ્ધધર્મને રાજ્યધર્મ બનાવી દઉં.

વાત એમ હતી કે ધર્મરાજથી કેમે ય કનોજરાજ આમ જીતાતો ન હતો. ગમે તે યુક્તિથી તેને કનોજ મેળવવું હતું. એટલે તેણે આ યુક્તિ કરી કે વાદ ગોઠવવો અને જે પંડિત પરાજય પામે તેનો આશ્રયદાતા રાજા રાજ્ય છોડીને ચાલ્યો જાય. આ વાત સાંભળીને વર્ધનકુંજર તો રાજીનો રેડ થઈ ગયો.

તેણે કહ્યું, "મહારાજ! એવી શરત સાથે કનોજરાજને આહ્‌વાન આપી દો. હું તૈયાર છું.

ધર્મરાજે દૂત મોકલી આપ્યો. ભગવાન્ બપ્પભટ્ટસૂરિજીએ એ આહ્‌વાન ઝીલી લેવાનું આમ રાજને જણાવી દીધું. કનોજરાજે આહ્‌વાહન ઝીલી લીધું.

બે ય દેશની સરહદ ઉપર વાદ ગોઠવાયો.

લગાતાર છ માસ સુધી વાદ ચાલ્યો પણ ન કોઈ હારે ન કોઇ જીતે. વાદી અને પ્રતિવાદીના ગળા સૂકાયાં, તાળવા સૂકાયાં,....રે! રાજા આમ પણ કંટાળી ગયા. રાજસભાનું બધું ય કામકાજ છ છ માસથી સ્થગિત થઇ ગયું હતું.

રાજા આમે પોતાની મનોવ્યથા બપ્પભટ્ટસૂરિજીને જણાવી. સૂરિજીએ કહ્યું, "રાજન્! નચિંત થઈ જાઓ. આવતી કાલે સવારે જ હું આ વાદમાં વિજય મેળવી લઈશ.

સંતુષ્ટ થઈને રાજા આમ વિદાય થયા. મન્ત્રબળથી સૂરિજીએ શ્રુતદેવી સરસ્વતીને બોલાવી. તેને પૂછ્યું કે, "પ્રતિવાદી જીતાતો કેમ નથી?"

દેવીએ કહ્યું એણે સાધનાબળથી એવી ગુટિકા મેળવી લીધી છે જેને જ્યાં સુધી મુખમાં રાખવામાં આવે ત્યાં સુધી કોઈથી પણ પરાજય મળે નહિ."

આટલું કહીને દેવી અન્તર્ધ્યાન થઈ ગયા. ભગવાન્ બપ્પભટ્ટસૂરિજીએ તરત જ બે સાધુને વાદમધ્યસ્થી વાક્‌પતિની પાસે મોકલ્યા. એમને કહેવડાવ્યું કે આવતી કાલે મારે જે વાદ કરવો છે તે વાદી પ્રતિવાદીની મુખશુદ્ધિ પછી જ થઇ શકશે. માટે તમો બે ય પક્ષના વાદીઓની મુખશુદ્ધિ કરાવો એમ હું ઇચ્છું છું."

વાક્‌પતિએ એ વાત મંજૂર કરી લીધી. બીજો દિવસ થયો.

સમય થતાં વાદી પ્રતિવાદી હાજર થઈ ગયા. કનોજરાજ, આમ અને ગૌડરાજ ધર્મ પણ પોતાના સિંહાસને ગોઠવાઇ ગયા.

આજે રાજા આમ ખૂબ ખુશમાં દેખાતા હતા. વાક્પતિ પણ આવી ગયા.

વાદારંભનો સમય થતાં જ તેમણે કહ્યું કે આજે બે ય વાદીઓ પોતાની મુખશુદ્ધિ કરી લે પછી જ વાદનું કાર્ય આગળ વધશે.

બૌદ્ધપંડિત વર્ધનકુંજરને લાચારી સાથે મુખશુદ્ધિ કરવી પડી. પાણીથી કોગળા કરતાં પેલી ગુટિકા બહાર પડી ન જાય તે માટે તેણે ઘણી તકેદારી રાખી છતાં ગુટિકા નીકળીને ધરતી ઉપર પડી.

તાંકીને જ બેઠેલા એક જૈનમુનિએ તે ગુટિકા ઉપાડી લીધી.

વર્ધનકુંજરનું મોં ફીક્કું પડી ગયું હતું. હવે વાદ કરવો શી રીતે તે જ સમજાતું ન હતું.

વાદ શરૂ થયો.

ફક્ત બે જ મિનિટમાં વર્ધનકુંજર જીતાઇ ગયો.

બપ્પભટ્ટસૂરિજીનો જયજયકાર થઈ ગયો. 'જૈનં જયતિ શાસનં' ના ગગનભેદી અવાજ સાથે કનોજના નગરજનો નાચવા લાગ્યા.

પ્રતિજ્ઞા મુજબ ધર્મરાજે કફની પહેરીને જંગલ ભણી ચાલવા માંડયું. પણ બપ્પભટ્ટસૂરિજીએ રાજા આમ દ્વારા તેમને જતાં અટકાવ્યા. રાજ્ય પાછું અપાવ્યું.

બપ્પભટ્ટસૂરિજીનો વર્ધનકુંજર સાથેનો વાદ શુષ્કવાદ હતો. છતાં મહાજ્ઞાની સૂરિજીને એ વાદ ઉચિત લાગ્યો માટે તે કર્યો અને જ્વલંત વિજય પામીને જૈનશાસનની વિજયપતાકા ગગનમાં લહરાવી.

ધર્મવાદ તો સદા કર્તવ્ય છે. પરન્તુ આવા સંયોગોમાં બુદ્ધિમાન્ મહાત્માઓને વિવાદ અને શુષ્કવાદ પણ કવચિત્ કર્તવ્યરૂપ બની જાય છે.

# ધર્મવાદ-અષ્ટક

[૧૨]

विषयो धर्मवादस्य तत्तत्तन्त्र्यपेक्षया ।
प्रस्तुतार्थोपयोग्येव धर्मसाधनलक्षणः ॥१॥

પોતપોતાના શાસ્ત્રની જ અપેક્ષાએ મોક્ષમાર્ગમાં જ ઉપયોગી ધર્મના હેતુઓની વિચારણા કરવી એટલો જ ધર્મવાદનો વિષય છે.

पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥२॥

સઘળા ય ધર્મશાસ્ત્રમાં ધર્મસ્વરૂપે આ પાંચ વસ્તુને પવિત્ર માની જ છે. ૧. અહિંસા. ૨. સત્ય. ૩. અસ્તેય. ૪. મૈથુન-વિરતિ. ૫. ત્યાગ. (અપરિગ્રહ).

खल्वेतानि युज्यन्ते मुख्यवृत्त्या क्व वा न हि ।
तन्त्रे तत्तन्त्रनीत्यैव विचार्यं तत्त्वतो ह्ृयदः ॥३॥
धर्मार्थिभिः प्रमाणादेर्लक्षणं न तु युक्तिमत् ।
प्रयोजनाद्यभावेन तथा चाह महामतिः ॥४॥

ધર્માર્થી મુમુક્ષુએ હવે તો એ જ વાત વિચારવાની છે કે જ્યારે તે તે શાસ્ત્રમાં બધાએ અહિંસાદિ ધર્મોને પવિત્ર સ્વીકાર્યા છે તો તેમના જ શાસ્ત્રોના આત્માના એકાન્ત નિત્યત્વાદિસ્વરૂપ વિચાર સાથે તે અહિંસાદિપદાર્થનિરુપણ નિરૂપચરિત નયથી સુસંગત બને છે કે નહિ?

આ વિચારણામાં પ્રમાણ-પ્રમેયના લક્ષણોનો વિચાર કર-વાનું સાવ જ અપ્રસ્તુત છે કેમકે તે લક્ષણોને જાણવાનું કોઈ ફળ નથી તેમ તેને જાણવા માટે કોઈ ઉપાય પણ નથી.

મહામતિ આ. ભગવાન્ સિદ્ધસેન દિવાકરસૂરિજીએ આ જ વાત કહી છે.

प्रसिद्धानि प्रमाणानि व्यवहारश्च तत्कृतः ।
प्रमाणलक्षणस्योक्तौ ज्ञायते न प्रयोजनम् ॥५॥

प्रमाणेन विनिश्चित्य तदुच्येत न वा ननु ।
अलक्षितात्कथं युक्ता न्यायतोऽस्य विनिश्चितिः ॥६॥
सत्यां चास्यां तदुक्त्या किं तद्वद्विषयनिश्चितेः
तत एवाविनिश्चित्य तस्योक्तिर्ध्यान्ध्यमेव हि ॥७॥

આ. ભગવાન્ સિદ્ધસેન દિવાકરસૂરિજી કહે છે કે પ્રત્યક્ષાદિ પ્રમાણો તો લોકમાં સ્વતઃ રૂઢ છે, એનાથી થતો સ્નાનાદિ વ્યવહાર પણ આબાલ–ગોપાલ પ્રસિદ્ધ છે. પછી પ્રમાણાદિના લક્ષણો બનાવવાનું શું પ્રયોજન છે એ જ સમજાતું નથી. વળી પ્રમાણ લક્ષણનો નિશ્ચય કરવાનો કોઈ ઉપાય પણ નથી. તે આ રીતેઃ– પ્રમાણથી નિશ્ચિત કરેલું પ્રમાણલક્ષણ તમારે કહેવું છે કે અનિશ્ચિત કરેલું ? જો નિશ્ચિત કરેલું પ્રમાણલક્ષણ કહેશો તો ફરી બે વિકલ્પો ઊભા થશે કે તે પ્રમાણ પોતે નિશ્ચિત છે કે અનિશ્ચિત ? જો નિશ્ચિત કહેશો તો ઇતરેતરાશ્રય કે અનવસ્થા દોષ આવશે. અને જો અનિશ્ચિત કહેશો તો પ્રશ્ન થશે કે તેવા અનિશ્ચિત પ્રમાણથી તે વળી પ્રમાણલક્ષણનો નિશ્ચય થતો હશે ? આ કાંઈ ન્યાય્ય માર્ગ નથી. છતાં જો તે વાતની પક્કડ રાખશો તો અમે કહીશું કે અનિશ્ચિત પ્રમાણથી પ્રમાણલક્ષણોનો નિશ્ચય કરીને પ્રમેયનિશ્ચય કરવા કરતાં અનિશ્ચિત જ પ્રમાણલક્ષણથી પ્રમેયનિશ્ચય કેમ ન થઈ શકે ?

હવે જો મૂળ પ્રશ્નનો બીજો વિકલ્પ–અનિશ્ચિત પ્રમાણથી પ્રમાણલક્ષણ નિશ્ચય કહેશો તો એવી ઉક્તિ તો પૂર્વવત્ બુદ્ધિની અંધતા સિવાય બીજું કાંઇ જ નથી.

तस्माद्यथोदितं वस्तु विचार्यं रागवर्जितैः ।
धर्मार्थिभिः प्रयत्नेन तत इष्टार्थसिद्धितः ॥८॥

માટે પ્રમાણાદિના લક્ષણની ઝંઝટમાં પડયા વિના મધ્યસ્થ મોક્ષાર્થી આત્માએ તો સર્વશાસ્ત્રોમાં અહિંસાદિ કહ્યા છે પણ તેમાં કયા શાસ્ત્રમાં શુદ્ધ અહિંસાદિનું નિરૂપણ છે તેટલું જ યત્ન પૂર્વક વિચારવા ધર્મવાદ કરવો જોઇએ. કેમકે તેનાથી જ ઈષ્ટ સિદ્ધિ થઇ જાય છે.

**વિવેચના :**

આપણે બારમા અષ્ટકમાં ત્રણે ય પ્રકારના વાદોનું સ્વરુપ જોયું. આ ત્રણે ય વાદમાં ધર્મવાદ જ મુખ્યત્વે કરવા જેવો છે એ વાત પણ આપણે જોઈ.

અહીં કર્ત્તવ્યરૂપ એ ધર્મવાદનો વિષય જોઇએ.

ષષ્ટિતન્ત્રાદિ દરેક શાસ્ત્રોમાં અઢળક જાતની વિચારણાઓ કરવામાં આવી હોય છે. પરન્તુ એ શાસ્ત્રોની કોઈ પણ વિચારણાને અનુલક્ષીને ધર્મવાદ થતો નથી.

ધર્મવાદનો વિષય તો મુમુક્ષુ આત્મા માટે એક જ હોઈ શકે કે મોક્ષપદ પામવા માટેના સાધનો કયા ? એમનું સ્વરૂપ શું ? વગેરે.

મુમુક્ષુ એટલે મોક્ષપદ પામવાની ઇચ્છાવાળો આત્મા.

એને તો એક જ વાતની જિજ્ઞાસા હોય કે મોક્ષે શી રીતે જવું ?

જિનશાસ્ત્રોમાં તો મોક્ષના વિચાર સિવાય કોઇ પણ વિચાર જ કરવામાં આવ્યો નથી. જ્યારે અન્ય શાસ્ત્રોમાં અર્થ, કામ પ્રાપ્તિના ય વિચારો કરવામાં આવ્યા છે. જૈનવાદીને એ બધી બાબતો સાથે લેશ પણ નિસબત હોતી નથી એટલે એ જે ધર્મવાદ કરે તેનો વિષય મોક્ષના સ્વરૂપ અંગેનો, મોક્ષના સાધનો અંગેનો વગેરે જ હોય.

ધર્મ એટલે આત્મા ઉપર નવા કર્મોનું આગમન અટકાવવાની અને જૂના ચોંટેલા કર્મોને ખંખેરવાની આરાધના.

આ બે ય પ્રકારની આરાધના વિના આત્મા મોક્ષ પામી શકતો નથી માટે આ બે આરાધનાસ્વરૂપ ધર્મ અંગેના સ્વરૂપ, ભેદ, ઉપાય વગેરેનો વિચાર જ્યાં કરવામાં આવે તેને ધર્મવાદ કહેવાય. [૧]

આવા ધર્મને આરાધવાના સાધનો પાંચ છે. આ ધર્મના ઉપાય તરીકેની આ પાંચ વાતો સ્થૂલથી તો સર્વદર્શનોને માન્ય છે. તે પાંચના નામ આ પ્રમાણે છે.

(૧) અહિંસા—પ્રાણિવધવિરતિ.
(૨) સત્ય—મૃષાવાદ સર્વથા ત્યાગ.
(૩) અસ્તેય—અચૌર્ય
(૪) મૈથુન વર્જન—અબ્રહ્મવિરતિ.
(૫) ત્યાગ (અપરિગ્રહ)—સર્વસંગત્યાગ.

સ્થૂલથી તો આ પાંચ વાતોને ધર્મના (મોક્ષના) સાધન તરીકે સહુ જુદા જુદા શબ્દોથી પણ સ્વીકારે તો છે જ. આ વાત પણ આપણે જોઇ લઈએ.

**જૈન** :—

મોક્ષના ઉક્ત પાંચ ઉપાયોને જૈનો **મહાવ્રતો** કહે છે.

**સાંખ્ય** (વ્યાસમતાનુસારી) :–ઉક્ત પાંચને યમ કહે છે.

**પાંચ યમ** :–અહિંસા. સત્ય–અસ્તેય–બ્રહ્મચર્ય અને વ્યવહાર.

**પાંચ નિયમો** :—અક્રોધ–ગુરુશુશ્રુષા–શૌચ–આહારલઘુતા–અપ્રમત્તતા.

**પાશુપાત (નૈયાયિક) :**

ઉકત દશને ધર્મશબ્દથી કહે છે.

અહિંસાદિ ૫ યમ = ૫ ધર્મ–અહિંસા–સત્ય–અસ્તૈન્ય–બ્રહ્મચર્ય–અકલ્પના.

અક્રોધાદિ ૫ નિયમ = ૫ ધર્મ–અક્રોધ–આર્જવ–શૌચ–સન્તોષ–ગુરુશુશ્રુષા.

ભાગવત (પૌરાણિક) :—

અહિંસાદિ ૫ યમ = ૫ વ્રત.

અક્રોધાદિ ૫ નિયમ = ૫ ઉપવ્રત.

બૌદ્ધ :—

ઉક્ત દશને કુશલધર્મ શબ્દથી જણાવે છે. વક્ષ્યમાણ ૧૦ પાપોના ત્યાગરૂપ ૧૦ કુશલ ધર્મો છે.

૧. હિંસા, ૨. ચૌર્ય, ૩. પરદારાગમન (અન્યથા કામ)

૪. પૈશુન્ય (નારદવૃત્તિ) ૫. કઠોર અસત્ય. ૬. અસંબદ્ધ ભાષણ. (સંભિન્નાલાપ] ૭. પરપીડાચિન્તન (વ્યાપાદ) ૮. ધનાદિમાં અસંતુષ્ટવૃત્તિ (અભિધ્યા) ૯. મિથ્યા અભિનિવેશ. (દગ્વિપર્યય) ૧૦. પાપકર્મ.

વૈદિક :

ઉક્ત અહિંસાદિને વૈદિકો બ્રહ્મપદથી કહે છે.

આમ જૈન, સાંખ્ય, પાશુપત, ભાગવત, બૌદ્ધ અને વૈદિક બધા ય જુદા જુદા શબ્દોથી અહિંસાદિ પાંચને તો અવશ્ય મોક્ષના સાધન તરીકે માને છે. આમ દરેક શાસ્ત્રોએ મોક્ષના સાધન તરીકે અહિંસાદિ પાંચને જ પવિત્ર માન્યા છે એ વાત તો નક્કી થઇ જાય છે. હવે આ વિષય ઉપર જ ધર્મવાદ થાય છે કે જો બધા ય શાસ્ત્રો આ વાતમાં એક મત જ હોય તો હવે એ જ શોધી કાઢવાનું રહ્યું કે બધાએ ભલે અહિંસાદિનું નિરૂપણ કર્યું પરન્તુ અહિંસાદિનું શુદ્ધ નિરુપણ કોણે કર્યું છે?

**ધર્મવાદનું** શુદ્ધ નિરૂપણ એટલે નિરૂપચરિત નિરૂપણ.

**કાર્ય** બૌદ્ધાદિશાસ્ત્રોમાં કયાં કયાં અહિંસાદિનું વાસ્તવિક નિરૂપણ છે અને કયાં કયાં અવાસ્તવિક નિરૂપણ છે તે વાત તે તે બૌદ્ધાદિ શાસ્ત્રોમાં જ દર્શાવેલા આત્માના સ્વરૂપને અનુલક્ષીને આપણે નક્કી કરી લેવી જોઇએ. અમુક શાસ્ત્રના મતે બીજા શાસ્ત્રોના

અહિંસાદિ પદાર્થોના નિરૂપણ તો અયોગ્ય ઠરે જ એમાં કોઈ સંદેહ નથી પરન્તુ પોતાના જ શાસ્ત્રમાં પ્રતિપાદિત કરેલા આત્માના અમુક સ્વરૂપ નિરૂપણ સાથે પોતાના જ શાસ્ત્રમાં કરેલું અહિંસાદિપદાર્થ નિરૂપણ વિસંવાદી બની જાય છે કે સંવાદી બની રહે છે એ જ વાત ધર્મવાદમાં વિચારવાની હોય છે.

ધાર્મિક આત્માઓ બીજી વાત વિચારે જ નહિ. એઓ કાંઇ પ્રત્યક્ષાદિ પ્રમાણના કે આત્મા વગેરે પ્રમેયના લક્ષણો શું છે? એ બધી વાતોની ઝંઝટમાં ઊતરે નહિ. 'સ્વપરાવભાસી જ્ઞાન તે પ્રમાણ કહેવાય.' વગેરે પ્રમાણાદિના લક્ષણોની વાતો કરવાનું કોઈ પ્રયોજન નથી; એના કોઈ ઉપાયો પણ નથી. પછી શા માટે શુધ્ધ અહિંસાની વિચારણા કરવામાં પ્રમાણ–પ્રમેયના લક્ષણોની લાંબીચોડી ચર્ચામાં ઊતરી જવું જોઈએ?

ક્યા શાસ્ત્રમાં આત્માનું સ્વરૂપવર્ણન કેવું કર્યું છે? તે જોઈ લેવું અને એ જ શાસ્ત્રમાં અહિંસાદિ પાંચને મોક્ષના સાધન કહ્યા છે કે નહિ તે જોઇ લેવું. પછી આત્માના એ સ્વરૂપ-નિરૂપણની સાથે અહિંસાદિનું નિરૂપણ સુસંગત થાય છે કે નહિ એ જોઈ લેવું. આટલું જ ધર્મવાદનું કાર્ય છે આત્મા પ્રમેય છે, માટે પ્રમેયનું લક્ષણ શું? પ્રમાણનું લક્ષણ શું! એ બધી વાતો ધર્મવાદનો વિષય જ ન બની શકે.

**પદાર્થ વિચારણામાં લક્ષણોની બિન જરૂરિયાત**

અહીં તો આપણે ટૂંકમાં એટલું જ જણાવવું છે કે અહિંસાદિ નિરૂપણની શુધ્ધિનો વિચાર કરવામાં લક્ષણોની વિચારણા કરવાનું કોઇ પ્રયોજન જ નથી. જે વસ્તુ પ્રયોજનરહિત હોય તેનું આચરણ ન હોય. કાંટાની શાખાને તોડવામાં જો કોઈ પ્રયોજન ન હોય તો કંટકશાખા મર્દન નિરર્થક બની જાય છે.

પ્રમાણાદિલક્ષણોની વિચારણા પણ પ્રયોજનશૂન્ય છે માટે તેનો વિચાર નિરર્થક છે. આ વાત તદ્દન સાચી છે કેમકે મહામતિ ભગવાન્ સિદ્ધસેન દિવાકરસૂરિજી પણ આમ જ કહે છે. [૪]

તેઓએ કહ્યું છે કે પ્રમાણો તો લોકોમાં સ્વતઃ જ રૂઢ છે. એ કાંઇ પ્રમાણના લક્ષણોનાં પ્રણેતાઓના વચનથી સાધ્ય નથી. વળી તે પ્રમાણથી કરાતો સ્નાન—પાન વગેરેનો વ્યવહાર તો પ્રમાણના લક્ષણોને નહિ જાણનારા ગોવાળીઆમાં ય પ્રસિદ્ધ છે. એટલે જ હવે અમને સમજાતું જ નથી કે શા માટે પ્રમાણના લક્ષણો બનાવવામાં આવ્યા છે ?"

સિદ્ધસેનદિવાકરસૂરિજીએ અહીં એમ ન કહ્યું કે 'પ્રમાણાદિના લક્ષણોનું કોઇ પ્રયોજન જ નથી. (નાસ્તિ) એને બદલે 'અમને સમજાતું જ નથી કે શા માટે પ્રમાણાદિના લક્ષણો બનાવવામાં આવ્યા છે!' એમ જે કહ્યું તે એ લક્ષણો પ્રત્યેની પોતાની વધુ પડતી અરુચિને સૂચવવા માટેની કઠોર ભાષા છે.

આમ પ્રમાણાદિ લક્ષણોનો પ્રયોજનાભાવ જોયો. હવે એ લક્ષણોને સમજવા માટે કોઈ ઉપાય પણ નથી એ વાત જોઈએ.

**પ્રમાણનો લક્ષણવિચાર** જે લોકો પ્રમાણનું લક્ષણ બનાવે છે તે પ્રમાણ લક્ષણને તે લોકો ૧. પ્રત્યક્ષાદિ પ્રમાણથી નિશ્ચિત કરીને કહે છે કે ૨, પ્રત્યક્ષાદિ પ્રમાણથી નિશ્ચિત કર્યા વિના જ કહે છે ? આ બે પ્રશ્નો છે.

જો તેઓ એમ કહે કે પ્રમાણલક્ષણને પ્રત્યક્ષાદિ પ્રમાણથી નિશ્ચિત કરીને જ અમે બનાવીએ છીએ તો વળી બે પ્રશ્નો ઊભા થાય છે કે પ્રમાણલક્ષણનો નિશ્ચય કરતું પ્રમાણ પોતે નિશ્ચિત છે કે અનિશ્ચિત ? જો નિશ્ચિત કહો તો વળી બે પ્રશ્ન ઉભા થાય છે કે કયા પ્રત્યક્ષાદિ પ્રમાણથી પ્રમાણલક્ષણનો તમે નિશ્ચય કરે છો ?

જે પ્રમાણનું લક્ષણ નિશ્ચિત કરવાનું છે તે જ પ્રમાણથી કે બીજા કોઈ પ્રમાણથી !

જો પ્રથમ વિકલ્પ લઈને કહો કે તે જ પ્રમાણથી તે જ પ્રમાણનું લક્ષણ અમે નિશ્ચિત કરીએ છીએ તો ઇતરેતરાશ્રય

નામનો દોષ આવે. તે આ રીતે—તે પ્રમાણથી તેના લક્ષણોનો નિશ્ચય કરવાનો છે અને તેના લક્ષણનો નિશ્ચય કરવામાં તે જ પ્રમાણ કુક્ષિમાં પડેલું છે. જ્યાં સુધી પ્રમાણલક્ષણ નિશ્ચિત ન થાય ત્યાં સુધી તે પ્રમાણ જ ન બની શકે જ્યાં સુધી પ્રમાણ જ ન બને ત્યાં સુધી તેના લક્ષણનો નિશ્ચય શી રીતે થાય? આમ એક બીજાનો નિર્ણય કરવામાં એક બીજાનો આશ્રય લેવા રૂપ ઇતરેતરાશ્રય દોષ આવ્યો છે એટલે પહેલો વિકલ્પ તો લઈ શકાય નહિ.

હવે જો બીજો વિકલ્પ લઈને એમ કહો કે, 'બીજા કોઇ પ્રમાણથી (તે જ પ્રમાણથી નહિ) પ્રમાણ લક્ષણનો નિશ્ચય કરીશું તો તે ય બરોબર નથી, કેમકે આમ કહેવામાં અનવસ્થા દોષ આવી રહે છે. તે આ રીતે—જે બીજા પ્રમાણથી પ્રમાણલક્ષણનો નિશ્ચય કરવો છે તે બીજું પ્રમાણ પણ કોઈ પ્રમાણલક્ષણથી નિશ્ચિત થયેલું છે કે અનિશ્ચિત જ રહીને પ્રમાણલક્ષણનો નિશ્ચય કરે છે? તે બીજું પ્રમાણ અનિશ્ચિતલક્ષણ હોય તો પ્રસ્તુત પ્રમાણલક્ષણનો નિશ્ચય કરવાની તેનામાં શી તાકાત છે? પોતે જ અનિશ્ચિત હોઇને બીજાને શી રીતે નિશ્ચિત કરશે?

અને જો તે બીજું પ્રમાણ ત્રીજા કોઈ પ્રમાણથી નિશ્ચિત લક્ષણ હોય તો તે ત્રીજું પ્રમાણ સ્વપ્રમાણથી જ નિશ્ચિત લક્ષણ છે કે અન્ય પ્રમાણથી? જો સ્વપ્રમાણથી જ નિશ્ચિત લક્ષણ બનતું હોય તો પૂર્વવત્ ઇતરેતરાશ્રય દોષ આવશે અને જો ચોથા અન્ય પ્રમાણથી નિશ્ચિતલક્ષણ બનતું હોય તો તે ચોથું પ્રમાણ પણ કોઇ પાંચમા પ્રમાણથી નિશ્ચિત લક્ષણ બનાવવું પડશે. પછી તો આમ અનવસ્થા જ ચાલ્યા કરશે.

એટલે પ્રમાણલક્ષણને પ્રત્યક્ષાદિ પ્રમાણથી નિશ્ચિત કરીને જ કહેવાની વાતમાં ઊભા થતાં બે ય વિકલ્પોમાં આપત્તિ છે.

હવે જો પેટા વિકલ્પનો બીજો વિકલ્પ લઈને એમ કહો કે પ્રમાણ લક્ષણને પ્રત્યક્ષાદિ પ્રમાણથી નિશ્ચિત કર્યા વિના જ અમે કહીએ છીએ તો તે વાત પણ બરોબર નથી. કેમકે જે પ્રમાણ પોતે અનિશ્ચિત છે તેનાથી પ્રમાણલક્ષણનો નિશ્ચય શી રીતે થાય?

કેમકે ન્યાય તો એ જ છે કે જેનું લક્ષણ નિશ્ચિત થયું છે એવા પ્રમાણથી જ નિશ્ચય કરીને પ્રમાણલક્ષણ કહેવું જોઇએ. હવે જે પ્રમાણનું લક્ષણ કરવું છે તેના લક્ષણના વ્યુત્પાદક શાસ્ત્ર વિના પ્રમાણ લક્ષણનો નિશ્ચય કરનાર પ્રમાણનો નિશ્ચય થઈ શકે નહિ. આમ તે પ્રમાણ તો અનિશ્ચિત જ રહે. એવા અનિશ્ચિત પ્રમાણથી પ્રમાણ લક્ષણનો નિશ્ચય કેમ થઈ શકે? [૬]

છતાં જો એમ જ પૂછો કે અનિશ્ચિત પ્રમાણથી પણ પ્રમાણ લક્ષણનો નિશ્ચય થવામાં શો બાધ છે? તો અમે કહીશું કે જો આમ જ કરવું હોય તો પછી પ્રમાણનું પ્રતિપાદન કરવાનું પ્રયોજન જ રહેતું નથી.

જો અનિશ્ચિત લક્ષણવાળા પ્રમાણથી પ્રમાણલક્ષણનો નિશ્ચય થતો હોય તો અનિશ્ચિત પ્રમાણ લક્ષણથી જ પ્રમેય નિશ્ચય જ કેમ ન થઇ શકે? પછી પ્રમાણલક્ષણનો નિશ્ચય કરવાની શી જરૂર છે? પ્રમેયનિશ્ચય પણ મૂળવિકલ્પનો નિશ્ચય કર્યા વિના જ કેમ ન થઈ જાય? આમ બે વિકલ્પો ઊભા થયા તે બે ય ઊડી ગયા.

હવે એકદમ મૂળ વિકલ્પનો 'અનિશ્ચિત્ય' વિકલ્પ લઈને જો પ્રમાણ લક્ષણવાદી કહે કે પ્રત્યક્ષાદિ પ્રમાણથી નિશ્ચિત કર્યા વિના જ પ્રમાણલક્ષણ અમે યોજીએ છીએ તો તેમની સામે એ જવાબ છે કે જેમ પ્રમાણથી નિશ્ચિત કરેલું પણ પ્રમાણલક્ષણ જેમ અમે નિરર્થક ઠરાવી આપ્યું તેમ આ પ્રમાણથી નિશ્ચિત કર્યા વિનાનું પ્રમાણ લક્ષણ પણ નિરર્થક ઠરી જાય છે. આ વાત પણ

બુદ્ધિના અંધત્વમાંથી જ ઉત્પન્ન થયેલી હોઇને પ્રમાણલક્ષણના પ્રણેતાઓની મૂઢતામાત્ર સૂચવી જાય છે, કેમકે બે ય રીતના પ્રમાણલક્ષણ દોષ દુષ્ટ બની જતા હોવાથી નિરર્થક બની જાય છે.[૭]

આમ નથી તો પ્રમાણલક્ષણનું કોઈ પ્રયોજન સિદ્ધ થતું અને નથી તો પ્રમાણલક્ષણનો નિશ્ચય કરવાનો કોઈ ઉપાય? માટે જ પ્રમાણલક્ષણોની વાતોની ઝંઝટમાં ઊતર્યા વિના સર્વશાસ્ત્રો નિરૂપણમાં અહિંસાદિ કયું અહિંસાદિ નિરૂપણ શુદ્ધ છે? પોતાના આત્મપદાર્થ નિરૂપણને સુસંગત છે એટલો જ વિચાર ધર્મવાદનો વિષય છે એ વાત સ્થિર થઈ જાય છે.

જે ધર્માર્થી પ્રતિવાદીઓ સ્વદર્શનનાં દુરાગ્રહથી મુક્ત છે અને પરદર્શનના દ્વેષભાવથી મુક્ત છે તેમણે તો મોક્ષના સાધનભૂત અહિંસાદિ પાંચ પવિત્ર પદાર્થો કયા શાસ્ત્રમાં આત્માદિપદાર્થ સાથે સુસંગત છે એટલું જ ધર્મવાદમાં વિચારવું જોઈએ.

હા, અધર્માર્થી તો શાસ્ત્રોક્ત અર્થકામ નિરુપણની પણ વિચારણા કરશે. પરન્તુ તેને અર્થકામવાદ કહેવાય ધર્મવાદ તો નહિ જ. ધર્મભૂખ્યો, મોક્ષજિજ્ઞાસુ આત્મા તો ધર્મ સિવાયની કોઇ વિચારણા કરે જ નહિ. કેમકે ધર્મના વિશુદ્ધસ્વરૂપના ભાનથી જ ઇષ્ટ એવા મોક્ષની સિદ્ધિ થાય છે. માટે સંસારવર્ધક વિચારણાઓ સાથે એને લેશ પણ લાગતું-વળગતું નથી હોતું.

# એકાન્ત નિત્યાનિત્યપક્ષખંડન

[૧૪]

तत्रात्मा नित्य एवेति येषामेकान्तदर्शनम् ।
हिंसादयः कथं तेषां युज्यन्ते मुख्यवृत्तितः ॥ १ ॥

આત્મા એકાન્તે નિત્ય છે એવી માન્યતાવાળા દર્શનના અનુસાર નિરુપચરિત નયથી હિંસાદિ શી રીતે ઘટશે ?

निष्क्रियोऽसौ ततो हन्ति हन्यते वा न जातुचित् ।
कश्चित्केनचिदित्येवं न हिंसाऽस्योपपद्यते ॥ २ ॥

જ્યારે એકાન્તે નિત્યાત્મવાદીનાં મતે આત્મા નિષ્ક્રિય છે ત્યારે તે કોઈને હણવાની ક્રિયા જ ન કરી શકે અને કોઈથી તે કદી હણાય પણ નહિ. આમ એની હિંસા જ અસંભવિત બની જાય છે.

अभावे सर्वथैतस्या अहिंसाऽपि न तत्त्वतः ।
सत्यादीन्यपि सर्वाणि नाहिंसासाधनत्वतः ॥ ३ ॥

હવે જ્યારે હિંસાનો જ સર્વથા અભાવ થઇ જાય છે ત્યારે વસ્તુતઃ હિંસાનિવૃત્તિરૂપ અહિંસાનો પણ અભાવ થઈ જાય છે. અને તેમ થતાં સાધ્ય એવી અહિંસાના સાધનભૂત બનતાં સત્ય, અસ્તેય વગેરેનો પણ અભાવ થઇ જાય છે.

ततः सन्नीतितोऽभावादमीषामसदेव हि ।
सर्वं यमाद्यनुष्ठानं मोहसङ्गतमेव वा ॥ ४ ॥

આમ ન્યાયસંગત તર્કના અભાવને લીધે અહિંસાદિ અસત્ બની જાય છે. તેમ થતાં સઘળા યમાદિ અનુષ્ઠાનો પણ અજ્ઞાનથી આચરવા જેવા બને છે. કેમકે એ બધા ય યમાદિ ઔપચારિક હોય તો તેનું આચરણ અર્થહીન બની જાય છે.

शरीरेणापि सम्बन्धो नात एवास्य सङ्गतः ।
तथा सर्वगतत्वाच्च संसारश्चाप्यकल्पितः ॥ ५ ॥

આત્માને નિષ્ક્રિય એકાન્ત નિત્ય માનવાથી અહિંસાદિ અસત્ બને છે એટલું જ નથી, કિન્તુ એવા આત્મા સાથે શરીરનો સંબંધ પણ અસત્ બની જાય છે. વળી સાંખ્યો વગેરે તો એવા આત્માને સર્વગત (વિભુ) માને છે માટે ગતિમાં આત્માના સંસરણ રૂપ સંસાર પણ કાલ્પનિક બની જશે. એટલે કે અકાલ્પનિક–સત્ય–સંસાર હવે નહિ મનાય.

ततश्चोर्ध्वगतिर्धर्मादधोगतिरधर्मतः ।
ज्ञानान्मोक्षश्च वचनं सर्वमेवौपचारिकम् ॥ ६ ॥

વળી આત્માને સર્વવ્યાપક માનશો તો ધર્મથી ઊર્ધ્વગતિ, અધર્મથી અધોગતિ, તત્ત્વ જ્ઞાનથી મોક્ષ—એવી બધી જે વાતો તમે સાંખ્યોએ કરી છે એ બધી ઔપચારિક જ બની રહેશે.

भोगाधिष्ठानविषयेऽप्यस्मिन् दोषोऽयमेव तु ।
तद्भेदादेव भोगोऽपि निष्क्रियस्य कुतो भवेत् ॥ ७ ॥

હવે જો એમ કહો કે ઊર્ધ્વલોક વ્યાપી આત્માને ત્યાં જો ભોગનું અધિષ્ઠાન શરીર બની જાય તો તેની ઊર્ધ્વગતિ કહેવાય, એથી વિપરીત રીતમાં અધમગતિ ઉત્પન્ન થઈ જાય તો ય તે બરોબર નથી. કેમકે ભોગ એ પણ એક પ્રકારની ક્રિયા જ છે ને? નિષ્ક્રિય આત્માને ક્રિયાત્મક ભોગ પણ શી રીતે સંભવે?

इष्यते चेत्क्रियाप्यस्य सर्वमेवोपपद्यते ।
मुख्यवृत्त्यानघं किन्तु परसिद्धान्तसंश्रयः ॥ ८ ॥

અને જો નિત્યાત્મામાં ક્રિયા કબુલી લેશો તો તો અહિંસા, શરીરસંબંધ, પરલોકાદિગમન અને ભોગ–બધું ય નિરુપચરિતનયથી ઘટી તો જશે પણ તેમ કરવા જતાં જૈન સિદ્ધાન્તનો આશ્રય લીધા રૂપ એક નિગ્રહસ્થાન તમને પરાજિત જાહેર કરશે.

**વિવેચના :**

ગત–તેરમાં–અષ્ટકમાં આપણે જોયું હતું કે ધર્મવાદમાં તો એટલું જ વિચારવાનું હોય કે સર્વશાસ્ત્રોમા અહિંસાદિને જો પવિત્ર ધર્મો કહ્યા છે તો તે વિધાન તે તે શાસ્ત્રોના આત્માના સ્વરૂપનિર્ણય સાથે સુસંગત છે કે નહિ?

આ પ્રશ્નના વિમર્શરૂપે પ્રસ્તુત અષ્ટકનું અવતરણ થાય છે.

**આત્માનું એકાન્ત** નૈયાયિક : વૈશેષિક : સાંખ્ય : ઔપનિષદિક : **નિત્યત્વ: આત્મા** નૈયાયિકાદિ માને છે કે આત્મા તો સર્વથા **એકાન્તે નિત્ય છે** નિત્ય છે. સર્વથા નિત્ય એટલે અપ્રચ્યુત–અનુત્પન્ન–સ્થિર જ સ્વરૂપવાળો કૂટસ્થ નિત્ય છે. કોઈ પણ અપેક્ષાએ આત્માને અનિત્ય કહી શકાય નહિ.

વસ્તુતઃ ‘આત્મા’ શબ્દનો જ અર્થ એ છે કે જે સતત નવા નવા પર્યાયોને પામે (अतति इति आत्मा) તે આત્મા. આમ પર્યાયની દૃષ્ટિએ તો આત્મા અનિત્ય પણ છે. આત્મા દ્રવ્યાપેક્ષાથી નિત્ય અને પર્યાયાપેક્ષાથી અનિત્ય હોવા છતાં નૈયાયિકાદિ તેને એકાન્તે નિત્ય માને છે.

હવે અહીં પ્રશ્ન થાય છે કે જો આ રીતે આત્મા એકાન્તે નિત્ય છે તો એવા આત્મની હિંસા વગેરે થશે જ શી રીતે? જો આત્મામાં કોઈ પણ પર્યાય ઉત્પન્ન જ થઇ શકતો નથી તો એક આત્મામાં હિંસાનું કર્તૃત્વ, કોઈ આત્મામાં ભોક્તૃત્વ, કોઈ આત્મામાં જન્મ–કોઇમાં મૃત્યુ વગેરે પર્યાયો સંભવિત જ નહિ રહે.

જો હિંસાદિ જ અશક્ય છે તો પછી તેમણે અહિંસાદિ પાંચ ધર્મો કરવાની વાત જ કેમ કરી? આત્માની હિંસા થઇ શકતી હોય તો તે હિંસા નહિ કરવા સ્વરૂપ અહિંસા નામના ધર્મનો ઉપદેશ આપવાની ન્યાયાદિ શાસ્ત્રકારોને જરૂર પડે ને?

નૈયાયિકાદિ–તમે અમારો મત બરોબર સમજયા નથી એમ

લાગે છે. આત્મા એકાન્તે નિત્ય હોવા છતાં તેનામાં કર્તૃત્વ, ભોક્તૃત્વાદિ ઘટી શકે છે. જુઓ–

જ્ઞાન–પ્રયત્નાદિનો એકાન્ત નિત્ય આત્મા સાથે સંબંધ તે જ આત્માનું કર્તૃત્વ; સુખાદિગુણોનો આત્મામાં જે સમવાય સંબંધ તે જ તેનું સુખાદિ ભોક્તૃત્વ; વિશિષ્ટ અને અપૂર્વ દેહપરમાણુ સાથે, તથા નૂતન બુદ્ધિ અને વેદના સાથે આત્માનો સંબંધ તે જ તેનો જન્મ કહેવાય, અને પૂર્વના શરીરાદિની સાથેનો વિયોગ તે જ આત્માનું મરણ કહેવાય; અને દેહનો, કર્મનો તથા મનનો યોગ થવો તે આત્માનું જીવન કહેવાય.

આમ જ્યારે આત્માના મરણસ્વરૂપ હિંસા ઉપપન્ન થાય છે તો તે હિંસાના અભાવસ્વરૂપ અહિંસા પણ ઘટી જાય છે. આ જ રીતે સત્ય, અચૌર્ય વગેરે ધર્મો પણ ન્યાયસંગતતર્કથી ઘટી જાય છે. માટે અમારા ન્યાય–વૈશેષિકાદિ કલ્પિત હિંસા–અહિંસા પદાર્થ યુક્તિયુક્ત ઠરે છે.

સાંખ્યો પણ અહિંસાદિને પોતાની રીતે સિદ્ધ કરે છે. તેઓ કહે છે કે અમારા મતે પુરુષ એકાન્તે નિત્ય હોવા છતાં તેનામાં કર્તૃત્વાદિ સઘળાં ધર્મો ઘટી જાય છે. જુઓ—

જ્ઞાનાદિમય પ્રકૃતિનું પુરુષમાં પ્રતિબિંબિત થવું એ જ પુરુષનું જ્ઞાનાદિભોક્તૃત્વ છે. પુરુષ કદી પોતાનું સ્વરૂપ છોડતો નથી.

આની સામે જૈનો કહે છે કે આ તો ઉપચારથી તમે એકાન્ત નિત્ય આત્મામાં અહિંસાદિની સંગતિ કરી. અમારે તો નિરૂપચરિત નય (મુખ્યવૃત્તિ)થી એ સંગતિ જોઈએ છે.

પદાર્થનાં વાસ્તવિક સ્વરૂપચિંતનનો જ આપણે ધર્મવાદ કરવો હોય ત્યારે ઉપચરિત–કલ્પનાઓ ન ચાલી શકે.

આત્મામાં તમે ઘટાવેલા અહિંસાદિ ઉપચરિત (કાલ્પનિક) છે કેમકે તમે કહેલા બુદ્ધિ, વેદના, વિયોગ વગેરે એકાન્તે નિત્ય

આત્મામાં સંભવી શકતા જ નથી. જે આત્મા એકાન્તે નિત્ય હોય તેનામાં બુદ્ધિ, વેદનાદિ પર્યાયોની અનેકતા ઘટી શકતી નથી. એમ થતાં હિંસાદિ પણ ઘટી શકતા નથી. [૧]

**એકાન્તમતમાં હિંસાદિની અઘટના** જુઓ–એકાન્ત નિત્ય આત્મામાં નિરુપચરિત હિંસા કોઈ રીતે ઘટી શકતી નથી. તમે આત્માને એકાન્ત નિત્ય માન્યો એટલે તમારા મતે આત્મા કોઈ જ કાર્ય કરવાની ક્રિયાવાળો ન હોઇ શકે, કેમકે ક્રિયાઓ બદલાતાં આત્મા પણ બદલાતો જાય તો અનિત્ય થઇ જવાની આપત્તિ આવે. એકાન્ત નિત્યાત્મવાદી—હા. તદ્દન સાચી વાત છે. એકાન્તે નિત્ય આત્મામાં કોઇ ક્રિયા સંભવી શકે જ નહિ–એ વાતમાં અમે કશું જ ખોટું કહેતા નથી. તમારે જ અમારી આ વાત સમજવી પડશે. સાંભળો–જો નિત્યવસ્તુમાં કાર્ય કરવાની ક્રિયા માનીએ તો તે નિત્ય વસ્તુ ક્રમથી કાર્ય કરશે કે યુગપત્? જો ક્રમથી કાર્ય કરે તો વળી પ્રશ્ન થાય કે જે પહેલી ક્ષણે તે अ નામનું કાર્ય કરે તે જ ક્ષણમાં બીજી વગેરે ક્ષણોમાં થનારા ब–क વગેરે કાર્યો કરવાનું સામર્થ્ય છે કે નહિ ?

પહેલી ક્ષણનું अ કાર્ય કરતી વખતે જ બીજી વગેરે ક્ષણોના કાર્ય કરવાનું સામર્થ્ય નથી એમ તો નહિ કહી શકાય કેમકે જો પહેલી ક્ષણમાં સામર્થ્ય નહિ હોય તો બીજી વગેરે ક્ષણોમાં પણ બીજા કાર્યો કરવાનું સામર્થ્ય (સ્વભાવ) ઉત્પન્ન થઈ શકે તેમ નથી. નિત્યવસ્તુમાં તો સદા એક જ સ્વભાવ હોય; એટલે જો પહેલી ક્ષણે પહેલું કાર્ય કરતી વખતે બીજી વગેરે ક્ષણોના કાર્ય કરવાનું અસામર્થ્ય કહીએ તો બીજી વગેરે ક્ષણોમાં પણ તે નિત્યકાર્ય ब–क વગેરે કાર્યોને ઉત્પન્ન કરવા માટે કદી સમર્થ નહિ બની શકે.

હવે જો એમ કહો કે પહેલી ક્ષણનું કાર્ય કરવાની ક્રિયાવાળા નિત્ય પદાર્થમાં બીજી વગેરે ક્ષણના કાર્યો કરવાનું સામર્થ્ય છે....

તો પછી પહેલી જ ક્ષણે अ કાર્ય ઉત્પન્ન થાય છે તેમ બીજી વગેરે ક્ષણોના ब–क વગેરે તમામ કાર્યો ઉત્પન્ન થઈ જવાની આપત્તિ આવશે. કેમકે જેનું સામર્થ્ય અબાધિત છે, પરિપૂર્ણ છે એને કોઈ જ રોકી શક્તું નથી.

સામર્થ્ય હોવા છતાં એ કારણ કાર્ય ઉત્પન્ન નથી કરતું એમ તો કેમ કહેવાય? છતાં જો એમ કહેશો તો એ જ ન્યાયથી પહેલી ક્ષણમાં પહેલી ક્ષણે ઉત્પન્ન થનારું अ નામનું કાર્ય પણ ઉત્પન્ન નહિ થાય.

પ્ર– अ, ब અને क એમ ત્રણ કાર્યોને નિત્યવસ્તુ ઉત્પન્ન કરે છે. નિત્યવસ્તુમાં ૧લી જ ક્ષણે બધા ય ब–क કાર્યોને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય હોવા છતાં ब અને क કાર્ય ૧ લી ક્ષણે ઉત્પન્ન થતા નથી તેનું કારણ એ છે કે ब અને क કાર્યને ઉત્પન્ન કરવા માટે જે સહકારી બીજા કારણોની જરૂર છે તે હાજર નથી. આમ ब–क કાર્ય પ્રતિ નિત્ય વસ્તુ સ્વરૂપ એક કારણ હાજર છતાં બીજા સહકારી કારણની અનુપસ્થિતિના કારણે તે પહેલી જ ક્ષણમાં ઉત્પન્ન થતાં નથી. ब કાર્યનું સહકારી કારણ બીજી ક્ષણે આવી મળે છે માટે ब કાર્ય પછીની ક્ષણે જ ઉત્પન્ન થાય છે. અને क કાર્યનું સહકારી કારણ ત્રીજી ક્ષણે જ આવી મળે છે માટે क કાર્યને નિત્યવસ્તુ પછીની ક્ષણે જ ઉત્પન્ન કરી શકે છે.

નિત્યાત્મવાદી–આ વાતની સામે અમારો પ્રશ્ન એ છે કે તમે જે સહકારી કારણના સાન્નિધ્યની વાત કરી તે સહકારી પદાર્થ નિત્યવસ્તુ ઉપર કોઈ ઉપકાર કરવા દ્વારા કાર્યોત્પત્તિમાં સહકાર આપે છે કે ઉપકાર કર્યા વિના જ સહકાર આપે છે?

અસાધારણ કારણ ઉપર કશો ય ઉપકાર કર્યા વિના સહકારી-કારણ કોઇથી ન બની શકાય. એમ થાય તો વાંઝણીનો દીકરો પણ ઘટ–કાર્યોત્પાદમાં સહકારી કારણ બની જવાની આપત્તિ આવે.

હવે જો એમ કહો કે ઉપાદાન કારણ ઉપર ઉપકાર કરનાર કાર્ય પ્રતિ સહકારી કારણ કહેવાય તો વળી બે પ્રશ્ન ઊભા થાય છે કે સહકારી બનતું કારણ નિત્ય વસ્તુ (કારણ સ્વરૂપ) ઉપર જે ઉપકાર કરે છે તે ઉપકાર નિત્યવસ્તુથી ભિન્ન છે કે અભિન્ન?

જો ભિન્ન કહેશો તો નિત્યવસ્તુમાં તો કોઇ ઉપકાર થયો જ નહિ ને? તો પછી પેલા કારણને સહકારી કેમ કહેવાય? અને જો અભિન્ન કહેશો તો તે નિત્યવસ્તુ જ ઉપકારાત્મક બની ગઇ. ઉપકાર તો ઉત્પન્ન થાય છે એટલે નિત્યવસ્તુ પણ ઉત્પન્ન થઇ કહેવાય. આમ થતાં નિત્યત્વની જ ક્ષતિ થઇ જાય.

એટલે નિત્યવસ્તુમાં ક્રમથી કાર્ય ઉત્પન્ન કરવાની ક્રિયા છે જ નહિ એમ નક્કી માનવું પડશે.

હવે 'યુગપત્' વિકલ્પ લઈએ. જો નિત્યવસ્તુ યુગપત્ સર્વ કાર્ય કરવાની ક્રિયા કરે તો એક વર્ત્તમાન સમયમાં જ સકળકાળના સકળકાર્યોની ઉત્પત્તિ થઈ જાય. એવું તો બનતું નથી. માટે નિત્યવસ્તુને યુગપત્ કાર્ય કરવાની ક્રિયાવાળી પણ માની શકાય નહિ.

એટલે જ અમે નિત્યને નિષ્ક્રિય માનીએ છીએ.

કેટલાક નિત્યાત્મવાદીઓ નિત્યાત્માને અકર્તા માને છે.

હવે જ્યારે આ રીતે નિત્ય આત્મામાં કોઇ ક્રિયા જ માનતા નથી ત્યારે કોઈ એક નિત્યાત્મામાં કોઈ બીજાને હણવાની ક્રિયા પણ શી રીતે સંભવે! કોઇમાં હણાવવાની ક્રિયા શી રીતે થાય? કેમકે મરનાર અને મારનાર બન્ને ય નિષ્ક્રિય છે!

નિત્યને વળી મારવાની ક્રિયા શી?

નિત્યને વળી મરવાનું શું?

દંડાદિથી કોઈને મારી ન શકાય.

મનથી પણ કોઈને હણી ન શકાય.

આમ એકાન્તનિત્યાત્મવિચારમાં સર્વથા હિંસા જ ઘટતી નથી. કોઇ ઘાતક નથી, કોઇ ઘાત્ય પણ નથી. [૨]

હવે જ્યારે હિંસા જેવી વસ્તુ જ ઘટથી નથી ત્યારે હિંસાથી નિવૃત્ત થવા સ્વરૂપ અહિંસા પણ શી રીતે ઘટશે ? હિંસા હોય તો તન્નિવૃત્તિસ્વરૂપ અહિંસા સંભવે ને ?

અને જો અહિંસા જ નહિ ઉપપન્ન થાય તો સત્ય વગેરે મહાવ્રતો પણ ઉપપન્ન નહિ જ થાય કેમકે તે બધા ય અહિંસાની સિદ્ધિ માટેના સાધનો છે.

મોક્ષની સિદ્ધિ માટે અહિંસા એકલી જ બસ છે. એ અહિંસાની સિદ્ધિ માટે સત્યાદિ વ્રતો છે. જો અહિંસાત્મક સાધ્ય જ ન હોય તો તેના સાધનોનું અવલમ્બન નિરર્થક બની જાય. જ્યારે આકાશકુસુમ જ નથી ત્યારે તેની રક્ષા કરવા માટે વાડ કે કિલ્લાનો વિચાર જ ઉદ્ભવતો નથી.

સત્યાદિ ગુણો અહિંસાના સાધન તરીકે જ સર્વશાસ્ત્રોને માન્ય છે. જૈનોને તો વિશેષતઃ માન્ય છે. કેમકે જૈનશાસ્ત્રમાં કહ્યું છે કે સર્વ જિનેશ્વર ભગવંતોએ એક જ અહિંસા વ્રત કહ્યું છે. બીજા સત્યાદિવ્રતો તો તે અહિંસાવ્રતની રક્ષા માટે જ છે. [૩]

આમ અહિંસાદિના નિરૂપણ સુંદર ન્યાયનો નિત્યાત્મવાદીને ત્યાં અભાવ હોવાથી અહિંસાદિ યમો અને શૌચાદિ નિયમો–બધું ય અસત્ ઠરી જાય છે.

પ્ર–ઉપચારથી અહિંસાદિ માનીએ તો કેમ ?

ઉ–એવા ઉપચારનો કોઈ જ અર્થ નથી.

જો વસ્તુસ્થિતિ જ એ બની રહેતી હોય કે હિંસા-અહિંસાદિ જેવી કોઈ વસ્તુ જ નથી તો પછી કાલ્પનિક અહિંસાના પાલનનો કોઈ અર્થ જ નથી. એવી કાલ્પનિક અહિંસા પાળવાથી એક જ સ્વભાવવાળા આત્માનો મોક્ષ અસંભવિત બની જાય છે.

એટલે મોક્ષાર્થી આત્મા મોક્ષ માટે અશકય એવા અહિંસાદિ ધર્મોને પાળશે તો એ અજ્ઞાન સંગત આચરણા જ કહેવાશે.

આમ એકાન્ત નિત્યાત્મવાદમાં અહિંસાદિ ધર્મો નિરુપચરિત નયથી સંભવી શકતા નથી માટે નિત્યાત્મવાદીને મોક્ષ માટે અહિંસાદિ વ્રતો પાળવાનું કહેવાનો કોઇ અર્થ જ નથી.

આત્માને એકાન્તે નિત્ય માનવાથી બીજી પણ આપત્તિ આવે છે કે આત્માનો શરીર સાથે પણ સંબંધ નહિ ઘટે.

નિષ્ક્રિયને વળી સમ્બન્ધ કરવાની ક્રિયા કયાંથી હોય ? વળી જે નિત્ય હોય તે જો શરીર સાથે સમ્બન્ધ કરે તો શું પૂર્વરૂપનો ત્યાગ કરીને સમ્બન્ધ કરે કે ત્યાગ કર્યા વિના જ સંબંધ કરે ? જો બીજો વિકલ્પ કહો તો પૂર્વશરીર સાથે જોડાઈને જ આત્માને નવા શરીર સાથે સંબંધ કરવો પડશે કેમકે શરીર—અસમ્બદ્ધત્વ—સ્વરૂપ તેનું પૂર્વસ્વરૂપ–તો અવસ્થિત જ રહેવાનું.

અને જો પ્રથમ વિકલ્પ લેશો તો આત્મા અનિત્ય સાબિત થઇ જશે કેમકે પૂર્વસ્વભાવનો ત્યાગ એ જ વસ્તુની અનિત્યતા છે. આમ બે ય વિકલ્પથી શરીર સાથે નિત્યાત્માનો સંબંધ ઘટશે નહિ.

નિત્યાત્મવાદી કેટલાક આત્માને સર્વગત–વિભુ માને છે. તેઓ કહે છે કે જેમ મારા આત્માનો મારા શરીર સાથે સંબંધ છે તેમ દૂર દેશમાં રહેલી તમામ વસ્તુઓ સાથે પણ સંબંધ છે કેમકે મારો આત્મા સર્વવ્યાપી છે.

હવે જો આ રીતે આત્મા સર્વગત હોય, નિષ્ક્રિય અને નિત્ય હોય તો તિર્યંચ, નર, નારક, સ્વર્ગાદિગતિમાં આત્માના સંસરણ (ગમન) રૂપ સંસાર પણ અનુપપન્ન થઇ જશે.

જે સર્વત્ર વ્યાપીને રહ્યો હોય તેને એક ગતિમાંથી બીજી

ગતિમાં જવાની ક્રિયા જ ઘટે નહિ. જે અસર્વવ્યાપક હોય, સક્રિય હોય અને અપેક્ષાએ અનિત્ય હોય તેનું જ સંસરણ સંભવે.

હા, કાલ્પનિક સંસરણ જરૂર સંભવી શકે. પરન્તુ તેવું કલ્પનામાત્ર સંસરણ હેય છે એમ તો પછી નહિ જ કહી શકાય. જે પદાર્થ કાલ્પનિક જ હોય તેની હેયતા–ઉપાદેયતા આકાશકુસુમની જેમ વિચારવાની જ ન હોય. (૫)

આમ આત્માને વિભુ માનવાથી સંસાર અનુપપન્ન થઈ જાય છે તેમ બીજી પણ ઘણી આપત્તિઓ આવે છે તે આ રીતેઃ–

(૧) અહિંસાદિ સ્વરૂપ ધર્મ કરવાથી આત્માની ઊર્ધ્વગતિ થાય અને (૨) હિંસાદિ અધર્મો કરવાથી આત્માની અધોગતિ થાય; (૩) સાંખ્યોએ કહ્યું છે કે પુરુષ વગેરે ૨૫ તત્ત્વોનું જ્ઞાન કરવાથી સકળકર્મના નાશસ્વરૂપ આત્માનો મોક્ષ થાય –એ બધા શાસ્ત્રવચનો માત્ર કાલ્પનિક બની જશે.

સાંખ્યો માને છે કે ધર્મથી ઊર્ધ્વગતિ થાય વગેરે.... આ વાત ઈશ્વરકૃષ્ણે કહી છે કે ધર્મથી ઊર્ધ્વગતિ, અધર્મથી અધોગતિ, જ્ઞાનથી મોક્ષ અને અજ્ઞાનથી આત્માનો બંધ થાય છે.

વળી તેણે કહ્યું છે કે આત્મા ગૃહસ્થાશ્રમાદિ પૈકીના કોઈ પણ આશ્રમમાં ભલે રહ્યો હોય, પણ જો તે ૨૫ તત્ત્વોનો જાણકાર હોય તો પછી તે જટાધારી હોય? મુણ્ડ હોય, શિખાધારી હોય ગમે તે હોય તેનો અવશ્ય મોક્ષ થઈ જાય છે.

આત્માને એકાન્તે નિત્ય અને સર્વગત માનવાથી ઉર્ધ્વગત્યાદિ ઘટતા નથી છતાં આવાં વિધાનો તેમણે જ કર્યા છે એટલે આ બધા ય વિધાનોને કાલ્પનિક–ઔપચારિક–જ માનવાના રહેશે.

કાલ્પનિક વિધાનો વસ્તુસ્વરૂપના નિર્ણયમાં કશા જ કામમાં આવતા નથી. [૬]

**આત્માનું વિભુત્વ** પ્રશ્ન–આત્મા વિભુ હોવાથી ભલે તેનું ઊર્ધ્વ કે અધઃ ગમન અસંભવિત હોય પણ જ્યારે સર્વ વ્યાપક આત્માને પોતાના હેતુથી જ ઊર્ધ્વલોકમાં ભોગાયતન શરીરના પરમાણુ જોડાઈ જાય ત્યારે આત્માની ઊર્ધ્વગતિ કહેવાય અને જ્યારે અધોલોકમાં તેની ઉપર શરીરારંભક પરમાણુ જોડાય અને ત્યાં શરીર બને તો તેની અધોગતિ કહી શકાય.

ભોગ એટલે વિષય પ્રતિભાસી મનનું આત્મામાં પડતું પ્રતિબિંબ.

સ્ફટિકમાં જેમ જપાકુસુમાદિ–ઉપાધિનો સંબંધ થતાં રક્તાદિ પ્રતિબિંબ પડે છે તેમ.

સાંખ્યો કહે છે કે પુરુષ (આત્મા) તો સદા અવિકારી છે. જડ એવું મન જ પોતે જ ઝીલેલા વિષયાકારરૂપે આત્માની સાથે સંસર્ગ કરે છે એટલે આત્મા તત્સ્વરૂપે દેખાવા લાગે છે. અને મનમાં રહેલું કર્તૃત્વ પુરુષમાં પ્રતિબિંબિત કરીને મન પુરુષને કર્તા તરીકે દેખાડે છે. આવી રીતે બુદ્ધિની પરિણતિ થાય છે ત્યારે આત્મામાં પડતાં પ્રતિબિમ્બને જ ભોગ કહેવાય છે. સ્વચ્છ જલમાં જેમ ચન્દ્રનું પ્રતિબિંબ પડે છે તેમ આત્મામાં મનનું પ્રતિબિંબ પડે છે.

પ્રકૃતિના વિકારસ્વરૂપ બુદ્ધિ—અહંકાર–ઈન્દ્રિયાદિ સ્વરૂપ શરીરમાં પુરુષનો પૂર્વોક્ત પ્રતિબિમ્બોદય સ્વરૂપ ભોગ થાય છે. માટે પુરુષના તે શરીરને ભોગાધિષ્ઠાન કહેવામાં આવે છે. આવા ભોગાધિષ્ઠાન શરીરનો વિષય સંસાર છે. કેમકે સંસારનો ભોગ પ્રકૃતિ દ્વારા પુરુષ કરે છે.

આવું ભોગાધિષ્ઠાન શરીર ઊર્ધ્વલોકમાં થાય તો પુરુષની ઊર્ધ્વગતિ કહેવાય, જો તેવું શરીર અધોલોકમાં થાય તો પુરુષની અધોગતિ કહેવાય.

ઉત્તર–રે ! ભોગાયતનની કલ્પના ન કરો તો જેમ મુશીબતમાં મુકાઓ છો તેમ આવી કલ્પના કરીને ય તમે તમારી ઉપરની આફતને ટાળી શકતા નથી, કેમકે અહીં પણ તે જ દોષ આવી રહે છે, કે એ જે ઊર્ધ્વગતિ, અધોગતિરૂપ પુરુષનો સંસાર તમે કહ્યો તે ય કાલ્પનિક જ થયો ને ?

વળી ભોગાધિષ્ઠાનની કલ્પના વસ્તુતઃ અસંગત છે; કેમકે ભોગ એટલે એક પ્રકારની ક્રિયા.

આત્મા તો તમારા મતે સાવ અક્રિય છે. તો તેનામાં ભોગસ્વરૂપ ક્રિયાવિશેષ પણ શી રીતે સંભવશે ?

આમ નિષ્ક્રિય આત્માને સંસાર ઘટતો નથી અને વિષય-ભોગ પણ ઘટતો નથી. (૭)

સાંખ્ય–જવા દો બધી વાત. આટલી બધી આપત્તિઓ ટાળવા માટે અમે આત્માને સક્રિય માની લઈએ તો ?

ઉત્તર-ઓહો ! તો તો પૂર્વોક્ત હિંસા, અહિંસા, શરીર સંબંધ, સંસાર અને વિષયભોગ–બધું જ–હવે નિરુપચરિત રીતે ઉપપન્ન થઇ જશે. હવે કાલ્પનિક રીતે ઉપપન્ન કરવાની વાત નહિ રહે. આ તો ખૂબ નિર્દુષ્ટ વાત થઈ ગઈ. પરંતુ હવે એક જ આફત તમારી ઉપર ઊતરશે કે આત્માને સક્રિય માનવાથી તમારે તમારો સિદ્ધાન્ત ત્યાગી દઇને પરસિદ્ધાન્તનો આશ્રય લઇ લેવારૂપ દોષ આવી જશે એટલે કે અમે જૈનોએ સ્વીકારેલા પરિણામી આત્મ-વાદ તમારે કબૂલવો પડશે.

બેશક, આ એક જ નિગ્રહસ્થાન તમારી ઉપર આવે છે. પરન્તુ જેને સ્વમતનો કદાગ્રહ નથી તેવા મુમુક્ષુને આ નિગ્રહસ્થાન ત્રાસરૂપ તો ન જ થાય.

આમ એકાન્ત નિત્યાત્મવાદમાં અહિંસાદિ પદાર્થો યુક્તિગ્રાહ્ય નિરુપચરિત નયથી–સાબિત થતા નથી એ વાત એકદમ સ્થિર થઇ જાય છે.

# એકાન્ત અનિત્યપક્ષખંડન

[૧૫]

क्षणिकज्ञानसन्तानरूपेऽप्यात्मन्यसंशयम् ।
हिंसादयो न तत्त्वेन स्वसिद्धान्तविरोधतः ॥ १ ॥

આત્માને જો ક્ષણિકજ્ઞાનના સન્તાનસ્વરૂપ માનવામાં આવે તો તે મન્તવ્ય ધરાવતા બૌદ્ધ સિદ્ધાન્તની પોતાની જ સાથે એવો વિરોધ આવશે કે નિરુપચરિત નયથી હિંસાદિ અવશ્ય નહિ ઘટે.

नाशहेतोरयोगेन क्षणिकत्वस्य संस्थितिः ।
नाशस्य चाऽन्यतोऽभावे भवेद्धिंसाप्यहेतुका ॥ २ ॥

ઘટાદિ નાશ (હિંસા) ના હેતુભૂત કહેવાતા મુદ્ગરાદિનો ઘટાદિ સાથે યોગ જ થતો નથી માટે વસ્તુના નાશ પામવાના સ્વભાવથી જ વસ્તુનો ક્ષણે ક્ષણે નાશ કહેશો તો એ નાશનો બીજો કોઈ હેતુ જ નહિ બને ને ? આમ થતા હિંસા પણ હેતુ વિના જ થઈ જવાની આપત્તિ આવશે.

ततश्चास्याः सदा सत्ता कदाचिन्नैव वा भवेत् ।
कादाचित्कं हि भवनं कारणोपनिबन्धनम् ॥ ३ ॥

જો કારણ વિના જ હિંસા થશે તો કાં તો સદા થયા કરશે કાં તો કદાપિ નહિ થાય. કવચિત્ હિંસા થાય અને કવચિત્ ન થાય એવું કાદાચિત્ક તો કારણથી થતાં કાર્યમાં જ સંભવે.

न च सन्तानभेदस्य जनको हिंसको भवेत् ।
सांवृतत्वान्न जन्यत्वं यस्मादस्योपपद्यते ॥ ४ ॥

જો તમે બૌદ્ધો વિસદૃશસન્તાનના જનકને હિંસક કહેશો તો તે ય બરોબર નથી. કેમકે અસલમાં તો આ સંતાન જ કાલ્પનિક છે. કાલ્પનિક વસ્તુ જન્ય બની ન શકે તો પછી તેનો જનક કોણ થશે ?

न च क्षणविशेषस्य तेनैव व्यभिचारतः ।
तथा च सोऽप्युपादानभावेन जनको मतः ॥ ५ ॥

વળી મનુષ્યાદિક્ષણના જનકને પણ તમે હિંસક નહિ કહી શકો. કેમકે તેમ થતાં ઉપાદાનરૂપ મ્રિયમાણ હરિણાદિ કાર્ય પૂર્વવતી હોઈને તે પણ જનક બનીને હિંસક બનવાની આપત્તિ આવશે. આમ અહીં વ્યભિચાર દોષ આવે છે.

**तस्यापि हिंसकत्वेन न कश्चित्स्यादहिंसकः ।**
**जनकत्वाविशेषेण नैवं तद्विरतिः क्वचित् ॥ ६ ॥**

વળી જેમ મ્રિયમાણ હરિણ પૂર્વવર્ત્તી હોઈને મનુષ્ય-ક્ષણનો જનક બનીને હિંસક બનશે તેમ પૂર્વવર્ત્તી તમામ ક્ષણ-પદાર્થો પણ હિંસક બની જશે. પછી અહિંસક કોણ રહેશે જગત્માં ? પછી હિંસાની નિવૃત્તિ ક્યાં સંભવશે ?

**उपन्यासश्च शास्त्रेऽस्याः कृतो यत्नेन चिन्त्यताम् ।**
**विषयोऽस्य यमासाद्य हन्तैष सफलो भवेत् ॥ ७ ॥**

આમ આત્માને એકાન્ત ક્ષણિક માનવાથી અહિંસા પદાર્થ જ અસત્ બની જાય છે તો હવે પ્રશ્ન થાય છે કે એ જ બૌદ્ધ શાસ્ત્રોમાં અહિંસાનું પ્રતિપાદન કેમ કરવામાં આવ્યું છે ? એ અહિંસાનો વિષય કોણ કે જેના કારણે અહિંસાનું પ્રતિપાદન સફળ બની જાય. આ વાત ખૂબ યત્નપૂર્વક વિચારવી જોઈશે.

**अभावेऽस्या न युज्यन्ते सत्यादीन्यपि तत्त्वतः ।**
**अस्याः संरक्षणार्थं तु यदेतानि मुनिर्जगौ ॥ ८ ॥**

સત્યાદિ વ્રતો તો અહિંસાના રક્ષણ માટે જ ભગવાન્ જિનેશ્વરે કહ્યા જે. હવે જો અહિંસા જ નિરુપચરિત નયથી ઘટતી ન હોય તો તેના રક્ષકભૂત સત્યાદિ વ્રતો પણ અસત્ ઠરી જવાથી આપત્તિ આવશે.

માટે આત્માને પર્યાયાર્થિકનયથી જ ક્ષણિક માનવો જોઈએ જેથી અહિંસાદિ ઉપપન્ન થાય. તેમ થતાં બૌદ્ધશાસ્ત્ર પ્રતિપાદિત અહિંસાદિ ધર્મનું વિધાન પણ સફળ બને.

**વિવેચના :**

વસ્તુમાત્ર દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી નિત્ય છે અને પર્યાયાર્થિક નયની દૃષ્ટિથી અનિત્ય છે.

જેઓ વસ્તુમાત્રને એકાન્તે નિત્ય માને છે તેમના મતમાં ધર્મવાદનો વિષય બનતા અહિંસાદિ ધર્મસાધનોનું જે પ્રતિપાદન કર્યું છે તે અર્થહીન બની જાય છે એ વાત આપણે ચૌદમા અષ્ટકમાં જોઇ ગયા.

**એકાન્ત અનિત્ય વાદનું ખંડન** હવે વસ્તુમાત્રને જેઓ એકાન્તે અનિત્ય માને છે તેમના મતે પણ અહિંસાદિનું પ્રતિપાદન કેવી રીતે હેતુહીન સાબિત થઇ જાય છે તે વાત આ અષ્ટકમાં જોઇએ.

મુખ્યત્વે બૌદ્ધો આત્માદિ પદાર્થોને એકાન્તે અનિત્ય માને છે. એકાન્તે અનિત્ય એટલે એકાન્તે ક્ષણિક.

એક જ ક્ષણમાં ઉત્પત્તિ અને એ વસ્તુનો સંપૂર્ણ નાશ. જો એ વસ્તુની સજાતીય ધારા ચાલવાની હોય તો બીજી ક્ષણમાં વસ્તુની ઉત્પત્તિ અને તેનો નિરન્વય (સર્વથા) નાશ ફરી થઇ જાય. એમ આગળ ચાલતું રહે.

જે કોઇ સત્ હોય તે બધા ય ક્ષણિક હોય. આત્મા પણ સત્ છે માટે તે ય ક્ષણિક છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. સંસારભાવમાં જ્ઞાનની સજાતીય ધારા ચાલ્યા કરે છે.

આત્માના આવા ક્ષણિક પદાર્થ તરીકેના પ્રતિપાદન સાથે બૌદ્ધોએ કહેલા અહિંસાદિનો કોઇ મેળ જ બેસતો નથી. એમના પોતાના જ સિદ્ધાન્તથી એમ નક્કી કરી શકાય છે કે જો આત્મા એકાન્તે ક્ષણિક હોય તો નિરુપચરિત નયથી અહિંસાદિ ઘટી શકે જ નહિ. [ ૧ ]

ક્ષણવાદી કહે છે કે વસ્તુ એકાન્તે ક્ષણિક છે—એટલે કે

ઉત્પત્તિ થયા પછી બીજી જ ક્ષણે તે નાશ પામી જતી હોય છે માટે તે વસ્તુનો નાશ કરનારી વસ્તુનો તે વસ્તુ સાથે સંબંધ જ થઇ શકશે નહિ.

મુદ્ગરથી ઘટનો નાશ થયો એમ લોકો કહે છે પણ તે વાત બરાબર નથી. જો મુદ્ગરથી ઘટનો નાશ થતો હોય તો તે 'નાશ' ઘટથી જુદો છે કે અભિન્ન છે? જો એ 'નાશ' ઘટથી જુદો હોય તો ઘટ તો એવો ને એવો જ રહ્યો. અને જો નાશ એ ઘટ સ્વરૂપ (અભિન્ન) જ હોય તો ય ઘટ તેવો ને તેવો જ રહ્યો.

ઘટ તો પોતાના દણ્ડાદિ કારણોથી જ બનેલો છે હવે 'નાશ' આવીને ઘટનું કયું વધારે ઘડતર કરવાનો હતો?

આમ બે ય રીતે ઘટ નાશના હેતુભૂત કહેવાતા મુદ્ગરનો ઘટ સાથે નાશ-ક્રિયા દ્વારા કોઇ રીતે યોગ જ થતો નથી માટે મુદ્ગરથી ઘટનો નાશ થાય છે એમ કહી શકાય નહિ.

પ્ર–તો શું ઘટાદિ તમામ દ્રવ્યો નિત્ય છે?

ઉ–ના. ઘટાદિ તમામ દ્રવ્યો ક્ષણિક છે. એટલું જ કે દ્રવ્યનો નાશ બીજા કોઈથી થતો નથી પરન્તુ પળે પળે નાશ પામી જવાના સ્વભાવવાળા સત્-દ્રવ્યો સ્વભાવથી જ નાશ પામી જાય છે. એટલે ઉત્પન્ન થતાંની સાથે જ એમનો નાશ પામવાનો સ્વભાવ જ એમનો તરત નાશ કરી નાંખે છે.

આમ વસ્તુ માત્રનો નાશ કરનાર બીજું કોઈ જ ન હોવાથી વસ્તુ સ્વભાવથી જ નાશ પામી જનારી માનવી જોઇએ. આથી જ વસ્તુને ક્ષણિક માનવી રહી.

જૈન–જો તમારો આ જ સિદ્ધાન્ત હોય તો હિંસાદિ જેવી કોઈ ચીજ જ નહિ રહે. કેમકે વસ્તુનો તો સ્વભાવથી જ નાશ થઇ જાય છે એનો નાશ બીજી કોઈ વસ્તુથી તો તમે માનતા

નથી એટલે જગતમાં જેટલા નાશ થાય છે એ બધાં (સ્વભાવાતિરિક્ત) હેતુ વિના જ થઇ જાય છે એવું તમારું મન્તવ્ય છે. તો હવે ગાયની કસાઈએ હિંસા કર્યો એમ પણ નહિ કહેવાય. આમ જગતમાં કોઈની પણ હિંસા બીજો કરી જ નહિ શકે. [૨]

આમ જો હિંસા હેતુવિહોણી બની જશે એટલે કે હેતુ વિના જ હિંસા થશે તો સદા થતી રહેશે અથવા તો કયારેક હિંસા સંપૂર્ણતઃ નહિ જ હોય, કેમકે જે કાર્યની પાછળ કારણ હોય,—કારણથી જે કાર્ય થતું હોય–તે કાર્ય જ કદાચિત્ થાય. કારણ ઉપસ્થિત થાય તો કાર્ય થાય અને કારણ ઉપસ્થિત ન થાય તો કાર્ય ન થાય. આનું નામ કાર્યનું કાદાચિત્ક.

પણ હિંસારૂપ કાર્યનું જો કારણ જ ન હોય—કારણ વિના જ હિંસા થતી હોય તો સદા કેમ થયા ન કરે? અથવા બિલકુલ કેમ બંધ ન થાય?

કહ્યું છે કે જે-કાર્ય–અહેતુક–હેતુ વિના જ ઉત્પન્ન થાય છે તેને ઉત્પન્ન થવા વગેરેમાં કોઈ અન્યની અપેક્ષા તો છે જ નહિ એટલે કાં તો તેની નિત્ય સત્તા હોય કાં તો તેની નિત્ય અસત્તા થઈ જાય.

કારણાત્મક વસ્તુની અપેક્ષાથી જ પદાર્થો કદાચિત્ ઉત્પન્ન થઈ શકે.

આમ અહેતુ—હિંસા કાર્ય માનશો તો હિંસા કાદાચિત્કી જોવા મળે છે તે નહિ મળે. માટે હિંસાનો કોઈ અન્ય હેતુ તો માનવો જ પડશે. [૩]

બૌદ્ધ :–અરે! ભાઈ જનકને જ અમે હિંસક કહીશું. હિંસાનો હેતુ જનક.

હવે હિંસા અહેતુકા કયાં રહી? તો પછી હિંસાની અહેતુકતાને કારણે આવનારા નિત્ય–સત્તાના કે નિત્ય–અસત્તાના દોષ પણ અમારા માથે કયાં રહ્યા?

જૈન-તમે જો જનકને હિંસક કહો છો પણ શેનો જનક કહો છો ?

બૌદ્ધ-સન્તાનભેદનો જનક અમે કહીશું. તે આ રીતે-દ્રવ્ય માત્ર સ્વયં સતત્ ઉત્પાદ-વિનાશશાલી છે. એટલે પ્રતિક્ષણ તે દ્રવ્યનો ઉત્પાદ-નાશ થયા જ કરે છે. અને એ રીતે ઘટાદિ દ્રવ્યની સજાતીય વસ્તુમાં ઘટ-ઘટ-ઘટ જ્ઞાન કરાવતી ધારા ચાલે છે. પણ જ્યારે મુદ્‌ગરાદિનો તેની ઉપર આઘાત થાય છે ત્યારે તે ઘટ-ઘટ-ઘટની સજાતીય ધારા તૂટી જઈને ઘટથી વિજાતીય ઠીકરાં-ઠીકરાં-ઠીકરાં એવી ધારા ચાલે છે. આવી વિજાતીય ધારા (વિજાતીયસન્તાન) વિશેષને જે ઉત્પન્ન કરે છે તેને અમે હિંસક કહીએ છીએ.

ટૂંકમાં સદૃશ ધારાનો ભેદ કરીને વિસદૃશ ધારાનો જે જનક બને તે જ હિંસક કહેવાય. એવી વિજાતીય ધારાનો ઉત્પાદ એ જ 'હિંસા' પદાર્થ છે એવું અમારું મન્તવ્ય છે.

જૈન-આ વાત બરોબર નથી.

એક હરિણ છે. તેની એક પારધિ હિંસા કરે છે. અને હરિણ મરીને મનુષ્ય થાય છે.

અહીં હરિણ-હરિણ-હરિણ તરીકેની હરિણાત્માની સજાતીયધારાનો પારધિએ નાશ કરીને મનુષ્ય-મનુષ્ય-મનુષ્ય તરીકેની વિજાતીય ધારાનો ઉત્પાદ કર્યો માટે તમે તે પારધિને વિજાતીય-ધારાના જનક તરીકે હિંસક કહો છો પણ તમે કહેલી વિસદૃશ-ધારા જ કાલ્પનિક છે ને ? એવી કાલ્પનિક વસ્તુ ઉત્પન્ન (જન્ય) જ શી રીતે થાય ? અને જે જન્ય જ નથી તો તેનો જનક પારાધિ શી રીતે બને ?

આકાશકુસુમનો જનક છે કોઈ ? આખી દુનિયામાં ? આમ

પારધિને તમે વિસદૃશધારાના (સન્તાનભેદના) જનક તરીકે હિંસક કહી શકતા નથી.

સન્તાનવિશેષ કાલ્પનિક છે એ અમારી વાત તદ્દન સાચી છે કેમકે ઘટ–ઘટ–ઘટ એવા સન્તાનને ઘટાત્મક સન્તાનીથી જો ભિન્ન કહેશો તો સન્તાન ઘટાત્મક જ બની જશે. આમ બે ય રીતે સન્તાનનું વાસ્તવિક અસ્તિત્વ ઘટતું નથી માટે તેને તમારે કાલ્પનિક માનવો પડશે.

આમ સન્તાનભેદનો જનક તો હિંસક બની શકતો નથી. બૌદ્ધ–તો અમે એમ કહીશું કે બીજા ક્ષણિક પદાર્થનો જનક હિંસક બને છે. [૪]

જૈન– એ ય બરોબર નથી. જેમ હરિણને મારનાર પારધિ મનુષ્યાત્મક વિજાતીય સન્તાનનો જનક બનીને હિંસક બની શકતો નથી તેમ મનુષ્યાત્મક ક્ષણિક પદાર્થનો જનક બનીને પણ હિંસક બની શકતો નથી. કેમકે હરિણ મરીને મનુષ્ય થાય છે તે મનુષ્ય-ક્ષણની પૂર્વમાં જેમ પારધિ છે તેમ મરી રહેલું હરિણ પણ છે તો મનુષ્યક્ષણનો ઉત્પાદક પૂર્વવર્ત્તિ પારધિ બને છે તેમ તે પૂર્વવર્ત્તિ મરતું હરિણ પોતે પણ બને છે. આમ મનુષ્યક્ષણની જનકતા પારધિમાં આવવા સાથે મ્રિયમાણ હરિણમાં પણ જવાથી વ્યભિચરિત થાય છે.

પારધિ સહકારી કારણ તરીકે મનુષ્યક્ષણની ઉત્પાદકતામાં કારણ બનશે તો મ્રિયમાણ હરિણ ઉપાદાનકારણ તરીકે મનુષ્ય ક્ષણની ઉત્પાદકતામાં કારણ બનશે. આટલી વિશેષતા બે વચ્ચે જરૂર રહેશે પણ મ્રિયમાણ હરિણમાં પણ હવે મનુષ્યક્ષણની જનકતાની આપત્તિ આવશે. [૫]

બૌદ્ધ–ભલે તેમ થાય. ઉપાદાનકારણીભૂત મ્રિયમાણ હરિણ પણ

મનુષ્યક્ષણનો જનક બનીને ભલે હિંસક બને. કિન્તુ પેલો પારધિ પણ હિંસક ઠરી ગયો ને? અમારે તો એટલું જ જોઈએ છે.

જૈન–જો આમ કહેશો તો મનુષ્યક્ષણની ઉત્પત્તિ પૂર્વે રહેલા તમારા બુદ્ધભગવાન્ વગેરે બધા ય કાર્યની પૂર્વવર્ત્તિ હોઇને કારણ બની જવાની આપત્તિ આવશે. એમ થતાં મનુષ્યક્ષણના જનક તરીકે બુદ્ધ પણ હિંસક બની જવાની આફત ઊતરશે. આમ હવે પારધિ અને બુદ્ધાદિ પણ હિંસક બની ગયા.

જો સહકારી કારણરૂપ પારધિને તમે હિંસક તરીકે સ્વીકારો છો તો કાર્યપૂર્વવર્ત્તિ બુદ્ધાદિને ઉપાદાનકારણોને તો તમારે સુતરાં હિંસક તરીકે સ્વીકારવા પડશે. એટલે 'પારધિ સહકારી કારણ છે માટે તે જ હિંસક બને અને ઉપાદાનકારણ-હરિણ બુદ્ધાદિ નહિ બને' એમ કહીને તમે છટકી શકો તેમ નથી.

બૌદ્ધ–તો ભલે પારધિ અને બુદ્ધાદિ બધા ય હરિણની મનુષ્યક્ષણના જનક તરીકે હિંસક સિદ્ધ થાય એમાં અમને કોઈ વાંધો નથી.

જૈન—જો આ રીતે પારધિની જેમ જગત્‌ના તમામ જીવો પૂર્વક્ષણવર્ત્તિ હોઇને હિંસક બની જ જાય તો જગત્‌માં અહિંસક કોણ કહેવાશે? પછી 'અહિંસા' શું? [૬]

બૌદ્ધ—રે! ભલે 'અહિંસા' જેવી કોઇ વસ્તુ જ ન રહે. અમને તેનો ય વાંધો નથી.

જૈન– તો પછી તમારા શાસ્ત્રમાં અહિંસાનું પ્રતિપાદન કેમ કર્યું છે એ તો જરા વિચારો! બૌદ્ધ ત્રિપિટિકમાં કહ્યું છે કે, "જગત્‌ના સર્વ જીવો દણ્ડથી ત્રાસે છે કેમકે સર્વને જીવન પ્રિય છે માટે જ દરેક જીવે બીજા જીવોને પોતાની તુલ્ય જાણીને તેમની હિંસા ન કરવી, તેમનું મૃત્યું નહિ કરવું. "જ્યારે આવી રીતનું અહિંસાનું પ્રતિપાદન કર્યું છે છતાં જો 'અહિંસા' જેવી

કોઈ વસ્તુ જ તમે માનતા ન હો તો આ અહિંસાનો વિષય શું ? કોની અહિંસાની અહીં વાત સમજવી કે જેને અનુલક્ષીને તમારા શાસ્ત્રમાં કરેલી આ વાત સફળ કહી શકાય ?

એટલે તમારે તમારા શાસ્ત્ર વચનને સફળ કરવા અહિંસા તો માનવી જ પડશે. વસ્તુમાત્રને એકાન્તે ક્ષણિક માનશો તો તમારા શાસ્ત્રનું અહિંસા પ્રતિપાદક વચન નિર્હેતુક બની જશે. [૭]
અને જો તમે 'અહિંસા' નું અસ્તિત્વ જ નહિ સ્વીકારો તો સત્યાદિ કુશળધર્મોનું અસ્તિત્વ પણ વસ્તુતઃ નહિ ટકે. કેમકે અહિંસાના સંરક્ષણ માટે જ ભગવાન્ જિનેશ્વરોએ સત્યાદિ ધર્મોનું પાલન કરવાની આજ્ઞા કરી છે.

ખેતરમાં અનાજની ફસલ જ ન હોય તો કયો ડાહ્યો માણસ ખેતરની આસપાસ વાડ (વૃતિ) કરવાનો પ્રયત્ન કરે ?

આમ અહિંસાદિ સર્વકુશલધર્મો ત્યારે જ ઘટી શકશે જ્યારે તમે આત્માને એકાન્તે ક્ષણિક ન માનતાં પર્યાયાર્થિક નયથી ક્ષણિક માનો [૮]

# નિત્યાનિત્ય પક્ષમંડન

[૧૬]

नित्यानित्यै तथा देहाद् भिन्ना–भिन्ने च तत्त्वतः
घटन्त आत्मनि न्यायाद्धिंसादीन्यविरोधतः ॥ १ ॥

આત્માને જો કથઞ્ચિદ્ નિત્યાનિત્ય અને દેહથી કથઞ્ચિદ્ ભિન્ના–ભિન્ન માનવામાં આવે તો જ નિરુપચરિત નયથી કોઈ વિરાધ વિના હિંસાદિ ઘટી શકે.

पीडाकर्तृत्वयोगेन देहव्यापत्त्यपेक्षया।
तथा हन्मीतिसंक्लेशाद्धिंसैषा सनिबन्धना ॥ २ ॥

હિંસાના ત્રણ હેતુઓ છે.

(૧) પરવ્યક્તિને પીડા કરવી. (૨) તેના પ્રાણુનો નાશ કરવો.
(૩) તેને હણુવાનો સંક્લિષ્ટ વિચાર કરવો.

हिंस्यकर्म्मविपाकेऽपि निमित्तत्वनियोगतः।
हिंसकस्य भवेदेषा दुष्टा दुष्टानुबन्धतः ॥ ३ ॥

ભલે મરનાર વ્યક્તિના કર્મના કારણે જ તે વ્યક્તિ મરે છે પરન્તુ તેના મરવામાં જે નિમિત્ત બને છે તેને હિંસક કહેવાય છે. હા, મરવાના દુષ્ટ આશયપૂર્વક નિમિત્ત બનનારને જ દુષ્ટ હિંસક કહેવાય. આથી જ વૈદ્યને (શત્રુની જેમ) હિંસક કહેવાતો નથી.

ततः सदुपदेशादेः क्लिष्टकर्म्मवियोगतः।
शुभभावानुबन्धेन हन्तास्या विरतिर्भवेत् ॥ ४ ॥

ઉપરોક્ત ત્રણ રીતે હિંસા થાય છે. પણ ભગવાન્ જિનેશ્વરો-ના સદુપદેશાદિશ્રવણુથી, સંક્લિષ્ટ કર્મના વિયોગથી અને

શુભભાવની પરંપરા ચાલવાથી હિંસાની વિરતિસ્વરૂપ અહિંસાની પ્રાપ્તિ થાય.

अहिंसैषा मता मुख्या स्वर्गमोक्षप्रसाधनी।
एतत्संरक्षणार्थं च न्याय्यं सत्यादिपालनम् ॥ ५ ॥

આ અહિંસા જ મુખ્યત્વે સ્વર્ગમોક્ષને સાધી આપે છે. આના સંરક્ષણ માટે જ સત્ય વગેરે વ્રતોનું પાલન કરવાનું છે.

स्मरणप्रत्यभिज्ञानदेहसंस्पर्शवेदनात्
अस्य नित्यादिसिद्धिश्च तथा लोकप्रसिद्धितः ॥ ६ ॥

આત્મા કથઞ્ચિદ્ નિત્યાનિત્ય છે અને દેહથી ભિન્નાભિન્ન છે એ હકીકત (૧) સ્મરણ (૨) પ્રત્યભિજ્ઞા (૩) દેહસ્પૃષ્ટ વસ્તુનું સંવેદન અને (૪) તેવી લોક પ્રસિદ્ધિથી થાય છે.

देहमात्रे च सत्यस्मिन् स्यात्सङ्कोचादिधर्म्मिणि।
धर्मादेरुर्ध्वं गत्यादि यथार्थं सर्वमेव तत् ॥७॥

સંકોચ-વિકાસના ધર્મવાળો આત્મા દેહમાત્રવર્ત્તિ માનવામાં આવે તો જ ધર્મથી ઊર્ધ્વગતિ, અધર્મથી અધોગતિ, જ્ઞાનથી મુક્તિ વગેરે સઘળું નિરુપચારથી સિદ્ધ થઇ શકે.

विचार्यमेतत् सद्बुद्ध्या मध्यस्थेनान्तरात्मना।
प्रतिपत्तव्यमेवेति न खल्वन्यः सतां नयः ॥८॥

મધ્યસ્થ આત્માએ પોતાની સદ્બુદ્ધિથી આ સઘળું વિચારવું જોઈએ અને સ્વીકારવું જોઇએ. મોક્ષ માટે સજ્જનોને આ સિવાય બીજો કોઇ રસ્તો નથી.

**વિવેચના :—**

**વસ્તુની નિત્યતા નિત્યતા** આત્માને એકાન્તે અનિત્ય માનવથી હિંસા–અહિંસાદિ ઘટતા નથી. જો આત્માને નિત્યાનિત્ય માનવામાં આવે તો જ હિંસાદિ ઘટી શકે.

એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય વસ્તુ કોઈ પણ કાર્ય કરવા માટે સમર્થ બની શકતી નથી. માટીના પિંડને જો એકાન્તે નિત્ય માનવામાં આવે તો તેનું ઘટ—કાર્ય બની જશે નહિ કેમકે એકાન્તે નિત્ય વસ્તુ પોતાના મૃત્પિણ્ડસ્વરૂપને ઉલ્લંઘી શકે નહિ. જો મૃત્પિણ્ડ પોતાનું સ્વરૂપ છોડીને ઘટસ્વરૂપ બની જાય તો મૃત્પિણ્ડ એકાન્તે નિત્ય ન રહેતા અનિત્ય બની જાય.

વળી મૃત્પિણ્ડને એકાન્તે અનિત્ય માનવાથી પણ તેનું ઘટ–કાર્ય ન બની શકે. કેમકે મૃત્પિણ્ડત્વ પર્યાય ઘટમાં જઈ શકતો જ નથી કેમકે મૃત્પિણ્ડ તો તે જ ક્ષણે સર્વથા નાશ પામી જાય છે.

હવે જો મૃત્પિણ્ડત્વપર્યાયનો અતિક્રમ માનવામાં આવે તો મૃત્પિણ્ડનું કાર્ય ઘટ બની જાય પણ તેમ થતાં મૃત્પિણ્ડનું કથંચિત્ નિત્યાનિત્ય સાબિત થઈ જાય. આમ નિત્યાનિત્ય વસ્તુ જ કાર્ય ઉત્પન્ન કરી શકે એ વાત સ્થિર થઇ જાય છે.

પ્ર–વસ્તુમાં જો નિત્યાનિત્ય કહો તો એક જ વસ્તુમાં નિત્યત્વ અને અનિત્યત્વ–એ બે–વિરોધી ધર્મો શી રીતે રહી શકે?

ઉ–એક જ જ્ઞાન નિશ્ચયદૃષ્ટિથી ભ્રાન્ત હોય છે અને એ જ જ્ઞાન વ્યવહારદૃષ્ટિથી અભ્રાન્ત પણ હોય છે. આમ જ્ઞાનમાં ભ્રાન્તત્વ અને અભ્રાન્તત્વ–બે ય જેમ રહી શકે છે તેમ એક જ વસ્તુમાં દ્રવ્યથી નિત્યત્વ અને પર્યાયથી અનિત્યત્વ બે ય ધર્મો બેશક રહી શકે છે.

વળી દ્રવ્ય–પર્યાય વચ્ચે કોઈ ભેદ પણ નથી. એક જ

વસ્તુનું વિશિષ્ટસ્વરૂપ અપેક્ષિત ન હોય ત્યારે તે વસ્તુને દ્રવ્ય કહેવાય છે. અને તે વસ્તુના વિશિષ્ટ સ્વરૂપની અપેક્ષા રાખવામાં આવે ત્યારે તે જ વસ્તુને પર્યાય કહેવાય છે.

આમ આત્મા વગેરે વસ્તુને કથઞ્ચિત્ નિત્યાનિત્ય છે એમ માનવું જ જોઈએ.

એ જ રીતે આત્મા દેહથી ભિન્નાભિન્ન છે એમ પણ સ્વીકારવું જોઈએ. કેમકે વસ્તુસ્થિતિ જ તેવી ઉપલબ્ધ થાય છે. જીવ તો અમૂર્ત્ત છે અને દેહ મૂર્ત્ત છે. મૂર્ત્ત અને અમૂર્ત્ત વસ્તુ એક તો ન જ હોય. આ દૃષ્ટિથી જીવ દેહથી ભિન્ન છે. અને દેહને સ્પર્શ કરતાં જીવને વેદનાની ઉત્પત્તિ થાય છે એ દૃષ્ટિએ જીવ દેહથી અભિન્ન પણ છે.

જો જીવથી દેહકર્મ વગેરેને સર્વથા ભિન્ન માનવામાં આવે તો શરીરથી કરાએલા કર્મનો ભવાન્તરમાં જે અનુભવ થાય છે તે અનુપપન્ન થઈ જાય.

જો જીવથી દેહાદિને સર્વથા અભિન્ન માનવામાં આવે તો શરીરનો નાશ થતાં જીવનાશ થઇ જાય એટલે જીવનું પરલોક-ગમન અનુપપન્ન થઇ જાય.

જેમ જીવ કથઞ્ચિત્ નિત્યાનિત્ય છે અને દેહથી ભિન્નાભિન્ન છે તેમ સત્–અસત્ પણ છે. જીવ પોતાના જીવરૂપથી સત્ છે; પણ પર જડરૂપથી તો અસત્ જ છે. પ્રતિપ્રાણીવેદ્ય સુખાદિ દરેક જીવની વિશિષ્ટતાથી જુદા જુદા હોય છે.

આમ આત્મામાં નિરુપચરિત નયથી કથઞ્ચિદ્ નિત્યા-નિત્યત્વાદિ જ માનવા જોઈએ.

આમ આત્મા પરિણામી સિદ્ધ થાય છે એટલે જુદા જુદા પર્યાયોને પ્રાપ્ત કરે છે માટે જ તેના હિંસા, આશ્રવ, સંવર, બન્ધ, મોક્ષ, સુખ વગેરે ભાવો કોઈ પણ વિરોધ વિના ઘટી

જાય છે. 'એકાન્ત' પ્રતિપાદનમાં આવતો કોઈ વિરોધ અહીં ઊભો રહી શકતો નથી. [૧]

આત્મા જો પરિણામી હોય તો જ હિંસાદિની કલ્પનાઓમાં કોઇ વિરોધ ન આવે.

હિંસા ત્રણ રીતે થાય છે (૧) બીજાને પીડા કરવાની ક્રિયાથી (૨) બીજાના દેહનો નાશ કરવાથી (૩) અને બીજાને મારવાના સંકલ્પથી.

આમ બધી હિંસા હેતુપૂર્વક હોય છે. આત્માને પરિણામી માનવામાં આવે છે માટે પીડા કરનાર, પીડા પામનાર વગેરે જુદા જુદા પરિણામો આત્મા પામે છે. આથી જ આત્મામાં પીડાકર્તૃત્વ, દેહવિનાશ, ચિત્તસંકલેશ વગેરે પરિણામો ઉપપન્ન થઈ જાય છે.

જો આત્માને એકાન્તે નિત્ય કે અનિત્ય માનવામાં આવે તો પીડાકર્તૃત્વાદિ પરિણામો આત્મામાં ઘટી શકે નહિ, તેમ થવાથી હિંસા અહેતુક બની જવાની આપત્તિ આવે. વળી એમ જે કહેવાય છે કે વસ્તુથી દેહનો નાશ કહેવામાં આવે છે તે હેતુથી જે નાશ થાય છે તે દેહથી ભિન્ન છે કે અભિન્ન? જો ભિન્ન હોય તો દેહ તો તેવોને તેવો જ રહી જાય અને જો તે નાશ દેહથી અભિન્ન હોય તો તે દેહ સ્વરૂપ જ બની રહે.... આ બધી વાત અયુક્ત છે. કેમકે દેહથી નાશ અભિન્ન હોવાથી દેહાત્મક વસ્તુ નાશ જ પામી જાય છે. પછી કાંઇ એ દેહ ઊભો જ ન રહી જાય. જેમ વસ્તુથી એનો ઉત્પાદ અભિન્ન હોય છે તો એ વસ્તુ ઉત્પન્ન થઈ જાય છે.

**હિંસાના** આ અષ્ટકના પ્રસ્તુત શ્લોકથી ગ્રન્થકાર મહર્ષિએ **પ્રકારો** સ્થાનાન્તરમાં પ્રસિદ્ધ ત્રણ પ્રકારની હિંસા પણ કહી દીધી. (૧) તત્પર્યાયના વિનાશસ્વરૂપ (૨) દુઃખોત્પાદસ્વરૂપ અને

(૩) સંક્લેશ સ્વરૂપ–આ ત્રણેય પ્રકારની હિંસાને પ્રયત્નપૂર્વક વર્જવાનું જિનેશ્વરદેવે જણાવ્યું છે.

પ્રશ્ન–અમુક ઘાતકથી જ અમુક વ્યક્તિએ મરવાનું છે એવાં તે વ્યક્તિના કર્મને કારણે જ હિંસા થાય છે કે એથી વિપરીત રીતે ? જો પ્રથમ વિકલ્પ કહેશો તો તો દરેક માણસ પોતાના કર્મથી જ નાશ પામે છે પછી બીજાને કોઈને પણ હિંસક કહેવાશે નહિ. જેમ બીજા પુરુષે કરેલી હિંસામાં ત્રીજો પુરુષ હિંસક કહેવાતો નથી તેમ.

એટલું જ નહિ પણ જેમ વૈયાવચ્ચ કરનારને ગુણ પ્રાપ્ત થાય છે તેમ બીજાના આયુષ્ય કર્મની નિર્જરા કરાવી દેવામાં કારણ બનતા હિંસકને પણ સ્વકર્મક્ષયસ્વરૂપ ગુણની જ પ્રાપ્તિ થવી જોઈશે.

હવે જો બીજો વિકલ્પ લેશો કે સ્વકર્મ વિના પણ વ્યક્તિની હિંસા થાય તો તો સઘળી વ્યક્તિઓ હિંસા કરવા યોગ્ય બની જશે. અને સ્વર્ગસુખાદિ પણ પોતાના કર્મ વિના જ પ્રાપ્ત થઈ જવા લાગશે. આમ થતાં 'કર્મ' જેવા તત્ત્વનો સ્વીકાર નિરર્થક બની જશે. અને શ્રાવકોને પણ કોઈની હિંસાનું કાર્ય લાગશે નહિ. [ ૨ ]

ઉત્તર–જેને મરવાનું છે તેના આયુષ્યકર્મનો વિપાક થઈ જાય ત્યારે જ તે મરે છે એ વાતમાં કોઇ સંદેહ નથી; પરન્તુ એ રીતે મરનારને મારવામાં—આયુષ્યકર્મનો વિપાક કરી આપવામાં—જે નિમિત્ત બને છે તે હિંસક કહેવાય છે. આમ મરનારના મૃત્યુમાં નિમિત્તભાવ એ જ હિંસા પદાર્થ છે. એટલું ચોક્કસ છે કે મુખ્યતાએ તો મરનારનું કર્મ જ મરનારને મારે છે તો પણ એમ થવામાં જે નિમિત્તભાવ પામી જાય છે તે પણ હિંસક કહેવાય છે.

અહીં એવો પણ બચાવ નહિ કરી શકાય કે બીજી વ્યક્તિને તે વ્યક્તિની હિંસા કરવાની મનમાં જે પ્રેરણા થઇ તે તો તે વ્યક્તિના એવા કર્મના કારણે જ થઈ છે માટે પ્રેરક કર્મને જ હિંસક કહેવું જોઇએ; વ્યક્તિને નહિ....ભલે પછી તે નિમિત્ત બનતું હોય.

કેમકે કોઈથી પ્રેરાઈને પણ પાપમાં નિમિત્ત બનનારો જગત્માં દોષિત જ ગણાય છે. દેવદત્તની પ્રેરણાથી યજ્ઞદત્તે રમેશની હત્યા કરી ત્યાં શું યજ્ઞદત્ત હિંસક ન કહેવાય શું ?

પ્રશ્ન-જો આ રીતે હિંસામાં કોઇના નિમિત્ત બની જવા માત્રથી પણ હિંસક બની જવાતું હોય તો કોઈ દરદીના મૃત્યુમાં નિમિત્ત બની જતો વૈદ્ય પણ હિંસક બની જવાની આપત્તિ આવશે.

ઉ. હા. પરન્તુ વૈદ્યના ચિત્તમાં દરદીને મારવાનો દુષ્ટ આશય નથી માટે તે હિંસા દુષ્ટ ન કહેવાય.

આથી જ વૈદ્યને હિંસક કહેવામાં આવતો નથી. કહ્યું છે કે પ્રમત્ત પુરુષને એના પ્રમાદાદિ યોગને કારણે જે જીવોની હિંસા થાય છે તેનાથી તે પ્રમત્ત પુરુષ અવશ્ય હિંસક કહેવાય છે. પરન્તુ જેના અંતરમાં કોઇને હણવાનો દુષ્ટ આશય તો નથી જ બલકે, જીવોને બચાવવાનો આશય છે અને તેથી જ જે આત્મા શાસ્ત્રોકત યતનાઓ પાળે છે છતાં જો તેનાથી જીવહિંસા થઈ જાય તો ય તે સૂત્રવિધિ યુકત આત્માને તે વિરાધના પણ કર્મ નિર્જરા કરનારી બની રહે છે કેમકે તે અપ્રમત્ત ભાવની શુદ્ધિથી યુકત-સાવધાન-આત્મા છે.

આમ નિશ્ચયદષ્ટિથી તો ચિત્તના શુભ-અશુભ આશય ઉપર જ અહિંસા-હિંસા અવલંબે છે. પછી બાહ્ય ક્રિયામાં ગમે તે હોય.

રે ! બાહ્ય દૃષ્ટિથી કશી હિંસા ન કરનાર સાધુ પણ દયાના

પરિણામવાળો ન હોય તો તેને ષડ્જીવનિકાયનો વિશધક કહેવાય છે.

એટલે હવે વૈદ્યને હિંસક માનવાની આપત્તિ ઊભી થતી નથી કેમકે તેનો આંતર પરિણામ દરદીને મારવાનો નથી.

વળી ગાય વગેરેની હિંસા કરનાર કસાઇ વગેરે ગાયના કર્મો ખપાવવાનો ધર્મ કરવાથી વૈયાવૃત્યકરની જેમ કર્મનિર્જરાની વાત પણ મિથ્યા ઠરી જાય છે. કેમકે વૈયાવૃત્યકરના જેવો કર્મ-ક્ષય કરવાનો શુભભાવ જ તેને હોતો નથી.

વળી એક આત્માની એના કર્મે જ હિંસા થાય તો ય તેનો વધ કરવાથી તેને સંકલેશ કેટલો વધી જાય ? એથી એ કેટલા ચીંકણા અશુભ કર્મ બાંધે ? આ બધું ન થવા દેવા માટે પર આત્મા હિંસાથી વિરામ પામવું જ જોઇએ. [ ૩ ]

આત્માને જો પરિણામી નિત્ય માનવામાં આવે તો જ 'હિંસા' પદાર્થ ઉપપન્ન થઇ શકે. આ હિંસાની વિરતિ એ જ અહિંસા છે.

ભગવાન્ જિનેશ્વરોએ હિંસા–અહિંસાના શુભાશુભ વિપાકાદિનો સદ્દુપદેશ આપ્યો છે.

ભગવાન્ જિનના સદ્દુપદેશના શ્રવણથી, અભ્યુત્થાનાદિ વિનયથી, યથાશકિત પરાક્રમ કરવાથી, સાધુસેવાથી સમ્યગ્દર્શનનો, દેશવિરતિધર્મનો અને છેવટે સર્વવિરતિજીવનનો લાભ થાય છે.

વળી આથી દીર્ઘસ્થિતિવાળા જ્ઞાનાવરણીયાદિ કર્મોનો હ્રાસ –ક્ષયોપશમ પણ થાય છે.

કહ્યું છે કે આયુષ્યકર્મ સિવાયની સાત કર્મપ્રકૃતિની સ્થિતિ જ્યારે અન્તઃ કોટાકોટિ સાગરોપમ જેટલી થાય ત્યારે જ સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ કે શ્રેણિ પ્રાપ્ત થાય છે.

જ્યારે આ રીતે કિલષ્ટકર્મનો નાશ થાય ત્યારે શુભ અધ્ય-

વસાયની સુંદર પરમ્પરા અસ્ખલિત ગતિએ ચિત્તમાં ચાલતી રહે. પછી એ આત્માને પરાત્માની હિંસા કરવાનો સંકિલષ્ટ પરિણામ જાગે નહિ....

આમ જિનેશ્વરદેવોના સદુપદેશ શ્રવણથી કિલષ્ટકર્મનો નાશ થાય; કર્મનાશ થવાથી શુભાધ્યવસાયની પ્રાપ્તિ થાય, એમ થતાં હિંસકપરિણામથી નિવૃત્તિ થઈ જાય.

આમ આત્માને પરિણામી નિત્ય માનવામાં આવે તો જ હિંસા અને અહિંસા ધર્મો ઉપપન્ન થઇ શકે એ વાત સ્થિર થઈ જાય છે. [૪]

સમ્યગ્દષ્ટિ જ્ઞાનીઓને આવી અહિંસા નિરુપચરિત નયથી માન્ય છે. આવી અહિંસા જ પ્રધાનફળ તરીકે મોક્ષ આપે છે અને પ્રાસંગિકફળ તરીકે સ્વર્ગાદિ સદ્ગતિઓ આપે છે.

**અહિંસાની રક્ષા માટે જ અન્યવ્રતો** આ અહિંસાની રક્ષા માટે જ સત્ય વગેરે ચાર વ્રતોનું પાલન કરવાનું છે.

અહિંસાના અનાજની ફસલની સુરક્ષા માટે તો સત્યાદિ વ્રતો વાડની ગરજ સારે છે.

અધ્યાત્મસાર ગ્રન્થમાં સમ્યક્ત્વ નામના અધિકારમાં આ બધી ચર્ચા કરીને ભગવાન્ યશોવિજયજી મહારાજાએ જે વિશેષ ચિન્તન રજૂ કર્યું છે તેને અહીં પ્રસંગતઃ જોઇ લઇએ.

તેઓ કહે છે કે જેમ નિરુપચરિત નયથી અહિંસા જૈનદર્શનમાં જ ઘટે છે તેમ આ જૈનદર્શનમાં જ અહિંસાનું હેતુ સ્વરૂપ અને અનુબન્ધ સ્વરૂપ વર્ણન પણ એકદમ શુદ્ધ બતાડ્યું છે.

હિંસાની પાછળ કામ કરતો પ્રમાદ એ જ હેતુહિંસા છે.

હિંસા પોતે સ્વરૂપહિંસા છે.

હિંસાના ફળસ્વરૂપ દુર્ગતિ એ જ અનુબન્ધહિંસા છે.

દશવૈકાલિક સૂત્રમાં આ ત્રણેય વાત **अजयं चरमाणो** શ્લોકમાં જ કહી દીધી છે. અયતનાથી ચેષ્ટા કરવી તે હેતુહિંસા, (પછી જીવ મરે કે ન મરે) કોઈના પ્રાણુની હિંસા કરવી તે સ્વરૂપહિંસા; એનાથી પાપકર્મનો બન્ધ પડવો, દુર્ગતિ પ્રાપ્ત થવી તે અનુબંધ હિંસા.

**હિંસાના ૩ ભેદ** હિંસાના આ ત્રણ સ્વરૂપો છે. જ્યાં પ્રમાદસ્વરૂપ હેતુહિંસા છે ત્યાં જ ખરેખરી હિંસા છે. જ્યાં અપ્રમત્તભાવ છતાં કોઇ જીવની સ્વરૂપહિંસા થઈ જાય છે ત્યાં તે સ્વરૂપહિંસાને હિંસા જ ન કહેવાય. આથી જ આ. ભગવાન્ હેમચન્દ્ર સૂરિજી મહારાજાએ 'પ્રાણુવ્યપરોપણું હિંસા' ન કહેતાં પ્રમત્તયોગાત્ પ્રાણુવ્યપરોપણું હિંસા કહ્યું છે—પ્રમાદના યોગ સાથે પ્રાણુનાશ કરવો તે જ જૈનદર્શનમાં હિંસા કહેવાય છે. જો આમ ન માનીએ તો સંસારમાં રહેલા સયોગિ કેવલી પરમાત્માએ પણ હિંસક બની જવાની આપત્તિ આવે કેમકે તેઓ પણ જે શ્વાસોચ્છ્વાસ લે છે; વિહારાદિ કાયિક ક્રિયાઓ કરે છે તેમાં વાયુકાયાદિ જીવોની હિંસા તો થાય જ છે. એમ તો કહી શકાય જ નહિ કે કેવલી ભગવંતોના શ્વાસોચ્છ્વાસમાં ઉપયોગી બનતો વાયુ અચિત્ત જ હોય....ના....નહિ જ.

હવે જો સચિત્તવાયુની એમની હિંસાને પણ હિંસા જ કહેવાતી હોય તો એમનો મોક્ષ અસંભવિત બની જશે.

વળી જિનાગમોમાં સમુદ્રમાં પણ સિદ્ધપદ પામવાની શક્યતા જણાવી છે. કોઈ દુષ્ટ વૈરી દેવ કોઈ મહાત્માને ઊંચકીને સમુદ્રમાં ફેંકી દે તો ત્યાં પણ તે મહાત્મા શ્રેણિ ઉપર ચડીને કેવળજ્ઞાન અને મોક્ષ પામી જાય.

અગ્નિકાપુત્ર આચાર્યનું શરીર દુષ્ટદેવીએ ત્રિશૂળ ઉપર ઝીલી લીધું હતું. શરીરમાંથી નીકળી ગએલા લોહીમાંસ સમુદ્રના પાણીમાં પડ્યા. એ જોઇને આચાર્ય ભગવંતને પાણીના જીવોની થઈ રહેલી

હિંસાનો કારમો વલોપાત જાગ્યો અને ત્યાં જ ત્રિશૂળ ઉપર આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધપદ પામ્યા.

અહીં જો સમુદ્રના અપકાય જીવોની, લોહીમાંસના જીવોની, વાયુકાયના જીવોની સ્વરૂપહિંસાને પણ હિંસા નામનું પાપ જ કહેવાતું હોત તો એ મહાત્માને સિદ્ધપદ શી રીતે મળત?

માટે જ પ્રમાદાત્મક હેતુહિંસા વિનાની–કેવળ–સ્વરૂપહિંસાને હિંસા જ કહેવામાં આવી નથી.

આ સઘળી બાબતને નજરમાં રાખીને મહોપાધ્યાયજીએ અધ્યાત્મસાર ગ્રન્થમાં પાંચ શ્લોક મૂકીને વર્ત્તમાનમાં વિવાદાસ્પદ બનેલા મહત્ત્વના ત્રણ પ્રશ્નોના ઊત્તર આપ્યા છે. તે ત્રણ પ્રશ્નો આ છે:–

(૧) જૈન શ્રાવકો ઘર બાંધવા વગેરેની જે અસુંદર પ્રવૃત્તિ કરે છે તેમાં તેમને હિંસા લાગે કે નહિ?

(૨) જૈન શ્રાવકો સુંદર જિનમંદિરાદિ ધર્મસ્થાનો બનાવે તેમાં તેમને હિંસાનું પાપ લાગે કે નહિ?

(૩) જૈન મુનિઓ નદી ઊતરવા વગેરેની શાસ્ત્રોકત પ્રવૃત્તિ કરે તેમાં તેમને પાપ લાગે કે નહિ?

પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપતાં મહોપાધ્યાયજી એ ગ્રન્થના ૩૭૨માં શ્લોકમાં કહે છે કે જે સમ્યગ્દૃષ્ટિ શ્રાવકો વિશિષ્ટ જ્ઞાનવાળા છે તેઓ સંસારમાં 'ઘર બાંધવા' વગેરેની જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે બધી પ્રવૃત્તિ ખૂબ જ દુભાતા હૃદયે, પતાવટ કરવા માટે જ જાણે કરતા હોય છે. તપેલા–લોઢાના પટ્ટા ઉપર તેની બહુ જ આવશ્યકતા પડે ત્યારે જ પગ મુકાય–તે પણ અંતરની ઇચ્છા વિના પરાણે જ મુકાય. સમ્યગ્દર્શનની વધુ નિર્મળ અવસ્થાને પામેલા આત્માઓની સાંસારિક હિંસા પણ આવી જ હોય છે. તેમને પ્રાપ્ત થએલો જ્ઞાનયોગ તેમના અંતરને એ હિંસકભાવથી અલિપ્ત

રાખે છે. આથી જ એ હિંસાનો અશુભ અનુબન્ધ એમને પડતો નથી.

બેશક 'ઘર બાંધવા' વગેરેની તેમની પ્રવૃત્તિમાં પરજીવપીડા-કરણ અને પરપ્રાણનાશસ્વરૂપ બે હિંસા જરૂર દેખાય છે છતાં ત્યાં ત્રીજા પ્રકારની દુષ્ટાશયસ્વરૂપહિંસા નથી માટે તે બે હિંસા દુબળી બની જાય છે એટલે તેનાથી અશુભકર્મનો અનુબંધ પડતો નથી.

બીજા પ્રશ્નનો ઉત્તર આપતા ૩૭૩ મા શ્લોકમાં મહોપાધ્યાયજી કહે છે કે સમ્યગ્દષ્ટિ-યતનાશાલી, જિનભક્ત, જ્ઞાની આત્માઓને જિનપૂજાદિ કર્મના વિષયમાં જે હિંસા થઈ જાય છે તે હિંસા તો તેમની ગૃહારંભાદિની હિંસાની જેમ માત્ર અશુભકર્મના અનુબંધ વિનાની-નિરનુબન્ધ-નથી બનતી; કિન્તુ અહિંસાના અનુ-બન્ધસ્વરૂપ શુભકર્મની પરંપરાને ઉત્પન્ન પણ કરે છે

જિનપૂજાદિગત હિંસાથી પણ અનુબંધમાં અહિંસાનું ફળ મળે છે.

જે દુષ્ટમતિ-મિથ્યાદૃષ્ટિ છે એને તો એની હિંસાથી જેમ હિંસાનો અનુબંધ પડે છે તેમ એની અહિંસાથી પણ હિંસાનો જ અનુબન્ધ પડે છે. કેમકે તેનામાં અજ્ઞાનનું આસુરી બળ ખૂબ જોરદાર હોય છે.

આથી જ તો મિથ્યાત્વી નિહ્નવો અને અભવ્યોના સાધુ-જીવનની જે અહિંસા છે તે પણ દેવલોકમાં કિલ્બીષીઆ વગેરેના હલકા જીવનની દુઃખદાયિની ગતિ જ આપે છે અને પછીના ભવોમાં તો તિર્યંચ ગત્યાદિના દુઃખો પણ બઝાડે છે.

એમની સાધુજીવનની અજ્ઞાનમયી અહિંસાના જ આ અશુભ અનુબંધો ને?

આવા અશુભ અનુબંધોને જન્મ દેનારી અહિંસા એ વસ્તુતઃ અહિંસા જ નથી એને તો મહા–હિંસા જ કહેવાય.

ત્રીજા પ્રશ્નનો ઉત્તર આપતાં ૩૭૬ મા શ્લોકમાં મહોપાધ્યાયજી કહે છે કે અપ્રમત્ત મુનિઓની 'નદી ઊતરવા' વગેરે ક્રિયામાં જે હિંસા છે તે ય અહિંસાનો જ અનુબન્ધ કરાવે છે કેમકે તેમની તે હિંસાથી હિંસાનો અનુબન્ધ પડતો નથી.

હિંસા પણ અહિંસાના અનુબન્ધવાળી ત્યારે જ બને જ્યારે તે હિંસાની બાહ્યક્રિયા સાથે આત્મામાં વિશિષ્ટજ્ઞાન અને અ–પ્રમત્તભાવ રમમાણ હોય.

અજ્ઞાનીઓની અને પ્રમાદીઓની હિંસા કદી અહિંસાનો અનુબન્ધ પાડી શકે નહિ.

ત્રણે ય પ્રશ્નોના ઉત્તર આપીને જિનાગમોક્ત હિંસા–અહિંસાનું વિશદ સ્વરૂપ રજૂ કરી દે છે.

આગળ વધતાં ૩૭૮ મા શ્લોકમાં તેઓ કહે છે કે એક જ પ્રકારની જીવહિંસા કરતાં અનેક માણસો દેખાય છતાં તે બધી હિંસાથી થતાં કર્મબન્ધ અને તેનાથી નિપજનારા ફળમાં ઘણું મોટું અંતર પડી જાય છે કેમકે ત્યાં ચિત્તના દુષ્ટ સંકલેશના અસંખ્ય ભેદો, વીર્યાદિનું અલ્પ–અધિક બળ, તીવ્રતા-મન્દતા, જાણપણું–અજાણપણું વગેરે અનેક હેતુઓ સંભવે છે. અહિંસામાં પણ આ જ રીતે અનેક ભેદો પડે છે.

જેમ એક જ પ્રકારની અહિંસાના બંધમાં ભાવ કે વીર્ય વગેરેના ભેદથી ભેદો પડી જાય છે તેમ તેના વિપાકની પ્રાપ્તિથી પણ ભેદ પડે છે. કોઇને તરત જ તેનું ફળ મળે છે તો કોઈને કાલાન્તરે ફળ મળે છે. આમ થવાનું એક કારણ એ છે કે હિંસાજનિત કર્મબન્ધ થયા પછી અહિંસા પાળવામાં આવે અને તેનું ફળ ઉદયમાં આવી ગયા બાદ પૂર્વીય હિંસાનું ફળ ઉદયમાં

આવે. આમ બને ત્યારે હિંસાનું ફળ કાલાંતરે ઉદયમાં આવ્યું. અહીં જો પ્રતિપક્ષી કર્મોદયનું વચ્ચે વ્યવધાન ન થાત તો તે હિંસાનું ફળ તરત આવી જાત. આ જ વાત અહિંસાના સંબંધમાં પણ સમજી લેવી.

બીજું કારણ છે; હિંસાદિ કર્મબન્ધ વખતે બંધાતો રસ.

જો રસ અત્યુગ્ર હોય તો તરત જ ફળ આપે. અન્યથા કાલાન્તરે ફળ આપે.

આમ હિંસા-અહિંસાના વિવિધ પ્રકારના બંધથી જેમ તેનામાં ભેદ પડે છે તેમ તેના વિપાકાદિથી પણ ભેદ પડે છે.

**જિનપૂજાની હિંસા** પ્ર–જિનપૂજાદિની સ્વરૂપહિંસાથી અનુબંધ તો શુભકર્મનો (અહિંસાનો) પડે તેમ કહ્યું પણ તે સ્વરૂપહિંસાથી બંધ તો અશુભકર્મનો જ પડે ને?

ઉ–જિનપૂજાદિ ક્રિયાના કારણે થતી જે પુષ્પાદિજીવોની હિંસા છે તે સ્વરૂપતઃ જીવહિંસા હોવા છતાં વસ્તુતઃ તો અહિંસા જ છે એ વાત પૂર્વે કહેવાઇ ગઇ છે.

એ હિંસા બાદ અતિભક્તિથી જિનેશ્વરદેવની જે અપૂર્વ પૂજા થાય છે તેને કારણે ભક્તિના ઉછાળામાં થઈ જતી અવિધિ પણ નિરનુબન્ધ બની જાય છે. અને તેથી તે ભક્ત આત્મામાં સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણોનો સંક્રમ થાય છે.

આમ અહિંસાના સેંકડો ભેદ પડે છે. એ ભેદો પૂર્વકની અહિંસાદિનું તથા તેના અનુબંધ વગેરેનું જે જિનશાસનમાં સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તે સર્વપ્રકારે પરિશુદ્ધ જિનશાસન જ પ્રમાણભૂત છે. [૫]

હવે આત્માની કથંચિત્ નિત્યાનિત્યતા અને ભિન્નાભિન્નતા શી રીતે સિદ્ધ થાય છે તે જોઇએ.

સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, દેહસંસ્પર્શવેદનાથી આત્મા નિત્યાનિત્ય

અને દેહથી ભિન્નાભિન્ન સિદ્ધ થાય અને એવા નિત્યાનિત્ય અને ભિન્નાભિન્ન આત્માના જ હિંસા-અહિંસાદિ નિરુપચરિત નયથી સિદ્ધ થઇ જાય છે.

**સ્મરણ:** પૂર્વે અનુભૂત પદાર્થની સ્મૃતિ.

**પ્રત્યભિજ્ઞાન** 'આ તે જ છે,' એવો નિર્ણયાત્મક વિચાર.
**દેહસંસ્પર્શવેદન:** બીજી વસ્તુના સ્પર્શથી દેહને એ વસ્તુનું સંવેદન થવું.

(૧) આત્મા નિત્યાનિત્ય છે. કેમકે પોતે અમુક જગાએ રાખેલા દ્રવ્યાદિનું તેને સ્મરણ થાય છે જો આત્મા નિત્યાનિત્ય ન હોય તો આ સ્મરણ અનુપપન્ન થઇ જાય.

જો આત્મા એકાન્તે નિત્ય હોય તો સ્મરણ થાય જ નહિ કેમકે સર્વથા નિત્ય આત્માનું તો એક જ સ્વરૂપ હોય. જો તેણે પૂર્વે દ્રવ્યનો પ્રત્યક્ષાદિ અનુભવ કર્યો હોય તો આત્મા અનુભવાત્મક જ રહે પછી સ્મરણાત્મક બની શકે જ નહિ. જો સ્મરણાત્મક બની જાય તો તેની નિત્યતાને બાધ પહોંચી જાય.

અને જો આત્મા એકાન્તે અનિત્ય હોય તો પણ સ્મરણ શક્ય નથી કેમકે અનુભવની ક્ષણ પછીની ક્ષણે તો તે સ્મરણ કરનાર આત્મા જ વિનષ્ટ થઇ ગયો છે. પછી કોણ કોનું સ્મરણ કરશે? નવો સજાતીય ઉત્પન્ન થએલો આત્મા કાંઈ જૂના નષ્ટ થએલા આત્માના અનુભવનું સ્મરણ કરી શકે નહિ.

પૂર્વપક્ષ—ભલે અનુભવાત્મક આત્મા પ્રથમ ક્ષણે જ નષ્ટ થઈ ગયો પણ તેના જે સંસ્કાર છે તેનાથી સ્મરણાત્મક આત્મા ઉત્પન્ન થાય છે એમ અમે કહીએ છીએ.

ઉ. પક્ષ—ના. એમ નહિ બની શકે. પ્રથમ ક્ષણનો જે આત્મા સર્વથા વિનષ્ટ થઈ ગયો, હવે એનો સહેજ પણ અનુગમ આગળ ચાલવાનો નથી એવા અત્યન્ત વિલક્ષણ આત્માનો નાશ થઇ ગયા પછી જે સ્મરણાત્મક આત્મા ઉત્પન્ન થાય તેમાં પ્રથમક્ષણના

સંસ્કાર શી રીતે આવે? આ વાત યુક્તિગ્રાહ્ય તો નથી જ, શ્રદ્ધાગ્રાહ્ય ભલે હોય.

પ્રથમના અનુભવાત્મક આત્માનો તો કયારનો ય નાશ થઈ ગયો છે. સ્મરણની ક્ષણ પૂર્વ તો બીજી કેટલી ય ક્ષણ વચમાં પસાર થઇ હોય એમાં પ્રથમ ક્ષણના કોઈ સંસ્કારની ઉપલબ્ધિ જ ન હોય અને એકાએક સ્મરણની પૂર્વીયક્ષણથી સાવ વિલક્ષણ સ્મરણાત્મક ક્ષણનો ઉત્પાદ શી રીતે થાય? શ્રદ્ધાથી જ માની લેવું હોય તો જ મનાય તેવી આ વાત છે.

જો આત્માને પરિણામી નિત્ય માની લેવામાં આવે તો બધું ઉપપન્નથઈ જાય. પ્રથમક્ષણના અનુભવથી ઉત્પન્ન થએલા સંસ્કારો, પછી પછીની ક્ષણમાં પ્રવાહરૂપે જતા રહે, નવા સંસ્કારો મળતાં પણ જાય. આમ અનેક ધર્મોના સમુદાય સ્વરૂપ આત્માને સ્મરણક્ષણનો ઉત્પાદ થવો એ ખૂબ જ યુક્તિયુકત છે.

પ્રથમ ક્ષણનો અનુભવ અને પચાસમી ક્ષણે સ્મરણ થાય છે એ જ હકીકત સૂચવે છે કે વચ્ચેની અડતાલીસ ક્ષણોમાં અનુભવજન્ય સંસ્કારની સત્તા હતી જેણે પચાસમી ક્ષણે સ્મરણ ઉત્પન્ન કર્યું.

આમ સ્મરણ ઉપરથી આત્માનું કથંચિત્ નિત્યાનિત્ય સ્વરૂપ સિદ્ધ થઈ જાય છે.

(૨) પ્રત્યભિજ્ઞાનથી પણ આત્માનું કથંચિત્ નિત્યાનિત્ય સ્વરૂપ સિદ્ધ થઈ જાય છે. જો આત્મા એકાન્તે નિત્ય હોય તો અનુભવાત્મક આત્માની જ પરંપરા ચાલે પછી કાંઈ અનુભવજન્ય-સંસ્કાર જન્ય પ્રત્યભિજ્ઞાન તો સંભવે જ નહિ; અને જો આત્મા એકાન્તે અનિત્ય હોય તો જેણે પ્રત્યક્ષાદિ અનુભવ કર્યો તે આત્મા અને જે વસ્તુનો અનુભવ કર્યો તે વસ્તુ બે ય કયારના ય સર્વથા નાશ પામી ગયા હોય, હવે તો આત્મા અને વસ્તુ બે ય નવા જ ઉત્પન્ન થયા હોય તેમાં કાંઈ પ્રત્યભિજ્ઞાન થાય નહિ કે, 'આ તે જ ચીજ છે જે મેં પૂર્વે અનુભવી હતી.' નવો ઉત્પન્ન થયેલો

આત્મા નવી ઉત્પન્ન થએલી વસ્તુને જોઈને એમ શી રીતે કહી શકે કે, 'આ તે જ ચીજ છે જે મેં પૂર્વે જોઇ હતી?' આવી કોઇ પ્રતીતિ જ શક્ય નથી.

પૂર્વપક્ષ–પહેલાં તો પ્રત્યભિજ્ઞાન જ અપ્રામાણિક છે. એક માણસના વાળ રમેશે જોયા. ત્યાર બાદ તે વાળ તો તે માણસે કપાવી નાંખ્યા. નવા વાળ ઊગી પણ ગયા પછી પણ રમેશને તો એવી જ પ્રત્યભિજ્ઞા થાય છે કે, "આ તે જ વાળ છે જે મેં પૂર્વે જોયા હતા." શું આ પ્રત્યભિજ્ઞા પ્રામાણિક છે? નહિ જ. તો આવી રીતે જગત્‌ની તમામ પ્રત્યભિજ્ઞાઓ અપ્રામાણિક જ છે એમ અમારું કહેવું છે.

ઉ. પક્ષ–આમ તો તમે ન જ કહી શકો. એક સ્થાને ભ્રાન્તિ થઈ એટલે શું પ્રમાત્મક પ્રતીતિઓને પણ ભ્રાન્તિ કહી દેવાય?

કોઈ વાર રજ્જુમાં સર્પનું ભ્રાન્ત પ્રત્યક્ષ થઇ જાય છે એટલે શું ઘટમાં ઘટનું પ્રત્યક્ષ પણ ભ્રાન્ત કહેવાય?

માટે કેટલીક પ્રત્યભિજ્ઞાને પ્રમાત્મક માનવી જ જોઈએ. એવી પ્રત્યભિજ્ઞા તો જ ઉપપન્ન થઈ શકે જો આત્માને કથંચિદ્ નિત્યાનિત્ય માનવામાં આવે.

(૩) શરીરને સ્પર્શેલી વસ્તુનું આત્માને સંવેદન થાય છે એ ઉપરથી આત્મા દેહથી કથંચિદ્ ભિન્નાભિન્ન છે એમ સિદ્ધ થાય છે.

જો આત્મા દેહથી એકાન્તે ભિન્ન હોય તો આમ ન બને. જેમ દેવદત્તના શરીરને સ્પર્શેલી વસ્તુનું ભાન યજ્ઞદત્તના આત્માને નથી થતું કેમકે દેવદત્ત શરીર યજ્ઞદત્તના આત્માથી સર્વથા ભિન્ન છે.

જો આત્મા દેહથી એકાન્તે અભિન્ન હોય તો આત્મા દેહસ્વરૂપ જ બની જાય એટલે તેનું પરલોકગમન અનુપપન્ન થઇ જાય. અને જ્યારે કોઈના શરીરનો એકાદ અવયવ કપાઇ જાય ત્યારે તેટલો આત્મા જ કપાઈ ગયાની આપત્તિ આવે.

માટે જ શરીરસ્પૃષ્ટ વસ્તુનું જે સંવેદન થાય છે તે ઉપરથી આત્મા દેહથી કથંચિદ્ ભિન્નાભિન્ન જ માનવો રહ્યો.

વળી લોકપ્રસિદ્ધિ પણ આવી જ છે કે આત્મા કથંચિદ્ નિત્યાનિત્ય છે અને દેહથી ભિન્નાભિન્ન છે કેમકે લોકો કહે છે કે આ તે જ બાળ (વસ્તુ) યુવાન (વસ્તુરૂપે) પરિણામ પામ્યો.. અહીં બાળ અને યુવા અવસ્થાઓ બદલાઈ તે વસ્તુની કથંચિત્ અનિત્યતા સૂચવે છે અને વસ્તુ કાયમ રહી એ વસ્તુની કથંચિત્ નિત્યતા સૂચવે છે.

લોક પ્રતીતિ પણ આવી જ છે માટે તેની વિરુદ્ધ અર્થને સત્ય ઠરાવતું પ્રમાણ એ પ્રમાણ જ ન કહેવાય. [૬]

પૂર્વે કહેવાઈ ગયું છે કે આત્માને વિભુ માનવાથી કયા દોષો આવે છે? અહીં આત્માને વિભુ ન માનવાથી કયા ગુણ પ્રાપ્ત થાય છે તે જોઈએ.

આત્માના જ્ઞાનાદિ ગુણો શરીરમાં જ ઉપલબ્ધ થાય છે માટે આત્માને દેહમાત્રવર્ત્તી જ માનવો જોઈએ.

જેમ આત્માને કથંચિદ્ નિત્યાનિત્યાદિ માનવાથી જ અહિંસાદિ ઉપપન્ન થાય છે તેમ એવા આત્માને દેહમાત્રવર્તી માનવાથી બીજું બધું યથાર્થ ઘટી જાય છે. જ્યારે આત્મા સૂક્ષ્મ કે સ્થૂલ શરીરમાં રહી શકતો હોય ત્યારે તે આત્માનો સંકોચ-વિકાસ પામવાનો સ્વભાવ છે એ તો નક્કી જ થઇ જાય છે. આવા સંકોચ-વિકાસ ધર્મવાળો આત્મા જ ઊર્ધ્વગતિમાં કે અધોગતિમાં જઈ શકે. એટલે ધર્મથી ઊર્ધ્વગતિ, અધર્મથી અધોગતિ અને જ્ઞાનથી મુક્તિની જે વાતો સાંખ્યાદિશાસ્ત્રમાં કરી છે તે હવે કાલ્પનિક ન રહેતાં નિરુપચરિત બની જશે [૭]

અહિંસાદિ સઘળા ય ધર્મોની આ રીતની નિરુપચરિત ઘટનાને સદ્બુદ્ધિથી અને માધ્યસ્થ્યભાવથી આત્માએ વિચારવી જોઈએ અને એનો સ્વીકાર પણ કરવો જોઈએ. વિચાર અને સ્વીકાર સિવાયનો બીજો કોઈ પણ રસ્તો સત્પુરુષોનો મોક્ષમાર્ગ સ્વરૂપ બની શકતો નથી. [૮]

# માંસભક્ષણ દૂષણ–અષ્ટક

[૧૭]

भक्षणीयं सतां मांसं प्राण्यङ्गत्वेन हेतुना ।
ओदनादिवदित्येवं कश्चिदाहातितार्किकः ॥ १ ॥

બૌદ્ધ નામના અતિ (!) તાર્કિક મહાશય કહે છે કે જેમ પ્રાણ્યંગ હોવાથી ઓદન ભક્ષ્ય છે. તેમ માંસ પણ પ્રાણ્યંગ હોવાથી ભક્ષ્ય છે.

भक्ष्याभक्ष्यव्यवस्थेह शास्त्रलोकनिबन्धना ।
सर्वैव भावतो यस्मात्तस्मादेतदसाम्प्रतम् ॥ २ ॥

બૌદ્ધોના એ અનુમાન સામે જૈનોનો જવાબ છે કે ભક્ષ્ય શું ? અને અભક્ષ્ય શું ? એ સઘળો વિભાગ વસ્તુતઃ શાસ્ત્ર અને સુજ્ઞ લોકને અનુલક્ષીને જ થએલો છે. માટે આ રીતે અનુમાનોથી માંસને ભક્ષ્ય ઠરાવી દેવાય નહિ.

तत्र प्राण्यङ्गमप्येकं भक्ष्यमन्यत्तु नो तथा ।
सिद्धं गवादिसत्क्षीरे रूधिरादौ तथेक्षणात् ॥ ३ ॥

એક પ્રાણ્યંગ ભક્ષ્ય હોય છે તો બીજું પ્રાણ્યંગ હોવા છતાં ભક્ષ્ય નથી હોતું. ગાયનું કે માતાનું સુંદર દૂધ ભક્ષ્ય છે અને તેનું જ લોહી અભક્ષ્ય જોવા મળે છે.

प्राण्यङ्गत्वेन च नोऽभक्षणीयमिदं मतम् ।
किन्त्वन्यजीवभावेन तथा शास्त्रप्रसिद्धितः ॥ ४ ॥

વળી માંસ પ્રાણ્યંગ હોવાથી અમારા મતે અભક્ષ્ય છે જ નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કે માંસાદિમાં સંસકત જીવોની ઉત્પત્તિ થાય છે માટે માંસાદિને અમે અભક્ષ્ય ગણીએ છીએ.

भिक्षुमांसनिषेधोऽपि न चैवं युज्यते क्वचित् ।
अस्थ्याद्यपि च भक्ष्यं स्यात्प्राण्यङ्गत्वाविशेषतः ॥ ५ ॥

જો પ્રાણ્યંગ હોવાથી જ વસ્તુ ભક્ષ્ય ઠરી જતી હોય તો બૌદ્ધભિક્ષુમાંસભક્ષણનો પણ તમારાથી નિષેધ થઈ શકશે નહિ એટલું જ નહિ પણ પ્રાણીના હાડકાં વગેરે પણ પ્રાણ્યંગ હોવાથી ભક્ષ્ય સાબિત થઈ જશે.

एतावन्मात्रसाम्येन प्रवृत्तिर्यदि चेष्यते ।
जायायां स्वजनन्यां च स्त्रीत्वात्तुल्यैव साऽस्तु ते ॥ ६ ॥

જો પ્રાણ્યંગની સામ્યતા માત્રથી ઓદનની જેમ માંસ ભક્ષ્ય બની જશે તો સ્ત્રીત્વની સામ્યતાથી પત્ની અને માતા પ્રત્યેનો વ્યવહાર પણ સરખો થઈ જવાની આપત્તિ આવશે..

तस्माच्छास्त्रं च लोकं च समाश्रित्य वदेद् बुधः ।
सर्वत्रैवं बुधत्वं स्यादन्यथोन्मत्ततुल्यता ॥ ७ ॥

એટલે શાસ્ત્ર અને લોકને અનુલક્ષીને જ બુધપુરુષે વાત કરવી જોઈએ. આમ કરે તે જ બુધ કહેવાય. બીજો તો પાગલ ગણાય.

शास्त्रे चाप्तेन वोऽप्येतन्निषिद्धं यत्नतो ननु ।
लङ्कावतारसूत्रादौ ततोऽनेन न किञ्चन ॥ ८ ॥

રે ! બૌદ્ધશાસ્ત્રમાં આપ્તપુરુષ ગણાતા બુદ્ધે પણ લંકાવતાર સૂત્રાદિમાં માંસભક્ષણનો નિષેધ કર્યો છે પછી માંસની ભક્ષણીયતા સાબિત કરવાનો કોઈ અર્થ જ નથી.

**વિવેચના :**

સર્વશાસ્ત્રોકત અહિંસાદિ ધર્મોનું નિરુપણ ક્યાં અવિરોધી બની રહે છે તે વિચાર ધર્મવાદનો વિષય બને છે એ વાત આપણે જોઈ. એ પછી એકાન્તવાદીઓના મતાનુસાર નિરુપચરિત નયથી અહિંસાદિ ઘટી શકતા નથી તે પણ જોયું અને છેવટે પરિણામવાદમાં જ તેની યથાર્થ ઘટના પણ જોઈ. આમ આ વિચારણાએ કુતીર્થિકોને ચિંતન કરવા માટે બહુ સારો ખોરાક આપ્યો.

**માંસ ભક્ષણની હેયતા**

કેટલાક કુતીર્થિક–ધર્મોમાં બીજા પણ કેટલાંક વિરોધો જોવા મળે છે. એક બાજુ એ લોકો હિંસાદિને પાપ માને છે અને બીજી બાજુ માંસભક્ષણને નિર્દુષ્ટ માને છે. આ વિરોધી વિધાન પણ પડકારને યોગ્ય બની રહે છે. જો હિંસા એ પાપ હોય તો હિંસાજન્ય માંસભક્ષણને પણ પાપ જ માનવું જોઈએ.

આ જ વાતને ધર્મવાદની ભૂમિકા ઉપર રહીને જ આપણે અહીં વધુ સ્પષ્ટ કરીએ.

**માંસ ભક્ષણની તરફેણમાં બૌદ્ધો**

માંસ ભક્ષ્ય છે એમ કહેવા પાછળ બૌદ્ધોની દલીલ એ છે કે જે કોઈ પ્રાણીનું અંગ હોય છે તે ભક્ષ્ય છે. ડાંગર એ પ્રાણ્યંગ છે તો તે ભક્ષ્ય પણ છે જ. એમ પ્રાણ્યંગ માંસ પણ ભક્ષ્ય છે. માંસ એ પ્રાણીનું અંગ છે. આ હકીકત તો પ્રત્યક્ષસિદ્ધ છે. અને ડાંગર એ એકેન્દ્રિયજીવોનું અંગ છે એ વાત પણ પ્રસિદ્ધ છે માટે ઓદનનું દૃષ્ટાન્ત બિલકુલ સંગત છે.

બૌદ્ધોની આ દલિલ જોઇને તો ખરેખર એ લોકોને તાર્કિક ન કહેતાં અતિશય તાર્કિક (!) કહેવા જોઇએ. કેટલી બેહૂદી દલિલ છે. પણ એમના માટે આવું જ વિધાન સંભવિત છે

કેમકે એ લોકોનું દર્શન શુષ્કતર્કની પ્રધાનતાથી જ મિશ્રિત છે. નહિ તો આવું અનુમાન પ્રમાણ એ આપે ખરા ? આ તે પ્રમાણ છે કે પ્રમાણાભાસ ? [૧]

માંસની ભક્ષ્યાભક્ષ્યતા અંગેનો જૈનો અને બૌદ્ધોનો વિચાર એમના સંવાદ દ્વારા આપણે જાણીએ.

સંવાદની યોજનાથી બે ય પક્ષોના વિધાનો સ્પષ્ટ રીતે છૂટા પાડીને સમજાવી શકાય છે.

એની સામે અમારો પ્રશ્ન છે કે માંસને ભક્ષ્ય સાબિત કરવામાં તમે જે પ્રાણ્યંગત્વ–હેતુ આપ્યો તે હેતુ તમારા પોતાના મત મુજબનો છે કે માત્ર પ્રસંગ પૂરતી કોઈની માનેલી આ વાત તમે અહીં ટપકાવી છે ?

જો તમે પહેલો વિકલ્પ કહેશો તો 'ઓદન' દૃષ્ટાન્તમાં એ હેતુ જશે નહિ કેમકે વનસ્પત્યાદિ એકેન્દ્રિયને તમે બૌદ્ધો પ્રાણ્યંગ માનતા જ નથી. એટલે દૃષ્ટાન્તમાં પ્રાણ્યંગત્વ હેતુ અને ભક્ષ્યત્વ સાધ્ય બે ય ની વ્યાપ્તિ નહિ મળતા વ્યાપ્યત્વાસિદ્ધિ નામનો અનૈકાન્તિક દોષ આવશે.

હવે જો બીજો વિકલ્પ લેશો તો બેશક અમારા મતે ઓદન પણ એકેન્દ્રિય જીવનું અંગ છે એટલે તેમાં પ્રાણ્યંગત્વ જરૂર છે. પણ જે જે પ્રાણ્યંગ હોય તે તે બધા ય ભક્ષ્ય જ હોય તેવો નિયમ નથી. કોણ ભક્ષ્ય ? અને કોણ અભક્ષ્ય ? એ બધી વ્યવસ્થા તો શાસ્ત્ર, પરતન્ત્ર અને લોકમાં જે માન્ય હોય તે જ છે. શાસ્ત્રોમાં અને લોકમાં ઓદનાદિ પ્રાણ્યંગ છતાં ભક્ષ્ય માનવામાં આવ્યા છે. અને મદ્ય, માંસ, ચરબી વગેરે પ્રાણ્યંગ છતાં અભક્ષ્ય માનવામાં આવ્યા છે, આ જ રીતે શાસ્ત્રમાં અને લોકમાં અપેય શું ? પેય શું ? ગમ્ય–અગમ્ય શું ? વગેરે વ્યવસ્થા પણ છે જ. આ વ્યવસ્થા મુજબ જ ઓદનાદિ ભક્ષ્ય છે અને

માંસાદિ અભક્ષ્ય છે. એટલે જે પ્રાણ્યંગ હોય તે બધું જ ભક્ષ્ય છે એમ કહીને માંસને ભક્ષ્ય કહી શકાય નહિ. [૨]

વળી જે પ્રાણ્યંગ હોય તે ભક્ષ્ય જ હોય તેવો નિયમ પણ વ્યભિચાર દોષગ્રસ્ત છે. જુઓ. ગાય, માતા વગેરેનું સુંદર દૂધ, તથા ગોમૂત્ર પ્રાણ્યંગ હોવાથી ભક્ષ્ય છે (તાજી વીયાએલી ગાયનું દૂધ જરૂર અભક્ષ્ય છે.) છતાં તે જ ગાયનું લોહી, માતાનું લોહી વગેરે પ્રાણ્યંગ હોવા છતાં અભક્ષ્ય છે. આમ પ્રાણ્યંગ હોવા છતાં કોઇ વસ્તુ ભક્ષ્ય બને છે અને કોઇ ભક્ષ્ય નથી પણ બનતી. આમ પ્રાણ્યંગત્વ હેતુ ગાયના દૂધ વગેરે સપક્ષમાં રહેવા સાથે ગાયના લોહી વગેરે વિપક્ષમાં પણ રહી જવાથી વ્યભિચારી બને છે. [૩]

તમે જો અમારા મતાનુસાર પ્રાણ્યંગત્વ હેતુ મૂકયો હોય તો તે હેતુ અમારી માન્યતા અનુસાર જ ગોઠવવો જોઇએ ને? અમે જો પ્રાણ્યંગ હોવાના કારણે જ માંસને અભક્ષ્ય માનતા હોઈએ તો તમે એની વિરુદ્ધમાં આવું અનુમાન મૂકી શકો છો કે ઓદન પ્રાણ્યંગ છતાં જેમ ભક્ષ્ય છે તેમ માંસ પણ પ્રાણ્યંગ હોવાથી ભક્ષ્ય છે.

અમે માંસને અભક્ષ્ય માનીએ છીએ તે તો માંસમાં ઉત્પન્ન થતાં જીવોના કારણે છે. જે જીવના શરીરમાં માંસ ઉત્પન્ન થાય છે તે માંસ માલિક જીવથી અતિરિક્ત બીજા જીવોના એ માંસમાં ઉત્પત્તિ થાય છે માટે જ માંસ અભક્ષ્ય છે. એટલે તમારે અમને માન્ય સિદ્ધાંત મુજબ હેતુ આપવો હોય તો એમ કહેવું જોઈએ કે બીજા સંસક્તજીવોની ઉત્પત્તિ થવા છતાં જૈન મતે અમુક વસ્તુ જેમ ભક્ષ્ય છે તેમ સંસક્ત જીવોવાળું માંસ પણ ભક્ષ્ય છે.

પણ આવું તો તમે કહી શકો તેમ નથી કેમકે જીવસંસક્ત કોઇ પણ વસ્તુને અમે ભક્ષ્ય માનતાં જ નથી. માટે જ અમે

કહીએ છીએ કે માંસ અભક્ષ્ય છે. કેમકે એમાં સંસક્તજીવોની ઉત્પત્તિ થાય છે. જૈનાગમમાં કહ્યું છે કે કાચી કે પાકી ગએલી માંસપેશીઓમાં નિગોદ જીવોની આત્યન્તિક ઉત્પત્તિ થઈ જાય છે.

અમારા મતના ખ્યાલ વિના જ તમે પ્રસંગસાધન આપીને તમારી અજ્ઞાનતાને પ્રગટ કરી છે. [૪]

છતાં કદાચ પ્રાણ્યંગત્વ હેતુને યથાયોગ્ય માની લઈએ અને તે રીતે જે જે પ્રાણ્યંગ હોય તે તે ભક્ષ્ય કબુલી લઈએ તો ય તમારે જ મોટી આપત્તિ છે. કેમકે આ રીતે પ્રાણ્યંગ ગોમાંસ ભક્ષ્ય તો બની જશે પણ તમારા પૂજ્ય બૌદ્ધભિક્ષુનું માંસ પણ ભક્ષ્ય બની જશે. પછી તમે બૌદ્ધ પ્રાણ્યંગ માંસ પણ ભક્ષણનો પણ નિષેધ કરી શકશો નહિ.

એટલું જ નહિ પણ જે હાડકાં, શિંગડા, ખુર વગેરે પ્રાણ્યંગ ખાવાનું જ અશક્ય છે તે હાડકાં વગેરે પણ પ્રાણ્યંગ હોવાથી ભક્ષ્ય જ માનવા પડશે. આમ થતાં જ્યાં સાધ્ય–ભક્ષ્યત્વ જતું નથી ત્યાં પણ પ્રાણ્યંગત્વ હેતુના જવાથી સાધ્યની સાથે હેતુના ન રહેવારૂપ વિરુદ્ધ નામનો હેત્વાભાસ દોષ આવી જાય છે [૫]

વળી ગાયનું દૂધ અને ગાયનું માંસ બે ય પ્રાણ્યંગ છે એ જ એમની સમાનતા છે. આટલી જ સમાનતાને જોઈને જો તમે ગોમાંસને પણ ભક્ષ્ય કહી દેશો તો ભારે મુશીબત ઊભી થઈ જશે.

પછી તો જ્યાં ક્યાંય પણ કશીક સમાનતા દેખાશે કે એને આગળ કરીને બે ય પ્રત્યે સમાન વ્યવહારની જ વાતો થશે. હાય ! તો તો માતા અને પત્ની બે ય માં સ્ત્રી તરીકેની સમાનતાને આગળ કરીને કોઇ કહેશે કે સ્ત્રી હોવાથી માતા પણ સ્વપુત્રનું વિષય-સુખનું સાધન કેમ ન બને ? અથવા તો કોઇ આથી ઊલટું કહેશે કે જેમ સ્ત્રી હોવાથી માતા પૂજ્ય છે તેમ સ્ત્રી હોવાથી જ પત્ની પણ પૂજ્ય કેમ ન બને ? શું આ વાત તમને મંજૂર

છે? જો ના. તો પછી પ્રાણ્યંગ તરીકેની સમાનતાને આગળ કરીને ઓદનની જેમ માંસને પણ ભક્ષ્ય કેમ કહી દો છો? [૬] **આપ્તવચન** એટલે ભક્ષ્યાભક્ષ્ય વિભાગ અનુમાનોથી ન કરી **જ પ્રમાણ** હોતાં બુધપુરુષોએ આપ્તવચન અને વિશિષ્ટ બુદ્ધિમાન્ પુરુષોને અનુલક્ષીને જ કોઈ પણ વાત કરવી જોઈએ. જો તેમ ન કરવામાં આવે તો પરંપરાથી ચાલી આવતી લોકરૂઢિનો તિરસ્કાર કરવા વગેરે સ્વરૂપ પક્ષદોષો આવીને ઊભા રહે.

જે લોકો શાસ્ત્ર અને લોકને અનુલક્ષીને કોઈ પણ વાત કરે છે તેઓ જ સાચા બુદ્ધિમાન્ પુરુષો છે.

શાસ્ત્રથી કે લોકરૂઢિથી વિરુદ્ધ વિચાર કરનાર તો ભૂતના વળગાડવાળો-એલફેલ બોલનારો કહેવાય!

એવું નીતિવાક્ય છે કે જે લોકો સજ્જનોના માર્ગે ચાલે છે તેમનું તેજ સૂર્યની જેમ વધતું જાય છે. જ્યારે મન ફાવે તે રીતે વર્તનાર માણસનું તો વાયુની જેમ જાણે અસ્તિત્વ જ મટી જાય છે. ખરી વાત તો એ છે કે જેમને બૌદ્ધોએ રાગદ્વેષ વિનાના માન્યા છે તે બુદ્ધે કહેલા શાસ્ત્રમાં પણ માંસને અભક્ષ્ય કહ્યું છે.

એક રાક્ષસને નમાવવા માટે—તથાગતબુદ્ધ લંકામાં આવ્યા હતા એ વાત જે લંકાવતાર સૂત્રમાં આવે છે ત્યાં કહ્યું છે કે પ્રાણ્યંગમાંથી ઉત્પન્ન થએલું શંખચૂર્ણ વગેરે અજ્ઞાનતાથી પણ ખાવું નહિ.

જ્યારે આ જ સર્વમાન્ય વસ્તુસ્થિતિ છે ત્યારે માંસને ભક્ષ્ય સાબિત કરવાનો અનુમાન પ્રયાસ બિલકુલ નિરર્થક ઠરી જાય છે.

# માંસભક્ષણ દૂષણ-અષ્ટક

[૧૮]

अन्योऽविमृश्य शब्दार्थं न्याय्यं स्वयमुदीरितम् ।
पूर्वापरविरुद्धार्थमेवमाहात्र वस्तुनि ॥१॥

બૌદ્ધની દૃષ્ટિએ માંસભક્ષણની દુષ્ટાદુષ્ટતાને આપણે વિચાર કરી ગયા હવે વૈદિકોની દૃષ્ટિએ પણ માંસભક્ષણ દુષ્ટ છે તે વાત આપણે જોઈએ.

એ લોકો ન માંસભક્ષણે દોષઃ વાકયને ખોટો અર્થ ઠોકી બેસાડે છે પરન્તુ એ અર્થ એમના જ શાસ્ત્રના બીજા ન્યાયી વિધાનોથી વિરુદ્ધ જાય છે.

न मांसभक्षणे दोषः न मद्ये न च मैथुने ।
प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला ॥२॥

માંસભક્ષણમાં, મદ્યપાનમાં કે મૈથુનમાં કોઇ દોષ નથી કેમકે આ તો જીવોની પ્રવૃત્તિ જ છે. નિવૃત્તિ તો મહાફળ દેનારી છે.

मां स भक्षयितामुत्र यस्य मांसमिहादम्यहम् ।
एतन्मांसस्य मांसत्वं प्रवदन्ति मनीषिणः ॥३॥

એ જ શાસ્ત્રમાં માંસ શબ્દની બુદ્ધિમાન્ પુરુષોએ નિરુક્તિ કરતાં કહ્યું છે કે જેનું માંસ હું આજે ખાઉં છું તે મને (માં સઃ) ભવિષ્યમાં ખાશે.

इत्थं जन्मैव दोषोऽत्र न शास्त्राद्बाह्यभक्षणम् ।
प्रतीत्यैष निषेधश्च न्याय्यो वाक्यान्तराद्गतेः ॥४॥

આમ માંસભક્ષણ કરનારને બીજાના ભક્ષ્ય તરીકે થવા જે જન્મ લેવો પડે છે તે જ માંસભક્ષણમાં દોષ છે.

પ્રશ્ન....ના....જે માંસભોજનનું શાસ્ત્રમાં વિહિત તરીકે પ્રતિપાદન છે તે જ માંસભક્ષણમાં દોષ નથી. તે સિવાયના માંસ- ભક્ષણમાં તો દોષ છે જ. આ વાત શાસ્ત્રના જ અન્ય વાકય (નીચેના શ્લોકમાં તે વાકય છે) થી સાબિત થાય છે.

प्रोक्षितं भक्षयेन्मांसं ब्राह्मणानां च काम्यया ।
यथाविधि नियुक्तस्तु प्राणानामेव वाऽत्यये ॥५॥

બ્રાહ્મણોની ઇચ્છાથી, ગુર્વાદિના કહેવાથી વિધિપૂર્વક, અને પ્રાણનાશની આપત્તિના સમયે મન્ત્રિત માંસ ખાવું જોઇએ.

अत्रैवासावदोषश्चेन्निवृत्तिर्नास्य सज्यते ।
अन्यदाऽभक्षणादत्राभक्षणे दोषकीर्त्तनात् ॥६॥

ઉત્તર–જો પ્રોક્ષિતમાંસ ખાવામાં કોઇ દોષ જ ન હોય તો તેની નિવૃત્તિને અવકાશ જ રહેતો નથી. અપ્રોક્ષિતમાંસના ભક્ષણની તો પ્રાપ્તિ જ નથી એટલે તેની પણ નિવૃત્તિ શકય નથી રહેતી. વળી પ્રોક્ષિતમાંસ તો જો ન ખાય તો દોષ લાગે તેમ કહ્યું છે.

यथाविधिनियुक्तस्तु यो मांसं नात्ति वै द्विजः ।
स प्रेत्य पशुतां याति सम्भवानेकविंशतिम् ॥७॥

ગુરુએ પ્રેરેલો જે વિપ્ર પ્રોક્ષિતમાંસ ન ખાય તેને મરીને એકવીશ વાર પશુયોનિમાં જન્મ લેવો પડે છે.

पारिव्राज्यं निवृत्तिश्चेद्यस्तदप्रतिपत्तितः ।
फलाभावः स एवास्य दोषो निर्दोषतैव न ॥८॥

પૂ. પક્ષ–ગૃહસ્થાશ્રમમાં તો પ્રોક્ષિતમાંસભક્ષણની પ્રાપ્તિ જ છે પણ જ્યારે વિપ્ર સંન્યાસ લે છે ત્યારે તેવા ભક્ષણની પણ નિવૃત્તિ શકય થાય છે. આવી નિવૃત્તિ મહાફલા બને છે.

ઉ–પક્ષ–વાહ, તો તો સંન્યાસ લેવાથી અભ્યુદયાદિ જે ગુણો પ્રોક્ષિતમાંસભક્ષક ગૃહસ્થને પ્રાપ્ત નહિ થાય તો ગુણોની અપ્રાપ્તિ રૂપી દોષ તો પ્રોક્ષિતમાંસભક્ષણમાં રહ્યો જ ને? આમ પ્રોક્ષિતમાંસભક્ષણ નિર્દોષ તો નથી જ સિદ્ધ થતું.

**વિવેચના :**

સત્તરમા અષ્ટકમાં ધર્મવાદ દ્વારા એ વાત સ્થિર થઇ ગઇ કે લોકના અને શાસ્ત્રના વિરોધને લીધે માંસ ખાવું જોઈએ નહિ.

**બ્રાહ્મણો સાથે માંસભક્ષણ વિચારણા** બૌદ્ધોને આ જવાબ આપ્યા પછી હવે આપણે બ્રાહ્મણોની સાથે આ વાતની વિચારણા કરીશું. કેટલાક બ્રાહ્મણો માંસને ભક્ષ્ય માને છે. અને તે માટે તેમને માન્ય ભગવાન્ મનુનો શ્લોક પણ રજૂ કરે છે. પરન્તુ એ શ્લોકનો એ લોકો જે અર્થ કરે છે તે બે રીતે સંગત થતો નથી.

એક તો 'માં' 'સ' શબ્દની નિરુક્તિ જ એવી છે કે તે માંસભક્ષણનો નિષેધ કરી દે છે. એમના જ શાસ્ત્રમાં આ શબ્દની નિરુક્તિ કરતાં મનુએ કહ્યું છે કે માં = મને, સઃ = તે, ભવિષ્યમાં ખાશેઃ જો આજે તેનું માંસ હું ખાઇશ તો.

હવે આ રીતે 'માં સ ભક્ષયિતા....'શ્લોકથી માંસભક્ષણનો નિષેધ કરવામાં આવ્યો છે તો પછી આ અર્થની વિરુદ્ધ જતો અર્થ બીજા કોઈ શ્લોકનો કેમ કરી શકાય? એક જ શાસ્ત્રના બે શ્લોકોના પરસ્પર વિરોધી અર્થ ન હોવા જોઈએ. કાં તો એ વિરોધનો પરિહાર કરવો જોઇએ, કાં તો એ શાસ્ત્રને અપ્રમાણ કહેવું જોઈએ.

'**न मांसभक्षणे दोषः।**' શ્લોકથી જો એવો અર્થ કરવામાં આવે કે, '**માંસભક્ષણમાં દોષ નથી**' તો માં સ ભક્ષયિતા.... શ્લોકના અર્થ સાથે સ્પષ્ટ વિરોધ આવીને ઊભો રહે.

ગમે તેમ હોય પણ કેટલાકો આવો પરસ્પર વિરોધી અર્થ કરે છે એ હકીકત છે. [૧]

**न मांसभक्षणे दोषः।** ઇત્યાદિ પદોનો અર્થ કરતાં તેઓ કહે છે કે માંસ ખાવામાં પાપકર્મના બન્ધ સ્વરૂપ દોષ નથી.

આપણે તો અહીં એ શ્લોકના બીજા વગેરે ચરણોની વાત સાથે નિસ્બત નથી છતાં પ્રસંગત: એનો પણ અર્થ જાણી લઈએ. એ શ્લોકના બીજા વગેરે ચરણોનો અર્થ એવો કરવામાં આવ્યો છે કે દારૂ પીવામાં પણ દોષ નથી મૈથુન સેવવામાં દોષ નથી કેમકે માંસ ખાવું, દારૂ પીવો કે મૈથુન સેવવું એ તો જીવમાત્રની પ્રવૃત્તિ છે. હા, આવી પ્રવૃતિથી નિવૃત્ત થવામાં આવે તો તે મોટું ફળ જરૂર આપે. (૨)

**નિરુક્તાર્થ:** હવે ખાપણે માંસભક્ષણનો નિષેધ કરતો 'માં સ ભક્ષયિતા....' શ્લોકનો અર્થ જોઈએ.

જે જીવના શરીરને આજે હું ખાઉં છું તે જીવ મને જન્માન્તરમાં જરૂર ખાશે.

શબ્દની નિરુક્તિ કરવામાં કુશળ માણસોએ માંસ શબ્દની આવી નિરુક્તિ કરી છે. (૩)

હવે જ્યારે આ શ્લોકથી માંસભક્ષણ કરનારને ફરી જન્મ લેવો પડે છે એ વાત નક્કી થઈ જાય છે ત્યારે ફરી જન્મ લેવો પડે એ જ માંસભક્ષણનો મોટો દોષ સાબિત થઈ જાય છે. બીજા દોષો શોધવા જવાનું કામ જ શું છે? એટલે 'न मांसभक्षणे दोषः ।' શ્લોકથી એવું તો કેમ કહી શકાય કે માંસભક્ષણમાં દોષ જ નથી?

પૂ. પક્ષ– નહિ.....આ વાત બરોબર નથી.

માંસભક્ષણમાં 'પુનર્જન્મપ્રાપ્તિ' નો તમે દોષ કાઢો છો તે બરોબર નથી કેમકે જો માંસભક્ષણમાં દોષ હોય તો न मांस भक्षणे दोषः । કેમ કહ્યું છે?

એટલે આ બે ય વાતને સંગત કરવા માટે એમ જ કહેવું જોઇએ કે શાસ્ત્રોક્તમાંસ ભક્ષણથી. અન્ય જે માંસભક્ષણ એમાં પુનર્જન્મની પ્રાપ્તિસ્વરૂપ દોષ છે અને શાસ્રોકત માંસભક્ષણમાં દોષ

નથી. એટલે 'માં સ ભક્ષયિતા શ્લોકથી માંસશબ્દની નિરુક્તિ દ્વારા માંસભક્ષણનો નિષેધ પણ શાસ્ત્રબાહ્ય માંસભક્ષણના નિષેધ પરક લઈ લેવો અને શાસ્ત્રીય માંસભક્ષણમાં દોષ નથી એ વાત સ્વીકારીને ન માંસભક્ષણે દોષ....શ્લોકની સંગતિ કરી લેવી જોઇએ.

પ્ર–શું શાસ્ત્રમાં કોઈ પણ પ્રકારના માંસભક્ષણની સંમતિ આપી છે?

ઉ–હા. 'માં સ ભક્ષયિતા' એવું જેમ માંસભક્ષણ નિષેધ-પરક વાક્ય છે તેમ 'પ્રોક્ષિત' ભક્ષયેન્માંસં' એવું પણ એક વાક્ય છે. આવું વાક્યાન્તર હોવાને લીધે જ ઉપરોક્ત રીતે શાસ્ત્રીયમાંસ, અને શાસ્ત્રબાહ્યમાંસનો ભેદ પાડવો આવશ્યક છે.

હવે તે જ શાસ્ત્રોકત માંસભક્ષણનું પ્રતિપાદન વાક્ય જોઇએ.

**પ્રોક્ષિતમાંસ વિધાન** વેદ શાસ્ત્રમાં પ્રતિપાદિત કરેલા મન્ત્રોથી જે માંસ મન્ત્રપૂત કરવામાં આવે છે તે માંસને વૈદિકો પ્રોક્ષિત માંસ કહે છે.

વેદમાં કહ્યું છે કે બ્રાહ્મણે પ્રોક્ષિતમાંસ વિપ્રો માટે તૈયાર કરવું અને તેમને ભોજન કરાવ્યા પછી વધેલું તે માંસ તેમની અનુજ્ઞા મેળવીને ખાવું.

પરન્તુ આ માંસભક્ષણવિધિ તે તે શાસ્ત્રોકત વિધિ પૂર્વકની હોવી જરૂરી છે. યાગવિધિ, શ્રાદ્ધવિધિ, પ્રાઘુર્ણકવિધિ વગેરે અનેક પ્રકારની વિધિઓ છે.

પશુમેધ, અશ્વમેધાદિ યજ્ઞોનું વિધાન કરનારા શ્રદ્ધશાસ્ત્રોમાં કહેલી વિધિ યાગવિધિ છે.

અમુક માંસ માટે શ્રાદ્ધવિધિ આ પ્રમાણે છે કે જેમનું શ્રાદ્ધ કરવાનું હોય તે વ્યક્તિ નીચે કહેલા માંસના શ્રાદ્ધથી નીચે લખેલા માસ સુધી તૃપ્ત થઇ જાય છે.

ઘેંટાના માંસથી ૪ માસ
કબુતરના માંસથી ૫ માસ
બકરાના માંસથી ૬ માસ
હરણના માંસથી ૭ માસ
એણના માંસથી ૮ માસ
શુકર માંસથી ૯ માસ
વરાહ કે પાડાના માંસથી ૧૦ માળ
કાચબો કે સસલાના માંસથી ૧૧ માસ
અને ક્ષીરમિશ્રિત માંસથી ૧૨ માસ

**પ્રાઘુર્ણકવિધિ** યાજ્ઞવલ્કયે કહેલી પ્રાઘુર્ણકવિધિ આ રીતે છે કે શ્રોત્રિય આવે તો તેને મોટો પાડો કે બકરો વધેરીને આપવો.

આવી વિધિઓ વખતે વેદશાસ્ત્રમાં માંસભોજન વિહિત માનવામાં આવ્યું છે.

આ સિવાય જો ગુરુ માંસભોજન કરવાનું કહે તો પણ માંસ ભોજન વિહિત માનવામાં આવ્યું છે.

અને જો પોતાના પ્રાણનાશ થઇ જતા હોય તો તે પ્રાણોનો બચાવ કરવા માટે પણ માંસભોજનની આજ્ઞા કરવામાં આવી છે. કેમકે વેદમાં કહ્યું છે કે ગમે તેમ કરીને પણ આત્માનું રક્ષણ તો કરવું જ. [૫]

હવે આપણે આ ભયંકર વિધાનનો પ્રતિકાર જોઇએ.

**न मांसभक्षणे दोष :** એ શ્લોકનો પૂર્વપક્ષે એવો અર્થ કર્યો કે, "સામાન્યતઃ તો માંસભક્ષણમાં દોષ છે જ પરન્તુ શાસ્ત્રીય માંસભક્ષણમાં જ દોષ નથી."

પૂર્વપક્ષ તરફથી આવો પણ અર્થ થાય તો પણ તે સંગત નથી. કેમકે જો પ્રોક્ષિતમાંસ ખાવામાં દોષ ન હોય અને અપ્રોક્ષિતમાંસ ભક્ષણમાં દોષ જ હોય તો માંસભક્ષણનિવૃત્તિને

મહાફળ દેનારી કહી છે તે શી રીતે ઘટશે ? જો પ્રોક્ષિતમાંસ સિવાયનું માંસ તો ખાવાનું જ નથી તો પછી કોની નિવૃત્તિ મહાફળ દેનારી કહેવી છે? જેની પ્રાપ્તિ હોય તેની નિવૃત્તિ મહાફલા કહેવાય ને ? પણ અપ્રોક્ષિત માંસના ભક્ષણમાં દોષ કહી દીધો એટલે એ માંસભક્ષણની પ્રાપ્તિ જ નથી માટે તેની નિવૃત્તિની શકયતા જ ઊભી થતી નથી. એમ થતાં निवृत्तिस्तु महाफला વાકય નિષ્પ્રયોજન બની જાય છે.

પ્ર—પ્રોક્ષિતમાંસ ખાવાનું તો કહ્યું છે ને ? એટલે પ્રોક્ષિતમાંસની ખાવા દ્વારા પ્રાપ્તિ છે જ માટે તેની નિવૃત્તિ શકય બની જાય છે.

ઉ-અરે ! વેદમાં તો કહ્યું છે કે પ્રોક્ષિતમાંસ ન ખાય-તેની નિવૃત્તિ કરે-તો ઉલટો દોષ લાગે. [૬]

વેદમાં કહ્યું છે કે શાસ્ત્રમાં જે જે વિધિ કહેવામાં આવી હોય તે તે વિધિમાં જેને ગુરુ યોજે તો તે વિધિ આચરનાર વ્યક્તિ નિર્દોષ છે.

એટલે કે વિધિપૂર્વકનું માંસ ખાનાર નિર્દોષ છે. ઊલટું જે વિપ્ર વિધિવદ્માંસ ખાતો નથી તે મરીને એકવીસ વાર પશુયોનિઓમાં જન્મ પામે છે. [૭]

આમ બે વાત થઈ. અપ્રોક્ષિતમાંસ તો ખાવાનું જ નથી માટે તેની નિવૃત્તિની વાત જ ઉપસ્થિત થતી નથી. અને પ્રોક્ષિતમાંસ તો અવશ્ય ખાવું પડે માટે તેની નિવૃત્તિની પણ શકયતા ઊભી થતી નથી.

પૂ. પક્ષ-આ આપત્તિનું સમાધાન અમે આ રીતે કરીશું કે જયાં સુધી વિપ્ર ગૃહસ્થજીવન પાળે છે ત્યાં સુધી તો પ્રોક્ષિતમાંસ ખાવું એ જ તેનો ધર્મ છે પરન્તુ જયારે તે ગૃહસ્થાશ્રમ ત્યાગીને પરિવ્રાજક બને છે ત્યારે તે પ્રોક્ષિતમાંસનું ભક્ષણ પણ ત્યાગી

દેવામાં આવે છે. આમ ગૃહસ્થાશ્રમમાં જે પ્રોક્ષિતમાંસની પ્રાપ્તિ હતી તેની સંન્યસ્તાશ્રમ લેતાં નિવૃતિ શકય બની ગઈ. આ નિવૃત્તિ જ મહાફલા બને છે.

એટલે હવે 'નિવૃત્તિ ઘટતી જ નથી' એ આપત્તિ ઊભી રહેશે નહિ.

ઉ–પક્ષ સારું, તો ય માંસભક્ષણનો મોટો દોષ તો રહેવાનો જ.

વિપ્ર જયાં સુધી પરિવ્રાજક ન બને ત્યાં સુધી પરિવ્રાજક બનવા દ્વારા પ્રાપ્ત થતાં અભ્યુદયાદિ તેને પ્રાપ્ત નહિ જ થાય. ભલે તે ગૃહસ્થજીવનમાં રહીને પ્રોક્ષિતમાંસભક્ષણ કરશે. પણ જયાં સુધી તે માંસભક્ષણ ચાલુ રહેશે ત્યાં સુધી પરિવ્રાજક થવાશે નહિ, તેમ થતાં પરિવ્રજયાથી પ્રાપ્ય અભ્યુદયાદિ પ્રાપ્ત થશે પણ નહિ. આમ અભ્યુદયાદિના કારણીભૂત પ્રવ્રજયાની અપ્રાપ્તિ એ જ પ્રોક્ષિતમાંસભક્ષણનું મોટું દુષણ બની ગયું. પછી, 'પ્રોક્ષિતમાંસભક્ષણમાં દોષ નથી' એવું કેમ કહી શકાશે?

વળી બીજી પણ એક વિચારણા ઉપસ્થિત થાય છે કે નિવૃત્તિ કોની હોય? સાવદ્ય વસ્તુની? કે નિરવદ્ય વસ્તુની? કયી નિવૃત્તિ મહાફલા તમે કહો છો? જો પ્રોક્ષિતમાંસને નિરવદ્ય માનીને તેની નિવૃત્તિને મહાફલા કહેતા હો તો પરિવ્રજયા–સ્વીકાર પછી પરિવ્રાજકે એ નિરવદ્ય જીવનની પણ નિવૃત્તિ કરવી પડશે કેમકે નિરવદ્યની નિવૃત્તિને તમે મહાફલા કહો છો આ વાત તો તમને પણ ઈષ્ટ નથી.

હવે જો સાવદ્યની નિવૃત્તિને મહાફલા કહેતા હો તો તમે પ્રોક્ષિતમાંસભક્ષણની નિવૃત્તિને મહાફલા કહી એ ઉપરથી નિશ્ચિત થઈ જાય છે કે એ પ્રોક્ષિતમાંસભક્ષણ સાવદ્ય છે.

આમ પ્રોક્ષિત એવા પણ માંસનું ભક્ષણ સાવદ્ય બનીને સદોષ સાબિત થઇ જાય છે.

માટે न मांसभक्षणे दोषः વાકયથી જો તમે પ્રોક્ષિતમાંસભક્ષણમાં દોષ નથી એમ કહેતા હો તો તે વિધાન પણ તમારા જ મતે અયુકત ઠરી જાય છે.

# મદ્યપાન દૂષણ-અષ્ટક

[૧૯]

मद्यं पुनः प्रमादाङ्गं, तथा सच्चित्तनाशनम् ।
सन्धानदोषवत्तत्र न दोष इति साहसम् ॥ १ ॥

મદ્યપાન (૧) પ્રમાદનું અંગ છે (૨) શુભચિત્તનો નાશ કરનારું છે. અને (૩) સન્ધાનદોષવાળું છે છતાં મદ્યપાનમાં દોષ નથી એમ કહેવું એ તો મહાસાહસ કહેવાય.

किं वेह बहुनोक्तेन प्रत्यक्षेणैव दृश्यते ।
दोषोऽस्य वर्त्तमानेऽपि तथा भण्डनलक्षणः ॥ २ ॥

આ વિષયમાં વધુ તો શું કહેવું? પ્રત્યક્ષથી જ મદ્યપાનના દોષો—ખૂનખાર સંગ્રામ વગેરે—વર્ત્તમાનમાં જ દેખાય છે.

श्रूयते च ऋषिर्मद्यात् प्राप्तज्योतिर्महातपाः ।
स्वर्गाङ्गनाभिराक्षिप्तो मूर्खवन्निधनं गतः ॥ ३ ॥

શાસ્ત્રમાં પણ મદ્યપાનના દોષો (ચરિતકથામાં) જોવા મળે છે. કોઈ ઋષિ જ્ઞાનાદિ તેજના પુંજવાળા અને મહાતપસ્વી હતા છતાં સ્વર્ગાંગનાઓથી આકર્ષાએલા તે મદ્યપાન કરીને મૂર્ખ માણસની જેમ વિનાશ પામી ગયા.

कश्चिदृषिस्तपस्तेपे भीत इन्द्रः सुरस्त्रियः ।
क्षोभाय प्रेषयामास तस्यागत्य च तास्तकम् ॥ ४ ॥

विनयेन समाराध्य वरदाभिमुखं स्थितम् ।
जगुर्मद्यं तथा हिंसां सेवस्वाब्रह्म वेच्छया ॥ ५ ॥

स एवं गदितस्ताभिर्द्वयोर्नरकहेतुताम् ।
आलोच्य मद्यरूपं च शुद्धकारणपूर्वकम् ॥ ६ ॥

मद्यं प्रपद्य तद्भोगान्नष्टधर्मस्थितिर्मदात् ।
विदंशार्थमजं हत्वा सर्वमेव चकार सः ॥ ७ ॥

ततश्च भ्रष्टसामर्थ्यः स मृत्वा दुर्गतिं गतः ।
इत्थं दोषाकरो मद्यं विज्ञेयं धर्मचारिभिः ॥ ८ ॥

કોઈ ઋષિએ તપ કર્યો તેથી ઈન્દ્ર ગભરાયો તેને ચલિત કરવા માટે દેવાંગનાઓને મોકલી. તેઓએ તેની પાસે જઈને વિનય પૂર્વક આરાધના કરી. ઋષિએ પ્રસન્ન થઈને વરદાન માંગવા કહ્યું. દેવીઓએ કહ્યું, ''તમારી ઇચ્છા મુજબ તમે મદ્યપાન કરો. હિંસા કરો કે અબ્રહ્મ સેવો. ઋષિએ વિચાર્યું કે હિંસા અને અબ્રહ્મ તો નરકના હેતુ છે માટે તેનું સેવન તો ન જ કરવું. મદ્યપાન જ સારું છે કેમકે તેના કારણરૂપ જે પાણી, ગોળ વગેરે છે તે તદ્દન નિર્દોષ છે.

ઋષિએ મદ્યપાન કર્યું કે તરત જ એની ચિત્તશુદ્ધિ નષ્ટ થઇ ગઈ. મદની શાન્તિ માટે તેણે બકરો માર્યો પછી તો તેણે બધા જ પાપ કર્યા.

ભ્રષ્ટસામર્થ્ય તે ઋષિ મરીને દુર્ગતિમાં ચાલ્યો ગયો.

ધર્માત્માએ મદ્યપાનને આ રીતે દોષદુષ્ટ જાણવું અને તેનો સદા માટે ત્યાગ કરી દેવો.

**વિવેચના :**

માંસભક્ષણમાં દોષ નથી' એ વિધાનનો પ્રતીકાર પૂર્વના અષ્ટકમાં થઈ ગયો.

હવે મદ્યપાનમાં દોષ નથી એ વિધાનનું નિરાકરણ જોઈએ.

જે વસ્તુ ચિત્તમાં નશો ઉત્પન્ન કરે તે દારૂ વગેરે મદ્ય કહેવાય.

માંસ, સંસક્ત જીવોત્પાદની દૃષ્ટિએ અભક્ષ્ય છે જ્યારે મદ્ય મુખ્યત્વે ચિત્તને અત્યન્ત પ્રમાદી બનાવનારું હોવાથી અભક્ષ્ય છે. આથી મદ્યને જ પ્રમાદ કહેવાય છે.

**પાંચ પ્રમાદો** શાસ્ત્રમાં પાંચ પ્રકારના પ્રમાદ કહ્યા છે (૧) મદ્ય (૨) વિષય (૩) કષાય (૪) નિદ્રા (૫) વિકથા. આ પાંચે ય પ્રમાદો જીવને સંસારમાં ભમાવે છે. જ્યારે ચિત્ત નશામાં આવે છે ત્યારે એ ચિત્તના શુભ ભાવોનો નાશ થાય છે.

વળી પાણીમાં અનેક દ્રવ્યોના મિશ્રણથી મદ્ય બને છે એટલે જેમ અન્યત્ર જલમિશ્રિત દ્રવ્યમાં જીવોની ઉત્પત્તિ થાય છે તેમ અહીં પણ તેમ જ થાય છે. આવી જીવોત્પત્તિને સન્ધાનદોષ કહેવાય છે.

આવા અનેક દોષોવાળા મદ્યપાનમાં દોષ જ નથી એમ કહેવું એ તો ઉઘાડી ધિટ્ઠાઇ જ કહેવાય.

કેટલાક વળી એમ પણ કહે છે મદ્યમાં ભલે જલમિશ્રિત દ્રવ્યોનું સન્ધાન (યોજન) થાય છે પરન્તુ જેમ કાંજીમાં પણ જલ સાથે બીજા દ્રવ્યોનું સન્ધાન હોવા છતાં સન્ધાનવત્ કાંજી દોષયુક્ત ગણાતી નથી તેમ મદ્ય પણ સન્ધાન દોષવાળું ગણી શકાય નહિ. આમ મદ્યપાન નિર્દોષ છે.

આવું જે લોકો કહે છે તે તેમનું ભારે સાહસ જ પ્રગટ કરે છે. કેમકે ચિત્ત ભ્રમ કરી નાંખે તેવા અનેક કારણો મદ્યપાનમાં

પડેલા છે. એ કારણો પ્રત્યક્ષ જોવા મળે છે છતાં મદ્યપાનને નિર્દુષ્ટ કહેવું એ તો આશ્ચર્ય જ ગણાય.

**મદ્યપાનના દૂષણો** કહ્યું છે કે મદ્યપાનથી વિરુપતા, રોગિષ્ટ શરીર, સ્વજનપરિભવ, કર્તવ્યનો અને કાળનો અતિક્રમ, વિદ્વેષ, બુદ્ધિનાશ, સ્મૃતિભ્રંશ, મતિભ્રંશ સજ્જનોનો વિયોગ, કઠોરતા, નીચ માણસોની સંગતિ, હલકા કુળ અને દુષ્ટ બળો જેવા આચારની પ્રાપ્તિ, ધર્માદિક પુરુષાર્થની હાનિ એ ૧૬ દોષ ઉત્પન્ન થાય છે. [૧]

રે ! આ વિષયમાં તો શું વધુ કહેવું ? મદ્યપાન એ પ્રમાદાદિનું કારણ છે એ વાત ભૂતકાળમાં દ્વારકાદાહાદિના પ્રસંગોએ તો સિદ્ધ કરી જ આપી છે પરન્તુ વર્ત્તમાનકાળમાં પણ મદ્યપાનજનિત સંગ્રામાદિ દોષો પ્રત્યક્ષતઃ ક્યાં જોવા નથી મળતા ?

સંગ્રામો પણ કેવા ? દારૂ ઢીંચીને અભિમાનયુક્ત બેફામ વચનોના પ્રયોગોવાળા ! મારો 'મારો' કરતાં શસ્રો સાથે દુશ્મનો ઉપર તૂટી પડતાં સૈન્યવાળા અને હજારો સૈનિકોની લાશોને રણમાં રગદોળતા ! (૨)

રે ! પુરાણકથામાં ય મદ્યપાનના દોષો સાંભળવા મળે છે. આઠ પ્રકારના આધ્યાત્મિક તેજ પુંજનો સ્વામી, મહાતપસ્વી પણ દેવાંગનાઓના મોહપાશમાં તણાઈ ગયો અને મૂર્ખ માણસની જેમ બેહાલ દશામાં મૃત્યુ પામ્યો.

જાણવી છે એ ઋષિવરની કરુણ કહાણી ? સાંભળો ત્યારે. (૩)

**મદ્યપાને મુનિ-પતન** એ હતો એક ઋષિ. ભયંકર જંગલમાં એ રહેતો. અને ઘોર-ઉગ્ર તપ તપતો. એક હજાર વર્ષ વહી ગયા.

હજાર હજાર વર્ષના ઘોરતપની જ્યારે ઈન્દ્રને ખબર પડી ત્યારે તે ખરેખર ખૂબ જ ગભરાઈ ગયો ! તેને થયું, " નક્કી,

ઘોર તપથી ઉત્પન્ન થએલા સામર્થ્ય વડે આ ઋષિ મને મારા સિંહાસન ઉપરથી ઉથલાવી દેશે. જરૂર કાંઈક ઉપાય તો કરવો જ જોઈએ."

ગંભીરચિત્તે વિચાર કરતાં ઈન્દ્રને એક યુક્તિ સૂઝી આવી. તેણે દેવલોકની શ્રેષ્ટતમ રૂપસુન્દરીઓ-તિલોત્તમા વગેરેને બોલાવ્યા. તેમને કહ્યું, "હમણાં ને હમણાં તમે મર્ત્યલોકમાં જાઓ. અને પેલા ભીષણ વનમાં ઘોર તપ તપતાં ઋષિને એના તપ ધ્યાનથી ચલિત કરી દો."

"તથાસ્તુ" કહીને દેવીઓ મર્ત્યલોકમાં આવી. પણ કેમે ય કરીને તે ભયાનક વનમાં તેમનાથી પ્રવેશ થઇ શકતો નથી. ઋષિના તિગ્મતપનો જ એ અનુભાવ હતો.

"કાંઈ વાંધો નહિ." તિલોત્તમા સ્વગત બોલી. એણે વનની બહાર જ અલબેલો નાટારંભ ખડો કરી દીધો.

અંજલિબદ્ધ નમસ્કાર કરીને રૂપસુન્દરીઓએ મુનિને અભિવાદન કર્યું. અને પછી ઋષિના ગુણોથી ગર્ભિત ગીતો સાથે અપૂર્વ નૃત્ય આરંભી દીધું.

ઋષિ ચલાયમાન થયા.

પોતાના ગુણોના અપૂર્વ આહ્લાદક શ્રવણથી અને રૂપ-સુન્દરીઓની અદ્ભુત નૃત્યકળામાં આરપાર ઊતરી ગએલી લવણિ-માના દર્શનથી. ઋષિના ચિત્તમાં પેઠેલા એક જ ક્ષણના વિકારે મહાતપનું અસાધારણ બળ તોડી પાડયું.

વનમાં વ્યાપેલું તપના પરમાણુનું દુર્ભેદ્ય થર ભેદાઇ ગયું.

રૂપગર્વિતાઓ સડસડાટ કરતી પહોંચી ગઈ ઋષિની પાસે. ખૂબ જ વિનય સાથે ઋષિના ચરણોમાં પડી.

ભારે ચાતુરી સાથે તેમના ગુણ–કીર્ત્તન કર્યાં. બેહદ આનંદિત કરી મૂકયા ઋષિને.

ઋષિ રીઝે તો વર દે, રીસે તો શાપ દે. રીઝેલા ઋષિ વરદાન કરવા તત્પર થઇ જતાં બોલ્યા, "માંગો! માંગો! જે માંગો તે આપી દેવા તૈયાર છું."

બસ! રૂપગર્વિતાઓની ઇષ્ટ ઘડી આવી ચૂકી. હવે તક ચુએ તે બીજા.

તિલોત્તમાએ કહ્યું, 'જો પ્રસન્ન જ થયા હો તો અમે ઇચ્છીએ છીએ કે તમે ત્રણમાંથી ગમે તે એકનું સેવન કરો. કાં તો મદ્યપાન કરો, કાં તો નિર્દોષ પ્રાણિઓનો સંહાર કરો, કાં તો મૈથુન સેવો."

ઋષિ તો આ માંગણી સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. હવે શું કરવું? શેની પસંદગી કરવી?

તેમણે વિચાર કર્યો કે હિંસા તો સાક્ષાત્ નરકનું દ્વાર છે. અને મૈથુન? એ ય હિંસાનો જ ભાઇ છે ને?

એટલે આ બે ય વાતમાં તો હાજી ભણવી જ નથી.

હા, મદ્યપાનમાં કશો વાંધો લાગતો નથી. મદ્ય બને છે શેમાંથી?

પાણી, ગોળ, ધાતકીપુષ્પ વગેરેમાંથી જ ને? આ તો બધી નિર્દોષ વસ્તુઓ છે. આ વસ્તુઓના સેવનમાં કોઇ પાપ જણાતું નથી."

"રૂપસુન્દરીઓ! પ્રસન્ન થએલો આ ઋષિ મદ્યપાન કરવાની તમારી યાચનાને સહર્ષ મંજૂર કરે છે." ઋષિએ જાહેરાત કરી.

તિલોત્તમાદિ રૂપરમણીઓ પરસ્પર આંખ મટમટાવતી એક બીજાને જણાવવા લાગી, પાસા પોબાર પડી ગયા છે! હવે વાંધો નહિ.

મણિરત્ન જડિત સુવર્ણપાત્રમાં મદ્ય લાવવામાં આવ્યું.

અહા! શું તેની સુગંધ હતી! વનમાં ભમતાં ભ્રમરોના ઢગે ઢગ એની ચોમેર ગૂંજન કરવા લાગી ગયા.

દારૂ! અને તે ય કેવો? ગમે તેવા જિતેન્દ્રિય માનવની ઈન્દ્રિયોને અને ભ્રમરોને બહેકાવી મૂકે તેવો!

ઋષિએ મદ્યપાન કરી નાંખ્યું.

થોડી જ પળોમાં ચિત્ત માદક બની ગયું. નશો ચઢી ગયો. મતિ ભ્રષ્ટ થઈ ગઈ.

રૂપગર્વિતાઓ મરક મરક હસી રહી હતી. ઋષિના ધર્મ-જીવને છેલ્લો શ્વાસ છોડી દીધો હતો.

મદ્યપાનના નશાની શાન્તિ માટે રૂપગર્વિતાઓને કાંઈક કરવું જરૂરી જણાયું.

વનમાંથી એક બકરો પકડી લાવી. ઋષિના હાથમાં તરવાર મૂકી એક જ ઝાટકે બકરાના બે કટકા કરી નાંખ્યા.

"શાબાશ, શાબાશ." રૂપગર્વિતાઓ એકી સાથે બોલી ઊઠી.

દારૂ પીધેલો ઋષિ છાતી ફુલાવીને ઊભો રહ્યો. પછી તો તિલોત્તમાએ જે કાંઈ કહ્યું તે સઘળું આ ઋષિએ કર્યું.

રે? કરવાનું ન કહ્યું તો ય દારૂના ઘેનમાં કરી નાખ્યું.

ઋષિ તપોભ્રષ્ટ થયો.

ભોગ સેવીને સામર્થ્યભ્રષ્ટ થયો.

અંતે મૃત્યુ પામીને નારક ગતિમાં ચાલ્યો ગયો.

શાસ્ત્રો કહે છે, 'મદ્યપાન ખરાબ છે!'

પ્રત્યક્ષાનુભવ કહે છે, 'મદ્યપાન ખરાબ છે!' માટે કુશલ-ધર્મના આરાધકોએ મદ્યપાન કદી કરવું જોઇએ નહિ.

# મૈથુન દૂષણ—અષ્ટક

[૨૦]

रागादेव नियोगेन मैथुनं जायते यतः।
ततः कथं न दोषोऽत्र येन शास्त्रे निषिध्यते ॥ १ ॥

જૈનઃ-રાગથી જ મૈથુન-કર્મ ઉદ્ભવે છે. રાગ એ દોષ છે તો મૈથુનમાં દોષ કેમ નહિ ? શાસ્ત્રમાં દોષ-નિષેધ કેમ કર્યો છે ?

धर्मार्थं पुत्रकामस्य स्वदारेष्वधिकारिणः।
ऋतुकाले विधानेन यत्स्याद्दोषो न तत्र-चेत् ॥ २ ॥

પૂ. પક્ષ. : ધર્મ માટે પુત્રની ઈચ્છાવાળો અધિકારી પુરુષ, ઋતુકાળના સમયમાં વિધિપૂર્વક સ્વસ્ત્રી સાથે જે મૈથુનકર્મ કરે તેમાં દોષ નથી.

नापवादिककल्पत्वान्नैकान्तेनेत्यसङ्गतम्।
वेदं ह्यधीत्य स्नायाद्यदधीत्यैवेति शासितम्।

જૈન-નહિ. આ વાત ખરોખર નથી. "મૈથુન આપવાદિક-આચાર છે એમ કહીને તેમાં એકાન્તે દોષ નથી" એમ તમે જો કહો તો તે અસંગત કથન છે. તમે મૈથુનકર્મને આપવાદિક આચાર માનો છો કેમકે તમારા વેદમાં કહ્યું છે કે વેદપાઠ કરીને જ મૈથુનકર્મ પૂર્વનું સ્નાન કરવું.

स्नायादेवेति न तु यत्ततो हीनो गृहाश्रमः।
तत्र चैतदतो न्यायात्प्रशंसाऽस्य न युज्यते ॥ ४ ॥

'સ્નાન કરવું જ' એમ તો કહ્યું નથી, માટે મૈથુનકર્મ આપવાદિક આચાર છે એ નક્કી થાય છે. આ ઉપરથી આપ-વાદિક આચારવાળો ગૃહસ્થાશ્રમ હીન સાબિત થાય છે. એવા ગૃહાશ્રમમાં જે મૈથુનકર્મ છે તેથી તેની પ્રશંસા ન જ થઈ શકે.

अदोषकीर्त्तनादेव प्रशंसा चेत् कथं भवेत् ।
अर्थापत्त्या सदोषस्य दोषाभावप्रकीर्त्तनात् ॥ ५ ॥

પૂ. પક્ષ–'મૈથુનકર્મમાં દોષ નથી' એટલું જ કહ્યું છે, અને તેથી જ તેની પ્રશંસા થઈ છે.

જૈન–પણ પ્રશંસા થાય જ કેમ ? એક બાજુ એ કર્મને સદોષ સાબિત કર્યું અને તેમાં વળી દોષાભાવ કહેવો ?

तत्र प्रवृत्ति हेतुत्त्वात्त्याज्यबुद्धेरसंभवात् ।
विध्युक्तेरिष्टसंसिद्धरुक्तिरेषा न भद्रिका ॥ ६ ॥

મૈથુનકર્મમાં દોષ નથી' એ ઉક્તિ જ સારી નથી. કેમકે લોકોને તો મૈથુન ઈષ્ટ છે તેની આ ઉક્તિથી સિદ્ધિ થઈ જાય છે. ઈષ્ટ વસ્તુને શાસ્ત્રે જ કહી હોય ત્યારે તે વિધ્યુક્તિ બને. વિધ્યુક્તિમાં ત્યાજ્યબુદ્ધિ અસંભવિત છે અને પ્રવૃત્તિ અવશ્ય સંભવિત છે. આમ આ ઉક્તિ લોકોને સદોષ મૈથુનકર્મમાં પ્રવર્ત્તાવનારી બને છે.

प्राणिनां बाधकं चैतत्छास्त्रे गीतं महर्षिभिः ।
नलिकातप्तकणकप्रवेशज्ञाततस्तथा ॥ ७ ॥

વળી ભગવાન્ વર્ધમાનસ્વામીજીએ આ મૈથુનકર્મને પ્રાણીઘાતક કહ્યું છે. તેમણે રૂ ભરેલી નળીના રૂ ઉપર ચીનગારી અડાડતાં એકદમ થઇ જતાં રૂના નાશનું દૃષ્ટાન્ત આપ્યું છે.

मूलं चैतदधर्मस्य भवभावप्रवर्धनम् ।
तस्माद्विषान्नव–त्त्याज्यमिदं मृत्युमनिच्छता ॥ ८ ॥

મૈથુનકર્મ તો અધર્મનું મૂળ છે, સંસારભાવને વધારનારું છે. માટે મૃત્યુની અનિચ્છાવાળો જેમ વિષથી ભાગે તેમ સંસારભીરુએ મૈથુન-કર્મથી સદા દૂર રહેવું જોઇએ.

**વિવેચના :—**

'મૈથુન સેવવામાં દોષ નથી' એવી વાતનો પ્રતીકાર આ અષ્ટકમાં કરવામાં આવ્યો છે.

રાગ એટલે અભિષ્વઙ્ગ.

અથવા રાગ એટલે સ્નેહરાગ, વિષયરાગ અને દૃષ્ટિરાગ.

પતિ, પુત્ર વગેરે ઉપરનો સ્ત્રીનો રાગ તે સ્નેહરાગ.

પુંવેદના ઉદયરૂપ સ્ત્રીનો રાગ તે વિષયરાગ.

સ્વસ્વદર્શનનો કટ્ટર પક્ષપાત તે દૃષ્ટિરાગ.

મૈથુન એ વિષયરાગ (કામરાગ) સ્વરૂપ છે.

કામરાગ સ્વરૂપ મૈથુન, રાગ વિના સંભવતું જ નથી. કોઈ એમ કહેતો હોય કે હું અજાણતાં, અથવા તો અનાસક્તિ સાથે મૈથુન સેવન કરું છું તો તેને નિતાન્ત મૃષાવાદી સમજવો. કેમ કે રાગ વિના મૈથુન અસંભવિત છે. આથી જ બ્રહ્મચર્યવ્રતમાં કોઈ પણ અપવાદ દેખાડવામાં આવ્યો નથી.

**મૈથુન એકાન્તે હેય** શાસ્ત્રમાં કહ્યું છે કે જિનેશ્વરદેવોએ કોઈ પણ વાતનું એકાન્તે વિધાન કર્યું નથી તેમ કોઇ પણ વાતનો એકાન્તે નિષેધ કર્યો નથી. હા, મૈથુનસેવનનો એકાન્તે નિષેધ કર્યો છે. કેમ કે મૈથુનસેવન રાગ કે દ્વેષ વિના સંભવતું જ નથી.

કોઈ સ્ત્રી પ્રત્યેના રાગથી પણ તેની સાથે મૈથુન સંભવી શકે અથવા તો કોઇ સ્ત્રીનું જીવન બરબાદ કરી નાંખવાની ભયંકર દ્વેષવૃત્તિથી પણ બળાત્કારે મૈથુન સંભવી શકે.

**અપવાદ ક્યાં લાગુ થાય?** અપવાદનું તો ત્યાં જ વિધાન થઇ શકે જ્યાં કાયિક અસદ્રૂપ હોવા છતાં તે પ્રવૃત્તિ કરતાં મનની પવિત્રતાને અબાધિત રાખી શકાતી હોય.

હિંસા, જૂઠ, માયા વગેરે પાપો ઉત્સર્ગથી તો ન જ સેવાય પરન્તુ કેટલીકવાર જીવરક્ષાદિ કારણે કે શાસન માલિન્યાદિ દૂર કરવાના કારણે હિંસાદિ પાપો ન છૂટકે સેવવા પડે છે. આવા વખતે કાયાથી પાપ થતું હોવા છતાં મનને તે પાપથી બિલકુલ સ્વસ્થ રાખી શકાય છે. એની શુભપરિણતિ તદ્દન અબાધિત રાખી શકાય છે.

આમ જ્યાં પ્રવૃત્તિ પાપની દેખાવા છતાં પરિણતિ શુદ્ધ રહી શકતી હોય તો તે કાયિક પ્રવૃત્તિને અપવાદરૂપ માર્ગ કહેવાય.

બેશક, માર્ગ તો ઉત્સર્ગ જ કહેવાય. પરન્તુ ઉત્સર્ગને પામવા માટે ક્યારેક કાયિક અશુભ પ્રવૃત્તિને અપવાદમાર્ગ કહેવાય.

પણ જો બાહ્ય અશુભ પ્રવૃત્તિની સાથે મન પણ રાગાદિથી મલિન થઈ જતું હોય તો તે અશુભપ્રવૃત્તિને અપવાદ પણ ન કહેવાય. પછી તો તે ઉન્માર્ગ જ કહેવાય.

પુષ્ટાલંબનને લીધે સાધુને આધાકર્મી ભોજન પણ લેવું પડે. પરન્તુ એ વખતે એ ભોજનમાં એનો ચિત્તરસ ન રેડાય તો જ તે ભોજન–પ્રવૃત્તિને અપવાદમાર્ગરૂપ કહેવાય, અન્યથા તો તે ઉન્માર્ગ જ બની જાય.

ટૂંકમાં ઉત્સર્ગને પુનઃ પ્રાપ્ત કરી લેવાના લક્ષ સાથેની પુષ્ટાલંબન પ્રવૃત્તિ જ અપવાદ માર્ગ કહી શકાય. અન્યથા તે ઉન્માર્ગ જ બની જાય.

આ ઉપરથી સમજી શકાશે કે મન–વચન–કાયા, ત્રણેયની શુભ વૃત્તિ પ્રવૃત્તિનું ઔત્સર્ગિક જીવન જેટલું સરળ છે એટલું જ અપવાદ માર્ગની પ્રવૃત્તિનું જીવન કઠિન છે. જરાક મન મલિન બને કે અપવાદ માર્ગ ઉન્માર્ગ જ બની જાય.

જ્યારે આ વાત બરોબર સમજાઈ જશે ત્યારે બ્રહ્મચર્ય વ્રતમાં અપવાદ નહિ હોવાની વાત સુપેરે સમજાઈ જશે.

વિષય વિકારની તીવ્રતા વધી જાય ત્યારે જો તે વ્યક્તિને તે વિકારની શાન્તિ માટે અબ્રહ્મસેવનની છૂટ આપવામાં આવે તો તે અબ્રહ્મસેવન વિકારમય ચિત્ત વિના તદ્દન અસંભવિત છે.

વિકાર વિના ઇન્દ્રિયની ઉત્તેજના અશકય છે. ઉત્તેજના વિના મૈથુનકર્મ અશકય છે.

ખુદ તીર્થંકરદેવોનો આત્મા કેમ ન હોય ? ગૃહસ્થ-જીવનમાં તે પણ જ્યારે સ્વપત્ની સાથે વિષયો ભોગવે ત્યારે ચિત્તને નિર્વિકાર સ્થિતિમાં સ્થિર કરી દે તે બિલકુલ અશકય બાબત છે. એમના જેવા અત્યન્ત વિરકત આત્માની પણ જ્યારે આ સ્થિતિ અનિવાર્ય છે ત્યારે બીજા આત્માઓની તો વાત જ શી કરવી ? નિર્વિકાર-ભાવથી વિષયસુખ ભોગવવાનું જો એ કહેતાં હોય તો એમને બેધડક રીતે નરદમ જૂઠા કહી દેવામાં મૃષાવાદનું પાપ જરા ય લાગે તેમ નથી.

બીજી વાત એ છે કે આ વિષયમાં ભોગથી શાન્તિ પ્રાપ્ત થતી જ નથી. અહીં તો જેમ જેમ એનો સંબંધ થાય તેમ તેમ એ વાસના વધુ ને વધુ પ્રજવલિત થતી જાય છે.

શિયાળાની કોઇ રાત્રે મુનિ ધ્યાનમાં ઉઘાડા શરીરે બેઠા હોય અને કડકડતી ઠંડીમાં ધ્રૂજવાના કારણે તેમનું ધ્યાન વારંવાર ચલિત થતું હોય તો તે એકાદ વસ્ત્ર ઓઢી લઈને ઠંડીના એ ધ્રુજારાથી નિવૃત્ત થઇ જઇને ધ્યાનમાં એકદમ સ્થિર થઈ શકે છે. પણ આવું વિષય સુખની બાબતમાં બનતું નથી.

ચિત્તમાં જાગેલો બેહદ વિકાર જો ધ્યાનાદિને ચલિત કરતો હોય તો ત્યાં એમ કદી ન કહી શકય કે એ વિકારને શાન્ત કરવાનું સાધન પ્રાપ્ત કરી લઈને વિકાર શાન્ત કરી દેવો જેથી ધ્યાનમાં ખૂબ સ્થિર થઈ શકાય.

આ વિકારને ભોગવવાથી શાન્ત કરવા જતાં ક્ષણભર

શાન્તિ ભલે લાગે પરન્તુ પછી તો એ સંયોગના દૃશ્યોની યાદ વિકારોની આગ જલાવે. ઇન્ધન બનીને વધુ ને વધુ પ્રજ્વલિત કરી મૂકે.

આમ બ્રહ્મચર્યવ્રતમાં અપવાદ નહિ હોવાની પાછળ મુખ્યત્વે બે હેતુ કહી શકાય. (૧) કાયિક અશુભ પ્રવૃત્તિ કરતી વખતે મન પવિત્ર રહી શકતું નથી. (૨) આ પ્રવૃત્તિ ચિત્તને ફરી નિર્વિકાર સ્થિતિમાં લાવી દેવાના ઉત્સર્ગને લાવી ન દેતાં ઉત્સર્ગમાર્ગથી વધુ ને વધુ વેગળી કરતી જાય છે.

અપવાદ તેને જ કહેવાય જ્યાં મનની વૃત્તિ સંપૂર્ણ સુંદર રહી શકતી હોય અને જ્યાં કાયાની અશુભ પ્રવૃત્તિ પણ પછી સાવ દૂર થઇ જતી હોય. બ્રહ્મચર્ય સંબંધમાં આ બે ય વાત બનતી નથી માટે અહીં અપવાદનું વિધાન કરવામાં આવ્યું નથી.

આ જ હેતુથી શાસ્ત્રમાં આત્મહત્યાનો નિષેધ કરવા છતાં બ્રહ્મચર્યવ્રતના રક્ષણ માટે આત્મહત્યાનું વિધાન કરવામાં આવ્યું છે.

નિકાચિત પાપકર્મના ઉદયે વિકારો શાન્ત થતાં જ ન હોય તો આત્મહત્યા કરી લેવી સારી પરન્તુ વિકારને આધીન ન થવું. મહાત્મા નંદિષેણ પણ આથી જ પર્વત ઉપરથી ઝંપાપાત કરવા ગયા હતા ને ?

સાધ્વી ઉપર કોઈ દુષ્ટ બલાત્કાર કરવા આવે તો તે વખતે તે સાધ્વીએ જીભ કચડીને આત્મહત્યા કરી લેવી પરન્તુ સામી વ્યક્તિના વિકારને વશ ન થવું.

પ્રશ્ન–રાગથી જ મૈથુન કર્મ થતું હોય તો ભલે તેમ થાય. તેમાં દોષ શું ?

ઉત્તર– શાસ્ત્રમાં રાગને દોષ કહ્યો છે માટે રાગથી થનારી ક્રિયા પણ દોષ જ કહેવાય.

જગતમાં જે કોઇ હિંસાદિ પાપો જન્મ આપે છે અને સુખના અર્થી જીવોને જે કોઇ દુઃખ આવી પડે છે એ બધા ય પાપ અને દુઃખનું મૂળ કારણ જ છે.

જો જગતમાં રાગ–દ્વેષ જ ન હોત તો દુઃખ ક્યાં ય જોવા ન મળત! કોઇ સંતને સુખી જોઈને આશ્ચર્ય પણ ન થાત? રે! દરેક જીવ મોક્ષપદ પામી જાત!

પણ રાગાદિએ જ જીવોના સુખને ચીનગારી ચાંપી છે. એણે જ જગતમાં અંધાધૂંધી સર્જી છે.

દ્વેષ પણ રાગમાંથી જ ઉત્પન્ન થાય છે એ વાત આપણે પ્રથમ અષ્ટકની વિવેચનામાં જોઈ ગયા. એટલે સર્વપાપ અને સર્વદુઃખનું મૂળકારણ માત્ર રાગ છે એમ કહીએ તો જરા ય ખોટું નથી.

રાગથી જે કાંઈ થાય તે બધું ય કૂરહિંસાદિ કર્મ પાપ કહેવાય. રાગથી મૈથુનકર્મ થાય છે માટે તે પણ પાપ જ કહેવાય.

પ્રશ્ન તમે કહો છો કે મૈથુનકર્મ એ સદોષ છે કેમકે તે રાગજન્ય છે. આ અનુમાનની સામે અમારું એ કહેવું છે કે બધા જ મૈથુનકર્મ રાગજન્ય હોતા નથી. કેટલાંક મૈથુનકર્મ રાગ વિના પણ–ધર્મદષ્ટિએ–થતાં હોય છે. માટે આવા વિશિષ્ટ મૈથુનકર્મમાં કોઈ દોષ નથી એમ અમે 'ન મૈથુને દોષઃ' પદથી કહેવા માંગીએ છીએ.

જે મૈથુનકર્મ ધર્મ માટે જ થાય છે તેમાં દોષ નથી, જે મૈથુનકર્મ શાસ્ત્રવિહિત નીતિ મુજબ થતું નથી તે જરૂર સદોષ છે..

શાસ્ત્રમાં કહ્યું છે કે જેને પુત્રપ્રાપ્તિ થઈ નથી તેવા સ્ત્રીપુરુષની સદ્‌ગતિ સંભવિત નથી. કેમકે મૃતપિતાનું શ્રાદ્ધકર્મ પુત્ર જ કરી શકે. જો પુત્ર જ ન હોય તો પિતૃશ્રાદ્ધ કોણ કરે? મૃતવ્યક્તિનું શ્રાદ્ધ ન થાય તો તે મૃતવ્યક્તિ સદ્‌ગતિમાં જઇ શકે નહિ. એટલે સપુત્રની જ સગતિ થાય.

**અપુત્રસ્ય ગતિ ર્નાસ્તિ'** શાસ્ત્રમાં કહ્યું છે કે અપુત્રની પરલોકમાં

**વાકયનું સમર્થન**

સદ્‌ગતિ શકય નથી. સ્વર્ગલોક તો શકય નથી જ નથી. માટે જ સદ્‌ગતિ કામી આત્માએ પુત્રનું મુખ જોયા પછી જ સંન્યાસ ધર્મનો સ્વીકાર કરવો.

હવે જ્યારે આવું જ શાસ્ત્રવચન છે ત્યારે પુત્રપ્રાપ્તિનો ધર્મ કરવા માટે પુરૂષે સ્ત્રી સાથે મૈથુનકર્મ કરવું જ રહ્યું.

જરૂર પોતાની જ પરિણીતા સ્ત્રી સાથે તે કર્મ કરી શકાય. પરસ્ત્રી કે કુમારિકા સાથે તે કર્મ ન જ કરી શકાય કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે જે પુરૂષ પરદારાગમન કરે છે તે પોતાના આઠકુળને કલંકિત કરે છે; એટલું જ નહિ પરન્તુ એના દ્વિજત્વાદિના સંસ્કારોનો નાશ થાય છે અને એ માણસ જીવતો છતાં નપુંસક થઈને મરેલા જેવો બની રહે છે.

પ્રશ્ન: તો શું યતિને પણ પુત્રપ્રાપ્તિ આવશક છે?

ઉ–ના. જરાય નહિ. આ તો ગૃહસ્થજીવન જીવતા પુરૂષો માટેની જ વાત છે. પુત્રપ્રાપ્તિ વિના ગૃહસ્થ યતિ થઈ શકે જ નહિ.

વળી ગૃહસ્થ પણ પુત્રની પ્રાપ્તિ માટે જ મૈથુનકર્મ કરે છે. તે વિષયભોગના આનંદ માટે તો નથી જ કરતો એટલે સ્વસ્ત્રી સાથે પણ ગમે તે કાળે મૈથુનકર્મ ન કરે. કિન્તુ જે કાળે મૈથુનકર્મ કરવાથી ગર્ભાધાન શકય બને તે જ કાળે તે કર્મ કરે.

ગર્ભાધાનનો કાળ છે; સ્ત્રીનો આર્ત્તવસ્રાવ સ્વરૂપ ઋતુકાળ.

આ જ કાળે પુરુષ ઉક્ત ધર્માર્થ મૈથુનકર્મ કરે. આ સિવાયના કાળે તે કર્મ કરનાર માટે શાસ્ત્રમાં કહ્યું છે કે તે માણસને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે અને તેને ત્યાં હમેશ સૂતક રહે છે એમ સમજવું.

ઋતુકાલિક મૈથુનકર્મ પણ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક જ કરવું જોઈએ.

વિધિપૂર્વક, વિહિતકાલે, સ્વસ્ત્રી સાથે પુત્રપ્રાપ્તિનો ધર્મ કરવાની દૃષ્ટિએ મૈથુનકર્મ કરવામાં આવે તેમાં અમે કોઈ પાપ સમજતા નથી. કેમકે આવું મૈથુનકર્મ રાગજન્ય હોય છે એમ માનવા અમે તૈયાર નથી.

જેમ એક સાધુ શારીરિક વેદના જન્ય તીવ્ર ક્ષુધા વગેરે કારણે ભોજન કરે ત્યારે તેને માટે એમ ન કહી શકાય કે તે સાધુ લાલસાથી (રાગથી) ભોજન કરે છે. એ જ રીતે પ્રસ્તુતમાં પણ ઉક્ત ધર્માર્થ મૈથુનકર્મ કરનારો વૈષયિકસુખની લાલસાથી તે કર્મ કરે છે એમ ન કહી શકાય.

આવું શાસ્ત્રવિહિત જે મૈથુનકર્મ છે એમાં કોઇ દોષ નથી એમ 'ન મૈથુને દોષ: વાક્યથી અમે કહેવા માગીએ છીએ. હા. ભોગરાગજનિત મૈથુનકર્મમાં તો અવશ્ય દોષ છે.

એટલે અમારું કહેવું એ છે કે કોઇ પણ મૈથુનકર્મને તમે પક્ષ બનાવીને જો એમ સિદ્ધ કરવા માંગતા હો કે જે કોઈ મૈથુનકર્મ છે તે બધા જ પાપ છે કેમકે તમામ મૈથુન કર્મ રાગજન્ય જ હોય છે.... તો અમે આ અનુમાનની સામે પક્ષના એક દેશરૂપ—શાસ્ત્રવિહિત મૈથુનકર્મ—માં રાગજન્યત્વ હેતુની અસિદ્ધિ હોવાથી પક્ષૈક દેશમાં હેત્વસિદ્ધિ—ભાગાસિદ્ધિ નામનો હેત્વાભાસ દોષ આપીને તમારા અનુમાનને દુષ્ટ સાબિત કરીએ છીએ. [૨]

**એ વાક્યનો** જૈન-નહિ, આ વાત બરોબર નથી.
**પ્રતિવાદ** ધર્માર્થ મૈથુન નિર્દોષ છે એમ કહેવું તે યોગ્ય નથી. અમને સમજાવો કે આવું ધર્માર્થ મૈથુનકર્મ એ ઉત્સર્ગથી કર્તવ્ય છે કે અપવાદથી ?

પૂ. પક્ષ—અમે આવા વિશિષ્ટ મૈથુનકર્મને આપવાદિક આચાર (કલ્પ) માનીએ છીએ અથવા તો એમ કહીશું કે આવું વિશિષ્ટ મૈથુનકર્મ આપવાદિક પ્રવૃત્તિ જેવું (કલ્પ્ય) છે.

કલ્પ એટલે આચાર અથવા કલ્પ એટલે વિશિષ્ટ સદૃશ મૈથુનકર્મ આપવાદિક કલ્પ છે.

જે ઉત્સર્ગપ્રવૃત્તિ હોય તે સ્વરૂપતઃ જ નિર્દોષ હોય. જે પ્રવૃત્તિ સ્વરૂપતઃ નિર્દોષ ન હોય છતાં જે કોઈ વિધિ મુજબ કરવાથી નિર્દોષ બનતી હોય તો તે પ્રવૃત્તિને આપવાદિક કહેવાય.

માંસ ખાવાની ટેવવાળો ક્ષત્રિય સંન્યાસ સ્વીકારે અને પછી તેને તે માંસભક્ષણની ટેવ જો એવી સતાવતી રહે કે જેથી કાં તો તેને સંન્યાસ ત્યાગવો પડે કાં તો માંસ ખાવું જ પડે. તો હવે શું કરવું ?

આવા કારણસર તે આખો સંન્યાસ ધર્મ જ છોડી દે તે તો બરોબર નથી. માટે વૈદિક શાસ્ત્રમાં એવા સંન્યાસીને સંન્યાસધર્મના મહાગુણની રક્ષા કરવા માટે પોતાનું જ માંસ ખાવાની છૂટ આપવામાં આવી છે.

આવા સંયોગમાં સંન્યાસીને સ્વમાંસભક્ષણની જે રજા આપવામાં આવી છે તે અપવાદે જ સમજવાની છે પણ તેથી કાંઈ તે આપવાદિક પ્રવૃત્તિ સ્વરૂપતઃ નિર્દોષ સાબિત થતી જ નથી, સ્વરૂપતઃ તો તે સદોષ જ છે. આપવાદે સેવન કરવાથી જ તે નિર્દોષ છે.

જો માંસભક્ષણ સ્વરૂપતઃ પણ નિર્દોષ જ હોત તો માંસભક્ષણનું પ્રાયશ્ચિત્ત વિધાન શાસ્ત્રમાં ન જ કર્યું હોત પણ શાસ્ત્રમાં તેનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે માટે જ સાબિત થાય છે કે માંસભક્ષણ સ્વરૂપતઃ તો સદોષ જ છે.

જેને કોઇ વિશિષ્ટ ગુણની પ્રાપ્તિ કરવી છે તેને કોઈ દોષનું પણ આપવાદિક સેવન કરવું પડે છે.

આ જ રીતે મૈથુનકર્મ પણ સ્વરૂપતઃ તો સદોષ જ છે પરન્તુ જે ગૃહસ્થ કુમાર અવસ્થાના આરંભથી જ યતિધર્મનું પાલન કરવા માટે અસહિષ્ણુ છે તેણે પોતાના વિકારો અમર્યાદ ન બની જાય તે માટે લગ્ન કરીને એક સ્ત્રી સાથે મૈથુનકર્મ કરીને બાકીની સકળ સ્ત્રીઓ તરફ માતૃત્વ કે ભગિનીત્વ ભાવનો વિશિષ્ટ ગુણ પ્રાપ્ત કરવો જ જોઇએ. અથવા તો શાસ્ત્રવચન મુજબ પુત્ર પ્રાપ્તિ માટે એક સ્ત્રી સાથે મૈથુનકર્મ કરવામાં આવે તો વિશિષ્ટ ગુણની પ્રાપ્તિ માટે સેવાતું મૈથુન આપવાદિક પ્રવૃત્તિ સ્વરૂપ કહી શકાય. કહેવાનો ભાવ એ છે કે મૈથુનકર્મ સર્વથા સ્વરૂપતઃ નિર્દોષ તો નથી જ. જો તેમ જ હોત તો માટે ગૃહસ્થજીવન ત્યાગીને બ્રહ્મચારી–યતિ–જીવનનો શાસ્ત્રમાં ઉપદેશ શું કરવામાં આવત? પછી તો કુમાર જીવનથી જ યતિ બનવાનો શાસ્ત્રોપદેશ નિરર્થક જ બની જાત, અને ગૃહસ્થજીવન ત્યાગનો ઉપદેશ પણ અનર્થક થઈ જાત.

એટલે મૈથુનકર્મ સ્વરૂપતઃ તે સદોષ જ છે પરન્તુ જે મૈથુનકર્મ પુત્રપ્રાપ્ત્યાદિના ધર્માર્થ હોય છે તે તો તદ્દન નિર્દોષ છે કેમકે તે આપવાદિક કલ્પ છે–એમ અમારું કહેવું છે. જેમ ઉત્સર્ગતઃ જે નિર્દોષ હોય તેનું આસેવન પ્રાયશ્ચિત્તનો વિષય બનતું નથી તેમ જે ઉત્સર્ગતઃ દોષિત છતાં અપવાદપદે નિર્દોષ બની જાય તેનું પણ પ્રાયશ્ચિત્ત હોતું નથી. એટલે ધર્માર્થ મૈથુનકર્મ અપવાદપદે નિર્દોષ છે. તેના સેવનથી કોઇ પ્રાયશ્ચિત્ત આવતું જ નથી એવું અમારું મન્તવ્ય છે.

એટલે મૈથુનકર્મ સર્વથા દુષ્ટ છે એમ અમે માનતા નથી. જે ધર્માર્થ મૈથુનકર્મ છે તેમાં કોઇ દોષ નથી. આમ ન 'મૈથુને

દોષઃ' વાકયથી ધર્માર્થે આપવાદિક મૈથુનકર્મમાં કોઈ દોષ નથી એમ અમે માનીએ છીએ.

જૈન–ધર્માર્થ મૈથુનકર્મ પણ નિર્દોષ ન જ હોઇ શકે. હમણાં જ કહેવાઈ ગયું છે તેમ મૈથુનકર્મ રાગ વિના અસંભવિત જ છે. રાગ એ દોષ છે માટે રાગજન્ય મૈથુનકર્મ સદોષ જ છે. રાગ વિના લિંગવિકાર ન સંભવે. ભયભીત આદિ અવસ્થાની જેમ.

લિંગવિકૃતિ વિના મૈથુનકર્મ ન સંભવે.

મૈથુનકર્મ વિના ગર્ભાધાન ન સંભવે.

ગર્ભાધાન વિના પુત્રપ્રાપ્તિ ન સંભવે.

કદાચ તમે પુત્રપ્રાપ્તિને ધર્મ માની લો તો ય તેના મૂળમાં તો રાગભાવ છે જ માટે રાગભાવ યુકત મૈથુનકર્મ સદોષ જ હોય.

વળી મૈથુનકર્મમાં નવ લાખ સંમૂચ્છિંમ પંચેન્દ્રિય જીવોની તથા બીજા અસંખ્ય જીવોની હત્યાનો આરંભ થાય છે. સ્ત્રીનું લોહી અને પુરુષનું વીર્ય ભેગા થતાં જ તેમાં ઉકત જીવોનો ઉત્પાદ થાય છે. આમાંથી એક–બે કે ત્રણ જ જીવ બચી જાય છે. બાકીના બધાય નો નાશ થાય છે.

કાચની ગોળ નાની નળીમાં રૂ ભર્યું હોય અને પછી એને એક બાજુથી સળગાવતાં જેમ બધું ય રૂ સળગીને એકદમ ખાખ થઈ જાય છે તેમ મૈથુનકર્મમાં અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ બોલાઈ જાય છે.

વળી મૈથુન કર્મમાં સ્ત્રીના પરિગ્રહનું પણ ઘોર પાપકર્મ લાગે છે.

પરિગ્રહ એટલે મૂર્ચ્છા.

આમ સ્ત્રી પ્રત્યેના રાગ વિના, સ્ત્રીના સંગ્રહ વિના, અસંખ્ય જીવોની હત્યા વિના મૈથુનકર્મ સંભવિત નથી.

જે શ્લોકની આપણે વિવેચના કરી રહ્યા છીએ તે શ્લોકમાં 'नापवादिककल्पत्वात, પાઠ છે. પણ કેટલીક પ્રતોમાં 'आपवादिकक्कल्पत्वात्' એવો પણ પાઠ છે. ત્યાં પૂર્વપક્ષની વાતનો ઇન્કાર સૂચવતો 'ન' નથી. એવા પાઠમાં પૂર્વના શ્લોકવાકયની સાથે ચાલુ રહેતું આ વાકય સમજવું. જો નકાર હોત તો આ વાકય ઉત્તરપક્ષનું બની જાત પણ નકાર હોય ત્યારે પૂર્વશ્લોકની સાથે એક વાકય બની રહે. અને પછી નકારનો સૂચક ઈન્કાર આગળ આવતાં 'असङ्गतम्' પદથી જ સૂચવાઈ જાય છે એમ ઘટના કરવી.

જૈન–તમે લોકો ધર્માર્થ મૈથુનને આપવાદિક કેમ માનો છો? એને ઔત્સર્ગિક કેમ નથી કહી દેતા? શું તમારા શાસ્ત્રમાં ધર્માર્થ મૈથુનકર્મ કરવું જોઈએ એવું ઔત્સર્ગિક વિધાન નથી? ધર્માર્થ જે મૈથુનકર્મ છે તેને ઔત્સર્ગિક નહિ માનવાનો તમારો આગ્રહ શાસ્ત્રના કયા વચનના આધારે છે?

પૂ. પક્ષ–વેદમાં કહ્યું છે કે, "વેદનો પાઠ કરીને મૈથુનકર્મ કરવા પૂર્વેનું સ્નાન કરવું."

આ વેદવાકયની વ્યાખ્યા કરતાં વ્યાખ્યાતાઓએ વાકયમાં જ કારની યોજના કરતાં કહ્યું કે "વેદનો પાઠ કરીને જ પૂર્વોકત સ્નાન કરવું." વ્યાખ્યાતાઓએ એમ ન કહ્યું કે વેદનો પાઠ કરીને પૂર્વોકત સ્નાન કરવું જ." [૩]

જો મૈથુનકર્મપૂર્વનું સ્નાન, વેદપાઠ બાદ અવશ્ય કર્તવ્ય રૂપ–ઔત્સર્ગિક–હોત તો સ્નાન કરવું જ' એવી વ્યાખ્યા કરવામાં આવી હોત પરન્તુ તેમ ન કરતાં વેદપાઠ કરીને જ સ્નાન કરવું એમ કહ્યું એ સૂચવે છે કે મૈથુનકર્મ અને તત્પૂર્વીય સ્નાન ઔત્સર્ગિક નથી. આ વ્યાખ્યાથી તો એવો અર્થ થાય કે જો ધર્માર્થ મૈથુન કરવું હોય તો તેની પૂર્વનું સ્નાન વેદપાઠ કર્યા પછી જ કરવું. વેદપાઠ કર્યા વિના તે સ્નાન થાય જ નહિ.

આમ આ પાઠ ઉપરથી ધર્માર્થ મૈથુન ઔત્સર્ગિક નથી પરન્તુ આપવાદિક છે એમ સમજાય છે.

એટલે જ અમે કહ્યું કે મૈથુન તો સ્વરૂપતઃ સદોષ જ છે પરન્તુ આપવાદિક ધર્માર્થ મૈથુનમાં કોઇ દોષ નથી.

જૈન–હવે તમારી એ વાત સમજાઇ ગઇ કે તમે ધર્માર્થ મૈથુનને ઔત્સર્ગિક ન ગણતાં આપવાદિક કેમ ગણો છો ?

ભલે.... ગમે તે હોય પરન્તુ તે આપવાદિક ધર્માર્થ મૈથુન-કર્મ પણ રાગ વિના સંભવી શકતું જ નથી માટે તમામ મૈથુન કર્મ–ધર્માર્થ કે ભોગાર્થ–રાગજન્ય જ હોય છે અને તેથી તમામ મૈથુનકર્મ સદોષ જ હોય છે. આમ અમે જે અનુમાન કર્યું હતું કે મૈથુનકર્મ સદોષ છે કેમકે તે રાગજન્ય છે.... એમાં તમે ધર્માર્થ મૈથુનકર્મમાં રાગજન્યતાનો અભાવ કહીને ભાગાસિદ્ધિ દોષ આપેલો તે દૂર થઈ જાય છે. તેમ થતાં ધર્માર્થ મૈથુન પણ સદોષ સાબિત થઇ જાય છે. એટલે 'ન મૈથુને દોષઃ' એ વાકયમાં ધર્માર્થ મૈથુનમાં દોષ નથી એમ કહીને પણ બચાવ કરી શકતા નથી.

હવે મૂળ વાત ઉપર આવીએ.

તમે કહ્યું કે ધર્માર્થ મૈથુનકર્મ આપવાદિક છે; ઔત્સર્ગિક નથી કેમકે, "વેદપાઠ કરીને મૈથુનકર્મનું સ્નાન કરવું જ" એવું શાસ્ત્રવચન નથી.

આ વિધાન ઉપરથી હવે સાબિત થઈ જાય છે કે આપવાદિક પ્રવૃત્તિવાળો ગૃહસ્થાશ્રમ છે અને ઔત્સર્ગિક પ્રવૃત્તિવાળો યતિ આશ્રમ છે. એટલે યત્યાશ્રમની અપેક્ષાએ ગૃહસ્થધર્મ હીન સાબિત થયો. હવે આવા હીન કોટિના ગૃહસ્થાશ્રમમાં જ આપવાદિક (ધર્માર્થ) મૈથુનકર્મ થઇ શકે છે કેમ કે સ્ત્રીસંગ્રહ તો ગૃહસ્થાશ્રમ માં જ સંભવે તો હીનકોટિના ગૃહસ્થાશ્રમની ધર્માર્થ–મૈથુનકર્મ-

ની પ્રવૃત્તિની પ્રશંસા ન જ થઈ શકે. હીન આશ્રમની પ્રવૃત્તિ પણ હીન જ કહેવાય ને?

પ્રશ્ન.— રે (યત્યાશ્રમની અપેક્ષાએ) ગૃહસ્થાશ્રમ ભલે હીન ગણાય પરન્તુ ધર્માર્થ મૈથુન પ્રવૃત્તિ શી રીતે હીન ગણાય? કેમકે ગૃહસ્થ માટે તો શાસ્ત્રકારોએ જ તે પ્રવૃત્તિને ઉપાદેય ગણી છે. એમણે જ કહ્યું છે કે ' अपुत्रस्य गति र्नास्ति.'

જૈન-ભલે. પણ તમારા જ શાસ્ત્રમાં બીજી પણ એક વાત કહી છે કે, ' કુમાર અવસ્થાથી જ બ્રહ્મચારી બની ગયેલા લાખો વિપ્રો કુલની પરંપરા ચલાવ્યા વિના પણ સ્વર્ગમાં ગયા " કહો આ વાક્યનું શું કરશો?

એક બાજુ ' अपुत्रस्य गति र्नास्ति।' વાક્યથી પુત્રહીનની સંગતિનો નિષેધ કરો છો અને બીજી બાજુ લાખો કુમારબ્રહ્મચારીઓ (પુત્રહીણાઓ) સ્વર્ગે ગયા એમ કહો છો? આ વાતનો મેળ શી રીતે બેસે?

પૂ. પક્ષ- સારું. લાખો કુમારબ્રહ્મચારીઓ સ્વર્ગે ગયા એ વાત જો સાચી હોય અને અમારા-તમારા બન્ને ય દર્શનને માન્ય હોય તો ભલે તેમ જ હો.

પણ હવે એક પ્રશ્ન થાય છે કે અમારા શાસ્ત્રમાં એ વાક્યથી વિરોધી – अपुत्रस्य गति र्नास्ति। વાક્યનું વિધાન કેમ કરવામાં આવ્યું છે?

જૈન– આ વાક્ય તો બિલકુલ બરોબર છે પણ તમે તેનો અર્થ ખોટો કર્યો છે.

અપુત્ર એટલે પુત્રહીણો બાપ નહિ પરન્તુ કુપુત્રવાળો બાપ.

જેમ બુઠ્ઠા થઈ ગયેલા ચપ્પુને ચપ્પુ જ કહેવાતું નથી. પાણીને ઠંડું ન કરી શકતા ઘડાને ઘડો જ કહેવાતો નથી, કામ

નહિ કરતા નોકરને નોકર જ કહેવાતો નથી તેમ પિતાની સેવા નહિ કરતાં પુત્ર પુત્રને જ કહેવાતો નથી.

રીઢો ઘડો એ કુઘટ હોવાથી અઘટતુલ્ય કહેવાય છે.

બુઠ્ઠું ચપ્પુ એ કુચપ્પુ હોવાથી અચપ્પુતુલ્ય કહેવાય છે.

કામચોર નોકર એ કુનોકર હોવાથી અનોકરતુલ્ય કહેવાય છે તેમ બદમાશ પુત્ર એ કુપુત્ર હોવાથી અપુત્રતુલ્ય કહેવાય છે.

અપુત્રતુલ્ય કુપુત્રને અપુત્ર કહેવાય.

આવા કુપુત્રવાળા—અપુત્રવાળા-પિતાની સદ્ગતિ થઇ શકતી નથી એવો જ અર્થ કરીએ તો જ, 'લાખો કુમારબ્રહ્મચારીઓ સ્વર્ગે ગયા' એવા તમારા વેદવાક્ય જોડે સમન્વય થઈ શકે.

अपुत्रस्य गतिर्नास्ति-વાક્ય તો કુમારબ્રહ્મચારીની જ સદ્ગતિનો પરંપરયા બોધ આપે છે. આ વાકયનો બોધ એ છે કે કુમાર અવસ્થામાં જ બ્રહ્મચારી બનવું જોઈએ કેમકે તો જ સ્વર્ગે જવાય. જો કૌમાર્ય અવસ્થામાં લગ્ન કરીને ગૃહસ્થાશ્રમી બનવામાં આવે તો તે ગૃહસ્થાશ્રમમાં સુપુત્રની પ્રાપ્તિ થાય તો તો હજી કદાચ પિતા એ પુત્રને સંસારનો ભાર સોંપી દઈને યતિ થઇને સ્વર્ગમાં જઈ શકશે. પણ જો કુપુત્રની પ્રાપ્તિ થઈ તો એ આમરણ એવો ત્રાસ દેશે કે પિતાની સદ્ગતિ સંભવશે જ નહિ. હવે શું ખબર પડે કે લલાટમાં સુપુત્રની પ્રાપ્તિ લખાઈ છે કે કુપુત્રની પ્રાપ્તિ લખાઈ છે? આવી સંદિગ્ધ દશામાં તો જીવની એ જ ફરજ થઈ પડે છે કે તેણે કુમારબ્રહ્મચારી બની જવું જેમાં સ્વર્ગપ્રાપ્તિનું અસંદિગ્ધ ફળ મેળવી શકાય છે.

આમ 'अपुत्रस्य गतिर्नास्ति ।' વાકય પણ અંતતો ગત્વા કુમારબ્રહ્મચારી બનવાનો જ ઉપદેશ આપે છે. અને આ જ અર્થ-ઘટન યુક્તિસંગત છે કેમકે, તો જ વેદના બીજા વાકય સાથે વિરોધ ઊભો રહી શકતો નથી.

વેદવાક્યનો વિરોધ મિટાવવામાં ન આવે તો વિરોધી વાતોના બોધક વેદ અપ્રમાણ ઠરી જાય.

પૂ. પક્ષ- તો પછી પિતૃશ્રાદ્ધ કોણ કરે? પુત્ર પ્રાપ્તિ વિના મરેલા પિતાની સદ્ગતિ નથી થતી એનું શું?

જૈનં – આ વાત બિલકુલ યુક્તિબાહ્ય છે.

પુરુષ અપુત્ર હોય કે સપુત્ર હોય — એનું મૃત્યું થાય કે તરત જ .... કોઇને કોઈ સદ્ગતિ કે દુર્ગતિ પ્રાપ્ત કરી જ લે છે, જ્યાં સુધી એનું શ્રાદ્ધ ન થાય ત્યાં સુધી એવો કોઈ બગીચો નથી કે જ્યાં એ જીવો પણ રહેતા હોય અને શ્રાદ્ધ થઈ ગયા બાદ સદ્ગતિમાં જતા હોય, અને જો શ્રાદ્ધ ન થાય તો દુર્ગતિમાં રવાના થતા હોય.

જો એમ માનીશું તો પાપાત્મા પિતા પણ પુત્રના શ્રાદ્ધ માત્રથી સદ્ગતિ પામી જશે અને ધર્માત્મા પુરુષ, પુત્ર ન હોવાના કારણે શ્રાદ્ધ ન થતાં દુર્ગતિ પામી જશે.

જો આમ થાય તો પુણ્યકર્મ અને પાપકર્મોની ઉપાદેયતા અને હેયતાનો ઉપદેશ જ નહિ દેવાય. માત્ર શ્રાદ્ધને જ ઉપાદેય કહેવું અને શ્રાદ્ધાભાવને હેય કહી દેવો. આવું તો છે નહિ. તમે પણ અમારી માફક ઓઘથી પાપની હેયતા અને પુણ્યકર્મોની ઉપાદેયતા સ્વીકારી તો છે જ. માટે જ શ્રાદ્ધની પ્રવૃત્તિ યુક્તિબાહ્ય છે.

આ વાત સ્વીકારો તો જ શાસ્ત્ર:વચનનો વિરોધ ટળી જાય અને તાત્ત્વિક પદાર્થચિંતનની પ્રાપ્તિ થાય. [ ૪ ]

મૂળ વાત ઉપર આવી જતાં એટલું જ ટૂંકમાં અમારે કહેવાનું છે કે ધર્માર્થ મૈથુન પ્રવૃત્તિ પણ સદોષ સાબિત થઈ જાય છે માટે તેની પ્રશંસા ન જ થઇ શકે.

પૂ. પક્ષ- પણ 'ન દોષો મૈથુને' એવું મહર્ષિ મનુનું જે વચન છે એના આધારે જ અમે કહીએ છીએ કે ધર્માર્થ-

મૈથુનમાં દોષ નથી. હવે જ્યારે ધર્માર્થ મૈથુન કર્મ નિર્દોષ છે તો તેની પ્રશંસા પણ શા માટે ન કરવી? એ નિર્દોષ છે માટે જ અમે તેની પ્રશંસા કરવાનું યોગ્ય સમજીએ છીએ. બીજા કોઈ કારણે તેની પ્રશંસા કરવાનું યોગ્ય સમજતા નથી.

જૈન– જો આવું કહેશો તો તમારું આ વિધાન જ સદોષ બની જશે. હમણાં જ તમે વેદનો પાઠ આપીને કહ્યું કે 'વેદ-પાઠ કરીને મૈથુનકર્મનું સ્નાન કરવું જ એવી વ્યાખ્યા નહિ કરતાં વેદપાઠ કરીને જ એ સ્નાન કરવું' એવી વ્યાખ્યાતાઓની વ્યાખ્યા જ એમ સૂચવે છે કે મૈથુનકર્મ નિર્દોષ નથી પણ આપવાદિક છે.

એ ઉપરથી એ વાત ફલિત થઈ કે આપવાદિક મૈથુનકર્મ પણ રાગાદિ વિના સંભવિત નથી. શાસ્ત્રમાં રાગને દોષ કહ્યો છે માટે ધર્મમૈથુન પણ સદોષ સાબિત થઇ જાય છે.

હવે જ્યારે આ રીતે ધર્મમૈથુન અર્થાપત્તિ પ્રમાણથી સદોષ સાબિત થઈ જાય છે ત્યારે 'ન દોષો મૈથુને' એવા તદ્દન અપ્રામાણિક વાકયનો આધાર લઈને એનો યથાશ્રુત અર્થ પકડી લઈને ધર્માર્થ મૈથુનમાં નિર્દોષતા કહેવી અને પછી તેની પ્રશંસા કરવી એ બિલકુલ ઉચિત ન ગણાય.

શબ્દથી નીકળતા અર્થ કરતાં અર્થાપત્તિથી નીકળતો અર્થ હજાર ઘણો બળવાન્ છે.

આવા બળવાન્ પ્રમાણથી જે મૈથુનકર્મ સદોષ સાબિત થઈ ગયું તેને બીજા કોઇ પણ વાકયથી નિર્દોષ કહી શકાય જ નહિ. નિર્દોષતાપ્રતિપાદકવાકય જ અપ્રામાણિક કહેવાય.

**અર્થાપત્તિ પ્રમાણનું સ્વરૂપ** અર્થાપત્તિ પ્રમાણ કોને કહેવાય તે અહીં જોઈ લઈએ. દેવદત્તનો મિત્ર કહે છે કે, "મારો મિત્ર દેવદત્ત કદી દિવસે ખાતો નથી પણ છે તો જાડો લટ્ઠ."

આ વાક્ય ઉપરથી તરત જ સમજી શકાય કે દેવદત્ત કદી દિવસે તો ખાતો નથી અને છતાં છે જાડીઓ....તો જરૂર માનવું જ પડે કે તે રાત્રે ખાતો હોવો જોઈએ." આમ અર્થાપત્તિથી અર્થાત્-(શબ્દાત્ નહિ) સાબિત થઈ ગયું કે દેવદત્ત રાત્રે જરૂર ખાય છે.

હવે દેવદત્તની મા પણ જો કહે કે, "મારો દીકરો દેવદત્ત રાત્રે ખાતો નથી." તો આ વાક્યને સંપૂર્ણતઃ અપ્રામાણિક માની લેવું જ રહ્યું.

આ જ રીતે અર્થાત્ નિર્ણય થઇ ગયો કે ધર્માર્થ મૈથુનકર્મ પણ સદોષ છે ત્યારે, 'न दोषो मैथुने !' વાક્યનો અર્થ લઈને તેને નિર્દોષ કહી શકાય નહિ.

પૂ-પક્ષ-"સારું. અમે તેવાં મૈથુનકર્મની પ્રશંસા ન કરીએ પરન્તુ એટલું જ કહીએ કે તેવું-ધર્માર્થ મૈથુનકર્મ નિર્દોષ છે તો ? અમે કયાં તેની પ્રશંસા કરીએ છીએ ? છતાં તમે જો અમને કહો કે 'ધર્માર્થ મૈથુનકર્મની પણ પ્રશંસા કરવી જોઇએ નહિ, તો તે વાત તદ્દન ઢંગધડા વિનાની ગણાય."

જૈન-અરે ભાઇ! ભલે ને તમે સાક્ષાત્ પ્રશંસા ન કરો પણ ધર્માર્થ મૈથુનકર્મને નિર્દોષ તો કહ્યું ને? બસ ત્યારે. આ નિર્દોષતાના વિધાનથી જ તેની પ્રશંસા થઈ ગઈ! ભલે તમે સાક્ષાત્ શબ્દથી પ્રશંસા ન કરી, પણ મૈથુનકર્મના નિર્દોષ કીર્ત્તનનો જે અર્થ નીકળે છે તેનાથી તે મૈથુન કર્મની પ્રશંસા થઈ જાય છે. આમ અર્થાપત્તિથી સદોષને પણ દોષાભાવયુક્ત કહીને તમે પ્રશંસા કરી છે. માટે જ અમે કહ્યું છે કે ધર્માર્થ મૈથુનકર્મની પણ પ્રશંસા થઈ શકે જ નહિ.

ખરી વાત તો એ છે કે ધર્માર્થ મૈથુનમાં નિર્દોષતાનું કથન જ યુક્તિયુક્ત નથી, કે જેના કારણે તમે તેની પ્રશંસા કરવા ઉત્સુક થઈ ગયા છો. (૫)

શ્રી મનુએ કહેલા 'न मांस भक्षणे दोष:' ઈત્યાદિ શ્લોક-નો જો યથાશ્રુત અર્થ જ લેવાનો હોય તો માંસભક્ષણ, મદ્ય અને મૈથુનમાં નિર્દોષતાનું કથન એ તો આધ્યાત્મિક દુનિયામાં મનુની ખબર લઈ નાંખે એટલું ભયાનક કથન છે. અમારું તો એ સુસ્પષ્ટ મન્તવ્ય છે કે આવું કથન જરા ય સુંદર નથી કેમકે હમણાં જ જે ધર્માર્થ મૈથુનકર્મ પણ સદોષ સિદ્ધ થઈ ગયું છે, એમાં ય આવું કથન તો લોકોને પ્રવૃત્તિ કરાવવામાં જ કારણ બની જાય તેમ છે.

સદોષપદાર્થમાં પ્રાણિઓ પ્રવૃત્તિ કરવા લાગી જાય એવી ઉક્તિને સારી ન જ કહી શકાય.

જેમ કોઈ પણ ધર્મ કદી ન કહી શકે કે હિંસા એ નિ-ર્દોષ આચાર છે. જો કોઈ આવું કહે તો ભદ્રક લોકો હિંસામાં પ્રવૃત્તિ જ કરવા લાગી જાય.

એટલે જ્યારે મૈથુનવિશેષને તમે નિર્દોષ કહેશો ત્યારે લોકોને એવું તો નહિ જ થાય કે ધર્માર્થ મૈથુન પણ ત્યાજ્ય છે. આમ જ્યારે ત્યાજ્યબુદ્ધિ નહિ થાય ત્યારે તેઓ તરત જ તે મૈથુનકર્મમાં પ્રવૃત્તિ કરવા લાગી જશે.

જે લોકોને મનુના વચન ઉપર અનન્ય શ્રદ્ધા છે એ લોકો મનુની 'ન માંસભક્ષણે દોષ:' ઇત્યાદિ ઉક્તિમાં મૈથુનકર્મની નિર્દોષતા જાણશે એટલે 'મૈથુનકર્મ ત્યાજ્ય છે' એવી બુદ્ધિ તેમને થવાની જ નહિ. અને જ્યારે મૈથુનકર્મમાં અત્યાજ્યતાની બુદ્ધિ થશે ત્યારે તે લોકો તેમાં પ્રવૃત્તિ પણ અવશ્ય કરશે.

અહા! આ ઉક્તિનો કેવો ઉલ્કાપાત! મૈથુનમાં દોષ ન કહેવો અને ધર્માર્થ મૈથુનમાં પ્રવૃત્તિ કરવાની શાસ્ત્રોમાં વિધિ દેખાય. 'अपुत्रस्य गतिर्नास्ति' કહીને આવી વિધિને બળવાન્ બનાવી દેવી. અધૂરામાં પૂરું ભદ્રક લોકોએ મનુ ઉપર અનન્ય વિશ્વાસ મૂકી દીધો હોય. હવે બાકી શું રહે?

શાસ્ત્ર જેવું શાસ્ત્ર જ ધર્મરસિક આત્માઓને મૈથુનકર્મનું પોષણ આપી દે, પછી તેમાં કયો માણસ પ્રવૃત્તિ ન કરે ?

પ્રશ્ન–મનુએ તો માત્ર એટલું જ કહ્યું કે મૈથુનમાં દોષ નથી. એટલા માત્રથી એમાં લોકો પ્રવૃત્તિ કરવા લાગી જાય એમ તમે શી રીતે કહો છો ?

જૈન–રે ! એક બાજુ તો જીવમાત્રને અનાદિ કાળથી મૈથુનાદિ પાપોના સંસ્કાર જામ થઇ ગયા હોય અને બીજી બાજુ ધર્મશાસ્ત્રો જ એમાં નિર્દોષતાનું વિધાન કરતાં હોય પછી ભદ્રકજીવો તે પ્રવૃત્તિને વિધિવાક્ય જ કેમ ન માની લે ? જે શાસ્ત્રના આધારે પોતાનો આત્મવિકાસ જે લોકો સમજતાં હોય તે શાસ્ત્રમાં બતાડેલી તમામ વિધિને આચારમાં મૂકવા માટે અને તમામ નિષેધોને જીવનમાંથી જલાંજલી આપવા માટે તેઓ સદા કટિબદ્ધ જ હોય.

પછી મૈથુનકર્મને નિર્દોષ બતાડો એટલે તરત જ તે વિધિવાક્ય બની જાય. અને એવી વિધિમાં પ્રવૃત્તિ પણ થઇ જ જાય. ભોગરસિક જીવોને ભોગની વિધિ બતાડવી એ તો વાંદરાને દારૂ પાઇને ઠોંસો મારવા જેવું છે. એવો વાનર કયું તોફાન મચાવવામાં બાકી રાખે એ જ પ્રશ્ન થઈ પડે.

મન ગમતી વાત હોય અને તેને શાસ્ત્રકારોએ જ નિર્દોષ કહી હોય, પછી એ વાતને પકડી લેવામાં વાર કેટલી લાગે ?

રે ! અનાદિના પાપસંસ્કારો તો એવા છે કે શાસ્ત્રમાં જેને સદોષ કહેવામાં આવેલ હોય તેની સામે પણ આંખમીંચામણા કરાવીને આચરણા કરાવી દે છે, તો ખુદ શાસ્ત્રે જ નિર્દોષ ઠરાવેલા પાપોની આચરણામાં તો વાર જ શી લાગે ?

જે મૈથુનકર્મના આકર્ષણે ભલભલા રૂસ્તમો કહેવાતાં ય બકરી બની ગયા. બ્રહ્મા ઊડ્યા, વિષ્ણુ ઊડ્યા, મહેશ ડૂલ થયા.

ગૌતમાદિ ઋષિઓ પણ ગુલાંટ ખાઈ ગયા. તે જ મૈથુનકર્મને નિર્દોષ કહીને શું જગત્માં વિકારોને જ ભડકાવી દેવા છે! રે! અપવાદ માર્ગે પણ આ કર્મનું વિધાન થાય તેવું નથી. અપવાદનું કારણ રહી જશે બાજુ ઉપર, અને એકલું વિધાન પકડાઈ જશે.

જગત્માં એવો માડીજાયો તો કોક જ મળશે જેના મનોમન્દિરમાં કામિનીવિજેતાની મૂર્ત્તિ જ પધરાવવામાં આવી હશે. કામિનીની પ્રતિમાના ખંડ ખંડ ટૂકડા કરી નાંખ્યા હશે.

**કામાગ્નિની ભયંકરતા** જો દૂધ દેખીને બિલ્લી સ્થિર રહી શકે તો જ સ્ત્રી જોઇને પુરુષ સ્થિર રહી શકે.

યૌવનના ઉંબરે આવીને ઊભેલો છતાં વિકારનો પડછાયો પણ ન જોયો હોય એવા આ વિકારી-કાળમાં કેટલા શોધ્યાં જડશે?

જૈનદર્શનમાં તો મૈથુનકર્મનું આપવાદિક પણ સેવન જણાવાયું નથી.

જે જૈનશાસનમાં કોઇ પણ પ્રવૃત્તિને એકાન્તે હેય કે એકાન્તે ઉપાદેય કહી નથી, જેણે સર્વત્ર અનેકાન્ત બતાડયો છે એ જ જૈનદર્શન જયારે બ્રહ્મચર્યવ્રતમાં એકાન્તનું સ્થાપન કરી દે, ત્યારે બ્રહ્મચર્યના અપવાદની હેયતા કેટલી બધી ચોક્કસ થઈ જાય છે!

મૈથુનકર્મની તો વાત દૂર રહી. પરંતુ સ્ત્રીના દેહનો સ્પર્શ પણ અપવાદ માર્ગે થઈ શકતો નથી. રે! કેવળજ્ઞાન પામી ચૂકેલા વીતરાગી ભગવંતો પણ વિજાતીયનો સ્પર્શ કરતા નથી. આટલો બધો ચુસ્ત વ્યવહાર પાળવાનું એમને શું પ્રયોજન છે! એઓ વિજાતીય-સ્પર્શ કરે તો ય એમનું કેવળજ્ઞાન કાંઇ ભાગી જવાનું નથી, છતાં આ વિષયમાં આટલું ચુસ્ત-

પાલન હોય છે. એ જ વાત સૂચવે છે કે રાગીઓએ તો આ વિષયનાં એકાન્ત જ સમજી લેવાનો છે. અહીં લેશ પણ અપવાદ ચાલી શકે તેમ નથી.

**કમલપ્રભાચાર્ય** જૈનાગમોમાં કમલપ્રભાચાર્યનું દૃષ્ટાન્ત આવે છે. કોઈ એક ગામમાં એ વાત ચર્ચાએ ચડી હતી કે ચૈત્યનો વહીવટ સાધુથી થઈ શકે નહિ? સંવિગ્ન સાધુઓ નકારમાં જવાબ દેતા હતા. જ્યારે શિથીલાચારી–ચૈત્યવાસીઓ હકારમાં જવાબ દેતા હતા.

વાત ઘણી આગળ વધી ગઈ એટલે છેવટે કમલપ્રભાચાર્યને બે ય પક્ષે લવાદ તરીકે મંજૂર કર્યા. એઓ અન્ય દેશમાં હતા ત્યાં જઈને એ ગામના મહાજને આમન્ત્ર્યા. તેઓ પણ વિહાર કરતાં કરતાં એક વાર તે ગામમાં આવ્યા. બે ય પક્ષને પોતાની તરફેણમાં ન્યાય સાંભળવો હતો, એટલે બે ય પક્ષે બહુ ઠાઠથી આચાર્યશ્રીનું સન્માન કર્યું.

નક્કી કરેલા સમયે ન્યાય સાંભળવા આખું ય ગામ એકઠું થયું.

કમલપ્રભાચાર્યે શિથિલાચારીઓની શેહમાં જરા ય તણાયા વિનાં શાસ્ત્રોક્ત વિધાન જાહેર કરી દીધું કે સાધુથી ચૈત્યનો વહિવટ થઈ શકે નહિ.

શાસ્ત્રો કહે છે કે આવી હિંમતભરી શાસ્ત્રશુદ્ધપ્રરૂપણા કરવા બદલ તે આચાર્યે તીર્થંકર નામ કર્મના દળીઆં બાંધી લીધાં.

શિથિલાચારી ચૈત્યવાસીઓની ઘણી લાલચો હોવા છતાં તેને ઠુકરાવી દઈને આ આચાર્યશ્રી જિનમતિને વફાદાર રહ્યા, તો તેનું કેટલું અદ્‌ભુત પરિણામ આવ્યું!

આચાર્યશ્રી ત્યાંથી વિહાર કરી ગયા.

કેટલા ય વર્ષો પસાર થઈ ગયા.

ફરી એક વાર ફરતાં ફરતાં તે જ ગામમાં આચાર્યશ્રી પધાર્યા. સંવેગી પક્ષવાળા ગૃહસ્થોએ આવા શાસ્ત્રચુસ્ત આચાર્યશ્રીનું અતિભવ્ય સામૈયું કર્યું ચૈત્યવહીવટના પક્ષકારોના પેટમાં દિવેલ રેડાયું.

સામૈયું આગળ વધી રહ્યું હતું ત્યાં એક જૈનેતર બાઈ આચાર્યશ્રીનો ચરણસ્પર્શ કરવા દોડી. અને એકદમ ચરણોને અડી. આ વખતે આચાર્યશ્રીથી પગ એકદમ ખેંચી લેવાયો નહિ.

કોક શિથિલાચારી આ દૃશ્ય જોઈ ગયો. એને તો ઘીકેળાં થઈ ગયાં.

એ દોડયો મિત્રો પાસે.

સઘળી વાત કરી.

આ વાત ઉપર બધા ભેગા થયા અને ભરસભામાં આચાર્યશ્રીની જડતી લેવાનો નિર્ણય કર્યો.

સામૈયું ઉતરી ગયું.

વ્યાખ્યાન બેઠું.

અવસર જોઈને એક શિથિલાચારીએ પ્રશ્ન કર્યો કે,

"આજે આપને સ્ત્રી અડી ગઈ છે તે બરોબર છે?"

એક વખતના શાસ્ત્રચુસ્ત પ્રરૂપક! આજે એ ચુસ્તપ્રરૂપણાએ અર્પેલા બેહદ માનને પચાવી ન શકયા! પોતાની ક્ષતિ કબૂલવા જતાં શિથિલાચારીઓ ઉઘાડે છોગ નિન્દા કરશે એ ભયથી આચાર્યશ્રી ફફડી ઊઠયા. એમણે તરત જ કહી દીધું કે, "જિનશાસનમાં સર્વત્ર અપવાદ છે. કયાં ય એકાન્ત નથી."

ખેલ ખલાસ થઈ ગયો!

આ ઉત્સૂત્ર પ્રરૂપણાએ પેલા તીર્થંકર નામ કર્મના અનિકાચિત દળીઆંને ધક્કો મારીને વિખેરી નાંખ્યા.

આ પ્રસંગ કહી જાય છે કે ભગવાન જિનેશ્વરો મૈથુન-કર્મના કોઈ પણ આચારને-અલ્પતમ આચારના પ્રથમ પગથી-આને પણ અપવાદ માર્ગે ય મંજૂર કરતાં નથી.

મહાત્મા નંદિષેણ નિકાચિત ભોગાવલિ કર્મના ઉદયથી પતન પામ્યા અને વેશ્યાને ત્યાં રહ્યા તો ય શાસ્ત્રમાં ક્યાં ય એમની દયા ખાધી નથી, "એ બિચારા શું કરે! કર્મ જ એવું હોય ત્યાં!!" એમ કહીને.

જિનાગમોના અભ્યાસી ગુરુભકતોને આ વાત બે ને ચાર જેટલી સાદી, સીધી અને સહેલાઇથી સમજાઈ જાય તેવી લાગે છે. ધર્મ માટે મૈથુન? એ વાકય જ એમના કાન ઊભાં કરી દે છે!

જિનધર્મને વફાદાર શ્રાવક સ્વપુત્રને દીક્ષા લેવાનું સમજાવવા છતાં દીક્ષા લેવાનું પુત્ર ન ઇચ્છે તો તેને પરણાવે છે. એટલા જ માટે કે જો સ્વપુત્રને આ રીતે લગ્નજીવનથી બાંધી લઇને તેની વાસનાને મર્યાદિત બનાવી દેવામાં નહિ આવે તો સંભવ છે કે સ્વપુત્ર અનાચારના પંથે ચાલ્યો જાય.

આમ અનાચારના પંથથી નિવૃત્ત કરવાની દૃષ્ટિએ પિતા સ્વપુત્રને પરણાવે છે.

છતાં અહીં પણ આવી સ્થિતિનું પુત્ર, લગ્ન જિનાગમોમાં પ્રશંસનીય માનવામાં આવ્યું નથી. હા, સ્વપુત્રને અનાચારના અધર્મથી નિવૃત્ત કર્યો એ વાત જરૂર પ્રશંસનીય ગણી છે. પરન્તુ તેવી નિવૃત્ત માટે પિતાને એક સ્ત્રી સાથેના મૈથુનકર્મમાં જે પ્રવૃત્તિ કરાવવી પડી એ પ્રવૃત્તિને તો જરા પણ પ્રશંસનીય ગણવામાં આવી નથી.

સ્થૂલ દૃષ્ટિએ આ પ્રવૃત્તિ પણ અનાચાર નિવૃત્તિના ધર્મ માટેની જ બની છે છતાં એ પ્રવૃત્તિને ધર્મ માનવામાં આવ્યો નથી.

દાન એ ધર્મ છતાં એ ધર્મ, જે ધનોપાર્જનથી થયું એ ધનોપાર્જન તો અધર્મ જ કહેવાય છે.

જે માતાએ યુગ પ્રધાન પુત્રની પ્રાપ્તિ કરી એ માતા જરૂર અભિનંદનીય છે, પરન્તુ એ પુત્રપ્રાપ્તિ માટે સેવેલું મૈથુનકર્મ જરા પણ અભિનંદનીય નથી.

સૂક્ષ્મદૃષ્ટિથી જ સમજાય તેવી આ વાતો છે. સ્થૂલમતિનું અહીં કામ જ નથી.

ટૂંકમાં આપણે એટલું જ સમજીએ કે જૈનદર્શનમાં કોઇ પણ પ્રકારનું, કોઈ પણ શુભહેતુ પૂર્વકનું ય મૈથુનકર્મ તો નિન્દ્ય જ માનવામાં આવ્યું છે. તેમાં અપવાદને કોઇ સ્થાન નથી.

એટલે 'न मांसभक्षणे दोषः' ઈત્યાદિ ઉક્તિ તો ખૂબ અસુંદર જ છે કેમકે તેથી તો જે સંસારી જીવોને અનાદિકાલીન વાસનાથી મૈથુનકર્મ ઈષ્ટ છે તેઓને તો આવી ઉક્તિ વિધિ-માર્ગ બની રહે છે. જે વિધ્યુક્તિ બને તેમાં ત્યાજ્યત્વની બુદ્ધિ સંભવે નહિ; અને જ્યાં ત્યાજ્યત્વ બુદ્ધિ નથી ત્યાં પ્રવૃત્તિ થયા વિના રહે નહિ.

આમ ઇષ્ટતા– વિધ્યુક્તિ–ત્યાજ્યત્વાબુદ્ધિ અને પ્રવૃત્તિ એ ક્રમશઃ પૂર્વ પૂર્વનું ઉત્તરોત્તર કાર્ય બની જાય છે. એટલે મૈથુનકર્મમાં નિર્દોષતાની ઉક્તિ તો અત્યન્ત ખતરનાક ઉક્તિ છે એમ કહેવું જરા ય અલીક નથી.

અથવા તો ઉક્તિ નિન્દ્ય છે એમ સાબિત કરવામાં ઉપરનાં ચારે ય સ્વતન્ત્ર હેતુઓ કહી શકાય. અર્થાત્ હેતુમાં હેતુ એ રીતે આગળ ન વધતાં ચારે ય ને સ્વતન્ત્ર હેતુ તરીકે લઇ શકાય. [૬]

આ બધી વાત ઉપરથી આપણે એટલું નક્કી કર્યું કે મૈથુન-કર્મ માત્ર રાગજન્મ હોવાથી સદોષ છે. જો રાગ એ અવશ્ય પાપ છે તો તજ્જન્ય મૈથુનકર્મ પણ અવશ્ય પાપ છે.

બીજી રીતે પણ આ મૈથુનકર્મ પાપ બને છે. આ વાતને આપણે પૂર્વે અંશતઃ સ્પર્શ્યા છીએ અહીં. ફરી તેને યાદ કરી લઈએ.

મૈથુનકર્મથી સ્વને ભલે સુખનો આભાસ થતો હોય પરન્તુ એ વખતે અસંખ્ય જીવોની ઉત્પત્તિ થઈને એમનો કચ્ચરઘાણ નીકળી જાય છે. રૂ ભરેલી કાચની નળી કે વાંસની નળી હોય અને તેના કાંણા દ્વારા અગ્નિકણ નાંખવામાં આવતાંની સાથે જ જેમ બધું ય રૂ એક જ ક્ષણમાં સળગી ઊઠે તેમ શુક્ર શોણિતના સંયોગમાં ઉત્પન્ન થતા અસંખ્ય જીવોનો ખાત્મો બોલાઈ જાય છે.

ભગવાન્ વર્ધમાનસ્વામીજીને ગણધર ભગવંત ગૌતમે પ્રશ્ન કર્યો હતો કે "હે ભગવન્! મૈથુનકર્મ સેવતો માણસ કેવા પ્રકારનો અસંયમ આચારે છે?"

ઉત્તરમાં પરમાત્માએ ઉપરની વાત કરી [૭]

અરે! આ મૈથુનકર્મ તો સર્વ પાપોનું મૂળ છે મૂળ!

ભયંકર સંસારનો ઉત્પાદ કરનાર આ પાપ છે!

જગત્‌ના તમામ દુઃખોના વાવંટોળને ઉત્પન્ન કરનાર આ અધર્મ છે!

મૈથુનકર્મ કરનાર જન્મ-જન્માંતરમાં દુઃખી થાય અને વર્ત્તમાનમાં પણ ક્રોધી, માયાવી, હિંસક વગેરે બનીને અગણિત પાપોનો આચરનાર બને.

સર્વ દુઃખોનું મૂળ મૈથુનકર્મ!

સર્વપાપોનું મૂળ મૈથુનકર્મ!

આથીસ્તો રાગ દ્વેષની પાપગ્રન્થિનો વિનાશ ઇચ્છતા અને દુઃખમય સંસારની પરંપરાનો અંત ઇચ્છતા નિર્ગ્રન્થો મૈથુનકર્મના કારમા પાપથી સદા દૂર ભાગતા ફરે છે!

એ પાપના નિમિત્તોથી પણ નાસતા ફરે છે!

રે! સ્વપ્નમાં ય એ પાપનો પડછાયો દેખાતાં જ ઝબકીને સાવધાન થઈ જાય છે.

પરમકૃપાલુ શાસ્ત્રકાર મહર્ષિઓએ મુનિના જીવનમાં અજાણતાં ય એ પાપ ન પેસી જાય તે માટે તો નવ વાડનું પાલન કરવાનું ખૂબ જ કડક ફરમાન કર્યું છે.

વાડને વ્રતની જેમ પાળે તે જ વ્રતનું પાલન રક્ષણ કરી શકે.

વ્રતના વેલાનું રક્ષણ કરવા માટે વાડનું જ રક્ષણ કરવું ઘટે.

વાડ! અને તે ય એકાદ બે નહિ! નવ, નવ.

કેટલું અનિવાર્ય હશે. એ વ્રતનું જતન! કે જેની ચોમેર નવ, નવ કિલ્લેબંધી કરી દેવામાં આવી છે.

સાધુના ઓઘામાં ચોરસ દાંડી કેમ નહિ? ગોળ જ કેમ?

સાધ્વીના ઓઘામાં ગોળ દાંડી કેમ નહિ? ચોરસ જ કેમ?

સાધ્વીથી કેળું આખું કેમ ન લેવાય?

અપરિગ્રહ—અલ્પતમ પરિગ્રહનું વ્રત છતાં સાધ્વીનો વસ્ત્રો-વધુ શા માટે?

સ્ત્રી-પુરુષની સભામાં સાધ્વીને વ્યાખ્યાન વાંચનનો નિષેધ કેમ?

સાધુને લંગોટ પહેરવાનો નિષેધ કેમ?

પલ્લાં ૩ ૪ કે ૫ જ કેમ? ૧ કે ૨ શા માટે નહિ? વસ્ત્રો જાડા કેમ? ભૂમિ કઠણ કેમ?

સ્વાધ્યાયનું જોર વધુ કેમ? દેહને વધુ પડતું કષ્ટ કેમ?

આ બધાં ય 'કેમ'ની પાછળ ભગવાન્ જિનેશ્વરદેવોએ બ્રહ્મચર્ય વ્રતની જબરદસ્ત સુરક્ષા-હરોળ ગોઠવી દીધી છે.

આજના ફ્રોઇડ જેવા કામ-મનોવૈજ્ઞાનિકો પણ ભગવાન્ જિનેશ્વરદેવોની આ ઊંડાઈનો તાગ પણ પામી શકે તેમ નથી!

ક્યાં ત્રિકાળદર્શી ભગવંતો ! અને ક્યાં ફ્રોઇડ જેવો–માથાની પાછળ રહેલાં ઘડાને ય ન જાણી શકતો અલ્પજ્ઞ વૈજ્ઞાનિક !

એક મૃત્યુ તો આપણું અનિવાર્ય છે. પરન્તુ મૃત્યુ પછીના જન્મદાતા મૃત્યુના સંભવનો સંપૂર્ણ નાશ કરી દેવો હોય તો સો કદમ છેટાં રહો, મૈથુનકર્મના પડછાયા જેવાં નાનકડા પણ વિચારથી.

જેને એક મોત ગમતું નથી તેને ઝેર પણ ગમતું નથી.

જેને અનંતમૃત્યુ ગમતાં નથી તેને મૈથુનકર્મ કેમ જ ગમી શકે; વારુ ? એનો સંગ પણ કેમ જ થઈ શકે વારુ ?

કુતુહલ બાળને મારે !

ભોગસ્મૃતિ ભુક્તભોગીને મારે !

સહુને મારે તેવા આ પાપને મારવું હોય તો કમર કસીને સજ્જ થયા વિના છૂટકો નથી. જે કાયર બને છે તે મરે છે.

આ વિષયમાં કાયરતા એ જ મૃત્યુ છે.



આ પુસ્તક વાંચ્યા પછી તમોને

જે વિચારને સંવેદનો

જાગ્યા હોય તો

લખવાનું હાર્દિક

આમંત્રણ

છે

એક હાથેથી બીજા હાથે આ પુસ્તકને ફરતું જ રાખજો. જો એને ક્યાંય અટકાવશો નહિ, કબાટમાં ગોંધી રાખશો નહિ તો અનેકોના જીવનના રૂપ અને રંગ આ પુસ્તક પલટી નાંખશે અને આપને તો માત્ર નિમિત્ત બનીને વિપુલ પુણ્ય બંધની લ્હાણી મળતી જ રહેશે.


– સરનામું –

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૫૦૮૨/૩; બીજે માળે, યાજ્ઞિક ઇન્સ્ટીટ્યુટ સામે,

રતનપોળના નાકે, ગાંધીરોડ, અમદાવાદ–૧.

## શ્રીમતી જયાલક્ષ્મી કપૂરચંદ સુતરીયા મદ્રાસ
## શ્રી કપૂરચંદભાઈ નરભેરામ સુતરીયા મદ્રાસ



જે **કમલ પ્રકાશન ટ્રસ્ટે** પ્રગટ કરેલા **'ગુરૂમાતા'** નામના પુસ્તકે અમારા ઉપરોક્ત ઉપકારી માતપિતાના જીવનમાં ચમત્કાર સર્જ્યો તે ટ્રસ્ટની ઋણમુક્તિ અર્થે અમે તેમના સુપુત્રો રમેશચંદ્ર-દિલીપકુમાર તથા ભરતકુમાર) ટ્રસ્ટને રૂા. **૧૧૦૦૧** અર્પણ કરીએ છીએ.

**સ્વ. દાનવીર, ધર્માનુરાગી શેઠશ્રી રામજીભાઇ વિરાણીએ સ્થાપેલ શ્રી રામજી શામજી વિરાણી અને શ્રીમતી સમરતબહેન રામજી વિરાણી ટ્રસ્ટ રાજકોટ'' તરફથી સ્વ શેઠશ્રી રામજીભાઈની પુણ્યતિથિ પ્રસંગે રૂા. ૧૧૦૦૧ 'કમલ પ્રકાશન ટ્રસ્ટ'ને અર્પણ થયેલ છે.**

હા. મેનેજીંગ ટ્રસ્ટી,

**શ્રી નગીનભાઈ રામજીભાઈ વિરાણી**

**સ્વ. કાન્તિલાલ પ્રતાપશી મુંબઈ.**
**સ્વ. સુભદ્રાબેન કાન્તિલાલ મુંબઈ**




જેમણે પોતાના બે પુત્ર-પુત્રી **(હાલ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી તથા સાધ્વીશ્રી મહાનંદાશ્રી)** ને ચારિત્રધર્મના સંસ્કારોનું ગળથૂંથીમાં જ પાન કરાવીને વિશ્વકલ્યાણકર શ્રીજિનશાસનને સમર્પિત કર્યા તેમના પુણ્યસ્મૃતિમાં......

**હા. પ્રફુલ્લ કાન્તિલાલ પ્રતાપશી-મુંબઈ**

**શ્રી લાલજીભાઈ પદમશીભાઈ ઝવેરી-ચૂડા**
**શ્રીમતી જયાબેન લાલજીભાઈ ઝવેરી-ચૂડા**




પૂજ્યપાદ મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીના સતત સાનિધ્યે જેમના જીવનની અંતિમ પળો ધન્યતાને પામી અને જેઓ પોતાના ધર્મસંસ્કારનો અણમોલ વારસો મને આપીને આ જગતમાંથી વિદાય થયા તે પૂજનીય માત-પિતાજીના સ્મરણમાં આ નાનકડા સુકૃતનો ભાગી બનીને ધન્યતા અનુભવું છું.

**—સુરેશ લાલજીભાઈ ઝવેરી**

કમલ પ્રકાશન [ પબ્લિક ] ટ્રસ્ટ
રજિ. નંબર ઈ. ૧૫૪૧ [ તા. ૪-૧૧-૬૭ ]
ઇન્કમટેક્સ મુક્તિ T. R. No. 47/IV-G. 68-69 [ તા. ૧૪-૨-૬૯ ]

ઓફિસ : ૫૦૮૨/૩, બીજે માળે, રતનપોળના નાકે,
યાજ્ઞિક ઇન્સ્ટીટ્યુટ સામે; ગાંધી રોડ;
અમદાવાદ-૩૮૦ ૦૦૧
PHONE : 30081

* * *

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની જ્ઞાનવાણી
વહાવતાં

# આધ્યાત્મિક પુસ્તકો

[ ગુજરાતી તથા હિન્દી ]

તથા

# મુક્તિદૂત માસિક

ચિન્તક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી
સંપાદક : હસમુખ સી. શાહ
નકલ : ૧૪૫૦૦
લવાજમ : વાર્ષિક રૂ. ૫-૦૦

**કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી બહાર પડતાં**

## પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાનો

| | | |
|---|---|---|
| **સોમચંદ ડી. શાહ** | * **સેવંતીલાલ વી. જૈન** | * **શ્રી જૈન પ્રકાશન મંદિર** |
| જીવન નિવાસ સામે | ૨૦, મહાજન ગલી | દોશીવાડાની પોળ, કાળુપુર |
| **પાલીતાણા** | ૧ લે માળે, ઝવેરી બજાર | **અમદાવાદ-૧** |
| ( સૌરાષ્ટ્ર ) | મુંબઈ-૨ | |

## ટ્રસ્ટી મંડળનું નિવેદન

કમલ પ્રકાશન ટ્રસ્ટ [અમદાવાદ] મુખ્યત્વે બે વિભાગમાં કામ કરી રહ્યું છે:

૧. પુસ્તક વિભાગ  ૨. માસિક વિભાગ.

**[૧] પુસ્તક વિભાગ :** આજ સુધીમાં પૂજ્યપાદ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનાં કોડીબંધ પુસ્તકો અમે બહાર પાડી ચૂક્યા છીએ. કેટલાંક પુસ્તકોની તો ચારથી પાંચ આવૃત્તિઓ પણ અમે પ્રગટ કરી છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થઈ ચૂકેલાં પુસ્તકોને હવે હિન્દીમાં અનુવાદિત કરીને પ્રગટ કરવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે.

આ પુસ્તકો મુખ્યત્વે જૈન દર્શનને યાવત્ ગૌરવવંતી આર્ય સંસ્કૃતિને જગતની સમક્ષ અર્વાચીન ભાષામાં રજૂ કરે છે.

ક્રમબદ્ધ રીતે નવાં નવાં પુસ્તકો અમે બહાર પાડી રહ્યા હતા. તેમાં અમને સુંદર આર્થિક સહકાર મળી જતાં જાંબૂવાલા ગ્રંથમાળાનું નવું ક્ષિતિજ ખુલ્લું મૂક્યું. ૧૯૭૧ની સાલથી દર વર્ષે પાંચ પુસ્તકોનો એક સેટ અમે આ ગ્રંથમાળાના અન્વયે પ્રગટ કરી રહ્યા છીએ.

પણ અમને આટલાથી જ સંતોષ ન હતો, એટલે નવી પેઢીના યુવાનો અને યુવતીઓ માટે જીવન ઘડતર વાંચનમાળાનું બીજું ક્ષિતિજ પણ ખુલ્લું મૂક્યું. એનાં અન્વયે અમે વીસ નાની પુસ્તિકાઓ (પોકેટ–બુકસ) બહાર પાડી છે.

અમારાં બધાં ય કાર્યો સારી રીતે ચાલતાં જ રહે અને વેગ પકડતાં રહે એ માટે અમને ઘણા મોટા આર્થિક સહકારની આવશ્યકતા છે. દાનવીરો તરફથી અમને સુંદર સહકાર મળી રહે તે માટે અમે કમલ પ્રકાશન ટ્રસ્ટને પબ્લિક ટ્રસ્ટ બનાવ્યું છે; અને તેના દાનને 'ઇન્કમટેકસ એકઝમ્પટેડ' કરાવ્યું છે. વળી અમે એ માટે સુંદર યોજના પણ કરી છે, જે નીચે મુજબ છે:

| દાન : | પદ : | લાભ |
| --- | --- | --- |
| રૂ. ૨૦૦૧ | શ્રુતભક્ત | સંસ્થાનાં ભૂત–ભાવી તમામ પ્રાપ્ય પુસ્તકો ભેટ મળશે. |
| રૂ. ૧૦૦૧ | શ્રુતાનુરાગી | સંસ્થાનાં ભૂત–ભાવી તમામ પ્રાપ્ય પુસ્તકો ભેટ મળશે. |
| રૂ. ૫૦૧ | શ્રુતસભ્ય | સંસ્થાનાં તમામ ભાવી પુસ્તકો ભેટ મળશે. |

ઉપરોક્ત તમામ દાતાઓની નામાવલિ સંસ્થા તરફથી પ્રગટ થનારા [ સિરીઝ સિવાયનાં ] પુસ્તકોમાં સંસ્થાના કુટુંબીજન તરીકે આવશે.

દાનવીરો ! '**કમલ પ્રકાશન ટ્રસ્ટ**'ના નામથી આપની રકમ આજે જ ચેક, ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલીને અમને આપનો અમૂલ્ય સહકાર આપશો એવી આશા રાખીએ છીએ.

*** પુસ્તક વિભાગમાં જ્ઞાન ખાતાની રકમ લેવામાં આવે છે.**

## પુસ્તક વિભાગમાં અમારા કુટુંબીજનો

**શ્રુતસમુદ્ધારક :**

૧. શ્રી શાન્તિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ–મુંબઈ
૨. શ્રી કપુરચંદ નરભેરામ સુતરીઆ–મદ્રાસ
૩. શ્રી રામજી શામજી વિરાણી અને સમસ્ત રામજી વિરાણી ટ્રસ્ટ-રાજકોટ
૪. શ્રી પ્રવીણકુમાર દલીચંદભાઈ-મુંબઈ

**શ્રુતરક્ષક :**

૧. શ્રી વિશાશ્રીમાળી તપાગચ્છીય જ્ઞાનાદિ ધાર્મિક ફંડ ખાતું–જામનગર

**શ્રુતભક્ત :**

૧. શ્રી ગુજરાતી જૈન શ્વેતામ્બર તપગચ્છ સંઘ–કલકત્તા
૨. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ–લીંબડી
૩. શ્રીમતી લીલમબેન મણિલાલ–મુંબઈ
૪. શ્રી ઝવેરી બ્રધર્સ–ચુડા
૫. શ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા–અમદાવાદ
૬. રૂબી કોચ બીલ્ડર્સ પ્રા. લિ.–મુંબઈ
૭. શ્રી સુદામડા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ–સુદામડા
૮. શ્રી નયનમલ ભુરમલજી જૈન–મુંબઈ
૯. શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ સંઘ–ભુજ
૧૦. શ્રી જમનાદાસ ખુશાલદાસ વોરા સહાયક નિધિ
હ. લાલદાસ જમનાદાસ મુંબઈ
૧૧. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢી–નવસારી

**શ્રુતાનુરાગી :**

૧. શ્રી માંડલિકભાઈ જે. ઝવેરી–મુંબઈ
૨. શ્રી સુબોધચંદ્ર લાલભાઈ–અમદાવાદ
૩. શ્રી કવરલાલ હીરાલાલ પારેખ–અમદાવાદ
૪. શ્રી અચલગઢ જૈન પેઢી–અચલગઢ
૫. શ્રી ધરમદાસ ત્રીકમલાલ કપૂરવાલા–મુંબઈ
૬. શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સુધારા ખાતાની પેઢી–મહેસાણા

૭. શ્રી ભનીબેન ધીરજલાલ પાનાચંદ શ્રોફ–અમદાવાદ

૮. શ્રીમતી પોપટબેન ભૂરમલજી–( દહેસંદર )

૯. શ્રી શાન્તિનગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ–અમદાવાદ

૧૦. શ્રી બારેજા–બેફળી જૈન સંઘ–બારેજા

૧૧. શ્રી પાર્શ્વનાથ જૈન પેઢી–રોહીડા ( રાજસ્થાન )

૧૨. એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. પ્રફુલચંદ્ર કાન્તિલાલ દલાલ–મુંબઈ

૧૩. સ્વ. મફતલાલ મોહનલાલના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી–નવા ડીસા

૧૪. શ્રી કપૂરચંદ એન. સુતરીઆ–મદ્રાસ

૧૫. શ્રી દાદર આરાધના ભવન જૈન–પૌષધશાળા–દાદર–મુંબઈ

૧૬. બેન સરોજના સ્મરણાર્થે હ. જેસીંગભાઈ–પેથાપુરવાળા–અમદાવાદ

૧૭. શ્રી વિઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા–જામનગર

૧૮. શ્રી મોતીચંદ હેમરાજ ઉપાશ્રયના જ્ઞાનખાતા તરફથી–જામનગર

૧૯. શ્રી સુમનભાઈ મુળચંદ વાડીલાલ શાહ–મુંબઈ

૨૦. વોરા અમુલખભાઈ કેશવજી ( રાજપરવાળા ) ભુજ

૨૧. શ્રી લાલગર માધવગર કોન્ટ્રાકટર–ભુજ

૨૨. શ્રી ચોપાટી જૈન સંઘ–મુંબઈ

૨૩. શ્રી ચંદ્રાલય જ્ઞાન ટ્રસ્ટ–અમદાવાદ

૨૪. શ્રી ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતામ્બર સંઘ–કલકત્તા

૨૫. શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ ભગુભાઈ ( પેથાપુરવાળા )–અમદાવાદ

૨૬. શ્રી નવરંગપુરા શ્વે. મૂર્તિપૂજક સંઘ–અમદાવાદ

૨૭. શ્રી શામજી વેલજી વીરાણી અને કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ–રાજકોટ

૨૮. શ્રી રણછોડભાઈ શેષકરણભાઈ શેઠ–મુંબઈ

૨૯. શ્રી રસિકભાઈ ત્રિકમલાલ લીંદરાવાળા–મુંબઈ

૩૦. શ્રી ધનરાજ છોગાજી–નવા ડીસા

૩૧. શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન–ધુલીઆ

૩૨. સુરજબેન ડી. વોરા–મોરબી

**શ્રુતસભ્ય :**

૧. મહુવા વીશાશ્રીમાળી તપાગચ્છીય શ્વે. મૂર્તિપૂજક સંઘ–મહુવાબંદર

૨. શ્રી સ્વ. છબીલદાસ સુખલાલ કાલીદાસ–લીંબડી

૩. શ્રી રસિકલાલ શીવલાલ ગાંધી–મુંબઈ

૪. શ્રી હિંમતલાલ શામળભાઈ–અમદાવાદ

૫. શ્રીમતી જયાલક્ષ્મી કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૬. શ્રી હાલારી વીશાઓસવાળ શ્વે. મૂ. પૂ. જૈન જ્ઞાતિ સમસ્ત દેરાસર ટ્રસ્ટ–પડાણા
૭. શ્રી વિજયસભા જૈન જ્ઞાન મંદિર–ડભોઈ
૮. શ્રી જામવણથલી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ–જામવણથલી
૯. શ્રી ભોગીલાલ મગનલાલ શાહ–ભાવનગર
૧૦. શ્રી રમેશચંદ્ર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૧. શ્રી દિલીપકુમાર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૨. શ્રી ભરતકુમાર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૩. સ્વ. મહેતા દલીચંદ માણેકચંદ (ખીલોસવાળા)–જામનગર
૧૪. શ્રી ચોટીલા જૈન શ્વે. મૂ. પૂ. સંઘ–ચોટીલા
૧૫. શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ–દાવણગીરી
૧૬. સંઘવી ભવાનજી હીરાચંદના સમાધિપૂર્વકના સ્વર્ગવાસ નિમિત્તે તેમના સુપુત્રો તરફથી–ભુજ
૧૭. શ્રી જયંતિલાલ વલમજી છેડા–ગઢસીઆ
૧૮. શ્રી પત્રી જૈન સંઘ–પત્રી
૧૯. શ્રી પ્રવીણકુમાર દલીચંદભાઈ–મુંબઈ
૨૦. શ્રી શ્વેતામ્બર તીર્થ પેઢી–અચલગઢ
૨૧. શ્રી રંભાબાઈ ડોસાભાઈ–કલકત્તા
૨૨. શ્રી ચંદ્રકાંતભાઈ કાંતીલાલ શાહ–અમદાવાદ
૨૩. શ્રી સુતરીઆ ચીમનભાઈ ઝવેરભાઈ (નાણાં ધીરનાર)–નડિયાદ
૨૪. શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ–ઝીંઝુવાડા
૨૫. શ્રી કીરણબેન ઉપેન્દ્રકુમારના સ્મરણાર્થે હ. નટવરલાલ અમુલખભાઈ–ગોધરા
૨૬. શાહ ચતુરભાઈ નગીનદાસ–બેલગાંવ
૨૭. કોઠારી મિશ્રીલાલ ગુલાબચંદ–મોકલસર
૨૮. સાધ્વીજી ચરણશ્રીજી મહારાજ (વાગડવાળા) હ. કેશવલાલ પ્રેમચંદ–અમદાવાદ
૨૯. મુનિશ્રી ગુણસેનવિજયજી મહારાજની પ્રેરણાથી હઃ નરપતલાલ નાગરદાસ અમદાવાદ

[૨] માસિક વિભાગ :

કમલ પ્રકાશન પબ્લિક ટ્રસ્ટ તરફથી 'મુક્તિદૂત' નામનું સોળ પેઈઝનુ એક માસિક જૂન '૬૯ થી અમે શરૂ કર્યું છે. આ માસિક બહુ જ ટૂંકા સમયમાં સાડા ચૌદ હજાર નકલોનો લક્ષ્યાંક આંબી ગયું છે. મુક્તિદૂત નામનું આ માસિક સત્યને સંપૂર્ણ રીતે વફાદાર રહીને આર્ય સંસ્કૃતિના એ જાજરમાન ગૌરવોની ઘટઘટમાં પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવા તલપે છે. આગળ વધીને પ્રત્યેક માનવમાં અધ્યાત્મભાવના તેજલિસોટા પ્રસરાવવા ઇચ્છે છે.

જૂન '૭૨ સુધી મુક્તિદૂતની પેટી યોજના દ્વારા અગીઆર હજાર બંધુઓને [ રોજ ૧૦ પૈસાનું દાન કરવાની શરત મંજૂર રાખે ત્યાં સુધી ] તો આ માસિક કાયમ માટે લવાજમમુક્ત બની રહેશે. જૂન '૭૨ પછી થનારા ગ્રાહકોને લવાજમ રૂ. ૧૫-૦૦ ભરવા સાથે પેટી યોજના બંધ કરવામાં આવી હતી. પરન્તુ જૂન ૧૯૭૫ના મુક્તિદૂતના છઠ્ઠા વર્ષના આરંભથી કમ્મરતોડ મોંઘવારીના કારણે અમે પંચવર્ષીય લવાજમ યોજના પણ બંધ કરીને નવા થનાર ગ્રાહકો માટે વાર્ષિક લવાજમ પાંચ રૂપિયાની યોજના અમલમાં મૂકી છે.

અગીઆર હજાર બંધુઓને કાયમ માટે લવાજમમુક્તિનો લાભ ચાલુ રાખવો એ નાનીસૂની બાબત નથી. દાનવીરોના આર્થિક સહકાર વિના અમે આ કાર્ય હમેશ માટે ચાલુ રાખી શકીએ નહિ. આપનો સુંદર આર્થિક સહકાર અમને મળી રહે તે માટે અમે નીચે મુજબની એક યોજના કરી છે. આ યોજનાનો લાભ લેનારા દાતાઓનાં નામ માસિકના એક કે વધુ અંકમાં પ્રગટ કરવામાં આવશે.

| | |
|---|---|
| રૂ. ૩૦૦૦ | સંસ્કૃતિ-સમુદ્ધારક |
| રૂ. ૨૦૦૦ | સંસ્કૃતિ-રક્ષક |
| રૂ. ૧૦૦૦ | સંસ્કૃતિ-ભક્ત |
| રૂ. ૫૦૦ | સંસ્કૃતિ-અનુરાગી |
| રૂ. ૨૫૦ | સંસ્કૃતિ-સભ્ય |
| રૂ. ૧૦૦ | આજીવન સભ્ય |

રૂ. ૨૫) કે તેથી વધુ રકમનું દાન કરનારનું નામ માસિકના એક અંકમાં આપવામાં આવશે.

ઉપરોક્ત કોઈ પણ પદ પ્રાપ્ત કરનાર પુણ્યવાન્ વ્યક્તિ સૂચવે તો અનુક્રમે પંદર, દસ, પાંચ, બે અને એક-ઠેકાણે (રૂ. ૨૫૦ તથા રૂ. ૧૦૦ના દાતાને) મુક્તિદૂત માસિક કાયમ માટે લવાજમ વિના મોકલવામાં આવશે.

રૂ. ૨૫૦ થી ઉપરના દાતાઓની નામાવલિ ટ્રસ્ટ તરફથી બહાર પડતાં તમામ પુસ્તકોમાં આપવામાં આવશે.

**કમલ પ્રકાશન પબ્લિક ટ્રસ્ટના દાનને ઇન્કમટેક્સ એક્ઝમ્પશન મળેલું હોવાથી આપની રકમ કરમુક્ત બની રહેશે.**

* માસિક વિભાગમાં જ્ઞાનખાતાની રકમ લેવામાં આવતી નથી.

**માસિક વિભાગમાં અમારાં કુટુંબીજનો :**

**સંસ્કૃતિ-સમુદ્ધારક :**

૧. પોપટબેન ભૂરમલજી C/o. શા. નથમલ નેનમલ એન્ડ કું. મુંબઈ

**સંસ્કૃતિ-રક્ષક :**

૧. શ્રી રજનીકાન્ત લક્ષ્મીચંદ જાંબૂવાળા-લીંબડી
૨. શ્રી જીવતલાલ પરતાપસી-મુંબઈ
૩. શ્રી નયનમલ ભુરમલજી જૈન-મુંબઈ
૪. શ્રી પોપટબેન ભુરમલજી જૈન-દેલદર

**સંસ્કૃતિ-ભક્ત :**

૧. શ્રી ઉષાકાન્ત રમણલાલ શાહ-અમદાવાદ
૨. શ્રી વ્રજલાલ ત્રિભોવનદાસ (એલ. ટી. વાળા) સુરેન્દ્રનગર
૩. શ્રીમતી ગજરાબેન મનસુખલાલ શાહ-અમદાવાદ (એ. બી. સી. સર્જીકલવાળા)
૪. શ્રી ભીખાભાઈ મોતીચંદ પબ્લિક ટ્રસ્ટ તરફથી હ.-શેઠ પોપટભાઈ ભીખાભાઈ-મુંબઈ
૫. એક સદ્‌ગૃહસ્થ તરફથી હ.-શેઠ શાંતિભાઈ કપાસી, મુંબઈ
૬. રૂબી કોચ બિલ્ડર્સ પ્રા. લિ.-મુંબઈ
૭. શ્રી રમણિકલાલ કેશવલાલ-સુરેન્દ્રનગર
૮. શ્રી ઝવેરી બ્રધર્સ-ચૂડા

૯. એક સદ્‌ગૃસ્થ તરફથી હ. વસંતભાઈ–મુંબઈ
૧૦. શ્રી રવિચંદ માણેકલાલ–થાનગઢ
૧૧. શ્રી લધુભાઈ માણેકચંદ-જામનગર
૧૨. શ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા-અમદાવાદ
૧૩. શ્રી મણીલાલ મગનલાલ કોંઢવાળા-ધ્રાંગધ્રા
૧૪. શ્રીમતી કુસુમબેન જયંતિલાલ આર. શાહ–મુંબઈ
૧૫. શ્રી શરદચંદ્ર જેઠાલાલ પાટલીઆ–જામનગર
૧૬. શ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા-જામનગર
૧૭. શ્રી કોંઢ જૈન તપાગચ્છ સંઘ તરફથી [જિનાલયની શતાબ્દી નિમિત્તે] કોંઢ
૧૮. શ્રી બિપીનચંદ્ર રતિલાલ નાનજીભાઈ–ધ્રાંગધ્રા
૧૯. સ્વ. વસનજી નાનચંદના કુટુંબીજનો તરફથી જામનગર
૨૦. એક સદ્‌ગૃસ્થ તરફથી
૨૧. શ્રીમતી કમળાબેન શાન્તિલાલ કપાસી-મુંબઈ
૨૨. દોશી છબીલદાસ જીવણલાલ–(મોટી મારડવાળા) મુંબઈ
૨૩. શ્રી જસવંતલાલ ચીમનલાલ શાહ-મુંબઈ
૨૪. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ (કોલસાવાળા) અમદાવાદ
૨૫. શ્રી એસ્કવાયર-મુંબઈ
૨૬. શ્રી પ્રતાપ ચેરીટેબલ ટ્રસ્ટ–મુંબઈ હ. શેઠ જીવતલાલ પરતાપશી
૨૭. સ્વ. મહેતા દલીચંદ માણેકચંદ (ખિલોસવાળા)-જામનગર

**સંસ્કૃતિ-અનુરાગી :**

૧. ચંપાબેન મણીલાલ નાગરદાસ મુંબઈ
૨. સંઘવી મણીલાલ સાકરચંદ જામનગર
૩. મહેતા ચંદુલાલ રામજીભાઈ ચેલાવાળા-જામનગર
૪. શાહ અંબાલાલ અમૃતલાલ-બોરસદ
૫. સુરચંદ હીરાચંદ ઝવેરીના બંગલાની બહેનો તરફથી હ. રતનબેન ચંપકલાલ ઝવેરી–સુરત

**સંસ્કૃતિ-સભ્ય :**

૧. શ્રી શિવલાલ ભૂદરદાસ-રાજકોટ
૨. શ્રી અમૃતલાલ હરકીશનદાસ (હોટલ એમ્બેસેડરવાળા) ભુજ

૩. શ્રી રજનીકાન્ત અંબાલાલ શાહ-મુંબઈ
૪. સ્વ. ચાંપશી પાલણ તથા સ્વ. પાલણ વીરજી તથા તેમના પુત્રવધુ સૌ. સ્વ. હીરાબેન સુંદરજીની પુણ્યસ્મૃતિ પ્રસંગે હ. કેશવજી પાલણ-મુંબઈ
૫. દોશી સુંદરજી ડાહ્યાભાઈ-મોરબી
૬. શ્રી શાંતિલાલ રાયચંદ-મુંબઈ
૭. એક સદ્‌ગૃસ્થ તરફથી-મુંબઈ
૮. શેઠ નાનાલાલ લલ્લુભાઈ હ. લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસ-સુરેન્દ્રનગર
૯. અ. સૌ. મીનાક્ષી રમેશચન્દ્ર સુતરીયા-મદ્રાસ
૧૦. અ. સૌ. યોગીની દીલીપકુમાર સુતરીયા-મદ્રાસ
૧૧. જેચંદભાઈ અમુલખ C/o. વિદ્યાર્થી વિકાસ ગૃહ-બોરડી
૧૨. સાબરબાગ સોસાયટીના જૈન ભાઈઓ તરફથી-સાબરમતી
૧૩. બચુભાઈ ચીમનલાલ ઝવેરી-મુંબઈ
૧૪. કેશવલાલ ગીધરલાલ એન્ડ કું.-અમદાવાદ
૧૫. શાહ કુંવરજી તુલસીદાસ-ધ્રાંગધ્રા
૧૬. શ્રીમતી તારા કીશોર દોશી-રાજકોટ C/o. કીશોર એન્ડ કું. એડવોકેટ
૧૭. શા. ભવાનજી હીરજી-મુંબઈ
૧૮. અ. સૌ. હર્ષદા ભરતકુમાર સુતરીઆ-મદ્રાસ
૧૯. પરેશકુમાર રમેશચંદ્ર સુતરીઆ-મદ્રાસ

## કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલાં પુસ્તકો

( ઘેર બેઠા વી. પી. થી મેળવો. પોષ્ટેજ ખર્ચ અલગ )

### લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

| | | |
|---|---|---|
| | ૧. સાધનાની પગદંડીએ | ૨-૦૦ |
| | ૨. શરણાગતિ | ૨-૦૦ |
| | ૩. વિરાગની મસ્તી | ૨-૦૦ |
| | ૪. ઊંડા અંધારેથી | ૨-૦૦ |
| * | ૫. અધ્યાત્મસાર | ૫ ૦ |
| | ૬. ગુરુમાતા | ૨ ૦૦ |
| * | ૭. વંદના | ૨-૦૦ |
| * | ૮. વિરાટ જાગે છે ત્યારે | ૨-૦૦ |
| * | ૯. મહાપંથનાં અજવાળાં | ૨-૦૦ |
| * | ૧૦. જૈન દર્શનમાં કર્મવાદ | ૧-૫૦ |
| * | ૧૧. સચિત્ર જીવન દર્શન | ૩-૦૦ |
| | ૧૨. કાનજીભાઈ મત પ્રતિકાર | ૩-૦૦ |
| * | ૧૩. તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશી | ૨-૦૦ |
| | ૧૪. ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ (અનન્તનાં પાત્રો) | ૪-૦૦ |
| | ૧૫. વિજ્ઞાન અને ધર્મ | ૮-૦૦ |
| * | ૧૬. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ-૧ | ૩-૦૦ |
| * | ૧૭. ,, ,, વર્ષ-૨ | ૫-૦૦ |
| | ૧૮. જાગતા રે'જો | ૬-૦૦ |

૧૯. સોળ ભાવનાઓ
૨૦. જૂની પેઢીને
૨૧. બોધ કથાઓ
૨૨. ઊઠ, જાગ, મુસાફીર !
૨૩. જૈનં જયતિ શાસનમ્

[નં. ૧૯ થી ૨૩] જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૧
સેટનું મૂલ્ય ૨-૫૦

*૨૪ વીર ! મધુરી વાણી તારી ૬-૦૦

*૨૫. નહિ એસો જનમ બારબાર ૬-૦૦

૨૬. મૂંઝવતા પ્રશ્નો
૨૭. ચક્રવર્તી બ્રહ્મદત્ત
૨૮. आचार : प्रथमो धर्म्मः
૨૯. આપણી સંસ્કૃતિ
૩૦. વિકાસનું મહાભિયાન

[નં. ૨૬ થી ૩૦]
જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૨
સેટનું મૂલ્ય ૨-૫૦

૩૧. સોલહ ભાવનાએ
૩૨. પુરાની પીઢીકો
૩૩. બોધ કથાએ
૩૪. ઊઠ, જાગ, મુસાફિર
૩૫. જૈનં જયતિ શાસનમ્

[નં. ૩૧ થી ૩૫]
જાંબૂવાલા ગ્રન્થમાળા (હિંદીમાં)
૧૯૭૧
સેટનું મૂલ્ય ૨-૫૦

૩૬. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ-૩ ૫-૦૦

*૩૭. સિનેમાનો ત્યાગ કરો
*૩૮. સાદગી અપનાવો
*૩૯. આપણે ક્યાં જઈ રહ્યા છીએ ?
*૪૦. સુખ જ ભયાનક છે
*૪૧. વાંચો : વિચારો : પામો
*૪૨. જયવંતુ જિનશાસન
*૪૩. વિજ્ઞાન ! એક સમસ્યા
*૪૪. દયાળુ બનો
*૪૫. પરલોક દૃષ્ટિ
*૪૬. કોઠાસૂઝ બનો

[નં. ૩૭ થી ૪૬]
જીવનઘડતર વાંચનમાળા
સેટ પહેલો
સેટનું મૂલ્ય ૨-૦૦

*૪૭. અંધભક્તિ, પશ્ચિમની
*૪૮. ત્રણ વાર્તાઓ
*૪૯. દંભ–૧
*૫૦. દંભ–૨
*૫૧. જરા, કાન દઈને મને સાંભળો

[નં. ૪૭ થી ૫૧] જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૩ સેટનું મૂલ્ય ૨–૫૦

૫૨. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૪ ૫–૦૦
૫૩. આંધી આવી રહી છે ૮–૦૦
૫૪. બ્રહ્મચર્ય ૩–૦૦

*૫૫. ચાલો, જીવન પલટીએ
*૫૬. સંસાર
*૫૭. નિશ્ચય વ્યવહાર
*૫૮. આ માસનો શ્લોક
*૫૯. મીની કથાઓ

[નં. ૫૫ થી ૫૯] જાંબૂવાલા ગ્રંથમાળા ૧૯૭૪ સેટનું મૂલ્ય ૨–૫૦

૬૦. રામાયણના પ્રેરક પ્રસંગો ૫–૦૦
૬૧. ચાર પુરુષાર્થ ૩–૦૦
૬૨. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૫ ૫–૦૦

૬૩. વીરસૈનિકદળ
૬૪. ધર્મયુદ્ધ કે પક્ષ યુદ્ધ
૬૫. વીરસૈનિકની ફરજો
૬૬. સંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન
૬૭. ધર્મગુરુઓ! હવે તો જાગો
૬૮. ચિંતનની ચિનગારીઓ
૬૯, આધુનિક શિક્ષણ
૭૦. ધર્મનાશની ભેદી ચાલ
૭૧. લોકાપવાદ–ત્યાગ
૭૨. યુવકની મનોવ્યથા

[નં. ૬૩ થી ૭૨] જીવનઘડતર વાંચનમાળા સેટ બીજો. સેટનું મૂલ્ય ૩–૦૦

| | | |
|---|---|---|
| ૭૩ | સિંહનાદ | ૩-૦૦ |
| ૭૪ | સ્વરાજનું લોખંડી ચોકઠું | ૩-૦૦ |
| ૭૫ | ચેત મછંદર ! ગોરખ આયા | ૮-૦૦ |
| ૭૬ | ત્રિલોકગુરૂ મહાવીરદેવ [ હિન્દી ] | ૧-૦૦ |
| ૭૭ | ત્રિલોકગુરૂ મહાવીરદેવ [ ગુજરાતી ] | ૧-૦૦ |
| ૭૮ | આપણે ફેર વિચારીએ | ૫-૦૦ |
| ૭૯ | ત્રિલોકગુરૂ મહાવીરદેવ [ અંગ્રેજી ] | ૧-૦૦ |
| ૮૦ | વીરસૈનિક [ ગુજરાતી ] | ૦-૫૦ |
| ૮૧ | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ-૬ | ૫-૦૦ |
| ૮૨ | વીરસૈનિક [ હિન્દી ] | ૧-૫૦ |
| ૮૩ | સળગતી સમસ્યાઓ | ૩-૦૦ |
| ૮૪ | આત્મા | ૨-૦૦ |
| ૮૫ | જિનશાશનરક્ષા | ૨-૦૦ |
| ૮૬ | ગાંધીવિચાર સમીક્ષા | ૨-૦૦ |
| ૮૭ | ઇતિહાસનું ભેદી પાનું | ૨-૦૦ |

* આ નિશાનવાળાં પુસ્તકો અપ્રાપ્ય છે.

* એકી સાથે સો રૂપિયાનાં પુસ્તકો ખરીદનાર કોઈ પણ વ્યક્તિને ૨૫ ટકા કમીશન માંગશે તો આપવામાં આવશે.

* રૂ. ૫૦૧ નું દાન કરીને ભાવી તમામ પુસ્તકો ઘેર બેઠાં ભેટ મેળવો.

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની કોમળ અને
કઠોર કલમે કંડારાતુ માસિક

# મુક્તિદૂત

: સંપાદક :

**હસમુખ સી. શાહ**

**નકલ : ૧૪૫૦૦**

**લવાજમ : વાર્ષિક રૂ. ૫-૦૦**

મુક્તિદૂતનું વર્ષ જૂલાઈથી શરૂ થાય છે.
ચાલુ વર્ષમાં થતાં ગ્રાહકોને જૂના અંકો સ્ટોકમાં હશે તે અપાશે.

**રૂ. ૧૦૦ ભરીને આજીવન સભ્ય બનો.**
**કાયમ માટે માસિક ભેટ મળશે.**

-: લવાજમ ભરવાનું સ્થળ :-

"કમલ પ્રકાશન ટ્રસ્ટ"

૫૦૮૨/૩, બીજે માળે, રતનપોળના નાકે, યાજ્ઞિક ઈન્સ્ટીટયૂટ સામે,
ગાંધીરોડ, **અમદાવાદ**-૩૮૦૦૦૧ PHONE 30081

**૧૧ હજાર બંધુઓને કાયમ માટે કશાય લવાજમ વિના મોકલાતા**

## મુક્તિદૂતને આપો સહકાર

આપ સહુના આર્થિક સહકાર ઉપર જ આ માસિક હરણફાળે આગેકૂચ કરી રહ્યું છે. કમલ પ્રકાશન એ પબ્લિક ટ્રસ્ટ છે દાનની રકમ ઇન્કમટેક્ષમાં મજરે મળે છે. **"કમલ પ્રકાશન ટ્રસ્ટ"**ના નામનો ચેક કે ડ્રાફ્ટ આજે જ કાર્યાલય ઉપર મોકલીને આપનો અમૂલ્ય સહકાર આપો.

**આપના કોઈ પણ પ્રસંગમાં મુક્તિદૂતને ભૂલશો નહિ**

## કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલાં પુસ્તકો

**(ઘેર બેઠા વી. પી. થી મેળવો. પોસ્ટેજ ખર્ચ અલગ)**

પ્રાપ્તિસ્થાન : ૫૦૮૨/૩, બીજે માળે, યાજ્ઞિક ઇન્સ્ટીટયૂટ સામે.
રતનપોળના નાકે, ગાંધીરોડ, **અમદાવાદ-૧.**

**લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી**

: પ્રાપ્ય પ્રકાશનો : **ફોન નં. ૩૦૦૮૧**

| | | |
|---|---|---|
| ૧ | સાધનાની પગદંડીએ | ૨-૦૦ |
| ૨ | શરણાગતિ | ૨-૦૦ |
| ૩ | વિરાગની મસ્તી | ૨-૦૦ |
| ૪ | ઊંડા અંધારેથી | ૨-૦૦ |
| ૫ | ગુરૂમાતા | ૨-૦૦ |
| ૬ | કાનજીભાઈ મત પ્રતિકાર | ૩-૦૦ |
| ૭ | ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ [અનન્તનાં પાત્રો] | ૪-૦૦ |
| ૮ | વિજ્ઞાન અને ધર્મ | ૮-૦૦ |
| ૯ | જાગતા રે'જો | ૬-૦૦ |
| ૧૦ | સિંહનાદ | ૩-૦૦ |
| ૧૧ | સ્વરાજનું લોખંડી ચોકઠું | ૩-૦૦ |
| ૧૨ | આપણે ફેર વિચારીએ | ૫-૦૦ |
| ૧૩ | ત્રિલોકગુરૂ મહાવીરદેવ (ગુજરાતી) | ૧-૦૦ |
| ૧૪ | ત્રિલોકગુરૂ મહાવીરદેવ (હિન્દી) | ૧-૦૦ |
| ૧૫ | ત્રિલોકગુરુ મહાવીરદેવ (અંગ્રેજી) | ૧-૦૦ |
| ૧૬ | ચેત, મચ્છંદર! ગોરખ આયા | ૮-૦૦ |
| ૧૭ | સળગતી સમસ્યાઓ | ૩-૦૦ |
| ૧૮ | આત્મા | ૨-૦૦ |
| ૧૯ | જાંબૂવાલા ગ્રન્થમાળા સેટ ૧૯૭૧ | ૨-૫૦ |
| ૨૦ | જાંબૂવાલા ગ્રન્થમાળા સેટ ૧૯૭૨ | ૨-૫૦ |
| ૨૧ | આંધી આવી રહી છે | ૮-૦૦ |
| ૨૨ | બ્રહ્મચર્ય | ૩-૦૦ |
| ૨૩ | રામાયણના પ્રેરક પ્રસંગો | ૩-૦૦ |
| ૨૪ | ચાર પુરુષાર્થ | ૫-૦૦ |
| ૨૫ | જાંબૂવાલા ગ્રન્થમાળા સેટ ૧૯૭૧ [હિન્દીમાં] | ૨-૫૦ |
| ૨૬ | વીરસૈનિક [ગુજરાતી] | ૦-૫૦ |
| ૨૭ | વીરસૈનિક [હિન્દી] | ૧-૫૦ |
| ૨૮ | જીવનઘડતર વાચનમાળા સેટ બીજો (૧૦ પોકેટ બુકસ) | ૩-૦૦ |
| ૨૯ | મુક્તિદૂત ફા. વર્ષ ૩, ૪, ૫, ૬, દરેકનું મૂલ્ય | ૫-૦૦ |
| ૩૦ | જિનશાસનરક્ષા | ૨-૦૦ |
| ૩૧ | ગાંધીવિચાર સમીક્ષા | ૨-૦૦ |
| ૩૨ | ઇતિહાસનું ભેદી પાનું | ૨-૦૦ |

* એકી સાથે સો રૂપિયાનાં પુસ્તકો ખરીદનાર કોઈ પણ વ્યક્તિને ૨૫ ટકા કમિશન માંગશે તો આપવામાં આવશે.
* રૂ. ૫૦૧ નું દાન કરીને ભાવી તમામ પુસ્તકો ઘેર બેઠાં ભેટ મેળવો.
* રૂ. ૧૦૦૧ નું દાન કરીને ભૂત-ભાવી પ્રાપ્ય તમામ પુસ્તકો ઘેર બેઠાં ભેટ મેળવો.

કમલ પ્રકાશન

મૂલ્ય રૂા. ૧૦-૦૦